ચોથી શ્રેણી

પુસ્તક–૭૧

તા. ૪થી માર્ચ, ૨૦૨૦
ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે,
થી
તા.૬ઠ્ઠી માર્ચ ૨૦૨૦
ફાલ્ગુન ૧૬, ૧૯૪૧ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના  અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૭૧ | અ નુ ક્ર મ ણિ કા | ચોથી શ્રેણી


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૪થી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ | ૨૦૨ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર(ટેબ્લેટની ખરીદ કિંમતમાં તફાવત) | ૨૦૩ | ૨૦૫ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૦૬ | ૨૩૧ |
| **તા.૫મી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૧૫, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૩૨ | ૨૪૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૪૩ | ૩૪૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૪૮ | ૩૫૯ |
| બિનસરકારી સંકલ્પો | ૩૬૦ | ૩૭૬ |
| **તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૧૬, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૭૭ | ૩૮૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૮૯ | ૫૦૪ |
| મંત્રીશ્રીનું નિવેદન(નિયમ–૪૪) | ૫૦૫ | ૫૦૫ |
| પૂરક વિનિયોગ વિધેયક | ૫૦૬ | ૫૧૨ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૧૩ | ૫૩૨ |

ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**બુધવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૦**

**ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### વડોદરા અને સુરત જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંની ફાળવણી

*૨૪૭૮૯ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉક્ત જિલ્લાવાર ફાળવેલ નાણાંમાંથી ઉક્ત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉભી થઈ,

(૩) ઉક્ત સ્થિતિએ એક માનવદિનની રોજગારીના દર શું નક્કી કરવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત દર ક્યારથી અમલમાં છે?

**જવાબ**

(૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૨) જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઉક્ત વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઉભી થઈ.

| ક્રમ | જિલ્લો | ઉભી થયેલ માનવદિન રોજગારી | | |
|---|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | કુલ |
| ૧ | વડોદરા | ૩,૦૪,૮૪૫ | ૨,૦૮,૫૪૭ | ૫,૧૩,૩૯૨ |
| ૨ | સુરત | ૧૫,૮૬,૪૨૧ | ૯,૪૪,૯૨૬ | ૨૫,૩૧,૩૪૭ |
| | **કુલ** | **૧૮,૯૧,૨૬૬** | **૧૧,૫૩,૪૭૩** | **૩૦,૪૪,૭૩૯** |

(૩) ઉક્ત સ્થિતિએ એક માનવદિનની રોજગારીના નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે રકમ રૂ.૧૯૯/- વેતનદર ભારત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત દર રકમ રૂ.૧૯૯/- તા.૦૧-૦૪-૨૦૧૯ થી અમલમાં છે.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે મનરેગા યોજના હેઠળ ભારત સરકાર તરફથી વર્ષવાર કેટલી ગ્રાન્ટ મળી હતી અને વડોદરા જિલ્લામાં પાદરા તાલુકામાં તે પૈકી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને વેતન દર રૂપિયા ૧૯૯ નક્કી કરવામાં આવેલ છે એ વેતનધારાના કાયદા સાથે સુસંગત છે કે કેમ?

શ્રી બચુભાઈ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, મનરેગા યોજના એ યોજના કેન્દ્ર સરકારની સૌથી મહત્વની મોટી યોજના છે. આ યોજના માટે ભારત સરકારમાંથી વર્ષ ૨૦૧૮-૧૯માં ૧,૦૬,૦૭૯.૯૯ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે અને વર્ષ ૨૦૧૯-૨૦માં ૭૭૯૦.૫૮ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને એ પૈકી માનનીય સભ્યશ્રીએ જે પાદરા તાલુકાની વાત કરી છે એ પાદરા તાલુકામાં એની જે જોગવાઈ છે એ પૈકી માનવ દિનના જે કાંઈ ચૂકવણા છે એ પેટે ૯૪.૮૧ લાખ રૂપિયા ચૂકવવામાં આવેલ છે અને એના માલ સામાનના ૧૦૯.૬૬ લાખ રૂપિયા ચૂકવવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન છે કે, વેતનધારા સાથે સુસંગત છે કે કેમ?

શ્રી બચુભાઈ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, એ કેન્દ્ર સરકારમાંથી નક્કી કરવામાં આવે છે. જે તે રાજયના કૃષિદર એના ઉત્પાદનના આધાર પર દરેક રાજયના વેતનદર અલગ અલગ હોય છે એ પ્રમાણે આપણા ગુજરાત રાજયમાં ૧૯૯ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે.

શ્રી શૈલેષભાઈ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વડોદરા અને સુરત જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ઉત્પન્ન થયેલ રોજગારી પૈકી અનુસૂચિત જાતિના તથા અનુસૂચિત જનજાતિના શ્રમિકો દ્વારા કેટલા માનવ દિન રોજગારી ઉત્પન્ન થઈ?

તા. ૦૪થી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા અને સુરત જિલ્લામાં વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૨ લાખ ૬૧ હજાર ૧૮૪ રોજગારી ઉત્પન્ન થયેલી છે અને તે પૈકી અનુસૂચત જાતિના શ્રમિકો ૧૫૮૦૨ અને અનુસૂચિત જનજાતિના ૪૩૭૦૧ શ્રમિકોને રોજગારી ઉત્પન્ન થયેલી છે, સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪ લાખ ૩૭ હજાર ૨૦૦ રોજગારી આપવામાં આવી છે એ પૈકી અનુસૂચિત જાતિના શ્રમિકોને ૧૬૮૬૦ માનવ દિનની રોજગારી અને અનુસૂચિત જનજાતિના ૧૨,૯૦, ૫૦૦ શ્રમિકોને માનવ દિનની રોજગારી આપવામાં આવી છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ ખૂબ અગત્યની અને ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી પૂરી પાડનારી આ મહત્વાકાંક્ષી યોજના છે. પરંતુ હમણાં સાહેબ, શું થયું છે કે, જે તાલુકા કક્ષાએ ટી.ડી.ઓ. મંજૂરી આપતા હતા એ હવે જિલ્લા કક્ષાએ લઇ ગયા છે. પણ ડી.ડી.ઓ.શ્રીને આખા જિલ્લાના ખૂબ કામો હોય, વહીવટ હોય ત્યારે તાલુકા કક્ષાએથી ગ્રામસભાના જે પ્રશ્નો આવે છે એની ટી.ડી.ઓ.ને ખબર હોય કે કયા ગામમાં મંજૂરી આપવાની છે. પણ ડી.ડી.ઓ.ને આ મંજૂરી આપવાની હોવાથી હવે ત્રણ મહિને એક ફાઇલ પડી રહે છે તો એવા સંજોગોમાં ફરી પાછી ટી.ડી.ઓશ્રીને મંજૂરી આપવાની સત્તા આપીને અમલીકરણ અધિકારી બનાવવા માગો છો કે કેમ? અને જે ત્રણ ચાર મહિના ફાઇલ મંજૂરીમાં પસાર થઇ જાય છે જેથી એને જે પેમેન્ટ મળવું જોઇએ એ ત્રણ ચાર મહિને મળે છે જેથી મૂળ હેતુ છે કે જે લોકો મજૂરી માટે જાય છે, રોજગાર માટે જાય છે એને તરત વળતર મળતું નથી તો આ માટે શું કાર્યવાહી કરવા માગો છો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારત સરકારની ગાઇડ લાઇન છે, ગ્રામ પંચાયત ગ્રામસભામાં ઠરાવ કરે છે એ ઠરાવ કરીને તાલુકાની અંદર આપે છે અને તાલુકાની અંદર એના એ.પી.ઓ. ચકાસણી કરે છે અને ડી.પી.ઓ. જિલ્લાની અંદર ચકાસણી કરે છે અને છેલ્લે નિયામકશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માધ્યમથી ઓનલાઇન મંજૂરીઓ આપવાની સિસ્ટમ હવે આપણે દાખલ કરી છે, એ રીતે તાત્કાલિક મંજૂરી મળે એ પ્રકારની વ્યવસ્થા કરી છે અને એના નાણાં માટે પણ જે અમારી જોગવાઇ છે એ પ્રમાણે પંદર દિવસમાં આપવાની વ્યવસ્થા કરી છે અને અત્યાર સુધીનું જે કંઇ પેમેન્ટ છે ગઇકાલ સુધી એ.પી.ઓ.ને સમગ્ર ગુજરાતની કરી દીધી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા અને સુરત જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯માં કુલ કેટલો ખર્ચ થયેલ છે તે પૈકી વેતનનો, માલ સામાનનો અને વહીવટી ખર્ચ કેટલો થયેલ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાની અંદર મનરેગા યોજનાની અંદર ૨૦૧૮–૧૯ના વરસની અંદર ૮૬૬.૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. તે પૈકી વેતનના ૪૬૮.૬૬ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે અને માલ સામાન માટે ૩૫૩.૮૬ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે અને વહીવટી ખર્ચ માટે ૪૩.૬૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને એ જ રીતે સુરત જિલ્લાની અંદર ૨૦૧૮–૧૯ના વર્ષમાં ૪૮૧૬.૩૧ લાખ રૂપિયાનો કુલ ખર્ચ થયો છે તે પૈકી વેતન માટે ૨૭૨૩.૫૬ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને માલ સામાન માટે ૧૯૧૯.૨૯ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને વહીવટી ખર્ચ રૂપિયા ૧૭૩.૪૬ લાખ રૂપિયાનો કરવામાં આવ્યો છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ગામડાના બેકારો છે જેને મજૂરીની જરૂર છે એવા માણસોને રોજીરોટી પૂરી પાડવાની આપણી યોજના છે. ત્રણ ત્રણ મહિના સુધી ફાઇલ જિલ્લામાં પડી રહેતી હોય તો આપણો જે મૂળ લક્ષ્યાંક છે રોજી આપવાનો એ હેતુ માર્યો જાય છે. આ બાબતમાં કંઇક કરવા માગો છો કે કેમ? અને બીજું મારા ધ્યાન પર એ વસ્તુ આવી છે કે જે લોકો મજૂરી કામ કરે છે એમાં કેટલીક વખત શાખામાં કામ કરતા માણસો તરફથી જે મજૂરી કરનારના એકાઉન્ટ નંબર લખવામાં ભૂલ થાય છે એટલે કે પેન ઓફ સ્લીપ થાય છે તો પૈસા અન્ય ખાતામાં જતા રહે છે. તો એ અન્ય ખાતામાં પૈસા ગયા પછી પૈસા આવતા બહુ વાર લાગે છે તો આ બાબતે જે તે અમલીકરણ અધિકારીને સ્પષ્ટ સૂચના આપવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ જે બે ત્રણ મહિનાની વાત કરે છે પણ મંજૂરી માટેનો સમયગાળો ૧૫ દિવસનો હોય છે અને હવે તો ઓનલાઇન ૧૫ દિવસની અંદર મંજૂરી આપી દઇએ છીએ અને હવે કાગળો પણ કરવાની જરૂર નથી હોતી. તાલુકામાંથી પણ આપણે ઓનલાઇન કરીએ છીએ અને જિલ્લામાંથી પણ ઓનલાઇન કરીએ છીએ અને મજૂરોના જે તે બેન્ક એકાઉન્ટમાં ડાયરેક્ટ પેમેન્ટ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ઘણા બધા ધારાસભ્યશ્રીઓ આ વાત સાથે સંમત થતાં હોય એવું લાગતું નથી તો આ પ્રશ્ન બધાને પૂછવા દઇશ.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ભલે તાલુકામાંથી જિલ્લામાં આપી દે તો પણ અમને કંઇ વાંધો નથી પણ પંદર દિવસમાં અમને ઓર્ડર મળી જવો જોઇએ એ જરૂરી છે અને બીજું આ જે મજૂરો કામ કરવા જાય છે એ મજૂરોને પૂરતું જે વેતન મળવું જોઇએ એ વેતન નથી મળતું. અમારે ત્યાં ખેતરે ખેડૂત આવે અને અરધો દિવસ કામ કરે તો પણ અમે ૨૫૦ રૂપિયા પૂરા આપીએ છીએ તો સરકાર આમાં કોઇ વિચારણા કરવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીએ વાત કરી એ મજૂરીની ચૂકવણીની પ્રક્રિયા સમય મર્યાદાની અંદર કરીએ છીએ. વેતન ભારત સરકાર નક્કી કરે છે એ ૧૯૯ રૂપિયા પૈકી પણ એણે જે કામ કરેલું છે એ

કામનો આધાર પણ જોવામાં આવે છે. માત્ર ૧૯૯ રૂપિયા ચૂકવી દેવામાં આવે છે એવું નથી જે નક્કી કરેલું છે એ પ્રમાણે વેતન ચૂકવવામાં આવે છે.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા અને સુરત જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં તાલુકાવાર કેટલા માનવદિન રોજગારી ઉત્પન્ન થઇ અને તે પૈકી મહિલાઓ દ્વારા કેટલા માનવદિન રોજગારી ઉત્પન્ન થઇ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મહિલાઓ માટેનો પ્રશ્ન પુછ્યો છે અને એ પૈકી તાલુકાવાર માનવદિનની માગણી કરી છે અને બહેનનો પ્રશ્ન છે એટલે મારે જવાબ આપવો પડશે. વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાની અંદર ઉત્પન્ન થયેલા માનવદિન છે ૧૭૦૦૦. તે પૈકી મહિલાઓની સંખ્યા ૬ હજાર માનવદિન ઉત્પન્ન કરેલ છે. દેવસર તાલુકાની અંદર ૪૫ હજાર માનવદિન છે અને તે પૈકી બહેનોની સંખ્યા ૧૬ હજારની છે. તરજણની અંદર ૧૫ હજાર માનવદિન ઉત્પન્ન થયેલા છે તે પૈકી ૪ હજાર બહેનોને રોજગારી આપવામાં આવી છે. પાદરા તાલુકાની અંદર ૪૯ હજાર માનવદિન ઉત્પન્ન થયેલા છે તે પૈકી ૧૨ હજાર મહિલાઓને માનવદિન રોજગારી આપી છે. સાવલી તાલુકાની અંદર ૭૨ હજાર માનવદિન ઉત્પન્ન થયેલા છે તે પૈકી ૨૬ હજાર માનવદિન બહેનો માટેના છે. સિનોર તાલુકાની અંદર ૧૬ હજાર કુલ માનવદિન ઉત્પન્ન છે તેમાં મહિલાઓ માટે ૫ હજાર માનવદિનની રોજગારી મળી છે અને વડોદરાની અંદર ૨૨ હજાર માનવદિન છે તે પૈકી ૮ હજાર મહિલાઓ માટે માનવદિન ઉત્પન્ન થયેલા છે અને છેલ્લે વાઘોડીયાની અંદર ૨૬ હજાર કુલ માનવદિન છે તેમાં ૧૧ હજાર બહેનોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે ૧૫ દિવસમાં નાણાં ચૂકવાય જાય છે તે વાત સાથે સંમત થઇ શકાય તેમ નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ દિવસમાં આજે પણ રાજયમાં કામ કરતા મનરેગા યોજના નીચે પેમેન્ટ ચૂકવવામાં આવતુ નથી. ગાંધીનગર કક્ષાએ પાઇપ લાઇન છે. •(xxx) થઇ જાય તો પાઇપ લાઇન ખુલે અને *(xxx)ના થાય તો પાઇપ લાઇન ખુલતી નથી.

અધ્યક્ષશ્રી : આ *(xxx) શબ્દ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જે હકીકત છે તે કહું છું શા માટે અકળાવ છો? જે વાસ્તવિકતા છે તે છે. પણ વાત વાતમાં અકળાવ છો શા માટે ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ એકનો એક શબ્દ ફરી અને ફરી (અંતરાય) આપને ના પાડ્યા પછી, માનનીય પુંજાભાઇ આ યોગ્ય નથી. આપના જેટલા સિનિયર મેમ્બર, બધા બેસી જાવ. ભાઇ, એમની સાથે વાત ચાલે છે, બધાની સાથે એકીસાથે વાત થોડી થઇ શકશે?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ પુરાવા આપવા તૈયાર છીએ, રેકર્ડ ઉપરની વાત છે. સાહેબ, પોલીસ ફરિયાદો થઇ છે અને જેલમાં ગયા છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બધા બેસી જાવ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ હકીકત રેકર્ડ ઉપર ના મૂકવી જોઇએ? મને લાગે છે કે મનરેગા યોજનાની અંદર વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ થાય છે.

અધ્યક્ષશ્રી : તમારે જે સંસદીય રીતે બોલાતું હોય તે બોલો પણ તમે બિનસંસદીય કશું જ બોલશો નહીં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ફરિયાદો દાખલ કરી અને જેલમાં પણ ગયા છે. જેલમાં તમે મોકલ્યાં છે સારી વાત છે, આવકારદાય છે પણ હજુ વ્યાપક પ્રમાણમાં આ ગેરરીતિ થાય છે અને પેમેન્ટ ચૂકવતા નથી. પાઇપ લાઇન..

અધ્યક્ષશ્રી : હવે તેમને કોઇ પ્રશ્ન નથી. આપ પ્રશ્ન પૂછી રહ્યા નથી, બેસો, જવાબ આપવાનો નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં પણ જણાવ્યું અને ૧૭૧ નંબરનો એક મારો પણ પ્રશ્ન છે અને તેમાં કહ્યું છે કે ગ્રાન્ટના અભાવે ૩-૩ માસથી પેમેન્ટ ચૂકવવાનું બાકી છે. ગ્રાન્ટ અને વહીવટી પ્રક્રિયાના કારણે મજૂરોને ૩ મહિના સુધી પેમેન્ટ ના ચૂકવાય એ ઘણી ગંભીર બાબત છે. મજૂરોને તાત્કાલિક અઠવાડિયામાં પેમેન્ટ ચૂકવવા માટે સરકાર કંઇ વિચારણા કરવા માગે છે કે કેમ ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ આ પેમેન્ટ ગઇકાલે અમે આખા ગુજરાતની અંદર આનું પેમેન્ટ, રોજગારી અને માલ સામાનનું સોએ સો ટકા પેમેન્ટ ચૂકવી દેવામાં આવેલ છે અને નિયમિતપણે આના ચૂકવણાં કરતા હોઇએ છીએ.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ સંપૂર્ણ રીતે ભારત સરકાર આયોજીત યોજના છે. ગરીબ માનવીને રોજગારી આપવી. તે ભારત સરકારે પોતાનો ધર્મ બજાવ્યો છે. રાજ્ય સરકાર સંપૂર્ણ રીતે આનું અમલીકરણ કરે છે. ગુજરાતની અંદર કોઇપણ પરગણાની અંદર મજદૂર છે તે રોજગારી માગે એટલે તરત જ ૧૫ દિવસમાં તેને જોબકાર્ડ આપી દેવામાં આવે છે અને મને કહેતા આનંદ થાય છે કે આજે જયારે અમે જવાબ આપીએ છીએ ત્યારે સો ટકા બધાના પેમેન્ટ થઇ ગયા છે.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૦૪થી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં ગર્વ થાય છે કે આ દેશના બેકાર માણસો માટેની મનરેગા યોજના છે એ કોંગ્રેસની દેન છે. કયાંક જે કયાંક આ મનરેગા યોજના છે એનો હાર્દ માર્યો જાય છે. માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે ગઇ કાલ સુધીનું બધું જ પેમેન્ટ ચૂકવાઇ ગયું છે, તો આ પમેન્ટ કેટલા ટાઇમથી ડયૂ હતું ? એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ ચોખવટ કરી કે આ ભારત સરકારની હન્ડ્રેડ પરશન્ટ યોજના છે. ભારત સરકારમાંથી જયારે પેમેન્ટ લેઇટ આવતું હોય ત્યારે રાજય સરકાર પોતે નાણાકીય જોગવાઇ કરી અને ગરીબ મજદૂરને રાહ ન જોવી પડે, એટલા માટે ૧૫૦ કરોડ રૂપિયા માનનીય નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો હું આભાર માનું છું કે આ ગરીબ માણસને પેમેન્ટ મોડું મળે નહીં એટલા માટે રાજય સરકારે ફંડ ફાળવી અને હન્ડ્રેડ પરશન્ટ કામ પૂર્ણ કર્યું છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ :માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ મનરેગા યોજના જે છે એ ગરીબો માટેની મહત્વની યોજના છે. ખાસ કરીને ટ્રાયબલ વિસ્તારની અંદર જે ગરીબ લોકો પોતાના વતનની અંદર રોજગારી મળી રહે એ માટેની મહત્વની યોજના છે. પણ ત્યાંના ગરીબ લોકો આ રોજગારી મેળવવા માટે શહેરમાં જાય છે. તો એક વ્યકિતને સો દિવસ રોજગારી આપવામાં આપણે સદંતર નિષ્ફળ ગયા છીએ.

મારો પ્રશ્ન એ છે કે આ રોજગારીના દિવસો ગણવા માટે આર.એન્ડ બી.ના રોજમદારો હોય, ફોરેસ્ટ ખાતાના, સિંચાઇ વિભાગના રોજમદોરો હોય એમને પણ આ રોજગારી આપી એવા દિવસો ગણવામાં આવે છે એ મનરેગામાં ગણવામાં આવે છે તો એને બંધ કરવા માગો છો કે કેમ?

શ્રી આર.સી.ફળદુ : આ પ્રથમ વખત એવી ઘટના બની છે કે આ ચાલુ વર્ષની અંદર માનનીય અધ્યક્ષશ્રી, સો માનવદિન આપવાના બદલે ૧૫૦ માનવદિન આ સરકારે આપ્યા છે. બીજી એમની જે વાત છે એ સૂચન છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય મંત્રી સાહેબ, આ સૂચન નથી. આમાં એવું થાય છે કે ફોરેસ્ટ ખાતામાં જે મજૂરો કામ કરતા હોય, સિંચાઇ અને આર. એન્ડ.બી માં જે મજૂરો કામ કરતા હોય છે, રોજમદારો કામ કરતા હોય છે એમને પણ આપણે મનરેગામાં ગણી લઇએ છીએ તો આ ન ગણવા માટે કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી આર.સી.ફળદુ :માનનીય અધ્યક્ષશ્રી, માણસને રોજગારી પૂરી પાડવા માટે અમે ટકાઉ કામ ઉભાં કરીએ છીએ અને આવનારા દિવસોમાં ખેતીને પણ ઉપયોગી થાય એ પ્રકારના કામો છે અમે ઉભા કરવાના છીએ. જળ સંચય કરવાના સાધનો ઉભાં કરીએ છીએ. બીજી બાજું માનવને રોજગારી પૂરી પાડવામાં આવે છે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ મનરેગા યોજના ગામડાના ગરીબ લોકોને રોજગારી આપવા માટેની યોજના છે. હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ગ્રાન્ટ લેઇટ આવે છે એટલે પેમેન્ટ લેઇટ થાય છે. હવે તો આપણા પનોતા પુત્ર મોદી સાહેબની સરકાર છે. તો ગ્રાન્ટ લેઇટ આવે છે તો હું એમ કહું છું કે *(XXX) એનો મને જવાબ આપે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે કહ્યું કે આ ગ્રાન્ટ ભારત સરકારમાંથી લેબરના ખાતામાં ડાયરેકટ આવે છે, અત્યાર સુધીમાં આ ગ્રાન્ટ લેઇટ થઇ નથી. આ વખતે થોડું લેઇટ થયું. પરંતુ અમે ગઇકાલે ચૂકવણા કરી દીધા છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થાય છે કે જયારે આ મનરેગા યોજના એ યુ.પી.એ સરકારે કરી હતી અને હું સાંસદ હતો. આ જ ગુજરાતમાંથી અવાજ ઉઠયો હતો, આ ખોટી યોજના છે. આજે આ ગૃહની અંદર આ યોજનાને સાચી ઠેરવી છે એ બદલ તો સૌથી પહેલાં અભિનંદન. મારો પ્રશ્ન એ છે કે જે જવાબ આપવામાં આવ્યો કે ગઇ કાલ સુધી આ બધું રોજ ચૂકવી દેવામાં આવ્યું છે. મનરેગામાં એવા મજદૂરો જાય છે કે જે સવારે કમાય છે અને સાંજે તાવડી ચાલુ થાય છે. આની પહેલાંના સવાલનો જવાબ હજી સુધી મળ્યો નથી. કેટલા સમયથી આ પૈસા ચૂકવવામાં નહોતા આવ્યા? મારી જાણકારી પ્રમાણે છેલ્લા ત્રણ મહિનાથી મજૂરોને મજૂરી ચૂકવવામાં આવી નહોતી. જો ત્રણ–ત્રણ મહિના સુધી મજૂરોને મજૂરી ચૂકવવામાં ન આવે અને છતાં સરકાર ચિંતિત છે એવી વાત કરે તો મને ખબર નથી પડતી કે સરકાર આવી ચિંતિત છે કે ત્રણ–ત્રણ મહિના સુધી રોજગાર ચૂકવવામાં ન આવે. અત્યારે આંકડો જાહેર કરો કે ગઇ કાલે જે મજૂરી ચૂકવી તે કેટલા સમયથી આ બાકી હતી અને કેટલી ચૂકવી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આખી વાતને એવી રીતે જોવી જોઇએ કે, ભારત સરકારના વિવિધ વિભાગોની અનેક સ્પોન્સર યોજનાઓ ચાલે છે. ઘણી યોજનાઓમાં રાજય સરકાર ૪૦ ટકા અને ભારત સરકારના ૬૦ ટકા હોય, કોઇ સ્કીમમાં ૭૫ ટકા ભારત સરકારના હોય તો ૨૫ ટકા રાજય સરકારના હોય, એમ આ યોજના પણ ચાલે છે. માનનીય વિક્રમભાઇએ કહ્યું કે જયારે મનરેગા ચાલુ કરી ત્યારે અહીંથી વિરોધ થયો હતો, એ વાત સદંતર ખોટી છે, પાયા વિહોણી છે, એ કોઇપણ રીતે અમે સ્વીકારતા નથી. ઉપરથી માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા પછી આ યોજનાનો વ્યાપ વધાર્યો, નવા નવા કામો ઉમેર્યા, નવું બજેટ ઉમેર્યું અને વધુ રોજગારી આપવાનું શરૂ કર્યું. બીજો પ્રશ્ન મોડું પેમેન્ટ કેમ થાય છે તે હતો. તો કેન્દ્રમાં જયારે યુ.પી.એ.ની સરકાર કોંગ્રેસની સરકાર હતી ત્યારે પણ આ પેમેન્ટ મોડું થતું હતું. અમે તો ૨૨

---

* આ શબ્દોની રચના રૂચિકર ન હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વર્ષથી અહીં બેઠા છીએ. કેન્દ્ર સરકાર અમારી તો સાત વર્ષથી થઇ છે. પહેલા કોંગ્રેસની સરકાર હતી, તમારી કોઇપણ કેન્દ્ર સરકારની યોજનાની ગ્રાન્ટ પૂરી નહોતી આવતી. તો ગુજરાતના વિદ્યાર્થીઓ હોય, વિધવાઓ હોય, વૃદ્ધો હોય કે મનરેગાના વ્યક્તિઓ હોય, કે દિવંગતને લગતી યોજના હોય, તમારી કેન્દ્ર સરકાર સમયસર ગ્રાન્ટ નહોતી આપતી ત્યારે ગુજરાત સરકાર પોતાની તિજોરીમાંથી એ રકમ છૂટી કરીને લાભાર્થીઓને તમારા વખતમાં પણ આપતી હતી. માર્ચ એન્ડમાં તો બધા હિસાબો કેન્દ્ર સરકાર ગ્રાન્ટ રિલીઝ કરીને સરભર કરતી હોય છે. તમારા વખતમાં પણ કરોડો રૂપિયા અમે ચૂકવતા હતા. તમે તો રૂપિયા પણ નહોતા અપાવતા અને અત્યારે પ્રશ્ન પૂછે છે તેનો કોઇ મતલબ નથી. અમારી સરકાર ઉપરથી રકમ આપે છે. આવી તો તમારા વખતમાં કેટલીયે યોજનાઓમાં અમે રકમ આપી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બધા સાથે બોલશો તો કોઇને સંભળાશે નહીં ?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇની માનવ દિનની અને રોજગારી આપવાની વાત હતી તો મને લાગ્યું કે જવાબ ખૂબ સરળતાથી સારો આપશે. માનનીય નીતિનભાઇ, જયારે આપ કહી રહ્યા છો ત્યારે આપના જવાબ ઉપરથી જ હું જવાબ આપું છું કે.....

અધ્યક્ષશ્રી : આપે સવાલ પૂછવાનો છે. જવાબ આપવાનો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : હું સવાલ પૂછું છું. આ મનરેગા યોજનાને ૬૦ વર્ષની મોટામાં મોટી બેકાર યોજના હોવાની વાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કહી હતી કે આ યોજના કોંગ્રેસ સરકારની સૌથી મોટામાં મોટી નિષ્ફળતાવાળી યોજના છે. આ વડાપ્રધાનશ્રીએ તે વખતે કહ્યું હતું અને એ જ વડાપ્રધાનશ્રીએ આ યોજનામાં ગ્રાન્ટમાં વધારો કર્યો છે. માનનીય મંત્રીશ્રી એમ કહી રહ્યા છે કે કોંગ્રેસના શાસનમાં ગ્રાન્ટ ઓછી આપતા હતા, સાત વર્ષથી ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રમાં સરકાર છે. તમે કહેતા હતા કે મોસાળમાં લગ્ન છે અને મા પીરસનારી છે. તો આ ભાણીયાઓ કેમ ભુખ્યા રહી જાય છે એ જવાબ આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાન તરીકે માનનીય નરેન્દ્રભાઇ આવ્યા પછી આ યોજનાની ગ્રાન્ટ વધારી, સંખ્યા વધારી એ એમણે સ્વીકાર્યું એ માટે હું શ્રી શૈલેષભાઇનો આભાર માનું છું. તમારા વખતમાં ખોટી હાજરી પુરાતી હતી, રોકડ રકમ ચૂકવાતી હતી તેમાં મોટા કૌભાંડો ચાલતા હતા. હવે અમે (અંતરાય) શ્રી વિરજીભાઇ, સાંભળો તો ખરા. અમે સીધે સીધા લાભાર્થીઓના ખાતામાં રકમ જમા કરીએ છીએ. કોંગ્રેસના વચેટીયાઓને નવરા કરી દીધા હતા એટલે તમે ફરિયાદો કરો છો. હું માનનીય શૈલેષભાઇનો આભાર માનું છું કે વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇએ જવાબ આપ્યો ત્યારે કહ્યું હતું કે મનરેગા બંધ નહિ કરીએ, કોંગ્રેસના હાડપીંજરને હું વધારે સશકત બનાવીને એને જીવંત કરીને ગામડાંના ગરીબ લોકોને આપીશ આ માનનીય નરેન્દ્રભાઇના શબ્દો હતા એ મને યાદ છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે આ કોંગ્રેસની નિષ્ફળતા અને ભારતીય જનતા પાર્ટીની સરકાર એન.ડી.એ. ની સરકારની સફળતા મળવાથી જોઇ શકતા નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય નીતિનભાઇનો આભાર માનું છું કે એમણે જવાબમાં સ્વીકાર્યું. હું એમને પૂછવા માગું છું કે મનરેગા યોજનામાં ખોટી હાજરીઓ પૂરાતી હતી અને ખોટા બિલો બનતા હતા આ બધી વાત માનનીય મંત્રીશ્રીએ કરી. હું માનનીય નીતિનભાઇને એટલું પૂછવા માગું છું કે આ બિલો બનતા હતા એ વખતે ગુજરાતમાં કોની સરકાર હતી? (અંતરાય) માનનીય દંડકશ્રી તમારે જવાબ આપવાનો ન હોય, જવાબ આપવો હોય તો મંત્રી બનવું પડે.

અધ્યક્ષશ્રી : આપે શ્રી પંકજભાઇ માટે સારી વાત કરી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ખોટા બિલો બનતા હતા, ખોટી હાજરી ભરાતી હતી એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ભરાતી હતી કે કોંગ્રેસની સરકારમાં ભરાતી હતી? એ માનનીય મંત્રીશ્રી જણાવે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, જવાબ આપવો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી પારદર્શક સરકાર જે તે વખતે હતી એનું પૂરેપૂરું નિયંત્રણ હતું, તમારા લોકો પ્રયત્નો કરતા હતા, અમે પકડ્યા પણ હતા અને અમે જેલમાં પણ મોકલેલા છે. તમારા લોકો ગેરરીતિ કરતા હતા, એમાંથી કેટલાય લોકોને જેલ ભેગા પણ કરેલા છે. હું અંદર દાખલ થયો ત્યારે શ્રી પુંજાભાઇ કહેતા હતા કે આમ ચાલે છે. સાહેબ, અમે કડક થઇએ છીએ એ આ લોકોને નથી ગમતું. દાખલો બીજી રીતે આપું. આખા ભારતમાં મનરેગાનો ઓછામાં ઓછો ખર્ચો રૂપિયા ૭૦૦થી ૮૦૦ કરોડ ગુજરાત સરકાર લાભ લે છે. બાજુમાં રાજસ્થાનમાં તે વખતે કોંગ્રેસની સરકાર હતી. બેફામ બિલો બને. જેસીબીથી કામ થાય, તેમ છતાં મજૂરોની હાજરી પૂરાય અને હજાર બે બે હજાર કરોડ રૂપિયા એ વખતની કેન્દ્રની કોંગ્રેસની યુપીએ સરકારની રહેમ નજર નીચે બે હજાર કરોડ રૂપિયા રાજસ્થાનના *(xxx) આ રેકર્ડ ઉપર છે. અમે ધાર્યું હોત તો જેસીબીથી કામ કરાવીને મજૂરોની હાજરી પૂરવા દેત, અમે નથી કર્યું. અમે કેન્દ્રના પૈસા હોય કે ગુજરાત સરકારના પૈસા હોય એ પ્રજાના પૈસા છે એમાં દુરુપયોગ થવા દેતા નથી.

**બનાસકાંઠા અને બોટાદ જિલ્લામાં બાકી પાક વીમો**

---

* આ શબ્દોની રચના રૂચિકર ન હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૦૪થી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

*૨૪૬૫૫ **શ્રી શીવાભાઈ ભૂરીયા** (દિયોદર) : **માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર ખરીફ–૨૦૧૯નો કપાસ અને મગફળીનો પાક વીમો કેટલા ટકા, કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવ્યો,

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વિમા કંપની દ્વારા કાંકરેજ તાલુકામાં ૨ (બે) ખેડૂતોને કપાસ પિયત પાકના દાવા ચૂકવવામાં આવેલ છે અને મગફળી પાકના કોઈ દાવા ચૂકવવામાં આવેલ નથી. ઉક્ત સ્થિતિએ બોટાદ જિલ્લામાં મગફળી પાકના દાવા ચૂકવવાપાત્ર થતા નથી અને કપાસ પિયત પાકમાં બરવાળા તાલુકામાં ૪૫ ખેડૂતોને તથા રાણપુર તાલુકામાં ૩ ખેડૂતોને દાવા ચૂકવવામાં આવેલ છે. જ્યારે પાક વીમાના દાવાની ગણતરી માર્ગદર્શિકાની જોગવાઈ મુજબ પાક ઉત્પાદનમાં થયેલ ઘટાડાને આધારે થાય છે, ખાતા કક્ષાએ પાક વીમાના દાવાની ટકાવારીની ગણતરી કરવામાં આવતી નથી.

(૨) ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતને પાકવીમો ચૂકવવાનો બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બાકી ખેડૂતોની વિગત પત્રક–૧ મુજબ છે.

**પત્રક–૧**

| **તાલુકાનું નામ** | **પાકનું નામ** | **બાકી ખેડૂતોની સંખ્યા** |
|---|---|---|
| અમીરગઢ | મગફળી | ૪ |
| ડીસા | મગફળી | ૩૭૭ |
| ધાનેરા | મગફળી | ૧૫ |
| પાલનપુર | મગફળી | ૬ |
| લાખણી | મગફળી | ૧૯૬ |
| વડગામ | મગફળી | ૫૦ |

(૩) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૩) શક્ય તેટલી વહેલી ચૂકવણી માટે વિમા કંપનીને જણાવવામાં આવેલ છે.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોએ પાક વીમો લીધો હતો. તેમાં મગફળીના પાકનો વીમો નહિ ચૂકવવાના કારણો કયા? મગફળી અને કપાસનો પાક વીમો કેટલા ટકા ચૂકવવામાં આવ્યો? મારો બીજો પ્રશ્ન છે કે તાલુકાવાર જે વીમો ચૂકવવાનો બાકી છે તે કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શીવાભાઇનો જે પ્રશ્ન છે એ પાક વિમાના સંદર્ભમાં છે. (અંતરાય) આ વર્ષે આ વખતે ખરીફ સીઝનની અંદર બનાસકાંઠા અને બોટાદ એમ ગુજરાતના અન્ય જિલ્લાઓમાં પણ કમોસમી વરસાદ થયો. ક્રોપ કટિંગની પ્રક્રિયા શરૂ થઇ તે વખતે અતિવૃષ્ટિ પણ ચાલુ હતી. માનનીય અધ્યક્ષશ્રી, હાર્વેસ્ટિંગની પ્રક્રિયા પછી (અંતરાય)...

અધ્યક્ષશ્રી : વચ્ચે બોલશો તો હું પ્રશ્ન કુદાવીશ, આગળ જઇશ. વચ્ચે શેના માટે બોલવાનું પણ?

શ્રી આર.સી.ફળદુ : હાર્વેસ્ટિંગની પ્રક્રિયા જ્યારે ચાલતી હતી તે વખતે પણ કમોસમી વરસાદ પડ્યો અને તે વખતે પણ બનાસકાંઠા જિલ્લામાં અને બોટાદ જિલ્લામાં જે ખેડૂતોએ પાક કાપણી પછીના જોખમનો લાભ ખેડૂતોને મળવો જોઇએ એ માટે યુનિવર્સલ સોમ્બો અને એ.આઇ.સી. કંપનીને ખેડૂતોએ ફરિયાદ–પત્રો આપી રજૂઆત કરી હતી. એ ચૌદ હજાર બસ્સો અઠાવીસ ખેડૂતોએ બનાસકાંઠા જિલ્લામાં ફરિયાદ કરી હતી અને એ જ રીતે બોટાદ જિલ્લાની અંદર પણ અઠતાલીસ ખેડૂતોએ પાક કાપણી પછીના જોખમ પ્રાપ્ત થાય એ માટે અરજી કરેલી હતી અને એજ રીતે આ આખાય બનાસકાંઠા જિલ્લાની અંદર વિમા કંપનીએ પ્રધાનમંત્રી ફસલ વિમા યોજનાની ગાઇડ લાઇન મુજબ એમણે એવું કહ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં આપત્તિ તથા પાક કાપણી પછીના જોખમ હેઠળ મોટા પ્રમાણમાં જે અરજીઓ આવેલ છે એનો જોઇન્ટ સરવે જે કર્યો અને એની અંદર ખેતરમાં પાણી ભરાયેલા હોવા જોઇએ. હવે બનાસકાંઠા જિલ્લો રેતાળ જિલ્લો છે અને ત્યાં પાણી ભરાયેલા ઝાઝો સમય રહે જ નહીં. આપણે વિમા કંપની સાથે પરામર્શ કર્યો અને એ બે – ત્રણ કલાક કે ચાર કલાક સુધી પાણી રહે, બે–ત્રણ દિવસ સુધી પાણી ન રહે અને જોઇન્ટ સરવેમાં અમારા કર્મચારીઓ, વિમા કંપનીના પ્રતિનિધિ અને સ્થાનિક ખેડૂત, આની સરવેની કામગીરી અમે કરાવી. પ્રધાનમંત્રી ફસલ વિમા યોજનાની ગાઇડ લાઇનના જે રીતે દાવાઓ રજૂ કરવામાં આવ્યા, છસ્સો પચાસ દાવાઓ છે એ મંજૂર કર્યા અને એની સામે ચૂકવાયેલી રકમ છે એ ૨,૬૬૯/– રૂપિયા જ માત્ર ચૂકવી. એટલે આપણે એની સાથે મિટિંગ કરી કે, આ પ્રકારે વિમા કંપનીઓ જો ખેડૂતોની મશ્કરી કરે તો કોઇ કાળે ચલાવી ન લેવાય અને માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મેં પહેલાં જ સૂચના આપેલી કે વચ્ચે કોઇ બોલશો તો હું પ્રશ્ન કુદાવીશ. પ્રશ્ન ક્રમાંક – ૩. (અંતરાય) બેસી જાવ આપ, માનનીય મંત્રીશ્રી બેસી જાવ આપ. પ્રશ્ન ક્રમાંક–૩, શ્રી કાળાભાઇ (અંતરાય) અરે, કોઇ

તારાંકિત પ્રશ્નો

અભિનંદનની જરૂર નથી. એવી રીતે ના ચાલે, સભાગૃહ એવી રીતે ન ચાલે, (અંતરાય) પ્લીઝ, આવી રીતે સભાગૃહ ના ચાલે. માનનીય કાળાભાઇ આપ પૂછો પ્રશ્ન.

**ખેડા અને પંચમહાલ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના**

*૨૪૭૭૧ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને પંચમહાલ જિલ્લામાં જંતુનાશક દવાઓના કેટલા નમૂના તાલુકાવાર લેવામાં આવ્યા,

**જવાબ**

(૧) ખેડા જિલ્લાની વર્ષવાર તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **વર્ષવાર લેવાયેલ નમૂના** | |
|---|---|---|---|
| | | **તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯** | **તા.૦૧–૦૪–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** |
| ૧ | નડીયાદ | ૪૩ | ૨૦ |
| ૨ | મહેમદાવાદ | ૨૩ | ૨૨ |
| ૩ | માતર | ૧૫ | ૧૬ |
| ૪ | ખેડા | ૨૦ | ૧૯ |
| ૫ | ઠાસરા | ૨૦ | ૧૯ |
| ૬ | મહુધા | ૨૫ | ૨૩ |
| ૭ | કપડવંજ | ૨૫ | ૨૧ |
| ૮ | કઠલાલ | ૨૧ | ૨૩ |
| ૯ | ગળતેશ્વર | ૧૦ | ૧૦ |
| ૧૦ | વસો | ૧૦ | ૭ |

પંચમહાલ જિલ્લાની વર્ષવાર તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **વર્ષવાર લેવાયેલ નમૂના** | |
|---|---|---|---|
| | | **તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯** | **તા.૦૧–૦૪–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** |
| ૧ | ગોધરા | ૧૫ | ૧૩ |
| ૨ | મોરવા(હ) | ૬ | ૬ |
| ૩ | કાલોલ | ૧૧ | ૧૨ |
| ૪ | ઘોઘંબા | ૫ | ૫ |
| ૫ | હાલોલ | ૯ | ૬ |
| ૬ | જાંબુઘોડા | ૬ | ૪ |

(૨) તે પૈકી કેટલા નમૂના જિલ્લાવાર પ્રમાણીત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૨)

| **જિલ્લાનું નામ** | **પ્રમાણીત નમૂના** | **બિનપ્રમાણીત નમૂના** |
|---|---|---|
| ખેડા | ૩૬૭ | ૨૫ |
| પંચમહાલ | ૧૧૦ | ૩ |

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શા પગલાં લેવામાં આવ્યા?

(૩) ખેડા જિલ્લામાં ૨૫ બિનપ્રમાણિત નમૂના પૈકી ૨૨ ની સામે કોર્ટ કેસ કરેલ છે, ૦૧ ની સામે વહીવટી પગલાં લેવામાં આવેલ છે અને ૦૨ ની સામે કાર્યવાહી પ્રગતિમાં છે. જ્યારે પંચમહાલ જિલ્લામાં ૦૩ બિનપ્રમાણિત નમૂનામાં ૦૩ ની સામે કોર્ટ કેસ કરેલ છે.

શ્રી કાળાભાઇ ૨. ડાભી**(**કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા ખેડા જિલ્લાના બિનપ્રમાણિત નમૂના–૧ની સામે કયા પગલાં લેવામાં આવ્યા અને ૦૨ ની સામે કાર્યવાહી કરવાની બાકી છે, આ ત્રણેયની સામે કોર્ટ કેસ નહીં કરવાના કારણો કયાં? ખેડા જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના ક્યારે લેવામાં આવ્યા અને આ નમૂના લેબૉરેટરીમાં ક્યારે મોકલવામાં આવ્યા અને તેનો રિપોર્ટ કઇ તારીખે આવ્યો ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, નમૂના ક્યારે લેવામાં આવ્યા?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ખેડા જિલ્લાનો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછ્યો છે. ખેડા જિલ્લામાં જે નમૂના લેવામાં આવ્યા તેમાં વર્ષ ૨૦૧૮–૧૯માં જે નમૂના લીધા તેમાં (અંતરાય) (આ તબક્કે કોંગ્રેસપક્ષના હાજર રહેલ સભ્યશ્રીઓ દ્વારા પોતાના સ્થાને ઉભા થઇ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.) માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં મેં લખ્યું છે. ખેડા જિલ્લામાં ૨૫ બિનપ્રમાણિત નમૂના પૈકી ૨૨ની સામે કોર્ટ કેસ કરેલ છે. ૧ની સામે વહીવટી પગલાં એટલે અત્યારે પ્રક્રિયા ચાલુ છે. ૨ની સામે કાર્યવાહી પ્રગતિમાં છે. જ્યારે પંચમહાલ જિલ્લામાં ૩ બિનપ્રમાણિત નમૂનામાં ૩ની સામે કોર્ટ કેસ કરેલ છે. એ ત્રણેની પ્રક્રિયા અત્યારે ચાલે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૪

(આ તબક્કે વિપક્ષના હાજર રહેલા તમામ માનનીય સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયા.)

**ડાંગ જિલ્લામાં પાવરટીલર માટે થયેલ અરજીઓ**

*૨૨૯૫૪ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં ૮ બીએચપીથી વધુ ક્ષમતાના પાવરટીલર માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૫૫ |
| (૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩૩.૩૦ લાખ. |

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં તાલુકાવાર પાવરટીલર ખરીદીમાં તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સહાય માટેની વિગત શું છે? (અંતરાય)

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો તેમાં ડાંગ જિલ્લામાં તાલુકાવાર પાવરટીલર ખરીદીમાં તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સહાય માટેની જે અરજીઓ મળી તેમાં ડાંગ–આહવામાં કુલ ૧૮ અરજીઓ મળી, તેમાંથી મંજૂર અરજી ૧૦, તેની સહાય ચૂકવી એ ૬.૧૦ લાખ રૂપિયા. નામંજૂર અરજી ૫ અને પડતર અરજીઓ ૩. વઘઇમાં ૮૪ અરજીઓ મળી. તેમાંથી મંજૂર અરજીઓ ૪૦, ચૂકવેલ સહાય ૨૪.૨૦ લાખ રૂપિયા, નામંજૂર અરજીઓ ૧૮ અને પડતર અરજીઓની સંખ્યા ૨૬. સુબીરમાં મળેલ અરજીઓ ૧૨, મંજૂર અરજીઓ ૫, ચૂકવેલ સહાયની રકમ રૂપિયા ૩ લાખ, નામંજૂર અરજીઓ ૫ અને પડતર અરજીઓ ૨. આમ મેં મારા જવાબમાં બતાવ્યું છે, મળેલ અરજીઓ કુલ ૧૧૪, મંજૂર અરજીઓ ૫૫ અને ચૂકવેલ સહાયની રકમ રૂ. ૩૩.૩૦ લાખ. નામંજૂર અરજીઓ ૨૮ અને પડતર અરજીઓની સંખ્યા ૩૧ છે.

**વડોદરા જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે અરજીઓ**

*૨૨૯૯૪ **શ્રી જીતેન્દ્ર સુખડિઆ** (સયાજીગંજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૪૫૫૫ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૯૬૭ |
| (૩) તેમાં કેટલી અરજીઓની સહાય ચૂકવવામાં આવી? | (૩) ૧૯૬૭ |

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વડોદરા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બે વર્ષમાં સહાય માટેની તાલુકાવાર કેટલી અરજીઓ આવી? કેટલી મંજૂર થઇ, કેટલીમાં સહાયનું ચૂકવણું થયું અને કેટલી નામંજૂર થઇ તેની વિગતો આપવામાં આવે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં જે સ્થિતિ છે તેની તાલુકાવાર તેમણે માહિતી માગી છે. કરજણમાં કુલ મળેલ અરજીઓ ૭૮૬, મંજૂર અરજીઓની સંખ્યા ૩૭૭, સહાય ૧૭૩.૮૫ લાખ રૂપિયા, નામંજૂર અરજીઓની સંખ્યા ૨૪૯. એ જ રીતે ડભોઇમાં મળેલ અરજીઓ ૧૦૫૪, મંજૂર અરજીઓની સંખ્યા ૪૩૦, સહાયની રકમ રૂ. ૨૦૩.૨૫ લાખ, નામંજૂર અરજીઓની સંખ્યા ૩૬૮. દહેસરમાં મળેલ અરજીઓની સંખ્યા ૧૭૩, મંજૂર અરજીઓની સંખ્યા ૫૩, સહાય ચૂકવાઇ એ ૨૪ લાખ રૂપિયા, નામંજૂર અરજીઓ ૭૭. પાદરામાં કુલ ૬૨૩ અરજીઓ મળી. તેમાંથી ૨૬૯ અરજીઓ મંજૂર કરી, ૧૨૨.૧૦ લાખ રૂપિયા સહાય ચૂકવી અને ૨૨૮ અરજીઓ નામંજૂર કરી. વડોદરામાં કુલ ૪૮૩ અરજીઓ મળી, ૨૪૬ મંજૂર કરી, રૂ. ૧૧૨.૦૫ લાખની સહાય ચૂકવી અને ૨૨૪ અરજીઓ નામંજૂર કરી. વાઘોડીયા તાલુકામાં ૩૮૧ અરજીઓ મળી, એમાંથી ૧૬૮ અરજીઓ મંજૂર કરી, સહાય ૭૭.૮૫ લાખ રૂપિયા ચૂકવી અને ૧૩૪ અરજીઓ

નામંજૂર કરી. એવી રીતે સાવલીમાં કુલ પરર અરજીઓ મળી એમાંથી ર૦પ અરજીઓ મંજૂર કરી, સહાય ૯૩.૬૦ લાખની ચૂકવી અને ૧૮૩ અરજી નામંજૂર કરી. શિનોર તાલુકામાં ૫૩૩ અરજીઓ મળી એમાંથી ર૧૯ અરજીઓ મંજૂર કરી, સહાય રૂપિયા ૧૦૧.૧૩ લાખ ચૂકવ્યા અને નામંજૂર અરજીઓ ૧૯૩, આમ કુલ ૪૫૫૫ અરજીઓ મળી એમાંથી ૧૯૬૭ અરજી મંજૂર કરી, રૂપિયા ૯૦૮.૪૦ લાખની સહાય ચૂકવી અને નામંજૂર અરજીઓ ૧૬૫૬ થઇ છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે છે કે કેમ અને જો ચૂકવી હોય તો એની પણ તાલુકાવાર વિગતો આપે.

અધ્યક્ષશ્રી : તાલુકાવાર શું કરવા માગો છો? ખાસ તમારા તાલુકાનું માગોને? એમને સાવલી તાલુકાની પહેલા વિગત આપો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે એમણે પૂછ્યું વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલા ખેડૂતોને જે સહાય ચૂકવવામાં આવે છે એની વિગતો માગી છે. ડેસરમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સંખ્યા ૨, અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા ૬ અને મહિલા લાભાર્થીઓ ૧૨, એ રીતે એમના સાવલીમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સંખ્યા ૧૦, અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા ૮ અને મહિલા લાભાર્થીઓ ૪૨, બીજા તાલુકાઓ છે એની પણ થોડી માહિતી આપી દઉં. કરજણમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સંખ્યા ૪, અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા ૪ અને મહિલા લાભાર્થીઓ ર૭, એવી રીતે ડભોઇમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સંખ્યા ૭, અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા ૧૪ અને મહિલા લાભાર્થીઓ ૧૫, પાદરામાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સંખ્યા ૨, અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા ૨ અને મહિલા લાભાર્થીઓ ૬, વડોદરામાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સંખ્યા ૫, અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા ૨૩ અને કુલ મહિલા લાભાર્થીઓ ૩૨, વાઘોડીયામાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સંખ્યા ૧, અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા ૧૨ અને મહિલા લાભાર્થીઓ ૧૬, શિનોરમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સંખ્યા ૬, અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા ર૪ અને મહિલા લાભાર્થીઓ ૧૨ આમ કુલ જે સંખ્યા છે અનુસૂચિત જાતિના ખેડૂતોની સંખ્યા ૩૭, અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા ૯૩ અને મહિલા લાભાર્થીઓ ૧૬ર છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ટ્રકટરની ખરીદીમાં સહાય મેળવવા માટેના ધોરણો શું છે અને કયા કયા સાધનિક કાગળો રજૂ કરવાના રહે છે**?**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે ટ્રેક્ટર ખરીદીના જે સહાયના ધોરણો છે એમાં સામાન્ય વર્ગના ખેડૂતો માટે જે સહાય છે એ ૪૦ PTO HPસુધી રૂપિયા ૪૫૦૦૦ અથવા ર૫ ટકા બેમાંથી જે ઓછું હોય તે અને ૪૦ થી ૬૦ PTOમાં રૂપિયા ૬૦હજાર અથવા ૨૫ ટકા બેમાંથી જે ઓછું હોય તે, આ રીતે બાગાયત ખાતામાં ૨૦ PTO સુધીના રૂપિયા ૪૫ હજાર અથવા ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછું હોય તે, અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે રૂ. ૬૦ હજાર અથવા ખર્ચના ૫૦ ટકા બેમાંથી જે ઓછું હોય તે. એમણે જે સાધનિક કાગળોની વાત કરી એમાં જે સહાય મેળવવા માટેના જે સાધનિક કાગળો આપવાના હોય છે એમાં આઇ–ખેડૂત પોર્ટલમાં ઓન લાઇન કરેલી અરજીની હાર્ડ કોપી, ૭/૧૨, આઠ–અના ઉતારા, બેન્ક પાસબુક અને આધાર કાર્ડ, એમ્પેનલમેન્ટ થયેલ કંપનીના ટ્રેક્ટર ખરીદીની અરજીનું બિલ, આર.સી. બુકની નકલ, વીમાની નકલ, એસ.સી. તથા એસ.ટી. ખેડૂતો માટે જાતિ અંગેનો દાખલો આટલા પુરાવા સાથે આપવા પડે છે.

**બાવળા એ.આર.ટી.ઓ. ખાતે નવા નોંધાયેલ ડ્રાઈવીંગ લાયસન્સ**

*૨૩૦૪૫ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ ગ્રામ્ય બાવળા એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ નોંધવામાં આવ્યા, અને | (૧) ૧૧૨૬૪ નવા ડ્રાઈવીંગ લાયસન્સ નોંધવામાં આવ્યા. |
| (૨) તે પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ ? | (૨) રૂ.૧.૦૭ કરોડની આવક થઈ. |

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, બાવળા એ.આર.ટી.ઓ. કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ એક વર્ષ દરમિયાન પ્રથમવાર કાચા લાયસન્સ માટેની કેટલી અરજીઓ આવી? એમાંથી કેટલા પાસ થયા અને કેટલા નાપાસ થયા? નાપાસ થયા એની કેટલી આવક છે. બીજો પ્રશ્ન છે કે નાના વ્હીકલ હોય છે, ફોર વ્હીલ વ્હીકલ એમાં ટ્રેક આપવામાં આવેલ છે પરંતુ જે હેવી વ્હીકલ છે એના માટે લાયસન્સ આપવા માટે કોઇ ટ્રેક બનાવવામાં આવેલ છે કે કેમ? હીટાચી, જેસીબી એવા જે સ્પેશિયલ પ્રકારના વ્હીકલ છે એના માટે કોઇ સ્પેશિયલ લાયસન્સની જોગવાઇ છે અથવા એ લોકોના વ્હીકલ માટે કોઇ સ્પેશિયલ ટ્રેનિંગ આપીએ છીએ કે કેમ? મારી જાણ છે એ મુજબ એ બધામાં માત્ર હેવી વ્હીકલ લાયસન્સ આપણે આપીએ છીએ. પણ એ બધા સ્પેશિયલ પ્રકારના વ્હીકલ છે તો એ વાહનોમાં અકસ્માત

વધારે થાય છે તો એના માટે કોઇ અલગથી જોગવાઇ કરવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન છે કે જે લોકો જીવલેણ અકસ્માત કરે છે અને એક કરતા વધારે અકસ્માત કરે છે તો એમના લાયસન્સ કાયમી રદ કરવા માગો છો કે કેમ? મારો ચોથો પ્રશ્ન છે કે આપણી કાચા લાયસન્સ આપવાની પદ્ધત્તિ છે એના કારણે આર.ટી.ઓ.માં દરેક જગ્યાએ લોડ વધે છે તો એ યુનિવર્સિટીની કોલેજોમાં ડાયરેક્ટ ઓન લાઇન પદ્ધત્તિથી કાચા લાયસન્સ આપવાની જોગવાઇ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમણે ચાર સવાલો પૂછ્યા એ આપે નોંધ્યા? રહી જશે તો તમને ઠપકો મળશે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ભૂલી જઇશ તો ફરી પૂછી લઇશ.

અધ્યક્ષશ્રી : શ્રી જગદીશભાઇ, ખૂબ લાંબા પ્રશ્નો પૂછ્યા છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બાવળા આર.ટી.ઓ.માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૯,૭૦૫ કાચા લાયસન્સ માટેની અરજીઓ મળી જે પૈકી ૨૭,૩૦૭ કાચા લાયસન્સ માટે અરજદારો પાસ થયા. જ્યારે ૨૩૯૮ કાચા લાયસન્સ માટેના અરજદારો નાપાસ થયા. વર્ષ દરમિયાન જૂની અને નવી અરજીઓ મળીને કુલ ૨૭,૩૦૭ કાચા લાયસન્સ ઇસ્યૂ કરવામાં આવ્યા. કાચા લાયસન્સ માટે અલગ અલગ પ્રકારની કુલ ૨૯,૭૦૫ અરજીઓ મળી હતી જે માટે વર્ગવાર રૂપિયા ૫૯ લાખ ૪૧ હજારની આવક થયેલ હતી. કાચા લાયસન્સ માટે નાપાસ થયા છે એવા શિખાઉ લાયસન્સની આવકનું પત્રક છે એમાં શીખાઉ લાયસન્સ ગિયર સાથે એમાં ૧૩,૮૯૭ જેટલા અરજદારોએ અરજી કરી હતી એ પૈકી ૧૨,૯૨૫ લાયસન્સ ઇસ્યૂ કરવામાં આવ્યા. કાચા લાયસન્સની ૧૫૦ રૂપિયા ફી અને ૫૦ રૂપિયા ટેસ્ટીંગ ફી એમ કુલ રૂપિયા ૨૦૦ ગણતા કુલ રૂપિયા ૨૭ લાખ ૭૯ હજાર ૪૦૦ ની આવક થઇ છે. મોટર સાયકલ ગિયર વગર એમાં ક્લાસવાર મળેલ અરજીઓની સંખ્યા ૬૭૫૪ છે અને એ પૈકી ૬૫૨૧ લાયસન્સ ઇસ્યૂ કરવામાં આવ્યા. લાયસન્સ ફી રૂપિયા ૧૫૦ અને ૫૦ રૂપિયા ટેસ્ટીંગ ફી મળીને કુલ ૨૦૦ રૂપિયા ગણતા કુલ રૂપિયા ૧૩ લાખ ૫૦ હજાર ૮૦૦ની આવક થઇ. એલ.એમ.વી. ફોર વ્હીલરની વાત કરું તો એમાં ૮૪૩૦ અરજીઓ મળી અને ૭૩૩૩ લાયસન્સ ઇસ્યૂ કરવામાં આવ્યા. એમાં લાયસન્સ ફી રૂપિયા ૧૫૦ તથા ટેસ્ટીંગ ફી રૂપિયા ૫૦ એમ મળીને કુલ ૨૦૦ રૂપિયા ગણતા કુલ રૂપિયા ૧૬ લાખ ૮૬ હજાર જેટલી આવક થઇ. અન્ય લોડર, ક્રેન, કન્સ્ટ્રકશન ઇક્વીપમેન્ટ વગેરેની ૨૮૯ અરજીઓ મળેલ હતી એ પૈકી ૨૭૩ જેટલા લાયસન્સ ઇસ્યૂ કરવામાં આવ્યા. એમાં લાયસન્સ ફી રૂપિયા ૧૫૦ તથા ટેસ્ટીંગ ફી રૂપિયા ૫૦ એમ કુલ ૨૦૦ રૂપિયા ગણતા રૂપિયા ૫૭ હજાર ૮૦૦ની આવક થઇ. આમ, કુલ રૂપિયા ૬૧ લાખ ૫૭ હજાર જેટલી કુલ આવક થઇ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન બાકી રહી ગયા છે. શ્રી જગદીશભાઇ રિપીટ કરો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું પુછવા માગું છું કે, જે સ્પેશિયલ વ્હીકલ હોય છે જેમ કે હીટાચી, જેસીબી, રોલર એનો ટ્રેક બનાવ્યો છે કે કેમ? અત્યારે આપણે એમને હેવી વ્હીકલનું લાયસન્સ આપીએ છીએ પણ એ બધા સ્પેશિયલ પ્રકારના વ્હીકલ છે. આનું કોઇ ટ્રેનીંગ સેન્ટર નથી. આના માટે સ્કીલ ડ્રાયવરો નથી. તો ટ્રેનીંગ સેન્ટર ચાલુ કરવા માગો છો કે કેમ? અથવા એના માટે કોઇ સ્પેશિયલ પ્રોવિજન કરવા માગીએ છીએ કે કેમ? બીજો પ્રશ્ન છે કે એક કરતા વધારે જ્યારે જીવલેણ અકસ્માતો કરે છે એવા લોકોના લાયસન્સ કાયમી રદ કરવા માગો છો કે કેમ? ત્રીજી વસ્તુ છે કોલેજની અંદર જેને પ્રથમ વખત કાચા લાઇસન્સ કઢાવવા છે એને કોલેજમાં સ્પેશિયલ મંજૂરી આપી ત્યાંથી કાચા લાઇસન્સની અરજી કરી શકે એવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના પહેલા અને બીજા પ્રશ્નમાં આપનું સૂચન છે. ત્રીજો જે આપનો પ્રશ્ન છે એ પ્રશ્નની અંદર આઇ.ટી.આઇ. અને કોલેજ દ્વારા પણ એ કામગીરી ચાલે છે.

અધ્યક્ષશ્રી : ટ્રેક છે કે કેમ? એમાં સૂચન ક્યાં છે? સ્પેશિયલ વ્હીકલ માટે ટ્રેક બનાવેલો છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્પેશિયલ વ્હીકલ માટે અત્યારે હાલ તો ટ્રેકની વ્યવસ્થા નથી એ એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં. શ્રી કિશોરભાઇ.

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, શિખાવ લાઇસન્સ અને પાકા લાઇસન્સ મેળવવાની પ્રક્રિયા શું છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શિખાવ લાઇસન્સ મેળવવા માટે અરજદારે ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલ પરિવહન ગવર્નમેન્ટ.ઇન પર જઇ લાઇસન્સ રિલેટીવ સર્વિસ એટલે કે સારથી ફોર ઝીરો ઉપર જઇ ઓન લાઇન અરજી કરવાની હોય છે. અરજી વખતે અરજદારે રહેઠાણ, ઉંમરના પુરાવા, ફોટો ઓન લાઇન રજૂ કરવાનો હોય છે. અરજદારને અનુકૂળતા મુજબનો ટાઇમ, તારીખ, સમય સાથે ફાળવવામાં આવે છે. અરજદારે તે તારીખે તેણે પસંદ કરેલ આઇ.ટી.આઇ. અથવા તો પોલિટેકનીક ખાતે શિખાવ લાઇસન્સની પરિક્ષામાં ઉપસ્થિત રહેવાનું હોય છે. આ પરિક્ષામાં નિયત કરવામાં આવેલ ૪૩૬ પ્રશ્નોમાંથી અરજદારે રેન્ડમ્લી ૧૫ પ્રશ્નો કોમ્પ્યુટર દ્વારા ફાળવવામાં આવે છે. આમ ૧૫ પ્રશ્નોમાંથી ૧૧ પ્રશ્નો સાચા હોય તો તેવા અરજદારને તરત જ પાસ જાહેર કરવામાં આવે છે. એક પ્રશ્નનો જવાબ મહત્તમ ૪૮ સેકન્ડની અંદર આપવાનો હોય છે. ગુજરાત સરકારશ્રીના નિર્ણય મુજબ તા.૧૪–૧૧–૨૦૧૯ના રોજથી શિખાવ લાઇસન્સની કામગીરી આઇ.ટી.આઇ. ખાતે શરૂ કરવામાં આવેલ છે. આ નિર્ણયથી અરજદારોને ૩૩ આર.ટી.ઓ.,

એ.આર.ટી.ઓ. કચેરીના બદલે ૨૨૧ આઇ.ટી.આઇ. અને ૨૯ પોલિટેકનીકથી તાલુકા ગ્રામ સુધીનાને શિખાવ લાઇસન્સની સુવિધાનો લાભ મળતો થયેલ છે. તેના કારણે અરજદારના નાણાં અને સમયનો પણ બચાવ થયો છે. એ.આર.ટી.ઓ.કચેરીના અમદાવાદ ગ્રામ્યના કાર્યક્ષેત્ર હેઠળ કુલ સાત જેટલી આઇ.ટી.આઇ. કચેરીઓ કાર્યરત છે અને એ પૈકી બાવળા, ધોળકા, માંડલ, સાણંદ, ધંધુકા, બેચરાજી અને વિરમગામ આ સાત જેટલી કચેરીઓ દ્વારા કામગીરી ચાલે છે.

## નવસારી જિલ્લામાં પાવરટીલર માટે થયેલ અરજીઓ

*૨૨૯૫૨ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ૮ બીએચપીથી વધુ ક્ષમતાના પાવરટીલર માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૧૩૭૫ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) કુલ ૫૩૭ અરજીઓ. |
| (૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩૨૪.૬૧ લાખ. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમારા નવસારી જિલ્લામાં આ પાવર ટીલરની યોજના ખૂબજ ઉપયોગી થઇ છે અને એમાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સહાય માટેની કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી? એની સહાય ચૂકવવામાં આવી એની વિગતો આપવા વિનંતી છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પાવર ટીલર એટલે ખેતીના કાર્યો કરવા માટે કૃષિના ખેત ઓજાર. સાધન ચલાવવા જરૂર પડતી ચંત્ર શક્તિ પૂરું પાડતું ચંત્ર સાધન. પાવર ટીલરને ચાલતા ચાલતા વોક બીહાઇન્ડ ચલાવી શકાય છે. ટ્રેકટરમાં તો સરકાર આપે છે. આમાં પણ સરકારે શરૂઆત કરી છે. બેઠક પર બેસીને ચલાવી શકાય તેવા બે પ્રકારના પાવરટીલર બજારમાં ઉપલબ્ધ છે. પાંચથી પંદર હોર્સ પાવર ડીઝલ એન્જિનથી ચાલતું સાધન જે આંતર ખેડ તથા હળવી ખેડ ખાસ કરીને પહોળા પાટલે વાવેતર થતા પાક કપાસ, દીવેલા, તુવેર તથા બાગાયત પાક માટે પાવરટીલર સર્વોત્તમ ચંત્રશક્તિ પૂરું પાડતું સાધન છે અને રાજ્યમાં ૮ બ્રેક હોર્સ પાવરથી મોટા પાવરટીલરનો ઉપયોગ વધુ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીએ માહિતી માગી છે એમાં નવસારી જિલ્લામાં ખેરગામ તાલુકામાં મળેલ અરજીઓ ૧૦૧, મંજૂર કરેલ અરજીઓ ૫૨, ચુકવેલ સહાય રૂપિયા ૩૨.૨૭ લાખ અને નામંજૂર અરજીઓ ૩૧. એ પ્રમાણે ગણદેવીમાં મળેલ અરજીઓ ૧૨૮, મંજૂર અરજીઓની સંખ્યા ૩૧, કુલ સહાય રૂપિયા ૧૭.૮૪ લાખ ચુકવી. નામંજૂર અરજીઓ ૪૮. એ પ્રમાણે ચીખલીમાં મેળલ અરીજીઓ ૩૦૪, મંજૂર અરજીઓની સંખ્યા ૧૧૫, ચૂકવેલ સહાયની રકમ રૂપિયા ૬૯.૨૬ લાખ અને નામંજૂર અરજીઓની સંખ્યા ૮૬. જલાલપુરમાં મળેલ અરજીઓ ૮૦, મંજૂર અરજીઓની સંખ્યા ૨૮, ચૂકવેલ સહાયની રકમ રૂપિયા ૧૬.૧૬ લાખ રૂપિયા અને નામંજૂર અરજીઓની સંખ્યા ૨૪ એ પ્રમાણે નવસારી તાલુકામાં મળેલ અરજીઓ ૪૯, મંજૂર અરજીઓની સંખ્યા ૧૯, ચૂકવેલ સહાયની રકમ રૂપિયા ૧૧.૧૦ લાખ અને નામંજૂર અરજીઓની સંખ્યા ૧૧ એ પ્રમાણે વાંસદામાં મળેલ અરજીઓની સંખ્યા ૭૧૩, મંજૂર અરજીઓ ૨૯૨, ચૂકવેલ સહાયની રકમ રૂ.૧૭૭.૯૮ લાખ અને નામંજૂર અરજીઓની સંખ્યા ૨૧૪ આમ કુલ ૧૩૭૫ અરજીઓ મળી, એમાંથી મંજૂર અરજીઓની સંખ્યા ૫૩૭, ચૂકવેલ સહાયની રકમ રૂપિયા ૩૨૪.૬૧ લાખ અને નામંજૂર અરજીઓની સંખ્યા ૪૧૪ છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાવર ટીલરની યોજના આદિવાસી વિસ્તારની અંદર ખૂબ ઉપયોગી છે. પહેલા લોકો બળદ અને હળથી ખેતી કરતા હતા આજે અમે જોઇ રહ્યા છીએ કે વધારેમાં વધારે પાવર ટીલરથી ખેતી કરવામાં આવે છે ત્યારે મંત્રીશ્રીએ અત્યારે જે જવાબ આપ્યો એ પ્રમાણે અમારા ૪ આદિવાસી તાલુકા ખેરગામ, આમ પાંચ ગણદેવી, ચીખલી અને વાંસદા એમાં સૌથી વધારે અરજીઓ નામંજૂર થઇ છે એ નામંજૂર થવાના કારણો શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં જે અરજી નામંજૂરના કારણો જે એમણે પૂછ્યું એમાં કુલ જે સહાય ચૂકવી છે એ અરજીઓની સંખ્યા ૫૮૩ મોટી સંખ્યા છે. જે એમણે અરજી નામંજૂરના કારણો પૂછ્યા એમાં અરજીમાં અગાઉના વર્ષોમાં સહાય લીધેલ હોય તો એમને લાભ ન મળે. આ યોજનામાં એવી જોગવાઇ છે કે એક વખત લાભ મળે પછી ૧૦ વર્ષ સુધી એ અરજી ન કરી શકે. એમને ફરી મેળવવું હોય તો ૧૦ વર્ષ પછી એ અરજી કરી શકે. ૧૦ વર્ષની અંદર અરજી કરી હોય અને એમને લાભ ન મળ્યો હોય એવી બે અરજીઓ છે અને સમય મર્યાદામાં સાધનિક કાગળો તથા કલેઇમ કચેરીમાં રજૂ ન કરેલ હોવાના કારણે, એમાં જે સમય મર્યાદા નકકી કરી છે એમાં જો સાધનિક કાગળો પણ રજૂ ન કરે તો પણ એ અરજી નામંજૂર થાય એવી ૩૫૪ અરજીઓ છે. વર્ષના અંતે જોગવાઇને ધ્યાને રાખીને

અરજીઓ રદ થતી હોય છે એવી ૪૭ અરજીઓ છે. અરજીઓ પાત્રતા ધરાવતી ન હોવાને કારણે ૧૧ અરજીઓ નામંજૂર થઇ છે. આમ કુલ ૪૧૪ અરજીઓ નામંજૂર થઇ છે.

**બાવળા એ.આર.ટી.ઓ. ખાતે નવા નોંધાયેલ ડ્રાઈવીંગ લાયસન્સ**

*૨૩૦૪૬ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ ગ્રામ્ય બાવળા એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી કેટલા નવા ડ્રાઈવિંગ લાયસન્સ નોંધવામાં આવ્યા, અને | (૧) ૧૧૨૬૪ નવા ડ્રાઈવિંગ લાયસન્સ નોંધવામાં આવ્યા. |
| (૨) તે પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ? | (૨) રૂ.૧.૦૭ કરોડની આવક થઈ. |

શ્રી પ્રદિપભાઈ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બાવળા એ.આર.ટી.ઓ. કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ એક વર્ષ દરમિયાન પ્રકારવાર કાચા લાયસન્સ માટે કેટલી અરજીઓ મળી તે પૈકી કેટલા પાસ થયા અને કેટલા નપાસ થયા? તેની કેટલી આવક થઇ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન–૯ અને ૧૧ સેઈમ છે. બાવળા એ.આર.ટી.ઓ. કચેરીએ તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ એક વર્ષ દરમિયાન ૨૯૭૦૫ કલાસવાર કાચા લાયસન્સની અરજીઓ મળી જે પૈકી ૨૭૩૦૭ કલાસવાર કાચા લાયસન્સ માટેના અરજદારો વર્ષના અંતે પાસ થયા જયારે ૨૩૯૮ કલાસવાર કાચા લાયસનનસ માટેના અરજદારો વર્ષના અંતે નપાસ થયા. વર્ષ દરમિયાન જૂની અને નવી અરજીઓ મળી કુલ ૨૭૩૦૭ કલાસવાર કાચા લાયસન્સ ઇશ્યૂ કરવામાં આવ્યા. ઉપરોક્ત કાચા લાયસન્સ માટે અલગ અલગ પ્રકારના લાયસન્સ મેળવવા માટેની કુલ ૨૯૭૦૫ અરજીઓ મળી જે માટે વર્ષવાર રૂ.૫૯,૪૧,૦૦૦ ની આવક થયેલ છે. તા.૧૪–૧૧–૨૦૧૯થી રાજય સરકાર દ્વારા શિખાઉ લાયસન્સની કામગીરી આઇ.ટી.આઇ.ને સોંપવામાં આવતા તે તારીખ સુધી ૩૩૧૬ અરજીઓનો આર.ટી.ઓ. કક્ષાએથી નિકાલ કરવામાં આવેલ છે. કાચા, શીખાઉ લાયસન્સની આવકની વિગત દર્શાવતું પત્રક એમાં મોટર સાઇકલ ગીયર સાથે હોય એમાં ૧૩૮૯૭ જેટલા ઉમેદવારોએ અરજી કરી, એ પૈકી ૧૨૯૨૫ જેટલા લાઇસન્સ ઇશ્યૂ કરવામાં આવ્યા. કાચા લાયસન્સની ફી રૂ.૧૫૦.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે સહાય**

૨૪૬૬૮ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જંગલી જાનવરો, રોઝ–ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકના રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે ખેડૂતોએ કેટલા હેકટરના બ્લોક બનાવી સહાય માટે અરજી કરવાની હોય છે,

**જવાબ**

(૧) સામાન્ય વર્ગના ખેડૂત/ખેડૂતો માટે ઓછામાં ઓછા ૧૦ હેકટર તથા અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ખેડૂત/ખેડૂતો માટે ઓછામાં ઓછા ૫ હેકટર વિસ્તારનો કલસ્ટર.

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

**જવાબ**

(૨) સહાય ચૂકવવાની બાકી

| જિલ્લો | વર્ષ | ખેડૂતોની સંખ્યા | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| અરવલ્લી | ૨૦૧૮–૧૯ | ૫૩ | ૧૨.૭૭ |
| | ૨૦૧૯–૨૦ | ૧૨ | ૫.૭૨ |
| ગાંધીનગર | ૨૦૧૮–૧૯ | ૦ | ૦.૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) યોજનાની જોગવાઈ મુજબ નિયમોનુસાર કાર્યવાહી પૂર્ણ થયેથી. |

---------

**ગાંધીનગર અને મહીસાગર જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંની ફાળવણી**

૨૪૬૮૦ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી,

(૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી. પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૨) ઉક્ત જિલ્લાવાર ફાળવેલ નાણાંમાંથી ઉક્ત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉભી થઈ,

(૨) જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઉક્ત વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઉભી થઈ.

| ક્રમ | જિલ્લો | ઉભી થયેલ માનવદિન રોજગારી | | |
|---|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | કુલ |
| ૧ | ગાંધીનગર | ૫,૩૫,૧૯૯ | ૩,૧૪,૧૧૯ | ૮,૪૯,૩૧૮ |
| ૨ | મહીસાગર | ૧૪,૯૮,૮૦૦ | ૧૦,૩૬,૭૯૧ | ૨૫,૩૫,૫૯૧ |
| | **કુલ** | **૨૦,૩૩,૯૯૯** | **૧૩,૫૦,૯૧૦** | **૩૩,૮૪,૯૦૯** |

(૩) ઉક્ત સ્થિતિએ એક માનવ દિનની રોજગારીના દર શું નક્કી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ એક માનવ દિનની રોજગારીના નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે રકમ રૂ.૧૯૯/- વેતનદર ભારત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત દર ક્યારથી અમલમાં છે ?

(૪) ઉક્ત દર રકમ રૂ.૧૯૯/- તા.૦૧-૦૪-૨૦૧૯થી અમલમાં છે.

---------

**અમીરગઢ તાલુકામાં આવેલ જેસોર અભ્યારણને જાહેર કરેલ પ્રવાસન સ્થળ**

૨૪૬૫૨ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં આવેલ જેસોર અભ્યારણને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પ્રવાસન સ્થળના વિકાસ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) ફાળવેલ ગ્રાન્ટ પૈકી ક્યા કામ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં કપાસ, ડાંગર અને મગફળીના ટેકાના ભાવો**

૨૪૬૯૩ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કપાસ, ડાંગર અને મગફળીના ટેકાના ભાવો શું નક્કી કરવામાં આવેલ,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કપાસ, ડાંગર અને મગફળી માટે ભારત સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ ટેકાના ભાવોની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| ક્ર. | પાક | | ભારત સરકારશ્રી દ્વારા જાહેર થયેલ ટેકાનો ભાવ (રૂ./ક્વિ.) | |
|---|---|---|---|---|
| | | | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
| ૧. | કપાસ | લંબતારી | ૫૪૫૦ | ૫૫૫૦ |
| | | મધ્યમતારી | ૫૧૫૦ | ૫૨૫૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | ડાંગર | કોમન | ૧૭૫૦ | ૧૮૧૫ |
| | | ગ્રેડ એ | ૧૭૭૦ | ૧૮૩૫ |
| ૩. | મગફળી | | ૪૮૯૦ | ૫૦૯૦ |

ભારત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ કપાસના ટેકાના ભાવોને ધ્યાને લઈ ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા જુદી-જુદી ગુણવતાના કપાસની જાતો માટે ટેકાના ભાવો નક્કી કરવામાં આવે છે. જે પૈકી ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે ઉત્પાદીત થતી કપાસની મધ્યમતારી, મધ્યમ-લંબતારી અને લંબતારી જાતો માટે છેલ્લા બે વર્ષમાં નક્કી કરેલ ટેકાના ભાવો નીચે મુજબ છે.

| **કપાસની જાતો** | **ટેકાના ભાવ (રૂ./ક્વિન્ટલ)** | |
|---|---|---|
| | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦** |
| મધ્યમતારી કપાસ (V-797, G.Cot.13, G.Cot.21) | ૪૯૫૦ | ૫૦૫૫ |
| મધ્યમ લંબતારી કપાસ (F-414/H-777/J-34 Hybrid) | ૫૩૦૦ | ૫૪૦૫ |
| લંબતારી કપાસ (Shankar-6/10) | ૫૪૦૦ | ૫૫૦૦ |

(૨) ઉક્ત ભાવો ઉપરાંત રાજ્ય સરકારે કોઈ પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરેલ છે કે કેમ, અને

(૨) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ ખરીફ સીઝનમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી અન્વયે મગફળીના ટેકાના ભાવ ઉપરાંત બોનસ જાહેર કરવામાં આવેલ.

(૩) જો હા, તો ઉક્ત કયા પાક માટે કેટલી પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરવામાં આવેલ છે?

(૩) વર્ષ ૨૦૧૮-૧૯ માં મગફળી માટે જાહેર કરવામાં આવેલ ટેકાના ભાવ રૂ.૪૮૯૦ પ્રતિ ક્વિન્ટલ ઉપરાંત રાજ્ય સરકારશ્રી દ્વારા રૂ.૧૧૦ પ્રતિ ક્વિન્ટલ બોનસ જાહેર કરવામાં આવેલ.

---------

## જામનગર જિલ્લામાં વ્યાપારી એકમો સામે કાર્યવાહી

૨૩૦૨૩ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય ) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઈ ન કરાવવા બાબતોમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કસુરવારો સામે શું પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૨) તે પૈકી વર્ષવાર, તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય/સબસિડી ચૂકવવામાં આવી.

**મહીસાગર જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૮–૧૯ | | ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધી) | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર અરજીઓ | સહાયની રકમ | મંજૂર અરજીઓ | સહાયની રકમ |
| ૧ | કડાણા | ૪૭ | ૨૧,૧૫,૦૦૦ | ૫૫ | ૨૪,૯૦,૦૦૦ |
| ૨ | ખાનપુર | ૩૩ | ૧૪,૮૫,૦૦૦ | ૫૯ | ૨,૬૫,૫૦૦૦ |
| ૩ | બાલાસિનોર | ૪૨ | ૧૯,૨૦,૦૦૦ | ૬૧ | ૨૭,૪૫,૦૦૦ |
| ૪ | લુણાવાડા | ૮૪ | ૩૭,૮૦,૦૦૦ | ૧૪૬ | ૬૬,૭૫,૦૦૦ |
| ૫ | વિરપુર | ૪૮ | ૨૧,૬૦,૦૦૦ | ૫૧ | ૨૩,૧૦,૦૦૦ |
| ૬ | સંતરામપુર | ૪૭ | ૨૧,૧૫,૦૦૦ | ૯૪ | ૪૨,૬૦,૦૦૦ |
| | **કુલ** | **૩૦૧** | **૧,૩૫,૭૫,૦૦૦** | **૪૬૬** | **૨,૧૧,૩૫,૦૦૦** |

**પંચમહાલ જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|

| | | | | (તા.૩૧-૧૨-૨૦૧૯ સુધી) | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર અરજીઓ | સહાયની રકમ | મંજૂર અરજીઓ | સહાયની રકમ |
| ૧ | કાલોલ | ૪૯ | ૨૨,૦૫,૦૦૦ | ૭૪ | ૩૩,૩૦,૦૦૦ |
| ૨ | ગોધરા | ૫૭ | ૨૫,૯૫,૦૦૦ | ૧૧૬ | ૫૨,૩૫,૦૦૦ |
| ૩ | ઘોઘંબા | ૪૮ | ૨૧,૬૦,૦૦૦ | ૬૬ | ૩૦,૦૦,૦૦૦ |
| ૪ | જાંબુઘોડા | ૧૩ | ૬,૦૦,૦૦૦ | ૧૯ | ૮,૭૦,૦૦૦ |
| ૫ | મોરવા(હડફ) | ૩૦ | ૧૩,૫૦,૦૦૦ | ૪૨ | ૧૮,૯૦,૦૦૦ |
| ૬ | શહેરા | ૩૮ | ૧૭,૧૦,૦૦૦ | ૯૮ | ૪૪,૨૫,૦૦૦ |
| ૭ | હાલોલ | ૫૪ | ૨૪,૪૫,૦૦૦ | ૫૪ | ૨૪,૩૦,૦૦૦ |
| | **કુલ** | **૨૮૯** | **૧,૩૦,૬૫,૦૦૦** | **૪૬૯** | **૨,૧૧,૮૦,૦૦૦** |

(૩) તાલુકાવાર કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજૂર કરવામાં આવી, અને

(૩) તાલુકાવાર નીચે મુજબ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

**મહીસાગર જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ સુધી) |
|---|---|---|---|
| ૧ | કડાણા | ૫૮ | ૬૮ |
| ૨ | ખાનપુર | ૩૪ | ૭૨ |
| ૩ | બાલાસિનોર | ૪૪ | ૫૬ |
| ૪ | લુણાવાડા | ૬૪ | ૧૦૨ |
| ૫ | વિરપુર | ૩૮ | ૭૧ |
| ૬ | સંતરામપુર | ૭૧ | ૮૫ |
| | **કુલ** | **૩૦૯** | **૪૫૪** |

**પંચમહાલ જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ સુધી) |
|---|---|---|---|
| ૧ | કાલોલ | ૫૦ | ૬૨ |
| ૨ | ગોધરા | ૫૭ | ૬૬ |
| ૩ | ઘોઘંબા | ૩૪ | ૪૩ |
| ૪ | જાંબુઘોડા | ૩૦ | ૧૫ |
| ૫ | મોરવા(હડફ) | ૨૮ | ૩૩ |
| ૬ | શહેરા | ૩૭ | ૭૯ |
| ૭ | હાલોલ | ૪૬ | ૮૬ |
| | **કુલ** | **૨૮૨** | **૩૮૪** |

**ઉક્ત તાલુકાવાર દર્શાવેલ અરજીઓ મુખ્યત્વે નીચેના કારણોસર નામંજૂર કરવામાં આવેલ છે.**

- નિયત મૉડેલ ખરીદી કરેલ ન હોય
- નિયત સમયમર્યાદામાં દરખાસ્ત રજૂ ન કરેલ હોય
- અગાઉના વર્ષોમાં સહાય લીધેલ હોય
- જરૂરી સાધનિક પૂરાવા રજૂ કરેલ ન હોય

(૪) તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૪) તાલુકાવાર પડતર અરજીઓ નીચે મુજબ છે, અરજીઓનો નિકાલ શક્ય તેટલા વહેલા કરવામાં આવશે.

**મહીસાગર જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ સુધી) |
|---|---|---|---|
| ૧ | કડાણા | ૦ | ૧ |
| ૨ | ખાનપુર | ૦ | ૦ |
| ૩ | બાલાસિનોર | ૦ | ૧ |
| ૪ | લુણાવાડા | ૦ | ૧ |
| ૫ | વિરપુર | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૬ | સંતરામપુર | ૦ | ૪ |
| | **કુલ** | **૦** | **૭** |

**પંચમહાલ જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ સુધી)** |
|---|---|---|---|
| ૧ | કાલોલ | ૦ | ૬ |
| ૨ | ગોધરા | ૦ | ૧૫ |
| ૩ | ઘોઘંબા | ૦ | ૧ |
| ૪ | જાંબુઘોડા | ૦ | ૦ |
| ૫ | મોરવા(હડફ) | ૦ | ૧ |
| ૬ | શહેરા | ૦ | ૬ |
| ૭ | હાલોલ | ૦ | ૫ |
| | **કુલ** | **૦** | **૩૪** |

-------------

**મોરબી અને રાજકોટ જિલ્લામાં આરટીઓ કચેરીનું મંજૂર મહેકમ**

૨૪૭૧૧ **શ્રી લલીતભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર આરટીઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| **અ. નં.** | **સંવર્ગનું નામ** | **મંજૂર થયેલ મહેકમ** | |
|---|---|---|---|
| | | **એઆરટીઓ મોરબી** | **આરટીઓ રાજકોટ** |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦૨ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૦ | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૦ | ૦૧ |
| ૫ | હિસાબી અધિકારી | ૦૦ | ૦૧ |
| ૬ | મોટર વાહન નિરીક્ષક | ૦૪ | ૦૯ |
| ૭ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૭ | ૧૩ |
| ૮ | જનસંપર્ક અધિકારી | ૦૦ | ૦૨ |
| ૯ | હેડ ક્લાર્ક | ૦૧ | ૦૪ |
| ૧૦ | સિનિયર ક્લાર્ક | ૦૨ | ૧૧ |
| ૧૧ | જુનિયર ક્લાર્ક | ૦૬ | ૩૭ |
| ૧૨ | હિસાબનીશ | ૦૧ | ૦૧ |
| ૧૩ | સબ ઓડીટર | ૦૦ | ૦૨ |
| ૧૪ | સર્કલ ઓફીસર | ૦૦ | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | સંશોધન મદદનીશ | ૦૦ | ૦૧ |
| ૧૬ | આંકડા મદદનીશ | ૦૧ | ૦૧ |
| ૧૭ | ડ્રાઇવર | ૦૧ | ૦૧ |
| ૧૮ | નાયક | ૦૦ | ૦૧ |
| ૧૯ | પટાવાળા | ૦૦ | ૧૧ |
| ૨૦ | વોચમેન | ૦૦ | ૦૧ |
| | **કુલ** | **૨૪** | **૧૦૩** |
| | | | |

(૨)તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| **અ. નં.** | **સંવર્ગનું નામ** | **એ.આર.ટી.ઓ. મોરબી** | | **આર.ટી.ઓ. રાજકોટ** | |
|---|---|---|---|---|---|
| | | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૫ | હિસાબી અધિકારી | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૬ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ | ૦૧ | ૦૭ | ૦૨ |
| ૭ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૭ | ૦૦ | ૧૨ | ૦૧ |
| ૮ | જનસંપર્ક અધિકારી | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૯ | હેડ ક્લાર્ક | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૨ |
| ૧૦ | સિનિયર ક્લાર્ક | ૦૨ | ૦૦ | ૦૫ | ૦૬ |
| **અ. નં.** | **સંવર્ગનું નામ** | **એ.આર.ટી.ઓ. મોરબી** | | **આર.ટી.ઓ. રાજકોટ** | |
| | | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૧૧ | જુનિયર ક્લાર્ક | ૦૫ | ૦૧ | ૧૯ | ૧૮ |
| ૧૨ | હિસાબનીશ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૩ | સબ ઓડીટર | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૪ | સર્કલ ઓફીસર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૧૫ | સંશોધન મદદનીશ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૬ | આંકડા મદદનીશ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૭ | ડ્રાઇવર | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૮ | નાયક | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૯ | પટાવાળા | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૮ |
| ૨૦ | વોચમેન | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રિયા તથા ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેથી ભરતી પ્રક્રિયા અનુસાર તથા વહીવટી અનુકૂળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે
પોઇન્ટ ઓફ ઓર્ડર

પોઇન્ટ ઓફ ઓર્ડર

ઠપકો આપવા અંગેની દરખાસ્ત અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ તા.૨૭-૨-૨૦૨૦ની પ્રશ્નોત્તરીમાં શ્રી આનંદભાઇ ચૌધરીના પ્રશ્નના જવાબની અંદર વિપક્ષના નેતાશ્રીએ જે પ્રમાણેના વર્બેટીમની અંદર ધ્યાનમાં આવ્યું છે અને આ આખી ઘટનાના સંદર્ભમાં... માનનીય અધ્યક્ષશ્રી, એ લોકો આવી જાય પછી વાત કરું કે પછી ચાલુ રાખું? ..(વિરોધપક્ષના સભ્યશ્રીઓ ગૃહની અંદર આવતા)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આનંદભાઇ ચૌધરીના પ્રશ્નના સંદર્ભમાં વિપક્ષના નેતાએ જે પ્રમાણેના ઉલ્લેખો કર્યા હતા એના સંદર્ભમાં ટ્રેઝરી બેંચ તરફથી એમને ઠપકો આપવા માટેની દરખાસ્ત મૂકી હતી. એના સંદર્ભમાં મારે એ કહેવું છે કે મેં શ્રી પરેશભાઇ ધાનાણીનું વર્બેટીમ જોયું. એમની આખી વાત હું કહેવા માગતો નથી. એમણે એવું કહ્યું છે કે લીનોવા ઇન્ડિયા પ્રા.લિ. ટેબ્લેટ દીઠ રૂપિયા ૬,૬૬૭ ચૂકવ્યા હતા. ઓનલાઇન પ્લેટફોર્મ ઉપર અલીબાબા નામની વેબસાટ છે એની ડીટેઇલ મારી પાસે છે, તેની ડીટેઇલ જોઇતી હશે તો હું લીંક મોકલીશ અને ૧૯.૫૬ ડોલર એટલે અત્યારના બજાર ભાવના ૧૪૦૮ રૂપિયામાં આપણું આ ટેબ્લેટ ઓનલાઇન પ્લેટફોર્મ ઉપર મળે છે. હું અલીબાબાની ઓનલાઇન વેબસાઇટ ઉપર ૧૯.૫૬ ડોલર માત્ર ૧૪૦૮ રૂપિયામાં એક ટેબ્લેટ મળે છે. હજાર રૂપિયા વિદ્યાર્થી પોતે આપે છે. આ આખા સંદર્ભમાં એમણે છેલ્લો ઉલ્લેખ કર્યો કે આમાં ૧૬૪ કરોડ રૂપિયાની કટકી બારોબાર કોણ કરી ગયું આની મંત્રીશ્રી તપાસ કરાવવા માગે છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આવો આક્ષેપ થયો એટલે સ્વાભાવિક છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી તરત ઉભા થઇને જે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો એની અંદર આ સ્કીમને ઇમ્પ્લીમેન્ટ કરી છે. દરેક ખરીદી વખતે ઇન્ટરનેશનલ એટલે કે ગ્લોબલ ટેન્ડર બહાર પાડ્યા છે. એમાં ૫-૭ અલગ અલગ કંપનીઓ આવી છે. જે જુદા જુદા સ્પેસિફિકેશન હતા એનો માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો અને ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યું, ખુલ્લી ચેલેન્જ કરી, મારું એ કહેવું છે કે સરકાર પૂરી તૈયાર છે આ અંગે જો કોઇ પાસે માહિતી હોય તો અમને આપે અને આ સ્પેસિફિકેશન જો તે ધરાવતા હોય તો ચોક્કસ અમે એ અંગે બધી તપાસ કરાવી જે કંઇ નિર્ણય કરવો હશે તે કરવા માટેની સરકારે ખુલ્લામાં વિધાનસભાના ફ્લોર ઉપર ચેલેન્જ ફેંકી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યારબાદ માનનીય શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાજીએ આના સંદર્ભમાં આખી વાત આપણા સૌ સમક્ષ મૂકી હતી. ત્યારબાદ આખી ઘટનામાં તા.૨૮-૨-૨૦૨૦ના રોજ શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી દ્વારા આખી વાત કરી છે એનો ઉલ્લેખ નથી કરતો, એટલે કહું છું કે જેના ઉપર આધાર રાખીને અલીબાબા ડોટ કોમ લોજિસ્ટિક માહિતી મોકલી છે. મેં આપને પણ આપી છે. આપે મોકલેલ માહિતી એ માત્રને માત્ર ટચ સ્ક્રીનની માહિતી છે. એ ટેબ્લેટ માટેની માહિતી નથી. એ આખે આખી વાત એમણે કહી છે એ આખી વાત કહ્યા પછી તા.૨૮-૨-૨૦૨૦ના રોજ વિપક્ષના નેતાશ્રી પરેશભાઇએ આખી વાત કરી, એનો હાર્દ કહું છું. જે ઇન્સ્ટ્રુમેન્ટ જોયું હતું, જે સરકારે આપ્યું છે એ બની શકે અંદરના ફ્યુચરમાં કોઇ ફેરફાર હોય પરંતુ આના સંદર્ભમાં મારી કોઇ ગેરસમજ થઇ હશે તો માફી માગવામાં મને કોઇ નાનપ નથી પણ મને ખરાઇ કરવા માટેનો અવસર આપો. ત્યારબાદ આખી વાતના સંદર્ભમાં તારીખ-૨-૦૩-૨૦૨૦ના રોજ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આ ચર્ચા ઉભી થઇ ત્યારે આ ચર્ચાની અંદર શ્રી પરેશભાઇએ વિધાનભાની અંદર સ્પષ્ટ કર્યું કે, મેં વિધાનસભાગૃહમાં કમિટમેન્ટ આપ્યું છે એટલે સત્ય સામે છે તેનો સ્વીકાર કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ મને થોડોક સમય આપો. મારી બેક ઓફિસો આના માટે કામ કરી રહી છે. ત્યારબાદ ફરીથી સરકારે પૂરી ઉદારતાથી તા.૩-૩-૨૦૨૦ના રોજ આ ચર્ચા જયારે આ સન્માનનીય ગૃહમાં ઉભી થઇ ત્યારે માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહે કહ્યું કે, તેમણે કોઇ પ્રોસિજરને ચેલેન્જ કરી નથી. પ્રોસિજરને ચેલેન્જ કરી હોત તો સરકાર તરફથી સ્પષ્ટતા કરી શકાત. એમણે વિધાનસભામાં આના સંદર્ભમાં પોતે પેપર્સ ઉપલબ્ધ કરાવવા જોઇએ તે પેપર્સ ઉપલબ્ધ ન કરાવ્યા અને ફરી કરેકશન કર્યું. તેમણે કરેકશન એવું કર્યું કે, મેં જે રૂપિયા ૧૬૨ કરોડ કહ્યા હતા તેના બદલે ૫૧,૬૧,૮૮,૨૧૭/- રૂપિયા વધારે ચૂકવ્યા છે. હળાહળ અસત્ય વાત વિધાનસભાના ગૃહ પર મૂકી છે અને ત્યાં તેઓ અટકયા નથી. તેમણે ત્યારબાદ ગુજરાતના મિડિયાને પોતે બાઇટ આપીને બ્રિફ કર્યું. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ તારીખ-૩-૩-૨૦૨૦ના રોજ ફરીથી આ પ્રમાણેના તેમણે કોઇ પુરાવા રજૂ ના કર્યા, સત્યથી વેગળી વાત કરી, સરકારને બદનામ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમની વાત મૂકી.

તા. ૦૪થી માર્ચ, ૨૦૨૦
પોઇન્ટ ઓફ ઓર્ડર

માનનીય અધ્યક્ષશ્રી, આખે આખી ચર્ચામાં મારે ડાયરેક્ટર ટેકનિકલ એજ્યુકેશન શિક્ષણ વિભાગ દ્વારા, આઇ.ટી. કમિટિ દ્વારા આખું ટેન્ડર બનાવવામાં આવ્યું છે. તેના સ્પેશિફિકેશન નક્કી કરવામાં આવ્યા છે. તેની અંદર લેનોવા ટેબ્લેટના ટચ સ્ક્રીન ડીસ્પ્લે એસેમ્બલીનો ભાવ છે. આ ટેબ્લેટનો ભાવ નથી. છતાંપણ જે રીતે સરકારને બદનામ કરવા માટેનો પ્રયાસ કર્યો છે. આ લોકશાહીનું મંદિર છે અને તેની અંદર કોઇપણ ધારાસભ્ય, સરકાર, વિપક્ષના નેતા કોઇપણ વાત કરે ત્યારે તેમણે આધાર પૂરાવા ઉપર વાત કરવી જોઇએ. પરંતુ શ્રી પરેશભાઇને કોઇ અલીબાબા ડોટ કોમનું કાગળ પકડાવી ગયું અને તે પકડાવી ગયા પછી તેમણે તેનો અભ્યાસ કરવો જોઇતો હતો કે હું જે કહી રહ્યો છું તે ટેબ્લેટ માટે કહી રહ્યો છું કે ટચ સ્ક્રીનની કોઇ પ્રોડકટ માટે કહી રહ્યો છું. કદાચ પોતે ટેકનિકલ જાણતા ન હોય તો બીજાને કન્સલ્ટ કરીને સભાગૃહમાં અમારી ઉપર આક્ષેપ મૂકવો જોઇએ. આ સરકાર ઇચ્છે છે કે, અમે આવો આક્ષેપ કોઇપણ હિસાબે ચલાવવા માગતા નથી. ગુજરાતની આ સરકાર એક રૂપિયાનો પણ ભ્રષ્ટાચાર કોઇપણ હિસાબે સાંખી લેવા માગતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ફરીથી આ વિષય નીકળ્યો ત્યારે વિપક્ષના ઉપનેતા શ્રી શૈલેષભાઇ પરમારે પણ વાત મૂકી. સરકાર તરફથી અને માનનીય શિક્ષણમંત્રીશ્રી દ્વારા દરખાસ્ત મૂકવામાં આવી કે અમારે આ આક્ષેપ કોઇપણ હિસાબે ચલાવવો નથી. કાં તો એ પુરવાર કરે કાં તો માફી માગે તેવી વાત મૂકી તેને મેં સમર્થન કર્યું. તે દિવસે જ નિર્ણયનો અમારો આગ્રહ હતો પણ જયારે વિપક્ષના નેતા દ્વારા તેમાં કહેવામાં આવ્યું કે તમે આમાં સહેજ ઉદારતા રાખો. એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતે ઉભા થઇ તેમાં સંમતિ આપી. તેઓ સાંજ સુધીમાં તેનો જવાબ આપશે પણ જે રીતે સરકારને બદનામ કરવા માટેનો તેમણે જે પ્રયત્ન કર્યો છે, નાગરિકોના પૈસા વેડફાય નહીં તે અમારી નૈતિક ફરજ છે. આ સરકાર પારદર્શકતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના આધાર ઉપર ચાલતી સરકાર છે. આ સરકાર ભ્રષ્ટાચાર સામેનો એકપણ આક્ષેપ કોઇપણ ન કરી શકે તે પ્રમાણે ચાલીએ છીએ. અમે શ્રી રાજીવ ગાંધી નથી કે તેઓ કહેતા હતા કે અમે રૂપિયો મોકલીએ છીએ અને નીચે પંદર પૈસા જાય છે. અમે કહીએ છીએ અમે રૂપિયો મોકલીએ છીએ અને નીચે સવા રૂપિયાના લોકોના કામ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે સરકારને બદનામ કરવા માટેનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે અને આ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ અને ઉચ્ચ પ્રસ્થાપિત થયેલી પ્રણાલિકાના આધારે આ ગૃહ ચાલે છે. આ નિયમોના નિયમમાં પણ બહુ સ્પષ્ટ લખેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ ૩૪(૭) ઉપર બહુ સ્પષ્ટ લખેલ છે કે, અપમાનજનક અથવા બદનક્ષીભર્યા શબ્દો બોલવા નહીં. માનનીય અધ્યક્ષશ્રી તરફથી જુદા જુદા આપણને જે ચૂકાદાઓ મળ્યા છે એની અંદર પણ બધાનો ઉલ્લેખ કરવા નથી માગતો પણ વર્ષ ૨૦૦૮થી ૨૦૧૧ના પાના ૧૯ના નિર્ણય નં.૧૧ની અંદર પણ સંસદીય પ્રણાલિકાના જતન માટે આ પ્રમાણેનું વર્તન અયોગ્ય છે અને એજ પ્રમાણે વર્ષ ૨૦૦૩થી ૨૦૦૭માં સભ્યશ્રીએ આક્ષેપ કરતી વખતે તેના સમર્થનમાં આધાર પુરાવા રજૂ કરવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે આ પ્રમાણેનો સરકારની સામે આક્ષેપ કરીને, સરકારની સામે ભ્રષ્ટાચારની છબી ઉભી કરવા માટેનો જે વિપક્ષના નેતા દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો છે અને ગમે ત્યારે ગમે તે કોઇ ભળતું કાગળ આપી દે અને આ ગુજરાત વિધાનસભામાં પોતાની અણસમજના કારણે એ રજૂ કરે, એ અખબારોમાં છપાઇ ગુજરાત સરકારની પ્રતિભાને ખંડીત કરવા માટેનો પ્રયાસ કરે અને એ પણ વિપક્ષના નેતા દ્વારા થતું હોય તો માનનીય અધ્યક્ષશ્રી, અમે અમારી મૂકેલી ઠપકાની દરખાસ્તને વળગી રહીએ છીએ અને આપના દ્વારા એવું માર્ગદર્શન આપવામાં આવે કે, ભવિષ્યમાં સત્તાધારી પક્ષ હોય કે વિપક્ષ હોય આધાર પૂરાવા વગરની કોઇપણ બાબત આ સભાગૃહમાં મૂકે નહીં. મિડિયાના માધ્યમથી સરકાર કે આ વિધાનસભાની કાર્યવાહીને પ્રશ્નો થાય એવી ભૂમિકા ન ભજવે. એટલે સરકાર તરીકે અમારો આગ્રહ છે, દૂરાગ્રહ છે અમે આ ભ્રષ્ટાચારવાળી અમારી છબી અને આવા આક્ષેપો કોઇ પણ હિસાબે ચલાવી લેવા માગતા નથી, ત્યારે આના દ્વારા આપ અમારી દરખાસ્ત અંગે નિર્ણય લો એવું મારું કહેવું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે જે ચર્ચા ગૃહમાં થઇ હતી અને સરકાર દ્વારા વિપક્ષના નેતા સામે અવિશ્વાસની દરખાસ્ત પણ લાવવામાં આવી હતી અને વિનંતી કરી હતી કે અવિશ્વાસનો તમે જે ઠરાવ લઇને આવો છો એ કરતા માનનીય અધ્યક્ષશ્રી પોતે જ જો એમની રીતે રુલિંગ આપી દે તો ખૂબ સારું રહેશે. આ જે શ્રી પ્રદિપસિંહભાઇ જે દરખાસ્ત...(અંતરાય)

## પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : દરખાસ્ત ઉભી જ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હા, એટલે દરખાસ્ત ઉભી છે એ દરખાસ્તને લઇને ફરી પાછી એની ચર્ચા કરી છે ત્યારે હું માનું છું કે, વિપક્ષના નેતા પોતે જયારે આજે ગૃહમાં હાજર નથી તો આજે એની ચર્ચા ન થાય તો વધુ સારું.

અધ્યક્ષશ્રી : આમાં ચર્ચા હવે છે જ નહીં. આમાં વાત એટલી જ છે. માનનીય મંત્રીશ્રી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના ઉપનેતાશ્રી સભાગૃહમાં જે વાત કરે છે પણ માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે બહુ સ્પષ્ટ વાત થઇ હતી, એમણે લાગણી વ્યક્ત કરી હતી, મુખ્યમંત્રીશ્રીએ ઉદારતા દાખવી હતી અને આજે સાંજ સુધીમાં એવી સ્પષ્ટ વાત થઇ હતી. એ ઇચ્છત તો પોતે આક્ષેપોના સંદર્ભમાં એ કોઇપણ સ્પષ્ટતા કરી શકયા હોત. તેઓ ગઇ કાલે આખો દિવસ અહીંયા હાજર હતા અને તેઓ વિધાનસભાના આપના કાર્યાલયને પોતાનો હકીકતલક્ષી અહેવાલ મૂકીને સ્પષ્ટતા કરી શકયા હોત. પણ પોતે ખોટા આક્ષેપો કર્યા છે અને એમણે કહ્યું છે કે મારી વાત ખોટી હોય તો હું માફી માગીશ. તો અમે જયારે આટલી વાત કરતા હોઇએ ત્યારે આજની ગેરહાજરી કરતા એમણે ગઇ કાલે જ આ કામ કર્યું હોત તો એ વધારે સારું હતું.

અધ્યક્ષશ્રી : ખૂબ જ ગંભીર વિષય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ–૨૭–૨–૨૦૨૦ના રોજ એમણે કરેલો આક્ષેપ અને તા.૨૮–૨–૨૦૨૦ની મારી સ્પષ્ટતા, બંને દિવસે એમણે સમય માગ્યો, બીજી તારીખે એમણે સમય માગ્યો, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદારતાથી સમય આપ્યો પછી ગઇ કાલે હું ઠપકાની દરખાસ્ત લાવ્યો શ્રી પ્રદિપસિંહજીએ ટેકો આપ્યો એ વખતે પણ માનનીય શૈલેષભાઇની અપિલને કારણે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદારતાથી સમય આપ્યો. એમને ખબર હતી કે આજે દિલ્હી જવાનું છે તો એમણે ગઇ કાલ સાંજ સુધીમાં એમણે એમનો ખુલાસો, સ્પષ્ટતા આપી દેવાની જરૂર હતી અને નથી આપ્યો એ ગૃહને ગેરમાર્ગે દોરવાનો સ્પષ્ટ ઇરાદો છે, સરકારને બદનામ કરવાનો સ્પષ્ટ ઇરાદો છે એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, આજે ફરી વાર અમારે આ ઠપકાની દરખાસ્તનો આગ્રહ રાખવો પડે છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ, આપે કોઇએ કંઇ બોલવાની જરૂર નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બે, ત્રણ દિવસ પૂરતી તક આપવામાં આવી છે હવે કોઇ તક આપવામાં આવે નહિ અને અમારી માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી છે કે આજે આ દરખાસ્ત પસાર જ કરવામાં આવે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇની હવે જરૂર નથી, આપ બેસી જાઓ, પ્લીઝ, કોઇની હાજરીની જરૂર નથી. સભાગૃહની સમક્ષ તમામ ઘટના બનેલી છે, તમામ ઘટના ..(અંતરાય) એમના વતી એમણે માફી માગવાનું કહ્યું હોય તો માફી માગે. શ્રી, શૈલેષભાઇ, માફી માગવાનું આપને એમણે કહ્યું છે? એમના વતી માફી માગવાનું આપને કહ્યું છે?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી,...

અધ્યક્ષશ્રી : કહ્યું છે કે નહિ?

શ્રી શૈલેષ મ. પરમાર : ના એવું નથી કહ્યું.

અધ્યક્ષશ્રી : નથી કહ્યુંને, તો બેસી જાઓ, પ્લીઝ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હજી પણ હું આપને વિનંતી કરું છું કે,..

અધ્યક્ષશ્રી : પ્લીઝ, હવે આમાં કોઇ વિષય ના હોય. આમાં કોઇ વિષય ના હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : પુરાવાના આધારે માનનીય અધ્યક્ષશ્રી જ પોતાનું રૂલીંગ આપે એ વધારે સારું રહેશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપ કહો છો કે પૂરાવા, તો પૂરાવા કોણે આપવાના હતા? પૂરાવા તો તમારે આપવાના હતા, તમને પૂરતો સમય આપવામાં આવ્યો છે, તમે પૂરાવા આપી શક્યા નથી. તમારી દાનત સ્પષ્ટ થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હું હવે સમય... આ વિધાનસભા ગૃહનો સમય ખૂબ અગત્યનો છે એટલે હું સમય બગાડવા માગતો નથી એટલે આપ, પ્લીઝ, બેસી જાઓ. આપને વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે માગણી કરી હતી એટલા માટે કહું છું, ખુલાસો અમારે આપવાનો નહોતો, ખુલાસો કે સ્પષ્ટતા એમણે કરવાની હતી.

અધ્યક્ષશ્રી : માનનીય ઉપનેતાશ્રી, મારે આપની પાસેથી એટલું જાણવું છે કે માનનીય પરેશભાઇએ આપને કોઇ ખુલાસો આપ્યો છે?

શ્રી શૈલેષ મ. પરમાર : ના,

અધ્યક્ષશ્રી : નથી આપ્યો તો આપને એમનાવતી માફી માગવાનું કોઇ સૂચન કર્યું છે?

તા. ૦૪થી માર્ચ, ૨૦૨૦
અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર : ના.

અધ્યક્ષશ્રી : નથી કર્યું. હવે આ બાબતે મારો નિર્ણય જાહેર કરું છું. સૌ પ્રથમ વાત વિધાનસભા એ અતિ પવિત્ર ન્યાયનું મંદિર છે. એમાંય (અંતરાય) આપ શું ઇચ્છો છો? લખીને હું વાંચું? એ આનાથી કડક આવશે, એના કરતા સાંભળી લો અને તમને ના સંભળાતું હોય, ન્યાયી વાત ન સાંભળવાની તૈયારી હોય તો એ ચલાવી શકાય નહિ. આ પ્રશ્ન વિધાનસભા સમક્ષ ઉભો થયો છે, મારી સમક્ષ ઉભો થયો છે, મારી ફરજના ભાગરૂપે મારે મારી ફરજ અદા કરવાની છે. વિપક્ષના નેતાનું જે પદ છે એ ખૂબ જ જવાબદારીભર્યું પદ છે, રાજકારણમાં, રાજકીય જીવનમાં વ્યક્તિએ પ્રમાણિક રહેવું જોઇએ એ એનો ધર્મ છે. વિધાનસભાના ફ્લોર ઉપર કોઇપણ ચૂંટાયેલ માનનીય ધારાસભ્યશ્રી ગૃહને કે લોકોને ગેરમાર્ગે દોરી શકે નહિ. જાહેર જીવનમાં માણસની ભૂલ થાય પરંતુ એણે ખેલદીલીપૂર્વક માફી માગવી જોઇએ. માફી માગવામાં કોઇપણ જાતનું અસમંજસ હોવું જોઇએ નહિ. આ વિધાનસભામાં જે પ્રશ્ન પરત્વે ઘટના ઉભી થઇ એમાં બહુ જ સ્પષ્ટ રીતે સરકાર ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે, આધાર લઇને કરવામાં આવ્યો છે. સામે પક્ષે માનનીય મુખ્યમંત્રીશ્રી, ગૃહના નેતાશ્રીએ એમને જણાવ્યું કે આ વાત સાચી નથી, તો એમણે મારી આ વાત સાચી જ છે એવું વારંવાર દોહરાવ્યું, હજી ગઇકાલ સુધી પણ એ જ વાત દોહરાવી એમણે સહજ રીતે માફી માગી લેવી જોઇતી હતી. કારણ કે એમણે જે પૂરાવો રજૂ કરેલો છે, એવો કોઇ પુરાવો એ આક્ષેપનું સમર્થન કરતો નથી. ઉલ્ટાનું એમણે જે વાત રજૂ કરી એ તદ્દન ખોટી છે, ગેરમાર્ગે દોરનારી છે અને આ સભાને ગેરમાર્ગે દોરી છે. વિધાનસભા, આ પરંપરા, નિયમો અને પ્રણાલિઓના આધાર ઉપર ચાલતી હોય છે. વિપક્ષના નેતા દ્વારા ભળતા કાગળ રજૂ કરીને આ પ્રકારના જે આક્ષેપ કરવામાં આવ્યા અને ત્યારબાદ તેઓશ્રીએ ગૃહ સમક્ષ કહ્યું કે આ અંગે હું પૂર્તતા કરીશ, પરંતુ આજ દિન સુધી એવી કોઇ પૂર્તતા મોકલાવી નથી, હજી ગઇકાલે જ મેં આ સભાગૃહ સમક્ષ વિનંતી કરી હતી કે તમારે હજી કંઇ કહેવું હોય તો મને લેખિતમાં જાણ કરશો તો હું ધ્યાનમાં લઇશ, પણ એમના તરફથી એવી કોઇ જાણકારી આપવામાં આવી નથી. એમણે જે કાગળો આપ્યા છે એ કાગળો મેં જોયા છે એમાં પણ કોઇ જગ્યાએ એમણે જે કહ્યું કે ટેબ્લેટ ૧૪૦૦ રૂપિયા કે જે રકમમાં મળે છે એવું મળતું હોય તો એવો કોઇ આધાર નથી, એમણે કોઇ પૂર્તતા કરી નથી, માફી માગી નથી. મારી પાસે બીજો કોઇ વિકલ્પ નથી. તેમને ઠપકો આપવા અંગેની જે દરખાસ્ત સરકાર તરફથી આવી છે અને વિપક્ષના ઉપનેતાશ્રી માનનીય શૈલેષભાઇએ કાલે વિનંતી કરી. આપણે ખૂબ જ વિશાળ હૃદયથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ એક તક આપવાનો પ્રયાસ કર્યો તેમ છતાંય એ આ વાતની ગંભીરતાને બાજુએ મૂકી અને તેમને જ્યાં કામ હોય ત્યાં ગયા છે. આ અંગે કોઇ સ્પષ્ટતા પણ થતી નથી, તેમણે કરી નથી. આ લોકશાહીના મંદિરની અંદર આ શું ચાલી રહ્યું છે તે ગુજરાત જોઇ રહ્યું છે. આ સંજોગોમાં ગૃહના તમામ સભ્યોએ ગંભીરતા વગર, કોઇપણ આધાર પૂરાવાને સમજ્યા વગર કોઇ આક્ષેપ કોઇની પણ સામે કરવો જોઇએ નહીં. વિપક્ષના માનનીય નેતાશ્રીએ જે રીતે અયોગ્ય, અસત્ય આક્ષેપો કર્યા છે અને સરકારે ભ્રષ્ટાચાર કર્યો છે એવો બદનક્ષીયુકત આક્ષેપ કર્યો છે અને તેવો પ્રયાસ પણ તેમણે પાછો દોહરાવ્યો છે, હું આ વાતને ખૂબ ગંભીરતાથી લઉં છું. આ પ્રકારના અસત્યનો આધાર સરકારને બદનામ કરવા માટે થયો છે, મીડિયામાં પણ થયો છે તે અયોગ્ય છે. હું ફરી વખત આવું કોઇપણ સભ્ય પણ ના કરી શકે અને તેમને પણ આવું ક્યારેય નહીં કરવા માટે સૂચવું છું. સરકારની ઠપકાની દરખાસ્ત સાથે હું સંમત થાઉં છું અને આ ઠપકો રાજકારણની અંદર એક નવી દિશા તમામને માટે પૂરી પાડશે એવું હું માનું છું અને છેલ્લે એક વાત કહેવાનું મને મન થાય છે કે સૂરા બોલ્યા નવ ફરે આ આપણી ગુજરાતની જાણીતી ઉકિત છે અને એક વખત બોલ્યા હોય કે હું માફી માગું તો માફી માગતા અચકાવવું જોઇએ નહીં.

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો છઠ્ઠો અહેવાલ

શ્રી શ્રી રાઘવજીભાઈ પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો છઠ્ઠો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત

શ્રી શ્રી રાઘવજીભાઇ પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ ખૂબ સારી રીતે જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઇ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો સેવાની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાંખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાઓની ઝીણી વહીવટી વિગતો તથા સ્થાનિય પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા વખતે નહીં પરંતુ અનુદાનોની માગણીઓ ઉપરની ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ વાતનું ધ્યાન રાખશો તો પુનરોકિત થશે નહીં અને ચર્ચામાં ઉપયોગી થશે.

## ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી જે આઠમી વખત રાજયનું વર્ષ ૨૦૨૦–૨૧નું જે અંદાજપત્ર રજૂ કર્યું છે તે બદલ નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું અને એવી શુભેચ્છાઓ પાઠવું છું કે સમય અને પરિસ્થિતિ જો સારી રહી અને આપ નવમી વખત પણ બજેટ રજૂ કરો એવી મારી શુભેચ્છાઓ.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે રાજયના નાણામંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું, વર્ષ ૨૦૨૦–૨૧ના અંદાજપત્રમાં રૂપિયા ૨ કરોડ ૧૭ લાખની રકમ આ અંદાજપત્રમાં ફાળવવામાં આવી છે. તેની સામે રૂ.૨,૮૮,૯૧૦ કરોડ એ રાજય સરકારનું દેવું છે. આ તમામ રકમ ચૂકવવામાં આવે તો પણ માનનીય અધ્યક્ષશ્રી, ૭૧,૬૨૩ કરોડ રૂપિયાનું દેવું એ સરકારના માથે રહે. આજે પરિસ્થિતિ એવી થઇ છે કે ૨૫–૨૫ વર્ષના શાસન પછી રાજય સરકારના વહીવટના કારણે જન્મતા બાળકના માથે આજે રૂપિયા ૪૮ હજાર કરતાં વધારે દેવું લઇને બાળક જન્મે છે. આમ તો નોર્મલી શ્રી નીતિનભાઇ બહુ શાયરી કે કવિતાઓ બોલતા નથી. પરંતુ અંદાજપત્ર રજૂ કરતી વખતે એમણે કવિતા ખૂબ સારી રીતે વાંચી કે–

**કામ કરતા આવ્યા છીએ અને કામ કરતા રહીશું,**
**ગુજરાતનું દેવું વધારતા આવ્યા છીએ, દેવું વધારતા રહીશું.**

માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કહું છું કે રાજયના ગૃહ મંત્રીશ્રીએ એમના એક પ્રવચનમાં ખૂબ સરસ વાત કરી હતી. વર્ષ ૧૯૯૫માં ભાજપ, વર્ષ ૧૯૯૮માં ભાજપ, વર્ષ ૨૦૦૦માં ભાજપ, વર્ષ ૨૦૦૭માં ભાજપ, વર્ષ ૨૦૧૭માં ભાજપ. સરકાર તમારી બની, સ્વીકારીએ છીએ કે તમારી બની પ્રજાએ મત આપ્યા અને ગુજરાતની જનતાએ તમને સરકારના સિંહાસન પર બેસાડયા. આ સરકારનું એ ધ્યાન દોરવા માગું છું કે વર્ષ ૧૯૯૫ની અંદર દેવું એ ૧૨,૯૯૯ કરોડ રૂપિયા હતું, રિર્ઝવ બેન્કના આંકડા મુજબ. આજે પરિસ્થિતિ શું છે. વર્ષ ૧૯૯૮માં દેવું ૨૦ હજાર કરોડ રૂપિયા કરતાં પણ વધારે થયું, વર્ષ ૨૦૦૦માં રૂપિયા ૪૭ હજાર કરોડ કરતાં વધારે થયું, વર્ષ ૨૦૦૭માં રૂપિયા ૯૦ હજાર કરોડ કરતાં પણ વધારે દેવું થયું, વર્ષ ૨૦૧૨માં ૧.૫૧ લાખ કરોડ કરતાં પણ વધારે થયું, વર્ષ ૨૦૧૭માં રૂપિયા ૨.૪૩ લાખ કરોડ કરતાં પણ વધારે થયું. આજે વર્ષ ૨૦૧૯માં ૨.૮૮ લાખ કરોડ રૂપિયા કરતાં પણ વધારે દેવું છે. એટલે વર્ષ ૧૯૯૫થી ૨૦૧૯ સુધી ૨૫ વર્ષના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં વર્ષ ૧૯૯૫માં કોંગ્રેસની સરકાર ગયા પછી દેવું જે ફકત ૧૨,૯૯૯ કરોડ રૂપિયા હતું, એ અત્યારે ૨,૭૫, ૯૧૧ કરોડ રૂપિયા દેવું આ રાજય સરકારે ગુજરાતના માથે ઠોકયું છે. રાજય સરકારનું બજેટ રજૂ કર્યા પછી વિકાસલક્ષી અને બિન વિકાસલક્ષી બન્ને પ્રકારના ખર્ચમાં રકમ વપરાતી હોય છે. વર્ષ ૨૦૧૬–૧૭માં જે ૪૫, ૯૧૭ કરોડ રૂપિયા જેટલો બિન વિકાસલક્ષી ખર્ચ કર્યો હતો એની સામે વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં ૮૦,૪૦૧.૪૫ કરોડ રૂપિયાનો અંદાજે ખર્ચ થવાનો છે. એનો મતલબ કે બિન વિકાસલક્ષી ખર્ચાની અંદર વર્ષ ૨૦૧૬–૧૭ના પ્રમાણમાં રૂપિયા ૩૪,૪૨૩ કરોડ કરતાં પણ વધારાનો ખર્ચ આ રાજય સરકાર કરવા જઇ રહી છે. વિકાસલક્ષી ખર્ચથી રાજયનો વિકાસ થતો હોય છે અને એ વિકાસલક્ષી ખર્ચના માધ્યમથી વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ના પ્રમાણમાં વર્ષ ૨૦૧૯માં ૩૫,૨૦૦ કરોડ રૂપિયા જ અંદાજે તમે વિકાસલક્ષી ખર્ચ કરવા જઇ રહ્યા છો. આનો મતલબ એવો થાય કે રાજયમાં વિકાસલક્ષી ખર્ચ તથા બિન વિકાસલક્ષી ખર્ચ બન્નેનું પ્રમાણ આજની તારીખમાં એક સમાન લાગે છે. જયારે વિકાસલક્ષી ખર્ચ એ વધુ હોવો જોઇએ અને બિન વિકાસલક્ષી ખર્ચ ઓછો હોવો જોઇએ. પરંતુ આ રાજય સરકાર વાયબ્રન્ટ ગુજરાત હોય, અનેક મહોત્સવો હોય, વિદેશથી આવતા મહેમાનો માટે લાલ જાજમો પાથરતા હોય એની પાછળ જે ખર્ચ થાય છે એ બિન–વિકાસલક્ષી ખર્ચમાંથી ખર્ચો થઇ રહ્યો છે.

સરકાર ચૂંટણી વખતે નવા નવા સૂત્રો લઇને આવે છે. શ્રી નીતિનભાઇના સૂત્રો મને ખૂબ ગમે. ગતિશીલ ગુજરાત, વિકાસશીલ ગુજરાત, હમણાં છેલ્લે સૂત્ર આવ્યું અડીખમ ગુજરાત. આજે જે રીતે દેવું વધ્યું છે ત્યારે ગુજરાતની જનતા એમ કહી રહી છે કે મારું ખાલીખમ ગુજરાત. માનનીય અધ્યક્ષશ્રી, રાજયનું જાહેર ખર્ચ અને વિકાસલક્ષી પ્રવૃતિના સ્ત્રોત મુજબના આયોજન હેઠળ જે રકમ ફાળવવામાં આવે છે તે સામાજિક, શૈક્ષણિક કે નાણાકીય ક્ષેત્રમાં રાજય સરકાર તેના આયોજનને અગ્રતા આપતી હોય છે. એ અગ્રતાના અનુસંધાનમાં વર્ષ ૨૦૧૨–૧૩નો વાર્ષિક વૃદ્ધિ દર ૧૩.૨૩ ટકા હતો અને આજે વર્ષ ૨૦૧૯–૨૦માં એ વાર્ષિક વૃદ્ધિ દર ૧૧.૨૬ ટકા થયો છે. તેનો મતલબ એ થયો કે વર્ષ ૨૦૧૨–૧૩નો જે વાર્ષિક વૃદ્ધિ દર હતો તેમાં વર્ષ ૨૦૧૯–૨૦માં ઘટાડો થયો છે. દરેક રાજયોના બજેટ સત્રમાં બજેટ આવ્યા પછી તેનું મૂલ્યાંકન થતું હોય છે. ઘરગથ્થુ, કૃષિ અને અલગ અલગ જૂથોમાં મૂલ્યાંકન થતું હોય છે. તે જોઇએ તો ઔદ્યોગિક જૂથમાં ઘરગથ્થુ ઉત્પાદન જે થયું છે એ ઘટકના માધ્યમથી એ જોઇએ તો વર્ષ ૨૦૧૧–૧૨માં ૨૨.૮૦ હતું તે વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૯.૧૦ થયું છે. એટલે તેમાં ૩.૭૦ ટકાનો ઘટાડો થયો છે. એટલે એ રીતે ઉદ્યોગોમાં ઘટાડો થયો છે. સરકાર ખેડૂતોની વાત કરે છે, એક બાજુ સરકાર એમ કહે છે કે અમારા આવ્યા પછી મબલખ પાક થાય છે અને ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. તો હું કૃષિ જૂથની વાત કરું તો વર્ષ ૨૦૧૧–૧૨માં કૃષિ જૂથનો વાર્ષિક વૃદ્ધિ દર ૧૭.૮૦ ટકા હતો જે વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૧.૪૦ ટકા થયો છે. એટલે એ રીતે જોઇએ તો ૬.૪૦ ટકાનો કૃષિ ઉત્પાદનમાં પણ ઘટાડો થયો છે. આ એટલા માટે થયો છે કે આપ ભલે કહેતા હો કે રાજય સરકાર ખેડૂતો માટે કામ કરે છે અને ખેડૂતોના તમામ પ્રશ્નો સોલ્વ કર્યા છે. જો એમ થયું હોત તો વર્ષ ૨૦૧૧–૧૨ના વૃદ્ધિ દરમાં આ ૬.૪૦ ટકાનો ઘટાડો ન થયો હોત. તેના અનુસંધાનમાં રાજયના મુખ્યમંત્રીશ્રીએ ખૂબ સરસ વાત કરી હતી કે સીને મેં આગ જલની ચાહીએ, હું આ આગના અનુસંધાનમાં ચોક્કસ કહીશ કે આજે દેવાદાર ગુજરાતની આગ

છે, બેરોજગાર યુવાનોની બેકારીની આગ છે, પાયમાલ ખેડૂતોના દેવાની આગ છે. મોંઘવારીમાં પીસાતી મહિલાઓની આગ છે. કલાસરૂમ વગરના વિદ્યાર્થીઓની આગ છે, ડોકટર વગરની હોસ્પિટલની આગ છે. મગફળીના કૌભાડો છડેચોક થયા તેની આગ છે અને કુ–પોષણથી પીડાતા બાળકોની આગ છે. રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારની જે યોજનાઓ ચાલે છે એમાં ૧૨મી પંચવર્ષિય યોજનામાંથી રાજય સરકારને તેની જે ગ્રાન્ટ મળતી હોય અલગ અલગ હેડ હેઠળ અલગ અલગ વિભાગવાર ગ્રાન્ટ આવતી હોય છે. તેના અનુસંધાનમાં વર્ષ ૨૦૧૨–૧૩, વર્ષ ૨૦૧૩–૧૪ અને વર્ષ ૨૦૧૪–૧૫માં જે ગ્રાન્ટ મળી એ ગ્રાન્ટની જે જોગવાઇ છે તે રૂપિયા ૧૮૧ લાખ ૫૦ હજાર લાખની જોગવાઇ છે અને તેની સામે રાજય સરકારે ૩ વર્ષમાં ૧૯૯૯ લાખ રૂપિયાની ગ્રાન્ટ આજની તારીખ સુધી વણવપરાયેલી પડી રહી છે. ખાસકરીને રાજય સરકાર ચિંતા ગામડાંની કરે છે. પહેલાં ગોકુળીયું ગામ આવ્યું, હવે નવું ગામ આવે છે. રાજય સરકાર સિંચાઇ અને પૂર નિયંત્રણની ચિંતા કરે છે. રાજય સરકાર કૃષિ અને સંલગ્ન સેવાની ચિંતા કરે છે. આ સરકાર કેટલી ચિંતા કરે છે તે હું ધ્યાન દોરવા માગું છું. કેન્દ્ર સરકાર દ્વારા ૧૨મી પંચવર્ષિય યોજના અંતર્ગત રાજય સરકારને જે ગ્રાન્ટ આપવામાં આવે છે તે વર્ષ ૨૦૧૨–૧૩માં જે ગ્રાન્ટ આપવામાં આવી હતી ૨૬૫૦ લાખ રૂપિયા જેટલી વણવપરાયેલી પડી રહી છે. એ જ રીતે સિંચાઇ અને પૂર નિયંત્રણમાં જે જોગવાઇ કરવામાં આવી હતી તેની સામે ખર્ચ કર્યો છે તે ખર્ચની સામે ૧૧૧૧ લાખ રૂપિયાની ગ્રાન્ટ વણવપરાયેલી પડી રહી છે. રાજય સરકારે કૃષિની ચિંતા કરી છે એ કૃષિના અનુસંધાને છેલ્લા ૩ વર્ષમાં જે ગ્રાન્ટ આપવામાં આવી છે એના અનુસંધાને રાજય સરકારે ખર્ચ કર્યો એમાં વણવપરાયેલી રકમ ૧,૨૨,૫૯૪ લાખ રૂપિયાની રકમ આ ૧૨મી પંચવર્ષીય યોજનાના અનુસંધાનમાં કૃષિ વિભાગમાં પડી રહી છે. સરકાર એક બાજુ બજેટ લઇને આવે છે અને એના માધ્યમથી એમાં રકમનો વધારો કરે છે પણ એ રકમોના વધારાની સામે કેન્દ્ર સરકારની જે ગ્રાન્ટ આવે છે એનો પૂરેપૂરો ઉપયોગ આ રાજય સરકાર કરી શકતી નથી.

ઉર્જા વિભાગની વાત કરું, ૧૨મી પંચવર્ષીય યોજનાના અનુસંધાને કહેવાય ૫,૩૫,૦૪૬ લાખ રૂપિયા જેટલી વધારાની રકમ જોગવાઇ કરતાં પણ વધારે રકમ ઉર્જા વિભાગે વાપરી છે. ઉદ્યોગ વિભાગમાં છેલ્લા ત્રણ વર્ષમાં વધારાની રકમ રૂપિયા ૨,૯૮,૬૨૫ લાખ કરતાં પણ વધારે રકમની જોગવાઇ કરી હતી એના કરતાં પણ વધારે રકમ આ રાજય સરકારે એમાં વાપરી છે. જો આ રાજય સરકાર ખેડૂતોની ચિંતા કરતી હોત, સિંચાઇની ચિંતા કરતી હોત, ગ્રામ્ય વિકાસની ચિંતા કરતી હોત તો એમાં રકમ વણવપરાયેલી ન પડી રહી હોત. આ રાજય સરકારે ઉદ્યોગોની ચિંતા કરી છે, ઉદ્યોગપતિઓની ચિંતા કરી છે એ કારણોસર આ ગ્રાન્ટ પડી રહી છે. માનનીય ઉર્જા મંત્રીશ્રી બેઠા છે. રાજયના વીજ એકમો હોય કે એની સાથે અન્ય શ્રોતના વીજ એકમો હોય, એકબાજુ એની મેગાવોટ અને એની ક્ષમતા વધે એની સામે મિલિયન યુનિટમાં પણ વધારો થતો હોય છે. આ રાજયની અંદર ઘરગથ્થુ ઔદ્યોગિક અને ખેતીના વપરાશમાં કેટલો વીજળીનો વપરાશ થાય છે? તો વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૩૮૮૩ મિલિયન યુનિટ વીજળી ઘરગથ્થુ માટે વપરાઇ હતી એની સામે વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૪૭૧૪ મિલિયન યુનિટ વપરાય એટલે કે વર્ષ ૨૦૧૬–૧૭ના પ્રમાણમાં ૮૩૧ મિલિયન યુનિટ વીજળી વધારે વપરાય છે. એની સામે ઔદ્યોગિકમાં જે વર્ષ ૨૦૧૬–૧૭નો રેશિયો મિલિયન યુનિટનો હતો અને વર્ષ ૨૦૧૭–૧૮નો છે એમાં ૫૯૦૯ મિલિયન યુનિટ વધારે ઔદ્યોગિક એકમો પાછળ વપરાય છે. સરકાર ખેતીની ચિંતા કરે છે, સરકાર એમ કહે છે કે અમે આવનારા દિવસોની અંદર ખેતી માટે વીજળી આપીશું. આ સરકારી આંકડાના આધારે વર્ષ ૨૦૧૬–૧૭માં મિલિયન યુનિટ વીજળી પેદા થઇ એમાંથી વીજ વપરાશમાં ૧૭૫૨૭ મિલિયન યુનિટ વીજળી વર્ષ ૨૦૧૬–૧૭માં ખેતીના કામમાં વપરાઇ હતી અને એની સામે વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૮૩૩૮ મિલિયન યુનિટ વીજળી એ ખેડૂતોના વપરાશમાં વપરાઇ. એનો મતલબ એ થયો કે એક વર્ષના સમયગાળામાં ફક્ત ૮૧૧ મિલિયન યુનિટ વીજળી ખેતીના કામમાં વપરાઇ છે. રાજય સરકારના મિલિયન યુનિટની સામે જે વર્ષ ૨૦૧૬–૧૭માં તમામ વીજ ઉત્પાદનો દ્વારા જે વીજળી પેદા કરવામાં આવી હતી એ ૧,૦૪,૨૮૪ મિલિયન યુનિટ હતી. એની સામે વર્ષ ૨૦૧૭–૧૮માં ૧,૧૦,૫૪૩ મિલિયન યુનિટ વીજળી આ રાજયના વીજ એકમોએ વીજ પેદા કરી. એનો મતલબ એવો થયો કે વર્ષ ૨૦૧૬–૧૭ના વર્ષ પ્રમાણે વર્ષ ૨૦૧૭–૧૮માં ૬,૨૫૯ મિલિયન યુનિટનો વધારો થયો અને આ ૬,૨૫૯ મિલિયન યુનિટ સામે ફક્ત ૮૧૧ મિલિયન યુનિટ જ ખેતી માટે ઉપયોગ થયો છે.

રાજય સરકાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું બજેટ લઇને આવી છે એમાં ૧ થી ૫ ના ધોરણના વિદ્યાર્થીઓની સ્કોલશીપ વર્ષ ૨૦૧૫ પછી બંધ હતી એ આ રાજય સરકારે ગ્રાન્ટ આપીને ચાલુ કરી છે એ માટે આપને અભિનંદન આપું છું. જે અનુદાનીત છાત્રાલયો છે જે આશ્રમશાળાઓ છે કે જેમાં છાત્રા દીઠ ૧૫૦ રૂપિયા નિભાવ ગ્રાન્ટ આપવામાં આવતી એ ગ્રાન્ટમાં રાજય સરકારે વધારો કરીને ૨૧૬૦ રૂપિયા કર્યા છે. હું આખે આખું બજેટ વાંચી ગયો છું મને એમાં એમ લાગે છે કે એ ફકત એસ.ટી. બાળકો માટે એના છાત્રાલયો માટે જ વધારો થયો છે ત્યારે એસ.સી. અને ઓ.બી.સી. છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં રહીને ભણે છે. મારી આપને વિનંતી છે કે તમામનું ધોરણ સરખું રહે અને એ લોકોને પણ ૨૧૬૦ રૂપિયાની નિભાવ ગ્રાન્ટ મળે એ વાત કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, आज 4 मार्च राष्ट्रीय सुरक्षा दिवस के अवसर पर मैं हर वीर जवान, पुलिस, देश के सुरक्षा में जुडे सभी कर्मवीरों को सेल्युट करता हूं । सन 2020-21 का यह बजट गुजरात के सभी विस्तार को छुता हुआ, गुजरात के सभी वर्गो को स्पर्श करता हुआ,

गुजरात की सभी जनता का आर्थिक विकास करता हुआ, और गुजरात के सभी गरीब, जिसका सरकार के सभी संशांधन पर पहला अधिकार है वह गरीब व्यक्ति को प्रिय है, यह बजट पेश करने के लिए वित्त मंत्री आदरणीय नीतिनभाई को बहुत बहुत बधाई देता हूं । हमारी सरकार का यह संस्थान चार स्तंभ पर खडा हुआ हैं । मै आज बात करना चाहूगॉं, प्रगतिशीलता की, विकास की, सबका साथ और सबका विकास, और सबका विश्वास, किसानों के विकास के लिए, किसानों की आमदनी दोगुनी हुई, उसके लिए हमने बडे कदम उठाए । यह सब गुजरात के गॉव का विकास दिखाई देता हैं । उदयोगों के विकास के लिए वायब्रंट गुजरात, मेक इन इंडिया, योजना के तहत उत्पादन बढाने के लिये जो प्रयास हुआ हैं इसके लिए हमने कड़े से कड़े कदम उठाए, इसके लिए अनेक फैसले लिए । जिस कारण आज रोजगारी क्षेत्र के अंदर गुजरात भारतभर में प्रथम नंबर पर हैं । सभी क्षेत्रों में आधुनिक टेक्नालाजी साधनों का उपयोग करके इसके लिए हमने ऑन लाईन सर्विस, करप्शन के सामने ए. सी. बी. के पूर्णरुप से कार्यरत इसमें भी हमने अनेक फैसले लिए जिसकी वजह से आज भ्रष्टाचार के खिलाफ यह सरकार लडती हुई दिखाई देती हैं । पूरे गुजरात में 7 करोड की जनता के संर्वागीण विकास के लिये पूरे गुजरात की सारी दिशाओं की संर्वागीण विकास के लिए हम प्रतिबध्द हैं । इसीलिए हमने सबका साथ, सबका विश्वास का नारा दिया है । सर, सिर्फ यह नारा नहीं हैं, यह हमारा सुशासन के प्रति कर्तव्य हैं यह सिर्फ हमारी राजनीति नहीं हैं, यह हमारे सुशासन के प्रति राष्ट्रनीति हैं और इसीलिये यह संभव हुआ हैं कि हमने राज्य में सुव्यवस्थित कानुन व्यवस्था बनाए रखी हैं । हमने मजबुत कानून व्यवस्था बनाए रखने के लिये हमारी प्रबल राजनैतिक इच्छा शक्ति के प्रति हमारी कटिबध्दता हैं । सर, हमारी 512 किलोमीटर की सीमाएँ पाकिस्तान से जुडी हुई हैं 1600 से ज्यादा किलोमीटर की सीमा महासागर के साथ जुडी हुई हैं इसलिए कानुन और व्यवस्था कायम करने के लिए हम संवेदनशील हैं । हमने फोरेन्सिक सायंस युनिवर्सिटी के लिए इस साल 80 करोड़ से ज्यादा रकम के लिए आयोजन किया हैं । हमने आंतकवाद के खिलाफ गुजकोटोक कानुन हमने बनाया हैं, रक्षा शक्ति युनिवर्सिटी हमने बनाया है, साइबर क्राइम इनवेस्टीगेशन उपलब्ध कराया हैं, होम गार्ड के जवानों में इस साल हमने 4528 की संख्या बढाई हैं, महिला सुरक्षा के लिए हमने सेफ सिटी प्रोजेक्ट के लिये, रुपए 66 करोड़ की लागत का आयोजन किया हैं । हमने विश्वास प्रोजेक्ट के अन्तर्गत सी. सी. टी. वी. कैमरा लगाने के अन्तर्गत 111 करोड रुपए का आयोजन किया हैं । इसी कारण हमारे गुजरात मे शांति हैं, इसी कारण हमारे गुजरात में सलामती हैं, इसी कारण हमारे गुजरात मे सुरक्षा हैं, इसलिए हमारा गुजरात कफर्यु मुक्त हैं । ये विकास ही विकास इसीलिए संभव है कि गुजरात में लॉ एण्ड आर्डर हमने मजबुताई से, पूरी ताकत से, इस क्षेत्र मे हमारी सरकार ने पूरा कन्ट्रोल किया हुआ हैं । इसके लिए हमारे गृहमंत्री श्री प्रदीपसिंहजी को बहुत बहुत बधाई देना चाहता हूं । लेकिन अध्यक्षजी, मैं आपके सामने दो घटनाएँ का जिक्र करना चाहूगां जो कानून और व्यवस्था से जुडी हुई हैं । सर, कई लोगों को विकास की राजनीति पंसद हैं, कई लोगों को विनाश की राजनीति पसंद हैं । मैं बात करना चाहूगां 14 दिसम्बर दिल्ली के रामलीला मैदान में आका नंबर एक इनके साथ जुडे आका नंबर 2, इनके साथ जुडे आका नंबर 3 वो तीनों एक परिवार के उन्होंने नियोजन किया हैं, सी. ए. ए. के विरुध्द, लघुमति समाज को भडकाने के लिए निवेदन किया कि हमारी जिम्मेदारी बनती है कि हम अपने घर के बाहर निकलें हम इसके लिए खिलाफत ........

(આ તબક્કે કોંગ્રેસપક્ષના માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર ઉભા થતાં)

અધ્યક્ષશ્રી : કોનું નામ આપે છે? છોડો ને? (અંતરાય)

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અંદાજપત્રની ચર્ચા શરૂ થઇ ત્યારે આપે ખૂબ સરસ કહ્યું કે આ રીતની વાત જ તમે મૂકી શકશો. સી.એ.એ.ને અને માનનીય નીતિનભાઇના અંદાજપત્રને શું લેવાદેવા? રાજ્યપાલના સંબોધનના પ્રસ્તાવ ઉપર જે બોલવું હોય તે બોલી શકો છો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. પછી કોઇ નહીં બોલે.

શ્રી શૈલેષ  મ. પરમાર : કોઇ નહીં, હું એ જ કહું છું.

અધ્યક્ષશ્રી : નથી શક્ય અને મારે બધાને ટોકવાનું થશે. (અંતરાય) તમે રાજકીય વાત છોડોને.

શ્રી શૈલેષ  મ. પરમાર : સાહેબ, પછી બધા રાજકીય બોલશે.

શ્રી પૂર્ણેશ મોદી : और इसलिए उन्होंने बताया कि इनके खिलाफ हम आंदोलन करें, आगे और भी बताया अब ऐसा वक्त आया हैं कि हमें आर-पार की लड़ाई लड़नी पडेगी, बड़ी बड़ी कुरबानी देने के लिए हमको तैयार रहना पड़ेगा और आप सब घर से बाहर निकलो, डरो मत आपके साथ कांग्रेस पार्टी खड़ी हैं ।

અધ્યક્ષશ્રી : માનનીય પૂર્ણેશભાઇ, બજેટના વખાણ કરો ને! (અંતરાય)

શ્રી પૂર્ણેશ મોદી : अगर आप चूप रहेगें, आपने आवाज नहीं उठाई तो संविधान नष्ट हो जाएगा, इस तरह की बात होने के बाद सर, गुजरात में अहमदाबाद में 15 तारीख दिसम्बर में कांग्रेस कार्यालय के पास शाहआलम वहाँ सी. ए. ए. के खिलाफ 15 तारीख को एक मीटिंग हुई, उसमें षडयंत्र रचा गया उसमें हमारे गुजरात के लॉ एण्ड आर्डर को खत्म करने की बात की गई, गुजरात को जलाने की बात की गई, (अंतराय) सर, छोडो मैं यह बात कहना चाहता हूं, गुजरात को तहस- नहस करने के लिए, गुजरात के लॉ एण्ड आर्डर को गिराने के लिए बहुत बडा षडयंत्र हुआ हैं । सर, मैं यह बात रिकार्ड के साथ करता हूं । जो घटना घटी हैं उसकी एफ. आई. आर. की कापी मेरे पास हैं और इसके लिए कॉग्रेस के आकाओं ने (अंतराय) मैं दूसरी बात आपके सामने बताना चाहता हूं । सर, इस बात को छोड दो । मोदी एवं ट्रंप के दौरे की बात करना चाहता हूं । सर, हमारे मेहमान जो युनाईटेड स्टेट ऑफ अमेरिका से हैं, वो गुजरात में सीधे अहमदाबाद में आ रहे हैं, गुजरात के मेहमान बन रहे हैं, इतनी बडी हस्ती, पूरे विश्व की नजर गुजरात पर हैं । फीर भी उस समय गुजरात के अंदर, खंभात के अंदर, जो घटना हुई उसके लिए भी हमारे लॉ एण्ड ओर्डर को, खराब करने की कोशिश की गई, गुजरात को बदनाम करने की कोशिश की गई । इसके लिए मै आपका ध्यान आकर्षित करना चाहता हूं । इस सदन का ध्यान आकर्षित करना चाहता हूं कि हमने लॉ एण्ड ओर्डर कायम किए हैं ।

અધ્યક્ષશ્રી : આપ ગૃહ ઉપર નથી બોલી રહ્યા.

श्री पूर्णेश मोदी : सर, इसीलिए मैं बताना चाहता हूं । लॉ एण्ड आर्डर के लिये हमारे गुजरात में आज 50000 ये ज्यादा सुरक्षा कर्मीयों की नियुक्ति की हैं । इसीलिए हमारा जो पुलिस दल हैं, वो पूरे देश में सबसे युवा पुलिस दल हैं । मैं कहना चाहूगां सर, कि हमारी दरियाई सुरक्षा दल, हमारी रक्षा शक्ति, हमारी युनिवर्सिटी, फोरेन्सिक सायंस युनिवर्सिटी और तीन सालों में हमने पुलिस कर्मीयों की जो भरती की हैं, वो पारदर्शक पध्दति से की हुई है । सर, पुलिस स्टेशन में हमने सी. सी. कैमरें, नैत्रम, ऐसी अनेक अनेक सुविधाएँ उपलब्ध कराई हैं । सर, हमने जो भी आसामाजिक प्रवृतियाँ हैं, आतंकवाद की जो प्रवृत्ति हैं उसको नियंत्रित करने के लिए जो कानून गुजटोक का अमल किया हैं । जो कानून हमने यहाँ प्रसार किया हैं, पारित किया हैं उस कानून के अन्तर्गत हमने गुजरात में शांति और लॉ एण्ड आर्डर को बराबर मेइन्टेन करने का काम हमारी सरकार कर रही हैं । मैं अंत में यह ही कहूगाँ कि गुजरात की शांति, सलामती, सुरक्षा के लिए जो कि आज विश्व सलामती दिन हैं तो हम

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

**हमारे मुख्यमंत्री श्री विजयभाई, हमारे उपमुख्यमंत्री श्री नीतिनभाई और हमारा गृहमंत्री श्री प्रदीपसिंहजी झाडेजा को बहुत बहुत बधाई देना चाहता हूं ।**

ડૉ. નીમાબેન ભા. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦-૨૧નું આ બજેટ સર્વ સમાવિષ્ટ બજેટ છે. રૂપિયા ૨,૧૭,૨૮૭ કરોડનું બજેટ લઇને જયારે નાણામંત્રીશ્રીએ આ આઠમું બજેટ અહીંયા રજૂ કર્યું છે માટે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ બજેટ ગુજરાતને ઉત્તમમાંથી સર્વોત્તમ બનાવવાવાળું આયોજન માટેનું આ બજેટ છે. સૌના સાથ, સૌના વિકાસ અને સૌનો વિશ્વાસ એ બેઝને લઇને બનાવવામાં આવેલ આ બજેટની ખાસ ધ્યાન દોરે એવી વાત કરું તો હું સૌ પ્રથમ કચ્છ માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને ખૂબ આભારની લાગણી વ્યકત કરું છું કે કચ્છ માટે સૌથી અગત્યની વસ્તુ હોય તો એ પાણી છે. હમણાં જ દુષ્કાળ ગયો, રૂપિયા ૮૦૦ કરોડ જેવી માતબર રકમ ખર્ચી અને કચ્છને દુષ્કાળમાંથી બચાવ્યું. આ ત્રીજો દુષ્કાળ હતો અને એક પણ પશુધનનું મૃત્યુ ના થાય એવું જબરજસ્ત સંવેદનશીલપૂર્વકનું આયોજન જે રાજય સરકારે કર્યું છે એના માટે હું લાખ લાખ અભિનંદન આપું છું અને ખૂબ જ આભારની લાગણી વ્યકત કરું છું. અનેક આફતો જયારે જયારે કચ્છમાં આવી છે ત્યારે રાજય સરકારે એ આફતોની અંદર ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં ખૂબ સારી રકમ વાપરીને કચ્છના લોકોને બેઠા કર્યા છે અને એનો દાખલો નજર સમક્ષ છે. હું તો હંમેશા કહું છું કે વર્ષોના વર્ષો સુધી, પેઢીઓની પેઢીઓ સુધી રાજય સરકારનો, આ ભા.જ.પની સરકારનો ઉપકાર કયારેય નહીં ભૂલે કારણ કે ડીઝાસ્ટર મેનેજમેંટ કર્યું અને દુષ્કાળની અંદરથી અમને બેઠા કર્યા અને નર્મદાના પીવાના પાણી પાઇપ લાઇન દ્વારા પહોંચાડયા અને આજે છેક લખપત અબડાસા સુધી, હવે પછીનું જે વન મિલિયન એકર ફીટ પાણી છે એને કચ્છના ખૂણે ખૂણે પહોંચાડવા માટેનું ખૂબ જ સરસ આયોજન પ્લાન, એસ્ટીમેટ સાથે તૈયાર કરવામાં આવ્યું છે, કામો ચાલુ છે, પ્રગતિમાં છે, કયારેય પણ પૈસા વગર નર્મદાનું કામ કચ્છમાં અટકયું નથી. હું અહીંયાથી ખાતરી પણ આપી શકું કે રાજય સરકાર ઉપર મને ભરોસો છે કે નર્મદાનું કામ કયારેય કચ્છ માટે પૈસાના અભાવે નહીં અટકે અને એ કામ અત્યારે ચાલુ છે. રૂપિયા ૧૨૦૦ કરોડ જેવી માતબર રકમ અમારા કચ્છ માટે ફાળવી છે એના માટે કચ્છની સમસ્ત પ્રજા વતી હું ખૂબ ખૂબ આભાર માનું છું. અહીંયા અલગ અલગ બજેટ ફાળવવામાં આવ્યું છે. એમાં મહિલા અને બાળ વિકાસ માટે રૂપિયા ૩૧૭૦ કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે. ખૂબ જ સરસ આયોજન કરવામાં આવ્યું છે. અનેક યોજનાઓ મહિલાઓ માટે બનાવવામાં આવી છે. મહિલા સશકિતકરણ, મહિલાઓ પગભર થાય, મહિલાઓ પરના અત્યાચારો દૂર થાય, મહિલા માન અને સન્માનપૂર્વક જીવી શકે અને એમને સલામતી અને સુરક્ષા મળે એના માટે અનેક યોજનાઓ બનાવીને, અનેક કાયદાઓ બનાવીને એ કાયદાઓમાં જરૂર પડે ફેરફારો કરીને પણ મહિલાઓ સુધી આ કાયદાઓ પહોંચે અને એનો લાભ મળે એવી નીચે સુધીની વ્યવસ્થા રાજય સરકારે આની અંદર કરી છે. એમાં એક નવો વિષય આવ્યો હોય તો એ કુપોષણનો છે. એમાં મારે બહુ કલેરીટી કરવી છે કે કુપોષણ એ એક ડીસીઝ છે, એક ડેફીસન્સી છે, એ જીનેટીક પણ હોઇ શકે, માનસિક પણ હોઇ શકે, સગર્ભા અવસ્થામાં એનું જીનેટીક પોષણ ના થયું હોય એ પણ હોઇ શકે, પરંતુ કુપોષણ એ કોઇ ભૂખમરો નથી. ગુજરાતની અંદર ખાવાનું નથી મળતું કે અનાજ નથી એટલે બાળકો કુપોષિત છે એ વિષયની જે ચર્ચા અહીંયા થતી હોય છે. હું કહેવા માગું છું કે ગુજરાત એ તો જલારામ બાપાનું ગુજરાત છે અને અહીંયા જલાબાપાનો ભંડાર છે. અહીંયા કોઇપણ બાળક ભૂખમરાથી મરે કે કુપોષિત હોય, અનાજના અભાવે કુપોષિત હોય એવો વિષય નથી પરંતુ વિષય એ છે કે આ બાળકો જે છે કે જે સગર્ભા સ્ત્રીઓ છે એમને માટે પણ આપણે આહાર નક્કી કરવાનો છે. એમને પણ આપણે શિક્ષિત કરવાની છે, તાલીમબદ્ધ કરવાની છે. એ જ રીતે કિશોરી યોજના કરવામાં આવી છે. આની અંદર હું કહીશ કે કિશોરીઓ માટે જે સ્કીલ ડેવલપમેંટ પ્રોગ્રામ અને કિશોરીઓ માટે જે યોજના બનાવવામાં આવી છે એમાં એને પણ પૂરક પોષણ આપવામાં આવે છે અને એને આયર્નની ગોળીઓ આપવામાં આવે છે. સારા વિટામીન, પ્રોટીન મળી રહે એ જાતનો આહાર આપવામાં આવે છે. એ જ રીતે જે કુપોષણની વાત ખાસ એટલા માટે કરવા માગું છું કે, અહીંયા વિધાનસભામાં એની ખૂબ ચર્ચાઓ થતી હોય છે. આંકડાઓ ઉપર આંકડાઓ વધારતા જતા હોય છે. કુપોષણ એ આજની આહાર પદ્ધતિ અને આહાર વિશેનું આપણું અજ્ઞાન છે. આ વિષય સૌથી મોટો વિષય છે. આ જન જાગૃતિનો વિષય છે. મહિલાઓની તાલીમનો વિષય છે. પૂરતા વિટામીન અને પ્રોટીન મળે એ જાતની વ્યવસ્થાઓ સરકારે કરી છે. સંકલિત બાળ વિકાસ યોજના દ્વારા ૫૩,૦૧૭ જેટલી આંગણવાડીઓ આખા રાજ્યમાં કરવામાં આવી છે. એમાં ૬ મહિનાથી માંડીને ૬ વર્ષના બાળક સુધીનાનું ખૂબ ધ્યાન રાખવામાં આવે છે. એને આહાર આપવામાં આવે છે. આંગણવાડીમાં સવારમાં ગરમ નાસ્તો, એક ટાઇમનું બપોરનું ભોજન અને ટેઇક હોમ રેશનની વ્યવસ્થા કરીને ઓછા વજનવાળા બાળકને પ્રોટીન અને વિટામીનયુક્ત એવો લાડું ઘેર લઇ જવા માટે આપવામાં આવે છે જેથી એ સાંજે ઘેર ખાઇ શકે. આ રીતે પૂરતા આહારનું ધ્યાન કોઇ સરકાર રાખતી હોય તો એ મોટી વાત છે. આવું સરસ આયોજન બાળકો માટે કર્યું હોય, માત્ર બાળક માટે નહીં પણ ટેઇક હોમ રેશનની વ્યવસ્થા ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓન લાઇન કરવામાં આવી છે. જેથી કરીને લાભાર્થી સુધી વ્યવસ્થિત પહોંચી શકે. એમાં અમુલ, સુમૂલ અને બનાસ ડેરીને આ વ્યવસ્થા સોંપવામાં આવી છે. ઓન લાઇન પદ્ધત્તિથી આ વસ્તુ આપવામાં આવે છે. સગર્ભા સ્ત્રી માટે પણ આ રીતે પોષક સુધા નામની યોજના બનાવવામાં આવી છે. એમાં સગર્ભા સ્ત્રી અને ધાત્રી માતાને આંગણવાડીમાં એક ટાઇમનું સંપૂર્ણ ભોજન આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બધી યોજનાઓ કરી છે એનું

મોનિટરીંગ બરાબર થાય એ માટે એક પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ બનાવ્યું છે. એમાં એ લોકોને સ્માર્ટ ફોન આપીને ઓન લાઇન કરેલ છે જેથી ભ્રષ્ટાચાર ન થાય અને લાભાર્થી સુધી વસ્તુ પહોંચે. ટૂંકમાં કહું તો સ્ત્રીઓ સન્માનભેર જીવી શકે અને એની સલામતિ અને સુરક્ષા માટે ૧૮૧ અભયમ દ્વારા ૩૦૦૦થી વધુ મહિલાઓએ આનો લાભ લીધો છે. જ્યારે પણ કોઇ મુશ્કેલીમાં હોય ત્યારે ૧૮૧ પર સંપર્ક કરે તો તાત્કાલિક પોલીસ પહોંચી અને હેલ્પ કરે છે. આવી અનેક યોજનાઓ દ્વારા જ્યારે મહિલાઓને men and women are equal part of life. They are complimentary to each other એવા આશય સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે ત્યારે હું આ બજેટને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૨ લાખ ૧૭ હજાર ૨૭૮ કરોડનું અંદાજપત્ર એક દિશાવિહીન અંદાજપત્ર ગણાય. કારણ કે સરકારનું આયોજન જુદા જુદા ક્ષેત્રોમાં કરેલ ફાળવણી અને અલગ અલગ ક્ષેત્રોમાં જે ફંડની જરૂરિયાત હતી એ બેમાં ઘણો તફાવત બતાવે છે. આ તફાવત જોઇએ તો કૃષિ ક્ષેત્રે કમોસમી વરસાદ, પાક નુકસાન, મોંઘુ બિયારણ આ બધા માટે બજેટમાં રૂપિયા ૭૪૨૩ કરોડની ફાળવણી કરી છે. હકીકતે આ ફાળવણી વધુ કરવાની જરૂર છે. કારણ કે કિસાન, યુવાન, બેરોજગાર આ બધાની અત્યારે જે પરિસ્થિતિ છે એમાં મોંઘવારી અને બેરોજગારની સામે આ બજેટ ખૂબ અપૂરતું છે. ખેડૂતોના લાભ માટેની સરકારે યોજનાઓ કરી છે એમાં તમામ ખેડૂતોને લાભ મળવાની શક્યતા નહીં રહે. ૨૯ હજાર ખેડૂતો છે એ માત્ર વિવિધ ઓજારો તથા ટ્રેક્ટર ખરીદવા માટેના આયોજન માટેના લાભાર્થીઓ તરીકે આવશે. બાકીના ખેડૂતોનું શું થશે એ માનનીય મંત્રીશ્રી જણાવશે. એવી જ રીતે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટેના લાભાર્થીઓની સંખ્યા ૫૦ હજાર કરી છે. હકીકતે ૩ લાખ ખેડૂતો અને અન્ય લોકો છે એટલે તેઓ પણ આ યોજનાથી વંચિત રહી જશે. એ જ રીતે કિસાન પરિવહન યોજનામાં ૫ હજાર ખેડૂતોને લાભાર્થી બતાવવામાં આવશે જે માત્ર સિમિત ખેડૂતો છે. જો આટલા ઓછા ખેડૂતોને જ આનો લાભ મળશે તો બાકીના ખેડૂતોની ચિંતા પણ સરકારે કરવી જોઇએ. બીજી વાત લઘુતમ ટેકાના ભાવે જ્યારે આપણે ખરીદી કરીએ છીએ. ખેડૂતો ખૂબ વિશાળ પ્રમાણની અંદર મગફળી, કપાસ, તુવેર અને અન્ય પાકોનું વાવેતર કરે છે. પંરતુ સરકારે ખેડૂતો પાસેથી ૧૨૫ મણ મગફળીની ખરીદી કરી છે.

**( સભાપતિશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને. )**

માનનીય અધ્યક્ષશ્રી, હકીકતે એવરેજ ખેડૂત છે એમની મગફળી ઓછામાં ઓછી ૭૦૦ થી ૮૦૦ મણ મગફળી ખેડૂતો પકવતા હોય છે આ એવરજની વાત કરું છું. નાના ખેડૂતો હોઇ શકે, મોટા ખેડૂતો પણ હોઇ શકે. જ્યારે ૧૨૫ મણ મગફળી આપણે ટેકાના ભાવે લઇએ છીએ ત્યારે બાકીની જે મગફળી છે એ ખેડૂતોએ બ્લેકની અંદર વેચવી પડે છે જેમનો પૂરો ઉપજ પણ નથી થતો અને એના હિસાબે થઇને લોકોનો ખેતી તરફનો મોહ છે એ પૂર્ણ થતો જાય છે. આજે રાજ્યની અંદર જે ખેત ઉત્પાદન થતું હતું એ વર્ષ ૨૦૧૩-૧૪માં અનાજનું ઉત્પાદન ૧૦,૦૦૭ લાખ ટન હતું જે ઘટીને વર્ષ ૨૦૧૯ માં ૬૬.૯૧ લાખ ટન જેવું થઇ ગયું છે. આ સૂચવે છે કે નવા જનરેશનને ખેતીની અંદર ખેત પેદાશના ભાવ મળતા નથી અને ખેડૂતોને જે મુશ્કેલીઓ પડે છે એના હિસાબે દિવસેને દિવસે ગુજરાતના ખેડૂતોનું ખેત ઉત્પાદન જે ઘટી રહ્યું છે એને વધારવા માટે ખેડૂતોને કોઇ સારી યોજનાઓ આપીને સરકારશ્રીએ પ્રોત્સાહિત કરવા જોઇએ. કારણ કે, આજે આપણું અનાજનું નિકાસકર્તા દેશ તરીકે નામ છે. ભવિષ્યની અંદર જો આ ને આ પરિસ્થિતિ રહી તો આપણે અનાજની આયાત કરવી પડશે અને વિદેશી હૂંડીયામણથી આપણે ક્યાંકને ક્યાંક ખરીદવું પડશે. અત્યારે જે બજારની પરિસ્થિતિ ચાલી રહી છે એમાં એક સમય એવો હતો કે ડુંગળીનો ભાવ ૧૫૦ રૂપિયા મળતો હતો એ આજે ડુંગળીનો ભાવ શું છે? આજે પરિસ્થિતિ એ છે કે શાક-બકાલાની અંદર ખેડૂતોની સૌથી ખરાબ હાલત હોઇ જે લોકો શાક-બકાલું વાવે છે, એક અને દોઢ રૂપિયે કિલો કોબી જે એમનું ઉત્પાદન ૨૦ થી ૨૫ રૂપિયે ઘરની અંદર ઉત્પાદન પડે છે. એમની વ્યવસ્થા જો ખેડૂતોને શાકભાજી વેચવા માટેનું યોગ્ય પ્લેટફોર્મ નહીં મળે તો આવતા દિવસોની અંદર ખેડૂતોની કમર ભાંગી જશે. ખેતીની જે અન્ય વસ્તુઓ છે એ પછી ખાતર હોય, બિયારણ હોય, વીજળી હોય એ દિન-પ્રતિ-દિન મોંઘા થતા જાય છે અને એમનું ઉત્પાદન છે એના પણ પૂરા પૈસા નથી મળતા. સૌથી વિચિત્ર વાત તો એ છે કે જે બજેટ છે એ એના માટે બનાવીએ છીએ કે જેથી એનું ઇમ્પ્લીમેન્ટ થાય અને લોકોને લાભ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. ગઇકાલના મારા ૧૩૬ નંબરના પ્રશ્નની અંદર દેવભૂમિ દ્વારકાની અંદર નવા કામ ૧૦ મંજૂર કર્યા છે, વર્ષ ૨૦૧૮માં એક કામ પ્રગતિમાં છે, નવ કામનું તો ઓપનિંગ જ નથી થયું. વર્ષ ૨૦૧૯ની અંદર પાંચ કામ મંજૂર કર્યા છે એ પાંચમાંથી એકનું પણ ઓપનિંગ નથી થયું. અગિયાર કામ સમારકામ માટે છે એક કામ શરૂ થયું છે દસ કામનું ઓપનિંગ નથી થયું. આનું કારણ શું છે? આ ના થવાના કારણો પણ ઘણા બધા છે. આપણે જ્યારે વર્ષ ૨૦૧૮-૧૯નું બજેટ બહાર પાડ્યું એ બજેટ અને એના આયોજનની અંદર કેટલો તફાવત છે? નાણાંની જોગવાઇઓ કરી હતી પણ કુલ બજેટની જોગવાઇમાંથી ૯,૧૩૬ કરોડ રૂપિયા વણવપરાયેલા રહી ગયા. કામો ના થાય અને પૈસા વણવપરાયેલા રહી જાય તો પરિસ્થિતિ શું થાય? રૂપિયા ૭,૬૫૭ કરોડ નાણાં વિભાગના રહી ગયા. આટલા બધા રૂપિયા રહી જાય. લોકોને ચાલવા માટે રસ્તા ના મળે. ગામડાઓના રસ્તાઓની હાલત તો એટલી બધી ખરાબ છે કે એ રસ્તાઓ ઉપર લોકો ચાલી ના શકે, વાહન ઉપર બેસી ના શકે, મગરની પીઠ જેવા રસ્તાઓ છે. આ મગરની પીઠ જેવા રસ્તાઓ શું છે? એ ગ્રામ્ય પ્રજાની વચ્ચે

જતા હોય, રહેતા હોય એને ખબર પડે. સાઇકલમાં પણ ના નીકળી શકાય એટલા ખરાબ રસ્તા અને વર્ષ ૨૦૧૯ના રસ્તાઓ પણ જો રહી ગયા હોય તો એનાથી વધારે ખરાબ હાલત આપણી ના હોઇ શકે. આપણી પાસે મુદ્દાઓ ઘણા છે. મારી પાસે ફક્ત બે મિનિટ રહી ગઇ છે એટલે મુદ્દાઓને શોર્ટ કરતા હમણાં બેને કુપોષિત બાળકોની વાત કરી. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ વખતે મહિલાઓના બજેટની વાત થઇ ૪૫૬ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. ગયા વખતે આ કુપોષિત બાળકો માટે પૈસા વાપરવાના હતા એ વાપર્યા નહીં, વપરાયા વગરના રહી ગયા એના હિસાબે આજે ગુજરાતની અંદર ૩ લાખ જેટલા બાળકો કુપોષિત બાળકોની યાદીમાં સરકારે જે આંકડા બહાર પાડ્યા છે એ આંકડાઓની અંદર છે. આ પૈસા જે છે એ યોગ્ય જગ્યાએ બજેટ ફળવાય છે, જાહેરાતો થાય છે એ પ્રમાણે પૈસા જો યોગ્ય જગ્યાએ ના વપરાય, સમયમસર પૈસા ના વપરાય તો પરિસ્થિતિ એ થાય કે બજેટની અંદર મેં કીધું એમ વર્ષ ૨૦૧૮–૧૯ની અંદર આટલા બધા રૂપિયા વાપર્યા વગરના રહી ગયા અને લોકોને જે લાભ મળવો જોઇએ એ લાભ પણ ના મળે તો આ પરિસ્થિતિમાંથી નીકળવા માટે એક બાજુ આપણે ગુજરાતના બજેટની વાત કરીએ છીએ.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વડપણ હેઠળની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષ ૨૦૨૦–૨૧માં રૂ.૨,૧૭,૨૮૭ કરોડનું ખેડૂતલક્ષી, ગામડાંમાં રહેવાવાળા ખેત મજૂરલક્ષી બજેટ આપીને ગુજરાતની પ્રજાને ખુશખુશાલ કરી છે તે બદલ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. અમારી સરકાર જગતના તાતની પડખે રહીને કુદરતી આફતો સામે સહાય આપવાનું કામ વાડીથી વેચાણ સુધી દરેક તબકકે કર્યું છે. હમણાં જ અમારા સાથી મિત્ર શ્રી વિક્રમભાઇ એક બાજુ કહેતા હતા કે બજેટ સિમિત છે એકબાજુ કહો છો ખેડૂતોને મદદ કરો અને બીજી બાજુ કાપ દરખાસ્ત લાવવી છે. ગુજરાતના ખેડૂતો ખૂબ ચતુર છે. આપના માટે ગાંધીનગર ઘણું દૂર છે એવું ચોકકસપણે કહી શકાય. ગુજરાતમાં અનેક વખત દુષ્કાળ પડયા છે પરંતુ આઝાદી પછી પ્રથમ વખત જો કોઇ સરકારે અછત યોજનામાં કેશડોલ્સ તરીકે રકમ આપી હોય તો એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે એટલું જ નહીં પરંતુ ચાલુ વર્ષે કમોસમી વરસાદને કારણે પાકને થયેલા નુકસાનને ધ્યાને લઇને અમારી ભા.જ.પ. સરકારે ખેડૂતોના હિતમાં રૂપિયા ૩૭૯૫ કરોડની સહાયનું પેકેજ જાહેર કર્યું છે. રાજય સરકારે બજેટમાં કૃષિ ખેડૂતો માટે રૂ.૭૪૨૩ કરોડની જોગવાઇ કરી છે. અમારી રાજય સરકારે ખેડૂતોને પાક ધિરાણ ઝીરો ટકાએ મળે એ માટેનું આગોતરું આયોજન કરીને બજેટમાં રૂ.૧૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કુદરતી આપત્તિમાં ખેડૂતોના પોતાના માલને નુકસાન ન થાય તે માટે તેના સંગ્રહ માટે ગોડાઉન બનાવવા માટે ચાલુ વર્ષે મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના હેઠળ જો કોઇ ખેડૂત ગોડાઉન બનાવે તો રૂ.૩૦૦૦૦ની સબસિડી આપવાનું આયોજન કર્યું છે અને રાજય સરકારે તેમાં રૂ.૩૦૦ કરોડની જોગવાઇ કરી છે એટલું જ નહીં પરંતુ ખેડૂતો પોતાના માલને ખેતરથી ઘર સુધી અને ઘરથી માર્કેટ સુધી અથવા વેચાણ માટે જયાં સુધી લઇ જવાનું હોય તે માટે કિસાન પરિવહન યોજના હેઠળ માલવાહક વાહનની ખરીદી માટે રૂપિયા ૫૦૦૦૦ થી ૭૦૦૦૦ નું આયોજન કરીને રૂપિયા ૩૦૦૦૦ કરોડની જોગવાઇ રાજય સરકારે કરી છે. અમારી સરકાર હંમેશા ગાયને માતા તરીકે માનતી આવી છે અને જગતમાં ગાયનું પણ ખૂબ મહત્વ છે. સ્વાસ્થ્યની જાળવણી થાય, ખેતરોમાં ફળદ્રુપતા વધે તે માટે ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તેને પ્રોત્સાહન આપવા માટે જે ખેડૂત ગાય રાખે તે ખેડૂતને માસિક ૩૦૦ રૂપિયા અને વાર્ષિક...

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી આઠમી વખત તેઓનું બજેટ રજૂ કર્યું છે. બજેટની પુસ્તિકામાં આછો ચિતાર પણ આપવામાં આવ્યો છે. એ ચિતાર જોતા આ દેશની અને રાજ્યની પ્રજાને સગવડતા આપતા ગૃહિણીને અનુકૂળ થાય તેવું બજેટ મને કયાંય દેખાયું નહિ. કમનસીબે વરસાદના કારણે ખેડૂતોનો પાક બચાવવા રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઇ કરી છે. આજે જ અમારા વિપક્ષના તમામ ધારાસભ્યશ્રીઓ ખેડૂતોને પાક વીમો મળે, એના માટે સરકારના સંચાલનથી નારાજ થઇ અમારે આ ગૃહનો વોકઆઉટ કરવો પડ્યો. આ ખેડૂતો માટેનો પ્રશ્ન છે. ખેડૂતો માટેની જોગવાઇ કરી છે તે અપૂરતી છે. નબળી પડેલી સહકારી મિલો, ખાંડ મિલોના મજબૂતીકરણની વાત કરી છે. અમારા બોડેલી પાસેના લડોત સુગર ફેક્ટરી બંધ થઇ ગઇ છે. ખાનગી કંપનીને આપી દેવામાં આવી છે. જે શેરડી મિલમાં જે ખેડૂતોના પૈસા બાકી છે, તે અંગેની તમારી પાસે રજૂઆત થઇ હશે. ત્યાંના ખેડૂતો મોટા ભાગના પટેલો છે. એમની દશા જે થઇ છે અને તેમને શું વીતી હશે એ તો આપને ખબર હશે. એના માટે જોગવાઇ કરી નથી, એનું મને દુઃખ છે. આદિજાતિ વિસ્તારમાં સિંચાઇની સગવડતા વધારવા માટે ઉકાઇ, કડાણા, ઉમરપાડા, પાનમ, કરજણ જળાશય આ બધી યોજનાઓનો ઉલ્લેખ કર્યો છે. બાકી રહી જતી છોટાઉદેપુર અને દાહોદ એમ બે જિલ્લા માટે જે જીવિત નદીઓ છે, એના ઉપર સરવે કરવાનો જયાં જયાં અનુકૂળ થાય ત્યાં ડેમ બનાવવાની ખાસ જરૂરિયાત છે, એના ઉપર ધ્યાન આપવામાં આવ્યું નથી. આદિવાસી વિસ્તાર ખોળી લો. અમારા ૧૭માંથી તમારી પાસે ૧૦ સભ્યો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણની વાત કરીએ તો આ સરકારે શહેરી વિસ્તારમાં વસતા નાગરિકોની વધારે કાળજી રાખી છે. ગામડામાં વસતા આદિવાસી અને ખેડૂતોની કાળજી ઓછી રખાય છે તેવું હું માનું છું. જિલ્લા કક્ષાની આપણી હોસ્પિટલોમાં સાધનો અને સ્ટાફ પૂરતા પ્રમાણમાં નથી, દવા પણ નથી અને વહીવટી કારણોસર આ આદિવાસી એનો ભોગ બને એ મને વ્યાજબી લાગતું નથી. વનબંધુ કલ્યાણ યોજના

હેઠળ રૂપિયા ૧૪૦૯ કરોડ અંતર્ગત અમારા મંત્રીશ્રી કહે આ યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારની અમે કાયાપલટ કરવાના. આપણે કાયાપલટ કરવી હશે તો સહિયારો પ્રયત્ન કરવો પડે. મારે ટીકા–ટિપ્પણીમાં પડવું નથી. એક સારો વિચાર ઉર્જા મંત્રીશ્રી લઇને આવ્યા છે તે સૌર ઉર્જા. આ સૌર ઉર્જા થકી પાણીના બોર છે એમાંથી પાણી કાઢવા માટે જે યુનિટ મૂકવામાં આવ્યા છે, એની સંખ્યામાં વધારો કરો. ગામડામાં લાઇટો પહોંચતી નથી, વીજળીના દોરડા પહોંચતા નથી. આ સારી સ્કીમ છે. ડુંગરાળ વિસ્તારમાં સૌર ઉર્જા થકી ચાલતા પંપો આદિવાસી વિસ્તારમાં પૂરા પાડીએ, જેથી તેમને ફાયદો થાય. પીવાના પાણીની બાબતમાં રાજ્ય સરકાર ચિંતિત છે. વખતો વખત સાંભળું છું કે અમારે ત્યાં હાફેશ્વર પીવાના પાણીની યોજના થકી દાહોદ સુધી પાણી જાય છે. બીજું પાણી ક્વાંટ, જેતપુર તાલુકાને પાણી મળે છે. ડુંગરાળ વિસ્તારના ૩૫ જેટલા ગામોને પીવાના પાણીની કોઇ સગવડતા નથી. હેન્ડપંપ બનાવવા માટે ગાડીઓ જતી નથી. એવા વિસ્તારોને આપણે નવી યોજના માટે જો ભારત સરકાર પૈસા આપશે તો ઘણું સારું, પણ ગુજરાત સરકાર નવી યોજના માટે સરવે કરાવીને બાકી રહેલ ગામડાને પીવાનું પાણી પૂરું પાડે તેવી મારી માગણી છે. અમારે ત્યાં સતત ભાજપના હોય કે કોંગ્રેસના સભ્ય હોય જેઓ વખતો વખત પ્રજા માટે, આદિવાસી માટે રજૂઆત કરે છે, એના પ્રત્યે પૂરતું ધ્યાન રાખવામાં આવે. પંચાયત, ગ્રામ વિકાસ વિભાગ માટે રૂપિયા ૯૦૫૧ કરોડની જોગવાઇ કરી છે.

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : ગામડામાં ગ્રામ પંચાયતના મકાનો બન્યા છે પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, કવાંટ તાલુકાનું પોતાનું તાલુકા પંચાયતનું મકાન નથી. તાલુકા પંચાયતનું મકાન બનાવવા માટેની જોગવાઇ થઇ હોત તો લેખે લાગતું. છેલ્લે એક વાત કરી લઉં, આદિવાસીઓને રોજગારી આપવા માટે આપણે સુદ્દઢ વ્યવસ્થા કરવી પડે. માનનીય અભેસિંહભાઇની અને મારી માગણી છે કે, અમારા બોડેલીને મધ્યબિંદુ બનાવીને તમે લઢોડની બાજુમાં સરકારી જમીન છે, પૈસા ખર્ચવાનો વારો નહીં આવે, સરકારને જમીન મફત મળશે તેવી જગ્યા છે તેનો સરવે કરીને એક નવી જી.આઇ.ડી.સી. ઉપલબ્ધ થાય તો છોટાઉદેપુર જિલ્લાના માણસોને રોજગારી મળશે. જે સ્કીલ અને અનસ્કીલ્ડ યુવાનો છે તેમને રોજગારી મળશે. તેના માટે આયોજન થાય તેવી અપેક્ષા રાખું છું. અસ્તુ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સંવેદનશીલ સરકારના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ વર્ષ ૨૦૨૦–૨૧નું રૂ.૨,૧૭,૨૮૭/– કરોડનું અભૂતપૂર્વ બજેટ રજૂ કર્યું છે, તેમાં વિવિધ સમાજ, વિવિધ સેકટર અને સામાન્ય પ્રજાના સર્વાંગી વિકાસ માટેની ઝાંખી થાય છે જે સર્વપ્રિય અને સર્વસ્પર્શી છે. આ બજેટમાં કરવામાં આવેલી વ્યવસ્થાઓ ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જશે અને તેનો લાભ સમગ્ર ગુજરાતની છ કરોડ સામાન્ય જનતાને મળશે. ખાસ કરીને બજેટની ચર્ચા અત્યાર સુધી થઇ તેમાં જોવામાં આવ્યું કે, બજેટમાં જે વ્યવસ્થા થાય એટલા પ્રમાણમાં કામ થાય એવું નથી. બજેટમાં આપણી સરકારે જયારે જયારે સમય આવ્યો છે ત્યારે બજેટની ઉપર જઇને પણ કામ કર્યું છે. તે માટે આપણે નાણામંત્રીશ્રી નીતિનભાઇને ગુજરાતનું એટીએમ કહીએ તો ખોટું નથી. રૂપિયા ૩૭૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું અને તેનું પેમેન્ટ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર ખાતામાં સીધા થઇ જાય તે નિર્ણયના એક અઠવાડિયામાં થાય તો આ ગુજરાતન સરકારનું જે કમિટમેન્ટ છે અને શ્રી નીતિનભાઇની જે નાણાકીય વ્યવસ્થા શકિત છે તેને આભારી છે. એટલા માટે ફરીથી સરકારને અભિનંદન આપું છું. ખાસ કરીને સરકારના દેવાં અંગે ઘણી ચર્ચા થઇ. દેવું એને જ મળે છે જે દેવું ભરપાઇ કરી શકે અને દેવાનો સદ્ઉપયોગ કરી શકે. આપણી સરકારે જે દેવું કર્યું છે તે નર્મદા ડેમ, નર્મદાની નહેરો કે પાણી અને ખેડૂતોની વ્યવસ્થા માટે કર્યું છે. રોડ–રસ્તા, રેલવે બ્રિજ છે, નેશનલ હાઇવેના બ્રિજ છે તેના માટે દેવું કર્યું છે. એટલે આ દેવું વિકાસની ઝાંખી કરાવે છે. એટલે આ પૈસાનો સારો ઉપયોગ થયો છે તે માટે સરકારને ખાસ અભિનંદન આપવા ઘટે. સરકારના જે જાહેર સાહસો છે તેના કુશળ સંચાલન દ્વારા આ સરકારે નફામાં પરિવર્તીત કર્યા છે. તે માટે પણ સરકારને અભિનંદન આપવા ઘટે. ખાસ કરીને ઉદ્યોગોને વધુ ફાયદો કરાવ્યો છે અને ઉદ્યોગોને વધુ વીજ આપી છે. બીજી બાજુ ઓછી રોજગારીની વાતો કરીએ છીએ. ગઇકાલની પ્રશ્નોત્તરીમાં વધુ જી.આઇ.ડી.સી.ની માગ હતી. પરંતુ ઉદ્યોગો શરૂ કરવા માટેનું યોગ્ય વાતાવરણ આપણે આપણા વિસ્તારમાં આપી શકીએ તો જ જી.આઇ.ડી.સી. આવી શકે. તેના માટે આપણે દરેક રીતે સહાયભૂત થવું જોઇએ અને તેના માટે સાથ સહકાર આપવો જોઇએ. ખાસ કરીને બજેટ વિકાસ માટેની પારાશીશી છે અને એક અરીસો છે. બજેટમાં બતાવેલ હોય તે જ કામ થાય તેવું નથી. આપણી સરકાર બજેટને મોનિટર કરવા માટે કામ નથી કરતી પરંતુ બજેટ એક વિકાસનો નકશો છે જેમાં આપણે કેટલી સ્કૂલ, કેટલી હોસ્પિટલ, કેટલા રોડ–રસ્તા બનાવવા છે, કૃષિમાં કેટલો વિકાસ કરવો છે તે પ્રમાણે તેની નીતિ ઘડાય છે. આપણે તેના આધારે ખર્ચનું પ્લાનિંગ કરીએ છીએ. આપણે આના માટે જે પણ પ્લાનિંગ થયું છે તેમાં ખાસ કરીને મુખ્યમંત્રી સડક યોજના માટે હું આ સરકારને અભિનંદન આપીશ. જે આપણા પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને શરૂ કરેલી અને ગુજરાતમાં અભૂતપૂર્વ રીતે સ્વીકાર પામેલી આ યોજના છે. અને એમાં જે રીતે આપના મંત્રીશ્રી નીતિનભાઇએ અને સરકારે કામ કર્યું છે અને આ બજેટમાં જે રીતે માર્ગ અને મકાન માટે રૂપિયા ૧૦૨૦૦ કરોડની જે જોગવાઇ કરવામાં આવી છે એના લીધે ગામડામાં ગામ ટુ ગામ, તાલુકા ટુ તાલુકા અને જિલ્લાને જોડતા જે રસ્તાઓનું આયોજન કરવામાં આવ્યું છે એ અભૂતપૂર્વ છે એના લીધે નાના ગામડાની ખેતીની પેદાશો, નાના ગામડામાંથી નોકરીએ જતા કારીગરો એ બધાને અભૂતપૂર્વ રીતે ફાયદો થાય છે અને ખેડૂતોની ખેત પેદાશો માટે પણ એક સારુ બજાર મળી રહે છે અને રોજગારીની તકો પણ

વધે છે. બજેટની સૌથી સુંદર જાહેરાત સાત વર્ષથી વધુ સમયના રીકાર્પેટ ન થયેલ એવા ૧૫૦ તાલુકાના ૨૪૯૯ રસ્તાઓના રીસફેસીંગના કામ માટે રૂપિયા ૩૬૦૦ કરોડની જોગવાઇ એ અત્યંત આવકારદાયક છે. મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તારો, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૧૫૩૪ કિલોમીટરના ૬૩ રસ્તાઓના અનુભાગોને ફોરલેન બનાવવાની કામગીરી રૂપિયા ૨૯૬૫ કરોડના ખર્ચે થયેલ છે આના લીધે ઉદ્યોગ, પ્રવાસ અને ટુરિઝમનો વિકાસ થશે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના વર્ષનું બજેટ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું અને અભિનંદન પણ આપણા પડશે કારણ કે, જોબનંબર બાકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૭-૨૦૧૯ની તાજેતરની ચૂંટણી ગઇ એમાં ગુજરાતના તમામ મતદાર ભાઇ-બહેનોને ભાજપની સરકારે મોટા મોટા વચનો આપ્યા અને વાયદાઓ કર્યા પણ આ બજેટમાં મને કાંઇ દેખાતું નથી. સમગ્ર દેશ અને ગુજરાત આજે મંદી તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ચૂંટણી વખતે આશાનું કિરણ જાગ્યું હતું. ભારતીય જનતા પાર્ટીએ જાહેરાત કરી હતી કે, અમે ગરીબોના હાથ પકડીશું. માનનીય અધ્યક્ષશ્રી, આજે સરકાર ભરતીની મોટી મોટી અને ખોટી જાહેરાતો કરે છે. બિન સચિવાલય ક્લાર્કની ભરતીમાં પરીક્ષા લીધા બાદ એમાં થયેલ ગેરરીતિના કારણે પરીક્ષા રદ કરવી પડી છે. માનનીય અધ્યક્ષશ્રી, લોક રક્ષકદળની ભરતીમાં પણ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રના કારણે અનામત કક્ષામાં આવતી જે બહેનો છે એને રોડ ઉપર ઉતરવું પડ્યું છે. એક બાજુ બેરોજગાર યુવા-યુવતીઓમાં વધારો થઇ રહ્યો છે. યુવાનો રોજગારી માટે સરકારી ભરતીઓની રાહ જુએ છે તો આ જગ્યા ઉપર સરકાર પોતે ભરતી કરવાના બદલે આઉટસોર્સીંગ કરીને સીધી ભરતીઓ કરે છે. આજે આ રાજયની તાલુકા પંચાયતોમાં મારા દાહોદ જિલ્લાની વાત કરું છું ત્યારે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતમાં ૪૫ ટકા કરતાં વધુ જગ્યાઓ ખાલી છે. મારા દાહોદ જિલ્લામાં વિવિધ તાલુકા પંચાયતોમાં વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની ૧૦૪ જગ્યાના મંજૂર મહેકમ પૈકી ૮૩ જગ્યાઓ ખાલી છે. ૮૦ ટકા જગ્યાઓ ખાલી છે ત્યારે રોજગારી આપવાની સરકાર ક્યા મોઢાની વાત કરે છે!

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર શિક્ષણ ક્ષેત્રે મોટી મોટી જાહેરાતો કરે છે પણ આજે શિક્ષણ પૂરેપૂરું ખાડે ગયું છે. ગામડાઓમાં જોવા જઇએ તો દાહોદ જિલ્લાની સ્કૂલોના ઓરડાની વાત કરું તો ઘણી બધી મોટી સંખ્યામાં ઓરડાઓ બનાવવાના બાકી છે અને ઓરડાની ઘટ છે. શિક્ષકોની પણ મોટા પ્રમાણમાં ઘટ છે, વિદ્યાર્થીઓને પૂરતું ગુણવત્તાવાળું શિક્ષણ મળે તે માટે શિક્ષકોની પણ ઘટ છે તો શિક્ષકોની સત્વરે ભરતી કરવી જોઇએ અને ઓરડાનું બાંધકામ તાત્કાલિક થવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આજે સરકાર ગુજરાતમાં રમશે, ગુજરાત-જીતશે, ગુજરાતની વાતો કરે છે. પરંતુ દાહોદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં તા.૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ રમત ગમતના મેદાન ન હોય તેવી સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા ૬૯૩ હતી એમાં બે વર્ષમાં સરકારી પ્રાથમિક શાળાઓમાંથી એક પણ શાળાએ રમત ગમતનું મેદાન ન બનાવેલ હોવા છતાં તા.૩૧.૧૨.૨૦૧૯ની સ્થિતિએ રમત ગમતના મેદાન ન હોય તેવી સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા ૩૭૨ થઇ. સરકારની રમતગમત અંગેની નીતિઓને કારણે આજે પૃથ્વીના પેટાળમાંથી રમતગમતના મેદાન ફૂટી આવ્યા છે. આ સરકાર કયા મોઢાની વાત કરે છે! ગુજરાત જીતશે, ગુજરાત રમશે. મારા મત વિસ્તારની વાત કરું તો ગઇકાલે જ માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી ગૌહત્યાની વાત જણાવતા હતા. મને જણાવતા દુઃખ થાય છે કે રાજ્યમાં છેલ્લાં બે વરસમાં ફક્ત દાહોદ જિલ્લામાં ૫૦૦૦ કિલો અને ૯૯૪ કિલો ગૌમાંસ પકડાયું છે, ૪૧૮ ગૌવંશ પકડાયા છે. રાજયમાં માણસો માટે નહિ ગાયો, પશુઓ માટે પણ પૂરતા ડોકટરો ઉપલબ્ધ નથી. મારા દાહોદ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની મંજૂર ૧૪ જગ્યાઓ પૈકી આઠ જગ્યાઓ ખાલી છે. તો આ જગ્યાઓ સત્વરે ભરવા માટે મારી ખાસ વિનંતી છે.

સલામત ગુજરાતની વાતો કરવામાં આવે છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધરી છે એમ કહેવામાં આવે છે. છેલ્લાં બે વરસમાં દાહોદ જિલ્લામાં લુંટના ૭૨ બનાવો, ખૂનના ૭૦ બનાવો, ધાડના ૩૪ બનાવો, ચોરીના ૪૨૯ બનાવો, બળાત્કારના ૭૬ બનાવો, અપહરણના ૨૧૬ બનાવો, આત્મહત્યાના ૧૫૮ બનાવો, ઘરફોડીના ૧૨૬ બનાવો, રાયોટીંગના ૧૦૫ બનાવો તેમ કરીને આજે દાહોદ જિલ્લામાં ઘણા બધા આવા બનાવો થાય છે.

છેલ્લે વાત કરું છું કે અમારા વિસ્તારના શ્રી રમેશભાઇ કહેતા હતા કે સરકાર આપણી મા બાપ છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) શ્રી નીતિનભાઇ ચિંતા ના કરો, હું તમારી સાથે જ છું. ઇન્ટરનેશનલ મોનીટરીંગ ફંડ નામની એક સંસ્થાએ દુનિયાની અંદર જે ગ્લોબલ ઇકોનોમીક જે સ્લો ડાઉન છે, વૈશ્વિક મંદી અને આર્થિક સંકટ છે એનો શ્રેય છેલ્લાં પાંચ છ વરસથી ભારતમાં જે સરકાર સત્તાના સ્થાન ઉપર બેઠી છે એને પણ આપ્યો છે અને એના કારણોની છણાવટ કરતા એવું કહ્યું કે ગ્રામીણ ભારતની આર્થિક પરિસ્થિતિ બહુ ખરાબ છે અને જે પરચેઝીંગ પાવર ગ્રામીણ વિસ્તારના લોકોનો વધી નથી રહ્યો એ બધા પરિબળોના કારણે આખી આંતરરાષ્ટ્રીય સ્તરે આ આર્થિક કટોકટીનું નિર્માણ થયું છે. ગુજરાતના બજેટમાં એવી અપેક્ષા હતી કે ગ્રામીણ ગુજરાતની પરિસ્થિતિ સુધરે અને ગામડામાં વસતા બેરોજગારો જેમની પાસે હાથ છે પણ કામ નથી એના માટે નરેગાની યોજનાને દુરુસ્ત કરવામાં આવે એવી અપેક્ષા હતી એના બદલે ગુજરાતના ૧૮૦૦૦ ગામોની વચ્ચે નરેગાનું બજેટ ફક્ત ૪૯૦ કરોડ રૂપિયા છે. એને ૧૮૦૦૦ ગામ સાથે ડિવાઇડ કરો તો ૨૦૦ રૂપિયા રોજના ૧૦૦ દિવસનું એક વરસમાં કામ મળે તો ગામદીઠ ફક્ત ૧૩ જણાને રોજગારી મળે

જ્યારે હકીકતમાં ગુજરાતના દરેક ગામમાં ૫૦૦-૫૦૦, ૭૦૦ લોકો એ બેરોજગારીની અવસ્થામાં છે. ૧૬.૩૫ લાખ જોબકાર્ડ ધારકોની સામે ૧૦૦ દિવસની રોજગારી ૧૯૨૩૮ લોકોને જ મળી છે. બેરોજગારીના પ્રશ્નને નાથવામાં આ બજેટ સદંતર નિષ્ફળ જાય એવું લાગે છે. એલ.આર.ડી. ની ૧૧૦૦૦ ભરતી અને રોજગારી આપવાના બીજા એક બે રેફરન્સને બાદ કરતા આ બજેટમાંથી શિક્ષિત બેરોજગાર યુવાનોને નોકરી આપવાની કોઇ ઠોસ કે નક્કર બાંહેધરી મળતી નથી. આ ગુજરાતના શિક્ષિત બેરોજગારોની ઉપેક્ષા કરનારું બજેટ છે. ગ્રામીણ વિકાસમાં ઝારખંડ અને બિહાર જે બજેટમાં સ્પેન્ડ કરે છે ૧૪.૮ ટકા છે, ગુજરાતનો ખર્ચ ૩.૪ ટકા છે. સિંચાઇમાં તેલંગણા ૧૦.૮ ટકા ખર્ચે છે, ગુજરાત ખર્ચે છે ફક્ત ૭.૧ ટકા. વોટર સપ્લાય અને સેનિટેશનમાં અરૂણાચલ પ્રદેશનું એકસપેન્ડીચર ૬.૦ ટકાની સામે ગુજરાતના છે ૨.૮ ટકા. એનર્જી સેક્ટરમાં જમ્મુ અને કાશ્મીરના ૧૫.૭ ટકાની સામે ગુજરાતના ૬.૪ ટકા છે.

**સભાપતિશ્રી :** આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો ગૃહ ફરીથી ૩-૦૦ કલાકે મળશે.

**(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૦૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી આર.સી. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીયશ્રી વિજયભાઇ રૂપાણીના નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે રૂપિયા ૨ લાખ ૧૭ હજાર કરોડનું બજેટ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ જીતીને લાવ્યા છે તે બદલ હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને બજેટ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સરકારે આ સરસ મજાના બજેટમાં જયારથી આમ તો ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી આજ સુધી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓનો એમાં ખૂબ ખ્યાલ રાખ્યો છે અને તેમના ઉત્કર્ષ માટે, તેમના વિકાસ માટે સરકાર હંમેશા કટિબદ્ધ રહી છે ત્યારે માત્ર હું શિક્ષણમાં સરકારે જે આ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની હું વાત કરવા માગું છું ત્યારે તે વિદ્યાર્થી જયારે પ્રાથમિક શાળામાં ભણતો હોય ત્યારે તેમની શિષ્યવૃત્તિથી લઇ અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપતા સરકારે કે જે વિદ્યાર્થીનીઓ છે હાઇસ્કૂલની અંદર આવે ત્યારે વચ્ચેથી પોતાનો અભ્યાસ છોડી ના દે, દૂર પડતી હાઇસ્કૂલમાં પોતે જઇ શકે તે માટે મફત સાયકલની પણ વ્યવસ્થા સરકાર દ્ધારા કરવામાં આવી છે. પ્રાથમિક શાળાઓમાં ભણતાં બાળકો જયારે ૧ થી ૮ ધોરણ માટે ગણવેશના સ્વરૂપમાં ૬૦૦ રૂપિયા સહાય પેટે સરકાર તરફથી આપવામાં આવે છે જેથી કરીને સામાજિક અને શૈક્ષણિક વર્ગના જે બાળકો છે તે પોતાનો અભ્યાસ પૂર્ણ કરી શકે. છેલ્લાં દસ વર્ષમાં ૭૫ લાખ કરતા વધારે બાળકોને એ ગણવેશ સહાય આપીને રૂપિયા ૧૦૮૨ કરોડ કરતા પણ વધારે રકમની સહાય સરકારે ચૂકવી છે ત્યારે સરકારની આ વાત મારે ગૃહ સમક્ષ કરતા ચૂકવી ન જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મેડિકલ અને એન્જિનિયરીંગનો અભ્યાસ એ ખૂબ ખર્ચાળ હોય છે પણ મેડિકલમાં અને એન્જિનિયરીંગમાં ખાસ કરીને અભ્યાસ કરતા બાળકો જો કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહેતા હોય તો એને અભ્યાસની સાથે સાથે છાત્રાલયમાં ભોજન ફી પેટે ૧૨૦૦ રૂપિયા ચૂકવવામાં આવતા હોય છે અને એમાં તેની આવક જો સાડા ચાર લાખ કરતા ઓછી હોય તો એવા વિદ્યાર્થીઓ આ ભોજન બિલ સહાયમાં તે પાત્રતા ધરાવે છે. છેલ્લાં દસ વર્ષની વાત કરુ તો ૧૫૫૦૦ વિદ્યાર્થીઓને રાહત પેટે આ બિલ ચૂકવવામાં આવ્યા છે અને રૂપિયા ૧૬ કરોડ કરતાં પણ વધારે રકમ સરકારશ્રીએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકોને આ પેટે ચૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેડિકલ અને એન્જિનિયરીંગમાં જે બાળકો અભ્યાસ કરતા હોય છે તેમાં અભ્યાસ કરવા માટેના સાધનો ખૂબ મોંઘા હોય છે એટલે એ સાધનોની ખરીદી માટે પણ મેડિકલ, એન્જિનિયરીંગ અને ડિપ્લોમામાં જેણે અભ્યાસ કરવો હોય તેણે અનુક્રમે રૂપિયા દસ હજાર, પાંચ હજાર અને ત્રણ હજાર જેવી રકમ આપીને એ વિદ્યાર્થીને તે સહાયરૂપ થાય છે. ત્યારે મને કહેતા આનંદ થાય છે કે છેલ્લાં દસ વર્ષમાં ૧૮૫૦૦ કરતાં પણ વધારે આવા મેડિકલની અંદર અને એન્જિનિયરીંગની અંદર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તે સહાય કરીને રૂપિયા ૭ કરોડ જેટલી માતબર રકમની સહાય સરકારે કરી છે. ટેકનિકલ અને વ્યવસાયિક શિક્ષણ જેણે પ્રાપ્ત કરવું હોય તેમને શિષ્યવૃત્તિના સ્વરૂપમાં એક વર્ષમાં તે ટેકનિકલ વ્યવસાયિક અભ્યાસ કરતો હોય કે સરકારી આઇટીઆઇની અંદર અભ્યાસ કરતો હોય તો એમને સ્ટાઇપેન્ડના સ્વરૂપમાં ૪૦૦ રૂપિયા આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારનો વિદ્યાર્થી હોય તો રૂ.૧.૨૦ લાખની મર્યાદા અને જો શહેરોનો વિદ્યાર્થી હોય તો રૂપિયા ૧.૫૦ લાખ. એવા વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિ મેળવવાને પાત્ર છે ત્યારે છેલ્લા ૧૦ વર્ષમાં સાહેબ, કહેતાં મને આનંદ થાય છે કે, આશરે ચાર લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્ટાઇપેન્ડનો લાભ લીધો છે. ૧૩૭ કરોડ રૂપિયા કરતાં વધારાની સહાય એમણે પ્રાપ્ત કરી છે. સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં શિષ્યવૃત્તિ પેટે પણ રજિસ્ટ્રેશન, ટયુશન કે શિક્ષણની ફી હોય તેમાં પણ કુલ મળીને શિષ્યવૃત્તિ સહિત ૫૦ હજાર રૂપિયા જેવી રકમ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૫ હજાર વિદ્યાર્થીઓને ૪૨ કરોડ રૂપિયા કરતાં પણ વધારે રકમની સહાય રાજય સરકાર દ્ધારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થી અને વિદ્યાર્થીની બહેનોને આપવામાં આવી છે. ધોરણ-૧૦ અને ૧૨માં ઉત્તમ રીતે ગ્રેડ પ્રાપ્ત કરે, રાજય કક્ષાએ પહેલો, બીજો અને ત્રીજો નંબર પ્રાપ્ત કરે તેને પ્રોત્સાહનરૂપે રૂપિયા ૩૧ હજાર, ૨૧ હજાર અને ૧૧ હજાર ક્રમાનુસાર એમને સહાય કરવામાં આવે છે.

ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેના પર મારા વિચારો રજૂ કરું છું.

બજેટ દેખાતું રૂપાળું છે, પરંતુ જયારે એમાં મારા વિચારો રજૂ કરું છું. પશુપાલનની અંદર નિઃશુલ્ક પશુ સારવારની યોજના માટે રૂ.૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આખા વિસ્તારમાં જોવા જઇએ તો પશુઓના ડોકટર નથી અને તેમાંયે અમારા વિસ્તારમાં જોવા જઇએ તો પશુપાલન એ આદિવાસીઓ માટે વ્યવસાય બન્યો છે ત્યારે તેમના ડોકટરો કે દવાખાના પણ નથી. પશુઓમાં એક ગાય મરી જાય છે ત્યારે આદિવાસીનો ગરીબ પરિવાર ખરેખર પોતાનો એક કમાતો દીકરો મરી ગયો હોય તેવું કલ્પાંત કરે છે.

શિક્ષણની વાત કરું તો શિક્ષણમાં રૂપિયા ૩૧, ૯૫૫ કરોડની જોગવાઇ કરી છે ત્યારે આ જોગવાઇ ફીકી પડે છે કે જયારે ૪૫૦૦ ગામોની વર્ગશાળા બંધ થવાની વાતો થાય છે, ત્યારે આ શિક્ષણની ગ્રાન્ટ ફીકી પડે છે. એક જોગવાઇ કરી છે એક કિલોમીટર કરતાં વધારે અંતરમાં બાળકોને લઇ જવા માટેની ગ્રાન્ટ ફાળવી છે. પરંતુ મારે એમ કહેવું છે કે એ ગ્રાન્ટ ત્યાં ન ફળવાય પણ શિક્ષણ માટેના કલાસ રૂમો, વર્ગ ખંડો, ઉભા કરવામાં અને શિક્ષકોમાં વપરાય અને ત્યાંના વાતાવરણમાં વપરાય તો વધારે અનુકુળ છે અને આ ગ્રાન્ટ પણ વધારવાની જરૂર છે. સાથે સાથે શિક્ષકોની ઘટ પણ અમારા વિસ્તારમાં એટલી છે કે શિક્ષકોની ઘટના કારણે વિધાર્થીઓ ખાનગી શાળાઓ તરફ દોરવાઇ રહ્યા છે. મધ્યાહન ભોજનમાં પણ અમારે ત્યાં નવસારીમાં કોઇ ખાનગી કંપનીને એજન્સીને એની મધ્યાહન ભોજન યોજના પૂરી કરવા માટે આપી છે ત્યારે ખરેખર તો મધ્યાહન ભોજન યોજનાના મદદનીશ કર્મચારીઓને જો આપવામાં આવે તો એમને એક રોજગારી પણ ઉપલબ્ધ થશે.

મહિલાઓ માટે પોષણ ત્રિવેણી પ્રોત્સાહન યોજના કરી છે, પરંતુ આ વિસ્તારમાં કે સમગ્ર ગુજરાતમાં વાત કરીએ તો આશા વર્કરો અને આંગણવાડીની બહેનોને ચિંતાનો એ વિષય છે કે એમને પૂરતા પ્રમાણમાં વેતન જે મળવું જોઇએ એ વેતન પૂરતા પ્રમાણમાં મળતું નથી.

પાણી પુરવઠાની યોજનાઓમાં જોવા જઇએ તો આ યોજનાઓમાં રૂપિયા ૪૩૧૭ કરોડ ફાળવ્યા છે. ત્યારે અમારા વિસ્તારમાં કોઇ એવી મોટી યોજના નથી અને અમારો વિસ્તાર આદિવાસી વિસ્તાર છે, ડુંગરાળ અને જંગલનો વિસ્તાર છે ત્યારે પાણીની કોઇ મોટી યોજના થવી જોઇએ. અમારા વિસ્તારમાં જે બે ડેમ આવેલા છે. જૂજ અને કેલીયા ડેમ આવેલો છે. કેલીયા ડેમથી પાણીની સિંચાઇ અને પીવાના પાણી માટેની યોજના છે, પરંતુ જૂજ ડેમમાંથી પાણી પીવા માટેની યોજના નથી, જો આ યોજનામાં પૈસા ફાળવ્યા હોત તો આ બજેટ ખરેખર સુંદર અને રૂપાળું બન્યું હોત.

આરોગ્ય વિભાગની વાત કરીએ તો આ વિભાગમાં પણ કરોડો રૂપિયા ફાળવ્યા છે, પરંતુ આખા વિસ્તારમાં જોવા જઇએ તો દવાખાના છે પણ પૂરતા સાધનો નથી, એકસરે મશિનો હોય તે ચાલતા નથી. દાંતના ડોકટરો હોય છે ત્યારે એમની પાસે પૂરતા સાધનો નથી. અમારા વિસ્તારમાં બ્લડ બેંક પણ નથી, જે ખરેખર બ્લડ બેંક હોવી જોઇએ. આ બ્લડ બેંકની નાણામંત્રીશ્રીએ સુવિધા કરશે તો બહુ સારું કહેવાશે. સાથે સાથે આદિવાસી વિકાસ વિભાગમાં ઘણા બધા રૂપિયા આપ્યા છે પણ ૭૬૫ જેટલી આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળઓ માટે ૩૭૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આશ્રમશાળાની અંદર જે બાળકોની રસોઇ બને છે, એ રસોઇ ચુલા સળગાવીને બનાવવામાં આવે છે. અમારા નવસારી જિલ્લામાં જયારે કેરોસીન બંધ કર્યું છે અને નિર્ધુમ જિલ્લો બન્યો છે ત્યારે છાત્રાલયમાં અને નિવાસી શાળાઓમાં પાણી ગરમ કરવા માટે એના બંબા કરતા ગેસની લાઇન હોવી જોઇએ. ખાવાનું બનાવવા માટે પણ ગેસના ચુલા સળગાવવવા પડે અને એમને ખરેખર ગેસ મળવો જોઇએ. તેનાથી ધૂમાડો પણ ન થાય અને લાકડા પણ સળગાવવા ન પડે. અનુદાનિત છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં રૂપિયા ૩૩૭ કરોડનો ખર્ચ કર્યો છે ત્યારે ત્યાંના આશ્રમશાળાના કર્મચારીઓ અને જે બિન શૈક્ષણિક કર્મચારીઓ છે તેને પૂરતો પગાર મળતો નથી. સાથે સાથે મારે એ કહેવું છે કે ઘણી બધી આશ્રમશાળાઓ, અનુદાનવાળી આશ્રમશાળા એવી જર્જરીત છે અને ખરાબ પરિસ્થિતિમાં અમારા બાળકો ભણી રહ્યા છે. સ્વચ્છતા મિશનમાં પણ ઘણા બધા રૂપિયા આપ્યા છે પરંતુ આગળના સમયમાં પણ જયારે સ્વચ્છતા મિશનમાં પંચાયતને ટ્રાઇસીકલો આપી હતી એ ટ્રાયસીકલો ત્યાં ને ત્યાં પડી રહી છે. એટલે કંઇક નક્કર કામગીરી થવી જોઇએ. જો મોટા ગામોને ટ્રેકટર આપો તો ટ્રેકટર દ્વારા કચરાનો નિકાલ કરી શકે અને સ્વચ્છતા માટે વધારે સારી રીતે કામ કરી શકાય. માર્ગ અને મકાન વિભાગમાં રૂપિયા ૨૧૦ કરોડ આપ્યા છે ત્યારે મારે કહેવું છે કે એટલા બધા ખૂબ કિલોમીટરોની લંબાઇના રસ્તાઓ જર્જરીત છે તે રસ્તા ઉપર ધ્યાન આપવામાં આવે તો ખેડૂતોનો પાક શહેરી વિસ્તારમાં અને એ.પી. એમ.સી.માં લઇ જવામાં સગવડતા થાય એટલી મારી રજૂઆત છે.

શ્રી રાઘવજીભાઇ પટેલ(જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રી માનનીય નીતિનભાઇ પટેલ વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર લઇને આવ્યા છે ત્યારે તેને આવકારવા અને એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ અંદાજપત્રમાં મેં જોયું કે ઊર્જા ક્ષેત્રે લગભગ ૧૩૯૧૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. મને જણાવતા અત્યંત આનંદ થાય છે કે કચ્છ ખાતે દુનિયાના સૌથી મોટો હાઇબ્રીડ પાર્ક, એટલે કે એક જ સ્થળે સૌર અને પવન ઊર્જા, બન્ને ઉત્પન્ન થઇ શકે. ૨૫૦૦૦ મેગાવોટ ઊર્જા ઉત્પન્ન કરતું દુનિયાનું સૌથી મોટું સ્થળ ૮૦૦૦૦ હેકટરનું આ વિસ્તારમાં આવેલું છે. આ જયારે કાર્યરત થશે ત્યારે આપણા માટે ખૂબ ગૌરવની વાત હશે. અગાઉ ગુજરાત વિધુત

બોર્ડના નામે જે વહીવટ ચાલતો હતો તે લગભગ ખોટમાં ચાલતો હતો પણ ઉત્પાદન, વિસ્તરણ, વિતરણ અને મેઈન્ટેનન્સ, આના માટે લગભગ ૭ જેટલી કંપનીઓમાં ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાજન કરી અને કોર્પોરેટ સ્ટાઇલથી આ કંપનીઓને કાર્યરત કરી અને આજે તમામ કંપનીઓને નફાકારક કરી એટલું જ નહીં ભ્રષ્ટાચાર રહીત કરી અને ગુજરાતની જનતાને વીજ ક્ષેત્રે સારી સુવિધા આપવામાં આવી છે તેના માટે હું માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ દલાલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અમારા ખેડૂતોની વર્ષોથી માંગણી હતી કે અમોને ખેતી કામ માટે દિવસે વીજળી આપો. હમણાં જ વાત થઇ હતી કે ગીર જંગલ વિસ્તારના ખેડૂતોને રાત્રે પાણી વાળવા જતા જંગલી પ્રાણીઓ અને પશુઓ હુમલા કરતા અને તેના પરિણામે ખેડૂતોને નુકસાન થતું હતું. ત્યારે એના માટે પણ આયોજન કર્યું છે અને ખેડૂતોને દિવસે વીજળી મળે તે તેના માટે ૩ વર્ષના તબકકે રૂપિયા ૩૫૦૦ કરોડના ખર્ચે આ કામગીરી હાથ ધરાશે. ચાલુ વર્ષે એના માટે ૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે. ખેડૂતોની આવક વધે ખેડૂતોને વીજળી મળે, વધારાની વીજળી ખેડૂતો વેચી શકે તેના માટે સૌર ઊર્જા એટલે સ્કાય યોજનાના નામે ખેડૂતો માટે આ યોજના સરકારે જાહેર કરી છે. તેના પરિણામે ખેડૂતને પોતાને જોઇતી વીજળી વાપરી શકે, વધારાની વીજળી ગુજરાત સરકારને પરત આપી શકે અને એના પૈસા ખેડૂતને મળી શકે અને તેના પરિણામે એક તો રાજયની ઊર્જાની ઉત્પાદન શક્તિ વધે અને બીજું ખેડૂતોને તેનાથી વધારાની આવક પણ થાય. આવી યોજના સૌર ઊર્જા, સ્કાય યોજનાના નામે સરકારે અમલમાં મૂકી છે. હું માનું છું ત્યાં સુધી રાજયના ખેડૂતોએ ખૂબ મોટા પ્રમાણમાં આ યોજનાને આવકારી છે. વીજ પ્રવાહમાં વીજળીનો લોસ જે થાય છે એને ઘટાડવા માટે લગભગ ૧૪૦ જેટલા નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે અને એના માટે રૂપિયા ૪૨૧ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. પૂરા વોલ્ટેજથી વીજળી મળે, ટ્રીપીંગ ન થાય અને એક ધારી વીજળી મળી રહે એના માટે આ બજેટમાં આયોજન કરવામાં આવ્યું છે. રૂફટોપ યોજનાના નામે ગુજરાત રાજયના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં વસતા પ્રજાજનો પોતાના ઘર વપરાશનો વીજ પુરવઠો પોતાના ઘર ઉપર સોલર પેનલ લગાવીને પેદા કરી શકે અને જો વધારાની વીજળી પેદા કરે તો એ વીજળી વીજ કંપનીને વેચીને પોતાની આવક ઉભી કરી શકે તે માટે એક કિલોવોટ દીઠ રૂપિયા ૨૦ હજાર ભારત સરકાર અને ૧૦ હજાર રૂપિયા ગુજરાત સરકાર એમ ત્રણ કિલોવોટ સુધીનો સોલર પ્લાન્ટ નાખે તો એવા વીજ ગ્રાહકોને સબસિડી ગુજરાત ઉર્જા એજન્સી દ્વારા પ્રોત્સાહનરૂપે ચૂકવવામાં આવે છે. આવી ૧ લાખ અને ૧૬ હજાર જેટલી અરજીઓ ગુજરાત રાજયમાંથી આવી છે અને દેશમાં આ ક્ષેત્રે ગુજરાત નંબર–૧ છે એમ કહેતા મને આનંદ અને ગૌરવની લાગણી થાય છે.

કાયમ માટે ખેડૂત ખેતીવાડીના વીજ જોડાણો માટે માગણી કરતો કે અમને જોડાણ આપો પરંતુ પહેલા એમાં પાંચથી દસ વર્ષ જેટલો સમય જતો હતો. પરંતુ આ વર્ષે આ અષાઢી બીજ પહેલા તમામ જે બાકી ખેતીવાડીના કનેકશનો છે, જે બેકલોગ છે એ તમામ પૂર્ણ થઇ જશે અને અષાઢી બીજ પછી ખેડૂત માગણી કરે ત્યારે તરત જ વીજ કનેકશન મળી જાય તે માટે માનનીય ઉર્જા મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું. આ વર્ષે કૃષિ વીજ જોડાણ માટે ૧૪૮૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ખેડૂતોને રાહતદરે વીજ પુરવઠો પૂરો પાડવા માટે રૂપિયા ૭૩૮૫ કરોડની આ રાજય સરકારે જવાબદારી ઉપાડી છે અને એના માટે જોગવાઇ પણ કરી છે. એના માટે સમગ્ર રાજયના ખેડૂતોવતિ સરકારશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ વર્ષ ૨૦૨૦–૨૧નું બજેટ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

અંદાજપત્રની પુસ્તિકાનું પાને પાનુ હું જોઇ ગયો છું. એમાં શોધવાનો મેં પ્રયત્ન કર્યો કે રાજયની સાંપ્રત પરિસ્થિતિ જે મોંઘવારી છે એ આજે દિવસે દિવસે વધતી જાય છે એના માટે આ બજેટમાં કોઇ ઠેકાણે એક શબ્દ પણ ઉમેર્યો હોય કે છાપ્યો હોય તેવું લાગતું નથી.

એવી જ રીતે આ રાજયના શિક્ષિતો, યુવાનો પોતાને સરકારી નોકરી મળે કાયમી નોકરી મળે, આઉટ સોર્સીંગ બંધ થાય એ જાતની આશા લઇને સરકારની ટ્રેઝરી બેંચ સુધી લાવ્યા છે તેવા શિક્ષિત યુવાનોને આશા હતી એ ઠગારી નીવડી છે. સરકારે એના માટે એક શબ્દ પણ લખ્યો હોત કે અમારી સરકાર શિક્ષિત યુવાનોને આ વિભાગમાં સરકારી નોકરી આપવામાં આવશે એવું કોઇ ઠેકાણે નથી.

ખેડૂતો માટેની વાત કરું તો ખેડૂતો માટે આયોજન કે બજેટમાં જોગવાઇ કરી છે પરંતુ એ ખૂબ જ અપૂરતી છે. આજે ખેડૂતોને મોટામાં મોટી તકલીફ પાક વીમો મળતો નથી ત્યારે સરકાર અને માનનીય મંત્રીશ્રીઓએ જે પાક માટે વીમા કંપનીઓ છે એ ઝડપથી પાક વીમાની રકમ આપે એના માટેની વ્યવસ્થા કરવી જોઇએ સરકારની પણ એ જવાબદારી છે. આ સભાગૃહમાં વારંવાર પાક વીમાની ચર્ચા થતી હોય છે.

આજે પ્રાથમિક શિક્ષણનું સ્તર ધીમે ધીમે કથળતું જાય છે. પ્રવેશોત્સવ કરવામાં આવે, ગુણોત્સવ કરીએ છીએ અને એ સિવાય પણ ઘણા બધા ઉત્સવો કરીએ છીએ. પણ ખાસ કરીને જે આદિવાસી વિસ્તારો છે એ વિસ્તારોમાં વિદ્યાર્થીઓની હાજરી ગમે એટલા પ્રયત્નો કરીને છતાં પણ વધતી નથી, એની પાછળનું કારણ શું છે? જે ડુંગરાળ વિસ્તારમાં, ઉંડાણના વિસ્તારમાં રહે છે એમના માતા–પિતાની આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે એ તો ક્યાંક બહાર મજૂરીએ જતા હોય છે,

રોજગારી માટે ભટકતા હોય છે. પરિણામે એમના બાળકો પણ સાથે લેતા જાય છે, જેથી કરીને ડુંગરાળ વિસ્તારના, ઉંડાણ વિસ્તારના માતા–પિતાના બાળકો ભણી શકતા નથી. ડ્રોપ આઉટ ઓછો થાય એના માટે સરકાર પ્રયત્નો કરે છે, વિભાગ પ્રયત્નો કરે છે પરંતુ એક બાજુ તમે શિક્ષણ સુધારવાની વાત કરો છો, ગુણવત્તાવાળા શિક્ષણની વાત કરો છો. બીજી બાજુ ત્રીસની સંખ્યા હોય એવી શાળાઓને બંધ કરવાની પણ વિચારણા કરતા હોય તો તમે ડ્રોપ આઉટ ઓછો કરવાની જે વાત કરો છો એ મને શક્ય નથી લાગતું. મને એ વાત જ ગળે ઉતરતી નથી. હમણાં અમારા શ્રી અનંતભાઇ કહેતા હતા કે, એક કિલોમિટર કે બે કિલોમિટરેથી સ્કૂલમાં આવતા બાળકોને અમે ભાડુ આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, તમે વિચાર તો કરો કે પહેલા ધોરણમાં ભણતા બાળકની ઉંમર કેટલી હોય ? શારીરિક ક્ષમતા એની કેટલી હોય ? એક કિલોમિટર એ ચાલે ? બે કિલોમિટર ચાલે એ શક્ય નથી. મારી તો માનનીય બાપુ તમને એટલી જ વિનંતી છે કે, આખા ગુજરાતમાં ૧ થી ૬ વર્ષના બાળકો જે પ્રાથમિક શાળામાં શિક્ષણ લે છે અને ખાસ કરીને ગામડામાં એ ચાલતા ન જાય એના માટેની પૂરતી કાળજી રાખજો. જેથી ચોક્કસ તમારું આયુષ્ય વધારશે અને કામ કરવાની તમારી ક્ષમતા છે એમાં પણ વધારો કરશે.

અધ્યક્ષશ્રી : એમનું આયુષ્ય કે સરકારનું આયુષ્ય?

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : એમનું આયુષ્ય. સરકારનું આયુષ્ય એ તો ગુજરાતની પ્રજા પર છે.(અંતરાય) એમનું આયુષ્ય છે. મારા નાયબ મુખ્યમંત્રીશ્રીના હાથમાં છે આ સરકારનું ભવિષ્ય એવું મારું પોલિટીકલ ઓબ્ઝર્વેશન છે.

અધ્યક્ષશ્રી : માનનીય વસાવા, આપનો સમય પૂરો થાય છે. શ્રી બાબુભાઇ બોખીરિયા.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા (પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે સમાજના બધા વર્ગોને સંતોષ આપતું જે બજેટ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા પોરબંદર જિલ્લો છે એ ત્રણ તાલુકાનો જિલ્લો છે અને એની વસતી છ લાખની છે. અમારા જિલ્લાના લોકોને ક્યારેય એવી અપેક્ષા નહતી કે, એમને મેડિકલ કોલેજ મળશે. અને એ મેડિકલ કોલેજ જે સરકારે આપી છે તે બદલ પણ હું મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનુ છું. ગઇ કાલે જ મને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ પચ્ચીસ કરોડના રસ્તાઓ ફાળવ્યા એના માટે પણ હું એમનો આભાર માનુ છું. આજે જે માનવ સભ્યતા ક્યાં પહોંચી છે, આપણે જો અભ્યાસ કરીશું અને જો આપણે આપણા જિનેટિક મેપ બનાવશું, આપણા ડી.એન.એ. ટેસ્ટ કરાવીશું તો આપણા જેવા ડી.એન.એ. ધરાવનારા લોકો વિશ્વ આખામાં ફેલાયેલા છે. આ એટલા માટે ફેલાયેલા છે કે, માનવ જીવનની શરૂઆત થઇ ત્યારે માનવ છે એ ટોળામાં અલગ અલગ જગ્યાએ આખા વિશ્વમાં ફરતો હતો અને શિકાર કરીને જીવન જીવતો હતો. એના પછી એણે જોયું કે, અનાજનો એક દાણો છે એ નીચે પડે છે અને એમાંથી છોડ ઉગે છે અને એમાંથી અનેક દાણા ઉત્પન્ન થાય છે અને એના લીધે એણે એમાંથી ખેતી કરવાની શરૂઆત કરી અને ખેતી કરતા સાથે સાથે પશુનો ઉપયોગ કરવા લાગ્યો અને એનાથી પશુપાલન અને એનું જે દૂધ હોય એના પૌષ્ટિક તત્વો હોય એના લીધે એણે પશુ પાલનનો આશરો લીધો હતો. એના લીધે આજે આ માનવ જે વસ્તી છે, માનવ સભ્યતા આ જગ્યાએ પહોંચી ગઇ છે. જે રીતે ગ્રામ્ય અર્થતંત્રની અંદર ખેતીની આવક મહત્વની છે એ રીતે પશુ પાલનની આવક પણ ગ્રામ્ય અર્થતંત્ર માટે ખૂબ જ મહત્વનો ફાળો આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની અંદર પશુપાલકોને જે દૂધના ભાવ મળે છે એ આખા દેશમાં વધુ સારા અને પોષણક્ષમ ભાવ મળે છે. જો ભેંસનું દૂધ હોય તો તેને ૪૦થી ૪૭ રૂપિયા લીટરે અને ગાયના દૂધના ફેટના આધારે ૨૫થી ૩૦ રૂપિયા જેવી માતબર રકમ એક લીટરે મળે છે. માનવ આરોગ્ય માટે માનનીય આરોગ્ય મંત્રીશ્રી ૫૩૦ પ્રકારની દવાઓ ફ્રી આપે છે અને મોટા ભાગની સારવાર આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ફ્રી મળે છે. એ રીતે મૂંગા પશુઓ છે એને તકલીફ હોય તો પોતાની વાત કોઇને કહી શકતા નથી. પશુપાલકની જો આર્થિક નબળાઇ હોય તો તે પણ તેને સારવાર આપી શકતા નથી. એટલા માટે રાજ્ય સરકાર આ પશુઓને નિઃશુલ્ક પશુ સારવાર આપે છે. તેમાં રૂપિયા ૨૭ કરોડની બજેટ જોગવાઇ પણ કરેલી છે. આ ઉપરાંત લોકોને પોતાના પશુની સારવાર કરાવવા માટે શહેરમાં અથવા તો પશુ દવાખાને ન જવું પડે એટલા માટે થઇને આ જે પશુ આરોગ્ય મેળાઓ કરવામાં આવે છે તેના લીધે ગામ બેઠાં લોકોને પશુઓની સારવાર પણ મળે છે. તેના માટે આ બજેટમાં ૪૫૦ પશુ આરોગ્ય મેળા અને તેના માટે પણ રૂ.૪.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણાં માટે ૧૦૮ની સગવડ છે. ક્યાંયથી પણ કોઇ અકસ્માત થયો હોય, કોઇ બિમાર હોય અને આપણે ૧૦૮ ઉપર ફોન કરીએ તો તાત્કાલિક એમ્બ્યુલન્સની સુવિધા મળે છે. એવી જ રીતે પશુઓને પણ તાત્કાલિક સારવાર આપવાની જરૂર ઉભી થાય તો તેના માટે રાજ્ય સરકારે હરતા ફરતાં દવાખાનાઓ રાખ્યા છે. આજે ૪૬૦ જેટલા હરતા ફરતાં દવાખાનાઓ છે. તેના માટે આ બજેટમાં રૂ.૩૬ કરોડ કરતાં વધારે જોગવાઇ કરેલી છે. આ ઉપરાંત ગાય અથવા ભેંસ તેના એક પશુ માટે જ્યારે તે વિયાણ ઉપર હોય ત્યાર પછી તેના દૂધની ક્વોલિટી અને ક્વોન્ટીટી વધારે થાય. તેના પેટની અંદર જે બચ્ચું છે તેને પૂરું પોષણ મળે તેના માટે આ બજેટમાં એક પશુને ૧૫૦ કિલો પશુદાણની કિંમત ઉપર ૫૦ ટકા સહાયની યોજના આ વખતે દાખલ કરેલી છે. તેના માટે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. પશુ દવાખાનાઓની પૂરતી સંખ્યા ૪૬૦ કરતા વધારે મોબાઇલ દવાખાનાઓ છે. આ ઉપરાંત રખડતા પશુઓ હોય તેને રસ્તામાં કંઇ વાગી જાય અથવા તો બીજાં કોઇ પ્રાણીઓને વાગી જાય તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ, ૧૯૬૨ની જે યોજના દાખલ કરી છે. ક્યાંય પશુ બિમાર હોય, વાગી ગયું હોય અને આપણે ૧૯૬૨ પર ફોન કરીએ તો પશુઓની

તાત્કાલિક સારવાર થાય છે. અત્યારે રાજ્યમાં આવી ૩૭ કરતાં પણ વધારે એમ્બ્યુલન્સ ચાલુ છે. ૧૦ નવી ચાલુ કરવા માટે પણ રૂપિયા ૧૩.૨૪ કરોડની જોગવાઇ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જે ડેરી ઉદ્યોગની વાત કરી. આપણે જોઇશું તો ૧૫-૨૦ વર્ષ પહેલાં ડેરી ઉદ્યોગનો જે વિકાસ હતો એ રાજ્યના અમુક જ વિસ્તારની અંદર ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં થયેલો હતો. અમારા સૌરાષ્ટ્રની અંદર ડેરીનો એટલો બધો વિકાસ થયો નહોતો. માનનીય મુખ્યમંત્રી તરીકે જ્યારે ગુજરાતના પનોતા પુત્ર માનનીય નરેન્દ્રભાઇ અહીં હતા ત્યારે સૌરાષ્ટ્રમાં પણ દરેક જિલ્લામાં દૂધ સંઘ થાય અને લોકોને ત્યાં દૂધના પૂરતા પોષણક્ષમ ભાવ મળે તેના માટે જે શરૂઆત કરી હતી તેના લીધે આજે રાજ્યના લગભગ બધા જિલ્લાઓની અંદર દૂધની ડેરી શરૂ થઇ ગઇ છે અને ખેડૂતોને પૂરતા ભાવ મળે છે. આ ઉપરાંત દૂધ બગડી ન જાય તેના માટે ગ્રામ્ય કક્ષાએ પણ બી.એમ.સી. એટલે બલ્ક મિલ્ક કુલર રાખવા માટેની જોગવાઇ છે તેના માટે રાજ્ય રાહત ભાવે જમીન પણ આપે છે અને સાથે સાથે આર્થિક મદદ પણ કરે છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ લઇને આવ્યા છે તેના ઉપર માર વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ માનવ જીવનની ત્રીજી આંખ ગણાય અને એ ત્રીજી આંખ ખોલવા માટે યુ.પી.એ. સરકાર વખતે રાઇટ ટુ એજ્યુકેશનનો કાયદો દાખલ કરવામાં આવ્યો અને એ કાયદા હેઠળ સમગ્ર દેશના બાળકો મફત અને ફરજિયાત શિક્ષણ મેળવે તેવી જોગવાઇ કરવામાં આવી અને આ જોગવાઇ હેઠળ કન્યા કેળવણી યોજના હેઠળ કન્યાઓ મફત અને ફરજિયાત શિક્ષણ મેળવે એ જોગવાઇ હતી પણ એમાં પણ કયાંક એ.પી.એલ., બી.પી.એલ.નો કાયદો લાગુ પાડીને આદિવાસી કન્યાઓને મફત શિક્ષણમાંથી બાકાત રાખવામાં આવી છે તે ના થવું જોઇએ. આદિજાતિ વિસ્તારમાં શિક્ષણનું સ્તર ઉંચું આવે એના માટે આદર્શ નિવાસી શાળાઓની જોગવાઇ કરવામાં આવી. રેસિડેન્સીયલ સ્કૂલની જોગવાઇ કરવામાં આવી અને એ શાળાઓમાં જે શિક્ષણ આપવામાં આવે છે એ શિક્ષણ આપનારા શિક્ષકો કરાર આધારીત અને બાંધ્યા પગારે કામ કરે છે. જે શિક્ષકોને પૂરતું વેતન નથી મળતું એ શિક્ષકો એ બાળકોને ઉત્તમ શિક્ષણ કઇ રીતે આપી શકે? માટે અમારા આદિજાતિ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબને મારી વિનંતી છે કે આદિજાતિ માટે જે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે એ બજેટમાં જે કરાર આધારીત અને બાંધ્યા પગારે શિક્ષકોને કામ કરાવવામાં આવે છે એમને પૂરો પગાર આપે અને અમારા આદિવાસી બાળકોનું શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટે સહભાગી બને. ગયા વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં પણ શ્રમિક યોજના માટે ૧૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા અને તે વખતે પણ આ સરકારનું મેં ધ્યાન દોર્યું હતું કે જે બાંધકામમાં રક્ષિત શ્રમિકો છે એ લોકો માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી અને એ યોજના હેઠળ એમને ૧૦ રૂપિયામાં ભોજન, એમના બાળકોને શિક્ષણ, એમની જે ગર્ભવતી માતાઓ છે એમના માટે જોગવાઇ કરવામાં આવી છે. એ જ રીતે મારા ડાંગ જિલ્લાના ૪૦ હજાર શેરડી કાપવાવાળા મજૂરો છે એમનો પણ આ યોજનામાં સમાવેશ થાય. કારણ કે આ મજૂરો આખી સિઝન સપ્ટેમ્બર માસથી એપ્રિલ માસ સુધી શેરડી કાપવાની કામગીરી કરે છે. હાલના તબક્કે કહું તો દરેક દક્ષિણની સુગર મિલોમાં એમને વેતન ઓછું મળે છે એ વેતન માટે એ લોકો હડતાલ ઉપર ઉતર્યા છે તો એમનું રક્ષણ થાય અને એમને પૂરુતું વળતર મળે એવી આ ગૃહને મારી વિનંતી છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચામાં મારા વિચારો રજૂ કરું છું. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધો.૧ થી ૮ના કુમારને વાર્ષિક રૂપિયા ૫૦૦ અને ધોરણ- ૯ થી ૧૦માં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓને રુ.૭૫૦ આ ભા.જ.પ.ની સરકાર આપે છે. ધોરણ ૧ થી ૫ માટે રૂપિયા ૫૦૦ લેખે ગ્રામ્ય વિસ્તારમાં ૧ લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તારમાં ૧ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને છેલ્લા ૧૦ વર્ષથી શિષ્યવૃત્તિ ચૂકવે છે. ગણવેશ સહાય યોજના સાથે સાથે ધોરણ ૯ માં ભણતી કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ સહાય યોજના હોય કે પોસ્ટ ગ્રેજ્યુએટ કે પછી એસ.એસ.સી.માં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિની યોજના હોય, મેડિકલ અને એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને ભોજન બિલમાં પણ ભારતીય જનતા પક્ષની સરકાર સહાય આપે છે. મેડિકલ, એન્જિનિયરીંગ અને ડિપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન ખરીદવા માટે પણ સાધન સહાય આપવામાં આવે છે. મેડિકલ અને વ્યવસાયિક અભ્યાસ માટે પણ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. એમ.ફીલ અને પી.એચ.ડી.ના અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ અમારી સરકાર આપે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાએ ૧ થી ૩ ક્રમાંકે આવનારને ઇનામ આપવામાં આવે છે. વિદેશમાં અભ્યાસ માટે લોન આ સરકાર આપે છે. કોમર્શિયલ પાઇલટની તાલીમ માટે પણ લોન આપવામાં આવે છે. ખાનગી ટ્યૂશન માટે સહાય આપવામાં આવે છે. તેમજ કાયદા અને તબીબી સ્નાતકોને નાણાકીય સહાય પણ આ ભા.જ.પ.ની સરકાર પૂરી પાડે છે. મહિલાઓ માટે સિવણ વર્ગ હોય કે મશિન ખરીદવા માટે પણ સહાય આપવામાં આવે છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં મકાન સહાય હોય કે કુંવરબાઇનું મામેરું યોજના હોય એમાં સરકાર સહાય કરે છે. સાત ફેરા સમૂહલગ્નના યોજનામાં નાણાકીય સહાય આપવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોના કલ્યાણ માટે વિશિષ્ટ યોગદાન આપનાર સંસ્થાને નાણાકીય એવોર્ડ આપવામાં આવે છે. ખાસ પ્લાન હેઠળ માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે આ સરકાર સહાય પૂરી પાડે છે. આ અંદાજપત્રને મારું સમર્થન છે અને આ બજેટ રજૂ કરવા બદલ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને હું અભિનંદન આપું છું. જયહિન્દ.

## ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી ભરતજી સો. ઠાકોર(બેચરાજી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગમાં લાખો અને કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે આ તમામ રોડ રસ્તા અન્ડર બ્રિજ, ઓવર બ્રિજ આ તમામ કામો સારા થાય એવી સૌની અપેક્ષા હોય છે. માનનીય નીતિનભાઇના મત વિસ્તાર અને અમારા મહેસાણા શહેરના ટ્રાફિકને પહોંચી વળવા, અનેક ભારે વાહનોની અવર-જવર રોકવા માટે વર્ષ ૨૦૧૪માં એક બાયપાસ હાઇવેનું નિર્માણ કરવામાં આવ્યું. દુઃખની વાત તો એ છે કે આ બાયપાસ હાઇવેનું નિર્માણ થયું અને ખારી નદી ઉપર ઓવર બ્રિજ બનાવવામાં આવ્યો. એ ઓવર બ્રિજ માત્ર ૫ વર્ષમાં ગેરરીતિ આચરવાના કારણે, ભ્રષ્ટાચારના કારણે જે ૧૦૦ વર્ષનું આયુષ્ય ધરાવતો બ્રિજ છે એ ૫ વર્ષમાં તૂટી ગયો. સદનસીબે કોઇ જાનહાનિ નથી થઇ. પરંતુ જે એજન્સી કામ કરતી હતી એને સરકાર દ્વારા બ્લેક લિસ્ટ કરવાના બદલે કોઇ કારણોસર એ જ એજન્સીને બીજા બે બ્રિજના કામો સોંપવામાં આવ્યા. પ્રજાની લાગણી હોય છે કે કોઇપણ કામ હોય એ સારું થાય અને વર્ષો સુધી એ કામો સારા ચાલે એના માટેની લાગણી હોય છે. મારા મત વિસ્તાર બહુચરાજીમાં તો બહુચર માતાનું ધામ આવેલ છે. એક બાજુ વિશ્વ વિખ્યાત મોઢેરાનું સૂર્ય મંદિર તો બીજી બાજુ મારુતિ સુઝૂકી અને હોન્ડા જેવા ઉદ્યોગો આવેલા છે. પરંતુ બન્ને રોડ રસ્તા મહેસાણાથી વાયા બલોલ બેચરાજી, મહેસાણાથી વાયા મોઢેરા બેચરાજી રસ્તાઓ એકદમ ખખડધજ અને બિસ્માર હાલતમાં છે. મારૂતિના ભારેખમ વાહનો, કન્ટેનરો એની ઉપરથી અવર-જવર કરે છે. અવાર-નવાર અકસ્માતો થઇ રહ્યા છે તો આ રોડ-રસ્તા મંજૂર તો થઇ ગયા છે પણ હજુ કામ ચાલુ થયું નથી તો સત્વરે આ બંને રોડ-રસ્તાના કામ ચાલુ થાય એવી પણ વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા ''**બેટી વચાવો, બેટી પઢાવો**'' ની વાતો તો કરીએ છીએ. પરંતુ આ રાજ્યની દીકરીઓ જ્યારે એલ.આર.ડી.ની પરીક્ષામાં સરકાર સામે ૭૨-૭૨ દિવસ ગાંધીનગરમાં આંદોલન કરવા બેઠી હોય ત્યારે આપણને એક મિનિટનો ટાઇમ પણ નથી મળતો? આ રાજ્યની દીકરીઓ માટે સરકારે સંવેદના દાખવવી જોઇએ. પરંતુ એક પણ મંત્રીશ્રી અથવા તમારા કોઇ અધિકારી એમને મળવા ગયા નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ બાપુ વાતો તો ઊંચા અવાજે કરતા હોય છે. કાયદો અને વ્યવસ્થાની વાત કરીએ તો કાયદો જ્યારે આપણે બનાવીએ છીએ પછી મોટા મોટા હોર્ડીંગ્સ લગાવીને વાહવાહી પણ આપણે કરીએ છીએ. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, અમારા મહેસાણાની અંદર સૌથી વધારે જો ક્રાઇમનું હબ બન્યું હોય તો એ મહેસાણાનું કડી છે. કડીની અંદર છાસવારે બનાવો બનતા હોય છે. કડીની અંદર બે વર્ષમાં ૨૦ મર્ડરો થયા છે. કડીમાં લૂંટ પણ એટલી થાય છે તો સાહેબ, આ વસ્તુને રોકવા માટે કાયદાનું પાલન થાય એવી પણ મારી વિનંતી છે અને સાહેબ, કોઇપણ એરિયા હોય કે વિસ્તાર હોય ત્યાં ક્રાઇમ અટકાવવો એ આપણી જવાબદારી છે. ઉદ્યોગોની વાત આપણે કરતા હોઇએ છીએ ત્યારે ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન માનવામાં આવે છે. પરંતુ કેન્દ્રમાં ભાજપની સત્તા ઉપર આવેલી આ સરકાર જી.એસ.ટી. અને નોટબંધી જેવા મોટા નિર્ણયોના કારણે નાના-મધ્યમ ઉદ્યોગોને મરણતોલ ફટકો પડ્યો છે. ૪ લાખથી વધારે નાના ઉદ્યોગો મંદીની ઝપટમાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભરતસિંહજી આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય) મારી પાસે એક સેકન્ડ વધારે નથી કે એક સેકન્ડ ઓછી નથી. મેં પૂરતો સમય આપ્યો છે. માનનીય રાજેન્દ્રસિંહજી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં પરિશ્રમી નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ સાહેબ રૂપિયા ૨,૧૭,૨૮૭ કરોડનું બજેટ લઇને આવ્યા છે એના અનુમોદનમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એક સમૃદ્ધ રાજ્ય બન્યું. એ ગુજરાત રાજ્યની અંદર જે આંતર માળખાકીય સુવિધાઓ આ સરકારની નીતિઓના કારણે આપણને પ્રાપ્ત થઇ છે. એમાં બજેટ, માનનીય નરેન્દ્રભાઇ આ દેશના વડાપ્રધાનશ્રીએ જે લક્ષ્ય ૮ ટ્રીલિયન ડોલર એટલે લગભગ રૂપિયા ૩૬૦ લાખ કરોડનું અર્થ વ્યવસ્થાનું કદનું જે લક્ષ્ય નક્કી કર્યું છે એમાં બજેટ આપણને સર્વગ્રાહી રીતે અનુકૂળ થશે અને એનું પાયોનિયર બનશે. માર્ગ અને મકાન વિભાગ ઉપર આદરણીય નાણામંત્રીશ્રીએ જે ૧૦,૨૦૦ કરોડ રૂપિયાની માગણી કરી છે એના સમર્થનમાં મારા વિચારો પ્રગટ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧,૧૪,૦૦૦ કિલોમિટર ઉપરાંતના રસ્તાઓનું રાજ્યવ્યાપી નેટવર્ક છે અને એમાંય નોન-પ્લાન અને પ્લાનના રસ્તાઓ ગ્રામિણ અર્થતંત્રને મજબૂત કરે છે એવા લગભગ ૬૧,૦૦૦ કિલોમિટરના રસ્તાઓનું નિર્માણ આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયું છે. હમણાં જ માનનીય જીજ્ઞેશભાઇ એવું કહેતા હતાં કે ગ્રામિણ અર્થતંત્રનું આ ફોકસ પાડતું બજેટ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત એમને કહેવા માગું છું કે, એમણે બજેટનો અભ્યાસ કર્યો હોત તો જે ગ્રામિણ અર્થતંત્ર મજબૂત થાય એ દિશામાં એ કિસાનોની વાત હોય, એ મહિલાઓની સશક્તિકરણની વાત હોય કે વિદ્યાર્થીઓની વાત હોય એ તમામ ક્ષેત્રે આ બજેટ દુરોગામી અસરો ગુજરાતની સમૃદ્ધીમાં કરશે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગુજરાત મેડિકલ હબ બન્યું છે એના મૂળમાં કારણ જોઇએ તો રાજસ્થાન અને મધ્યપ્રદેશથી હજારોની સંખ્યાઓમાં દર્દીઓ અહીંયા સારવાર લેવા આવે છે. એમાં પણ આ રસ્તાઓનું જે નેટવર્ક છે. કોઇ મને રાજસ્થાનના એક સંસ્કૃતના પ્રોફેસર મળ્યાં. એમણે મને વાત કરી કે ઋગ્વેદમાં એવું કહેવાય છે કે તમને ચારે દિશાએથી સુંદર વિચારો પ્રાપ્ત થાઓ. પણ એ પ્રોફેસરે મને એમ કહ્યું કે ગુજરાતના રસ્તાઓ આપણે જોઇએ છીએ, જે કનેકટીવીટી જોઇએ છીએ એના કારણે અમારું હૃદય ખૂબ આનંદિત થાય છે. દવા કરતા પણ દુવાઓથી અમારા દર્દીઓ ઝડપભેર સાજા થાય છે. એવી જ મહત્વકાંક્ષી યોજના જે આનંદીબેનના

નેતૃત્વમાં શરૂ થયેલી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના મને ગર્વ સાથે કહેવાનું મન થાય છે કે લગભગ ૧૦૦૦૦ કરોડ રૂપિયાનો જે પહેલો તબકકો હતો એમાં આપણે લગભગ ૧૧૦૦૦ કિલોમીટર ઉપરાંતના સંપૂર્ણ કામો પૂરા કર્યા. એટલે એ પ્રમાણે પણ ગ્રામિણ અર્થતંત્ર પશુપાલનની બાબત હોય, દૂધ ઉત્પાદકોની બાબત હોય, ખેડૂતોની બાબત હોય, બાળકોના શિક્ષણની બાબત હોય, આ તમામ ક્ષેત્રે આ કનેકટીવીટીના કારણે આપણને ખૂબ લાભ થયા છે. જે પ્રમાણે સાબરકાંઠામાં છેલ્લા ૩ વર્ષમાં અમારી ૨૪ લાખની વસ્તી છે. સાબરકાંઠામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૬૫૧ કરોડ રૂપિયાના કામો માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા. એમાંથી લગભગ ૫૦ ટકા કામો પૂર્ણ થઇ ગયા છે અને લગભગ ૧૨૪૪ કિલોમીટરના રસ્તાઓની એમાં જોગવાઇ હતી. હિંમતનગરની વાત કરીએ તો લગભગ છેલ્લા ૩ વર્ષમાં ૧૯૦ કરોડ રૂપિયાની માતબર રકમના કામો આ સરકારે મંજૂર કર્યા છે એટલે જેટલા અભિનંદન માનનીય નીતિનભાઇ સાહેબ અને માનનીય વિજયભાઇને આપીએ એટલા ઓછા છે. એ જ પ્રમાણે માર્ગ અને મકાન વિભાગે જે સામાજિક સમરસતાની હોસ્ટેલ હોય, આઇ.ટી.આઇ. કોલેજ હોય, કે નવીન સરકારી પ્રાથમિક શાળાઓની મંજૂરી પણ આપણને આપી છે. એમાંય મારા વિસ્તારમાં ૧૦૦ ટકા બક્ષીપંચની કાંગડા, લીખી અને અદાપુર ગામની નવી સરકારી શાળાઓ માટે પણ આ સરકારે જોગવાઇ કરી છે એટલે હું હ્રદયપૂર્વક એમને અભિનંદન આપું છું. આમ તો એવું કહેવાય છે કે માર્ગ જોડે અને અત્યારે દેશની સાંપ્રત પરિસ્થિતિમાં કેટલાક પોલિટીકલ આગેવાનો સમાજને જયારે તોડવા જઇ રહ્યા છે ત્યારે આ માર્ગ અને મકાન વિભાગની માર્ગો જોડવાની યોજનાઓ થકી આ ગુજરાત સમૃદ્ધ બનશે અને સમૃદ્ધ તો છે જ પણ જે લક્ષ્ય આપણું છે કે ઉત્તમમાંથી સર્વોત્તમ બને એ દિશામાં સૌ સહિયારો પ્રયાસ કરીએ. કોઇએ બહુ સરસ કહ્યું છે કે સમજણનો સબંધ એ જ ખરો સેતુ, બાકી બીજા બધા રાહુ કેતુ. વંદે માતરમ. ભારત માતા કી જય.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર લઇને આવ્યા છે ત્યારે હું એમાં મારું આકલન કરવા માગું છું. આ બજેટની અંદર રૂપિયા ૩૭૯૫ કરોડ પાકની નુકસાની માટેની જોગવાઇ જે કરવામાં આવી છે પણ છેલ્લે આપણે આ વર્ષની અંદર જામનગર અને સૌરાષ્ટ્રમાં પુષ્કળ વરસાદ થયો. એક ઇંચથી ઓછો વરસાદ થાય તો આપણે ૪૦૦૦ રૂપિયા એક હેકટર દીઠ આપવાની વાત હતી અને મારા વિસ્તારમાં તો બધે જ કમોસમી વરસાદ છે એ બે ઇંચ શું પણ ૧૦-૧૦ ઇંચ સુધી પહોંચ્યો એટલે આમાંથી આપણે જે એને પાક નુકસાની પેટેની સહાય ચૂકવવાની હતી એ કોઇ વિસ્તારમાં માત્ર આખા ગુજરાતની વાત લઇએ તો રૂપિયા ૧૨૦૦ કરોડની વાત છે. બાકી મારા જે મત વિસ્તાર છે એમાં તો બાંગા હોય, બેરાજા હોય, કામલતીફર હોય, કામ જસાપર હોય. મને ખેડૂતોના સતત ફોન આવે કે અમારા ખાતામાં પૈસા આવ્યા નથી. અમે તો કંઇ સરકારમાં છીએ નહીં. અમે રજૂઆત કરીએ. ફાઇનાન્સ મિનિસ્ટરને રજૂઆત કરીએ, અમારા કૃષિ મંત્રીશ્રી આર.સી. ફળદુને રજૂઆત કરીએ પણ પૈસા નાખવાની સત્તા એમની પાસે છે. ત્યારે ખૂબ દુઃખ સાથે કહેવું પડે કે માત્ર ૭૨ કલાકમાં ઓનલાઇન અરજી કરી હોય અને આજ સુધી પૈસા ન મળે એ વિચારવાલાયક છે. કૃષિ અને ખેડૂતના કલ્યાણ માટે રૂપિયા ૭૪૨૩ કરોડની જોગવાઇ અને એની અંદર આપણે ટેકાના ભાવે મગફળી ખરીદવી આ પ્રકારની આ ખેડૂતોને આપણે સહાય કરીએ છીએ. કારણ કે આપણે ખુલ્લા બજારમાં ભાવ નથી આપી શકતા. એક સમયે કોંગ્રેસની સરકાર હતી જેમાં ટેકાના ભાવે મગફળી વેચવી નહોતી પડતી. અહીંયા મજબૂરી છે કે ટેકાના ભાવે મગફળી વેચવી પડે છે. ત્યાં શું પરિસ્થિતિ છે? મોટામાં મોટી લાઇનો લાગે છે. ૧૧ વાગ્યે ટ્રેલર ભરીને મગફળી વેચવા માટે જાય તો ૧૨ કલાક પછી નંબર આવે અને જોવડાવે તો મગફળીમાં ભેજ આવે છે તેમ કહીને માંડવીનો માલ રિજેક્ટ થાય અને આમાં રથી ૫ હજારનો વહીવટ કરે તો મગફળી ક્વોલિટીવાળી થઇ જાય અને ખરીદી લે. આમ, વ્યાપક પ્રમાણમાં મગફળીમાં ભ્રષ્ટાચાર થયો. એના માટે મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપવા માટે જઇએ તો અમારે ૫૫ કલાક સુધી ભૂખ્યા રહેવું પડે, ત્યાં અન્નનો દાણો પણ મળે નહિ. એવા અધિકારી મૂક્યા છે કે અમારી સામે વાત ન કરે. અમે મામલતદાર કચેરીમાં ઓફિસરને આવેદન આપીને પરિસ્થિતિથી વાકેફ કરવા માટે ગયા હતા કે આ મગફળીમાં ભ્રષ્ટાચાર થાય છે. ખેડૂતો પાસેથી પૈસા લેવાય છે અને અમારું આવેદન સ્વીકારે નહિ. કેવા અધિકારી આપેલ છે? અમારી રજૂઆત પણ ચાર ફૂટ દૂર રહીને સાંભળે. આવા તુમારશાહી નવા ભરતીના અધિકારીઓ છે. બધાને ખબર છે. આંદોલન પણ ૫૫ કલાકથી ભૂખ્યા રહીને કર્યું છે. ઉંમરલાયક હોય એમને તો હાઇ બી.પી. અને અમુકને તો લો બી.પી. થઇ ગયું. આ પ્રકારની પરિસ્થિતિ ખેડૂતો માટેની આ અસંવેદનશીલ સરકારમાં છે. કૃષિ મંત્રીશ્રી એ વિસ્તારના અને એમની કર્મભૂમિ હોય તો પણ એમાં સંવેદના જાગૃત ન થાય એ દુઃખનો વિષય છે. આ બાબતે ધ્રોલની અંદર ૨૫ ટકા વીમો આપવાની વાત છે. આજ સુધી કોઇ વીમો ચૂકવવામાં આવ્યો નથી. રાજકોટમાં ખેડૂતોએ મગફળી વેચી એના ૧૨ મહિના થયા હજુ સુધી પૈસા ચૂકવવામાં આવ્યા નથી. જૂનાગઢમાં તુવેરદાળનું જે કુલ ઉત્પાદન થયું એના કરતા ૫ ગણી તુવેરદાળની ખરીદી થઇ છે. આશ્ચર્યની વાત છે કે ઉત્પાદન કરતા ખરીદી કેવી રીતે વધી? તપાસનો વિષય છે. શિક્ષણની વાત લઇને આવ્યા છે.

**પોઇન્ટ ઓફ કલેરિફિકેશન**

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મારું પોઇન્ટ ઓફ કલેરિફિકેશન છે. શ્રી પ્રવિણભાઇ મુસડિયાએ કહ્યું કે ખેડૂતોએ મગફળી વેચી તેના ૧૨-૧૨ મહિના થયા છતાં પૈસા મળ્યા નથી. આ રાજયમાં આ વર્ષે ૨૫૦૦ કરોડ રૂપિયાના ટેકાના ભાવથી મગફળી ખરીદવામાં આવી છે. હવે માત્ર ૧૨૫ કરોડ બાકી રહ્યા છે. એક અઠવાડિયામાં આ કામગીરી પણ પૂરી થઇ જશે.

ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૩૧,૯૫૫ કરોડની શિક્ષણ ક્ષેત્રે જોગવાઇ થઇ, એમાં ૫૦૦૦ વર્ગખંડ એટલે કે ઓરડાઓ એ રૂપિયા ૬૫૦ કરોડના ખર્ચે બનાવવાની વાત છે. હમણાં હમણાં ગામડાઓની ૫,૦૦૦ શાળા બંધ થવા જઇ રહી છે. ત્યાં શિક્ષણનું વહીવટી તંત્ર કથળી ગયું છે. એની અંદર પાછા આપણે રૂપિયા ૬૫૦ કરોડના ખર્ચે ઓરડા બનાવીશું એ પણ આપણને જાદુઉ આંકડા લાગે છે. હું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વાત કરવા માગું છું. વર્ષ ૨૦૧૮-૧૯માં વણવપરાયેલી રકમ રૂપિયા ૭૬,૮૩૦ લાખ રકમ છે, એ આ પછાત ગરીબ વર્ગ માટે વાપરવી જોઇએ જે વપરાતી નથી.

અધ્યક્ષશ્રી : આપનું વ્યકતવ્ય પૂરું થાય છે. શ્રી શીવાભાઇ આપને શું કહેવાનું હતું?

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : મારા મત વિસ્તારમાં પાંચ ખેડૂતો છે એમાંથી એક ખેડૂતને પૈસા મળ્યા નથી. મારી પાસે નકલ છે. તા.૫-૨-૨૦૧૯ના રોજ મગફળી ખરીદી છે. આજ સુધી એના ખાતામાં પેમેન્ટ નાખ્યું નથી.

અધ્યક્ષશ્રી : મેં એમને ઉભા કર્યા છે. મને લાગ્યું કે એમની સંવેદના છે. મંત્રીશ્રી સંવેદનાથી જોશે. આપ મંત્રીશ્રીને મળી લેજો.

શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ વર્ષ ૨૦૨૦-૨૧નું ૨,૧૭,૨૮૭/- કરોડ રૂપિયાનું જે બજેટ લઇને આવ્યા છે તેને સમર્થન કરવા અને કાયદો તથા ન્યાયતંત્રનું બજેટ જે રૂપિયા ૧૬૮૧ કરોડનું લાવ્યા છે તેને સમર્થન આપું છું.

માનનીય નાણામંત્રી અને કાયદામંત્રીને એક વકીલ તરીકે વકીલોના વેલફેર માટે પાંચ કરોડ રૂપિયા ફાળવવા માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપ પણ વકીલ છો. જયારે વકીલો વકીલાત માટે વકીલપત્ર મૂકે ત્યારે તેમાં ટિકિટ ચોંટાડી ફંડ એકત્રિત કરતા હતા. વકીલોની આર્થિક પરિસ્થિતિ ખૂબ સારી હોતી નથી. આકસ્મિક રીતે કોઇ બિમાર પડે, કોઇનું મૃત્યુ થાય તો ફંડમાંથી નોમીનલ રકમ આપવામાં આવતી હતી. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વ્યથાને સમજી પાંચ કરોડ રૂપિયાનું બજેટ આપ્યું છે એટલે ફરીથી હું અભિનંદન આપું છું. મેં વર્ષ ૧૯૭૭માં વકીલાત શરૂ કરેલી તે વખતે ગાંધીનગર ખાતે કોર્ટ ન હતી. બધા કેસ કલોલ કોર્ટમાં ચાલતા હતા. ગાંધીનગરનો જેમ જેમ વિકાસ થતો ગયો ત્યારે અમે માગણી કરીને કોર્ટ લાવ્યા તો સેકટર-૩૦માં એક રહેણાંકના મકાનમાં વર્ષ ૧૯૭૮માં કોર્ટ આપી. ત્યારથી અમે કોર્ટના અલગ મકાન માટે વારંવાર માગણી કરતા હતા પણ તેના તરફ કોઇ લક્ષ આપવામાં આવ્યું નથી. જયારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું તે પછી વર્ષ ૨૦૦૧માં અમોને અલગ કોર્ટ એસ.ટી. ડેપોની બાજુમાં આપી છે. આજે ત્યાં ત્રણ માળનું મકાન છે તે પણ નાનું પડે છે. આજે તે જ કોર્ટની બાજુમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બીજી જમીનની ફાળવણી કરી છે. કાયદો અને ન્યાયતંત્ર માટે આ સરકાર ખૂબ ચિંતિત છે. ગુજરાત ઔદ્યોગિક રાજય છે અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસનો આટલો બધો વિકાસ થયો હોય ત્યારે તેના માટે મજૂર અદાલતો અને ઔદ્યોગિક અદાલતોની સ્થાપના કરવામાં આવી છે. તેની સાથે સાથે જયારે મહિલાઓની ચિંતા કરીએ છીએ ત્યારે મહિલાઓ માટેની ફેમિલી કોર્ટની રચના કરવામાં આવી છે. દલિત સમાજ, એસ.સી, એસ.ટી. સમાજ માટે સ્પેશિયલ કોર્ટની રચના કરવામાં આવી છે. જયારે આજનો જમાનો વિકસિત થયો હોય અને વૈજ્ઞાનિક રીતે ગુનાઓનું પ્રમાણ વધ્યું હોય ત્યારે તે ગુનાઓને પકડવા માટે કાયદા વિભાગ સાથે ગૃહ વિભાગ પણ તે રીતે કામ કરે છે. આવા ગુનેગારોને પકડે અને કોર્ટમાં રજૂ કરે ત્યારે કોર્ટની અંદર પણ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. તે કેમેરાની દેખરેખ નીચે કોર્ટમાં કેસ ચાલતા હોય ત્યારે કોર્ટ ઉપર કે વકીલો ઉપર કોઇ અંગુલી નિર્દેશ ન કરે તે માટે આવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. તેની સાથે સાથે આજે જયારે આપણે સૌ ગુજરાતના વિકાસની ચિંતા કરીએ છીએ ત્યારે કહેવાનું મન થાય કે રાજયનો વિકાસ ત્યારે જ થાય કે જે રાજયમાં કાયદો અને વ્યવસ્થાનું સારી રીતે પાલન થતું હોય અને લોકો શાંતિથી રહેતા હોય. ગુજરાત આજે ભારતમાં વિકાસની દષ્ટિએ પ્રથમ રાજ્ય છે. ત્યારે ગુજરાતમાં વકીલોની ચિંતા કરીને લો યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. તેમાં કાયદાના સ્નાતકો છે તે સારું નૉલેજ લઇ ન્યાયતંત્રમાં જોડાય અને તેના માટે સરકાર ખૂબ ચિંતિત છે. આપણે સૌએ જોયું કે પોસ્કોનો કાયદો લાવીને તેના માટેની સ્પેશિયલ કોર્ટ બનાવી છે. આ પોસ્કોના કાયદા મુજબની કોર્ટમાં બાળ ગુનેગારોના કેસ એક જ વર્ષમાં ચલાવવામાં આવે તે રીતે સરકારે આયોજન કર્યું છે. આજે ગુજરાત બધી જ રીતે આગળ વધી રહ્યું છે. જે મહિલાઓ નોકરી, વેપાર કરે છે તેમને કોર્ટમાં જવા અને ન્યાય મેળવવામાં તકલીફ ન પડે તેના માટે મોર્નિંગ અને ઇવનીંગ કોર્ટની રચના કરવામાં આવી છે. માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રીએ ગુજરાતની પ્રજા માટે અને ગ્રામિણ વિસ્તારની ખૂબ ચિંતા કરી અને મધ્યમ વર્ગની ખૂબ ચિંતા કરી છે અને સારું બજેટ લાવ્યા છે એ બદલ હું એમનો આભાર માનું છું અને મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાને ૧૫મી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ સંબોધનમાં કહ્યું હતું કે પાંચ વર્ષમાં નલ સે જલ દરેક ઘરમાં પાણીની સુવિધા પૂરી પડે અને દરેક મહિલાની સમસ્યાનું નિરાકરણ આવે એવું તેમનું જે સપનું છે. ત્યારે એ માટે પાણી પુરવઠાની અંદર રૂપિયા ૪૩૦૦ કરોડની જે જોગવાઇ કરી છે એ બદલ નાણામંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, હમણાં જ પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ દરેક જિલ્લામાં ફરી

અને પાણી પુરવઠાની તાલુકાવાઇઝ શું પરિસ્થિતિ છે અને પાણીની શું સમસ્યા છે અને આવનારા દિવસોમાં ઉનાળો આવવાનો હોઇ ખૂબ પાણીની જરૂરિયાત ઉભી થવાની હોય તો અગાઉથી એમણે જે ચિંતા કરી છે એ બદલ હું પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજે જયારે હું પાણી પુરવઠા વિભાગ માટે બોલવા ઉભો થયો છું ત્યારે મને જણાવતા આનંદ થાય છે કે, રાજય સરકારે ફળિયાઓની પણ ચિંતા કરી છે અને બજેટમાં ૮૦૦૦ જેટલા ફળિયાઓ જોડવા માટે તેમજ જરૂરિયાત મુજબ પાણીની સંગ્રહ શક્તિ ઉભી કરવા માટે રૂપિયા ૧૦૦૦ કરોડની જોગવાઇ કરેલ છે તે બદલ ગુજરાતની પ્રજાવતી આદરણીય નાણામંત્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એ જે વાત કરવા માગે છે અને વારંવાર મારું ધ્યાન એ બાજુ કરે છે ત્યારે મારે એક વાત કહેવી છે કે, પોતાના વિસ્તારને દ્વારકા બનાવવું હોય તો જીતેલું મથુરા છોડવાનું પણ સાહસ જોઇએ. એટલે તમે વારેવારે ન પૂછતા તમારું શું થયું? મારું સારું થયું છે અને મેં એવી જગ્યાએ માગણી કરી હતી કે મને વિશ્વાસ હતો કે મારા દરેક કામની ચિંતા આ સરકાર કરશે અને મને નિરાશ નહીં કરે અને મારી પ્રજાને નિરાશ નહીં કરે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીને કહેવું છે કે, સાવલીની અંદર મારી ત્રણ યોજનાઓની મારી ત્રણ દરખાસ્તો છે. સાવલી પાણી પુરવઠા યોજના, પૂર્વ ચાંપાનેર યોજના અને દેસર પાણી પુરવઠા યોજના આ ત્રણ દરખાસ્તો અહીંયા આગળ સરકારમાં પડી છે. શ્રી કુંવરજીભાઇ પણ ખૂબ અંગત રીતે એમાં રસ લે છે અને માનનીય નાણાં મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ રજૂઆત કરેલી છે અને મને વિશ્વાસ છે કે એ થશે. સાથે સાથે મારે એ વસ્તુ કહેવી છે કે, મધ્ય ગુજરાતમાં જયાં ગામતળમાં બોર કરીએ છીએ અને એમાં પાણી નથી આવતું તો અમારે ગામતળ બહાર જઇને બોર કરવો પડે છે પણ એમાં ૨૪ કલાકનું લાઇટ કનેકશન મળતું નથી તો અમારા સમગ્ર મધ્ય ગુજરાતવતી કહેવું છે કે બીજી કંપનીઓમાં એ મળે છે પણ એમ.જી.વી.સી.એલ.માં જ નથી મળતું. તો મારા મધ્ય ગુજરાતવતી આપને વિનંતી છે કે, પાણી માટે વારીગૃહોને ૨૪ કલાકનું લાઇટ કનેકશન આપે. ઉર્જા મંત્રીશ્રીને પણ મેં રજૂઆત કરી અને એમણે પણ પોઝિટિવ કહ્યું કે પાણી પુરવઠા સાથે ચર્ચા કરી અને કરીશું. ત્રીજી મારી એક વિનંતી છે કે, નદીએથી પાણી લઇ જઇએ છીએ, નદીએ બોર કરાવીને ગામમાં પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરતી વખતે એસ્ટીમેટ બહુ મોટો આવે છે. પંચાયતોની કેપેસીટી નથી હોતી એટલે પંચાયત એટલા પૈસા ભરી શકતી હોતી નથી. એમાં પાણી પુરવઠા કંઇક મદદ કરી અને ગ્રામ પંચાયતને સહાયરૂપ બને તેનાથી પણ સારું એવું નિરાકરણ આવી શકે છે. બીજી એક વસ્તુ કહું કે હમણાં જે મેં વાત કરી છે, ખૂબ દિલથી કહું છું, મને કદાચ એક અંદર કંઇક હોય તો કહેવાની પણ ટેવ છે અને સારું કહેવાની પણ ટેવ છે, હું માત્ર વિરોધપક્ષની જેમ સારું હોય તો પણ ખોટું કહેવા ટેવાયેલો નથી. મારા વિપક્ષના મિત્રોને હું કહેવા માગું છું કે, સારાને સારું કહેતા શીખો તો આપણા વિસ્તારનું હિત થાય અને આપણું પણ હિત થાય. પણ માત્રને માત્ર વિરોધ ન કરતા, વિરોધ વિરોધની જગ્યાએ છે પણ સરકાર આજે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની છે, કેન્દ્રમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે પણ આજેય કહું કે વિસ્તાર સારો હશે તો જ આપણું પ્રતિનિધિત્વ સારું દેખાશે. શ્રી શૈલેષભાઇ આપ તો બહુ જૂના છો, જીતતા આવ્યા છો, વિસ્તારમાં કામ કરતા આવ્યા છો, ૨૫ વરસથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. કામ થાય છે તો જ તમે જીતો છો, એમને એમ તો જીતાતું નથી, એટલે હું માનનીય નાણાં મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આભાર.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. જ્યારે ગૃહની અંદર વડીલ મુરબ્બી શ્રી નીતિનભાઇ બજેટની સ્પીચ વાંચતા હતા ત્યારે મને અહેસાસ થતો હતો કે આજે આઠમી વાર બજેટ રજૂ કરી રહ્યા છે અને ગુજરાતની જનતા જેણે બાવીસ બાવીસ વરસ સુધી મત આપ્યા છે તો શ્રી નીતિનભાઇ એક માર્કેબલ અથવા ડીસાઇઝેબલ એક દિશાસૂચક, એક નોખું બજેટ લાવશે એવી મારી એક અપેક્ષા હતી અને શ્રી નીતિનભાઇની હું સ્પીચ સાંભળતો હતો ત્યારે પણ મને એવું થતું હતું કે આમાંથી કંઇક એવું નીકળી આવે કે મારા ગુજરાતના યુવાનોને રોજીરોટી મળે, મારા ખેડૂતોના પ્રશ્નો સોલ્વ થાય પણ મને કહેતા દુ:ખ થાય છે કે મારી આમાંથી એક પણ આશા ફળીભૂત થઇ નથી. હું આપને એ કહેવા માગું છું કે કોઇપણ રાષ્ટ્ર, કોઇપણ જ્ઞાતિ કે કોઇપણ સમાજનું તમારે અધઃપતન કરવું હોય તો એને મફત દેવાની ટેવ પાડો. માનનીય નીતિનભાઇ હું આ સ્પષ્ટ માનું છું કે તમારા અને મારા બધા વડીલોએ જાતમહેનત કરીને પ્રગતિ કરી છે, મારી પાર્ટી મારા વિચારોથી કદાચ વિભિન્ન પણ હોઇ શકે પણ હું એવી પાર્ટીમાંથી છું કે કોંગ્રેસએ પાર્ટીએ અમને બોલવાની સ્વતંત્રતા આપી છે. એટલા માટે હું કહી શકું છું. હમણાં શ્રી કેતનભાઇ ઇનામદાર સાહેબે વાત કરી ત્યારે એમણે પણ ઉલ્લેખ કર્યો ત્યારે મારે શ્રી કેતનભાઇને કહેવું છે કે એ માણસ જ બોલી શકે કે કોઇના સિમ્બોલનો મોહતાજ નથી. એટલે એ પાર્ટી સામે બોલી શક્યો હતો. બાકી સિમ્બોલનો મોહતાજ હોત તો એ પણ ના બોલી શકત. હું નાણામંત્રીશ્રીને એ કહેવા માગું છું. ગાય આધારિત ખેતી, બહુ સરસ નામ લાગે શ્રી નીતિનભાઇ પણ વરસના અંતે આપણે જેને દસ હજાર રૂપિયાની સહાય આપીએ અને એના માટે તંત્ર કેટલું કામે લાગશે, એ દસ હજાર રૂપિયા લેવા માટે લોકો કેવા લાઇનમાં ઉભા રહેશે, આપણે ખેડૂતને જગતનો તાત કહીએ છીએ, આપણે જેને અન્નદાતા કહીએ છીએ. એને બે બે હજાર રૂપિયાની સહાય લેવા માટે ગુજરાતની જનતાને લાઇનમાં ઉભી રાખી છે. એ તંત્ર નથી, તમે વીમો આપી શકતા નથી. જેની પાસે પ્રિમિયમ ભરીને તમે કરોડો રૂપિયા આ સરકારના ટેક્સ પેયર્સના પૈસા ચૂકવ્યા છે એ વીમા કંપની શું આ ભારત દેશનો વડાપ્રધાન છે? શું આ દેશના વડાપ્રધાન આટલા તાકાતવાળા હોવા છતાં વીમા કંપની સાથે પરામર્શ કરવો પડે, આપણે ગૃહમાં પાર્ટીના, ગુજરાત રાજ્યના ખેડૂતમંત્રી એમ કહે કે વીમા કંપની ખેડૂતોની મશ્કરી કરે છે. શેના માટે મશ્કરી કરવા દઇએ

છીએ? આપણે શેના માટે આપણે એના મોહતાજ છીએ? શું મુકેશ અંબાણી આ દેશનો વડાપ્રધાન છે? આ શ્રી નરેન્દ્ર મોદી છે. તમે છાતી ઠોકીને કહો છો આપણો ૫૬ ઇંચની છાતીવાળો વડાપ્રધાન છે તો આ વીમા કંપની પાસે કેમ આપણે લાચાર છીએ? ગુજરાતની જનતા – ખેડૂતો પૂછે છે. મને આ બજેટમાં આશા હતી કે ગામડું અને શહેર, કોઇપણ રાષ્ટ્ર આજે તમે ચાઇના જાઓ તો પણ ખબર પડે કે શહેરીકરણની જે દોટ ફૂટી છે, ગામડામાં યુવાનો આજે બેકાર છે, યુવાનોના બિચારાના સગપણ નથી થતાં, ગામડામાં રહેતા બધા જ સમાજમાં આવી પરિસ્થિતિ છે અને એને નાછૂટકે જમીન વેચીને પરાણે શહેર તરફ જવું પડે છે. તો આ બજેટમાં મને આશા હતી કે ગામડાંની અંદર ઉદ્યોગો સ્થાપે તેને સેલટેક્સની માફી હોય, તેને ઇન્કમટેક્સની માફી હોય ત્યાં મારા યુવાનોને રોજી–રોટી મળે તાલુકા હોય આ જસદણમાંથી શ્રી કુંવરજીભાઇ આવે છે. વિંછીયા તાલુકામાં આજે બહેનો બિચાડી ૨૫ રૂપિયામાં ટીકા સાડીઓમાં ટાંકીને આખો દિવસ તેની આંખો ફોડે છે ત્યાં આપણે તેને રોજી–રોટી આપવા માટે આપણા બજેટમાં પ્રોવિઝન નથી તેનું મને અત્યંત, ભયંકર દુઃખ છે. એટલા માટે માનનીય નીતિનભાઇ સાહેબને હું એવું કહું છું કે તમને ૨૨ વર્ષથી આ ગુજરાતની જનતા શાસન આપતી હોય તો એક લેન્ડમાર્ક બજેટ આપે રજૂ કર્યું હોત તો ગુજરાતની જનતા આપને લાખ લાખ ધન્યવાદ આપત અને અમને પણ એમ થાત કે ના હમણાં જ શ્રી નીતિનભાઇ કહેતા હતા કે હું એકલો છું તો અમે બધા સાથે ચાલીને નીકળી પડત કે શ્રી નીતિનભાઇ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના નાણામંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ સાહેબ વધુ ગતિ પકડવા માટે ૨ લાખ ૧૭ હજાર ૨૮૭ કરોડ રૂપિયાનું જે બજેટ લઇને આવ્યા છે તે બજેટને હું ખૂબ અભિનંદન આપું છું અને શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇ સાહેબનો ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ ત્યારે આદિવાસી વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય અને એ સર્વાંગી વિકાસને ઘ્યાનમાં રાખીને આ વખતના બજેટમાં આદિવાસી વિસ્તાર માટે ૧૪૧૦૬ કરોડ રૂપિયાનું જે બજેટ આપ્યુ છે તે બદલ પણ હું આ સરકારનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં હું શ્રી નીતિનભાઇ સાહેબનો અને શ્રી વિજયભાઇ સાહેબનો ખૂબ આભાર માનું છું કે આ વખતે ત્રણ મેડિકલ કોલેજ આપી એમાં બે આદિવાસી જિલ્લાને આપી એક રાજપીપળાને અને નવસારીને આપી. આ બન્ને મેડિકલ કોલેજ જયારે આદિવાસી વિસ્તારને આપે છે તે બદલ પણ હું સરકારનો ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં ખાલી વનબંધુ પેકેજ સાથેનો પ્રશ્ન નથી પરંતુ આદિવાસી વિસ્તારની અંદર જયારે ડેમો બનતા હોય અને આદિવાસી વિસ્તાર જયારે સિંચાઇથી વંચિત રહી જતો હોય તે માટે પણ જે રીતે અમારી તબક્કાવાર જે ઉદ્વહન સિંચાઇ યોજના ચાલે છે તે માટે પણ રૂપિયા ૧૧૪૨ કરોડની આ વખતે જોગવાઇ કરવામાં આવી છે તે બદલ પણ હું સરકારનો આભાર માનું છું. એ જોગવાઇમાં મારા ગણદેવીના વાઘરેજ ટાઇડલ ડેમ માટે ૨૫ કરોડ રૂપિયાની પ્રાથમિક જોગવાઇ કરી છે તે બદલ પણ હું શ્રી નીતિનભાઇ સાહેબનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે શિક્ષણ વિભાગ મારો એક આદિવાસી ખરગામ તાલુકો ત્યાં પણ એક સાયન્સ કોલેજનો વર્ગ આપવા માટેનો વિચાર કરીને આ બજેટમાં જોગવાઇ કરી છે તે બદલ પણ હું સરકારનો આભાર માનું છું. અત્યારે મારા વિપક્ષના સભ્યો હોસ્પિટલોની, દવાખાનાની પણ વાત કરતા હતા, શાળાઓની પણ વાત કરતા હતા ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, આદિવાસીઓની ૧૨ જેટલી છાત્રાલયો માટે નવા મકાન માટે ૪૧ કરોડ રૂપિયાની જોગવાઇ થઇ એની સાથે સાથે દસ જેટલી બીજી કુમાર અને કન્યા છાત્રાલયની નવી મંજૂરી આપવામાં આવી છે. તે કોના બાળકો છે ? શેના માટે આ ચિંતા કરીએ છીએ ? માનનીય અધ્યક્ષશ્રી, એક પછી એક ખાલી એક વનબંધુ પેકેજના થકી અમારો વિકાસ થાય એવું નહીં! મારે આ સરકારને અભિનંદન આપવા છે અન્ય વિભાગો પણ એટલી જ કાળજી આ સરકારમાં આદિવાસી વિસ્તારની લઇ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય હોય, માર્ગ મકાન વિભાગ હોય, ઉર્જા હોય મારે આ શ્રી સૌરભભાઇ સાહેબને અભિનંદન આપવા છે. ગયા વખતે એકે એક આદિવાસી વિસ્તારની અંદર ૫૦ જેટલાં નવા સબ સ્ટેશનો આપવાના નિર્ણય સાથે એ આજે શરૂ થઇ ગયા છે. પહેલાંના જમાનામાં ૩૦–૪૦ કિલોમીટરના ફીડર ૨૫–૩૦ કિલોમીટરના ફીડર આજે ૧૦ કિલોમીટરના ફીડર કરીને જે રીતે ખેડૂતોને નાના ખેડૂત હોય કે મોટા ખેડૂત હોય પરંતુ તેને વીજ પૂરી ક્ષમતાવાળી મળે તે માટે પણ સરકારે ખૂબ સારી ચિંતા કરી છે. આજે પ્રાયમરી શાળાઓની ઘણી બધી વાત થઇ મને બરાબર ખ્યાલ છે. સાહેબ, મહિના બે મહિના પહેલાં કોઇ પણ પ્રકારની આપણી સરકારની એવી કોઇ વસ્તુ ના હતી કે આ શાળાઓ બંધ કરી દેવી છે. પરંતુ અમારા આદિવાસી વિસ્તારની અંદર રેલીઓ નીકળી, શાળાઓ બંધ કરી દેવાના આદિવાસી બાળકો કયાં જશે એવું એક પ્રકારનું ભયનું વાતાવરણ ઉભું કરીને હું આજે બહુ સ્પષ્ટ રીતે સામેના પક્ષને કહેવા માગું છું કે જો તમે આદિવાસી બાળકોનું હિત જોતા હો તો આદિવાસીનું બાળક નબળું રહેવું જોઇએ કે હોંશિયાર બનવું જોઇએ ? જવાબ આપો ? આજે ૧૦ કે ૧૫ બાળકો હોય અને મહેકમ પૂરતું ન હોવાના કારણે શિક્ષક ન હોય તો શું એ બાળકોને ન્યાય આપી શકે? વિષય પ્રમાણે આપણે બાળકોને ન્યાય આપી શકીએ, મોટા ઘરના અને તમારા છોકરાઓ જયારે ખાનગી શાળામાં જતા હોય, કોઇ શિક્ષકોના ખાનગી શાળામાં જતા હોય ત્યારે શું અમારા ગરીબ આદિવાસી બાળકો આવતા હોય તો એમને નબળા પાડવાનો તમારો વિચાર છે? એને નબળા રાખવા છે? આ શાળાઓ એ બંધ થાય તો એક કિલોમીટરના અંતરનો નિર્ણય લેવાયો છે. એક કિલોમીટરથી વધારે

અંતરની કોઇ શાળા બંધ થવાની નથી. આજે પણ આદિવાસી વિસ્તારની અંદર શાળાઓમાં કોઇપણ પ્રકારની ચિંતા કરવાનો વિષય નથી, છતાં પણ ભ્રામક પ્રચાર ચાલે છે અને અમારી સરકાર તેની પૂરતી ચિંતા કરી રહી છે. (અંતરાય) અમે તમારી લાગણી સાથે બંધાયેલા છીએ. અમે પણ આદિવાસી બાળકો અને આદિવાસી વિસ્તારનું હિત જોઇએ છીએ. અમે કોઇ બીજા વિસ્તારના નથી.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

મારા વિસ્તારની વાત કરું તો સરકારે જે વિમો મરજિયાત કર્યો છે એને માટે ૧૧૯૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. મારા વિસ્તારની વાત કરું તો શેરડીનો પાક થાય છે, આ શેરડીના પાકને વિમો આપવામાં આવતો નથી. એટલે આ વિમો જે મરજિયાત કર્યો છે, એમાં શેરડીના પાકનો સમાવેશ કરવામાં આવે. મારા વિસ્તારના ખેડૂતોને આ મરજિયાત વિમા યોજનાની અંદર સમાવેશ કરી એમને લાભ આપવામાં આવે એવી મારી વિનંતી છે.

મારા વિસ્તારમાં જે ખેડૂતો શેરડીનો પાક પકવતા હતા એમને આ કારખાના બંધ થઇ જવાના કારણે મુશ્કેલી ઉભી થઇ છે. આ રાજય સરકારે આ શેરડીના કારખાના જે બંધ થઇ ગયા છે તેને પુનઃજિવિત કરવા માટેની આ બજેટમાં જોગવાઇ કરી છે તો મારા વિસ્તારની કોડીનારની જે સુગર ફેકટરી બંધ થઇ ગઇ છે, તેના માટે ત્યાંના સ્થાનિક આગેવાનો કે સંચાલકો કે લોકો છે તેમના તરફથી કોઇ રજૂઆત નથી આવતી. હું આપશ્રીને અને સરકારને વિનંતી કરું છું કે આ ઉદ્યોગ ફરીથી પુનઃસ્થાપિત અને ધમધમતો થાય તો અંદાજે ૧૦ થી ૧૨ હજાર ખેડૂતોને એનો ફાયદો થાય તેમ છે. ખેડૂતો જે શેરડીનો પાક પકવે છે તેમને પૂરતો ન્યાય મળે તેમ છે. એટલે સરકારને વિનંતી છે આ વિસ્તારના ખેડૂતોને જે શેરડીનો પાક પકવે છે તેમને ન્યાય મળવો જોઇએ.

બીજી મત્સઘોગની વાત કરું તો દરિયા પટ્ટીની અંદર અત્યારે રૂપિયા ૧૫૦ કરોડની જે નવી જોગવાઇ કરી છે એ ૧૫૦ કરોડ રૂપિયાની જોગવાઇમાં નવી જેટી બનાવવાની વાત છે. પરંતુ આ ૧૫૦ કરોડ રૂપિયાની રકમ જેટી બનાવવા માટે ખૂબ જ ઓછી છે. કારણ કે નવા બંદરમાં સભ્યશ્રી પુંજાભાઇના આજના જ સવાલની અંદર એમને ૨૯૫.૮૫ કરોડ રૂપિયાની નવી જેટી આપવાની વાત કરી છે. જયારે અહીં જોગવાઇ કરી છે ૧૫૦ કરોડ રૂપિયાની, એટલે ૧૫૦ કરોડ રૂપિયાની જે જોગવાઇ છે એ ખૂબ જ ઓછી છે. સરકારને વિનંતી છે કે આ જોગવાઇમાં સુધારો કરી અને ફરીથી નવી વધારાની જોગવાઇ કરવામાં આવે. બબ્બે વખતથી જોગવાઇ કરે છે અને માઢવાડ બંદર પર જેટી બનાવવાની વાત છે તો આ માઢવાડ બંદરે જો જેટી બનાવવામાં આવે અને જેટી મંજૂર કરવામાં આવે તો ગીર સોમનાથ જિલ્લાનીઅંદર ૬૨ હજાર જેટલા માછીમારો રજિસ્ટ્રેશન થયેલા છે, એમને ન્યાય મળી શકે તેમ છે. એટલે એમના ત્યાં પણ નવી જેટી બનાવવાની જોગવાઇ કરવી જોઇએ. માઢવાડ બંદરની જેટીને પણ મંજૂરી આપવી જોઇએ અને આ અઢાર હાઇસ્કૂલો ટ્રસ્ટ સંચાલિત છે, એક પણ સરકારી હાઇસ્કૂલ નથી અને તેના કારણે એમાં કોઇ ભરતી થઇ નથી. ગણિત, વિજ્ઞાન અને ઇંગ્લીશના શિક્ષકો નથી અને બિલ્ડીંગોની હાલત પણ બદતર છે. એટલે મારી વિનંતી છે કે શિક્ષણ વિભાગ તરફથી આ ટ્રસ્ટની જે હાઇસ્કૂલો છે એની અંદર ભરતીની પ્રક્રિયાની મંજૂરી આપવામાં આવે અને ગણિત, વિજ્ઞાન અને ઇંગ્લીશના શિક્ષકોની ભરતી થાય તો આ અઢાર હાઇસ્કૂલોની અંદર ધોરણ ૯-૧૦ અને ૧૧-૧૨ના વિદ્યાર્થીઓને ન્યાય મળે એમ છે. એટલે આ અઢાર હાઇસ્કૂલોમાં અત્યારે એક એક અને બે બે શિક્ષકો જ છે. તેથી એમાં જો શિક્ષકોની ભરતી થઇ જાય અને એની બિલ્ડીંગોને સુધારવામાં આવે તો આખા વિસ્તારમાં શિક્ષણમાં ખૂબ ફાયદો થાય એમ છે. ખાસ કરીને સામાજિક ન્યાયની વાત કરું તો સામાજિક ન્યાયની અંદર ૨૯૦૦ આવાસોની ફાળવણી કરવામાં આવી છે. આ પણ ખૂબ જ ઓછી છે. કારણ કે આખા રાજયની અંદર ૨૯૦૦ આવાસો ડો. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજનામાં આપેલ છે તે ખૂબ જ ઓછા કહેવાય, એમાં પણ વધારો કરવો જોઇએ કારણ કે વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને આવાસ આપવાનું આયોજન છે. તો એ સૌને આવાસો કેવી રીતે આપી શકાશે?

અધ્યક્ષશ્રી:આપનું પ્રવચન પૂરું થાય છે. ટ્રેઝરી બેન્ચ આપના સૂચનો નોંધતું હશે એવું મને લાગે છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં સમર્થન આપવા સાથે મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને કહેતા મને આનંદ થાય છે કે માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ અને અમારા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને સાકાર કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં અભ્યાસ કરતા હતા તેમને સ્કોલરશીપ પુન: શરૂ કરવામાં આવી છે તે માટે એમને ખૂબ અભિનંદન સાથે આભાર માનું છું.

ગુજરાત સરકાર અનુસૂચિત જાતિના કલ્યાણ તથા સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, આરોગ્ય, આવાસ, રોજગારલક્ષી સહાય અને સબસિડી, કૃષિ બાગાયતની સહાય, વીજ જોડાણ, સિંચાઇ વગેરે મળીને તમામ પ્રકારની સાધન સહાય અને સગવડો આપીને દેશમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે. અનુસૂચિત જાતિના કલ્યાણ માટે ૯૬ ટકાથી વધુ સિદ્ધિ સાથે ગુજરાત રાજય દેશમાં પ્રથમ ક્રમે આવ્યું છે. જેના આધારે વંચિતોના ઘરમાં વિકાસનો ઉજાસ પ્રજવલ્લીત થયો છે. વંચિતોનો વિકાસ એવો મંત્ર આ રાજય સરકારનો રહ્યો છે. વિકાસ સર્વ જન હિતાય હોય, વિકાસ સર્વ જન સુખાય હોય, વિકાસ છેવાડાના માનવી માટે કલ્યાણકારી હોય, આ વાતને ચરિતાર્થ કરવા ગુજરાત સરકાર સંનિષ્ઠ પ્રયાસ કરી રહી છે. રાજય સરકારની વ્યક્તિલક્ષી સહાયની વિવિધ વિભાગોની યોજનાઓનો સીધો લાભ મળી રહે તે માટે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવે છે.

ગરીબ કલ્યાણ મેળાની સંખ્યા ૧૫૩૦ જેટલી થાય છે. સર્વાંગી વિકાસ માટે શિક્ષણ માટે કુલ ૧૯ યોજનાઓ રાજય સરકારે અમલમાં મૂકી છે. શિક્ષણના વિકાસ માટે નિવાસી સગવડો પાંચ પ્રકારની છે. પાઠય પુસ્તકની યોજનાઓ કુલ ૧૦ છે. આરોગ્ય અને ગૃહ નિર્માણની યોજનાઓ કુલ ૭ છે, સામાન્ય રીતે સમાજની અંદર જે વિશિષ્ટ પ્રકારના વ્યક્તિ હોય છે જે સમાજના ઉત્થાનની અને વિકાસની વાતો કરતા હોય તેવા સાત પ્રકારના ગુજરાત સરકાર એવોર્ડ આપતી હોય છે. વૃદ્ધ કલ્યાણની યોજના હોય, તેવી બધી યોજનાઓ થઇને ગુજરાત સરકારે કુલ ૯૦ જેટલી યોજનાઓ ગુજરાતના વિકાસ માટે ગુજરાતની સેવામાં મૂકી છે. આ રાજય સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની આ સરકાર પારદર્શીતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતા, આ ચાર આધાર સ્તંભ પર ચાલનારી સરકાર છે. જેના આધારે ગુજરાત પ્રગતિશીલ રાજય બન્યું છે. આજ દિન સુધીમાં ૭૨ જેટલા વિદ્યાર્થી સરકારની સહાય અને મદદથી પાઇલટ બન્યા છે. હું આપને એ કહેવા માગું છું કે આ જે પાઇલટ બન્યા છે એ જયારે શ્રી પ્રદિપસિંહ જાડેજા અમારે ત્યાંનું પ્રતિનિધિત્વ કરતા હતા ત્યારે એક બહેનને પાઇલટની સહાય માટે મદદ કરી હતી. આજે મને આનંદ થાય છે કે એ બહેને મકાન લીધું છે કે આજે મારા પાંચ વર્ષનો ધારાસભ્યનો પગાર ભેગું કરું તો પણ એવડું મોટું મકાન ન લઇ શકું તેવી આ ભાજપની સરકારની દેને આજે દલિત આકાશ ચુંબી રહ્યો છે.

હું માનનીય પ્રવિણભાઇ બીજી વાત કરું. ગરીબ કલ્યાણ મેળાના આધારે આજે વાડજની અંદર જે.પી. ચાલીમાં એક વેપારી છે એ ગરીબ કલ્યાણ મેળાના આધારે વર્ષે એક કરોડનું ટર્ન ઓવર કરતો થયો છે.

સીએએની વાત કરીએ ત્યારે અમારી સમાજમાં*(xxx) રહ્યા છે. હું આપને યાદ અપાવવા માગું છું.

અધ્યક્ષશ્રી : *(xxx)શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સન ૨૦૨૦–૨૧નું રૂપિયા ૨,૧૭,૨૮૭ કરોડનું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

આ બજેટ લઇને આવ્યા છે એમાં ઠાકોર, કોળી સમાજ નિગમ કે જે બક્ષી પંચના ભાઇઓ માટેનું બોર્ડ છે એને ગ્રાન્ટની રકમ ખૂબ જ ઓછી ફાળવવામાં આવી છે એમાં વધારો કરવો જોઇએ એવું મારું સૂચન છે.

મારે કૃષિ ઉપર ખેડૂતોને વાત કરવી છે. ખેડૂતોને મોટામાં મોટું નુકસાન નોટબંધીના લીધે થયું છે. સામેના લોકો એમ કહે છે કે કોઇ નુકસાન થયેલ નથી એ તો માનનીય મોદી સાહેબ કર્યું છે એટલે ના પડે છે. ખેડૂતોને ખૂબ જ મોટા પ્રમાણમાં નુકસાન થયું છે એની સાથે સાથે નાના ઉદ્યોગો અને બાંધકામ ક્ષેત્ર તથા મોટર વ્હીકલમાં પણ નુકસાન થયું છે એના લીધે ૩૦ ટકા વેપાર ધંધા એ લોકોના બંધ થઇ ગયા છે.

ખેડૂતોની વાત કરું તો બે હજાર રૂપિયા ભાવ નક્કી કરેલો છે એના લીધે સરકાર એમ કહે કે અમે ખેડૂતોના ઉદ્ધારક છીએ અમે આ ભાવે ખેડૂતોનો માલ ખરીદીએ છીએ. ખરેખર સરકારે માલ લેવાની જરૂર નથી. બે હજાર રૂપિયે માંડવી લેવાની છે એના કરતાં ઓછા ભાવે માંડવી લેશે એના ઉપર કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે એવું કરવાની જરૂર છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક ડબલ કરવાની વાત કરવામાં આવી રહી છે. ખેડૂતો પોતે જાતે મહેનત કરીને આવક ડબલ કરે છે. એમાં સરકારે સંવેદના રાખવી જોઇએ કે ત્રીજા ભાગનો માલ સરકાર લે છે જયારે બાકીનો માલ રૂપિયા ૧૪–૧૫ હજારમાં વેચવો પડે છે માટે સરકારે આ બાબતમાં વિચારવું જોઇએ. ખેડૂતોને શા માટે ભીખારી બનાવી દો છો? ખેડૂતોને મફત ન આપવું જોઇએ બે હજાર રૂપિયા આપીએ છીએ એના બદલે ભાવ વધારો કરી આપો તો એમને છ હજાર રૂપિયાની જરૂર નથી. તો એ માટે સરકારે વિચારવું જોઇએ અને એ વિચારવા માટે અત્યારે અમારે ડુંગળી છે, પ્રજાની કસ્તુરી સો રૂપિયે પહોંચાડી દીધી. અત્યારે જે ડુંગળી છે એમાં રાતે પાણીએ રોવાનો વારો ખેડૂતોને આવ્યો અને એના માટે અત્યારથી જ જો નિકાસનું કાંઇક કરે, એપ્રિલ–મે માં ડુંગળી નિકળે, નિકાસની વાત કરે, વેપારીઓને નિકાસ માટે કાંઇક કરે તો એના માટે આ ખેડૂતોને જો પૂરતો ભાવ મળશે તો એની જાતે જ એ સદ્ધર થશે અને તમારી પાસે એને આવવું નહીં પડે. અસ્તુ, જય હિન્દ, જય ભારત.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (આદિજાતી વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના વડપણ હેઠળ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું કે, સતત આઠમી વખત તેઓ રાજ્યનું બજેટ લઇને આવ્યા છે અને વિશેષ અભિનંદન એટલા માટે આપું છું કે, ગત વર્ષના બજેટ કરતા અનેક ગણો બજેટમાં વધારો કરીને રૂપિયા ૨,૧૭,૨૮૭/– કરોડનું બજેટ લઇને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આવ્યા છે.

આજે અંદાજપત્ર પરની ચર્ચાનો પહેલો દિવસ છે. બંને પક્ષના મળીને લગભગ બાવીસ કરતાં વધારે માનનીય સભ્યશ્રીઓએ આ ચર્ચામાં ભાગ લીધો છે અને ખૂબ સારી ચર્ચાઓ પણ ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ પોઝેટિવ ચર્ચા કરી છે ત્યારે આ ચર્ચામાં મારા વિચારો પણ રજૂ કરવાની મને તક આપી એ બદલ આપ સાહેબનો પણ આભાર માનું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૦૪થી માર્ચ, ૨૦૨૦

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા દ્વારા સતત ચૂંટાતી સરકાર એ લોકશાહીની પારાશીશી છે. છેલ્લા પચ્ચીસ વર્ષથી ગુજરાતની પ્રજાએ અમારા ભા.જ.પા.ને સરકાર બનાવવા માટે ચૂંટીને ગુજરાતની સેવા કરવાની જે તક આપી છે ત્યારે અમોને સોંપવામાં આવેલી આ જવાબદારી અમોએ પ્રજાના સાથ અને સહકારથી સાર્થક ઠેરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પચ્ચીસ વર્ષની અમારી આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જગતનો તાત એવા ખેડૂતને આજે એગ્રીકલ્ચર વીજ કનેકશન મેળવવા માટે વેઇટિંગ લિસ્ટમાં ઉભા રહેવું પડતું નથી. ગામડામાં આજે વીજળીના લંગરિયા ચઢાવવા માટે આખી રાત ગામડાના લોકો જાગતા એ દિવસો આજે પૂરા થઇ ગયા છે. આજે ગામડામાં ચોવીસ કલાક વીજળી મળે છે.

ગુજરાતના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે બીજા રાજ્યોમાં કે બીજા અન્ય દેશોમાં જવું પડતું હતું પણ ગુજરાતમાં શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓનું એવું નિર્માણ થયું કે, "સ્ટડી ઇન ગુજરાત" હેઠળ આજે અન્ય રાજ્યો અને બીજા દેશના વિદ્યાર્થીઓ ગુજરાતમાં અભ્યાસ કરવા આવવાની શરૂઆત થઇ ગઇ છે.

ગુજરાતમાં દુષ્કાળ ભૂતકાળ બની ગયો છે. આજે ટેન્કર પ્રથા બંધ થઇ છે. હેન્ડ પંપો ધીરે ધીરે બંધ થયા, કૂવાઓ બંધ થયા અને અમારા માનનીય શ્રી નરેન્દ્રભાઇનું સ્વપ્ન હતું કે, "નલ સે જલ" એ યોજના દ્વારા ગુજરાતના એકે એક નાગરિકને શુદ્ધ પીવાનું પાણી મળવાનું શરૂ થયું છે.

ગુજરાતના રસ્તાઓની વાત એટલા માટે કરવી પડે કે ભૂતકાળમાં ડાંગથી ગાંધીનગર આવવું હોય તો કમ સે કમ દસ કલાક લાગતા હતા અને આજે માત્ર પાંચ કલાકની અંદર અમે ડાંગથી ગાંધીનગર આવી શકીએ એવા સારા રસ્તા અમારા શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે કર્યા છે.

એક પ્રકારે યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત આજે દેશમાં સૌથી આગળ નંબર વન ઉપર છે. ગરીબી નિવારણ કરવા વીસ મુદ્દા કાર્યક્રમ અમલીકરણમાં પણ ગુજરાત આજે દેશમાં અવ્વલ નંબરે છે. ખેતી ઉત્પાદન હોય, ઉદ્યોગોની સ્થાપના હોય તો એમાં પણ ગુજરાત આજે સમગ્ર દેશમાં અવ્વલ નંબરે છે. ડ્રીમ સિટી, ગિફ્ટ સિટી, બુલેટ ટ્રેન જેવા મેગા પ્રોજેક્ટ હાલમાં અમલમાં મૂકનારું આ ગુજરાત રાજ્ય પહેલું રાજ્ય છે અને સમગ્ર દેશમાં ગુજરાત એક એવું રાજ્ય છે કે જે સૌથી વધારે એક્સપોર્ટ કરતું રાજ્ય છે. એટલા માટે અમે કહીએ છીએ કે અમારી સરકાર હવે ઉત્તમથી સર્વોત્તમ વિકાસ સાધવા માટે જઇ રહી છે ત્યારે આ બજેટ એ સાર્વત્રિક અને સર્વ સમાવેશક બજેટ છે. માનનીય નાણામંત્રી સાહેબ આમ તો શાયરી બોલતાં નથી, કવિતાઓ પણ બોલતાં નથી પણ એમણે એક સરસ કવિતા બજેટ રજૂ કર્યું એ દિવસે આપણને બધાંને કહી. એ ફરી સંભળાવવા માટેની આજે આપની પરવાનગી પણ માગું છું. કારણ કે–

કામ કરતાં આવ્યા છીએ. કામ કરતાં રહીશું. ધન્ય ધરા ગુજરાતની ચરણ ચૂમતાં રહીશું.
સર્વ સમાવેશક વિકાસપથ પર આગળ વધતા રહીશું. ઋણી છીએ ગુજરાતના, ઋણ ચૂકવતા રહીશું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી સાહેબે એટલી સુંદર વાત આપણને બધાને સંભળાવી. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીમાં ભારત વિશ્વની પાંચમી આર્થિક મહાસત્તા તરીકે ઉભરી આવ્યું છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું જે સ્વપ્ન છે કે આગામી પાંચ વર્ષમાં દેશની અર્થવ્યવસ્થાનું કદ પાંચ ટ્રિલિયન ડોલર એટલે કે ૩૬૦ લાખ કરોડ રૂપિયાનું નક્કી કર્યું છે અને તેમાં પણ ગુજરાત મોટું યોગદાન આપે તેવા આયોજન અમારા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં જ્યારે જ્યારે આપણે આ ગૃહમાં આ પ્રકારે ચર્ચાઓ કરતા ત્યારે હરહંમેશ આતંકવાદીઓની ચર્ચા થાય, પાકિસ્તાનની ચર્ચા થાય. કારણ કે ભૂતકાળમાં પાકિસ્તાન આતંકવાદી પ્રવૃત્તિ ફેલાવીને ઉંબાડીયા કરતું હતું. જે તે વખતની સરકારો યોગ્ય જવાબ નહોતી આપી શકતી પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે બાલાકોટ એરસ્ટ્રાઇક જેવી એરસ્ટ્રાઇક કરીને પાકિસ્તાનમાં ઘૂસીને ઇંટનો જવાબ પથ્થરથી આપીને આતંકવાદીઓનો જે ખાત્મો બોલાવ્યો છે. હવે પાકિસ્તાન સીમાપારના લોકો ભારતનું નામ લેતાં પણ ફફડે છે. હવે તો આપણી સેના કાશ્મિરની ચર્ચા કરતી નથી. હવે તો આપણી સેના પી.ઓ.કે.ની ચર્ચા કરે છે કે ત્યાં જવા માટે ક્યારે અમને આદેશ મળે! આ પ્રકારે માનનીય નરેન્દ્રભાઇએ દેશને સુરક્ષિત કરવાનું કામ કર્યું છે. વર્ષોથી અનેક રાજકીય પાર્ટીઓ વર્લ્ડ બેંકની તુષ્ટિકરણની નીતિ કે જેના કારણે કાશ્મિરમાં ૩૭૦ની કલમ દૂર નહોતી થતી. ભૂતકાળમાં સમગ્ર દેશનું આસ્થાનું કેન્દ્ર ભગવાન રામ. એમાં સુપ્રીમ કોર્ટમાં એફિડેવીટ કરવામાં આવતી કે રામ જેવી કોઇ ચીજ નહોતી, આ તો કલ્પના છે. ૬૦૦ વર્ષ જૂનો જે આ વિવાદ હતો તેનો ઉકેલ પણ સુપ્રીમ કોર્ટના માધ્યમથી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારમાં આવ્યો છે.

## ફાલ્ગુન ૧૪, ૧૯૪૧ શાકે
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે અમારી ગુજરાતની સરકાર અને દિલ્હીની સરકાર આ બન્ને ભારતીય જનતા પાર્ટીની સરકારો એ ખરેખર ગરીબો, વંચિતો, શોષિતો, ખેડૂતો, પીડિતો, યુવાનો, મહિલાઓ માટે સંવેદના સાથે કામ કરનારી સરકારો છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર એ હરહંમેશા ખેડૂતોની ચિંતા કરનારી સરકાર છે. એટલા માટે આ ફ્લોર ઉપર કહું છું કે ગુજરાતની સ્થાપનાથી લઇને જે કોઇ પાર્ટીઓએ ૪૦ વર્ષ સુધી શાસન કર્યું એ ખેડૂતોના હિતની વાત તો ઘણી બધી કરતી પણ વીજળી કનેક્શન કેટલા આપ્યા? માત્ર ૭,૩૩,૦૦૦ અને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષ ૨૦૦૨થી ૨૦૧૯ સુધી માત્ર ટૂંકા વર્ષોમાં કેટલા કનેક્શનો આપ્યા? ૧૦,૦૫,૦૦૦ કનેક્શનો અમે આપ્યા. એક વર્ષના કોંગ્રેસના સમયની વાત કરીએ તો માત્ર ૧૭હજાર કનેકશનો આપતા અને ભારતીય જનતા પાર્ટીએ એક વર્ષમાં ભૂતકાળમાં ૭૬હજાર કનેકશનો આપ્યા છે એટલે અગાઉની સરકારો કરતા દર વર્ષે અમે ચાર ગણા કનેકશનો આપીએ છીએ. એ જ પ્રમાણે અમારા મુખ્યમંત્રીશ્રી, અમારા નાણામંત્રીશ્રી અને અમારા શ્રી સૌરભભાઇ જે હરહંમેશ ખેડૂતોની ચિંતા કરે છે. દર વર્ષે રૂપિયા છ હજાર કરોડની સબસિડી આપતા હતા, આ વખતે પણ ખેડૂતોને રૂપિયા ૭૩૩૮ કરોડની સબસિડી આપે છે અને એક પણ રૂપિયો ખેડૂતોના બિલમાં વધારો કર્યા વગર આપે છે. આ ખાસ નોંધ લેવા જેવી બાબત છે. અમારી સરકારના હૈયામાં ખેડૂતોનું હિત સમાયેલું છે અને એટલા માટે અમારા મુખ્યમંત્રી સાહેબે ખેડૂતોને રાત્રે ખેતરે જાય તો જંગલી જાનવરોનો હુમલો થાય, રાત્રે એને પાણી વાળવા માટે ઉજાગરા કરવા પડે અને ખેડૂતોની વર્ષોની માંગ હતી કે દિવસે એમને વીજ પાવર મળવો જોઇએ એટલે દિવસના વીજ પુરવઠો પૂરો પાડી શકાય એના માટે અમારા ઉર્જામંત્રી દિનકર યોજના લઇને આવ્યા છે. એના માટે રૂપિયા ૩૫૦૦ કરોડનું આખું બજેટ છે. એમાંથી ચાલુ વર્ષે અમે રૂપિયા ૫૦૦ કરોડની આ યોજનામાં જોગવાઇ કરી છે. અમારા વિ.પ.ક્ષના મિત્રો હરહંમેશ ખેડૂતોની વાત કરતા હોય છે. પરંતુ એમની ભૂતકાળની સરકારોએ ખેડૂતો માટે શું કામ કર્યું એ પણ એમણે યાદ કરવું જોઇએ. મને આજે પણ યાદ છે કે કેન્દ્રની કોંગ્રેસની સરકારે વર્ષ ૨૦૦૮માં આખા દેશમાં ખેડૂતોનું દેવું નાબૂદ કર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા કોંગ્રેસના મિત્રો છાતી ફુલાવી ફુલાવીને કહેતા હતા કે અમે દેવું માફ કર્યું પણ એનો લાભ ગુજરાતને કેટલો મળ્યો? આટલા લાંબા સમયમાં આ માત્ર ૧૪૫૦ કરોડ રૂપિયા એકવાર, જયારે અમારા પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજનામાં ગુજરાતના ખેડૂતોને એક વર્ષમાં કેટલી રકમ આપે છે? રૂપિયા ૩૧૮૬ કરોડ. આ તો દર વર્ષે આપવાના. એટલે કોના હૈયે ખેડૂતોનું હિત સમાયેલું છે એ આ રકમ ઉપરથી આપણને ખબર પડે છે. ગુજરાતમાં કમોસમી વરસાદ થયો, વાવાઝોડું આવ્યું, ખેડૂતોને ભારે નુકસાન વેઠવું પડયું, જગતના તાત એવા ખેડૂતોના આપણે હામી થયા અને અમારી સરકાર એ કિસાનોના પડખે ખભે ખભા મિલાવીને ઉભી રહી અને અમારા માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ અને અમારા શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે કેટલા પેકેજની જાહેરાત કરી? રૂ.૩૭૯૫ કરોડ, સમગ્ર ગુજરાતના ખેડૂતોની મદદે આ સરકાર ગઇ છે. એ જ પ્રમાણે અમારી સરકાર જે ગરીબ વિધવા બહેનો છે એમને પણ સારું સન્માનજનક નામ આપવાનું કામ અમારા શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે કર્યું, નામ બદલ્યું ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના. ૧૦૦૦ રૂપિયાનો લાભ મળતો એના ૧૨૫૦ રૂપિયા કર્યા, ૨૧ વર્ષનો દીકરો થાય એટલે સહાય બંધ થઇ જતી હતી, આ બધું કેન્સલ કર્યું. એના કારણે ભૂતકાળમાં આનો બે લાખ બહેનો લાભ લેતા હતા, એને બદલે આ સુધારો કરવાને કારણે અત્યારે પાંચ લાખ બહેનો લાભ મેળવવાના છે અને એના માટે અમારા નાણામંત્રીશ્રીએ બજેટમાં રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. એ જ પ્રમાણે વૃદ્ધોની પણ અમે ચિંતા કરી છે. એમના માટે પણ આ બજેટમાં રૂપિયા ૧૧૭ કરોડની જોગવાઇ રાખવામાં આવી છે. અહીંયા આદિવાસી સમાજ, બક્ષી સમાજ, એસ.સી. સમાજની ઘણી બધી વાતો થઇ. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ ભણી ગણીને આગળ વધે એના માટે રાજય સરકારે ચિંતા કરી અને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણમાં અભ્યાસ કરતા એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના લગભગ ૬૯ લાખ જેટલા વિદ્યાર્થીઓ છે. આ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ, ગણવેશ અને ભોજન માટે અમારી સરકારે ૧૨૯૮ કરોડ રૂપિયાની આ બજેટમાં જોગવાઇ કરી છે. એ પ્રમાણે સમરસ છાત્રાલયો ભૂતકાળમાં ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે અત્યંત આધુનિક બધી સુવિધાવાળા પણ અમે બનાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ જેવા મોટા શહેરોમાં વિશેષ કરીને આદિવાસી સમાજના લગભગ ૧ લાખ ૨૦ હજાર જેટલા બાંધકામના શ્રમિકો જુદી જુદી વિવિધ કામગીરી કરતા હોય છે. એમને રહેવાના સ્થળથી કામગીરીના સ્થળ સુધી જવા માટે રાજ્ય સરકારે વિશેષ ચિંતા કરીને મદદ કરવા માટે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરી છે. એમાં પણ શ્રમિક મહિલાઓ છે, જેમને પ્રસૂતિના સમયે ૭૫૦૦ રૂપિયા મળતા હતા એમાં પણ અમારી સરકારે ચિંતા કરીને પ્રસૂતિ પહેલાના બે મહિના અને પ્રસૂતિ પછીના બે મહિના એમ ચાર મહિના દરમિયાન ૨૦ હજાર રૂપિયાની સહાય આપવા માટે બજેટમાં રૂપિયા ૨૬ કરોડની જોગવાઇ કરી છે. ગરીબ માતા–પિતા દેવામાં ડૂબી ન જાય, દીકરા–દીકરીના લગ્ન માટે સમૂહલગ્નને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકાર જે સંસ્થા સમૂહલગ્ન કરાવે છે એને જોડા દીઠ રૂપિયા ૨ હજારની જગ્યાએ

રૂપિયા ૩ હજાર આપે છે. જે યુગલ સમૂહલગ્નમાં જોડાય છે એને રૂપિયા ૧૦ હજાર નહીં પરંતુ ૧૨ હજાર રૂપિયા અને એના માટે અમે રૂપિયા ૯ કરોડની બજેટમાં જોગવાઇ રાખી છે. અમારા પ્રધાનમંત્રી સાહેબ ગરીબોને પ્રધાનમંત્રી આવાસ અંતર્ગત આવાસો આપે જ છે. પણ અમારી ગુજરાત સરકાર પણ મદદ કરી પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત વિચરતી જાતિના લાભાર્થીઓને આંબેડકર આવાસ, અનુસૂચિત જાતિના લાભાર્થીઓને મકાન બાંધવા માટે, હળપતિ ભાઇઓને મકાન બાંધકામ માટે, હળપતિ સમાજ માટે રસ્તા, પાણી, ગટર, શિક્ષણ, રોજગારીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે બજેટમાં રૂપિયા ૨૧૩ કરોડની જોગવાઇ કરી છે. મેં કહ્યું અમારી સરકાર એ ગરીબો માટે કામ કરતી સરકાર છે. ગરીબ લોકોએ જિલ્લા મથકોએ અને તાલુકા મથકોએ જવું ન પડે, સરકાર એને સામે ચાલીને જોઇતા લાભો આપે એના માટે અમારી રાજ્ય સરકારે ગરીબ મેળાઓ શરૂ કર્યા. અત્યાર સુધીમાં ૧૫૩૦ જેટલા ગરીબ મેળાઓ કરીને રૂપિયા ૧ કરોડ ૪૭ લાખ લોકોને રૂપિયા ૨૬ હજાર કરોડ કરતા પણ વધુ રકમના સાધનો અને ચેક સહાય આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા મુખ્યમંત્રીશ્રી એસેટની કિંમત રૂપિયા ૬ હજાર હતી એમાં વધારો કરીને રૂપિયા ૧૫ હજારથી ૫૦ હજાર સુધી સહાય લઇ ગયા છે. એવું જ એક ખૂબ મોટું સેવાનું કાર્ય અમારા મુખ્યમંત્રીશ્રીએ ગામડામાં શરૂ કર્યું છે કે કોઇપણ ગરીબ માણસને તાલુકા, જિલ્લા મથકે જવું ન પડે, વચેટિયા પાસે લુંટાવું ન પડે એના માટે સેવાસેતુ કાર્યક્રમ શરૂ કર્યો. ૧૦ ગામ દીઠ એક કેમ્પ કરીને ૫૦ કરતા વધારે જરૂરિયાત પડે એવી કોઇપણ પ્રકારની કામગીરી માટે અમારી સરકાર સામે ચાલીને મદદ કરે છે. અત્યાર સુધીમાં આ સેવાસેતુ હેઠળ ૧ કરોડ ૯૬ લાખ ૬૬ હજાર ૧૪૦ જેટલા લોકો આમાં એપ્લાય થયા. એમાંથી ૯૯.૮૫ ટકા લોકોની અરજીઓનો પોઝિટીવ ઉકેલ અમારી સરકાર લાવી છે. એ જ પ્રમાણે અમારી સરકારે ગરીબોના આરોગ્યની પણ ચિંતા કરી છે કે કોઇપણ ગરીબ પરિવારની અંદર કોઇ મોટી બિમારી આવે અને એને હોસ્પિટલમાં દાખલ થવું પડે તો એના પરિવાર ઉપર જાણે આભ ફાટતું હોય છે. અમને ગામડામાં અનુભવ છે કે લોકો જમીન વેચી દે, ગીરવે મૂકી દેવી પડતી હોય, ગાય કે ભેંસ વેચે, ઘણીવાર અમારી માતા બહેનોના ઘરેણાં વેચવા પડતા. આ ભૂતકાળની પરિસ્થિતિ હતી. અમારી સરકારે એમની ચિંતા કરીને મા અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના અમારી સરકાર અમલમાં લાવી છે. આજે ગૃહના ફ્લોર ઉપર કહેતા મને આનંદ થાય છે કે, અત્યાર સુધીમાં ૨૫ લાખ જેટલા ગરીબ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળ્યો અને ૩,૭૧૦ કરોડ રૂપિયાનું આ સરકારે ગરીબ લોકોનું બિલ ભર્યું. પહેલા તો એની આવક મર્યાદા રૂપિયા ૩ લાખ હતી એની રૂપિયા ૪ લાખ કરી. એની સહાય જે રૂપિયા ૩ લાખ હતી એની પણ અમે રૂપિયા ૫ લાખ કરી. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., ગરીબ લોકો માટે આ યોજના ખૂબ આશીર્વાદરૂપ છે અને એટલા માટે અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, અમારા નાણામંત્રીશ્રી નીતિનભાઇને અભિનંદન આપવા પડે કે આ યોજના માટે ૧,૧૦૫ કરોડ રૂપિયાની આ બજેટમાં જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે ૧૦૮ની એમ્બ્યુલન્સ આ બજેટમાં એની ખરીદવાની વાત કરી છે. ગુજરાતની ગરીબ, મધ્યમવર્ગની પ્રજા માટે આશીર્વાદ અને હું તો કહુ છું કે જીવાદોરી સમાન છે એની શરૂઆત મોદી સાહેબે કરાવી હતી. એટલા માટે આજે પણ ૧૦૮ને ગામડાના લોકો મોદીગાડી તરીકે જ ઓળખે છે અને અત્યાર સુધીમાં ગામડાંની જે બહેનો હતી, દીકરીઓ હતી એ ૩૫ લાખ કરતા વધારે બહેનોની સુરક્ષિત ડિલિવરી કરાવીને આ માતા અને બાળકોનો જીવ બચાવવાનું કામ કોઇએ કર્યું હોય તો એ ૧૦૮ના માધ્યમથી થયું છે. નવી ૧૫૦ જેટલી ૧૦૮ ખરીદવા માટે ૨૭ કરોડ રૂપિયાની જોગવાઇ અમારા નાણામંત્રી સાહેબે કરી છે એ બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કુપોષણની ઘણી વાત કરી. મારા મિત્રોને કદાચ ખબર નહીં હોય કે એમની સરકારો હતી ત્યાં સુધી મહિલા અને બાળ કલ્યાણ વિભાગ પણ ગુજરાત સરકારમાં નહોતો બનાવ્યો. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા પછી મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અલગ અસ્તિત્વમાં આવ્યો અને એમાં પણ આદિવાસી વિસ્તારમાં આંગણવાડીમાં ભણતાં બાળકો, પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો, ધાત્રી માતાઓને કુપોષણમાંથી બહાર લાવવા માટે આ રાજય સરકારે લગભગ ૩૦ લાખ લાભાર્થીઓને ફ્લેવરવાળું દૂધ દૂધ સંજીવની યોજના માટે લગભગ રૂપિયા ૩૪૨ કરોડની જોગવાઇ અમારા નાણામંત્રી સાહેબે કરી છે એ બદલ હું એમનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તારમાં અમારા શ્રી નરેશભાઇએ ખૂબ સારી વાત કરી કે, ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોમાં ડેમો તો ભરતા પણ પાણી બીજે મળતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી અમારાં આદિવાસી વિસ્તારોમાં અમે મોટી મોટી સિંચાઇની યોજનાઓ શરૂ કરી અને આ વખતે બજેટમાં ૧,૧૪૨ કરોડ રૂપિયાની જોગવાઇ આદિવાસી વિસ્તારમાં જે સિંચાઇ યોજના ચાલે છે એના માટે રાખી છે. અમારા તાપી જિલ્લા માટે આમ તો યોજના ખૂબ મોટી છે પણ આ વર્ષમાં ૨૫૦ કરોડ રૂપિયા સોનગઢ, ઉચ્છલ અને નિઝર માટે ફાળવ્યા છે. કડાણા યોજના જે દાહોદ જિલ્લામાં જવાની છે એના માટે ૨૨૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. સુરત જિલ્લામાં ઉમરપાડા, ડેડિયાપાડાને સિંચાઇનું પાણી મળે એના માટે આ વર્ષે રૂપિયા ૬૨ કરોડની જોગવાઇ કરી છે. પાનમ જળાશય યોજના માટે રૂપિયા ૨૪૯ કરોડની જોગવાઇ કરી છે. સુરત જિલ્લાના કાંકરાપાળ ગોરગાંવ વડ યોજના માટે રૂપિયા ૨૭૦ કરોડની યોજના માટે પૈસા આ બજેટમાં ફાળવ્યા છે. એ જ પ્રમાણે કરજણ આધારિત

સુરત, નર્મદા અને ભરૂચ જિલ્લાના આદિવાસીઓ માટે રૂપિયા ૨૮ કરોડ અને અમારા નવસારી જિલ્લામાં અમારા ધારાસભ્ય શ્રી નરેશભાઇ, શ્રી પિયુષભાઇ બધાએ જે વાઘરેજ સિંચાઇ યોજના ડેમની માગણી હતી એ પણ આ બજેટમાં મંજૂર કરીને ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ અમારી સરકારે કરી છે. એટલે હું માનું છું કે, અમારી સરકાર એ ''**સબકા સાથ, સબકા વિશ્વાસ**''ને માનનારી સરકાર છે અને વિશેષ કરીને ગરીબો માટે કામ કરનારી સરકાર છે. મેં એટલા માટે કીધું કે આ સરકાર મહિલાઓ માટે પણ કામ કરતી સરકાર છે.

માનનીય દિવસે દિવસે દીકરીઓનું પ્રમાણ જે ઘટતું રહ્યું છે એ આપણા સૌના માટે ચિંતાનો વિષય છે કે જેના વગર સમાજનું અસ્તિત્વ શકય નથી. જેને સાક્ષાત આપણે શક્તિનો અવતાર કહીએ છીએ. જેને મા સ્વરૂપે, બહેન સ્વરૂપે, પત્નિ સ્વરૂપે, દીકરીના સ્વરૂપે આપણા જીવનમાં આનંદ અને ખુશીઓ છલકાવતી રહે છે એવી દીકરીઓની સંખ્યા વધે એના માટે અમારી સરકારે ચિંતા કરી અને અમે ફકત બેટી બચાવો, બેટી પઢાવોની વાત કરતા નથી. એમના જન્મદરમાં વધારો થાય, એમને આર્થિક સામાજિક રીતે મજબૂત કરવા, શિક્ષણમાં ડ્રોપ આઉટર રેશિયો ઘટાડવા અને વ્હાલી દીકરી યોજના અમે બજેટમાં લઇને આવ્યા છીએ અને દીકરી જયારે ૧૮ વર્ષની થાય ત્યારે ૧,૧૦,૦૦૦ રૂપિયા રાજય સરકાર અમારી દીકરીઓને આપવા જઇ રહી છે. એટલા માટે હું ચોકકસ માનું છું કે આ બજેટ અમારા નાણામંત્રીશ્રી લાવ્યા છે એ સમગ્ર ગુજરાતના ૬ કરોડ ગુજરાતીઓ માટે સબ કા સાથ, સબ કા વિકાસને સાર્થક કરનારું બજેટ છે અને આજે ગુજરાત સમગ્ર દેશમાં એક મોડલ રાજય તરીકે વિકસીત બન્યું છે ત્યારે આપણા રાજયને જોઇને દેશની જનતા પણ અપેક્ષા રાખે છે કે દેશનો પણ વિકાસ ગુજરાતની માફક થવો જોઇએ ત્યારે આ બજેટમાં સંપૂર્ણપણે માનવીય મૂલ્યોનું દર્શન થાય છે. માનનીય નાણામંત્રીશ્રી અને અમારા મુખ્યમંત્રીશ્રીને ફરીથી ગૃહના તમામ સભ્યોવતી ખૂબ ખૂબ અભિનંદન આપીને આ બજેટને મારા તરફથી સમગ્ર ગૃહના લોકો સર્વ સંમતિથી પસાર કરે એવી વિનંતી કરું છું. આભાર.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૫૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૫ મી માર્ચ, ૨૦૨૦ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૫મી માર્ચ, ૨૦૨૦
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૫મી માર્ચ, ૨૦૨૦**
**ફાલ્ગુન ૧૫, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**આદિજાતિ પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા દાહોદ જિલ્લાને ગ્રાન્ટ**

*૨૪૯૫૬ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આદિજાતિ પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા દાહોદ જિલ્લામાં ક્યા હેતુસર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧)

| અ.નં. | યોજનાનો હેતુ | ગ્રાન્ટ ફાળવણી (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ન્યુ ગુજરાત પેટર્ન | ૨૦૩૩૯.૫૧ |
| ૨ | ખાસ કેન્દ્રીય સહાય | ૨૬૧૯.૪૭ |
| ૩ | બોર્ડર વિલેજ | ૨૨૮૫.૦૯ |
| ૪ | બંધારણની કલમ ૨૭૫(૧) | ૧૫૮.૪૦ |
| ૫ | ૧૦% ન્યુ ગુજરાત પેટર્ન (બીજરૂપ અંદાજપત્ર) | ૭૧૩.૭૯ |
| ૬ | ન્યુ. બજેટ (બીજરૂપ અંદાજપત્ર) | ૫૨૮.૮૨ |
| ૭ | દૂધ સંજીવની યોજના | ૫૫૪૬.૯૯ |
| ૮ | વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ | ૯૭.૦૦ |
| | **કુલ..** | **૩૨૨૮૯.૦૭** |

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી કયા-કયા કામો માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| અ.નં. | યોજનાનો હેતુ | કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ન્યુ ગુજરાત પેટર્ન | ૧૮૪૩૭.૬૯ |
| ૨ | ખાસ કેન્દ્રીય સહાય | ૨૦૩૦.૧૫ |
| ૩ | બોર્ડર વિલેજ | ૧૨૫૫.૩૪ |
| ૪ | બંધારણની કલમ ૨૭૫(૧) | ૧૫૮.૪૦ |
| ૫ | ૧૦% ન્યુ ગુજરાત પેટર્ન (બીજરૂપ અંદાજપત્ર) | ૭૧૩.૭૯ |
| ૬ | ન્યુ. બજેટ (બીજરૂપ અંદાજપત્ર) | ૫૧૪.૮૩ |
| ૭ | દુધ સંજીવની યોજના | ૪૬૯૫.૫૩ |
| ૮ | વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ | ૯૭.૦૦ |
| | **કુલ..** | **૨૭૯૦૨.૭૩** |

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આદિજાતિ પ્રાયોજના વહીવટદાર દ્વારા ફાળવવામાં આવેલ રકમ પૈકી ૪૨ કરોડ રૂપિયા ન વાપરવાના કારણો શા છે? આ રકમ જે વાપરવામાં આવે છે તેનું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે? આ રકમનું આયોજન કરવામાં સ્થાનિક પદાધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓની સહમતી લેવામાં આવે છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ તાલુકાની કમિટિમાં પણ મેમ્બર છે, જ્યારે પ્રભારી મંત્રીશ્રીની અધ્યક્ષતામાં જિલ્લાની બેઠક મળે છે એમાં પણ સભ્ય તરીકે હાજર રહેતા હોય છે અને જે ૪૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ બે વરસથી વણવપરાયેલી રહી છે એમાં ૬૮૬ જેટલા કામો છે, ૨૨ (બાવીસ) કામો પ્રગતિ હેઠળ છે, ૧૫ કામો ટેન્ડર લેવલે છે અને ટી.એસ. લેવલે ૬૪૯ કામો છે.

ફાલ્ગુન ૧૫, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દાહોદ જિલ્લાને ફાળવેલ ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ થાય અને વિકાસના કામો ઝડપથી થાય તે માટે શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ફાળવેલ ગ્રાન્ટ ઝડપથી વપરાય, વિકાસના કામો ઝડપથી થાય એના માટે અલગ અલગ તબક્કે રિવ્યૂ બેઠકો રાખવામાં આવે છે. અમારા આદિજાતિ સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ આ બે વરસમાં ૧૦ બેઠકો થઇ છે, કમિશનરશ્રીના અધ્યક્ષપણા હેઠળ ૩ વાર બેઠકો થઇ છે, પ્રાયોજના વહીવટદારના અધ્યક્ષપણા હેઠળ ૧૦ બેઠકો થઇ છે, કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ ૪ બેઠકો થઇ છે અને પ્રભારી મંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ ૨ (બે) બેઠકો થઇ છે.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ટ્રાયબલ સબ પ્લાન દ્વારા નાગલી બિસ્કીટ માટે એક કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવવામાં આવી હતી, આ ગ્રાન્ટ ફાળવવામાં આવી એમાં મધ્યાહ્‌ન ભોજનમાં નાગલી બિસ્કીટ એટલે ખાદ્ય વસ્તુનું ટેન્ડર શું મજૂર કામદાર મંડળીને આપી શકાય? મધ્યાહન ભોજન અંગે ટેન્ડર પ્રક્રિયા રમતગમત વિભાગ દ્વારા કરી શકાય? આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શાળાના બાળકોને પોષણ આપવા નાગલી બિસ્કીટ ખવડાવવાની યોજના છે પરંતુ બાળકો સુધી બિસ્કીટ પહોંચતા નથી અને આ એજન્સી અને અધિકારીઓ દ્વારા બારોબાર બિસ્કીટ ખવાઇ જાય છે તો ખરેખર કુપોષિત બાળકોને આનું પોષણ મળે છે કે કોઇ અધિકારી કે નેતાઓને મળે છે એ હું પુછવા માગું છું. તારીખ ૨૨–૧૨–૨૦૧૯ના દિવસે આ નાગલી બિસ્કીટના સંદર્ભે મેં તપાસ પણ માગી છે તો શું આમાં તપાસ થઇ છે કે નહિ અને તપાસ કરી છે તો શું કરી છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે, આ બે વરસમાં લગભગ ૯૬૪૧ કામો છે, આ તમામ કામોની વિગતો મારી પાસે અત્યારે નથી, પરંતુ એમાંથી ૯૦૦૫ કામો પૂર્ણ થયા છે અને ૬૮૬ કામો બાકી છે. એમણે જે નાગલીના બિસ્કીટની વાત કરી છે, આ બાબતે મે સભ્યશ્રી માહિતી આપશે તો એનો પણ હું એમને વિગતવાર યોગ્ય જવાબ આપીશ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં પ્રાયોજના વહીવટદાર કચેરી દ્વારા દાહોદ, ઝાલોદ અને ગરબાડા તાલુકામાં કેટલી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ તાલુકાની અંદર બે વર્ષમાં ૫૮ કરોડ ૧૨ લાખ ૩ હજાર રૂપિયા, ગરબાડા તાલુકાની અંદર ૪૧ કરોડ ૯૭ લાખ ૫૮ હજારની ગ્રાન્ટ ફાળવવામાં આવી અને ઝાલોદ તાલુકામાં ૬૭ કરોડ ૧૯ લાખ ૨૫ હજાર રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, ન્યૂ ગુજરાત પેટર્ન યોજનાના કામો જે તાલુકાની સમિતિના સભ્યો દ્વારા મંજૂર કરેલા કામો રદ કરવાના કારણો શું છે ? બીજો મારો પ્રશ્ન એ છે કે, કાર્યવાહક મંડળોના કામો બાદ કરીને અન્ય કામો જે કાર્યવાહક મંડળની યાદીમાં નથી લેવાવા જેવા એ કામોને મંજૂરી આપવામાં આવે છે તે વાત સાચી છે ? જો હા હોય તો તાલુકા આયોજન સમિતિને વિશ્વાસમાં લેવામાં આવતી નથી તે બાબતી તપાસ કરવા માગે છે કે કેમ ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનો હેતુ એ જ છે કે જે ગામે ગામ નાના નાના પ્રશ્નો હોય તે સ્થાનિક લેવલે નિકાલ થાય તેના માટે રાજય સરકારે બે સમિતિ બનાવી છે. એક સમિતિ તાલુકા લેવલની હોય છે. તેમાં પણ માનનીય ધારાસભ્યશ્રી તેમાં મેમ્બર હોય છે ત્યાં તે કામો સમિતિ દ્વારા લેવામાં આવે છે. ત્યારબાદ તેને આખરી મંજૂરી આપવા માટે જિલ્લા કક્ષાની સમિતિ બનાવી છે તેના અધ્યક્ષ જે તે જિલ્લાના પ્રભારી મંત્રી છે. એમાં પણ માનનીય ધારાસભ્યશ્રી મેમ્બર છે અને આ બધું જ કાર્ય માનનીય ધારાસભ્યશ્રીઓ, સાંસદોની જે કમિટિ છે તેમની હાજરીમાં જ મંજૂર કરવામાં આવે છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પ્લેસ અને જિલ્લા પ્લેસ આપના અધ્યક્ષસ્થાને મિટિંગ જે કરવામાં આવે છે ત્યારે અમારા કામો જે મૂકવામાં આવે છે પણ અન્ય લેટરો મૂકીને, પાર્ટી લેવલના લેટરો મૂકીને અમારા કામો કટ થઇ જાય છે અને બીજા મોટા કામો લેવાય છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આવા કોઇ પાર્ટી લેવલ પર કોઇ લેટરો લેવામાં આવતા નથી. (અંતરાય) અને હવે પછી દાહોદમાં એટલા માટે સાહેબ કે હું પ્રભારી મંત્રી પણ પોતે છું અને હું જ બેઠક લેવા જાઉં છું અને આવું કોઇ કામ રહી જતું હોય તો શ્રીમતી ચંદ્રિકાબેન મારું ધ્યાન દોરશે તો તેમના કામને અગ્રીમતા આપીને આપણે લેવડાવીશું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ સબ પ્લાન હેઠળ દાહોદ વર્ષ ૨૦૧૮ના વર્ષમાં ન્યૂ ગુજરાત પેટર્ન અને ખાસ કેન્દ્રીય સહાય માટે ફાળવેલ ગ્રાન્ટ કેટલી ? વણવપરાયેલ ગ્રાન્ટ કેટલી ? અને વપરાયેલ ગ્રાન્ટની વિગતો શું છે ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ન્યૂ ગુજરાત પેટર્નમાં રૂપિયા ૧૦૧ કરોડ ૫૩ લાખ ૯૭ હજારની ગ્રાન્ટ ફાળવવામાં આવી તેમાંથી રૂપિયા ૯૫ કરોડ ૮૨ લાખ ૯૭ હજારની ગ્રાન્ટ વપરાઇ અને અત્યારે વણવપરાયેલી ગ્રાન્ટ રૂપિયા ૫ કરોડ ૭૧ લાખ છે. ખાસ કેન્દ્રીય સહાય રૂપિયા ૫ કરોડ ૧૩ લાખ ૨૩ હજાર, તેમાં વપરાયેલી ગ્રાન્ટ રૂપિયા ૫ કરોડ ૧૩ લાખ ૨૩ હજાર. એટલે આ ગ્રાન્ટ સંપૂર્ણ વપરાય છે.

## તા. ૫મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, જે ન્યૂ ગુજરાત પેટર્નની ગ્રાન્ટ છે તે આપણે વસતિના ધોરણે ફાળવતા હોઇએ છીએ. આખા ગુજરાતમાં જે ટ્રાયબલ વસતિ છે, ૧૪ જિલ્લાઓ માટે લગભગ રૂપિયા ૪૧૮થી ૪૨૦ કરોડ દર વર્ષે આપણે ફાળવીએ છીએ. ફક્ત એક જ જિલ્લામાં તમારો જે આંકડો છે તે રૂપિયા ૨૦૩ કરોડ ૩૯ લાખ ૫૧ હજાર બે વર્ષમાં હતા. આટલી બધી મોટી રકમ એક જિલ્લામાં કેવી રીતે હોઇ શકે અને તમે કદાચ ફાળવી હોય તો કયા તાલુકામાં કેટલી રકમ ફાળવી અને એમાંથી કેટલી વપરાઇ અને કેટલી ન વપરાઇ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે ગ્રાન્ટ એક જિલ્લાને કેમ આપવામાં આવી? તો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર એ આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના જાહેર કર્યા પછી ટ્રાયબલની ગ્રાન્ટોમાં અમે ખૂબ વધારો કર્યો છે. અહીં જે માહિતી મૂકવામાં આવી છે એ કેલેન્ડર વર્ષની ગ્રાન્ટ દર્શાવ્યા મુજબની છે, ડો.જોષીયારાજી. (અંતરાય) સોએ સો ટકા આ ગ્રાન્ટ દાહોદને ફાળવવામાં આવી છે. આપને જોઇએ તો હું ડિટેલવાઇઝ લેખિતમાં પણ આપીશ.

ડો. અનિલ જોષિયારા : એક જિલ્લામાં આટલી રકમ ન હોઇ શકે, એમ મારું કહેવું છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સાહેબ, એમને જોઇતી હશે તો ડિટેલ આપીશ, પણ સો ટકા અમારી સરકારે આ ગ્રાન્ટ ફાળવી છે.

અધ્યક્ષશ્રી :ભૂલ્યા વગર આપી દેજો.

**ઉચ્છલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

*૨૩૪૦૧ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૩૯૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં ) | ૩૨૬ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૯૨.૭૭ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં) | ૧૩૩.૮૧ |

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ તાલુકાવાર રોપાઓ વાવવાની કામગીરી હેઠળ કેટલો ખર્ચ થયો છે?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન માત્ર ઉચ્છલ તાલુકા પૂરતો છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમ છતાં મારી પાસે માહિતી છે, આપ અનુમતિ આપતા હોવ તો સભ્યશ્રીને માહિતી ટૂંકમાં આપી દઉં.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં આપી દો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્છલ તાલુકાનો તો લેખિતમાં જવાબ આપેલ છે. બાકીના જે ત્રણ તાલુકા છે એમાં સોનગઢ તાલુકામાં ૧૨,૬૪,૮૧,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરેલ છે, ઢોલવાણ તાલુકામાં ૫,૯૫, ૯૬,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરેલ છે, વ્યારા તાલુકામાં ૩,૨૧, ૧૭, ૦૦૦ રૂપિયાનો ખર્ચ કરેલ છે, આમ સમગ્ર તાપી જિલ્લામાં ૨૬, ૦૮, ૫૨,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરેલ છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૩૯૦ હેકટરમાં વાવેતર થયું છે અને રૂપિયા ૨૯૨ લાખનો ખર્ચ થયેલ છે. એમાં રોપા દીઠ કેટલો ખર્ચ થયેલ છે એનો ખાડો ખોદવાનો અને એના મેઇન્ટેનન્સ માટે કેટલો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં ૧૫ સેન્ટીમિટર પહોળાઇ અને ૨૫ સેન્ટીમીટર લંબાઇનો ખાડો ખોદવાનો ખર્ચ રૂ.૮.૨૨ પૈસા જેટલો થાય છે. એમનો બીજો જે પ્રશ્ન છે રોપા દીઠ ખર્ચ. એમાં વર્ષ ૨૦૧૮માં રૂ.૭૪.૯૫નો એક રોપા દીઠ ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૧૯માં રૂ.૬૦.૮૫નો એક રોપા દીઠ ખર્ચ થયેલ છે.

તારાંકિત પ્રશ્નો

**ઉમરગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

*૨૩૩૭૮ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૨૦૪ હેક્ટર વિસ્તારમાં શરૂ, નીલગીરી, બંગાળી બાવળ, આંબા, ગુલમહોર, પેલ્ટ્રોફોર્મ, રેઈનટ્રી, લીમડા, કાજુ વગેરે પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ.૯૧.૨૩ લાખ |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કયા કયા ગામોમાં અને કેટલા વિસ્તારમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે? વર્ષ ૨૦૦૩ની સરખામણીએ દક્ષિણ ગુજરાતની અંદર ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડીયાના સરવેમાં વૃક્ષોની સંખ્યામાં કેટલો વધારો થયો છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સાથી ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ મારા મત વિસ્તારનો જ છે. ટોટલ અમે જે વૃક્ષોનું વાવેતર કર્યું છે, ૨૦૪ હેકટરની અંદર ૩૪ ગામોની અંદર કરવામાં આવ્યું છે અને એમાં ૧,૯૭,૦૦૦ છોડવાનું વાવેતર કર્યું છે. એમણે ગામ પ્રમાણે પ્રશ્ન પૂછયો છે તો જણાવું કે, ઉમરગામ મારુતી તળાવથી દેહરી બે હેકટરનું વાવેતર કરવામાં આવેલ છે અને ૧૬૦૦ છોડ રોપેલા છે. દેહરીથી ગોવાડા રોડ એક હેકટરનું વાવેતર કરેલ છે અને ૮૦૦ છોડ રોપેલા છે. સંજાણ ૯ હેકટરનું વાવેતર કરેલ છે, ૧૪૦૦ છોડ રોપેલા છે. દેહરીમાં ૧૮ હેકટરમાં વાવેતર કરેલ છે અને ૧૭૪૦૦ રોપાનું વાવેતર કરેલ છે, કાલેરમાં પાંચ હેકટરમાં કરેલ છે અને આઠ હજાર રોપા રોપેલા છે. કલકારની અંદર ૮ હેકટરમાં વાવેતર કરેલ છે અને અગીયાર હજાર છોડ રોપેલા છે. અછાર યોજનાની અંદર ૧૩ હેકટરનું વાવેતર કરેલ છે અને ૧૧૨૦૦ રોપાઓનું વાવેતર કરેલ છે. ગોવાડામાં ૬ હેકટરમાં ૨૪૦૦ રોપાઓનું વાવેતર કરેલ છે. વંકાતની અંદર પાંચ હેકટરમાં ૩૮૦૦ છોડ રોપેલા છે, સોહનની અંદર ૧૨ હેકટરમાં ૯૦૦૦ છોડ રોપેલા છે. તડગામની અંદર આઠ હેકટરમાં ૫૦૦૦ છોડ રોપેલા છે. આ રીતે ટોટલ ૩૪ ગામોની અંદર રોપાઓનું વાવેતર કરેલ છે અને ૨૦૪ હેકટરમાં ૧,૯૭,૦૦૦ છોડ રોપવામાં આવેલા છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઉમરગામ તાલુકો દરિયાની ખારાશવાળો વિભાગ છે તો એને ખાસ કરીને ચેરના ઝાડ આવે છે તે ખારાશ અટકાવે છે. તો એ વિસ્તારની અંદર ચેરના ઝાડ કેટલા હેકટરમાં કઇ જગ્યાએ રોપવામાં આવેલા છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં દરિયા કિનારો છે પણ ચેર કુદરતી રીતે ઉગે જ છે. એટલે અમે એનું આ વાવેતરમાં ચેરના ઝાડો રોપેલા નથી. નીલગીરી અને શરૂના ઝાડ ખાસ ઉછેર કરીએ છીએ. એટલે જે પટ્ટી વિસ્તાર છે તેમાં અમે નીલગીરી અને શરૂના ઝાડો રોપવામાં આવેલા છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે વલસાડ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦માં તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કરાયેલ વાવેતર પાછળ તાલુકાવાર કેટલા માનવ દિન ઉત્પન્ન કરવામાં આવ્યા અને મજૂરોને કેટલું ચૂકવણું કરવામાં આવ્યું ?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ટોટલ જે વલસાડ જિલ્લાના તાલુકા આવે છે તે છ તાલુકા આવે છે અને છ તાલુકાની અંદર ૬૩૧ હેકટરની અંદર ૫,૯૭,૦૦૦ છોડનું વાવેતર કરવામાં આવેલું છે. તે પૈકી ૨ કરોડ ૮૨ લાખ ૧૧ હજાર રૂપિયાનો ખર્ચ થયેલ છે. જીવંત રોપાઓ પાંચ લાખ અને એકાવન હજાર છે. એટલે ૯૨ ટકા જીવંત છે.

**પાટણ અને મહેસાણા જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ**

*૨૪૮૪૭ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લે બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ | ગરીબ કલ્યાણ મેળાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૦૧૮–૧૯ | ૧ |
| | | ૨૦૧૯–૨૦ | ૦ |
| ૨ | મહેસાણા | ૨૦૧૮–૧૯ | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કેટલો

(૨)

ખર્ચ કરવામાં આવ્યો ?

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ | ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૦૧૮-૧૯ | ૩,૯૯,૧૬૭.૦૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૦૦ |
| ૨ | મહેસાણા | ૨૦૧૮-૧૯ | ૩,૫૦,૪૮૪.૦૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૦૦ |

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનીનય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે પાટણ અને મહેસાણા જિલ્લામાં કેટલા લાભાર્થીઓ બાકી છે તેની યાદી છે કે કેમ? અને એકના એક લાભાર્થી વારંવાર લાભ ન લઈ જાય તો તેના માટે કોઇ ચોક્કસ પદ્ધતિ છે કે કેમ? અને ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને વર્ષમાં એક જ વાર મેળા મળતા હોય ત્યારે જે પણ સહાય ચૂકવવાની હોય, દા. ત. મકાનનો એક હપ્તો હોય તો જયાં સુધી બીજું વર્ષ ન આવે અને બીજો મેળો ન ભરાય ત્યાં સુધી મકાનનું કામ બંધ રાખવું? મશિન મળવાનું હોય તો એ ત્યાં સુધીમાં તો પાક સૂકાઇ જાય, તો સરકાર આમાં કોઇ સમય મર્યાદા નક્કી કરવા માગે છે કે કેમ તે હું જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી : લાભાર્થીઓની યાદી બનાવવાની હોય છે ? હોય તો હા કહો ન હોય તો ના કહો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગરીબ કલ્યાણ મેળા છે એનું આયોજન ગ્રામ પંચાયત કરે છે. લાભાર્થીઓની યાદી જે તે વિભાગો નક્કી કરતા હોય છે.

અધ્યક્ષશ્રી : એકના એક લાભાર્થીને લાભ ન મળે એની કાળજી રાખવામાં આવે છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વિભાગોમાં એવા લાભાર્થીઓનું ડુપ્લિકેશન ન થાય એની કાળજી લેવાતી હોય છે. આમાં અલગ અલગ વિભાગો હોય છે એ લાભાર્થીઓ નક્કી કરતા હોય છે અને એ એની ચકાસણી કરીને નક્કી કરતાં હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય રઘુભાઇ, હવે કોઇ પ્રશ્ન બાકી રહે છે?

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : ગરીબ કલ્યાણ મેળાનું વર્ષમાં એક જ વાર આયોજન થાય છે એના લીધે લાભાર્થીને સમયસર સહાય મળતી નથી. તેથી એના માટે કોઇ સમય મર્યાદા નક્કી કરવા માગો છો કે કેમ? નહિતર મેળા ફક્ત * (xxx) થઇ જાય છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે આ રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે રાજયની અંદર ગરીબ કલ્યાણ મેળાનું આયોજન એક છેવાડાના ગરીબ લાભાર્થીને સરકારની વિવિધ યોજનાનો લાભ હાથો હાથ મળે એના માટેની શુભ શરૂઆત સન ૨૦૦૯થી કરવામાં આવી હતી. સરકારશ્રીએ અલગ અલગ વિભાગોમાં અમલમાં મૂકવામાં આવેલ વિવિધ યોજનાઓ આપણને આઝાદી મળ્યા પછી જે કોઇ યોજનાઓ રાજય સરકારે બનાવી એને મેળવવા માટેની જટિલ વહીવટી પ્રક્રિયા હતી. એના કારણે ગરીબ લાભાર્થીઓ અંતરીયાળ વિસ્તારમાં રહેતા વંચિત લોકો આવી વ્યકિતલક્ષી યોજનાનો લાભ મેળવી શકતા નહોતા અથવા તો એમને મળતો નહોતો. જે રીતે અલગ અલગ વિભાગોની ગ્રાન્ટો હોય છે એ ગ્રાન્ટોનો એક જ દિવસે અને એક જ જગ્યાએથી એક જ સ્થળેથી હાથો હાથ લાભ મળે એ રીતે તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી હતા એમણે આની શરૂઆત કરી હતી. એનાથી ફાયદો એ થાય કે વ્યકિતલક્ષી યોજનાનો ઝડપથી નિકાલ થાય, એક જ સમયે એક જ સ્થળે લાભાર્થીઓને સહાયનું સીધુ વિતરણ થાય અને રાજય સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓની માહિતી અને સમજણ મળે.

અધ્યક્ષશ્રી:માનનીય મંત્રીશ્રી, આપે વાત કરી પરંતુ માનનીય રઘુભાઇનો પ્રશ્ન હજી બાકી રહી જાય છે.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે એમાં સમય મર્યાદામાં સરકાર કોઇ ફેરફાર કરવા માગે છે કે કેમ? આ સહાય વર્ષમાં એક જ વાર મેળો થતો હોય ત્યારે મળે છે. મકાન બનાવે એનો એક હપ્તો ચૂકવાઇ જાય પછી બીજા હપ્તા માટે બીજા વર્ષે ગરીબ કલ્યાણ મેળો ભરાય ત્યાં સુધી રાહ જોવી પડે છે એટલે કે બીજા હપ્તા માટે બીજા વર્ષની રાહ જોવી પડે છે તો એમાં કંઇ ફેરફાર કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હાથો હાથ ગરીબોને સહાય આપવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અત્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના વડાપ્રધાન બની ગયા છે. અત્યારે આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ છે. એટલે શ્રી નરેન્દ્રભાઇ મોદીને વડાપ્રધાન રહેવા દો એને પાછા શા માટે મુખ્યમંત્રી બનાવો છો? ગરીબ કલ્યાણ મેળા કરવાનો ખર્ચ બાબતની વાત કરી છે. એમાં પહેલા ગરીબ કલ્યાણ મેળાની અંદર જે લાભાર્થીઓને ચેક વિતરણ કરવાનું આયોજન કરીએ છીએ, એમાં લાભાર્થીને ચેક વગરનું ફક્ત કવર જ મળ્યું હોય તેવો કોઇ કિસ્સો તમારી જાણમાં આવ્યો છે કે કેમ?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મારો બીજો પ્રશ્ન એ છે કે સરકારે એક મેળાનો જે ખર્ચ કર્યો છે એમાં પાટણમાં ૩,૯૯,૧૬૭ રૂપિયા જ્યારે મહેસાણામાં ૩,૫૦,૪૮૪ રૂપિયાનો ખર્ચ બતાવેલ છે. ખરેખર ખર્ચ છે એ દસ થી પંદર લાખ રૂપિયા જેવો થતો હોય છે. આ સરકારી ખર્ચ સિવાય અધિકારીઓને ફરજ પાડીને જે ખર્ચ કરવામાં આવે છે, જે તમારા ચોપડે ન નોંધાતો હોય તેવો કોઇ અધિકારી દ્વારા ખર્ચ કરાવો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે, શ્રી નરેન્દ્રભાઇની વાત કરો છે. શ્રી નરેન્દ્રભાઇ એવા મુખ્યમંત્રી અહીંયા બનીને ગયા છે કે જેમણે આ ગુજરાતનું નામ સમગ્ર વિશ્વમાં રોશન કર્યું છે. આજે રૂપાણી સાહેબ છે અને કાલે પણ ભારતીય જનતા પાર્ટીના જ મુખ્યમંત્રી બેસવાના છે. શ્રી બળદેવભાઇ, તમારે તો સામે જ બેસવાનું છે એટલે એની ચિંતા ના કરશો. (અંતરાય) શ્રી વિરજીભાઇ એની ચિંતા કરવા ગુજરાતના છ કરોડ લોકો બેઠા છે, આશીર્વાદ આપે છે અને શ્રી વિજયભાઇ છે અને શ્રી વિજયભાઇ જ રહેવાના છે. બીજું કોઇ છે નહીં એટલે તમારી કોઇ ગેરસમજ હોય કે બીજી કોઇ રીતે તમે આમ દાણા દબાવતા હોય તો ભૂલી જજો. અમારા શ્રી વિજયભાઇ છે અને શ્રી વિજયભાઇ રહેવાના, અમારી ભા.જ.પ.ની સરકાર રહેવાની છે, આજે, કાલે અને પરમ દિવસે.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ તો એમણે પોલિટિકલ વાત કરી એટલે, ના, કરી હોત તો હું તો સીધે સીધો..

અધ્યક્ષશ્રી : આવી ગયું. ના, ના તમારો જોરદાર જવાબ આવી ગયો. હવે એમનો પ્રશ્ન બાકી છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે વાત કરી ખર્ચાની, એ ખર્ચામાં આ જે ખર્ચો આપણે કર્યો છે, એમાં જિલ્લા વિકાસ અધિકારી મારફતે ત્રણ લાખનો ખર્ચો થાય. એમાં ફૂડ પેકેટ હોય, વીજળીનો ખર્ચ હોય, ડેટા એન્ટ્રીનો હોય, એમાં બીજા કોઇ ચેકના કવરો બનાવવાના હોય, લાભાર્થીના કાર્ડ કવર હોય, સ્ટેજ પરના લાભાર્થીના ગોળ સિક્કા હોય, સ્ટેજ બેનર હોય, સ્ટેજના ચેક ખર્ચ હોય એમ કરીને રૂપિયા બે લાખ એના. મંડપ ફરાસના એનો ખર્ચ રૂપિયા એક લાખ નવ્વાણુ હજાર જેવો આપીએ છીએ. એટલે આ પંચાયત વિભાગ તરફથી કુલ ત્રણ લાખ નવ્વાણુ હજાર રૂપિયા આપણે આપીએ છીએ અને કોઇ કોરા કવર મળ્યા હોય અને આવી કોઇ ફરિયાદ આ બંન્ને જિલ્લાઓમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને મળી નથી.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગં છું કે, મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૯માં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કેટલા વિભાગોનો સમાવેશ થયેલ હતો અને આ ગરીબ કલ્યાણ મેળામાં કેટલા લાભાર્થીઓને વિભાગવાર કેટલી સહાય ચૂકવવામાં આવી હતી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી અને એમણે મહેસાણા જિલ્લો પૂછયો, મહેસાણા જિલ્લામાં કુલ પંદર અલગ અલગ વિભાગો છે એમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ એમાં ૧,૮૩૪ લાભાર્થીઓ, એમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ચૌદ હજાર અને..

અધ્યક્ષશ્રી : આ પંદર વિભાગ વાંચશો ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ, નહીં વાર લાગે.

અધ્યક્ષશ્રી : ના,ના લેખિતમાં આપી દેજો, લાંબો જવાબ પૂછે તો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એમને બતાવી દઇશ, આમાં કુલ જે છે ૫૦,૦૮૧ લાભાર્થીઓ અને ખર્ચો ૧૦૫.૦૧ કરોડ રૂપિયા અને બહેનશ્રી આવશે તો આખી વિગતો એમને બતાવી દઇશ.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૯માં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કેટલા વિભાગોનો સમાવેશ થયો હતો અને આ ગરીબ કલ્યાણ મેળામાં કેટલા લાભાર્થીઓને વિગતવાર કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે, કુલ કેટલા વિભાગો? તો આમાં કુલ પંદર વિભાગો છે. એમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ, ઉદ્યોગ–ખાણ વિભાગ, ઉર્જા પેટ્રો કેમિકલ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, મત્સ્ય ઉદ્યોગ વિભાગ, મહેસૂલ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ આમ કુલ ૪૯,૦૫૩ લાભાર્થીઓને રૂપિયા ૩૯.૨૯ કરોડની સહાય આપવામાં આવી છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, શ્રી બળદેવભાઇએ જે સવાલ કર્યો કે, ગરીબ કલ્યાણ મેળાની જે સહાય આપો છો, આમાં તમે બીજું કોઇ ખર્ચ કરો છો? આમાં તો સાહેબ એવું થાય છે કે, "ચિભડા કરતા બી મોટું" થઇ જાય છે. આમાં તમે જે સહાય કરો છો એના કરતા તો ગરીબ કલ્યાણ મેળા પાછળના આયોજનનું ખર્ચ વધી જાય છે. તો એની વિગતો આપવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, આમાં અન્ય ખર્ચો વધી જાય છે. હું આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું કે, કે આ જે યોજનાઓ છે તેનું અલગ અલગ આયોજન થતું હતું. વર્ષની શરૂઆતમાં જ્યારે તેનું આયોજન થાય અને લાભાર્થી જ્યારે અરજીઓ કરે. ઘણી વખત એવું થતું હતું કે વર્ષના અંત સુધી પણ

આ બચત રકમ પડી રહે. લાભાર્થીઓને લાભ ન મળે. હું આ વાત કરું છું વર્ષ ૧૯૯૫ પહેલાંની. તે વખતે જે વિભાગો આયોજન કરતા હતા તેમાં લાભાર્થીને મળવાનું હોય તેમાં વચેટીયાઓ લઇ જતા હતા. લાભાર્થીને લાભ આપવામાં આવે એ લાભ એના ઘર સુધી પહોંચે તેના પહેલાં તો વચેટીયા લઇ જતા હતા. તેને પૂરેપૂરો લાભ નહોતો મળતો. શ્રી રાજીવ ગાંધીએ પણ કહ્યું હતું તમને ખબર છે. એક રૂપિયો મોકલું અને પંદર પૈસા પહોંચે છે. તેનો પૂરાવો છે. આ તો શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે નક્કી કર્યું કે એક રૂપિયો મોકલું તો સવા રૂપિયો, પી.પી.પી. ધોરણે કેમ સવા રૂપિયાનું કામ ન થાય? જે વચેટીયાઓ લઇ જતા હતા એનો સરવાળો કરીએ તો જેટલી સહાય આપતા હતા એના કરતા વચેટીયાઓ આ સરકારની યોજનાનો વધારે લાભ લઇ જતા હતા. લાભાર્થીઓને લાભ મળતો નહોતો. આ તો સીધે સીધું હાથોહાથ આપીએ છીએ. સામાન્ય આયોજનનો ખર્ચ રૂપિયા ૩ લાખ ૯૯ હજાર. એટલે સ્વાભાવિક છે કે વચેટીયાઓનું બંધ થઇ જાય એટલે એમને ન ગમે. આ તો શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર છે, શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સરકાર એક એક રૂપિયો લાભાર્થીને મળે એવું આયોજન કરે છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષમાં ગરીબ કલ્યાણ મેળામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કેટલો લાભ મળ્યો? (અંતરાય)

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ જે વાત કરી કે વાડ અને ચીભડાં. રાજ્ય સરકાર મહેસાણા જિલ્લામાં ૧૦૫.૦૧ કરોડ રૂપિયા આપે છે. નાની રકમ નથી. પાટણમાં ૩૯.૨૯ કરોડ રૂપિયા આપે છે. કોઇ નાની રકમ નથી. એટલે વાડ ચીભડાં ગળે એ વાત જે તમે કરો છો એ તદન ખોટી છે. બીજી જે વાત કરી તેમાં મહેસાણા જિલ્લામાં જોટાણામાં ૧૫૫૪, કડીમાં ૩૧૩૯, વડનગરમાં ૩૪૪૦.

અધ્યક્ષશ્રી : વાડ ચીભડાં ગળે એ જે વાત છે તેમાં ખરેખર તો તમારે એમ કહેવું જોઇએ મંત્રીશ્રી કે હવે વાડ જ રહી નથી. હવે ચીભડાં ગળતી નથી એમ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સતલાસણામાં ૩૦૯૨. ખેરાલુ ૨૯૪૨, બેચરાજી ૪૭૪૫, ઉંઝા ૨૭૬૬, મહેસાણા ૧૨,૨૭૮, વિજાપુર ૪૮૧૭, વિસનગર ૧૧,૩૦૮ આમ ૫૦,૦૮૧ અને ૧૦૫.૦૧ કરોડ રૂપિયા જેવી રકમની સહાય એ વિસ્તારમાં ચૂકવી છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વર્ષ ૨૦૦૯થી આ ગરીબ મેળા કરી રહ્યા છો. તો ગરીબ મેળામાં ગરીબ કોને ગણવામાં આવે છે અને છેલ્લા ૧૧ વર્ષથી આ ગરીબ મેળા થઇ રહ્યા છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એક જિલ્લાની અંદર અંદાજીત ૫૦,૦૦૦ ગરીબોએ લાભ લીધો. તો હજુ સુધી કેટલા ગરીબો બચ્યા છે અને મહેસાણા જિલ્લાના એક મિનિસ્ટરનું એક ગરીબ મેળામાં નામ આવ્યું હતું અને તેમને લાભ આપ્યો હતો એ વાત સાચી છે કે ખોટી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ આ સન્માનનીય સભાગૃહને કહ્યું કે પંચાયત વિભાગ એ આયોજન કરે છે. લાભાર્થી નક્કી કરવાનું કામ જે તે વિભાગો કરે છે. બાકી એમની કોઇ ફરિયાદ જે વિભાગની હોય એ વિભાગ એનો જવાબ આપી શકે. આક્ષેપ કરવાની તેમને ટેવ પડી ગઇ છે. એટલે ખોટા આક્ષેપ કરે છે તેનો જવાબ આપવાનો રહેતો નથી.

## સુરત જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત

*૨૩૩૫૬ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત-પશ્ચિમ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી? | (૨) ૭,૬૩૫ |

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવાની કોશિશ કરીશ કે તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી સાયકલ ભેટ આપવામાં આવી?

શ્રી રમણભાઇ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં કુલ ૧૦ તાલુકા છે. આ ૧૦ તાલુકામાં સાયકલ આપવાની જે પદ્ધતિ છે અને ટ્રાયબલ વિસ્તારમાં શિક્ષણમાં ખૂબ જ ફેરફાર લાવવામાં સાયકલનો મહત્વનો ઉપયોગ થયો છે. એવી સરસ્વતી સાધના યોજના પહેલી વિદ્યા સહાયક યોજના હતી. એ પ્રમાણે કામરેજ તાલુકામાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૫૦ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯-૨૦ની અંદર ૧૯૧ સાયકલ આપવામાં આવી, ટોટલ ૩૪૧ સાયકલ આપવામાં આવી. ચોર્યાસીમાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૭૦ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯-૨૦ની અંદર ૭૦ સાયકલ આપવામાં આવી, ટોટલ ૧૪૦ સાયકલ આપવામાં આવી. સુરત સીટીમાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૫૬ સાયકલ આપવામાં આવી અને વર્ષ

૨૦૧૯–૨૦ની અંદર ૨૯૨ સાયકલ આપવામાં આવી, ટોટલ ૫૪૮ સાયકલ આપવામાં આવી. વલસાડમાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૨૦૨ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર ૨૦૦ સાયકલ આપવામાં આવી, ટોટલ ૪૦૨ સાયકલ આપવામાં આવી. ઓલપાડમાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૭૧ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર ૧૭૦ સાયકલ આપવામાં આવી, ટોટલ ૩૪૧ સાયકલ આપવામાં આવી. માંગરોળમાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૭૪૯ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર ૮૦૭ સાયકલ આપવામાં આવી, ટોટલ ૧૫૫૬ સાયકલ આપવામાં આવી. મહુવામાં તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૫૪૧ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર ૪૦૭ સાયકલ આપવામાં આવી, ટોટલ ૧૦૦૧ સાયકલ આપવામાં આવી. બારડોલીમાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૩૬૦ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર ૩૯૯ સાયકલ આપવામાં આવી, ટોટલ ૭૫૯ સાયકલ આપવામાં આવી. ઉમરપાડામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૪૪૪ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર ૩૮૮ સાયકલ આપવામાં આવી, ટોટલ ૮૩૨ સાયકલ આપવામાં આવી. માંડવીમાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૮૬૦ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર ૮૫૫ સાયકલ આપવામાં આવી, ટોટલ ૧૭૧૫ સાયકલ આપવામાં આવી. આમ કુલ ૧૦ તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૩૮૦૩ સાયકલ આપવામાં આવી અને વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર ૩૮૩૨ સાયકલ આપવામાં આવી, ટોટલ ૭૬૩૫ સાયકલો આપવામાં આવી.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ધોરણ–૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ ભેટ આપવાની યોજનાથી આદિવાસી સમાજના મહિલા સાક્ષરતા દરમાં થયેલ સુધારાની વિગતો શું છે?

શ્રી રમણભાઈ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની અંદર ૧૪ જિલ્લા અને ૫૨ તાલુકામાં ટ્રાયબલ વિસ્તાર છે. તો ટ્રાયબલ વિસ્તારમાં પહેલા નામ હતું સરસ્વતી સાધના યોજના એની નીચે સાયકલ આપવામાં આવી અને વર્ષ ૧૯૯૫માં માત્ર ૪૭ ટકા ભણતરનું પ્રમાણ હતું. સાયકલ આપવાની પદ્ધતિ વર્ષ ૨૦૧૩–૧૪માં કરવામાં આવી અને એ પછી અત્યારે સાક્ષરતાનું પ્રમાણ ખૂબ જ સારું થયું છે, આદિવાસી વિસ્તારમાં તમામ ઘરે આદિવાસી મહિલાઓ ભણતા થયા છે અને દરની અંદર ૧૭.૨૦ ટકાનો સુધારો થયો છે.

## બનાસકાંઠા જિલ્લામાં નવા પંચાયત ઘર બનાવવાની દરખાસ્તો

*૨૬૪૬૯ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જર્જરિત અને ઘટતા પંચાયત ઘર નવા બનાવવાની કેટલી દરખાસ્ત સરકાર સમક્ષ પડતર છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | પડતર દરખાસ્તની સંખ્યા | |
|---|---|---|---|
| | | જર્જરિત ગ્રા.પં. ઘર | ઘટતા ગ્રા.પં.ઘર |
| ૧ | પાલનપુર | ૧૮ | ૦ |
| ૨ | વડગામ | ૧૦ | ૦ |
| ૩ | દાંતા | ૫ | ૦ |
| ૪ | અમીરગઢ | ૦ | ૦ |
| ૫ | ડીસા | ૧૬ | ૦ |
| ૬ | દાંતીવાડા | ૮ | ૦ |
| ૭ | ધાનેરા | ૪ | ૦ |
| ૮ | થરાદ | ૧૧ | ૦ |
| ૯ | વાવ | ૭ | ૦ |
| ૧૦ | ભાભર | ૨ | ૦ |
| ૧૧ | દિયોદર | ૨ | ૦ |
| ૧૨ | કાંકરેજ | ૨૪ | ૦ |
| ૧૩ | લાખાણી | ૧૦ | ૦ |
| ૧૪ | સુઇગામ | ૨ | ૦ |

(૨) ઉક્ત દરખાસ્ત પડતર રહેવાના કારણો શાં છે, અને

(૨) તબક્કાવાર મંજૂરી આપવાનું આયોજન કરેલ હોવાથી.

(૩) ક્યાં સુધી ઉક્ત પંચાયત ઘરનું બાંધકામ કરવામાં આવનાર છે?

(૩) તા.૦૩–૦૬–૨૦૧૬ના ઠરાવ અન્વયે તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવશે.

## તા. ૫મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા આ સંવેદનશીલ સરકારના માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ ગામડાઓની જે સરપંચોને બેસવા માટેની અને ગામનો વહીવટ ચલાવવા માટે જે જગ્યા હોય છે. તો બનાસકાંઠા જિલ્લામાં ૧૧૯ જર્જરીત પંચાયતઘરો છે. મને જવાબ એવો આપ્યો છે કે તા.૩–૬–૨૦૦૬ના ઠરાવ અન્વયે તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવશે. ૧૫ વર્ષ અંદાજે થઇ ગયા છતાં પણ જો આ ઠરાવનો અમલ ન થતો હોય તો આ સંવેદનશીલ સરકારને કહું છું કે, બનાસકાંઠામાં આ જર્જરિત પંચાયતો છે એ કેટલા સમય પહેલાં બનાવવામાં આવી હતી અને તા.૩–૬–૨૦૦૬ના ઠરાવની વિગતો શું છે? બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જર્જરિત પંચાયત ઘરો કેટલા સમયથી જર્જરિત છે? ૧૧૯ જર્જરિત પંચાયત ઘરો છે એ ક્યારે બનાવવામાં આવ્યા હતા?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે પંચાયત ઘરની જે નવી નીતિ બનાવી છે એ વર્ષ ૨૦૦૬ કહે છે. પણ વર્ષ ૨૦૧૬ મારા જવાબમાં લખેલ છે કે તા.૩–૬–૨૦૧૬ના ઠરાવ અન્વયે તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવશે. (અંતરાય) એ પ્રિન્ટીંગ મિસ્ટેક હશે. સુધારાનું ક્ષતિપત્રક છે એની અંદર ખંડ–૧ની પહેલી લીટી ક્ષતિ પત્રકમાં લીધી છે. ત્રણ વર્ષની અંદર પંચાયત ઘરની નવી નીતિ અમલમાં આવી. આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, પંચાયત ઘરની નવી નીતિ અમલમાં આવ્યા પછી આપણા ગુજરાતની અંદર નવા ગ્રામ પંચાયતના મકાનો આપવાની શરૂઆત કરી. એમણે કહ્યું કે આ નીતિ કઇ છે? આ નીતિ અમલમાં આવી એમાં તા.૩–૬–૨૦૧૬નો પરિપત્ર છે એ પ્રમાણે આપણે ગ્રામ પંચાયતના મકાનો માટે ૧૦ હજાર કે તેથી વધારે વસતિ હોય તો ૨૨ લાખ રૂપિયા, ૫ થી ૧૦ હજારની વસતિ હોય તો રૂપિયા ૧૮ લાખ, ૫ હજારથી ઓછી વસતિ હોય તો ૧૪ લાખ રૂપિયા, આ રીતે નવા પંચાયત ઘરોની નીતિ અમલમાં મૂકવામાં આવી છે. આ પ્રમાણે આપણે જોઇએ તો નવી નીતિ અમલમાં આવ્યા પછી બનાસકાંઠાની અંદર ૧૫૪ નવા પંચાયત ઘરોની મંજૂરી આ રાજ્યની સરકારે આપી છે. એના માટે નાની રકમ નથી. રૂપિયા ૨૨૬૪ લાખ જેટલી માતબર રકમ બનાસકાંઠામાં આ ૧૫૪ નવા મકાનો બનાવવા માટે આપ્યા છે. માનનીય ધારાસભ્યશ્રીનું ધ્યાન દોરી બીજી વાત એ કરવા માગું છું કે, માનનીય ધારાસભ્યશ્રીએ તા. ૨૦–૧૨–૨૦૧૮ના રોજ પત્ર લખ્યો હતો અને એમણે ૧૨ ગ્રામ પંચાયતોની રજૂઆત કરી હતી. એમનું ધ્યાન હશે કે એમણે રજૂઆત કરી હતી એનાથી ૪ વધારે ગ્રામ પંચાયતોના મકાનો નવા આ રાજ્ય સરકારે મંજૂર કર્યા છે. આ રાજ્ય સરકારે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને ક્યારેય જોયું નથી. ગ્રામ પંચાયત કોંગ્રેસની છે કે ભા.જ.પ.ની? તાલુકા પંચાયત હોય કે જિલ્લા પંચાયત હોય, છેવાડાના વ્યક્તિનો વિકાસ થાય, છેવાડાના વ્યક્તિને તકલીફ ન પડે એનું ધ્યાન રાખીને આ રાજ્ય સરકારે કામ કર્યું છે. એ પ્રમાણે ૧૫૪ ગ્રામ પંચાયતોને મંજૂરી આપી છે. ૧૧૯ ગ્રામ પંચાયતોની એમણે વાત કરી. એમાં ૭૬ ગ્રામ પંચાયતો એવી છે કે એ પોતાના મકાનમાં બેસે છે. કદાચ એની અંદર ક્યાંક નાની મોટી મુશ્કેલી હશે પણ સાવ જર્જરિત કે પડી જાય એવું નથી. આજે પણ ૭૬ ગ્રામ પંચાયતો એના મકાનમાં બેસે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે આંકડો આપ્યો ૧૧૯નો એના ઉપરના કોલમમાં લખ્યું છે કે જર્જરિત ગ્રામ પંચાયત ઘરો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જર્જરિતમાં રિપેરીંગ થઇ શકે એવું હોય. એના માટે જ્યારે દરખાસ્ત આવતી હોય છે ત્યારે કાર્યપાલક ઇજનેર અને જિલ્લા વિકાસ અધિકારી સ્થળ ઉપર જઇ ચકાસણી કરે, એનો અભિપ્રાય આપે અને જર્જરિત હોય, જર્જરિતની વ્યાખ્યામાં આવે તો સરકાર એની કાર્યવાહી કરતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે, ૧૧૯ છે એમાંથી ૭૬ એના મકાનમાં બેસે છે. બાકીના ૪૩ છે એમાંથી ૩૦ સરકારી મકાનમાં કોમ્યુનિટી મકાનમાં બેસે છે અને બાકીની ૩ ભાડાના મકાનમાં એક માલિકીના મકાનમાં, એક ડેરીમાં અને એક મંદિરના મકાનમાં બેસે છે. આ રીતે આપણી દરેક ૧૧૯ ગ્રામ પંચાયતનો વહિવટ ચાલે છે અને એની તબક્કાવાર જે કાંઇ નીચેથી દરખાસ્ત આવશે એ પ્રમાણે એની વિચારણા રાજ્ય સરકાર કરશે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, એમના જવાબમાં થરાદ વિસ્તારમાં ૧૧ પંચાયતો જર્જરિત છે તો આ જર્જરિત પંચાયતો કેટલા સમયમાં બનશે અને આ જર્જરિત બનાવાનું કારણ શું છે? અને આપે જવાબ આપ્યો છે ૭૬ પંચાયતો જર્જરિત મકાનમાં બેસે છે તો કોઇ પણ હાદસો બનશે તો એની જવાબદારી કોણ લેશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલું આપના ધ્યાને મૂકવામાં માગું છું કે, બનાસકાંઠામાં ગ્રામ પંચાયતની સંખ્યા છે એ પણ મોટી છે. ૮૦૦ ઉપરાંતની ગ્રામ પંચાયત બનાસકાંઠા જિલ્લામાં છે અને એની મેં કીધું એમ ૧૫૪ જેટલી નવી ગ્રામ પંચાયતો મંજૂર કરી છે અને એમણે જે વાત કરી કે જે મકાનો છે એ મકાનોની દરખાસ્ત નીચેથી આવી છે એ હાલ ચકાસણી હેઠળ જિલ્લા વિકાસ અધિકારી અને કાર્યપાલક ઇજનેર એનો અભિપ્રાય આપે એ પ્રમાણે એની જે કાંઇ કાર્યવાહી કરવાની થતી હશે એ પ્રમાણે એની વિચારણા રાજ્ય સરકાર કરશે.

અધ્યક્ષશ્રી : માનનીય ઋષિકેશભાઇ, (અંતરાય) એક મિનિટ..

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ જર્જરિત પંચાયતો છે તો એ ગમે ત્યારે પડી શકે તેમ છે અને કાંઇ હાદસો થશે તો કોની જવાબદારી રહેશે? એ કેટલા સમયમાં થશે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે પંચાયતો એકદમ જર્જરિત જેવી છે મેં કીધું એ પ્રમાણે કોમ્યુનિટી હોલ અને બીજા મકાનમાં બેસે છે અને અત્યારે એમને કોઇ તકલીફ છે નહિ અને માનનીય અધ્યક્ષશ્રી, જૂનું મકાન થાય (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી જ્યારે એમ કહે છે કે, આ ૧૧ જે ગ્રામ પંચાયત છે એ ખૂબ જર્જરિત છે તો ચકાસાવી લેવાયને?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ચકાસણી કરાવી લઇશ.

અધ્યક્ષશ્રી : આપની પાસે એ એટલું તો માગે છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : તમારી ૧૧ પંચાયતોની યાદી તમે આપજો એની હું ચકાસણી કરાવી લઇશ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૨૦ની સ્થિતિએ પંચાયતની નવી નીતિ મુજબ રિપેરીંગ માટે કોઇ ગ્રાન્ટ ફાળવેલ છે કે કેમ? અને ફાળવેલ હોય તો એની વિગત આપવી અને સાથે સાથે હું મંત્રીશ્રીને અને સરકારને અભિનંદન એટલા માટે આપું છું કે વિસનગરની અંદર તાલુકા પંચાયત પ્રમુખ કોંગ્રેસના છે છતાં તાલુકા પંચાયત સદન બનાવવા માટે માતબર રકમ રૂપિયા અઢી કરોડ સરકારે ફાળવી છે એટલે એમનો પણ આભાર માનું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી એ નવી નીતિ સરકારની બન્યા પછી નવી પંચાયતો પણ મંજૂર કરી અને રિપેરીંગ માટે પણ એક પંચાયતને રૂપિયા પાંચ લાખ જેટલી રકમ આપવામાં આવે છે. એમાં નીચેથી જે રિપેરીંગની દરખાસ્ત આવે એની પણ વિચારણા કરે છે. પંચાયત વિભાગના તા.૩૦-૪-૨૦૧૬ના ઠરાવ મુજબ વર્ષ ૨૦૧૬-૧૭થી પંચાયત ઘર રિપેરીંગ કરવા માટેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં કુલ ૬૪ ગ્રામ પંચાયતના મકાનોના રિપેરીંગ માટે રૂ.૩૨૦ લાખનું અનુદાન પણ મંજૂર કરવામાં આવ્યું છે અને એ ૬૪-૬૪ ગ્રામ પંચાયતોના રિપેરીંગના કામ પૂર્ણ થયેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જવાબમાં જણાવ્યું કે જર્જરિત ગ્રામ પંચાયત ઘરોની કુલ સંખ્યા ૧૧૯ છે. જે દરખાસ્તો આવી છે એની સંખ્યા પણ ૧૧૯ છે. એમના જવાબમાં એમણે જણાવ્યું કે ત્રણ ભાડાના મકાનમાં છે, એક ડેરીના મકાનમાં છે, એક મંદિરમાં છે અને એક અન્ય જગ્યાએ છે. જે ભાડાના મકાનમાં, એક ડેરીમાં, મંદિરમાં કે અન્ય જગ્યાએ છે એ મકાનો જર્જરિત છે. જે મકાનો જર્જરીત છે એને સરકાર કઇ રીતે ગ્રાન્ટ આપશે? અને ભાડાના મકાન ભાડે આપનાર તૈયાર ન થાય, ડેરીના મકાનમાં ડેરી તૈયાર ન થાય અને મંદિરમાં ગ્રામ પંચાયત ચાલે છે એ કઇ જગ્યાએ ચાલે છે એનો જવાબ જોઇએ છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં એમને વાત કરી કે જે કાંઇ ગ્રામ પંચાયતો આપણી છે એનું મકાન જર્જરીત થવાને કારણે એ જે મકાનો છે એ બીજા મકાનની અંદર બેસે છે એટલે જર્જરીત મકાનમાં અત્યારે નથી બેસતી પણ ભાડાના મકાનમાં અત્યારે બેસે છે કે કોમ્યુનીટી હોલની અંદર બેસે છે. એમાં જે ધાનેરાની આસિયા ગ્રામ પંચાયત છે એ મંદિરના મકાનની અંદર અત્યારે એમનો વહીવટ કરે છે. જે જર્જરીત હોય એને હાલ પૂરતી શિફ્ટ કરી છે અને બાકીની કોમ્યુનીટી હોલમાં ત્રીસેક છે. ભાડાના મકાનમાં ૩ છે. આ રીતે ત્યાં બેસીને ગ્રામ પંચાયતનો વહીવટ શિફ્ટ કરીને કરે છે.

### ખેડબ્રહ્મા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

*૨૩૩૭૭ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૧૮૩ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં ) | ૯૩ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૧૨૮.૧૨ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં) | ૪૯.૬૪ |

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવીશ કે એમણે જે ગુજરાતને હરીત ક્રાંતિમાં ફેરવવાનો નિર્ણય લીધો છે અને ૧૦ કરોડ કરતા પણ વધારે વૃક્ષો વાવવા એ અભિયાનમાં અમારા ગૃહમંત્રીશ્રીના અને મારા મત વિસ્તારમાં ૯ એકરનું જડેશ્વર વન બનાવ્યું એના માટે પણ અભિનંદન પાઠવું છું. ગત વર્ષે કોર્પોરેશને પણ ૧૦ લાખ કરતા વધારે વૃક્ષો વાવ્યા છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે આપણે વનીકરણ કાર્યક્રમ અંતર્ગત જે ખેડબ્રહ્મામાં જે વૃક્ષો વાવ્યા એ કેટલા વૃક્ષો વાવ્યા વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ની સ્થિતિએ? આ વૃક્ષો

વાવ્યા પછી એના જતનની જવાબદારી કોની હોય છે? અને કેટલા વૃક્ષો જીવીત છે? કેટલા મૃત થયા છે? અને આપણે ચોક્કસ જવાબદાર તરીકે કોઇને નીમીએ છીએ કે કેમ? બીજો પ્રશ્ન છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીની જે નેમ છે કે હરિત ક્રાંતિ કરવી, ગ્રીન ક્રાંતિ કરવી તો કેલેન્ડરવાઇઝ આપણે કોઇ કેલેન્ડર બનાવ્યું છે કે આ જિલ્લામાં, આ તાલુકામાં આટલા વૃક્ષો વાવવા અને એને મેન્ટેઇન કરવા? જેમ કે કાંકરેજ તાલુકાની અંદર હારીજની અંદર જેમ રણ વિસ્તાર વધતો જાય છે અને ગાંડા બાવળ વધતા જાય છે તો એને અટકાવવા માટે કોઇ ખાસ પગલાં લીધાં છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડબ્રહ્મા તાલુકાનો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રીએ અમારા જડેશ્વર વનમાં પણ સરકારની કામગીરી બિરદાવી એ બદલ એમનો પણ આભાર માનું છું અને આપ સાહેબનો આભાર એટલા માટે માનવો પડે કે આપ પણ પર્યાવરણ પ્રેમી છો અને રાજય સરકારના દરેક વન મહોત્સવોમાં આપનું માર્ગદર્શન મળે છે અને એટલા માટે જ વર્ષ ૨૦૧૯માં ભારત સરકારના જે સરવે ઓફ ફોરેસ્ટ થયો એમાં ગુજરાતમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં ૧૦૦ ચોરસ કિલોમીટરમાં વધારો થયો છે.

અધ્યક્ષશ્રી : જતનની જવાબદારી કોની? એનું કોઇ કેલેન્ડર બનાવેલું છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબદારી વન વિભાગની જ હોય છે. ભારત સરકાર ૧૦-૧૦ વર્ષનું કેલેન્ડર બનાવે છે પછી એમનો બીજો પ્રશ્ન હતો જીવંત રોપાની ટકાવારી તાલુકાવાર એમણે જે કીધું છે તો હિંમતનગરમાં ૧૩૦ હેક્ટરમાં વાવેતર કરેલ છે, ઇડરમાં વાવેતર કરેલ છે, વડાલીમાં ૩૫ હેક્ટરમાં વાવેતર કરેલ છે. વિજયનગરમાં ૩૬૭ હેક્ટરમાં વાવેતર કરેલ છે. ખેડબ્રહ્મામાં ૧૮૩ હેક્ટરમાં વાવેતર કરેલ છે. કોસીનામાં ૩૯૦ હેક્ટરમાં વાવેતર કરેલ છે. બંને વર્ષનું ટોટલ મારીએ તો બંને વર્ષ મળીને ૧૮૩૫.૮૪ હેક્ટરનું વાવેતર થયું છે. ૧૩,૭૦,૦૦૦ રોપા વાવ્યા છે અને જીવંત રોપાની ટકાવારી ૮૩.૫૦ છે.

## તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના

*૨૩૩૫૯ **શ્રી અરવિંદ રાણા** (સુરત-પૂર્વ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦માં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો? | (૨) ૫૭,૯૭૫ |

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તારમાં દૂધ સંજીવની યોજના ખૂબ જ લોકપ્રિય બની છે. આ યોજનાથી શાળામાં બાળકોની હાજરી પણ ખૂબ સારી રહે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે. દૂધ સંજીવની યોજનાનો હેતુ શું છે? આ દૂધ સંજીવની યોજનાનો અમલ ક્યારથી શરૂ થયો છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, દૂધ સંજીવની યોજનાનો ઉદ્દેશ ખૂબ જ સારો છે. આપણે સૌ જાણીએ છીએ કે સમયાંતરે દેશ અને ગુજરાતનો વિકાસ થાય આ ઉદ્દેશ સાથે ભારતીય જનતા પાર્ટી આગળ વધી રહી છે. આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૦૭ ની અંદર દૂધ સંજીવની યોજનાનો અમલ કર્યો હતો. દૂધ સંજીવની યોજનાના કારણે આદિવાસી વિસ્તારમાં બાળકોને એમના જીવનની અંદર કૂપોષણ રહી જાય છે. સ્વાભાવિક રીતે પ્રોટીનનો અભાવ, કેલ્શિયમનો અભાવ, વિટામિનો અને ખનીજતત્વોનો અભાવ હોય છે. આના કારણે દૂધ ૨૦૦ એમ.એલ. લેતા થયા. આમાંથી એમને શક્તિ મળે અને ભણવામાં ઉત્તેજના મળે એના કારણે આજે શિક્ષણની અંદર ખૂબ આગળ વધી રહ્યા છે. આ યોજના ખૂબ જ ઉપયોગી છે.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દૂધ સંજીવની યોજના આદિવાસી વિસ્તારમાં ફ્લેવરવાળું દૂધ આપવામાં આવે છે. એનાથી બાળકોને નુકસાન થાય છે કે કેમ? જે ફ્લેવરવાળું દૂધ આપવામાં આવે છે તે ન્યુટ્રિશિયન પાસે એની સલાહ-સૂચન લેવામાં આવી છે કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : આ દૂધ પીવાના કારણે કોઇ જાતનું નુકસાન થતું નથી. આ દૂધ એ સર્વોત્તમ આહાર છે. આ દૂધ જ્યારે આપવામાં આવે છે ત્યારે બે એજન્સીઓ દ્વારા સર્ટિફાઇડ કરવામાં આવે છે. દૂધ મંડળો હોય જેને કોન્ટ્રાક્ટ સિસ્ટમની અંદર આપવામાં આવે છે. એમના દ્વારા શાળાની અંદર આપવામાં આવે છે. ગુજરાતના ટ્રાયબલ વિસ્તારની ટોટલ ૮૯૦૦ જેટલી શાળાઓ છે એમાં ૭ લાખ કરતા વધારે બાળકોને દૂધ આપવામાં આવે છે.

## રાજ્યમાં સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાના મૃત્યુ

*૨૪૯૦૧ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાના મૃત્યુ થયા,

(૨) ઉકત મૃત્યુમાં અકુદરતી રીતે કેટલા સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાના મૃત્યુ થયા, અને

(૩) અકુદરતી મૃત્યુ રોકવા સરકારે શા પગલાં લીધાં?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાના મૃત્યુની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સિંહ | સિંહ બાળ | દિપડા | દિપડાના બચ્ચા |
|---|---|---|---|---|
| ૨૦૧૮ | ૫૯ | ૫૪ | ૧૧૬ | ૪૫ |
| ૨૦૧૯ | ૭૯ | ૬૯ | ૧૩૪ | ૪૫ |

(૨) અકુદરતી રીતે સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાના મૃત્યુની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સિંહ | સિંહ બાળ | દિપડા | દિપડાના બચ્ચા |
|---|---|---|---|---|
| ૨૦૧૮ | ૬ | ૪ | ૩૪ | ૧૦ |
| ૨૦૧૯ | ૫ | ૨ | ૪૫ | ૬ |

(૩) તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની નિમણૂક, વન્યપ્રાણી મિત્રોની નિમણૂક, ટ્રેકરોની નિમણૂક, કૂવા ફરતે પેરાપીટ વોલ બનાવવી, રેલ્વે લાઇનની આજુબાજુ ફેન્સીંગ બનાવવી, સાઇનેજ બોર્ડ મૂકવા, વન વિસ્તાર અને અભ્યારણ્ય વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓ ઉપર સ્પીડ બ્રેકર મૂકવા, સાસણ ખાતે અદ્યતન હોસ્પિટલ તથા લાયન એમ્બ્યુલન્સ કાર્યરત, સ્ટાફને વોકીટોકી ફાળવવી વગેરે પગલાં લેવામાં આવેલ છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નની અંદર સિંહ, દીપડા, દીપડાના બચ્ચાંઓ આની મૃત્યુ માટેની વિગતો માગી છે. જે વિગતો સરકારશ્રીએ સારી આપી છે. કેમ કે માગ્યા વિના છુટકો જ નથી. જંગલમાં મોર નાચા કિસને દેખા. આમાં કઇ ખબર જ ન પડે. હું માનું છું કે સિંહ, સિંહ બાળના મૃત્યુ થયા હશે. એમાં મારો બીજો પ્રશ્ન છે કુદરતી મૃત્યુ, અકુદરતી મૃત્યુ એનો ભેદભાવ કેવી રીતે નક્કી કરવો? અકુદરતી મૃત્યુ ઘણી વખત જંગલમાં રહેતા આદિવાસી, ખેડૂતોને એક મુશ્કેલી પડે છે. જંગલી જાનવર હુમલો કરે છે, ત્યારે સ્વબચાવની અંદર કોઇપણ માણસ ડિફેન્સમાં બચાવ માટેનો પ્રયત્ન કરે છે. એ વિચારતો નથી કે આ કાયદો છે તો દીપડા, સિંહને મારીશ તો સજા થશે. ઘણી વખત સિંહ શિકાર કરતા કરતા ખેડૂતોની વાડીની અંદર પડે છે અને મૃત્યુ થાય છે. બે-ત્રણ દિવસે ખેડૂતને ખબર પડે છે, ત્યારે આ જંગલ ખાતાના અધિકારીઓ મોટા પ્રમાણમાં પૈસા માગતા હોય છે. નહિતર આ કેસમાં ફીટ કરી દેવામાં આવશે. ત્યાં પોલીસ નથી હોતી કે લોકો નથી હોતા. જંગલના અધિકારી નિર્ણય લે છે કે મૃત્યુ કુદરતી કે અકુદરતી થયેલ છે. એમાંથી બચાવવા માટે શું કરવા માગો છો? બચાવવા માટેનું લિસ્ટ આપ્યું છે એ સમજી શક્યો છું. પણ વ્યવસ્થાની અંદર વન્ય પ્રાણીઓને બચાવવા માટે અલગ અલગ વસ્તુઓ ધ્યાને રાખવામાં આવી છે, એમાં ટ્રેકરોની નિમણૂક લખવામાં આવેલ છે. હકીકતમાં ટ્રેકરની નિમણૂક હોય તો કેવી રીતે ટ્રેકરની નિમણૂકથી બચી શકાય એ સમજી શકાતું નથી.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સિંહ ગુજરાતનું ગૌરવ છે અને ગુજરાતની ઓળખ પણ છે. એના સંવર્ધનમાં રાજ્ય સરકારે ખૂબ સારી કામગીરી કરી છે અને મને કહેતા ગૌરવ થાય છે કે વર્ષ ૨૦૧૯માં અકુદરતી મૃત્યુ માત્ર ૭ સિંહોનું થયું છે અને શ્રી વિક્રમભાઇનો પ્રશ્ન છે કે અધિકારી નક્કી કરતા હોય છે. એમણે અમારા અધિકારી ઉપર આક્ષેપ કર્યા છે. પી.એમ. રિપોર્ટ થાય છે, ત્યાં રિપોર્ટમાં જે કારણ આવ્યું હોય એના આધારે એનું મૃત્યુ નક્કી થતું હોય છે. કુદરતી મૃત્યુ અને અકુદરતી મૃત્યુ વચ્ચેનો ભેદ છે. કુદરતી મૃત્યુ એટલે વૃદ્ધા અવસ્થાથી કે પછી અંદરો અંદર ફાઇટિંગથી..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

## અતારાંકિત પ્રશ્નો

### (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### આણંદ અને ખેડા જિલ્લાની શાળામાં સિન્ટેક્ષના ઓરડાઓ

૨૪૯૩૯ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં સીન્ટેક્ષના કેટલા ઓરડાઓ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા ઓરડાઓ કાર્યરત/વપરાશલાયક છે અને જિલ્લાવાર કેટલા ઓરડાઓ બંધ હાલતમાં છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | સિન્ટેક્ષના ઓરડાની સંખ્યા |
|---|---|
| આણંદ | ૩૭૮ |
| ખેડા | ૬૭૪ |

(૨)

| જિલ્લો | કાર્યરત ઓરડાની સંખ્યા | બંધ હાલતવાળા ઓરડાની |
|---|---|---|

| | | સંખ્યા |
|---|---|---|
| આણંદ | ૨૬૬ | ૧૧૨ |
| ખેડા | ૪૮૮ | ૧૮૬ |

(૩) ઉક્ત ઓરડાઓ બંધ હાલતમાં હોવાના શા કારણો છે?

(૩) જર્જરિત હોવાને કારણે

---------

**સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૨૩૪૧૨ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૨૯,૦૦૦ રોપાનું

(૨) લીમડા, પેલ્ટોફોર્મ, કાશીદ, કણજી, ગુલમહોર, ગરમાળો, બોરસલ્લી, નીલગીરી, દેશી બાવળ

(૩) રૂપિયા ૩૩.૫૧ લાખ

---------

**ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૩૩૬૯ **શ્રી દેવાભાઇ માલમ** (કેશોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૧૬૧૬૨ | ૧૬૫૪૭ | ૧૬૭૦૫ |

(૨)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | ૮૯૦.૮૦ | ૧૧૨૪.૬૭ | ૧૧૧૩.૭૨ |

---------

**અરવલ્લી જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ**

૨૩૪૨૯ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને

(૨) આ યોજના હેઠળ અરવલ્લી જિલ્લા માટે સને ૨૦૧૯–૨૦માં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) પ્રાથમિક શાળા દીઠ માસિક રૂ.૧૮૦૦/–

(૨) રૂ.૨,૩૦,૯૫,૮૦૦/–

---------

**ઉચ્છલ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી**

૨૩૪૩૬ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્છલ, જિ.તાપી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને ક્યારે?

(૨) રૂ. ૩,૮૭,૯૦,૨૦૦/–ની વહીવટી મંજૂરી તા.૦૪–૧૦–૨૦૧૯ના રોજ આપવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત**

૨૩૩૫૨ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપૂરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી? | (૨) ૨૨,૨૬૬ |

---------

**સુરત જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત**

૨૩૩૫૪ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી? | (૨) ૭,૬૩૫ |

---------

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની શાળાઓમાં મંજૂર જગ્યાઓ**

૨૪૯૫૧ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને આશ્રમશાળાઓમાં કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| જિલ્લો | મંજૂર જગ્યા |
|---|---|
| દાહોદ | ૯૬૯ |
| પંચમહાલ | ૨૬૫ |

(૨)

| જિલ્લો | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| દાહોદ | ૬૭૭ | ૨૯૨ |
| પંચમહાલ | ૧૭૨ | ૯૩ |

(૩) પ્રવર્તમાન નીતિ મુજબ આ જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**અરવલ્લી જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ**

૨૩૪૨૮ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રિજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને | (૧) પ્રાથમિક શાળા દીઠ માસિક રૂ.૧૮૦૦/– |
| (૨) આ યોજના હેઠળ અરવલ્લી જિલ્લા માટે સને ૨૦૧૯–૨૦માં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂ.૨,૩૦,૯૫,૮૦૦/– |

---------

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**નર્સિંગ ઈન્સ્ટિટયૂટ, અમદાવાદ મારફત ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૩૩૭૬ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત ગુજરાત નર્સિંગ કાઉન્સિલ–નર્સિંગ ઈન્સ્ટિટયૂટ, અમદાવાદ મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **૨૦૧૭–૧૮** | **૨૦૧૮–૧૯** | **૨૦૧૯–૨૦** |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૫૪૯૩ | ૫૦૪૦ | ૦ |

(૨)

| **વર્ષ** | **૨૦૧૭–૧૮** | **૨૦૧૮–૧૯** | **૨૦૧૯–૨૦** |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ૩૦૨.૭૬ | ૩૪૨.૫૬ | ૦ |

---------

**સાયલા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૨૩૩૯૩ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૫૫ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં ) | ૨૪૫ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૭૯.૧૧ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં) | ૯૨.૯૬ |

---------

**ઉમરગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૨૩૪૦૫ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૨૦૪ હેક્ટર વિસ્તારમાં શરૂ, નીલગીરી, બંગાળી બાવળ, આંબા, ગુલમહોર, પેલ્ટ્રોફોર્મ, રેઈનટ્રી, લીમડા, કાજુ વગેરે પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ૩.૯૧.૨૩ લાખ

---------

**સાગબારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૨૩૩૮૭ **શ્રી જગદીશભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર(હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૯૫ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧.૧૨.૨૦૧૯ સુધીમાં) | ૨૧૫ |

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ(રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૬૦.૮૦ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં) | ૧૦૩.૪૬ |

---------

## મોરબી જિલ્લાની શાળામાં શૌચાલયની સુવિધા

૨૩૪૪૨ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેના શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ છે,

(૨) કેટલી શાળાઓમાં શૌચાલયોની સુવિધા આપવાની બાકી છે, અને

(૩) બાકીની શાળાઓમાં આ સુવિધા ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| સરકારી પ્રાથમિક શાળા | ૫૯૭ |
| બિન-અનુદાનિત પ્રાથમિક શાળા | ૨૦૮ |
| અનુદાનિત પ્રાથમિક શાળા | ૦૧ |

(૨) એકપણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન

૨૪૮૮૦ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર ગૌ અને ગૌ વંશની અંતિમક્રિયા કરવા માટે કેટલા ગામોમાં સ્મશાન ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં સ્મશાન બનાવવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી સ્મશાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈ મુજબ ગૌ વંશ સહિતના મૃત પશુઓ માટે સ્મશાન બનાવવાની જોગવાઈ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ

૨૩૩૬૭ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૩૭૦૪૯ | ૪૦૦૩૦ | ૦ |

(૨)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ૨૦૪૨.૦૨ | ૨૭૨૦.૭૬ | ૦ |

---------

## આણંદ અને મહીસાગર જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન

૨૪૯૪૦ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને

**જવાબ**

(૧) (૨) અને (૩)

મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર ગૌ અને ગૌ વંશની અંતિમક્રિયા કરવા માટે કેટલા ગામોમાં સ્મશાન ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં સ્મશાન બનાવવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી સ્મશાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈ મુજબ ગૌ વંશ સહિતના મૃત પશુઓ માટે સ્મશાન બનાવવાની જોગવાઈ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાયલા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૨૩૩૯૪ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળમાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર(હેક્ટર) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૫૫ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧.૧૨.૨૦૧૯ સુધીમાં) | ૨૪૫ |

(૨)

| વર્ષ | ખર્ચ(રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૭૯.૧૧ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં) | ૯૨.૯૬ |

---------

**મોરબી અને રાજકોટ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૨૪૮૮૯ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએઃ–

- મોરબી જિલ્લામાં ૭૬૧ આંગણવાડીઓ કાર્યરત છે,
- રાજકોટ જિલ્લામાં ૧૩૭૩ આંગણવાડીઓ કાર્યરત છે.

(૨)

- મોરબી જિલ્લામાં ૫૭૬ આંગણવાડીઓને પોતાના મકાનો છે.
- રાજકોટ જિલ્લામાં ૧૧૬૫ આંગણવાડીઓને પોતાના મકાનો છે.

(૩)

- મોરબી જિલ્લામાં ૧૮૫ આંગણવાડીઓને ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને
- રાજકોટ જિલ્લામાં ૨૦૮ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે.

(૪) સરકારશ્રી દ્વારા આંગણવાડીઓને પોતાના મકાનો આપવા માટે મનરેગા તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત આયોજન કરવામાં આવેલ છે.

---------

**સાકળચંદ પટેલ યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૩૪૧૯ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત સાકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ?

(૧)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૯૭૫ | ૯૧૯ | ૩૩૫ |

(૨)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ૫૩.૭૪ | ૬૨.૪૬ | ૨૨.૩૩ |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન**

૨૪૮૯૮ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર ગૌ અને ગૌ વંશની અંતિમક્રિયા કરવા માટે કેટલા ગામોમાં સ્મશાન ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં સ્મશાન બનાવવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી સ્મશાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)
ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈ મુજબ ગૌ વંશ સહિતના મૃત પશુઓ માટે સ્મશાન બનાવવાની જોગવાઈ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા જિલ્લામાં ચેકડેમ અને વનતલાવડી બનાવવા બાબત**

૨૩૩૯૦ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦માં વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમ અને વનતલાવડીઓ બનાવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧)

| વર્ષ | ચેકડેમ | વન તલાવડી |
|---|---|---|
| ૨૦૧૮-૧૯ | ૮ | ૦ |
| ૨૦૧૯-૨૦માં તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ | ૦ | ૫૭ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| | ચેકડેમ | વન તલાવડી |
| ૨૦૧૮-૧૯ | ૪૮.૯૫ | ૦.૦૦ |
| ૨૦૧૯-૨૦માં | ૦.૦૦ | ૧૦૦.૮૨ |

---------

**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૩૩૭૪ **ડો. નિમાબેન આચાર્ય** (ભૂજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૬૨૧૬ | ૬૦૭૬ | ૫૫૯૯ |

(૨)

થયો?

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ૩૪૨.૬૧ | ૪૧૨.૯૭ | ૩૭૩.૨૯ |

---------

**આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદની ગ્રાન્ટ**

૨૩૪૩૧ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઈ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા,તો તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે જિલ્લાની તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | સને ૨૦૧૯–૨૦ માં ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૪૪ | ૨૨૦૦૦૦/– |
| ૨ | ઉમરેઠ | ૩૯ | ૧૯૫૦૦૦/– |
| ૩ | બોરસદ | ૬૫ | ૩૨૫૦૦૦/– |
| ૪ | આંકલાવ | ૩૨ | ૧૬૦૦૦૦/– |
| ૫ | પેટલાદ | ૫૬ | ૨૮૦૦૦૦/– |
| ૬ | સોજીત્રા | ૨૧ | ૧૦૫૦૦૦/– |
| ૭ | ખંભાત | ૫૬ | ૨૮૦૦૦૦/– |
| ૮ | તારાપુર | ૩૮ | ૧૯૦૦૦૦/– |
| | **કુલ** | **૩૫૧** | **૧૭૫૫૦૦૦/–** |

---------

**પાટણ જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ**

૨૩૪૨૫ **શ્રી અજમલજી ઠાકોર (ખેરાલુ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને

(૨) આ યોજના હેઠળ પાટણ જિલ્લા માટે સને ૨૦૧૯–૨૦માં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) શાળાદીઠ માસિક રૂ.૧૮૦૦/–

(૨) રૂ.૧,૪૩,૧૦,૦૦૦/–
(અંકે રૂ.એક કરોડ તેતાળીસ લાખ દસ હજાર પૂરા)

---------

**ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૨૩૩૯૬ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫૬૬ |
| ૨૦૧૯–૨૦માં (તા.૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ) | ૩૯૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|

| | |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૪૬૯.૬૮ |
| ૨૦૧૯-૨૦માં<br>(તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) | ૪૨૨.૦૧ |

---------

**સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૨૩૪૧૪ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૨૯૦૦૦ રોપાનું |
| (૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) લીમડા, પેલ્ટોફોર્મ, કાશીદ, કણજી, ગુલમહોર, ગરમાળો, બોરસલ્લી, નીલગીરી, દેશી બાવળ |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂપિયા ૩૩.૫૧ લાખ |

---------

**સોજિત્રા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી**

૨૩૪૩૫ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોજિત્રા, જિ.આણંદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને ક્યારે? | (૨) રૂ. ૭,૫૦,૦૦,૦૦૦/- ની વહીવટી મંજૂરી તા.૨૨-૦૫-૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે. |

---------

**સુરત અને નવસારી જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ**

૨૪૯૭૩ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ | ગરીબ કલ્યાણ મેળાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરત | ૨૦૧૮-૧૯ | ૧ |
| | | ૨૦૧૯-૨૦ | ૦ |
| ૨ | નવસારી | ૨૦૧૮-૧૯ | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ | ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ |
|---|---|---|---|
| ૧ | સુરત | ૨૦૧૮-૧૯ | ૫,૮૦,૨૨૯=૦૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૦૦ |
| ૨ | નવસારી | ૨૦૧૮-૧૯ | ૪,૨૭,૪૬૬=૦૦ |

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યા**

૨૪૮૩૮ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા | (૧) |

અને સાબરકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રી (પંચાયત)ની કેટલી જગ્યાઓ ખાલી છે,

| ક્રમ | જિલ્લાનું નામ | તલાટી કમ મંત્રી (પંચાયત) ની ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૧૦ |
| ૨ | સાબરકાંઠા | ૪૨ |

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | ૧ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦૪ |
| ૨ | સાબરકાંઠા | ૦૫ |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ તબક્કાવાર ભરતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**મહેસાણા જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ**

૨૩૪૨૨ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને

(૧) શાળાદીઠ માસિક રૂ.૧૮૦૦/–

(૨) આ યોજના હેઠળ મહેસાણા જિલ્લા માટે સને ૨૦૧૯–૨૦માં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

(૨) રૂ.૧,૭૯,૪૬,૦૦૦/–
(અંકે રૂ.એક કરોડ અગણ્યાએંસી લાખ છેતાળીસ હજાર પૂરા)

---------

**સુરત જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત**

૨૩૩૫૫ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી?

(૨) ૭,૬૩૫

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૨૪૯૨૯ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએઃ–

- ભાવનગર જિલ્લામાં ૧૫૯૪ આંગણવાડીઓ કાર્યરત છે,
- બોટાદ જિલ્લામાં ૫૬૯ આંગણવાડીઓ કાર્યરત છે.

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૨)

- ભાવનગર જિલ્લામાં ૧૩૨૬ આંગણવાડીઓને પોતાના મકાનો છે,
- બોટાદ જિલ્લામાં ૪૪૯ આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

(૩)

- ભાવનગર જિલ્લામાં ૨૬૮ આંગણવાડીઓ

ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને
- બોટાદ જિલ્લામાં ૧૨૦ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે,

(૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું પગલાં લીધા?

(૪)
- સરકારશ્રી દ્વારા આંગણવાડીઓને પોતાના મકાનો આપવા માટે મનરેગા તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત આયોજન કરવામાં આવેલ છે.

---------

**સોજિત્રા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી**

૨૩૪૩૪ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોજિત્રા, જિ.આણંદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને ક્યારે? | (૨) રૂ.૭,૫૦,૦૦,૦૦૦/–ની વહીવટી મંજૂરી તા.૨૨–૦૫–૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે. |

---------

**દાહોદ જિલ્લામાં સરકારી સાયન્સ કોલેજો**

૨૪૯૫૮ **શ્રીમતિ ચંદ્રિકાબેન બારિયા** (ગરબાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી સાયન્સ કોલેજો આવેલ છે,

(૧)

| ક્રમ | તાલુકો | કોલેજની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઝાલોદ | ૧ |
| ૨ | ધાનપુર | ૧ |
| ૩ | લીમખેડા | ૧ |
| ૪ | દેવગઢ બારીયા | ૦ |
| ૫ | ફતેપૂરા | ૦ |
| ૬ | સંજેલી | ૦ |
| ૭ | ગરબાડા | ૦ |
| ૮ | દાહોદ | ૦ |
| ૯ | સીંગવડ | ૦ |

(૨) જે તાલુકામાં સરકારી સાયન્સ કોલેજ ન હોય તે તાલુકામાં સરકારી સાયન્સ કોલેજ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રજૂઆતો મળી, અને

(૨) શૂન્ય

(૩) ઉક્ત સ્થિતિએ મળેલ રજૂઆતો અન્વયે સરકારી સાયન્સ કોલેજ સ્થાપવા માટે શી કાર્યવાહી કરી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના**

૨૩૩૬૦ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો? | (૨) ૫૭,૯૭૫ |

---------

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યા**

૨૪૮૨૯ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તલાટી કમ મંત્રી (પંચાયત)ની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૩૨ જગ્યાઓ

(૨) ૭૩ જગ્યાઓ

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર અંતર્ગત તબક્કાવાર ભરતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**ખેડા તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાંટ**

૨૩૪૬૬ **કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના ખેડા તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

## ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં દિપડાઓ દ્વારા નાગરીકો પર હુમલાઓ

૨૪૯૧૭ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર દિપડાઓ દ્વારા કેટલા નાગરીકો પર હુમલાઓ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હુમલાના બનાવો નીચે મુજબ નોંધાયેલ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | નાગરીકો પર હુમલા કરવામાં આવ્યા |
| --- | --- | --- |
| ગીર સોમનાથ | ૨૦૧૮ | ૨૫ |
| | ૨૦૧૯ | ૨૮ |
| અમરેલી | ૨૦૧૮ | ૧૭ |

(૨) તે અન્વયે કેટલા નાગરીકોને ઈજાઓ થઈ અને કેટલા નાગરીકોના મૃત્યુ થયા,

(૨) ઈજા અને મૃત્યુના બનાવો નીચે મુજબ બનેલ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | માનવ ઈજાની સંખ્યા | માનવ મૃત્યુની સંખ્યા |
| --- | --- | --- | --- |
| ગીર સોમનાથ | ૨૦૧૮ | ૨૩ | ૦૨ |
| | ૨૦૧૯ | ૨૫ | ૦૩ |
| અમરેલી | ૨૦૧૮ | ૧૫ | ૦૨ |

(૩) દિપડાઓ દ્વારા નાગરીકો પર હુમલાઓ ઘટાડવા શા પગલાંઓ લેવામાં આવ્યા, અને

(૩) દિપડાઓ દ્વારા નાગરિકો પર હુમલાઓ ઘટાડવા માટે નીચે મુજબના પગલાંઓ લેવામાં આવે છે.

(૧) લોક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે.

(૨) વાડી વિસ્તારોમાં ખુલ્લામાં ન સુવા બાબતે જાણ કરવામાં આવે છે.

(૩) સિંહ/દિપડા આવે ત્યારે તેને પકડવા માટે નજીકના વન વિભાગની કચેરીઓને જાણ થયેથી તાત્કાલિક બચાવ ટુકડીઓ દ્વારા વન્યપ્રાણીઓને ખસેડવાની કામગીરી કરવામાં આવે છે.

(૪) વન્યપ્રાણીઓની આવન–જાવનવાળા વિસ્તારોના ગામોમાં વન્યપ્રાણી મિત્રો/ટ્રેકર્સની નિમણૂક કરવામાં આવેલ છે.

(૫) વન્યપ્રાણીઓથી સુરક્ષા મળે તે માટેના પેમ્પલેટ છપાવી તેની પ્રસિધ્ધિ કરવામાં આવે છે.

(૬) બૃહદગીર વિસ્તારમાં ખેડુતોના ખેતરમાં મચાણ બાંધવા સહાય આપવામાં આવે છે.

(૭) વન ખાતાના કર્મચારીઓ/અધિકારીશ્રીઓ દ્વારા જંગલ વિસ્તારમાં સતત ફેરણું કરવામાં આવેલ છે.

(૪) ઈજાઓ અને મૃત્યુ પામેલ નાગરીકોના પરીવારજનોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે?

(૪)
- માનવ મૃત્યુના કિસ્સામાં રૂા.૪,૦૦,૦૦૦/- (ચાર લાખ) સહાય.
- ૪૦% થી ૬૦% સુધી અપંગતાના કિસ્સામાં ઈજાગ્રસ્તને રૂા.૫૯,૧૦૦/- (ઓગણ સાઈઠ હજાર એકસો) સહાય.
- ૬૦% થી વધુ અપંગતાના કિસ્સામાં ઈજાગ્રસ્તને રૂા.૨,૦૦,૦૦૦/- (બે લાખ) સહાય.
- એક અઠવાડીયાથી ઓછો સમય હોસ્પિટલમાં રહે તો રૂા.૪,૩૦૦/- (ચાર હજાર ત્રણસો) સહાય.

---------

## પંચમહાલ જિલ્લામાં નિરાધાર વિધવા સહાયની અરજીઓ

૨૬૦૧૩ **શ્રી જેઠાભાઇ ભરવાડ** (શહેરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા સહાયની કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| ગોધરા (ગ્રામ્ય) | ૪૭૦૧ |
| ગોધરા (શહેર) | ૫૬૮ |
| કાલોલ | ૩૮૭૫ |
| હાલોલ | ૩૦૦૯ |
| ઘોઘંબા | ૬૯૮ |
| જાંબુઘોડા | ૮૬૮ |
| શહેરા | ૬૮૫૧ |
| મોરવા (હ) | ૨૯૬૨ |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી ના મંજૂર કરી, અને

(૨)

| મંજૂર | નામંજૂર |
|---|---|
| ૨૩૩૩૯ | ૧૨૫ |

(૩) અરજીઓ ના મંજૂર થવાના કારણો શા છે?

(૩)

| અરજીફોર્મ સાથે પૂરાવા/વિગતો અધુરી હોવાથી | આવક વધુ હોવાથી | પુન:લગ્ન કરેલ હોવાથી |
|---|---|---|
| ૭૬ | ૨૧ | ૨૮ |

---------

## રાજકોટ અને ભાવનગર જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ

૨૪૮૯૨ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૧) ના, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત દબાણ દૂર કરવાની જવાબદારી કોની થાય છે, અને

(૪) ઉક્ત ગૌચરની જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

---------

## જોડીયા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

૨૩૩૯૨ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર–ગ્રામ્ય) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૭૫ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં ) | ૧૦૫ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૧૦.૪૧ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં) | ૩૪.૦૮ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં તળાવો, ચેકડેમો અને ખેતતલાવડીઓ બનાવવા બાબત**

૨૪૮૪૧ **શ્રી કાન્તિભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વન વિભાગ કે તેની તાબા હેઠળની કચેરીઓ દ્વારા કેટલા તળાવો, ચેકડેમો અને ખેતતલાવડીઓ બનાવવામાં આવી કે ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલી રકમનો ખર્ચ થયો?

**જવાબ**

(૧) સામેલ પત્રક–અ મુજબ.

(૨) સામેલ પત્રક–બ મુજબ.

**પત્રક–અ**

| **વર્ષ** | **તાલુકાનું નામ** | **બનાવવામાં આવેલ** | | | **ઉંડા કરવામાં આવેલ** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **ચેકડેમ** | **વન તલાવડી** | **ખેત તલાવડી** | **ચેકડેમ** | **વન તલાવડી** | **ખેત તલાવડી** |
| ૨૦૧૮–૧૯ | પાલનપુર | ૨ | ૧૦ | ૦ | ૨ | ૦ | ૦ |
| | દાંતીવાડા | ૪ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| | અમીરગઢ | ૧૦ | ૧૩ | ૦ | ૧૧ | ૦ | ૦ |
| | દાંતા | ૨૭ | ૪૨ | ૦ | ૧૦ | ૦ | ૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ) | અમીરગઢ | ૨ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ |
| | દાંતા | ૦ | ૦ | ૦ | ૧૯ | ૦ | ૦ |

- બનાસકાંઠા જિલ્લાના ઉપર્યુક્ત સિવાયના અન્ય તાલુકામાં ચેકડેમ, વન તલાવડી કે ખેતતલાવડી બનાવવામાં આવેલ નથી કે ઊંડા કરવામાં આવેલ નથી.

**પત્રક–બ**

| **વર્ષ** | **તાલુકાનું નામ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** | | | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **ચેકડેમ** | **વન તલાવડી** | **ખેત તલાવડી** | **ચેકડેમ** | **વન તલાવડી** | **ખેત તલાવડી** |
| ૨૦૧૮–૧૯ | પાલનપુર | ૫૨.૮૩ | ૩૦.૮૭ | ૦.૦૦ | ૧.૯૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | દાંતીવાડા | ૧૮.૭૩ | ૩૭.૭૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | અમીરગઢ | ૭૫.૦૩ | ૫૭.૭૭ | ૦.૦૦ | ૩.૪૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | દાંતા | ૧૯૯.૬૯ | ૧૯૦.૯૫ | ૦.૦૦ | ૫.૯૩ | ૧૬.૧૬ | ૦.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ) | અમીરગઢ | ૯.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૮૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | દાંતા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૭.૭૪ | ૦.૦૦ | ૦.૦૦ |

- બનાસકાંઠા જિલ્લાના ઉપર્યુક્ત સિવાયના અન્ય તાલુકામાં ચેકડેમ, વન તલાવડી કે ખેતતલાવડી બનાવવામાં આવેલ નથી કે ઊંડા કરવામાં આવેલ નથી. આથી તેમાં કોઈ ખર્ચ થયેલ નથી.

---------

**નર્મદા જિલ્લામાં ચેકડેમ અને વનતલાવડી બનાવવા બાબત**

અતારાંકિત પ્રશ્નો

૨૩૩૯૧ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમ અને વનતલાવડીઓ બનાવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **ચેકડેમ** | **વન તલાવડી** |
|---|---|---|
| ૨૦૧૮-૧૯ | ૮ | ૦ |
| ૨૦૧૯-૨૦માં<br>તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ | ૦ | ૫૭ |

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **ચેકડેમ** | **વન તલાવડી** |
| ૨૦૧૮-૧૯ | ૪૮.૯૫ | ૦.૦૦ |
| ૨૦૧૯-૨૦માં | ૦.૦૦ | ૧૦૦.૮૨ |

---------

**નવસારી અને ભરૂચ જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ**

૨૪૯૮૩ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નવસારી અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૩) ઉક્ત દબાણ દૂર કરવાની જવાબદારી કોની થાય છે, અને

(૪) ઉક્ત ગૌચરની જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) ના, જી.

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાગબારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૨૩૩૮૯ **શ્રી કાન્તિભાઈ બલર** (સુરત-ઉત્તર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૯૫ |
| ૨૦૧૯-૨૦<br>(તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં) | ૨૧૫ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૬૦.૮૦ |
| ૨૦૧૯-૨૦<br>(તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં) | ૧૦૩.૪૬ |

---------

**કચ્છ અને પાટણ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૨૪૮૩૧ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએઃ-<br>• કચ્છ જિલ્લામાં ૨૧૧૬ આંગણવાડીઓ કાર્યરત છે,<br>• પાટણ જિલ્લામાં ૧૪૨૭ આંગણવાડીઓ કાર્યરત છે. |
| (૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, | (૨)<br>• કચ્છ જિલ્લામાં ૧૫૧૩ આંગણવાડીઓને પોતાના મકાનો છે,<br>• પાટણ જિલ્લામાં ૧૨૬૦ આંગણવાડીઓને પોતાના મકાનો છે. |
| (૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને | (૩)<br>• કચ્છ જિલ્લામાં ૬૦૩ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને<br>• પાટણ જિલ્લામાં ૧૬૭ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શા પગલાં લીધા? | (૪) સરકારશ્રી દ્વારા આંગણવાડીઓને પોતાના મકાનો આપવા માટે મનરેગા તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત આયોજન કરવામાં આવેલ છે. |

---------

## મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ

૨૩૩૭૧ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૧૩૪૫૮ | ૧૩૨૪૭ | ૧૧૦૨૯ |

(૨)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | ૭૪૧.૭૬ | ૯૦૦.૩૭ | ૭૩૫.૩૦ |

---------

## વડોદરા જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ માટેની ગ્રાન્ટ

૨૩૩૮૨ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કન્યાઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે, | (૧) રૂ.૨૦૦૦/- |
| (૨) જે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં વડોદરા જિલ્લામાં કેટલી કન્યાઓને આવરી લેવામાં આવી, અને | (૨) ૧૮૩ |
| (૩) તેના માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી? | (૩) રૂ.૩,૬૬,૦૦૦/- |

---------

ફાલ્ગુન ૧૫, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૨૩૪૧૩ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૨૯૦૦૦ રોપાનું |
| (૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) લીમડા, પેલ્ટોફોર્મ, કાશીદ, કણજી, ગુલમહોર, ગરમાળો, બોરસલ્લી, નીલગીરી, દેશી બાવળ |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂપિયા ૩૩.૫૧ લાખ |

---------

**જૂનાગઢ જિલ્લામાં નવીન પંચાયત ઘર બનાવવા બાબત**

૨૪૯૦૮ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નવીન પંચાયત ઘર બનાવવા કેટલી દરખાસ્ત સરકારને મળી,

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૮ માં મળેલ દરખાસ્ત | વર્ષ ૨૦૧૯ માં મળેલ દરખાસ્ત |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૨ | ૭ |
| ૨ | માણાવદર | ૧ | ૧૮ |
| ૩ | વંથલી | ૬ | ૧૪ |
| ૪ | ભેસાણ | ૧ | ૮ |
| ૫ | કેશોદ | ૧૦ | ૪ |
| ૬ | માંગરોળ | ૯ | ૪ |
| ૭ | માળીયા | ૧ | ૬ |
| ૮ | મેંદરડા | ૮ | ૫ |
| ૯ | વિસાવદર | ૫ | ૧૬ |
| | **કુલ** | **૪૩** | **૮૨** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા નવીન પંચાયત ઘર મંજૂર કરવામાં આવ્યા,

(૨)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૮ માં મંજૂર કરેલ ગ્રા.પં.ઘર | વર્ષ ૨૦૧૯ માં મંજૂર કરેલ ગ્રા.પં.ઘર |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦ | ૦ |
| ૨ | માણાવદર | ૦ | ૧ |
| ૩ | વંથલી | ૦ | ૦ |
| ૪ | ભેસાણ | ૦ | ૧ |
| ૫ | કેશોદ | ૦ | ૬ |
| ૬ | માંગરોળ | ૦ | ૦ |
| ૭ | માળીયા | ૦ | ૦ |
| ૮ | મેંદરડા | ૦ | ૨ |
| ૯ | વિસાવદર | ૦ | ૪ |
| | **કુલ** | **૦** | **૧૪** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ પંચાયત ઘર પૈકી કેટલાની કામગીરી પૂર્ણ થઇ કેટલાની બાકી છે, અને | (૩) તે પૈકી ૧ પંચાયત ઘરનું કામ પૂર્ણ થયેલ છે અને ૧૩ પંચાયત ઘરના કામ બાકી છે. |
| (૪) કામગીરી બાકી હોય તેવા પંચાયત ઘરની કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૪) બનતી ત્વરાએ કામ ચાલુ કરી મંજૂર અનુદાનની રકમની મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. |

---------

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**છોટા ઉદેપૂર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

૨૩૪૪૭ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છોટા ઉદેપૂર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૨૯૦ (એક હજાર બસો નેવું) લાભાર્થીઓને લાભ મળેલ છે. |

---------

**નળસરોવર ખાતે પક્ષીઓનો શિકાર**

૨૪૮૨૩ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં આવેલ નળસરોવર ખાતે પક્ષીના શિકાર–વેપાર–વેચાણ અંગેની કેટલી ગુનાહિત પ્રવૃતિ પકડવામાં આવી,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં આવેલ નળસરોવર ખાતે પક્ષીના શિકાર–વેપાર–વેચાણ અંગેની ગુનાહિત પ્રવૃતિ નીચેની વિગતે પકડવામાં આવી.

| વર્ષ | શિકાર–વેપાર–વેચાણ જેવી ગુનાહિત પ્રવૃતિના કેસો |
|---|---|
| ૨૦૧૮ | ૩૪ |
| ૨૦૧૯ | ૧૦ |

(૨) તે અન્વયે કેટલા પક્ષીઓ મૃત અને કેટલા જીવિત હાલતમાં મળી આવ્યા,

(૨) નીચેના વિગતે પક્ષીઓ મૃત અને જીવિત હાલતમાં મળી આવ્યા.

| વર્ષ | મૃત પક્ષીઓ સંખ્યા | જીવિત પક્ષીઓ સંખ્યા | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૨૮ | ૧૨૧ | ૧૪૯ |
| ૨૦૧૯ | ૪૩ | ૪૧૨ | ૪૫૫ |

(૩) ઉક્ત ગુનાહિત પ્રવૃતિમાં કેટલા ઇસમો સંડોવાયેલા હતા,

(૩) નીચે મુજબ ઇસમો ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા હતા

| વર્ષ | ઇસમોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૧૧ |
| ૨૦૧૯ | ૧૦ |

(૪) ઉક્ત ઇસમો સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ–૧૯૭૨ અન્વયે ગુનેગાર સામે ગુન્હો નોંધી તહોમતદારને અટક કરી નામ.કોર્ટમાં આગળની કાર્યવાહી માટે રજૂ કરવામાં આવેલ છે.

(૫) નળસરોવરને આવી ગુનાહીત પ્રવૃતિથી મુક્ત કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

(૫) ૧. નળ સરોવર પક્ષી અભયારણ્યના સ્ટાફ તથા આજુબાજુના અન્ય વન વિભાગના સ્ટાફ અને બોટમેનો દ્વારા નળ સરોવર તથા બહારના ભાગે સંવેદનશીલ વિસ્તારોમાં દિવસરાત સઘન ફેરણું કરવામાં આવે છે.

૨. પક્ષીઓના શિકાર તથા અન્ય ગેરકાયદેસર પ્રવૃતિ રોકવા હથિયારધારી એસ.આર.પી/ બોર્ડર વિંગના હોમગાર્ડના જવાનો દ્વારા સતત ફેરણું કરવામાં આવે છે.

૩. સ્થાનિક લોકોને રોજગારી બાબત ધ્યાને લઇ કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને ટાસ્કફોર્સની રચના કરવામાં આવેલ છે.

૪. નળ સરોવર પક્ષી અભયારણ્યમાં અપપ્રવેશ કરી પક્ષી શિકાર, પક્ષી રંજાડ તેમજ અન્ય ગેરકાયદેસર પ્રવૃતિ રોકવા, ગુનાહિત પ્રવૃતિ રોકવા પક્ષીઓના સંરક્ષણ માટે નળ સરોવર

પક્ષી અભયારણ્યમાં પ્રવેશ ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ છે.
૫. પક્ષી રક્ષણ અને સંરક્ષણને વેગ આપવા નળ સરોવર અને થોળ બર્ડઝ સેન્ચુરીઝ કન્ઝર્વેશન સોસાયટીની રચના કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

---------

**ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૨૩૩૯૫ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) |

| વર્ષ | વાવેતર(હેક્ટર) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫૬૬ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧.૧૨.૨૦૧૯ સુધીમાં) | ૩૯૦ |

| | |
|---|---|
| (૨) તેની પાછળ ઉક્ત સમયગાળમાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) |

| વર્ષ | ખર્ચ(રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૪૬૯.૬૮ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં) | ૪૨૨.૦૧ |

---------

**મોરબી અને માળીયા તાલુકામાં વિધવા સહાયની અરજીઓ**

૨૪૮૮૬ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને માળીયા તાલુકામાં વિધવા સહાય યોજના અન્વયે કેટલી અરજીઓ આવી, | (૧) |

| વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|
| | મોરબી | માળીયા |
| ૨૦૧૮ | ૧૮૨ | ૧૦૮ |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૨૦૬૮ |
| (૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ |

---------

**મોરબી જિલ્લાની શાળામાં શૌચાલયની સુવિધા**

૨૩૪૪૩ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેના શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ છે. | (૧) |

| | |
|---|---|
| સરકારી પ્રાથમિક શાળા | ૫૯૭ |
| બિન–અનુદાનિત પ્રાથમિક શાળા | ૨૦૮ |
| અનુદાનિત પ્રાથમિક શાળા | ૦૧ |

| | |
|---|---|
| (૨) કેટલી શાળાઓમાં શૌચાલયોની સુવિધા આપવાની બાકી છે, અને | (૨) એકપણ નહીં. |
| (૩) બાકીની શાળાઓમાં આ સુવિધા ક્યારે આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૩૩૬૫ **ડૉ. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૩૭૦૪૯ | ૪૦૦૩૦ | ૦ |

(૨)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | ૨૦૪૨.૦૨ | ૨૭૨૦.૭૬ | ૦ |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ**

૨૪૮૪૯ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૩) ઉક્ત દબાણ દૂર કરવાની જવાબદારી કોની થાય છે, અને

(૪) ઉક્ત ગૌચરની જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) ના, જી

(૨) (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**તાપી અને સુરત જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ**

૨૪૯૭૭ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લામાં તાલુકાવાર ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૩) ઉક્ત દબાણ દૂર કરવાની જવાબદારી કોની થાય છે, અને

(૪) ઉક્ત ગૌચરની જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મોજે. મંદરોઈ ગામે અંદાજિત ૩ થી ૪ હેક્ટર ગૌચરની જમીન પર ગેરકાયેદસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભુ કરવામાં આવેલ છે.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫ અન્વયે ગેરકાયદેસર દબાણ દૂર કરવાની જવાબદારી સંબંધિત ગ્રામ પંચાયતની થાય છે.

(૪) દબાણની માપણી કરવાની કાર્યવાહી પૂર્ણ થયેથી.

---------

**અમદાવાદ જિલ્લામાંથી નારી સંરક્ષણ ગૃહમાંથી મહિલાઓ ભાગી જવા બાબત**

૨૬૪૩૭ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડીયા) : **માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં નારી સંરક્ષણ ગૃહમાંથી કેટલી મહિલાઓ ભાગી જવાના બનાવો બન્યા, અને

(૧) શૂન્ય

(૨) આ માટે નારી સંરક્ષણ ગૃહના જવાબદારો સામે સરકારે પગલા લીધા?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા**

૨૩૪૮૫ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવેલ ગ્રામ પંચાયતની સંખ્યા** |
|---|---|---|
| ૧ | દહેગામ | ૦૬ |
| ૨ | ગાંધીનગર | ૦૮ |
| ૩ | કલોલ | ૦૨ |
| ૪ | માણસા | ૦૪ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) દહેગામ તાલુકાની બે ગ્રામ પંચાયતો સિવાય તમામ તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનું શું આયોજન છે?

(૩) સત્વરે આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

---------

**વડોદરા જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ માટેની ગ્રાન્ટ**

૨૩૫૦૨ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કન્યાઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે,

(૧) રૂ.૨૦૦૦/-

(૨) જે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં વડોદરા જિલ્લામાં કેટલી કન્યાઓને આવરી લેવામાં આવી, અને

(૨) ૧૮૩

(૩) તેના માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી?

(૩) રૂ.૩,૬૬,૦૦૦/-

---------

**બોટાદ જિલ્લામાં મધ્યાહન ભોજન દ્વારા દૂધ સંજીવની યોજના**

૨૩૪૪૧ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બોટાદ જિલ્લાના કેટલા અને કયા કયા તાલુકામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં મધ્યાહન ભોજન યોજના દ્વારા દૂધ સંજીવની યોજના અમલમાં છે.

(૨) તે અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો ?

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **તા.૧-૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | **તા.૧-૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | બરવાળા | રૂ.૭૫,૦૫,૭૬૦ | રૂ.૬૯,૫૪, ૬૨૧ | રૂ.૧,૪૪,૬૦,૩૮૧ |

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**ગીર અભ્યારણમાં સિંહોની વસ્તી**

૨૪૯૨૦ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગીર અભ્યારણ્યમાં સિંહોની કુલ વસ્તી કેટલી છે,

(૨) સિંહોની કુલ વસ્તીમાં નર,માદા અને બચ્ચાઓની વસ્તી કેટલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા સિંહોના અકસ્માતથી અને કેટલા સિંહોના શિકારથી અને કેટલા સિંહોના કુદરતી મૃત્યુ થયા છે,અને

(૪) સિંહોના શિકાર અને અપમૃત્યુના બનાવો રોકવા માટે સરકારે શાં પગલાં લીધાં છે?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૧૫ ના છેલ્લા વસ્તી અંદાજ મુજબ કુલ-૩૦૪ સિંહો નોંધાયેલ છે.

(૨) ગીર અભ્યારણ્યમાં સિંહોની કુલ વસ્તી

| **નર** | **માદા** | **બચ્ચા** | **કુલ** |
|---|---|---|---|
| ૮૭ | ૧૩૩ | ૮૪ | ૩૦૪ |

(૩) છેલ્લાં બે વર્ષમાં ગીર અભ્યારણ્યમાં અકસ્માત અને શિકારથી કોઇ સિંહોના મૃત્યુ થયેલ નથી. જ્યારે ૧૧૭ સિંહોના કુદરતી મૃત્યુ થયા છે.

(૪) સિંહોના શિકાર અને અપમૃત્યુના બનાવો રોકવા સરકાર દ્વારા નીચેની વિગતે પગલાં લેવામાં આવેલ છે.

૧. બિમારી, અકસ્માત વખતે તાત્કાલીક સારવાર માટે વેટરનરી ઓફીસરની નિમણૂક કરવામાં આવેલ છે.
૨. વન્યપ્રાણી મિત્રોની તથા ટ્રેકર્સની નિમણૂક કરવામાં આવેલ છે.
૩. રેસ્કયુ માટે ટ્રેકર્સ પાર્ટીની રચના કરવામાં આવેલ છે.
૪. ગીર વિસ્તારમાં સાસણ, જામવાળા, જસાધાર ખાતે તથા સક્કરબાગ ઝૂ, જૂનાગઢ ખાતે વન્યપ્રાણી સારવાર કેન્દ્રોની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.
૫. અભયારણ્યમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકર મુકવામાં આવેલ છે.
૬. લોકજાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો પર સાઈન બોર્ડ મુકવામાં આવેલ છે.
૭. સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યાના કેસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ધારા-૧૯૭૨ હેઠળ ગુન્હેગારોની સામ નામ.કોર્ટમાં કેસ કરવામાં આવે છે.
૮. શિકાર અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વિગેરેથી સુસજ્ઝ કરવામાં આવેલ છે.
૯. સમયાંતરે પોલીસ વિભાગ, વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે.
૧૦. રેવન્યુ વિસ્તારોમાં અસુરક્ષિત ખુલ્લા કુવાઓને પારાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવામાં આવેલ છે.
૧૧. અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે.
૧૨. સક્કરબાગ ખાતે કૉરેન્ટાઇન ઝોન બનાવવામાં આવેલ છે.
૧૩. સ્ટાફને ટેબ્લેટ પૂરા પાડવામાં આવેલ છે.
૧૪. સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.
૧૫. સાસણ ખાતે હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.

---------

## હીસાગર અને પંચમહાલ જિલ્લાની શાળામાં સિન્ટેક્ષના ઓરડાઓ

૨૪૯૪૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં સિન્ટેક્ષના કેટલા ઓરડાઓ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા ઓરડાઓ કાર્યરત/વપરાશલાયક છે અને જિલ્લાવાર કેટલા ઓરડાઓ બંધ હાલતમાં છે, અને

(૩) ઉક્ત ઓરડાઓ બંધ હાલતમાં હોવાના શા કારણો છે?

**જવાબ**

(૧)

| જિલ્લો | સિન્ટેક્ષના ઓરડાની સંખ્યા |
|---|---|
| મહીસાગર | ૪૨૯ |
| પંચમહાલ | ૫૯૦ |

(૨)

| જિલ્લો | કાર્યરત ઓરડાની સંખ્યા | બંધ હાલતવાળા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| મહીસાગર | ૩૧૯ | ૧૧૦ |
| પંચમહાલ | ૫૦૯ | ૮૧ |

(૩) જર્જરિત હોવાને કારણે.

---------

## ચોર્યાસી તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

૨૩૪૭૦ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કુલ કેટલા કામો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૬,૫૮,૮૩,૯૧૦/–ની બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) તે પૈકી કુલ ૨૭૦ કામો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ રૂ. ૫,૫૪,૯૧,૭૭૯/–નો ખર્ચ થયેલ છે.

---------

## નવસારી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા

૨૩૪૯૧ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ–૪ (ચાર) જગ્યા મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની તમામ–૪ જગ્યાઓ ભરાયેલ છે. કોઇ પણ જગ્યા ખાલી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

## સુરેન્દ્રનગર જિલ્લામાં મધ્યાહન ભોજન દ્વારા દૂધ સંજીવની યોજના

૨૩૪૪૦ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના કેટલા અને કયા કયા તાલુમાં દૂધ સંજીવની યોજના અમલમાં છે, અને

(૨) તે અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા, ચોટીલા, થાનગઢ, ધ્રાંગધ્રા, પાટડી અને લખતર એમ કુલ ૬ તાલુકાઓમાં મધ્યાહન ભોજન યોજના દ્વારા દૂધ સંજીવની યોજના અમલમાં છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂપિયા ૨૫,૨૭,૪૪,૦૦૦ નો ખર્ચ થયેલ છે.

---------

## ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

૨૩૩૯૭ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫૬૬ |
| ૨૦૧૯–૨૦ તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં) | ૩૯૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૪૬૯.૬૮ |
| ૨૦૧૯–૨૦ તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં) | ૪૨૨.૦૧ |

---------

## માણાવદર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર

૨૩૪૦૭ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૨૮,૪૦૦ રોપા

(૨) નીલગીરી, શરૂ, લીમડા, કરંજ, અરડુસો, ગુલમહોર, કાશીદ, દેશીબાવળ, વડ, પીપળ, ખાટી આંબલી વગેરે

(૩) રૂ. ૯.૬૯ લાખ

---------

## બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં ઓરડાની ઘટ

૨૬૪૭૦ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

**જવાબ**

(૧)

| તાલુકા | ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| અમીરગઢ | ૨૭ | ૪૩ |
| ભાભર | ૧૩ | ૨૩ |
| દાંતા | ૫૯ | ૧૫૨ |

| | | |
|---|---|---|
| દાંતીવાડા | ૨૯ | ૯૬ |
| ડીસા | ૭૭ | ૨૨૩ |
| દિયોદર | ૪૧ | ૧૨૫ |
| ધાનેરા | ૨૧ | ૬૪ |
| કાંકરેજ | ૧૦૬ | ૩૧૧ |
| લાખણી | ૪૨ | ૮૯ |
| પાલનપુર | ૪૦ | ૧૦૧ |
| સુઇગામ | ૭ | ૧૧ |
| થરાદ | ૬૪ | ૧૩૮ |
| વડગામ | ૨૪ | ૪૫ |
| વાવ | ૨૬ | ૬૩ |
| **કુલ** | **૫૭૬** | **૧૪૮૪** |

(૨) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

**અનંત નેશનલ યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૩૪૫૬ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૯૭ | ૮૯ | ૭૦ |

(૨)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ૫.૩૫ | ૬.૦૫ | ૪.૬૭ |

---------

**માંગરોળ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ**

૨૩૪૭૩ **અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કુલ કેટલા કામો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૯,૯૪,૯૦,૩૭૧/–ની બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) તે પૈકી કુલ ૬૫૦ કામો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ રૂ.૯,૬૭,૨૭,૭૯૨/–નો ખર્ચ થયેલ છે.

---------

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ**

૨૪૯૦૨ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લે બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ | ગરીબ કલ્યાણ મેળાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | ૨૦૧૮–૧૯ | ૧ |
| | | ૨૦૧૯–૨૦ | ૦ |
| ૨ | જામનગર | ૨૦૧૮–૧૯ | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કેટલો

(૨)

ખર્ચ કરવામાં આવ્યો?

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ | ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ |
|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | ૨૦૧૮-૧૯ | ૩,૩૨,૦૦૦=૦૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૦૦ |
| ૨ | જામનગર | ૨૦૧૮-૧૯ | ૪,૭૬,૪૬૪=૦૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૦૦ |

---------

**ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-નર્સિંગ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ મારફત ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૩૪૪૮ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત ગુજરાત નર્સિંગ કાઉન્સીલ નર્સિંગ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૫૪૯૩ | ૫૦૪૦ | ૦ |

(૨)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ૩૦૨.૭૬ | ૩૪૨.૫૬ | ૦ |

---------

**નવસારી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા**

૨૩૪૯૨ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ ૪(ચાર) જગ્યા મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની તમામ-૪ જગ્યાઓ ભરાયેલ છે. કોઈ પણ જગ્યા ખાલી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવાની મંજૂરી**

૨૩૪૭૪ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપૂરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ૪૧ (એકતાળીસ)

(૨) રૂ. ૭૩૦/- લાખ

---------

**સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા**

૨૩૪૭૭ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે કમ્પ્યુટરની સુવિધા

તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે,

ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનું નામ | કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવેલ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | બારડોલી | ૨૩ |
| ૨ | ચોર્યાસી | ૧૨ |
| ૩ | કામરેજ | ૦૭ |
| ૪ | મહુવા | ૦૪ |
| ૫ | માંડવી | ૧૮ |
| ૬ | માંગરોલ | ૧૭ |
| ૭ | ઓલપાડ | ૧૨ |
| ૮ | પલસાણા | ૦૪ |
| ૯ | ઉમરપાડા | ૦૪ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) તમામ ગ્રામ પંચાયતોમાં સુવિધા ઉપલબ્ધ છે.

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનું શું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં આશ્રમશાળાઓના રોસ્ટર રજીસ્ટરો**

૨૪૯૫૨ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના રોસ્ટર રજીસ્ટરોને પ્રમાણિત કરવાની સત્તા કોને છે, અને

(૨) ઉક્ત સત્તા જિલ્લા કક્ષાએ આપવાની કાર્યવાહી કયા તબક્કે છે?

**જવાબ**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ શહેર માટે આનુષાંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ સહાય**

૨૩૫૦૯ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રિજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા આનુષાંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને

(૨) વર્ષ ૨૦૧૯–૨૦માં અમદાવાદ શહેરના કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) આર.ટી.ઈ. હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આનુષાંગિક ખર્ચ સહાય યોજના હેઠળ વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/– ની સહાય ચૂકવવામાં આવે છે.

(૨) ૪૦,૨૧૪

---------

**સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૨૩૩૭૯ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૨૯૦૦૦ રોપાનું

(૨) લીમડા, પેલ્ટોફોર્મ, કાશીદ, કણજી, ગુલમહોર, ગરમાળો, બોરસલ્લી, નીલગીરી, દેશી બાવળ

(૩) રૂપિયા ૩૩.૫૧ લાખ

---------

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

### લીંબડી તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાંટ

૨૩૪૬૪ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૬૩૮.૭૬/– લાખની બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી કુલ કેટલા કામો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી કુલ ૨૮૮ કામો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ? | (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ રૂ. ૫૩૩.૯૮/– લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવાની મંજૂરી

૨૩૪૭૯ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૧૯ (ઓગણીસ). |
| (૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું? | (૨) રૂ. ૩૩૦/– લાખ (ત્રણસો ત્રીસ લાખ પૂરા) |

---------

### અરવલ્લી જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ

૨૩૪૩૦ **શ્રી જગદીશભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને | (૧) પ્રાથમિક શાળા દીઠ માસિક રૂ.૧૮૦૦/– |
| (૨) આ યોજના હેઠળ અરવલ્લી જિલ્લા માટે સને–૨૦૧૯–૨૦માં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂ. ૨,૩૦,૯૫,૮૦૦/– |

---------

### રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી

૨૩૪૮૨ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવામાં આવેલ છે, | (૧) અગાઉના વર્ષોમાં ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લાના તમામ તાલુકાની તમામ ગ્રામ પંચાયતો ખાતે બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડેલ હોઈ તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ જ ગ્રામ પંચાયતને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવાની બાકી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ કોટડાસાંગાણી તાલુકાના વિભાજનથી નવિન અસ્તિત્વમાં આવેલ નવી ખોખરી ગ્રામ પંચાયતમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવાની બાકી છે. |
| (૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવામાં આવશે? | (૩) ઉક્ત ગ્રામ પંચાયતમાં સાધન સામગ્રીની ડીલીવરી અને ઈન્સ્ટોલેશનની કામગીરી ચાલી રહેલ છે. |

---------

### ગાંધીનગર જિલ્લામાં મોર અને અન્ય પક્ષીઓના મૃત્યુ

૨૪૮૮૧ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) ડીસેમ્બર–૨૦૧૯માં ગાંધીનગર જિલ્લાના વાવોલમાં અંદાજે ૧૦ મોર અને અન્ય પક્ષીઓના પોઈઝનના કારણે મૃત્યુ થયા છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલા મોર અને અન્ય કયા પ્રકારના કેટલા પક્ષીઓના મૃત્યુ થયા અને કેટલા પક્ષીઓ ગંભીર બિમાર થયા, અને

(૨) જેમાં મોર–૧૦, ટીટોડી–૩, કબુતર–૧ નું મૃત્યુ થયેલ છે. કોઈ પક્ષી ગંભીર બિમાર પડેલ નથી.

(૩) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લીધાં?

(૩) બોરીજ રેન્જ ગુના નંબર–૧૦/૨૦૧૯–૨૦, તા.૨૨–૧૨–૨૦૧૯થી પ્રથમ ગુના રીપોર્ટ નોંધવામાં આવેલ છે. આ ગુનો બિનવારસી ગુના તરીકે નોંધવામાં આવેલ હોય જવાબદારો સામે પગલાં લેવાની બાબત ઉપસ્થિત થતી નથી.

---------

**પાટણ જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ**

૨૩૪૨૬ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને | (૧) શાળાદીઠ માસિક રૂ.૧૮૦૦/– |
| (૨) આ યોજના હેઠળ પાટણ જિલ્લા માટે સને ૨૦૧૯–૨૦માં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂ.૧,૪૩,૧૦,૦૦૦/– (અંકે રૂ.એક કરોડ તેતાળીસ લાખ દસ હજાર પૂરા). |

**આણંદ અને વડોદરા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૨૪૯૪૧ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએઃ–<br>• આણંદ જિલ્લામાં ૧૯૯૩ આંગણવાડીઓ કાર્યરત છે,<br>• વડોદરા જિલ્લામાં ૧૪૪૮ આંગણવાડીઓ કાર્યરત છે. |
| (૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, | (૨)<br>• આણંદ જિલ્લામાં ૧૫૦૪ આંગણવાડીઓને પોતાના મકાનો છે,<br>• વડોદરા જિલ્લામાં ૧૨૫૪ આંગણવાડીઓને પોતાના મકાનો છે. |
| (૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને | (૩)<br>• આણંદ જિલ્લામાં ૪૮૯ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને<br>• વડોદરા જિલ્લામાં ૧૯૪ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું પગલાં લીધા? | (૪) સરકારશ્રી દ્વારા આંગણવાડીઓને પોતાના મકાનો આપવા માટે મનરેગા તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત આયોજન કરવામાં આવેલ છે. |

---------

**લીંબડી તાલુકામાં ૧૪મા નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાંટ**

૨૩૪૬૫ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં વર્ષ | (૧) સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં વર્ષ |

| | |
|---|---|
| ૨૦૧૮-૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી, | ૨૦૧૮-૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૬૩૮.૭૬/- લાખની બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી કુલ કેટલા કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી કુલ ૨૮૮ કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ? | (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ રૂ. ૫૩૩.૯૮/- લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**મોરબી અને રાજકોટ જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ**

૨૪૮૯૦ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે, | (૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત દબાણ દૂર કરવાની જવાબદારી કોની થાય છે, અને | |
| (૪) ઉક્ત ગૌચરની જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | |

---------

**મહેસાણા જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ**

૨૩૪૨૪ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને | (૧) શાળાદીઠ માસિક રૂ.૧૮૦૦/- |
| (૨) આ યોજના હેઠળ મહેસાણા જિલ્લા માટે સને ૨૦૧૯-૨૦માં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂ.૧,૭૯,૪૬,૦૦૦/- (અંકે રૂ.એક કરોડ અગણ્યાએંસી લાખ છેતાળીસ હજાર પૂરા.) |

---------

**જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૨૪૮૯૯ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએઃ-<br>• જામનગર જિલ્લામાં ૯૦૦ આંગણવાડીઓ કાર્યરત છે,<br>• દેવભુમિ દ્વારકા જિલ્લામાં ૬૯૧ આંગણવાડીઓ કાર્યરત છે. |
| (૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, | (૨)<br>• જામનગર જિલ્લામાં ૭૨૭ આંગણવાડીઓને પોતાના મકાનો છે,<br>• દેવભુમિ દ્વારકા જિલ્લામાં ૫૬૮ આંગણવાડીઓને પોતાના મકાનો છે. |
| (૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય | (૩) |

જગ્યાએ ચાલે છે, અને

- જામનગર જિલ્લામાં ૧૭૩ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કે અન્ય જગ્યાએ ચાલે છે, અને
- દેવભુમિ દ્વારકા જિલ્લામાં ૧૨૩ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે.

(૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું પગલાં લીધા?

(૪) સરકારશ્રી દ્વારા આંગણવાડીઓને પોતાના મકાનો આપવા માટે મનરેગા તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત આયોજન કરવામાં આવેલ છે.

---------

**ઉચ્છલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૨૩૪૦૨ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૩૯૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં ) | ૩૨૬ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૯૨.૭૭ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં) | ૧૩૩.૮૧ |

---------

**ખેડા તાલુકામાં ૧૪મા નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાંટ**

૨૩૪૬૭ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાબાદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના ખેડા તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪મા નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કુલ કેટલા કામો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાના ખેડા તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪મા નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૪૪૨.૧૧/–લાખની બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) તે પૈકી કુલ ૧૮૦ કામો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ રૂ. ૩૩૭.૩૭/–લાખનો ખર્ચ થયેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લાની શાળાના વર્ગોની મંજૂરી**

૨૩૪૩૭ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગો મંજૂર કરવા માટે કેટલી દરખાસ્તો મળેલ, અને

(૨) ઉક્ત દરખાસ્તો પૈકી કેટલા વર્ગો મંજૂર કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગો મંજૂર કરવા માટે કુલ ૧૩ દરખાસ્તો મળેલ.

(૨) ઉક્ત દરખાસ્તો પૈકી કુલ ૦૮ વર્ગો મંજૂર કરવામાં આવ્યા.

---------

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**વઘઈ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૨૩૪૦૦ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૧૭૦૫ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં ) | ૧૨૨૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૫૭૯.૫૧ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં) | ૪૧૧.૮૭ |

---------

**સુમનદીપ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૩૪૫૪ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત સુમનદીપ વિદ્યાપીઠ, વડોદરા મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૨૮૪ | ૩૧૭ | ૦ |

(૨)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ૧૫.૬૫ | ૨૧.૫૫ | ૦ |

---------

**સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૨૪૯૭૪ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું પગલાં લીધા?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએઃ-

- સુરત જિલ્લામાં ૧૭૩૩ આંગણવાડીઓ કાર્યરત છે,
- છોટાઉદેપુર જિલ્લામાં ૧૧૮૨ આંગણવાડીઓ કાર્યરત છે.

(૨)

- સુરત જિલ્લામાં ૧૬૭૪ આંગણવાડીઓને પોતાના મકાનો છે,
- છોટાઉદેપુર જિલ્લામાં ૧૦૬૪ આંગણવાડીઓને પોતાના મકાનો છે.

(૩)

- સુરત જિલ્લામાં ૫૯ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને
- છોટાઉદેપુર જિલ્લામાં ૧૧૮ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે.

(૪) સરકારશ્રી દ્વારા આંગણવાડીઓને પોતાના મકાનો આપવા માટે મનરેગા તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત આયોજન કરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૧ થી ૫ ની શાળાઓ બંધ કરવા બાબત**

૨૪૮૩૯ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ધોરણ ૧ થી ૫ની કેટલી શાળાઓ મર્જ થવાને કારણે બંધ કરવામાં આવી, અને

(૨) ઉક્ત બંધ કરવામાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓ માટે શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **મર્જ થવાને કારણે બંધ કરવામાં આવેલ ધોરણ ૧ થી ૫ ની શાળાઓની તાલુકાવાર સંખ્યા** |
|---|---|---|
| ૧. | બનાસકાંઠા | શૂન્ય |
| ૨. | સાબરકાંઠા | પ્રાંતિજ તાલુકામાં ૦૨(બે) શાળા મર્જ થવાને કારણે બંધ કરવામાં આવી. અન્ય તાલુકાઓ માટે વિગત શૂન્ય છે. |

(૨) નજીકની શાળામાં પ્રવેશ આપેલ છે.

---------

## સાકળચંદ પટેલ યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ

૨૩૪૫૦ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત સાકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **૨૦૧૭-૧૮** | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦** |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૯૭૫ | ૯૧૯ | ૩૩૫ |

(૨)

| **વર્ષ** | **૨૦૧૭-૧૮** | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦** |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ૫૩.૭૪ | ૬૨.૪૬ | ૨૨.૩૩ |

---------

## સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા

૨૩૪૭૮ **શ્રી વી.ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવેલ ગ્રામ પંચાયતની સંખ્યા** |
|---|---|---|
| ૧ | બારડોલી | ૨૩ |
| ૨ | ચોર્યાસી | ૧૨ |
| ૩ | કામરેજ | ૦૭ |
| ૪ | મહુવા | ૦૪ |
| ૫ | માંડવી | ૧૮ |
| ૬ | માંગરોલ | ૧૭ |
| ૭ | ઓલપાડ | ૧૨ |
| ૮ | પલસાણા | ૦૪ |
| ૯ | ઉમરપાડા | ૦૪ |

(૨) તમામ ગ્રામ પંચાયતોમાં સુવિધા ઉપલબ્ધ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ**

**કચ્છ અને પાટણ જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન**

૨૪૮૩૩ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ગૌ અને ગૌ વંશની અંતિમક્રિયા કરવા માટે કેટલા ગામોમાં સ્મશાન ઉપલબ્ધ છે, | (૧), (૨) અને (૩) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈ મુજબ ગૌ વંશ સહિતના મૃત પશુઓ માટે સ્મશાન બનાવવાની જોગવાઈ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં સ્મશાન બનાવવાના બાકી છે, અને | |
| (૩) ઉક્ત બાકી સ્મશાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | |

---------

**વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા**

૨૩૪૮૮ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવેલ ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડભોઈ | ૦૧ |
| ૨ | ડેસર | ૦૦ |
| ૩ | કરજણ | ૧૩ |
| ૪ | પાદરા | ૦૨ |
| ૫ | સાવલી | ૦૪ |
| ૬ | શિનોર | ૦૦ |
| ૭ | વડોદરા | ૦૯ |
| ૮ | વાઘોડીયા | ૧૬ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી ?

(૨) એક પણ નહીં.

---------

**અમદાવાદ શહેરમાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ ઓનલાઈન પ્રવેશ**

૨૩૫૧૧ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે રાજ્યમાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ માટે અમદાવાદ શહેર વિસ્તારમાં કેટલા ગરીબ વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કરી,

(૧) ૨૧,૮૩૨

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો, અને

(૨) ૧૧,૦૮૫

(૩) તે અંગે રાજ્ય સરકારે કેટલી રકમનો ખર્ચ કરેલ છે ?

(૩) રૂ.૩૪૯૧.૫૭ લાખ

---------

**જૂનાગઢ જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા**

૨૪૯૧૦ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુપોષિત બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુલ ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| તાલુકા | કુલ ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|
| ભેંસાણ | ૩૩૦ |
| જૂનાગઢ | ૧૭૧૭ |
| કેશોદ | ૯૫૬ |
| માળીયા | ૪૮૫ |
| માણાવદર | ૫૧૫ |
| માંગરોળ | ૭૬૬ |
| મેંદરડા | ૩૩૮ |
| વંથલી | ૪૮૧ |
| વિસાવદર | ૩૬૨ |
| **કુલ** | **૫૯૫૦** |

(૨) કુપોષિત બાળકોમાંથી કુપોષણ દૂર કરવા

(૨) પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની

| | |
|---|---|
| ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી ? | કાર્યવાહી કરવામાં આવે છે.<br>• આંગણવાડી કેંદ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.<br>• લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા ઉપરોક્ત ગરમ નાસ્તો–ભોજન પુરૂં પાડવા માટે રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં સત્વ/ડબલ ફોર્ટિફાઈડ મીઠું તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરૂ પાડવામાં આવે છે.<br>• જૂનાગઢ જિલ્લાના તમામ ઘટકમાં ૬ માસ થી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલશક્તિ આપવામાં આવે છે.<br>• ૩–૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજું ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી, પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ આપવામાં આવે છે. |

---------

**સતલાસણા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી**

૨૩૫૫૯ **ડૉ. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સતલાસણા, જિ.મહેસાણા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને ક્યારે? | (૨) રૂ. ૫,૫૦,૬૨,૫૦૦/–ની વહીવટી મંજૂરી તા.૦૮/૧૧/૨૦૧૯ના રોજ આપવામાં આવેલ છે. |

---------

**અમરેલી અને પોરબંદર જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન**

૨૪૯૨૨ **શ્રી જે.વી. કાકડીયા** (ધારી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ગૌ અને ગૌ વંશની અંતિમક્રિયા કરવા માટે કેટલા ગામોમાં સ્મશાન ઉપલબ્ધ છે,<br>(૨)ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં સ્મશાન બનાવવાના બાકી છે, અને<br>(૩)ઉક્ત બાકી સ્મશાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૧), (૨) અને (૩)<br>ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈ મુજબ ગૌ વંશ સહિતના મૃત પશુઓ માટે સ્મશાન બનાવવાની જોગવાઈ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ**

૨૪૯૫૦ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણ | (૨), (૩) અને (૪)<br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કરવામાં આવ્યા છે,
(૩)ઉક્ત દબાણ દૂર કરવાની જવાબદારી કોની થાય છે, અને
(૪) ઉક્ત ગૌચરની જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

---------

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ચાલુ થઇ ગઇ છે. હું આપનાવતી, માનનીય મુખ્યમંત્રીશ્રીવતી અને સમગ્ર ગૃહવતી ૧૭ લાખ ૫૩ હજાર વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**સભાગૃહની કાર્યવાહીનું રેકોર્ડીંગ સોશિયલ મીડિયામાં પ્રસારીત કરવા બાબત**

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ એ લોકશાહીનું મંદિર છે અને તેની ગરિમા જાળવવી તે આપણા બધા સભ્યોની નૈતિક ફરજ છે. ગઇકાલે તા.૪-૩-૨૦૨૦ના રોજ આપણા રાજ્યના બજેટ ઉપરની સામાન્ય ચર્ચામાં પશુપાલન અંગે ગૃહમાં ચર્ચા કરીને આ સન્માનનીય ગૃહના સભ્ય શ્રી અનંતભાઇ પટેલે આપણા વિપક્ષની ઓફિસમાંથી પ્રિપ્લાનિંગ વિડીયો ઉતારી તેને સોશિયલ મીડિયામાં આ બાબત જાહેર કરેલ છે. આ વાયરલ થવા અંગે આ પોઇન્ટ ઓફ ઓર્ડર લાવ્યો છું. આ સભાગૃહની આ બાબત આપની પૂર્વ મંજૂરી વગર...

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી પણ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે બોલો.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપની પૂર્વ મંજૂરી વગર આ સોશિયલ મીડિયામાં જાહેર કરી શકે છે કે નહીં? તેમણે આપશ્રીની પરમિશન લીધી છે કે નહીં? જો ન લીધી હોય તો તેઓની સામે એટલે કે સભ્યશ્રી અનંતભાઇ પટેલની સામે પગલાં લેવા જોઇએ. જરૂર પડે સભાગૃહના સર્વે સભ્યશ્રીઓને કડક સૂચનાઓ અને ચેતવણી આપવી જોઇએ. આ બાબત ગઇ સાલ અવાર નવાર ત્રણ-ચાર સભ્યો દ્વારા બનેલી છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ. શેના માટે પણ. એમને કહેવા તો દો. કોઇ સભ્ય કહેશે જ નહીં? માનનીય મંત્રીશ્રી આમાં જ કશું કહેવું છે? પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના ધબકારા પૂરવણી-જની અંદર પાના નં.૮૦માં ૧૫૩મો. માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી વગર ગૃહની કાર્યવાહીનું અનધિકૃત રેકોર્ડીંગ અને પ્રસારણ કરવા પર પ્રતિબંધ. માનનીય અધ્યક્ષશ્રી, બધું નથી વાંચતો પણ છેલ્લી લીટી વાંચું. અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી વગર ચેનલોએ કરેલા પ્રસારણ સભાગૃહના વિશેષાધિકાર ભંગ અને અવમાન સમાન હોઇ સંબંધિત ચેનલો સામે વિશેષાધિકાર ભંગ અને અવમાનની કાર્યવાહી કરવા અને સંબંધિત ચેનલોને આવું પ્રસારણ તાત્કાલિક અસરથી બંધ કરવા માનનીય અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યો હતો. જે કિસ્સાની અંદર આપના દ્વારા આદેશ આપવામાં આવ્યો હોય અને પછી પણ આ સભાગૃહની અંદર અવાર નવાર ચર્ચા થઇ છે છતાં પણ આ પ્રમાણે આ સભાગૃહની ઘટનાનો દૂરુપયોગ થઇ રહ્યો છે તે અયોગ્ય છે એટલે તેના માટે આપના દ્વારા સખ્તાઇથી આદેશ આપવામાં આવે તેવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : પરવાનગી વગર ગૃહની કાર્યવાહી, આપની આ વાતથી વિરુદ્ધ અને વિપરીત વાત છે? તો બોલો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રી ગૃહ સમક્ષ જે પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન લઇને આવ્યા છે, આ વિધાનસભાગૃહ છ કરોડની પ્રજાનું દર્પણ છે. આ વિધાનસભાગૃહમાં સત્તાપક્ષ કે વિપક્ષ જે કોઇ વાત કરે છે તે છ કરોડ જનતાની વાત કરે છે.

અધ્યક્ષશ્રી : આપ નિયમની વાત કરો, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમની અંદર જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : આમાં નિયમ શું છે?

શ્રી પરેશ ધાનાણી : વિધાનસભામાં પૂર્વમાં અહીંની જે કંઇ કાર્યવાહી છે તેનું પ્રસારણ થતું હતું. આજે પણ દેશની લોકસભા અને રાજયસભામાં આ પ્રસારણ થાય છે.

અધ્યક્ષશ્રી: આ ઇન્ફર્મેશનમાં આવતું નથી અને આના સંબંધિત નથી. માનનીય પરેશભાઇ, એ જુદી વાત છે. અત્યારે જે નિયમ છે તે નિયમની જ વાત છે, વાત નિયમની જ છે. મારી કોઇ પરવાનગી લેવામાં આવેલ નથી. મારી પરવાનગી વગર આવું કોઇપણ પ્રસારણ કોઇપણ જગ્યાએ બતાવવું તે વિશેષાધિકારનો ભંગ બને છે. પરંતુ માનનીય પ્રોફેસર કુબેરભાઇ ડીંડોર આપે જે ઇન્ફર્મેશન આપી છે તેની લેખિતમાં પૂરાવા સાથેની વિગતો આપશો તો હું ચકાસી જઇશ. થેન્કસ. નેક્સ્ટ.

અતારાંકિત પ્રશ્નો

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોના જવાબમાં વિસંગતતા**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોતરીના ૭૫મો પ્રશ્ન છે શ્રી ભીખાભાઇ જોષીનો એમાં વન મંત્રીશ્રીને બહુ સ્પષ્ટ પૂછવામાં આવ્યું છે કે, તા.૩૧.૧૨.૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ ખાતે આવેલ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં નાણાકીય ગેરરીતિ અંગેની કેટલી ફરિયાદો મળી, બીજા પ્રશ્નમાં મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને ત્રીજા પ્રશ્નમાં તેમાં કેટલા કર્મચારીઓ, અધિકારીઓ દોષિત જણાયા અને તે અન્વયે જવાબદારો સામે શું પગલાં લેવામાં આવ્યા અને કેટલી રકમની ગેરરીતિ સામે આવી? હવે માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નના જવાબમાં એમાં દૈનિક વર્તમાન પત્રનો આધાર લઇને જવાબ આપવામાં આવ્યો પણ કેટલી ફરિયાદ મળી છે એનો કોઇ જવાબ આપવામાં આવ્યો નથી. મળી છે કે નથી મળી? તો હા કે ના અને ફરિયાદ મળી હોય તો કેટલી ફરિયાદ મળી એનો આંકડો હોય અથવા ઝીરો હોય પણ દૈનિક વર્તમાન પત્રનો આધાર લઇને જવાબ આપ્યો છે અને ત્યાર પછી બીજા સવાલના જવાબમાં આપ્યું છે કે, (૨), (૩) અને (૪) જે સંદર્ભમાં તપાસ ચાલુ છે. આ જવાબ વાજબી નથી, ઉચિત નથી અને ફરિયાદ મળી નથી તો દૈનિક વર્તમાન પત્રનો કયા આધારે સંદર્ભ લીધો છે? આ વાજબી નથી, આ પ્રકારની સ્થિતિ વિભાગ દ્વારા જવાબો કરવામાં આવે અને મંત્રીશ્રી તરફથી એ ચકાસવામાં ન આવે અને વિધાનસભાના રેકોર્ડ ઉપર આ બાબતો વારંવાર આવે છે ત્યારે આ બાબત કોઇ પણ સંજોગોમાં ચલાવી શકાય નહીં. માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં આ પ્રકારની સ્થિતિ નિર્માણ ન થાય એ માટે આપના મારફત સ્પષ્ટ આદેશ કરવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ એટલા માટે આ પ્રકારે છપાયો છે કે, અમને કોઇ અરજદાર દ્વારા અરજી આપવામાં આવી નથી, અમને છાપાઓમાં સમાચારો મળ્યા ત્યારે અરજી ન હોવા છતાં પણ છાપાના સમાચારોના આધારે અમારી તપાસની પ્રક્રીયા ચાલુ છે એટલે આ રીતે જવાબ આપ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આ કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. પ્લીઝ, નેક્સ્ટ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતા તરીકે એક જવાબદાર વિપક્ષ તરીકે આ ગૃહમાં હંમેશા અમે વાત કરીએ છીએ. હું આપનો જે કાંઇ આદેશ છે એ માથે ચડાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ખુરશી છે એ ગુજરાતની ૬ કરોડની જનતાના... (અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, ના, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે? કયા નિયમ હેઠળ છે એ જણાવો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય ગૃહના નેતાશ્રી અને મંત્રીશ્રીએ ૨૮ તારીખે મારી વ્યક્તિગત. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ વાત પૂરી થઇ ગઇ છે એટલે આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આદેશ માથે ચડાવું છું પણ મારી ગેરહાજરીમાં જયારે હું ગૃહને જાણ કરીને જાવ છું ત્યારે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપના માટે મને ખૂબ માન છે પરંતુ પોઇન્ટ ઓફ ઓર્ડરનો આ વિષય નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રથા સારી નથી.

અધ્યક્ષશ્રી : મારા હુકમ પર કોઇ હવે પોઇન્ટ ઓફ ઓર્ડર હોઇ જ ન શકે. પોઇન્ટ ઓફ ઓર્ડર આમાં હોઇ જ ન શકે આપ આ સમજો છો. આપ બેસી જાવ. (અંતરાય) આમાં વિનંતી ન હોય, પોઇન્ટ ઓફ ઓર્ડરમાં વિનંતી ન હોય. આપે કહ્યું, આપનો આભાર. પરંતુ આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી, પ્લીઝ. આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના નિર્ણય પછી કોઇ ચર્ચા ન હોઇ શકે, જે કહેવું હોય એ આપને રુબરુ આવીને કહે. અહીંયા એમની કોઇ પણ રજૂઆત માન્ય રહેતી નથી.

અધ્યક્ષશ્રી :આમાં કોઇ પણ પ્રકારનો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી, નેક્સ્ટ.

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ(ઉર્જા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા : બચુભાઈ મ. ખાબડ (પશુપાલન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ, સરકારની સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ફાલ્ગુન ૧૫, ૧૯૪૧ શાકે
અતારાંકિત પ્રશ્નો

ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ

**શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(રાજયકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ તથા ગુજરાત માલ અને સેવા કર નિયમો અન્વયેના જાહેરનામા

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ તથા ગુજરાત માલ અને સેવા કર નિયમો અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ–૧૮ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૮ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

| No | Notification No. | Date |
|---|---|---|
| 1 | (GHN-88)GST-2019/S.11(1)(50)-TH | 30-09-2019 |
| 2 | (GHN-90)GST-2019/S.9(3)(13)-TH | 30-09-2019 |
| 3 | (GHN-94)GSTR-2019/S.164(47)-TH | 30-09-2019 |
| 4 | (GHN-107)GST-2019/S.148(24)-TH | 25-10-2019 |
| 5 | (GHN-110)GST-2019/R-123(4)-TH | 13-11-2019 |
| 6 | (GHN-112)GST-2019/S.172(14)-TH | 16-11-2019 |
| 7 | (GHN-113)GST-2019/S.11(3)(3)-TH | 22-11-2019 |
| 8 | (GHN-115)GST-2019/S.172(15)-TH | 05-12-2019 |
| 9 | (GHN-119)GST-2019/R.48(4)(1)-TH | 17-12-2019 |
| 10 | (GHN-120)GST-2019/R.46(1)-TH | 17-12-2019 |
| 11 | (GHN-123)GSTR-2019/S.164(50)-TH | 17-12-2019 |
| 12 | (GHN-125)GST-2019/S.128(17)-TH | 27-12-2019 |
| 13 | (GHN-126)GSTR-2019/S.164(51)-TH | 27-12-2019 |
| 14 | (GHN-127)GST-2019/S.172(16)-TH | 27-12-2019 |
| 15 | (GHN-128)GST-2019/S.9(1)(30)-TH | 31-12-2019 |
| 16 | (GHN-129)GST-2019/S.9(3)(15)-TH | 31-12-2019 |
| 17 | (GHN-1)GST-2020/S.1(10)-TH | 01-01-2020 |
| 18 | (GHN-10)GST-2020/S.96(2)-TH | 30-01-2020 |

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આઠમી વખત જે એમનું બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય નાણામંત્રીશ્રી ખૂબ જ અભ્યાસુ છે અને દર વખતે આવક ઉભી કરે છે એ દેવું કરીને કરે છે એના કારણે આંકડો વધતો જાય છે. વર્ષ ૨૦૧૪–૧૫માં રૂપિયા ૧૯૪૫૫ કરોડનું આવક માટે દેવું કર્યું હતું એ આજે ૪૬૫૦૧ કરોડ રૂપિયા એટલે કે ૨૧.૬૬ ટકા જેટલું આપણે દેવું કરીને આવક ઉભી કરી રહ્યા છીએ. દર વરસે જો આ રીતે દેવું વધતું જશે તો આ દેશના જન્મતા બાળક ઉપર ભારણ વધતું જશે અને આ અર્થતંત્ર ઉપર ખૂબ મોટી અસર પડશે એમ મને લાગે છે અને અત્યારે આમ પણ આ દેશનું અર્થતંત્ર તૂટી ગયું છે, ધંધા રોજગાર લગભગ પડી ભાંગ્યા છે, આવા સંજોગોમાં આપણે અમુક બિનજરૂરી ખર્ચાઓ છે એમાં કટ મૂકી અને આવક કેમ કરીને વધારી શકાય એવા પ્રયત્નો કરવા જોઇએ.

આજે બોર્ડની પરીક્ષા છે એટલે હું વિદ્યાર્થીઓને શુભાશિષ આપું છું. પણ મારે એક વાત કહેવી છે કે પ્રાથમિક શાળામાં જે બાળકો ભણે છે એમાં જે ઓરડાઓ છે એમાં જે સંસ્થાઓ છે એની સંખ્યા વધતી જાય છે પણ આપણે એમ કહીએ છીએ કે ડ્રોપ આઉટ રેટ ઘટી ગયો છે. પણ વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૧૮–૧૯માં ૪,૬૭,૦૦૦ છોકરાઓ ઘટી ગયા અને સાથે સાથે એક જ વર્ષમાં જે શિક્ષકોની ઘટ છે એ ૨૦૩૨ની પડી છે. આ પ્રાથમિક શાળામાં, હાઇસ્કૂલમાં પણ એવું છે, ઉચ્ચત્તર માધ્યમિક અને માધ્યમિકમાં છેલ્લા એક જ વરસમાં ૨૦૨૫ જેટલા શિક્ષકોની ઘટ છે. એટલે આપણે શિક્ષણની વાતો કરીએ છીએ, પરંતુ આ શિક્ષણ આ શિક્ષકો વગર કેવી રીતે મળી શકે?

માનનીય અધ્યક્ષશ્રી, જે ખાસ વાત ખેડૂતોને વીજળી આપવાની વાત છે. ખેડૂતોને દિવસે વીજળી આપવાનો સારો નિર્ણય સરકારે કર્યો છે. પણ મારી વિનંતી એ છે આપણે જે દર વરસે કનેક્શનો આપીએ છીએ. તે કનેકશનો ૧ લાખ જેટલા આપીએ છીએ તો એ પ્રમાણસર જે વીજળી મળવી જોઇએ તે વીજળી મળતી નથી. આમ તો વર્ષ ૨૦૦૩માં તમે જયારે ખેડૂતોને હાથકડી પહેરાવી હતી અને જે હોર્ડીંગ્સ મૂકયા હતા તેના કારણે અને તમે જે તે વખતે ઇન્ડિયન ઇલેકટ્રિસિટી એક્ટ આવ્યો અને તમે જે બે કલમો દાખલ કરી ૧૨૬ અને ૧૩૫ અને તે પછી જે ખેડૂતોને વીજળી મળતી તે એકદમ સટાસટ ઘટી ગઇ હતી અને સામે પક્ષે ઉદ્યોગોને વીજળી વધી ગઇ હતી. એટલે મારી તો વિનંતી છે કે જેમ ઉદ્યોગોને આપણે અત્યારે લગભગ ૫ ઘણી વીજળી વધારે આપીએ છીએ તો ખેડૂતોને પણ વીજળી થોડી વધારે મળે ૮ કલાક છે તેના કરતા થોડી વધારીએ તો મને એમ લાગે છે કે આપણે જે અન્નદાતા છે તેમને પણ લાભ મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબે બહુ સારું અહીંયા ભાષણ કર્યું અને ખૂબ ગુલાબી પિકચર રજૂ કર્યુ પણ વાસ્તવિક પિકચર જે ગામડાંઓમાં જઇ અને તેમણે રજૂ કર્યું હોત, ગામડાંઓની પરિસ્થિતિ તેમણે જોઇ હોત તો અને બજેટના આંકડાઓ તરફ તેમણે ધ્યાન દોર્યું હોત તો મને આનંદ થાત પણ તેમણે જે વાત કરી કે ખૂબ સારું બજેટ છે પણ આંકડાઓ જોઇએ તો આદિજાતિ વિભાગનું જે બજેટ છે તે બજેટ જે વસતિ છે તે પ્રમાણે મળવું જોઇએ તે મળતું નથી. આજે પણ ૬.૪૯ ટકા અને એ થયું લગભગ રૂપિયા ૧૪૧૦૬ કરોડ. મારે નાણામંત્રીશ્રીને વિનંતી છે કે જે ૧ કરોડ જેટલી વસતિ થવા જાય છે તો વસતિ પ્રમાણે બજેટ તમે ફાળવ્યું હોત તો લગભગ રૂપિયા ૩૨૫૯૩ કરોડ જેટલું બજેટ થાત અને જે બજેટ ફાળવો છો તે પણ પૂરું વપરાતુ નથી. જયારે વર્ષ ૨૦૧૮–૧૯માં જે બજેટ ફાળવ્યુ હતું રૂપિયા ૧૩૨૭૭ કરોડ તે પણ તમે છેલ્લે વર્ષ પૂરું થયુ ત્યારે ૧૫૩૩ કરોડ અને ૭૩ લાખ રૂપિયા વણ–વપરાયેલા રહ્યા. સાહેબ, તેનો મતલબ એ થયો કે આપણું કોઇ આયોજન થતું નથી આપણે છેલ્લી ઘડી સુધી કોઇ પ્લાનીંગ કરતા નથી અને તેના લીધે આ પૈસા વપરાતા નથી. આ વર્ષે પણ વર્ષ ૨૦૧૮–૧૯નું બજેટ પચાસ ટકા સુધી પણ વાપરી શકયા નથી. હવે અત્યારે અમે છેલ્લા ઘણા સમયથી અમારા ધારાસભ્યો હજુ રસ્તાઓ વર્ણવી શકયા નથી ત્યારે અમને ચિંતા એ થાય છે કે રસ્તાઓ વગર અમને રસ્તાઓ ના મળી શકે તો ૩૧મી માર્ચના હવે ૨૫ દિવસ બાકી રહ્યા તો આ બજેટ કેવી રીતે વપરાશે ? આપણી પાસે એવી કોઇ જોગવાઇ નથી કે આપણે આ બજેટ રોકી શકીએ કે કોઇ પીએલએ નથી કે એમને કોઇ જગ્યાએ પાર્ક કરી શકીએ એવી કોઇ વ્યવસ્થા નથી. આવા સંજોગોમાં મારી મંત્રીશ્રીને એ વિનંતી છે કે આ જે જોબ નંબર બાકી છે એવા જે ધારાસભ્યો છે તેમને તાત્કાલિક જોબ નંબર આપીને તે પૈસા ફાળવી દેવામાં આવે કે જેથી એ વિસ્તારમાં એ પૈસા વાપરી શકાય. બાકી ૨૫ દિવસમાં આપણે કંઇ કરી શકીએ નહીં અને જેમ ભૂતકાળમાં રૂપિયા ૧૫૩૩ કરોડ પાછા ગયા છે એવી રીતે આ વર્ષે પણ પાછા જશે એવું મને લાગે છે. અને સાહેબ, બીજું કે જે પૈસાની તમે જે જોગવાઇ કરી હતી લગભગ ૧૧૦૦ કરોડ રૂપિયા તેમાંથી પણ તમે જે રીવાઇઝ બજેટ કર્યું તે રીવાઇઝ બજેટમાં ફેરફાર કરીને રૂપિયા ૧૩૭ કરોડ ઓછા કરી નાંખ્યા છે. એટલે એનો મતલબ એ થયો કે હજુ તો અમને જોબ નંબર નથી મળ્યાં અને બીજી બાજુ અમારૂં રીવાઇઝ બજેટ કરી અને અમારૂં બજેટ કટ કરી નાંખો તો અમારા રસ્તાઓ થશે કેવી રીતે ? મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આગામી દિવસોનું જે બજેટ છે તેમાં પણ સાહેબ, બજેટ તો વધતું જાય અને વધતું જાય એટલે અમારી રકમ પણ વધવી જોઇએ ત્યારે ગયા વખતે જે બજેટ હતું તેના કરતા આ વખતે તમે તેનાથી પણ ઓછાં પૈસા રસ્તાઓ માટે ફાળવ્યા છે. રૂપિયા ૧૧૫ કરોડ જેટલા ઓછાં ફાળવ્યા છે. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આટલું બધું ઓછું બજેટ ના હોવું જોઇએ. કંઇક આંકડાઓમાં ફેરફાર છે તેને ગંભીરતાથી જોઇ અને અમારા વિસ્તારોની જે મુશ્કેલીઓ છે તે મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી અને એમાં ફેરફાર કરવામાં આવે તો આદિવાસી વિસ્તારનો વિકાસ થઇ શકે. એક

બીજી બાબતમાં મારી ખાસ મંત્રીશ્રીને વિનંતી છે કે, શહેરી વિકાસનું જે હેડ છે તે અમારા વિસ્તારમાં પહેલાં ક્યારેય હતું નહીં. આ તમે વર્ષ ૨૦૦૭થી દાખલ કરેલ છે અને તેની શરૂઆત રૂપિયા ૫૬ કરોડથી કરી અને એ રકમ દર વર્ષે વધતી વધતી એટલી બધી વધી ગઇ કે ગયા વખતે તમે આયોજન કર્યું હતું રૂપિયા ૭૮૬ કરોડ અને પછી તમે રીવાઇઝ બજેટ કરી નાંખ્યુ રૂપિયા ૯૭૬ કરોડ. હવે અમારો કોઇ એવો આદિવાસી વિસ્તાર સંગઠિત કે નગરપાલિકામાં છે જ નહીં. આદિવાસીઓ ક્યારેય નગરપાલિકામાં રહેતા નથી તે તો છૂટા છવાયા જ રહે છે તો આ પૈસા અમારા ખોટા જાય છે. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે આપ ખૂબ અભ્યાસ કરો છો તો આ જે બજેટ વધાર્યું રૂપિયા ૧૯૦ કરોડનું અને જે તમે શહેરી વિકાસનું અલગ હેડ ફાળવ્યું છે તે અમારા માટે જરૂરિયાત નથી એમ હું સમજુ છું અને આ હેડ કેન્સલ કરવું જોઇએ, એ પૈસા અમારા વિસ્તારોમાં ફળવાવવા જોઇએ એવી મારી લાગણી છે. ખાસ કરીને અમારા વિસ્તારમાં સિંચાઇ માટે છેલ્લા દશ વર્ષમાં એક પણ યોજના બની નથી. તમે જાણો છો કે ઉત્તર ગુજરાતના ભીલોડા તાલુકાનો જે વિસ્તાર છે ત્યાં દર વર્ષે દુષ્કાળ પડે છે. આવા વિસ્તારોમાં સિંચાઇ માટે સાહેબ, કોઇક આયોજન કરો, એવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ વર્ષ ૨૦૨૦-૨૧નું જે બજેટ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ગોધરા મત વિસ્તાર અને શહેરા મત વિસ્તારમાં આજે છેલ્લા કેટલાય વખતથી હું જાહેર જીવનની અંદર ધારાસભ્ય તરીકે રહી ચૂકયો છું. મને કહેતાં આનંદ થાય છે અને અભિનંદન પણ આપીશ એ એટલા માટે કે છેલ્લા ૩૨ વર્ષથી રાજકારણમાં હોવા છતાં આ પક્ષમાં હોઉં કે પેલા પક્ષમાં હોઉં, પણ આ ભાજપની સરકારના માનનીય મુરબ્બી આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને આદરણીય અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના સહયોગથી મારા મત વિસ્તારમાં સાહેબ કેટલા વર્ષોથી કેટલાય ખેડૂતો સિંચાઇથી વંચિત હતા. એમાં શહેરા અને મારા ગોધરા તાલુકાના પૂર્વ વિભાગ અને પશ્ચિમ વિભાગ અને લગભગ એના ૧૦૫ જેટલા ગામોના ખેડૂતોની ચિંતા કરીને પાનમ આધારિત યોજનાથી લગભગ એક સ્ટેજે રૂપિયા ૨૪૯ કરોડ, બીજી જે છે તે હાઇ લેવલ કેનાલથી રૂપિયા ૨૧૫ કરોડ. મારા ગોધરા મત વિસ્તારની અંદર રેલવેના કારણે ટ્રાફિકની સમસ્યા હતી એમાં લગભગ રૂપિયા ૧૦ કરોડનો અન્ડર બ્રિજ અને રૂપિયા ૧૫૦ કરોડનો ઓવર બ્રિજ એટલે છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૬૪૪ કરોડ જેટલી માતબર રકમ મારા મત વિસ્તાર અને મારા પડોશના મત વિસ્તારમાં ફાળવવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતમાં ત્રણ નવી મેડિકલ કોલજો આપી છે, એમાં અમારા પંચમહાલના ગોધરા ખાતે નવીન મેડિકલ કોલેજ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ દિલ્હીમાં ભલામણ કરી છે એ માટે ફરથી હું શ્રી નીતિનભાઇ પટેલને અભિનંદન આપું છું.

ગુજરાત રાજયમાં મહેસૂલ વિભાગની સેવાઓ ગુજરાતની પ્રજાને સારી રીતે મળી રહે તેવા પ્રયાસો પણ રાજય સરકારે કર્યા છે. ચાલુ વર્ષમાં લગભગ ૪૪૭૩ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઇ કરી છે. રાજયનો મહેસૂલ વિભાગ રાજયના ખેડૂત ખાતેદારો અને ઉધોગકારોને મહેસૂલી વ્યવહારમાં મુશ્કેલી ન પડે એટલા માટે સરકારે અનેક ક્રાંતિકારી સુધારાઓ કર્યા છે. ખેતીની જમીનની માપણી માટે ૧૦૮ તાલુકાઓમાં ડી.જી.પી.એફ.થી માપણી થવા માટે ૨૭ કરોડ રૂપિયાની જોગવાઇ ચાલુ સાલે કરવામાં આવી છે. શહેરી તેમજ નગરપાલિકા વિસ્તારોમાં નાના ક્ષેત્રવાળા પ્લોટો અને ખેતીની જમીનની મિલકત આધુનિક પદ્ધતિથી માપણી કરવા માટે ઇલેક્ટ્રોનિક ટોટલ સ્ટેશન મશિન ખરીદવા માટે રૂપિયા ૧૩ કરોડની યોજના મંજૂર કરવામાં આવી છે.

રાજયમાં સબ-રજિસ્ટ્રાર દ્વારા લાખોના નોંધણીના દસ્તાવેજો થાય છે. એના માટે ૨૬ સબ-રજિસ્ટ્રારની કચેરીઓ મોડેલ કચેરીઓ બનાવવા માટે રાજય સરકારે ૧૫ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે. મહેસાણા, આણંદ અને ગોધરા જિલ્લામાં વધતી જતી મહેસૂલી કામગીરીના ભારણને કારણે નવા મહેસૂલી ભવનના બાંધકામ માટે પણ ૧૦ કરોડ રૂપિયાની ચાલુ સાલે જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અગાઉ ગુજરાત રાજયમાં જમીન બિન-ખેતી કરવી હોય તો આ બિન-ખેતીની અરજી આપ્યા પછી ૯૦ દિવસે પ્રમાણિત કરવામાં આવે છે એનો ઓર્ડર આપવામાં આવે છે. પરંતુ આપણા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિના કારણે ખેડૂતોને કે ઉધોગકારોને મહેસૂલી વ્યવહારમાં કોઇ તકલીફ ન પડે એટલા માટે એક જ અરજીમાં, પહેલાં તો સાહેબ નવી શરતની જમીન હોય, ગણોત ધારાની કલમ-૪૩ની જમીન હોય તો એને પ્રિમિયમ ભરીને પછી બિન-ખેતી કરવામાં આવતી હતી. આ ચાલુ સાલે એટલે કે ગઇ સાલ તા.૧૨-૧૨-૨૦૧૮ના પરિપત્રથી ઓરા મારફતે ફેસલેસ સિસ્ટમ મૂકવામાં આવી છે. એક જ અરજીમાં પ્રિમિયમની રકમ ભરાઇ જાય અને ચારથી પાંચ દિવસમાં બિન ખેતીનો હુકમ મળી જાય. મને કહેતા આનંદ થાય છે કે પહેલા બિન ખેતીની પરવાનગી માટે જુદા જુદા વિભાગો, દાખલા તરીકે આરોગ્ય વિભાગની મંજૂરી લેવાની હોય, જમીન સંપાદનની કચેરીની મંજૂરી લેવાની હોય, માર્ગ મકાન વિભાગમાં ગ્રામ્ય વિસ્તાર, જિલ્લા વિસ્તારનો રોડ, નેશનલ હાઇવે, સ્ટેટ હાઇવે, આ વિવિધ કચેરીઓમાંથી એનું નો ઓબ્જેકશન સર્ટિફિકેટ મેળવવામાં બે બે મહિના થતા હતા અને બિન ખેતીના અનુસંધાનમાં ઘણો બધો વિલંબ અને સમયનો વ્યય થતો હતો. તે ધ્યાને લઇને અમારા

મુખ્યમંત્રીશ્રીએ આ ઓન લાઇનના અનુસંધાનમાં અરજી કરીને બન્ને વિગતો પ્રિમિયમ સાથે બિન ખેતી થાય તેવા પ્રયત્નો કર્યા છે ત્યારે ફરીથી હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. વારસાઇની નોંધો આપને ખ્યાલ હશે કે....

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય રાજેન્દ્રસિંહ ઠાકોર. બધાની મિનિટોમાં ચર્ચાના કારણે એક એક બે બે મિનિટ કપાઇ જાય છે. માનનીય રાજેન્દ્રસિંહ ઠાકોર.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. અમારો અરવલ્લી જિલ્લો પછાત જિલ્લો છે અને એમાં બક્ષીપંચ, એસ.સી. અને ટ્રાયબલની વસતિ ધરાવતો જિલ્લો છે. માર્ગ અને મકાન વિભાગે રોડ તો ઘણા બધા આપ્યા છે. પણ અમારા બધાની એક લાગણી છે કે નરોડા-દહેગામ-હરસોલ-ધનસુરા રોડ જે મોડાસા અરવલ્લી, ગોધરા પંચમહાલ અને દાહોદ સુધીના લોકો અમારા રસ્તા ઉપરથી પસાર થાય છે. આ રસ્તા ઉપરથી રેલવે સ્ટેશન જવું હોય, એરપોર્ટ જવું હોય કે દવાખાના માટે લોકોને જવાની જરૂરિયાત હોય કે ઘરની કોઇ ચીજવસ્તુ લેવા માટે જવું હોય તો અમદાવાદ આવવું પડતું હોય છે અથવા ગાંધીનગર આવવું પડતું હોય છે. તેના માટે આ શોર્ટ રસ્તો છે. તો આ રસ્તાને ચાર માર્ગીય બનાવવામાં આવે તો ઘણી બધી સમસ્યાઓ અમારા વિસ્તારની હલ થઇ શકે તેમ છે. કારણ કે આ રસ્તા ઉપર કવોરી ઉદ્યોગના કારણે ભારે વાહનો મોટા પ્રમાણમાં આવવાના કારણે રોજે રોજ એક્સિડન્ટનું ઘણું મોટું પ્રમાણ રહેતું હોય છે. ત્યારે આ રોડને ચાર માર્ગીય બનાવવામાં આવે તેવી મારી વિનંતી છે.

સાથે સાથે અમારા અરવલ્લી જિલ્લાના તાલુકાઓથી અમારી યુનિવર્સિટી પાટણ જવામાં લગભગ દોઢસોથી બસો પચાસ કિલોમીટર જેવું અંતર થાય છે. ત્યારે અમારા વિદ્યાર્થીને માઇગ્રેશન સર્ટિફિકેટ લેવા જવું હોય અથવા નાની મોટી ભૂલ થઇ હોય જેના સુધારેલા સર્ટિફિકેટ લેવા જાય ત્યારે એમને બે-એક દિવસ જેવો સમય એ કામ કરવાને પાછો આવવામાં થતો હોય છે અને આર્થિક રીતે તેમને ખૂબ મોટી મુશ્કેલી પડે છે ત્યારે સાબરકાંઠા અથવા અરવલ્લીની વચ્ચે એક યુનિવર્સિટીની રચના થાય તો આ વિદ્યાર્થીઓને ઘણો બધો ફાયદો થઇ શકે. વિદ્યાર્થીઓને આર્થિક રીતે પણ ખૂબ મુશ્કેલી પડે છે. તેથી આમાં પક્ષાપક્ષી નહીં પણ વિદ્યાર્થીઓનું ધ્યાન રાખીને અહીંયા એક યુનિવર્સિટી અમારા સાબરકાંઠા, અરવલ્લીની વચ્ચે ગમે તે જગ્યાએ આપો તો વિદ્યાર્થીઓને ઘણો બધો ફાયદો થાય એમ છે. સાથે સાથે (અંતરાય) તોય ચાલશે. અમને શાખા આપો. પણ અમારા વિદ્યાર્થીઓના પ્રશ્નો હલ થઇ જાય. કારણ કે નાના મોટા પ્રશ્નોમાં વિદ્યાર્થીને પાંચ છ કલાક જવા અને પાંચ છ કલાક આવવામાં થતા હોય છે આ મોટી સમસ્યા થઇ છે તેથી શાખા આપો તો પણ આ પ્રશ્નનો નિકાલ થઇ જાય.

સાહેબ, અમારા અરવલ્લી જિલ્લામાં સિંચાઇનો પણ મોટો પ્રશ્ન છે. ૫૦ ટકા ખેડૂતોને સિંચાઇનો લાભ મળતો નથી. ત્યારે અમારા જિલ્લામાં વાત્રક, મેશ્વો અને માઝુમ આ ૩ જ ડેમ છે. જે તે વખતે જે કેનાલો બનેલી છે એમાં કોઇ નવી કેનાલ બની નથી. ત્યારે આ નવી કેનાલો બનાવી અને કમાન્ડ એરિયા વધારીને ખેડૂતોને સિંચાઇનું પાણી આપવામાં આવે તો ખેડૂતોને સારો લાભ થાય અને પાક લઇ શકે એમ છે. અત્યારે અમારા ખેડૂતો માત્ર ચોમાસા પર જ આધારિત છે. આ વર્ષે અતિ વૃષ્ટિને કારણે ખેડૂતોનો કશો પાક થઇ શકયો નથી. ત્યારે આપ સાહેબશ્રી હાઇ-બેક કેનાલ બનાવીને અમારા જિલ્લાને પાણી મળે અને નવી કેનાલો બનાવવામાં આવે તો ઘણો લાભ થશે.

સિવાય અમારા જિલ્લામાં જે પ્રાથમિક શાળાઓ છે તેના ઓરડાઓની પણ ખૂબ ઘટ છે. એક હજાર જેટલા ઓરડાઓની ઘટ છે. ત્યારે અમારો જિલ્લો પછાત જિલ્લો છે એટલે વધારેમાં વધારે ઓરડાઓના કામ અમારા જિલ્લામાં થાય તેવી આપશ્રીને વિનંતી છે. અત્યારે ખેડૂતોને દેવા માફ કરવા માટે પ્રિમિયમ વધારે લઇને વીમાની જે રકમ મળવી જોઇએ તે રકમ પણ મળી નથી. એમાં પણ આપ સાહેબ થોડો વધારો કરો તો ખેડૂતોને લાભ મળે. પછાત જિલ્લો છે તેથી આમાં ઉદાર મન રાખીને આપો એવી વિનંતી છે. અમારા જિલ્લામાં મોટી જી.આઇ.ડી.સી.ની સ્થાપના કરો. કારણ કે અમારે ત્યાં ઉદ્યોગ કે કારખાના નથી. તેના કારણે અમારા વિદ્યાર્થીઓ ખેત મજૂરી કરે છે. તેથી અમારા જિલ્લામાં કારખાના અને ઉદ્યોગો માટે મોટી જી.આઇ.ડી.સી.ની સ્થાપના કરો. જેથી બેરોજગારોને રોજગારી પ્રાપ્ત થાય એના માટે મોટા ઉદ્યોગોની વ્યવસ્થા થાય તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

અમારે ત્યાં એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ પછી સૌથી મોટામાં મોટું કેમ્પસ ધરાવતી સરકારી એન્જિનિયરીંગ કોલેજ આવેલી છે. એમાં સો જેટલા પ્રાધ્યાપકો આવેલા છે. પણ એમાં ઘણા બધા પ્રાધ્યાપકો છે જેમાં રેગ્યુલર ૭૯ જેટલા છે, કોન્ટ્રાકટ બેઇઝ ઉપર ૧૯ અને એડહોક ૭ છે એના કારણે વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપર અસર પડતી હોય છે એમાં પણ કંઇક સારા અધ્યાપકોની નિમણૂક થાય અને જે અધ્યાપકો આવે છે એ અમદાવાદથી અપડાઉન કરે છે એના કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર મોટી અસર થાય છે એમાં પણ સારી રીતે કંઇક કરી શકો તેવી આપ સાહેબને વિનંતી છે.

અરવલ્લી જિલ્લામાં સરકારી સાયન્સ કોલેજ નથી. અત્યારે અમારા જિલ્લાની આજુબાજુમાં એક સાયન્સ કોલેજ જિલ્લા મથકે આપવામાં આવે તો વિદ્યાર્થીઓને પ્રાઇવેટમાં એડમિશન લેવા જવું પડતું હોય છે એના બદલે સરકારી સાયન્સ કોલેજ આપવામાં આવે. અમારો જિલ્લો શિક્ષણ નગરી તરીકે પ્રખ્યાત છે ત્યારે સાયન્સ કોલેજ આપો તો અમારા જિલ્લાને ખૂબ મોટો ફાયદો થાય તેમ છે. મોડાસામાં સાયન્સ કોલેજ સરકારી નથી તો આપવા વિનંતી છે.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતની વણથંભી વિકાસ યાત્રા જે ચાલુ છે એ ઉત્તમથી સર્વોત્તમ તરફ ગુજરાતને લઇ જઇ રહી છે. સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસને કેન્દ્રસ્થાને રાખીને રાજ્યને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જવાના ધ્યેય સાથે શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પશુપાલન, ગૃહ, ગ્રામ વિકાસ, સામાજિક વિકાસ અને શહેરી વિકાસ જેવા ક્ષેત્રો ઉપર ખાસ ભાર મૂકીને સરકારે જે વર્ષ ૨૦૨૦-૨૧નું રૂપિયા ૨,૧૭,૦૮૭ કરોડનું બજેટ રજૂ કર્યું છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શહેરી વિકાસ અને ગૃહ નિર્માણની યોજનાઓ ઉપર મારા વિચાર આ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. વર્ષ ૨૦૨૦ના બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે ૧૩,૪૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨ સુધી સૌને ઘર પૂરા પાડવાના હેતુથી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ છ લાખ આવાસો મંજૂર કરવામાં આવેલ છે. જે માટે રૂપિયા ૮૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી તરફથી પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના શહેરી વિસ્તારમાં આપવા પાછળનું કારણે છેવાડાના વિસ્તારમાં રહેતા મહિલા અને બાળકોને સુરક્ષિત અને સ્વચ્છ અને સ્વાસ્થ્યવર્ધક માહોલ મળે એનાથી એમના કુટુંબની સામાજિક પ્રતિષ્ઠા વધે, સામાજિક પ્રવૃતિથી દૂર થઇને સમાજના મૂળ ધારામાં જોડાવાની એમને પ્રેરણા મળે અને સંપૂર્ણ કુટુંબનું જીવન ધોરણ ઉંચું થાય એ ધ્યેય છે.

રાજ્યના દરેક પરિવારને પોતાનું ઘર હોય એ સ્વપ્નું હોય છે. ભૂતકાળમાં કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં ઘરનું ઘર આપવાની વાત કરી હતી પરંતુ એ ઘર અને ફોર્મ કયાં ગાયબ થઇ ગયા એ કોઇને ખબર ન પડી. પરંતુ મારે ગૌરવ સાથે કહેવું છે કે આ જ ગૃહના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં અને રાજ્યમાં શ્રી રૂપાણીજીના નેતૃત્વમાં અનેક ગરીબ પરિવારોને પોતાના સ્વપ્નાનું ઘરનું ઘર આપી ગરીબોના ઘરના ઉમંગ અને ઉજાસનો દિપક પ્રગટાવ્યો છે જે ખરા અર્થમાં સરકારની લોકકલ્યાણકારી ભાવનાનું દર્શન કરાવે છે. રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાને અનુરૂપ શહેરમાં વસતિ ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોને વધુને વધુ લાભ મળે એમને ઘરના ઘરનું સ્વપ્ન છે એ સ્વપ્નું સાકાર થાય એ હેતુથી વર્ષ ૨૦૧૬માં રાજ્ય સરકારશ્રી દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત રૂપિયા એક લાખની કૌટુંબીક આવકની મર્યાદામાં સુધારો કરીને રૂપિયા ત્રણ લાખનો વાર્ષિક આવકમાં વધારો કરવામાં આવ્યો. નવીન કેટેગરીમાં ઇડબલ્યુએસ ૩૦ ચોરસ મીટર સુધીના આવાસો અને ઇ ડબલ્યુએસ-ટુમાં ૨૧થી ૪૦ ચોરસ મીટરના આવાસોનો લાભ લોકોને આપવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ૨,૨૮,૮૦૬ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. ઇડબલ્યુએસ-ટુ વેચાણમાં પહેલા રૂપિયા ૭ લાખ ૫૦ હજારથી ઘટાડીને રૂપિયા ૫ લાખ ૫૦ હજાર સુધી લોકોને લાભ આપવામાં આવ્યો છે. આવી રીતે લાભાર્થીને બે લાખનો લાભ મળ્યો છે. આજના સમયમાં વ્યકિતગત પોતાનું જમીન ઉપર ઘર હોય પણ કાચું પાકું હોય, નવીન કરવાની જરૂર હોય પરંતુ પરિવાર આર્થિક રીતે સક્ષમ ન હોય. ઘર બનાવી નહીં શકતા, આવી રીતે સંવેદનશીલ સરકારે એની પણ ચિંતા કરી છે. ૩૦ ચોરસ મિટર સુધીના આવાસ બાંધકામ માટે કેન્દ્ર સરકાર દ્વારા દોઢ લાખ અને રાજ્ય સરકાર દ્વારા વધુમાં વધુ લોકોને પોતાની જગ્યા ઉપર નવું મકાન બનાવે તે હેતુથી રૂપિયા બે લાખની સહાય કરવામાં આવી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૯૬,૬૧૯ આવાસનું કામ મંજૂર કરવામાં આવ્યું છે. જે સંવેદનશીલ સરકારની સંવેદનશીલતાનું જીવંત ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કુલ ૬,૦૩,૫૫૧ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી ૩,૦૫,૪૫૯ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય અન્ય રાજ્યોની સરખામણીમાં આવાસ યોજનાના અમલીકરણમાં પ્રથમ સ્થાને છે જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં મારા વિચારો અને મારા વિસ્તારના લોકોની લાગણી અને માગણી માનનીય શ્રી નીતિનભાઇ સાહેબને હું રજૂ કરું છું.

અમારા ભાવનગર જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલ એ ત્રણ જિલ્લાને લાગુ પડે છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં એ રાજકોટ પછી બીજા નંબરની ઓ.પી.ડી. ધરાવતી સિવિલ હોસ્પિટલ છે ત્યારે આ હોસ્પિટલમાં ન્યૂરો સર્જન, ન્યૂરોલોજીસ્ટ, નેફ્રોલોજીસ્ટ, પિડિયાટ્રિક સર્જન અને પ્લાસ્ટિક સર્જન નથી. ત્યારે આપના માધ્યમથી, કેન્સર સર્જન છે પરંતુ માત્ર ઓ.પી.ડી. કરવામાં આવે છે, બીજી કોઇ કામગીરી કરવામાં આવતી નથી. ઓર્થોપેડિક સર્જન અમદાવાદથી આવે છે અને બે કે ત્રણ દિવસ જ આવે છે ત્યારે આટલી મોટી સિવિલ હોસ્પિટલ ત્રણ જિલ્લાને લાગુ પડતી હોય તો તાત્કાલિક ધોરણે આમાં યોગ્ય કરવામાં આવે એવી અમારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ હાઇ-વેનું કામ અમારા ભાવનગરથી સોમનાથ સુધીનું એ વર્ષ ૨૦૧૭માં ચાલુ થયું, ૯૧૦ દિવસમાં પૂરું કરવાનું હતું. આજે એ કામ ભાવનગરથી તળાજા પચાસ ટકા થયું છે. તળાજાથી મહુવાનું પચ્ચીસ ટકા પણ કામ કરવામાં આવ્યું નથી. આના કારણે સાઇડનો જૂનો રોડ બિલકુલ ખરાબ હાલતમાં છે. ભાવનગરથી મહુવા એ નેવું કિલો મિટરનું અંતર કાપતા ત્રણ કલાક જેટલો સમય લાગે છે ત્યારે દર્દીઓને આવવામાં ખૂબ જ મુશ્કેલી પડતી હોઇ, આ હાઇ-વેનું કામ તાત્કાલિક ધોરણે જૂનો રિપેર થાય અને નવાનું કામ ચાલુ થાય એવી આપના માધ્યમથી હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા તળાજા વિસ્તારમાં આજની પરિસ્થિતિએ ખેડૂતોની જમીન ખૂબ ટૂંકી થઇ ગઇ છે ત્યારે અમારી મેથડા બંધારા યોજના અને શેત્રુંજી લિંક ચેકડેમ એની ખૂબ જરૂરિયાત છે. એને કારણે દરિયાનું ખારું પાણી આગળ આવીને ખેડૂતોની હજારો એકર જમીન ખરાબ થઇ રહી છે. વર્ષોથી અમારી માગણી છે, વિધાનસભાના પહેલા સત્રથી અમે માગણી કરતા આવ્યા છીએ. ત્યારે આ બંન્ને યોજનાને તાત્કાલિક ધોરણે હાથ પર લેવામાં આવે એવી અમારી વિનંતી છે.

તળાજામાં આવેલ પશ્ચિમ પાણી પુરવઠા સુધારણા યોજના, એક યોજનામાં હાલ પંચાવન જેટલા ગામોને પાણી આપવામાં આવે છે. પાણી સુધારણા યોજના એ નવી મંજૂર થઇ છે પરંતુ તાત્કાલિક ધોરણે એનો અમલ થાય અને ચાલુ થાય એવી અમારી માગણી છે.

તળાજામાં જી.આઇ.ડી.સી.ની અમે વારંવાર માગણી કરીએ છીએ. એશિયાનું મોટામાં મોટુ શીપ બ્રેકીંગ યાર્ડ અલંગ ત્યાં આવેલું છે અને ૧૮થી ૨૫ હજાર જેટલા મજૂરોને દર વર્ષે હિજરત માટે જવું પડે છે ત્યારે આપના માધ્યમથી માનનીય શ્રી નીતિનભાઇને વિનંતી કરીએ છીએ કે, તળાજાને તાત્કાલિક ધોરણે જી.આઇ.ડી.સી. આપવામાં આવે અને શીપ બ્રેકીંગ ઉદ્યોગને પણ વિશ્વ ફલક ઉપર ટકવા માટે નિયમોમાં ફેરફાર કરીને, શીપ બ્રેકરોને સાથે રાખી એવું કાંઇક કરવામાં આવે કે જેથી કરીને શીપ બ્રેકીંગ ઉદ્યોગ આજે સારી રીતે ચાલી શકે.

તળાજા સી.એચ.સી.માં પ્રશ્નોત્તરીમાં મારે શ્રી નીતિનભાઇ સાથે ચર્ચા થઇ, તો ત્રણ એમ.ડી. ડોકટર તો છે નહીં, પરંતુ ત્રણ એમ.બી.બી.એસ. ડોકટરોમાંથી હાલ એક જ સેવા બજાવે છે. એક ડોકટર પાંચ મહિનાથી રજા ઉપર છે અને એક હાજર થયા પછી એક દિવસમાં જતા રહ્યા અને વીસ દિવસથી આવ્યા નથી
ત્યારે તાત્કાલિક તેમની વ્યવસ્થા કરવામાં આવે. શાળાઓ જે બંધ કરવાની વાત છે તેના બદલે નવી શાળાઓના ઓરડા આપવામાં આવે. પંચાયત ઘર આપવામાં આવે. તળાજાનું ટી.સી.ડી. ફાર્મ ૧૪૧ એકરમાં આવ્યું છે ત્યારે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા અમારી વિનંતી છે કે એમાં કૃષિ ડીપ્લોમા અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવે. તળાજાને જી.ઇ.બી.નું ડિવિઝન આપવાની અમારી વર્ષોથી માગણી છે ત્યારે અમે આશા રાખીએ કે નીતિનભાઇ સાહેબ તળાજાને નવું ડિવિઝન તાત્કાલિક જાહેર કરે. અમારા તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ખૂબ વધુ છે ત્યારે તળાજાને એક સાયન્સ કોલેજ આપવામાં આવે. તળાજા નગરપાલિકામાં ૨૦ ટકા જેટલું ગટરકામ બાકી છે. રોડ–રસ્તાની જરૂરિયાત છે ત્યારે તળાજા નગરપાલિકાની હદ વધારવા માટેની માગણી ઘણા સમયથી પેન્ડીંગ છે ત્યારે એ હદ તાત્કાલિક ધોરણે વધારવામાં આવે એવી અમારી માગણી છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર ઉપરની ચર્ચામાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. આજથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થાય છે તો તમામ પરીક્ષાર્થીઓને ગૃહવતી મારી શુભેચ્છાઓ પાઠવું છું. આદિજાતિ માટે આ સરકારે કરેલા કામ અને બજેટમાં કરેલી જોગવાઇ વિશે વાત કરવા માગું છું. પંચમહાલ, દાહોદ જેવા ટ્રાઇબલ વિસ્તારમાં વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી દૂર હતી તેથી દૂર સુધી ભણવા જવું પડતું હતું. આ સરકાર દ્વારા ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટી ગોધરા ખાતે મંજૂર કરવામાં આવેલી છે અને બિરસામુંડા યુનિવર્સિટી નર્મદા ખાતે મંજૂર કરવામાં આવેલી છે. ટ્રાઇબલ વિસ્તારના વિદ્યાર્થીઓને દૂર જવું ન પડે એટલા માટે આ સરકારે ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો પહેલાં ખૂબ ગંભીર પરિસ્થિતિ હતી. સી.એચ.સી. કે પી.એચ.સી. કોઇ દવાખાના નહોતા. કોઇ માણસ બિમાર થઇ જાય તો ૩૦થી ૩૫ કિલોમીટર દૂર દવાખાને જવું પડતું હતું ત્યારે અમારી ભાજપની સરકાર દ્વારા ૧૦૮ની સુવિધા આપવામાં આવી ત્યારે આ સરકાર એક જીવ બચાવનારી સરકાર છે ત્યારે સૌથી સારી સેવાઓ મહિલાઓને આપવામાં આવે છે. ઘણી જગ્યાએ મહિલાઓ બિમાર હોય, ગર્ભવતી બેન હોય તો તાત્કાલિક તેમને દવાખાને પહોંચાડીને જીવ બચાવવાનું કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા અભિયાન વિશે વાત કરું તો અગાઉની સરકારોમાં સ્વચ્છતા અભિયાન શું છે એ કોઇ જાણી શકતા નહોતા. આપણાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ઝૂંબેશ ઉઠાવી ગુજરાતમાં ગામડે ગામડે અને શહેરે શહેરે સ્વચ્છતા અભિયાનની જાગૃતિ લાવવાનું કામ કર્યું છે. ગામડામાં ખુલ્લામાં શૌચ કરવા જતા હોય તે ગામડામાં ઘરે ઘરે શૌચાલય બનાવી આપવામાં આવેલ છે તેની સાથે સાથે અમારા આદિવાસી વિસ્તારની અંદર બહેનો સ્નાન કરવા જાય ત્યારે કોઇ કપડું બાંધવું પડતું, કોઇ વાડ કરવી પડતી હતી. તો બાથરૂમની સુવિધા માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. આરોગ્ય વિષે ઘણી બધી વાતો કરવાની છે. કોઇ પણ આદિવાસી ભાઇ બિમાર થઇ જાય, કોઇ વડીલ બિમારી થઇ જાય અને તેમની પાસે પૈસાની સગવડ ન હોય ત્યારે આ સરકારમાંથી મા અમૃતમ્, મા વાત્સલ્ય, આયુષ્યમાન ભારત જેવી યોજનાનો લાભ અવશ્ય મળે છે અને એમનો જીવ બચે છે ત્યારે તે સરકાર માટે આશીર્વાદરૂપ બને છે. ત્યારે કહે છે કે સરકારનું ભલું થશે. મારો જીવ બચી ગયો. અગાઉ આટલી બધી સુવિધાઓ નહોતી મળતી. અમારા આદિવાસી વિસ્તારમાં ચેકડેમ હોય, તળાવ હોય કે કૂવા હોય એ ઉંડા કરવાથી પાણીનો સંગ્રહ થવાથી હેન્ડપંપ હોય કે બોર હોય એનું પાણીનું તળ ઉંચું આવે એ માટે આ સરકાર મદદરૂપ થઇ છે. અમારા ત્યાં પીવાના પાણી માટે કડાણા ડેમ છે. કડાણાથી ૭૦ કિલોમીટરની પાઇપ લાઇન નાંખીને દાહોદ સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યું છે. પીવાનું શુદ્ધ પાણી અમારા વિસ્તારમાં મળે છે. અમૂક વિસ્તારમાં બાકી રહી ગયેલા ગામો છે તો માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે એ આવરી લેવામાં આવે અને બધાને ઘેર ઘેર પીવાનું પાણી આપવામાં આવે એવા મારા સૂચનો છે.

ફાલ્ગુન ૧૫, ૧૯૪૧ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રીશ્રી નીતિનભાઇ આઠમી વખત બજેટ રજૂ કરનાર નાણામંત્રી બન્યા છે, અમારા ઉત્તર ગુજરાતના છે અને મને તેનું ગૌરવ છે. વર્ષ ૧૯૯૫માં રાજયનું દેવું રૂપિયા ૧૨૯૯૯ કરોડ હતું તે વધીને વર્ષ ૨૦૨૦માં રૂપિયા ૨ લાખ ૮૮હજાર કરોડનું થયું છે. જે બાળક જન્મે છે તે રૂપિયા ૪૮ હજારનું પોતાના માથે દેવું લઇને જન્મે છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ માટે સરકારે રૂપિયા ૭૪૨૩ કરોડ ફાળવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા એક મણના ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે. મગફળીના એક મણના ભાવ રૂપિયા ૧૦૧૦, કપાસના રૂપિયા ૧૧૦૦, ચણાના રૂપિયા ૯૦૦, રાયડાના રૂપિયા ૮૪૦. અમારા રાધનપુર અને ઉત્તર ગુજરાતમાં સૌથી વધારે વાવેતર એરંડાનું થાય છે ત્યારે સરકારને હું વિનંતી કરું છું કે આના પણ ટેકાના ભાવ ભાવ નક્કી કરવામાં આવે. બાગાયતી ખેતીમાં પણ ટેકાના ભાવ નક્કી કરવામાં આવે તો ખેડૂતોને આપણે બચાવી શકીએ એમ છીએ. નર્મદા યોજના એ રાજયની જીવાદોરી સમાન છે તેમાં રૂપિયા ૮૭૫૫ કરોડની જોગવાઇ છે તે રકમ સરકારે વધારવી જોઇએ. અમારા વિસ્તારમાં જયાં નર્મદા નહેરની બહારનો કમાન્ડ એરીયા વિસ્તાર છે ત્યાં તળાવો અને ચેકડેમો પાઇપ લાઇન દ્વારા ભરવામાં આવે તેવી વિનંતી કરીએ છીએ. યુડીએફની પાઇપ લાઇન દ્વારા જે પાઇપ લાઇન નાખવામાં આવે છે તે કાટ ખાય છે, કનેકશનો મળતા નથી. શિક્ષણ વિભાગમાં રૂપિયા ૩૧,૯૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમારા આંતરિયાળ વિસ્તારમાં સરકારના નિર્ણયને કારણે ઘણી બધી પ્રાથમિક શાળાઓ બંધ થવા જઇ રહી છે. એક બાજુ નવા ૭૦૦૦ શાળાના ઓરડા બનાવવાની સરકાર વાત કરતી હોય ત્યારે ૫૦૦૦થી વધુ ગુજરાતની શાળાઓ બંધ થઇ રહી છે. ત્યારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં પણ રૂપિયા ૧૧૨૪૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મારા રાધનપુર વિસ્તારમાં હાલમાં રેફરલ હોસ્પિટલ સ્ટ્રકચર બિલ્ડીંગ સાથે તૈયાર છે. ત્યાં લોકોના હીત માટે એને સિવિલનો દરજ્જો આપવામાં આવે એવી મારી નાણામંત્રી પાસે માગણી છે. પાણી પુરવઠા વિભાગમાં જન ત્યાં જીવન, હર ઘર જલ, નલ સે જલની જયારે સરકાર વાત કરતી હોય ત્યારે રાધનપુર, સાંતલપુર અને સમી માટે એક શુદ્ધ પીવાના પાણી માટેની એક જૂથ પાણી પુરવઠા યોજના સરકાર અમને આપે તેવી અમારી માગણી છે. કોંગ્રેસ પાર્ટીનો દેશની આઝાદી અને બલિદાન માટેનો એક ઇતિહાસ છે. અમારા નેતાઓની તમે મૂર્તિઓ બનાવો એનો અમને આનંદ થાય છે પણ એ મૂર્તિઓ બનાવો ત્યારે અત્યારે જે જીવતી મૂર્તિઓ ગુજરાતમાં છે એ મુરજાઇ ન જાય એનું પણ સરકારે ધ્યાન રાખવું જોઇએ ત્યારે મારી સરકારને વિનંતી છે કે જે પણ નીતિ નક્કી કરવામાં આવે ત્યારે છેવાડાના લોકોનું ધ્યાન રાખીને જ નીતિ બનાવવામાં આવે તો જ લોકોનું કલ્યાણ થઇ શકે એમ છે. પશુપાલનનો વ્યવસાય ખેતી સાથે સંકળાયેલો છે. એને ખેતી આધારિત ગણવામાં આવે અને એને ખેડૂતની વ્યાખ્યામાં ગણવામાં આવે તો આવા ગરીબ પરિવારો બે કે પાંચ એકર જમીન લઇને એનો જીવન નિર્વાહ ચલાવી શકે. મારી માનનીય નાણામંત્રીશ્રીને માગણી છે કે મગફળીના ભાવ જેવી રીતે નક્કી થાય એવી રીતે દિવેલાના અને એ જ રીતે બાગાયતી ખેતીના ટેકાના ભાવ નક્કી થાય તો ખેડૂતોને સવલતો મળી શકે એમ છે. રિન્યુએબલ એનર્જી અને ઉર્જા વિભાગમાં ઘણું બધું કરવાની જરૂર છે. હું સરકારને વિનંતી કરું છું કે, સરકાર જો પ્રજા સામે ધ્યાન રાખતી હોય ત્યારે સરકાર જો વેપારી બને ત્યારે *(xxx) બનતી હોય છે એ બાબતનું સરકાર ધ્યાન રાખે. છેવાડાના લોકોનું ધ્યાન રાખવાની જોગવાઇઓ કરવી જોઇએ. નાણામંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે અમારો વિસ્તાર પછાત અને અંતરિયાળ વિસ્તાર છે તો આ વિસ્તારને વધુમાં વધુ સવલતો મળે એ બાબતમાં તમામ જોગવાઇઓ કરો.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ ૮મી વાર ઉત્તર ગુજરાતના અમારા પનોતા પુત્ર બજેટ લઇને આવ્યા છે. ખૂબ રૂપાળુ+ અને જમ્બો બજેટ છે ત્યારે એમને અભિનંદન આપું છું અને નમન કરું છું. પણ સાથો સાથ એક વિચાર મને આવ્યો છે, કોઇક લેખકનું વાક્ય યાદ આવે છે 'બડા હુઆ તો ક્યા હુઆ, જૈસે પેડ ખજૂર' અમારા અરવલ્લી જિલ્લાની વાત કરું તો 'ન મિલે ખેડૂતો કો સહાય, ન વિકાસ અરવલ્લી કા'. એવી હાલત અમારી થઇ છે. અમે રાજસ્થાનથી જોડાયેલા છીએ. અમારો વિસ્તાર ખૂબ પછાત વિસ્તાર છે. ઓ.બી.સી. સમાજની વસતિ છે પણ ત્યાં વિકાસના નામે મીંડું છે. મારા ભા.જ.પ.ના મિત્રો જ્યારે ઉભા થાય છે ત્યારે સબ કા સાથ, સબ કા વિકાસ, અતૂટ વિશ્વાસની વાત કરે છે. વિકાસશીલ ગુજરાતની વાત કરે છે. અડીખમ ગુજરાતની વાત કરે છે. પણ મારો આત્મા એવું કહે છે કે એક વાક્ય ઉમેરવા જેવું છે કે દેવાળિયું ગુજરાત. મારા મત વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારમાં એપ્રોચ રસ્તાની એટલી ખરાબ સ્થિતિ છે કે મારો વિસ્તાર છૂટો છવાયો વિસ્તાર છે. ત્યાં લોકો સ્કેટર્ડ વસે છે. એમને એપ્રોચનો સવાલ છે. એમને જ્યારે દવાખાનાની સગવડ જોઇતી હોય ત્યારે ચારપાઇ પર ઉંચકીને લાવવા પડે છે. કોઇ ડિલિવરીનો કેસ હોય તો પણ ત્યાં ગાડી જઇ શકતી નથી એ હું આજે પણ બતાવી શકું તેમ છું. મારા ગામની વાત કરું તો મારા ગામની અંદર માઇગ્રેટ થઇને આવેલા કેટલાક લોકો જંગલમાં વસે છે. તે ગામમાં લાઇટ નથી. આજથી ચાર માસ પહેલા મારા માતૃશ્રીના કહેવાથી હું આ વિસ્તારની મુલાકાતે ગયો હતો ત્યારે એ વિસ્તારના બાળકો અને મહિલાઓ મને વળગી પડ્યા હતા અને કહ્યું કે અમારા બાળકો ટોઠા બાફીને ખાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, એમની પીડા ધ્યાનમાં લેજો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો અરવલ્લી જિલ્લો ઓરમાયો છે. અમારા જિલ્લામાં મેડિકલ કોલેજ નથી. સિવિલ હોસ્પિટલ નથી. યુનિવર્સિટી માટે મારા વિદ્યાર્થીઓ પાટણ જવાનું પસંદ કરતા નથી. અમદાવાદ આવતા હતા ત્યારે નજીક પડતું હતું. આર્થિક રીતે પછાત છે. ૨૫૦થી ૩૦૦ રૂપિયા ખર્ચ કરીને રાત્રે આવે તો એમને રોકાવાના ફાંફા છે એવો મારો વિસ્તાર છે. મારો વિસ્તાર ભૂતકાળમાં કોંગ્રેસના ધારાસભ્ય હોવાના કારણે ઓરમાયો રહ્યો છે. અમારી દેશી તળપદી ભાષામાં કહું તો અમે આંગળિયાત છીએ એવો અહેસાસ થાય છે. આંગળિયાત એટલે કોઇ બેન જ્યારે બીજું ઘર અને દિકરાને જ્યારે સાથે આંગળી પકડીને લઇ જાય ત્યારે એના મા–બાપ કેટલું આપતા હોય છે? એને પ્રેમ અને લાગણી કેટલી આપતા હોય છે એ આપ સમજી શકો છો. અમે આંગળિયાત છીએ એવો અમને અહેસાસ થાય છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અમારા બાયડ તાલુકામાં બાય–પાસ રસ્તાનો સવાલ છે. મને જવાબ મળ્યો છે કે આ બાય–પાસ માટેનું હાલ કોઇ પ્રયોજન નથી. શહેરમાં વચ્ચેથી પસાર થતા રસ્તાના કારણે કેટલાક અકસ્માતો થાય છે. જેને માનનીય વડાપ્રધાન સાહેબે નેશનલ હાઇ–વે તરીકે અપગ્રેડ કર્યો છે તેમ છતાં બાય–પાસનું હાલ કોઇ પ્રયોજન નથી પણ આપ આપના બજેટમાં આપ મૂકો અથવા પુરવણીમાં લાવો એવી વિનંતી છે. અમારો વિસ્તાર પથરાળ છે. મારા તાલુકાની જમીન માત્ર બે ફૂટે નીચે પથ્થરો છે. સોલ્ટી રોક હોવાથી પાણીનો મોટામાં મોટો પ્રશ્ન છે. પીવાના પાણી માટે સીંગલ ફેઝ મોટરનો બોર તમામ જગ્યાએ કરીએ છીએ. બધાની લાગણી આવે છે ત્યારે અમારા આયોજનની અંદર રૂપિયા દોઢ કરોડ કે એક કરોડ અમે સીંગલ ફેઝ બોર માટે મૂકીએ તો કલેકટરશ્રી અમને પૂછે છે કે આટલું બધું પાણીનું કેમ? એમને ખબર છે. પણ એમને ખબર છે કે દરેક બોરમાંથી માત્ર ૫૦૦ લિટર સવારે અને ૫૦૦ લિટર સાંજે પાણી મળે છે આવા ઘણા પ્રશ્નો છે અને મોટામાં મોટી મારા વિસ્તારની વાત કરું તો માલપુર સ્ટેટ, મગોડી સ્ટેટ અને સાઠંબા સ્ટેટ હતું. આ સ્ટેટના જે તે વખતે કરારો થયા ત્યારે જમીન શરતી ખરીદી હતી. મારા ખેડૂતોએ લોનના કારણે એમણે બેંકમાં ગીરો મૂકીને પૈસા લીધા પણ પછી ના ભરી શક્યા. પાંચ–દસ વર્ષ પછી જ્યારે કમાયા ત્યારે જમીન પાછી લેવા માટે ગયા તો આજે પ્રિમિયમ લેવાય છે એ સાવ ખોટું છે. આ પરિપત્ર હમણાં થયો છે અને આ રીતે ખેડૂતોને *(xxx) આવે છે તો એમને માલિકીની જમીન પાછી લેવા માટે એમણે બેંકમાં તો પૈસા ભર્યા છે તો પછી રાજ્ય સરકારને પ્રિમિયમ કેવી રીતે આપવાનું? આ વાત પણ મારી ખૂબ વિચારવાલાયક છે કે મારા ખેડૂતો આજે જમીન વિહોણા થયા છે. માલિક હોવા છતાં અમેની પાસેથી આ પ્રિમિયમ ના લેવાય એવી મારી વિનંતી છે. એ સિવાય વાત કરું તો મારો વિસ્તાર ખૂબ દુ:ખી છે. સર, મને થોડો વધારે સમય આપો.

અધ્યક્ષશ્રી : શ્રી જસુભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. મારી પાસે વધારાનો સમય હોતો નથી અને *(xxx) એ શબ્દ કાઢી નાખવામાં આવે છે. શ્રી દુષ્યંતભાઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના યશસ્વી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સર્વ વ્યાપી, સર્વ સ્પર્શી, સર્વ સમાવેશી અને સર્વ ઉત્કર્ષ સમર્પિત બજેટ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણનો ફેરફાર એ સમગ્ર વિશ્વની ચિંતાનો વિષય છે અને ગ્લોબલ વોર્મિંગ કહું તો એ આજની રાક્ષસી સમસ્યા બની છે. પર્યાવરણના ફેરફારો આજે આપણે દિન–પ્રતિ–દિન જોઇએ ભૂસ્ખલન, સૂર્યની ગરમી, હીટવેવ, કમોસમી વરસાદ, ઋતુચક્રમાં ફેરફારો આવા આપણે જોઇ શકીએ છીએ. ન્યૂઝ પેપરની અંદર આજે જોઇએ તો આજે સવારના ન્યુઝ પેપરમાં ન્યૂઝ હતા કે અમેરિકાની અંદર એક ખૂબ ભયાનક વાવાઝોડું આવ્યું અને સંપત્તિની સાથે સાથે માનવ જીવનને પણ ખૂબ મોટું નુકસાન પહોંચાડ્યું છે. હમણાં જ આપણે રિસન્ટલી ઓસ્ટ્રેલિયાનો દાખલો લઇ તો ત્યાં એવી ભયાનક આગ લાગી અને એવું વંચાયું કે ૫૦ કરોડથી વધારે વન્ય પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુઓ ત્યાં મૃત્યુ પામ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધા જગતના જમાદાર છે. જે મોટા વિકસિત દેશો છે એમને આપણે કહીએ જગતના જમાદાર અને એનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ એમ કહેવાય કે વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથેનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ હતું એ પણ પાંગળું દેખાય છે, એ પણ ફેઇલ ગયું છે. આજે પર હેડ કાર્બન ડાયોકસાઇડની વાત કરીએ તો આ બધા જ વિકસિત દેશોની અંદર પર હેડ કાર્બન ડાયોકસાઇડ એ સૌથી વધારે છે. ત્યારે મારે આપણા રાજ્યની વાત કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એ ન્યાય સાથે વિકાસ, સમાનતા સાથે વૃદ્ધિ અને સંવેદનશીલતા સાથે ટેકનોલોજી સાથે વિકાસ કર્યો છે. હું ધ્યાને મૂકવા માગીશ કે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ democracy, demography and demand આ ત્રણ આવિષ્કારને સાથે લઇને ગુજરાતનો વિકાસ કર્યો છે અને આ ત્રણેય આવિષ્કારની સાથે આવનારી પેઢીની ચિંતા કરીને વિકાસ કરી રહ્યા છે. મને બરાબર યાદ છે આ દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો મંત્ર છે કે intent to idea and idea to innovation અને innovation થી નવા ભારતનું નિર્માણ. માનનીય અધ્યક્ષશ્રી, આ જ મંત્ર પર આ રાજ્યની સરકાર કામ કરી રહી છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે, દુનિયા અમને શું આપશે? એ માનનારા લોકો નથી. દુનિયા અમને શું આપશે? એ માનનારા લોકો મેનેજર બને. દુનિયાને અમે શું આપીશું? એ માનનાર લોકો લીડર હોય અને મને જણાવતા આનંદ થાય છે મારી પાર્ટીની અંદર, આ રાજ્યની અંદર લીડર છે. ગુજરાત એ સરપ્લસ એનર્જી સ્ટેટ છે અને આપણે નોનકન્વેન્શનલ રિસોર્સિસની અંદર આજે ગુજરાત આખા દેશની અંદર નંબર વન છે અને આના માટે થઇને આ રાજ્ય સરકારને

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અનેક એવોર્ડો પ્રાપ્ત થયા છે. વૈકલ્પિક ઊર્જાનો ઉપયોગ આજની જરૂરિયાત પણ છે અને એ આવતીકાલની અનિવાર્યતા પણ છે ત્યારે જગતના બદલાતા સમીકરણોને ધ્યાને રાખીને એન્વાયર્મેન્ટ એન્ડ ગ્રોથ બંનેને સાથે રાખીને ઝીરો ઈફેક્ટ અને ઝીરો ડીફેક્ટ સાથે આ સરકાર કામ કરી રહી છે. મને આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો લેખ યાદ છે. એમણે ત્રણ આરની વાત કરી છે. રીડયૂસ, રીયૂઝ અને રીસાઇકલના મંત્રને તેમની ફીલોસોફીથી ગુજરાત પુનઃપ્રાપ્ત સ્ત્રોતોનો ઉપયોગ કરીને આબોહવા અને પરિવર્તનની અસરો દૂર કરવા એક અભિયાન ઉઠાવ્યું છે ત્યારે મને આ દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું એક રેન્બો વિઝન પણ યાદ આવે છે. એમણે લોકસભા પછી દેશની અંદર રેન્બો વિઝનનો વિચાર મૂકયો હતો. મેઘધનુષ્યના સાત રંગ હોય છે. એમ આ વિઝનની અંદર ગેસથી પાવર ઉત્પન્ન કરવો, થર્મલથી, હાઇડ્રોથી, સોલરથી, વીન્ડથી, બાયોમાઇસથી અને ન્યૂકયુલરથી. આમ આજે આપણે જોવા જઇએ તો આ સાતેય ક્ષેત્રની અંદર ભારતે પણ વિકાસ કર્યો છે અને આ ગુજરાત રાજયે પણ એની અંદર નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આજે આપણું રાજય છે એ સોલાર એનર્જી, વીન્ડ એનર્જી, ટાઇડલ એનર્જી, આ બધા જ એનર્જીની અંદર આપણે અગ્રેસર છીએ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અમરીષભાઇ ડેર.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નીતિનભાઇ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એમાં ૧-૨ બાબતોમાં આપના માધ્યમથી સાહેબશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છું છું. વન અને પર્યાવરણ વિભાગની જો વાત કરીએ તો મારા રાજુલા અને જાફરાબાદ વિસ્તારની અંદર અંદાજે ૧૦૦ જેટલા સિંહોનો કાયમી વસવાટ છે. આ સિંહો કયારેક અકસ્માતે ટ્રેનોમાં કપાય છે, કયારેક રેવન્યૂમાં આવી જાય એ હિસાબે માનવો ઉપર પણ હુમલા કરે છે એટલે માનવોના મૃત્યુ પણ ખૂબ થાય છે અને મારા વિસ્તારમાં રોજગારીની પણ તકો ખૂબ ઓછી છે. એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા ઇચ્છું છું કે આ બજેટની અંદર અભ્યારણ્યનો જો સમાવેશ કરવામાં આવે તો કયાંકને કયાંક આ ત્રણ બાબતોને ઘણી સારી રીતે મૂલવી શકાય તેમ છે. અભ્યારણ્ય જો ત્યાં બને તો સિંહોના અપમૃત્યુ અટકશે, માનવોના મૃત્યુ અટકશે અને સ્થાનિક રોજગારીની જે વાત છે એ લોકોને ઘણું બધું મદદરૂપ થઇ શકાય છે. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છું છું. આરોગ્યની બાબતની અંદર કે મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જે વાત ગત વિધાનસભામાં પણ અમારા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. એ જ બાબતમાં વર્ષ ૨૦૧૭માં જે ૧૬૦૦ ભરતીઓ થઇ ત્યારબાદ આજે માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર્યું છે કે અંદાજે ૨૦૦૦ જેટલી મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જગ્યાઓ જે ખાલી છે એમની ભરતી કરવામાં આવે અને ખાસ કરીને બજેટની અંદર જે આવા હેલ્થવર્કરોને આઉટસોર્સવાળા દ્વારા પગાર જે ચૂકવવામાં આવે છે એ ઓછો ચૂકવવામાં આવે છે એટલા માટે બજેટમાં કાંઇ વધારો આ બાબતમાં કરવો પડે તેમ નથી પણ આઉટ સોર્સના કોન્ટ્રાકટરો દ્વારા આ લોકોને જો યોગ્ય પગાર આપવામાં આવે તો પણ ઘણી બધી વ્યવસ્થાઓ સારી થઇ શકે છે અને આરોગ્યની બાબતમાં જો આપણે આ બાબત ગંભીરતાથી લઇએ તો એ લોકોને પણ થશે કે અમારા માટે ઘણું બધું સારું થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક રોગ બાબત પણ જાણકારી આપવા ઇચ્છું છું. કદાચ એમના ધ્યાને જ હશે. આ રોગનું નામ છે Thyrosinemia Type-1 જેની દવાઓ આ દેશમાં કે આ રાજયમાં ઉપલબ્ધ નથી. આજે પણ ઘણા બધા ગરીબ પરિવારો એવા છે કે જેને કોઇ એન.જી.ઓ. ઉપર ડીપેન્ડ રહેવું પડે છે અથવા તો મસમોટી રકમ જે ખર્ચવી પડે છે. તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરી રહ્યો છું કે આ બજેટની અંદર આવી જે દવાઓ છે કે આ રાજયની અંદર કે આ દેશની અંદર ઉપલબ્ધ નથી તો એવા પરિવારોને દવાઓ નિયમિત રીતે મળી રહે એના માટે ફંડની જોગવાઇ કરવામાં આવે. ઉદ્યોગ બાબતની એક વાત કરવા ઇચ્છું છું કે ઉદ્યોગો જયારે પણ સ્થપાયા ત્યારે સાથે સાથે ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તે વાત તો હતી જ પણ લોકલ લોકોને રોજગારી મળે એના માટે પણ લક્ષ્ય હતું તો ધીમેધીમે આવનારા સમયમાં આ બધા જ રોજગારોની અંદર આ ઉદ્યોગો યોગ્ય રીતે આગળ આવે તે ખૂબ જરૂરી છે. જયારે પણ આવા ઉદ્યોગો સ્થપાયા છે ત્યારે એમણે દત્તક લીધેલા ગામો અથવા તો અસરગ્રસ્ત ગામોને જો યોગ્ય મદદ એમના સી.એસ.આર. ફંડ દ્વારા કરવામાં આવે તો ઘણી બધી સારી વાત થઇ શકે તેમ છે. થોડા સમય પહેલાં જ આદરણીય મુખ્યમંત્રીશ્રી સાથે બાદલપરા ગામે જયારે જવાનું થયું હતું ત્યારે આદર્શ ગામ ત્યાં થયું હતું તો આવા સી.એસ.આર. ફંડનો ઉપયોગ જો આવા જુદા જુદા ગામો, અસરગ્રસ્ત ગામોમાં જો કરવામાં આવે તો હું માનું છું કે બજેટમાં એ ગામો માટે ખર્ચ પણ ઓછો કરવો પડશે અને કંપનીના સી.એસ.આર. દ્વારા ઘણું બધું થઇ શકશે. આદરણીય મંત્રીશ્રીને કહેવા માગું છું અને છેલ્લી મિનિટ માટે હું આપ બધાને વિનંતી કરવા ઇચ્છું છું કે ગુજરાત સી.એસ.આર. ઓથોરીટી જે અત્યારે ચાલે છે અને મને જાણવા મળતી વિગતો મુજબ જે ઉદ્યોગો જે તે વિસ્તારમાં છે એવા ઉદ્યોગોમાં એક આમંત્રિત સભ્યની નિમણૂક કરવાની થાય છે તો જે તે વિસ્તારના ચૂંટાયેલા ધારાસભ્યોની નિમણૂક આ સી.એસ.આર. ઓથોરીટીમાં જો કરવામાં આવશે તો જુદા જુદા ગામોની અંદર ઘણું બધું સારું થશે. આપ સૌનો આભાર માનું છું. થેન્કયુ.

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા..

## અધ્યક્ષશ્રીનું અવલોકન

## ધારાસભ્યશ્રીઓનાં સૂચનો તથા રજૂઆતોની નોંધ કરવા અંગે

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ આપનું પ્રવચન શરૂ કરો તે પહેલા એક વાત કહેવી છે કે જે માનનીય ધારાસભ્યશ્રીઓ પોતાના મત વિસ્તારના કેટલાક પ્રશ્નો રજૂ કરે છે. દા.ત. શ્રી અમરીષભાઇ ડેરે દવાની વાત કરી. હું વારેઘડીએ

જોતો હતો કે અધિકારી લખે છે કે કેમ? કેટલીક જગ્યાએ લખતા દેખાયા અને કેટલીક જગ્યાએ લખતા દેખાયા નહીં. હું પ્રશ્ન કરી શકું તેમ છું, પરંતુ એ કરતો નથી. માનનીય ધારાસભ્યશ્રી પોતાના વિસ્તારના પ્રશ્નો રજૂ કરે છે. એમાં ઘણી નાની બાબતો લાગતી હોય, પણ એમના માટે ઉપયોગી હોય તો કમસેકમ તંત્રનું ધ્યાન એ તરફ જાય તે માટે ફરીવાર દરેક ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે તમે જે પ્રવચન કરો છો તે તમારા પીજીયન બોક્ષમાં કોપી આવતી હોય છે, તે અધિકારીને પણ બારોબાર મોકલે અને અધિકારીએ પણ તે મેળવવાની કોશિશ કરવી જોઇએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા(ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત એકદમ સમયસરની છે. ગઇકાલે જ માનનીય વિજયભાઇ અને શ્રી નીતિનભાઇએ અમારા બધાની હાજરીમાં જ સી.એસ.ને આ સૂચના આપી છે અને જ્યારે અહીંયા શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા, ત્યારે એમણે અમને બધાને મંત્રીશ્રીઓને કેબિનેટમાં એવી એક સ્ટેન્ડિંગ સૂચના આપેલી કે માત્ર પ્રવચન નહિ, પણ પ્રશ્નોત્તરી જે છે એ સત્ર પતી ગયા પછી બંને પક્ષના ધારાસભ્ય કે એણે પ્રશ્ન પૂછાયા હોય કે ન પૂછાયા હોય તમે એની સમીક્ષા કરો. એમાં જે વજુદ હોય તો એનો અમલ કરો. આજે પણ આ પ્રક્રિયા ચાલુ છે.

સૌથી પહેલા તો સૌથી મોટા કદનું બજેટ રજૂ કરવા બદલ અને ૮મી વાર બજેટ રજૂ કરવા બદલ માનનીય નીતિનભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કોઇએ માઇન્યુટલી નિરીક્ષણ કર્યું હોય. જે મેં કરેલ છે કે બજેટ રજૂ થયા પછી આ વખતે પહેલીવાર સર્વત્ર આવકાર અને ડીટેઇલમાં હું મીડિયાનો આભાર માનું છું કે અમે જે લાગણીથી ગરીબ માણસ માટે આયોજન કર્યું એની બધી જ વિગતો અને બધાએ આવકાર્યું છે. અહીંયા પણ આપે પણ જોયું હશે. અમે પણ માર્ક કર્યું છે કે બજેટ સારું છે આવકાર્ય છે, જેથી કરીને એમણે સૂચનો કર્યાં છે. હું સરકાર વતી બધાં સૂચનોને આવકારું છું. અમે ઉત્તમથી સર્વોત્તમ જવાની વાત કરી છે. આ તકે હું સાક્ષી છું, એટલા માટે કહું છું કે ઉત્તમના પાયા વર્ષ ૨૦૦૧-૦૨માં નંખાયા હતા, એ પાયા અનુસાર અમે જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦ કે વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ જ્યારે નક્કી કરવા બેસીએ છીએ, ત્યારે અમે ભૂતકાળના બજેટોને ધ્યાનમાં રાખીએ છીએ કે પહેલા જે બજેટમાં હતું એમાં શું ખૂટતું હતું? તો સર્વાંગી વિકાસ માટે જે જરૂરી હોય તે બીજા બજેટમાં લઇને આજે ગુજરાતમાં બી.જે.પી. ની સરકાર ૨૫ વર્ષથી છે એનું કારણ શું? કોઇ એનો અભ્યાસ કરે.(આ તબક્કે સભ્યશ્રી લલીતભાઇ કગથરા બેઠા બેઠા પ્રજા *(xxx) છે તેવું બોલતા )

અધ્યક્ષશ્રી : ના, ના આવું ના બોલાય. માનનીય નીતિનભાઇ એમણે સોરી કહ્યું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :  કોંગ્રેસ પક્ષે માફી માગવી જોઇએ. કોંગ્રેસના એક ધારાસભ્ય * (xxx) કહે તે કેવી રીતે ચાલે? તમે ના જીતો એ તમારા કર્મો છે. તમારો ભૂતકાળ છે. પ્રજા તમને નકારે છે અને  તમે કહો છો કે * (xxx) છે. ગુજરાતની ૬ કરોડની પ્રજાને કોંગ્રેસના ધારાસભ્ય * (xxx) કહે તે માટે મારી દરખાસ્ત છે કે તેમણે ઉભા થઇને માફી માગવી જોઇએ.

અધ્યક્ષશ્રી : ના, એમણે તરત જ માફી માગી લીધી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, બેઠા બેઠા માફી માગી છે હું જોઉં છું.

અધ્યક્ષશ્રી : ઉભા થઇને માફી માગી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, ઉભા થઇને ઓન રેકર્ડ માફી માગો તો અમે વાત જતી કરીશું. ગુજરાતની * (xxx) કહેવાય?

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય નીતિનભાઇ આપ વડીલ છો. મારી ઉંમર જેટલું આપનું આ જાહેર જીવન છે. મારી વાત સાંભળી લો. હું આપને એટલું કહેવા માગું છું કે, * (xxx) શબ્દની જગ્યાએ છેતરાય છે તેવો શબ્દ હું વાપરું છું.

અધ્યક્ષશ્રી : આમેય તમે માફી માગી છે તો ઉભા થઇને બોલોને શું થાય છે?

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, કહું છું ને * (xxx) શબ્દ વાપરવા બદલ મારી તે ભૂલ છે. હું તેને છેતરાય છે તેવો શબ્દ વાપરું છું.

અધ્યક્ષશ્રી : સારું, સારું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તેમનાથી આ સહન થતું નથી. આ સહન થતું નથી, તેની બળતરા બોલે છે, આ બળતરા બોલે છે. અમે કયારેય આવું કહ્યું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ, આવી ગયું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો કહ્યું છે કે આ વૈચારિક લડાઇ છે.

અધ્યક્ષશ્રી : આવી ગયું, માનનીય લલીતભાઇએ ખેલદિલીપૂર્વ કહ્યું છે એટલે વાત પૂરી થાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ લાંબો સમય વિપક્ષમાં રહ્યા છીએ. અમે કયારેય પણ પ્રજા છેતરાઇ છે અને * (xxx) છે એવું નથી કહ્યું. અમે કહ્યું છે કે, આ વૈચારિક લડાઇ છે અને જેમાં વિશ્વાસ પડે તે લોકો શાસન કરે છે. તમે લોકો લાંબા સમય સુધી હતા. આ બજેટને હું અમારા ચૂંટણી ઢંઢેરાના અમલીકરણનો દસ્તાવેજ કહું છું. માત્ર ત્રણ વર્ષની અંદર અમે આપેલા મોટાભાગના વચનોના અમલીકરણ અમે પૂરા કર્યા છે. સર્વાંગી વિકાસનો અમારો સંકલ્પ છે. અમે જમીન સાથે જોડાયેલા છીએ. સફળ ઉડાણ પણ કરી રહ્યા છીએ તેનું કારણ આ બજેટ છે. ગરીબોનું પણ ધ્યાન રાખ્યું છે. મેટ્રો કરીને આધુનિકરણ પણ અમે કરવામાં સફળ રહ્યા છીએ. આખા દેશની પ્રજાની ચર્ચાનો વિષય ભ્રષ્ટાચાર, ભ્રષ્ટાચાર છે. તેમાં માત્ર વાતોથી કામ નહીં ચાલે. અમે છેલ્લા ત્રણ વર્ષની અંદર બધા વિભાગોનું તબક્કાવાર આધુનિકરણ કરીને તે ચર્ચાને પૂર્ણ કરી છે. ગુજરાતમાં કોઇપણ પ્રકારે ભ્રષ્ટાચાર ન ચાલે, જયાં જયાં છીંડા હોય, લીકેજ હોય તેની સામે પગલાં ભરવા માટે આ બજેટ દ્વારા કોશિશ કરીએ છીએ. આ ઉત્તમથી સર્વોત્તમના વચ્ચેના ગાળામાં વર્ષ ૨૦૦૧-૦૨થી આજે માળખાકીય સુવિધામાં જયારે કોંગ્રેસ પક્ષની યુપીએ સરકાર હતી ત્યારે આ તમામ માળખાકીય સુવિધામાં રસ્તા, પાણી, આરોગ્ય, વીજળી આ બધી જ સુવિધાઓમાં કહું તો તમે શ્રી લલીતભાઇ, નવા ધારાસભ્ય છો પણ તમારા પેરામીટર્સમાં ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકાર ખરી ઉતરી છે. અમે બધા જ પેરામીટર્સમાં એવોર્ડ લઇ આવ્યા છીએ. નક્કી કરનાર તમારી સરકાર જ હતી. તેમાં પણ મૂળ કારણ આ છે કે અમારા બધા જ બજેટ તે એકબીજા સાથે જોડાયેલા છે. ત્યારે અમારું સપનું હતું ઉત્તમનું અને હવે તે સપનું ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જવાનું છે. માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ હતા ત્યારે તેના પાયા નંખાયા હતા. જે તે સમયના શાસનની અંદર કોઇ પ્રશ્ન ઉભો થાય તો થીગડું મારીને ઉકેલ કરવામાં આવે. માનનીય નરેન્દ્રભાઇએ એક નવો વિચાર મૂકીને કહ્યું કે, પહેલા નિદાન કરો. નિદાન કરીને પછી જ તેનો ઉકેલ કરો અને પછી અમલ કરો. તેના કારણે સૂકું ગુજરાત આજે લીલું હોય તો તે જળસંચયના કારણે છે. તે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયું છે. સિંગલ રસ્તા હતા, આપણે બધા જાણીએ છીએ. જળસંચયથી આજે દુષ્કાળ ભૂતકાળ થઇ ગયો છે. ઉત્તમથી સર્વોત્તમ એટલે શિક્ષણની ગુણવત્તામાં દૃઢ સંકલ્પ સાથે નક્કર સ્કૂલ ઓફ એક્સલન્સનો અમલ. ઉત્તમથી સર્વોત્તમ એટલે આરોગ્ય ક્ષેત્રે આયોજન. દસ હજારની વસતિએ એક અર્બન હેલ્થ સેન્ટરની સ્થાપના. ઉત્તમથી સર્વોત્તમ એટલે કૃષિ ક્ષેત્રે ક્રાંતિકારી પહેલ અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની દિશામાં આગળ. ગાય સંવર્ધન સાથે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો પ્રયોગ કરનાર ભારતની અંદર ગુજરાત પહેલા નંબરનું હશે. પાંજરાપોળ એક ઉપેક્ષિત વિષય હતો અને સમાજની અંદર સેવા કરનારા જે લોકો છે એ સેવા કરનારા લોકોની ખૂબ માગ હતી કે અમે સેવા કરીએ છીએ, માગી ભીખીને અમારી પાંજરાપોળ ચલાવીએ છીએ, ગાયને ખવડાવીએ છીએ તો અમને કાંઇક ઇન્ફ્રાસ્ટ્રક્ચર કરવામાં મદદ કરો. અત્યાર સુધીમાં પહેલીવાર પાંજરાપોળોને અપગ્રેડ કરવા માટેની વ્યવસ્થા કરી. ઉત્તમથી સર્વોત્તમ એટલે જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અગ્રેસર, નવા તળાવો ઉંડા કરવામાં આવ્યા. આખા દેશમાં આ વખતે રેકોર્ડ ઉત્પાદન થવાનું અને એમાંય ગુજરાતમાં સૌથી વધારે, કારણ શું? આપણે વર્ષ ૨૦૧૮માં વરસાદ ન પડ્યો. એમાં આપણે સમયનો ઉપયોગ કેવી રીતે કર્યો? જળ સંચયનું મોટા પાયે કામ કર્યું, રાજકોટ જિલ્લામાં તો સૌથી વધારે કામ કર્યું, હું પ્રભારી મંત્રી ત્યાંનો છું એટલે મને ખબર છે કે, ગોંડલમાં તો સૌથી વધારે કામ થયું છે અને એ.પી.એમ.સી. ભાગીદાર બની છે એ સમયમાં જે આપણે સાધન તૈયાર કર્યા, એ સમય પછી વરસાદ સારો પડ્યો. એના કારણે આજે જે કાંઇ કૃષિ ઉત્પાદન સારું થવાનું હોય એ બજેટની અંદર આયોજનના કારણે છે અને અમે નાના માણસનું પણ બજેટમાં ધ્યાન રાખીએ છીએ. ઉત્તમથી સર્વોત્તમ એટલે ગ્રામિણ ભારતની સંકલ્પના સાકાર કરવા માટે જનભાગીદારી સાથે માદરે વતન, વતનથી દૂર રહેતા એ દેશના અન્ય રાજયોમાં રહેતા હોય કે વિદેશમાં રહેતા હોય એ બધાને વતન પ્રત્યેનો દરેક માણસને પ્રેમ હોય છે. Blood is thicker than water. જયારે માણસ બહાર જઇને સુખી થાય છે પછી જયારે કોઇ વારે તહેવારે, પ્રસંગે પોતાના વતનમાં આવે છે ત્યારે જુએ છે કે અહીંયા પ્રાથમિક સુવિધા ખૂટે છે ત્યારે એ વખતે કહે છે કે મારી કાંઇ મદદની જરૂર હોય તો તમે કહેજો. પણ સરકાર કાંઇક એની મેચીંગ ગ્રાન્ટ ઉમેરે તો વધારે ફાયદો થશે એ લાગણીને અમે ધ્યાનમાં રાખીને આ વખતે પહેલીવાર માદરે વતન યોજનાનો પ્રારંભ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રીએ રૂપિયા ૩૬૦ લાખ કરોડનું ભારતનું જે લક્ષ્યાંક નક્કી કર્યું છે તેમાં અમે જવાબદારીપૂર્વક કહીએ છીએ કે અમે સિંહફાળો આપવાના છીએ અને સિંહફાળો આપવાના છીએ ત્યારે એ પ્રકારનું આયોજન પણ જરૂરી છે જે આ બજેટમાં માનનીય નીતિનભાઇએ ખૂબ સફળતાપૂર્વક કર્યું છે. (અંતરાય)

## તા. ૫મી માર્ચ, ૨૦૨૦

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક મિનિટ. માનનીય જેઠાભાઇ, આપ વિધાનસભા ગૃહમાં હાજર રહો છો એનો આનંદ છે પણ બીજા અડધો ડઝન ધારાસભ્યશ્રીઓને તમે વાતોમાં રોકી રાખો છો. અવાજ અહીં સુધી આવે છે એટલે કહેવું પડે છે નહીં તો ઘણા વાતો કરે છે પણ હું બોલતો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જેના કદમ અસ્થિર હોય તેને રસ્તો ન મળે પરંતુ વિકાસને વરેલી ભારતીય જનતા પક્ષની સરકારનો રસ્તો સ્પષ્ટ છે. અહીંયા જાતિવાદ નથી, કોમવાદ નથી. કેટલીકવાર લઘુમતિ વિસ્તારમાં જવાનું થાય છે અને ત્યાં અમારા ઉપર સિક્કો મારીને તમે અમારા વિરોધમાં છો એવું કહેવામાં આવે છે. સો ટકા હું લઘુમતિ વિસ્તારમાં ભાષણ કરીને કહું છું અને અમારી દસ યોજનાઓ ગણાવું છું અને પછી હું એક મિનિટ ઉભો રહું છું. આ દસ યોજનામાંથી તમે શ્રી કરીમભાઇ છો એટલા માટે તમને ના પાડી અને શ્રી કનુભાઇને હા પાડી હોય એવો તમે મને એક દાખલો આપો. ૧૦૮માં તમને ના પાડી? અમે પ્રવેશ મહોત્સવમાં તમને ના પાડી? તમને ગરીબ કલ્યાણ મેળામાં ના પાડી? શ્રી કરીમભાઇ છો? જવા દો, શ્રી કનુભાઇ છો? આવી જાવ આવું ક્યારેય બન્યુ નથી. અત્યાર સુધીમાં અમે જયારે કહીએ છીએ એ જવાબદારીપૂર્વક કહીએ છીએ કે કોઇ કોમવાદ નહીં, કોઇ જાતિવાદ નહીં, કોઇ જ્ઞાતિવાદ નહીં, અહીં તો માત્રને માત્ર વિકાસવાદ અને માનવવાદને વરેલી આ સરકાર છે અને એ વિકાસવાદનું ફળ આખું ગુજરાત અત્યારે ચાખી રહ્યું છે. આજે સવારે પ્રશ્નોત્તરીમાં ગરીબ કલ્યાણ મેળાની ચર્ચા ચાલતી હતી. પહેલાં શું થતું હતું એના માટે શ્રી જયદ્રથસિંહે બહુ સરસ કહ્યું છે. આ વખતે એક એક ગરીબ એની વ્યાખ્યા નક્કી કરી છે. અમે સરવે કરાવ્યો છે, આ એમને એમ નથી કર્યું. શરૂઆતમાં જો અમે જાતિવાદી, કોમવાદી, જ્ઞાતિવાદી કે પક્ષપાતી નથી એનો ઉત્તમ દાખલો, જ્યારે વર્ષ ૨૦૦૯માં શરૂ થયુંને એ વખતે બધા લાભાર્થીઓ એ અમારા સમર્પિત કે અમારા સમર્થનમાં નહિ, જેટલા લાભાર્થી છે, રાજકીય વાત કરું છું, કોઇ અમારા સમર્થનમાં નહિ, શ્રી નરેન્દ્રભાઇ કહે કે આપણા સમર્થનમાં હોય કે ના હોય પણ બધા માણસ છે આપણે એમને આપવાનું છે. અમે નજરે જોયું છે, એક મજૂર એને પાંચ હજાર રૂપિયાની કડિયા કામની કીટ મળી જાય, એ મજૂરમાંથી કડિયો બન્યા છે અને કડિયામાંથી કોન્ટ્રાક્ટર બનેલા અમારી પાસે દાખલા મોજૂદ છે. દૂધનો ધંધો હોય એમાં રૂપિયા પાંચ કે પંદર હજારની કીટ. આ વખતે તો અમે એ કીટની સંખ્યા પણ વધારી છે અને ખર્ચ એક કાર્યક્રમમાં ૩ કે ૪ લાખ રૂપિયા થાયને પણ અમે સો સવાસો કરોડ રૂપિયા એમને આપીએ છીએ. ૨૫ કેમેરાની વચ્ચે હાથો–હાથ આપીએ છીએ. ભૂતકાળમાં જે નહોતું બનતુંને મારે પછી એમાં સ્વ. રાજીવ ગાંધીનો દાખલો નથી આપવો પણ એમાંથી અમે શીખ્યા છીએ, એમણે જાહેરમાં કબૂલ્યુને પછી એમાંથી શીખ્યા છીએ. વર્ષ ૧૯૯૫થી આજ સુધીના કાર્યકાળમાં ભા.જ.પ.ની સરકાર રહી છે એમાં કાયમી ઉકેલની દિશામાં અમે વીજળીમાં જે કર્યું, આ રાજ્યની પ્રગતિનો આધાર પાણી અને વીજળી ઉપર છે અને એના અભ્યાસ કર્યો અને નિદાન કર્યું, શું ખૂટે છે તો નિદાનમાં આ આવ્યું. ધારો કે પાણી નથી તો જળસંચય કરો અને ઉદ્યોગો લાવવા હશે, ખેત ઉત્પાદન વધારવું હશે તો ઇલેક્ટ્રીસીટી આપો. સૌથી પહેલીવાર જ્યારે જ્યોતિગ્રામ થયુંને ત્યારે આ ડાઉટફુલ લાગતું હતું, પંદર વીસ વરસ, પચ્ચીસ વરસના ડીગ્રી એન્જિનિયરો એ કહેતા હતા કે સાહેબ આ શક્ય નથી પણ સાહેબ શ્રી નરેન્દ્રભાઇએ કહ્યું કે તમે વિચારો અને શક્ય કરો. મને ખ્યાલ છે, મધ્ય ગુજરાતમાં કોઇ એક ચાલુ કાર્યક્રમમાં સ્વર્ગસ્થ કલામ સાહેબે સ્ટેજ ઉપર બેસીને કહ્યું, મુખ્યમંત્રીજી, જો આપને જ્યોતિગ્રામ કી બાત કહી હૈ, મુઝે વો દેખને જાના હૈ, અઠવાડિયા પહેલાં રાષ્ટ્રપતિજી કેટલી મિનિટે સ્ટેજ ઉપર આવશે અને કેટલી મિનિટે ઉતરશે એવા કાર્યક્રમની અંદર છેલ્લી ઘડીએ જ્યારે રાષ્ટ્રપતિ એમ કહે કે કાર્યક્રમ પછી તરત જ મારે એક બે ઝુંપડામાં જવું છે તમારી લાઇટ ચાલુ છે કે નહિ. આખું તંત્ર ખળભળી ઉઠ્યું હું અને શ્રી સૌરભભાઇ સાક્ષી છીએ, શ્રી નરેન્દ્રભાઇએ કહેવડાવ્યું અમે બન્નેએ વ્યવસ્થા કરી અને નજીકમાં નજીક જે ગરીબનું ઘર હતું ત્યાં જઇને જાતે ડો.કલામ સાહેબે ચાંપ પાડી અને લાઇટ ચાલુ થઇ. આજે આ મુળ ઉત્તમ અને સર્વોત્તમ તમારે જે કહેવું હોય તે કહો પણ તમે આવું માનો છોને એટલે સારું છે. એ તમે વર્ષ ૧૯૯૫માં માન્યું એટલે વર્ષ ૧૯૯૮માં આવ્યા, તમે આવુંને આવું વર્ષ ૧૯૯૮માં માન્યું એટલે અમે વર્ષ ૨૦૦૨માં આવ્યા, વર્ષ ૨૦૦૭માં માન્યું એટલે અમે અહીં સુધી આવ્યા છીએ, હજી તમે દિનકરમાં આવું માનો છોને તો અમે વર્ષ ૨૦૨૨માં ફરી આવવાના છીએ. આ બધું થવાથી, (અંતરાય) તમારે શ્રી લલીતભાઇ, બોલવું પડે એટલે બોલો. બાકી તમે બધા સમજો જ છો. તમે બધા થોડીક કોમેન્ટ કરો છો, તમારા શ્રી શૈલેષભાઇને જુઓ એકદમ શાંતિથી મને સાંભળે છે. (અંતરાય) અમે સત્તામાં આવવાના છીએ, તમે આવશો કે કેમ એ ડાઉટફૂલ છે પણ અહીં ભારતીય જનતા પાર્ટીની સરકાર વર્ષ ૨૦૨૨માં બેસવાની છે એ આ કામ આધારિત છે, તમે *(xxx) કહીને મત નહિ લઇ જઇ શકો. તમારા જેવા આવા સજ્જન ધારાસભ્યશ્રી આ શબ્દો બોલેને, ખરેખર શ્રી નીતિનભાઇએ ઠપકો આપ્યો છેને...

અધ્યક્ષશ્રી : આ *(xxx) શબ્દ કાઢી નાંખ્યો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જી સર. પણ શ્રી લલીતભાઇ, તમને તથાસ્તુ, તમે ત્યાંને ત્યાં રહો. માનનીય અધ્યક્ષશ્રી, આ વિકાસનો પેરામીટર શું ? ગામડામાં આપણે સાક્ષી છીએ વીસ વર્ષ પહેલાંની દિવાળી અને આજની દિવાળી.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વીસ વર્ષ પહેલાં ગરીબ માણસના ઘરમાં લગ્ન પ્રસંગ આજે એ જ ઘરમાં પહેલી દીકરીની શાદી કરી એ વખતે શું ? આજે દીકરાના દીકરાના લગ્ન કર્યા આ પેરામીટર છે. ગુજરાતના લોકોનું જીવન ધોરણ સુધર્યું છે, રહેણીકરણી સુધરી છે, આર્થિક સમૃદ્ધિ વધી છે અને અમને લઘુમતિઓના વિરોધી કહેવામાં આવે છે તો જયારે કોંગ્રેસનું શાસન હતુ ત્યારે સાહેબ, હજના ક્વોટા જ પૂરા થતા નહોતા. ભાજપના શાસનમાં સમૃદ્ધિ વધી તેના કારણે આજે હજના ક્વોટા પૂરા થઇ જાય છે અને અમારે યુપી, એમપી પાસેથી માગવા જવા પડે છે. આ વર્ષ ૨૦૦૧-૦૨થી આજના બધા જ બજેટનું હું કહું છું પરિણામ છે અને એટલા માટે અમે ખાતરીપૂર્વક કહીએ છીએ કે આ બજેટ આધારિત અમે ઉત્તમથી સર્વોત્તમ તરફ જવામાં સફળ રહેવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પાકા રસ્તા માનનીય જશુભાઇએ કહ્યું કયાંક રહી ગયું હશે. માનનીય નીતિનભાઇ ઉદાર છે. ગયા વખતે તો એ જ દિવસે એમની માગણીઓના દિવસે જ જેમણે માગ્યું તે બધાને આપી દીધું એવા ઉદાર છે. (અંતરાય) તમે આપો છો એટલે માગે છે. આજે ગુજરાતમાં મેટ્રો કે બુલેટ આવે તો ગુજરાતનું ગૌરવ છે તેમાં ભાજપનું ગૌરવ નથી, અમારૂં ગૌરવ નથી, આખા ગુજરાતનું ગૌરવ છે અને તમે બધા ગુજરાતના એક ભાગ છો. તમે સામાજિક, આર્થિક કામે અમેરીકા ગયા હોય અને ત્યાં તમને કોઇ એમ કહે કે ચાર ગુજરાતનો તો વટ છે, બુલેટ અને મેટ્રો અમદાવાદમાં આવી છે તો તમે શું કહેવાના કહો જોઇએ ? હા, તમે કહેશો કે હા, અમારું ગુજરાત છે. અહીંયા ભલે તમે ટીકા કરો પણ વિકાસના પેરામીટરની અંદર આપણે દુનિયા સાથે ચાલવું જ પડે અને દુનિયા સાથે ચાલવા માટે શ્રી વિજયભાઇ રૂપાણી અને અમારા શ્રી નીતિનભાઇ પટેલ ખરા ઉતરતા જાય છે. એવી રીતે સ્વાભિમાન દરેક માણસને મારાપણાનો ભાવ છે, મારા ગામનો છે, મારા તાલુકાનો છે, મારા જિલ્લાનો છે, મારા રાજયનો છે, મારા દેશનો છે. કોઇ નેતા, ક્રિકેટર, કલાકારને જોયો ના હોય પણ આ મારાપણાના ભાવને કારણે તે તાદાત્મ્ય થાય છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી છે, એ તાદાત્મ્યનું ઉત્તમ ઉદાહરણ છે. વિદેશમાં જઇએ અને પછી એમ કહીએ આ અમારા દેશનું ગૌરવ છે. શ્રી નરેન્દ્રભાઇનો આભાર માનું છું કે ગુજરાતીઓનો અને ભારતના બધા લોકોનું ગૌરવ વધારવા માટે એ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આયોજન કર્યું. મારે ખેદ સાથે કહેવું પડે કે વિપક્ષના નેતાએ ભંગાર કહ્યો. અમારો ખેડૂતોને આ સાથે જોડવા માટેનો પ્રયાસ હતો. અમે બધા દેશના વિવિધ રાજયોમાં ગયા. ખેડૂતો આનંદમાં હતા કે અમે વાપરેલું કોઇપણ સાધન અત્યારે બિન ઉપયોગી છે તમે એ સાધનને લઇ જાવ અને જે મૂર્તિ છે તેમાં લોખંડ ઓગાળીને તમે મૂર્તિ બનાવજો. તેમનું તાદાત્મ્ય જોડાયું, આખા દેશના ખેડૂતો જોડાયા અને અમે વર્ષ ૨૦૧૪માં ચૂંટાયા હોઇએ તો એનું કારણ પણ આ જ છે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આખા દેશનો ખેડૂત અમારી સાથે જોડાયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે રામ મંદિર વહી બનાયેંગે કસમ રામકી ખાતે હૈ. અમે બધા કહેતા હતા એ વખતે તમારાથી, અમે તેને શીલા કહેતા હતા ત્યારે તમે તેને પથ્થર કહેતા હતા અને એમાં પણ દેશનું સ્વાભિમાન, ઇષ્ટદેવનું જન્મસ્થાન, મંદિર અને અમને ગૌરવ છે કે અમે જે કરેલો સંકલ્પ છે તે અમે પૂરો કરીએ છીએ. એક નવો વિચાર લઇને શ્રી નીતિનભાઇ આવ્યા છે, ગાય આધારિત ખેતી, પ્રાકૃતિક ખેતી.

અધ્યક્ષશ્રી : ૧૫ સેકન્ડ બાકી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ આ વાત કરીને મારી વાત પૂરી કરું છું વચ્ચે શ્રી લલીતભાઇએ થોડો સમય બગાડયો એટલા માટે મારા મુદ્દા રહી જાય છે. તમે બધા ખેડૂત છો અત્યાર સુધી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને બીજી ૧૫ સેકન્ડ આપો. આજ કાલ ડબલ્યુ.એચ.ઓ.નો રિપોર્ટ છે કે વધારે પડતા કેમિકલ્સ ખાતરના ઉપયોગથી એક કસમયે રોગ થાય છે અને એમાંયે ખાસ કરીને કેન્સર અને કિડનીના રોગ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે ઉપયોગ એનો પંજાબમાં થાય છે. પંજાબમાં આજે તમે ખેડૂતને કહો ને તો એના ખેતરમાં કહેશે કે **ये घर के लिए हैं, और ये बेचने के लिए हैं । क्यों भाई ऐसा फर्क? मैं जानता हूं कि घर के लिए इसलिए हैं कि इसमें कोई केमिकल्स, खाद, नहीं डाला हैं, केमीकल खाद से कैंसर होता हैं ।** ભટીન્ડાથી જોધપુર ટ્રેન ભૂતકાળમાં હશે ત્યારે એને કોઇ નદીનું નામ આપ્યું હશે, આજે એ ટ્રેનનું નામ પડયું છે કેન્સર ટ્રેન. એમાંથી બોધ-પાઠ લેવા માટે શ્રી નીતિનભાઇએ આપણને ગાય આધારિત ખેતી. એક ગાયથી સફળ પ્રયોગ છે. એક ગાયના છાણ-મૂત્રથી ૩૦ એકરમાં ખેતી થાય છે. ઝીરો બજેટ, એક પણ પૈસાની દવા નહીં. એક પણ પૈસાનું ખાતર નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આભાર.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૦૦**

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

બિન–સરકારી સંકલ્પો

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**બિન સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

**''જલ જીવન મિશન'' અંતર્ગત ''નલ સે જલ તક'' અભિયાન સમય મર્યાદામાં પૂરું કરવા જરૂરી પગલાં લેવા અંગે**

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી(કારંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સંકલ્પ રજૂ કરું છું કે, માનવ જીવનનું અસ્તિત્વ ટકાવવા જળ ઘણું મહત્વનું છે. પીવાના પાણીની સમસ્યાના કાયમી હલ તરીકે ''જળ સંચય અભિયાન'' દ્વારા ગુજરાત સરકારે જન આંદોલન શરૂ કર્યું છે. કેન્દ્ર સરકારે જલશક્તિ મંત્રાલયની પહેલરૂપ રચના કરેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં દરેક ઘરને સ્વચ્છ અને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી શક્યતઃ પોતાના નિવાસસ્થાનની આસપાસ મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકારે 'નેશનલ રૂરલ ડ્રિન્કીંગ વોટર પ્રોગ્રામ' અમલમાં મૂકેલ છે.

કેન્દ્ર સરકારે 'જલ જીવન મિશન' અંતર્ગત પાણી પુરવઠા ગ્રીડ દ્વારા ૧૩૩૦૦થી વધુ ગામો અને ૨૦૩ શહેરી વિસ્તારો જોડવાની કામગીરી પૂર્ણ કરી ગ્રામિણ વિસ્તારોમાં ૭૮ ટકા ઘરોમાં નળ જોડાણની સિદ્ધિ હાંસલ કરેલ છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં દરેક ઘરને નળનું જોડાણ આપવાનો લક્ષ્યાંક સને ૨૦૨૪ સુધીમાં પ્રાપ્ત કરવાનો નિર્ધાર કર્યો છે. ગુજરાત રાજ્યમાં પણ ગ્રામ્ય વિસ્તારમાં બાકી રહેલ આશરે ૧૭ લાખ ઘરોમાં ઓગસ્ટ–૨૦૨૨ સુધીમાં જળ જોડાણ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવા આગામી વર્ષના બજેટમાં રૂ.૭૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

પીવાના પાણીના સ્ત્રોતનો વિકાસ અને ઉપલબ્ધ સ્ત્રોતોનું એકીકરણ, પાણીની ગુણવત્તા અર્થે પાણીને પીવાલાયક બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ, પાઇપ લાઇન મારફત પીવાનું પાણી પહોંચાડવાની હાલ અમલી હોય તેવી યોજના, જરૂરી એસેસરીઝનું ફીટીંગ હાથ ધરવું, તળાવો ઉંડા કરવા, વપરાયેલા પાણીનું શુદ્ધિકરણ કરીને પુનઃ ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવવું, નદીઓ સાફ કરવી જેવા અભિયાન સાથેનું આ મિશન છે.

ગ્રામ્ય વિસ્તારમાં પ્રત્યેક ઘરને પ્રતિદિન ૫૫ લિટર પર કેપિટા પાણી પ્રાપ્ત થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. રાજ્ય કક્ષાએ સ્ટેટ વોટર એન્ડ સેનિટેશન મિશન, જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રીકટ વોટર એન્ડ સેનિટેશન મિશન અને ગ્રામ્ય કક્ષાએ પાણી સમિતિ, ઉપયોગકર્તાના સમૂહો જેવું સંસ્થાકીય માળખું ગોઠવીને ૩૦૦૦ MLD પાણીનું વિતરણ કરીને પીવાના પાણીના જથ્થાની બાબતમાં રાજ્ય જળ સલામતી તરફ અગ્રેસર છે. આમ, થવાથી લોકોના જીવન ધોરણમાં નોંધપાત્ર સુધારો આવશે.

ગ્રામ્ય સ્તરે પાણી સમિતિઓની રચના તથા મૂડી ખર્ચના ૧૦ ટકાનો ફાળો જનસમાજમાંથી આવતા વપરાશકારોમાં માલિકીપણાનો ભાવ પણ ઉત્પન્ન થશે અને વધુ સારી રીતે અમલીકરણ લાંબા ગાળાનું આયોજન તથા યોજનાની જાળવણીમાં પારદર્શિતા આવશે. રાજ્યના પછાત અને છેવાડાના વિસ્તારોમાં આંતરિક પેયજળની કામગીરી ઝડપી થાય અને સમયસર નળ જોડાણનો લાભ મળે તે માટે રાજય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિસ્તારો અને અનુસૂચિત જનજાતિની વસતિ ધરાવતા ગામોને લોકફાળામાંથી મુક્તિ આપેલ છે. ૮૦૦૦ ફળિયાઓને મુખ્ય ગામના સમ્પથી જોડવાનું, ફળિયા તેમજ ગામ ખાતે જરૂરિયાત મુજબની સંગ્રહ ક્ષમતા ઉભી કરવા આગામી ૨ (બે) વર્ષમાં રૂ.૧૦૦૦ કરોડના કામો હાથ ધરવામાં આવનાર છે.

બિનસરકારી સંગઠનો, સ્વૈચ્છિક સંગઠનો, સ્વાશ્રયી મહિલા સમૂહોને યોજનામાં સહભાગી તરીકે જોડતા ગ્રામ્યજનોમાં જાગૃતિ લાવવામાં તથા યોજનાના આયોજન અને અમલીકરણમાં વેગ આવશે. નિશ્ચિત લક્ષ્યાંકો સિદ્ધ કરવા અને ચોક્કસ પરિણામોને નિર્ધારિત કરવા દરેક કાર્યરત નળ જોડાણને આધાર નંબર સાથે જોડવાનો પ્રયત્ન થશે. મિશન અંતર્ગત ઉભા કરવામાં આવેલ માળખાનું રાજય સરકાર થર્ડ પાર્ટી દ્વારા ઇન્સ્પેક્શન કરાવશે.

જળ વ્યવસ્થાપન ક્ષેત્રે સતત ત્રીજા વર્ષે દેશમાં પ્રથમ ક્રમ મેળવનાર ગુજરાતને ગ્રામિણ ક્ષેત્ર માટેના 'જલ જીવન મિશન ' અંતર્ગત 'નલ સે જલ તક' અભિયાન સમય મર્યાદામાં પૂરું કરવા જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ૬.૫ કરોડની પ્રજાની સુખાકારી વધે, માનવ જીવનનું અસ્તિત્વ ટકી રહે એવા ઉમદા હેતુથી પીવાના પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે જળ સંચય અભિયાનને આવકારતા આનંદની લાગણી અનુભવું છું. ગુજરાતની સાથો સાથ કેન્દ્ર સરકાર જળ શકિત મંત્રાલય દ્વારા કરવામાં આવેલા જન આંદોલન આવકારદાયક છે. કેન્દ્ર સરકાર દ્વારા અમલીકરણ કરી ગામડાંના દરેક ઘરને સ્વચ્છ પીવાનું નળથી જળના સૂત્રને સાકાર કરવાના માનવલક્ષી ભાવને ઉજાગર કરવાના અભિગમને આવકારું છું અને સરકારશ્રીના ગ્રામ્ય વિસ્તાર જન જનને પાણી પહોંચાડવાના સંવેદનશીલ નિર્ણયને પણ હું આવકારું છું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ સરકાર દ્વારા જળ જીવન મિશન અંતર્ગત પાણી પુરવઠામાં જે ગામો અને શહેરોને જોડવાની કામગીરી ૭૮ ટકા ઘરોને નળથી જોડાણની સિદ્ધિ હાંસલ કરી છે એટલું જ નહિ સન ૨૦૨૪માં સો ટકા લક્ષ્યાંક પૂરો કરવાના દ્રઢ નિર્ણયને આવકારું છું.

હું સુરત મહાનગરના કારંજ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું. સુરત મહાનગરપાલિકા દ્વારા ભારત સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ સર્વિસ લેવલ બેન્ચ માર્કની સામે સુરત શહેરને પણ પાઇપ લાઇન હેઠળ આવરી લેવામાં આવેલ છે.

સો ટકા ઘરોમાંથી ૯૮ ટકા ઘરોને પાણી પુરવઠો પહોંચાડવા સફળ થયા છીએ એટલે કે ગુજરાતના સર્વાંગી વિકાસમાં સુરતને પણ હું પૂરક બન્યો છું.

શ્રી લલીતભાઈ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવિણભાઇ ઘોઘારી જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

જળ છે ત્યાં જીવન છે એ વાત સો ટકા સાચી છે. જળ વિના જીવન હોઇ જ ન શકે એ વાતમાં પણ એટલું જ તથ્ય છે. જળ એ આ જીવન માટે બહુ અનિવાર્ય છે. ઘણા વર્ષોથી આપણે ઘણી બધી ગુલાબી વાતો કરીએ છીએ તેમ છતાંય જયારે પણ આપણે બાપુ, ટીવી ખોલીએ ત્યારે બેડા લઇને બેડા ફોડતી બહેનોને આજે પણ આપણે જોઇ રહ્યા છીએ. પછી એ મહાનગરપાલિકા હોય, કોઇ ગામડાંનો વિસ્તાર હોય, કોઇપણ જગ્યા હોય પણ આજે પણ હજી આટલો જ વિકટ પ્રશ્ન કયાંકને કયાંક આપણે દેખી રહ્યા છીએ. મારું આપને સ્પષ્ટ કહેવાનું છે કે આપણે ગમે તેટલો પાણીનો પુરવઠો પહોંચાડીએ પણ જે વિતરણ વ્યવસ્થા છે એ લોકલ ઓથોરિટી કરતી હોય છે. દા.ત. ગ્રામ પંચાયતમાં ગામની કે લોકલ ઓથોરિટી જળનું વિતરણ કરતી હોય છે. ગામમાં બે વોર્ડ એવા પણ હોય કે જયાં એ સરપંચની સામેનો પક્ષ હોય તો ત્યાં પાણીના વાલ્વ ખોલવામાં આવતા નથી. તેથી તે જગ્યાએ નળમાં પાણી મળતા હોતા નથી. દા.ત. મારી મોરબીની બાજુમાં રવાપર ગામ છે સાહેબ, એ મોરબી સાથે લગભગ ભેગુ થઇ ગયું છે ત્યાં એટલા બધા માઇગ્રેશન થઇને લોકો આવે છે. આજે પણ ૧૫–૧૫ દિવસે ત્યાંની સોસાયટીઓમાં પાણી મળે છે એ હકીકત છે. આ હકીકતના સાક્ષી તરીકે હું માનનીય કુંવરજીભાઇને એક વાત કરું. આપ પણ ચૂંટણી પ્રચારમાં ગયા હતા ત્યારે કોઠી ગામમાં આપનો વિડિયો વાઇરલ થયો હતો. ત્યારે એ કોઠી ગામની પ્રજા તમારી સાથે વાત કરતી હતી ત્યારે શ્રી કુંવરજીભાઇની પણ એ જ વાત હતી કે હું તો અહીંયા પાણી પહોંચાડું છું પરંતુ ગ્રામ પંચાયતનો સરપંચ તમને આપતો નથી એમાં હું શું કરી શકું? એ પ્રશ્ન તે દિવસે પણ વિકટ હતો અને આજે પણ વિકટ છે. હું આપનું ધ્યાન દોરવા માગું છું કે ધારો કે રાજકોટની બાજુમાં આજી–૩ ડેમ છે અને ઉંડ–૧ ડેમ છે. આ બેય ડેમમાંથી જામનગર મહાનગરપાલિકાને પીવા માટેના પાણીનો સપ્લાય કરીએ છીએ. માનનીય બાપુ, આજની તારીખમાં ફિલ્ટર વગરના પાણી ત્યાં જાય છે આ હકીકત છે. તમે ગામડામાં આજે સરવે કરો કે જંતુવાળું પાણી પીવાથી આજે કેટલા ગામડાઓમાં કેન્સરના રોગો થાય છે? મારા મિત્રશ્રી લલીતભાઇ વસોયાએ એક સમયે ભાદર–રનું આંદોલન કર્યું હતું. ધોરાજીની અંદર કેમિકલયુક્ત પાણી ભાદર ડેમમાં નાખવામાં આવે છે. જેના હિસાબે ભાદરથી ઉપરના કાંઠાના વિસ્તારો હોય, પોરબંદરનો ઘેડ વિસ્તાર હોય, ઉપલેટા હોય ત્યાં લાલ પાણી પીવું પડે છે, આ પણ એટલી જ હકીકત છે. હમણાં જ અહીંયા અમદાવાદની અંદર મહાનગર સિટીમાં પ્રદુષણયુક્ત પાણીના કેન ભરી ભરીને લોકો જાય છે. ક્યાંક ગટરના પાણી મિક્સ થઇ જાય છે, એ હકીકત આપણે સ્વીકારવી પડશે. ફૂલ ગુલાબી વાતો કરવી હોય તો એમાં અમે તમને રોકી નહીં શકીએ પણ વાસ્તવિકતા પણ એટલી જ અહીંયા આપણે સ્વીકારવી પડશે. આ પ્રસ્તાવ લઇને આપ જ્યારે આવ્યા છો ત્યારે હું એટલું આપને જરૂર કહીશ કે, પાણી વગર લોકો જીવી ન શકે. એમાં જો ક્યાંક મીટર મૂકવાનો ક્યાંકને ક્યાંક સરકારશ્રીનો ઈરાદો હોય તો એ ઈરાદા આમાં ન વાપરતા એવી મારી પણ આપને વિનંતી છે. અને ગામડાઓમાં એક એવી બોડી કે સ્ટ્રકચર બનાવો, પાણી સપ્લાય એ વ્યવસ્થિત રીતે ગામડામાં મળી શકે, એ પક્ષપાતથી પર મળે. આ ભા.જ.પ.વાળો છે, આ કોંગ્રેસવાળો છે, આ વોર્ડમાં આ વ્યક્તિઓ રહે છે એટલે અહીંયા ચકલુ જોડવું નથી. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી પણ કહેતા હતા કે, અમારી ગુજરાતની જનતાને જે ચકલી ખોલશે એટલે પાણી નહીં, તેલ નીકળશે. પણ અત્યારે ખાલી હવા નીકળે છે. એટલા માટે હું આપ સૌને કહી રહ્યો છું કે, આપ પ્રસ્તાવ લઇને આવ્યા બહું સારી વાત છે પણ એવું સ્ટ્રકચર ગોઠવો કે આજે ગુજરાતની પ્રજાને ફિલ્ટરયુક્ત પાણી મળે, પીવા માટે મળે અને એવું પાણી મળવું જોઇએ કે, જેના માટે પાણીના આંદોલન એ શક્ય જ ન હોય. માનનીય અધ્યક્ષશ્રી અને બાપુ, આપ પણ સાક્ષી છો કે, ફલાણાની અંદર પીવાના પાણી માટે ગોળીબાર કરવો પડ્યો હતો. એ પણ દિવસો હતા અને આપની જ સરકાર હતી. હું એ પણ આપને યાદ કરાવવા માગું છું કે, પીવાના પાણીના પ્રશ્નો સૌરાષ્ટ્રમાં વિકટ હતા એ ભૂતકાળ પણ હતો. આજે આપની સરકાર તરફથી પાણી મળે છે પણ વિતરણ વ્યવસ્થામાં ક્યાંકને ક્યાંક ખામી છે અને ફિલ્ટરયુક્ત પાણી નથી મળતું એની વ્યવસ્થા કરવામાં આવે તો ગુજરાતની પ્રજા આપને આશીર્વાદ આપશે અને સાચી વાત તમે ગૃહમાં કરવા માટે ટેવાશો તો મને પણ આનંદ થશે. એટલે આ કેમિકલયુક્ત પાણી એના માટે પણ કાંઇક કંટ્રોલ હોવો જોઇએ. આજે મન ફાવે ત્યાં ઉદ્યોગવાળાઓ પોતાનો વેસ્ટ નદીઓમાં ઠાલવે છે. આજે મોરબીમાં સિરામિક ઉદ્યોગ છે, મેં જોયું છે મચ્છુ નદીમાં ક્યાંકને ક્યાંક વેસ્ટેજ, કેમિકલયુક્ત પાણી નાંખવામાં આવે, કોઇ રોક ટોક નહીં, કોઇ કહેવાવાળું ન હોય તો લોકોના જીવન સાથે ચેડાં થાય છે. એટલા માટે હું આપના મારફતે સરકારશ્રીને કહેવા માગું છું કે, પાણી એ જીવન માટે અનિવાર્ય છે પણ આપ શુદ્ધ પાણી આપો, પીવાયુક્ત પાણી આપો અને એવું બોડી અને સ્ટ્રકચર બનાવો કે જે કોઇ પણ પક્ષાપક્ષીથી પર ઉઠીને, એ વ્યવસ્થા ગ્રામ્યની અંદર, શહેરની અંદર તમામ લોકોને પૂરતું પીવાનું પાણી મળે એવી બોડીનું આયોજન થાય, એવી વ્યવસ્થા ઉભી થાય એવી આપ સૌવતી હું સરકારશ્રીને વિનંતી કરું છું. આભાર.

ડો. આશાબેન પટેલ(ઊંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ ઘોઘારીના બિનસરકારી સંકલ્પ "નલ સે જલ તક" ઉપર મારા વિચારો રજૂ કરું છું. આપણે સૌ જાણીએ છીએ કે, ભૂતકાળની સરકારોમાં અમુક વિસ્તારોમાં તો, "તરસે મારો જીવ જાય અને તરસ્યાને કોણ પાણી પાય" એવી પરિસ્થિતિ હતી. દુનિયાની સાપેક્ષમાં દેશની વસ્તી અને જળ

સંશાધનની વાત કરું તો માલુમ પડશે કે, ભારત દેશમાં દુનિયાની અઢાર ટકા વસ્તી વસે છે, તેની સામે પાણીની ઉપલબ્ધતા માત્ર ચાર ટકા છે. ગુજરાત રાજ્યમાં ડિસ્ટ્રીબ્યુશન ઓફ વોટર રિસોર્સીસની વાત કરું તો સરફેસ વોટર ૩૮,૧૦૦ એમ.સી.એમ. અને ગ્રાઉન્ડ વોટર ૧૭,૫૦૦ એમ.સી.એમ. ઉપલબ્ધ હોઈ પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવો બહુ જરૂરી છે. આપણો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે. દરિયા કિનારાના ભૂગર્ભ જળમાં ટી.ડી.એસ. ખૂબ મોટા પ્રમાણમાં હોય છે. એટલે પીવાલાયક હોતું નથી. ત્યારે નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે આ ભાજપની સરકાર કટિબદ્ધ છે અને તેની પ્રાથમિક જરૂરિયાત સમજીને અનેક યોજનાઓ લાવે છે. ભૂતકાળમાં વધુ ટી.ડી.એસ.વાળું અને વધુ ફ્લોરાઇડવાળું પાણી પીવાના કારણે રાજ્યમાં છેલ્લા કેટલાય વર્ષોથી આપણને ખબર છે કે હાડકા અને સ્નાયુઓના દુઃખાવાના રોગ જોવા મળતા હતા પરંતુ હવે એ અલ્પ માત્રામાં થઇ ગયા છે તેનું કારણ એ ગુજરાત સરકારની દેન છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે નર્મદા આધારિત પીવાના પાણીની પાઇપ લાઇનો નાંખી. જે ભૂતકાળની સરકારોએ કશું કર્યું નહોતું. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજી બાવળીયા આ સપનાને આગળ વધારી રહ્યા છે અને અત્યારે ગુજરાતમાં વિપુલ માત્રામાં પીવાનું પાણી મળી રહે એવા અભિયાન સાથે આગળ વધી રહ્યા છે એટલે અભિનંદન પાઠવું છું. જળ જીવન મિશનની વાત કરું તો ' હર ઘર જળ 'ના સૂત્રને સાર્થક કરવા માટે ગુજરાતના બાકી રહેલ ૧૭ લાખ ઘરોને વર્ષ ૨૦૨૨ સુધીમાં નળ કનેક્શનોથી જોડવા માટે આપણા બજેટમાં વર્ષ ૨૦૨૦–૨૧માં રૂપિયા ૭૨૪ કરોડની જોગવાઇ કરી છે એ ખૂબ આવકારદાયક છે. શ્રી લલીતભાઇ, ગુજરાત રાજ્યના નાગરિકોને શુદ્ધ અને પર્યાપ્ત માત્રામાં પીવાનું પાણી મળે તે માટે પાણી પુરવઠાના ગ્રીડનું ભગીરથ કાર્ય એ ગુજરાત સરકારે હાથ ધરેલું છે. પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજ્યના ૧૩,૩૦૦ ગામોમાં અને ૨૦૩ શહેરી વિસ્તારોમાં જોડવાની કામગીરી પૂર્ણ કરી દીધેલ છે. સાથે સાથે ગ્રામિણ વિસ્તારોમાં ૭૮ ટકા ઘરોમાં નળ જોડાણની સિદ્ધિ હાંસલ કરેલ છે જે સરકાર માટે ધન્યવાદને પાત્ર છે. પાણી પુરવઠા યોજનાના સરફેસ સોર્સીસ આધારિત જૂથની વાત કરું તો ગુજરાત રાજ્યમાં હયાત ભૂગર્ભ જળ આધારિત પાણી પુરવઠા યોજનામાં ભૂગર્ભ જળનો વપરાશ થાય છે અને ભૂગર્ભ જળમાં ટી.ડી.એસ.નું પ્રમાણ વધુ માત્રામાં હોઇ આરોગ્યને હાનિકર્તા છે. આ જૂથ પાણી પુરવઠાના લાભાર્થીઓને સરફેસ સોર્સીસ દ્વારા પાણી આપવા માટે આગામી ત્રણ વર્ષ માટે રૂ.૯૩૦૦ કરોડના ખર્ચે આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે તે ખૂબ આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મહેસાણા જિલ્લાની વાત કરું તો ૧૦ તાલુકા, ૭ શહેર અને ૬૦૧ ગામોનો સમાવેશ થાય છે. જેમાં ૫૯૬ ગામો અને ૭ શહેરો કુલ ૪ જૂથ પાણી પુરવઠા યોજનાઓ સાથે જોડાયેલ છે અને ૫ ગામો સ્વતંત્ર યોજના સાથે જોડાયેલ છે. ૫૯૨ બોરવેલ છે અને મારે ખૂબ મહત્વની વાત કરવી છે કે અતિવૃષ્ટિના સમયે અને દુષ્કાળના સમયે આપણા માનનીય પાણી પુરવઠા મંત્રીએ જ્યાં જ્યાં જરૂરિયાત હતી ત્યાં ૧૦૦ ટકા ગ્રાન્ટ ફાળવીને બોરવેલ બનાવેલા છે. મહેસાણા જિલ્લામાં હાલ ૯૯ ટકા ઘરોમાં નળ જોડાણ ઉપલબ્ધ છે. આ સાચો આંકડો છે. કોઇ એજન્સીનો આંકડો નથી. આગામી વર્ષમાં તબક્કાવાર ૧૦૦ ટકા કરવાનો ગુજરાત સરકારનો પ્રયત્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રની ભાઇ વાત કરતા હતા ત્યારે મારે કહેવું છે કે ભૂગર્ભ જળ ખૂબ જ અલ્પ માત્રામાં ઉપલબ્ધ છે અને બલ્ક પાઇપ લાઇન યોજનાનું આયોજન કરી રૂપિયા ૧૪૦૦ કરોડના કામો હાથ ધરવામાં આવ્યા છે અને વર્ષ ૨૦૨૦ અને વર્ષ ૨૦૨૧માં બીજી વધારાની રૂપિયા ૮૫૦ કરોડની જોગવાઇ બજેટમાં કરી છે જે આવકારદાયક છે. આદિજાતિ વિસ્તારની વાત કરું તો મહીસાગર, અરવલ્લી, તાપી, પંચમહાલ, દાહોદ, નર્મદા જિલ્લાની  કુલ ૨૨ લાખ વસતિનો સમાવેશ કરતી રૂપિયા ૧૭૦૦ કરોડની ૮ જૂથ પાણી પુરવઠા યોજના પૂર્ણતાના આરે છે અને આદિજાતિ માટે રૂ.૮૫૦ કરોડની જોગવાઇ કરેલ છે એ હું આવકારું છું. ફળિયામાં અને પેટા પરામાં પણ પીવાના પાણીની વ્યવસ્થા આ ગુજરાત સરકાર કરી રહી છે. મારા વિસ્તારમાં તો લગભગ વડનગરમાં મોટા ભાગે પેટા પરા છે ત્યારે એ ભગીરથ કાર્ય કરવા માટે રાજ્ય સરકારે આયોજન કર્યું છે અને ફળિયા સુધી પાઇપ લાઇન મારફત પાણી પૂરું પાડવા બે વર્ષમાં રૂ.૧૦૦૦ કરોડના કામો હાથ ધરવામાં આવશે અને આ યોજનાનો લાભ ૨૨૦૦ ગામોના ૫૦ લાખ આદિજાતિના નાગરિકોને પણ મળશે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

ડો. આશાબેન પટેલ : એક મિનિટ, આપના મારફત સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે સને ૨૦૨૨ સુધીમાં રાજયના છેવાડાના માનવી સુધી પ્રત્યેક ઘરમાં પીવાના પાણીની સુવિધા ઉભી કરી દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન સાકાર કરવું એ રાજય સરકારનું ધ્યેય છે.

અધ્યક્ષશ્રી : ડો. જોષિયારાજી...

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ ઘોઘારી જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.  સંકલ્પ ખૂબ સરસ છે કારણ કે પાણી અને મનુષ્ય જોડાયેલા છે. દરેક પ્રાણી માત્ર જોડાયેલા છે, દરેક જીવજંતુ જોડાયેલા છે. પાણી વગર જીવન શકય જ નથી પરંતુ ફકત વાતોથી

પાણી મળી જવાનું છે એવું થતું નથી. છેલ્લા ઘણા સમયથી અમે વાત સાંભળી રહ્યા છીએ કે દરેકને ઘર સુધી જળ મળી જશે પણ જે વાત છે એ વાત જ રહે છે.

અધ્યક્ષશ્રી : કોઇનો મોબાઇલ વાગે છે? શ્રી જેઠાભાઇ..

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, અહીં જ બેઠેલા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન, તા.૨૭–૨–૨૦૦૭ના રોજ અહીંયા એમણે અમારા ટ્રાયબલ વિસ્તારો માટેની જાહેરાત કરી હતી. દરેક આદિવાસી ઘરને નળથી પાણી આપવામાં આવશે એવી એમણે વર્ષ ૨૦૦૭માં જાહેરાત કરી હતી. સમય વીતતો ગયો, અમે પણ સરકારમાં રજૂઆત કરતા રહ્યા કે અમને પાણી કયારે મળશે? સરકારે એસ.કે. ફોર વન, ટુ, એવી યોજનાઓ કરી, પણ જેવો આદિવાસી વિસ્તાર આવે એટલે ત્યાંથી કટ ઓફ થઇ જાય, એ વિસ્તારમાં પછી કોઇ આગળ વધતું નથી. જિલ્લાની સંકલન સમિતિમાં પણ અમે મુદ્દાઓ પૂછીએ કે આદિવાસી વિસ્તારોમાં પાણી કયારે મળશે એટલે સરકારે ગામડાના છેડે છેડે પાઇપ લાઇન જરૂર કરી દીધી અને મોટા મોટા ટાંકાઓ કરી દીધા, આજે એ ટાંકાઓ ૩–૩, ૪–૪ વર્ષથી પાણી વગર સૂકા ભઠ્ઠ પડેલા છે. ઘણામાં તીરાડો પડી ગઇ છે, હવે જયારે પાણી ભરવામાં આવશે ત્યારે આ ટાંકાઓની હાલત શું થશે? મને સો ટકા વિશ્વાસ છે એક પણ ટાંકો સાજો રહેવાનો નથી. કારણ કે જયારે પાણી વગર ટાંકો રહે તો એ ફાટી જતો હોય છે ત્યારે જે જવાબદાર અધિકારીઓ, કર્મચારીઓ છે એ શું ધ્યાન આપે છે? સરકારે પહેલા પણ એવી જાહેરાત કરેલી કે અમે તમને નર્મદાનું પાણી આપીશું. નર્મદાનું પાણી સિંચાઇ માટે અને પીવા માટે મળશે. નર્મદાનું પાણી અમારા વિસ્તારોમાં નથી મળ્યું. હા, ડેમ સુધી હમણાં ગયા વખતે નાખ્યું પણ અમારો વિસ્તાર અપસ્ટ્રીમમાં છે. આવા વિસ્તારોમાં આ પાણી મળી શકતું નથી. વારંવાર અમારી રજૂઆત છે અને દુઃખની વાત તો એ છે કે અમારા જે ટ્રાયબલ વિસ્તારો છે એનું પીવાના પાણી માટેનું જે ફંડ છે, ગયા વખતે વર્ષ ૨૦૧૯–૨૦માં જે તમે ફંડ ફાળવ્યું હતું રૂપિયા ૧૪૫૫ કરોડ ૧૫ લાખ અને ૭૬હજારની ફાળવણી કરી હતી. આ ફંડ તમે રીવાઇઝ બજેટ કરી અને રૂપિયા ૬૦૧ કરોડ ઓછું કરી નાખ્યું. કેમ સરકારને આવી જરૂરીયાત પડી? એક બાજુ ત્યાં કામ થતું નથી, કોઇ યોજના બનતી નથી અને બીજી બાજુ અમને બતાવો છો કે તમારા માટે આટલા પૈસા વાપરીએ છીએ અને જયારે સમય આવે ત્યારે વર્ષના આખરે પાછા લઇ લેવામાં આવે છે તો અમારા વિસ્તારમાં પાણી કેવી રીતે મળશે? મોટા ભાગના અમારા વિસ્તારો છૂટાછવાયા છે. આવા વિસ્તારોમાં હેન્ડપંપ અથવા બોર આધારીત અમને પાણી ઉપલબ્ધ થઇ શકે તો કદાચ વધારે સારું બને પણ જો સરકાર નળથી પાણી આપવા માગતી હોય તો એનું ચોક્કસ આયોજન જોઇશે. કેવી રીતે ગ્રેવીટીથી પાણી મળે એનો ટેકનિકલ માણસો દ્વારા અભ્યાસ કરાવવો પડશે અને જો ગ્રેવીટીથી પાણી મળે એવું કોઇ આયોજન કરવામાં આવશે તો થશે. હમણાં જ સંકલનમાં મેં આ મુદ્દો પૂછયો હતો કે આ પાણી તમે કેવી રીતે આપવાના છો ત્યારે અમારા કાર્યપાલક ઇજનેરે કહ્યું કે અમે સરપંચોને જાણ કરી દીધી છે, એ લોકો આયોજન કરી દેશે. કોઇ દિવસ ટેકનિકલ માણસ વગર આ કામ શકય જ નથી. તમારે જો ખરેખર નળથી પાણી આપવું હોય તો તમે જે ટેકનિકલ અભ્યાસુ માણસો છે એમના દ્વારા સરવે કરાવીને આ વિસ્તારોને માટે પાણીનું આયોજન કરો તો પાણી મળી શકશે. હમણાં જ માનનીય સભ્યશ્રી બહેને વાત કરી કે આદિવાસી વિસ્તારોમાં લગભગ રૂપિયા ૮૫૦ કરોડની યોજના મૂકી છે. બજેટમાં આ વખતે જે જોગવાઇ કરી છે એ જરૂર રૂપિયા ૮૫૦ કરોડની કરી છે પરંતુ એના માટે કોઇ આયોજન થતું નથી અને છેલ્લે પછી આ પૈસા પાછા જતા રહે છે. અમારા વિસ્તારમાં અમારી પાસે ડેમો છે. ઇન્દ્રાસી ડેમ છે, હાથમતી ડેમ છે, વણસ ડેમ છે, મેશ્વો ડેમ છે, આવા ઘણા ડેમ છે પણ અમારી વસ્તી બધી અપસ્ટ્રીમમાં છે અને એક જ ડેમ એવો છે વણોજ ડેમ ઉપરવાસમાં છે ત્યાંથી ગ્રેવિટીથી પાણી સિંચાઇ અને પીવાના પાણી બન્ને માટે શક્ય બને એમ છે. સરકાર સરવે કરાવીને પાણી આપે તો ઓછા ખર્ચથી પાણી મળી શકે એમ છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે વણોજ ડેમમાંથી સિંચાઇ અને પીવા માટે પાણી કેવી રીતે આપી શકાય એનું આયોજન થાય એના માટે પ્રયત્નો કરવા જોઇએ. ઘણી યોજનાઓ એસ.કે. ૪, ૧ અને ૨ ની એમાં ત્યાંથી લાઇન જતી હોય અને નજીકમાં ગામ હોય, અધિકારીઓને કહીએ કે અહીંથી સીધી લાઇન આપો તો પાણી મળી શકે એમ છે. પણ સરકાર એવું નથી વિચારતી. ફેરવી ફેરવીને લાઇન લાવે પણ ત્યાં સુધી તો પાણી આવી શકતું નથી. જે કોઇ માણસો આ આયોજન કરે એ ચોક્કસ હોય અને નજીકના ગામો હોય એ ગામોને કેવી રીતે પાણી મળી શકે એના માટે પણ આયોજન કરવું જોઇએ. મારી એક ચિંતા છે અને મને એમ લાગે છે કે સરકારે આધાર કાર્ડ સાથે જોડવાની વાત કરી, અહીંયા સંકલ્પમાં સભ્યશ્રી લાવ્યા છે, કદાચ એ બનવાજોગ છે કે સરકાર પણ પ્રયત્ન કરે કે આવો સંકલ્પ લાવો. આધાર કાર્ડ સાથે જોડવામાં આવશે તો એનાથી નુકસાન જશે. કારણ કે અમારા ટ્રાયબલ વિસ્તારમાં આવી બધી નવી ટેકનોલોજી છે એનાથી પીવાના પાણીને આધાર કાર્ડ સાથે જોડીશું તો ખૂબ મોટું નુકસાન જશે. કારણ કે પીવા માટે એક માણસને ૧૦૦ લિટર પાણી આપવાના છો. પણ પ્રાણી કેટલું પાણી પીવાના છે એ નક્કી નથી. મિટર પ્રથા કે આધાર કાર્ડ સાથે જોડવાની પ્રથા જવા દો. જરૂર જણાય અને તમને એમ લાગે કે આ કરવા જેવું છે તો ભવિષ્યમાં કરજો. ખાસ અગત્યની બાબત કે સરફેસ વોટરનો ઉપયોગ કેવી રીતે કરી શકીએ એ ખૂબ અગત્યની બાબત છે. અત્યારે ચોમાસામાં વરસાદ પડે છે અને પાણી વહી જાય છે. અમારો હીલી એરિયા છે અને પાણી ધમધોકાર જતું રહે છે અને અમે કશું કરી શકતા નથી. એવી કોઇ યોજના બનાવો કે એ પાણી રોકી શકાય. બે ડુંગરો વચ્ચેની વેલી છે એને બાંધવાનું પાકું સ્ટ્રકચર બનાવો. આવા સ્ટ્રકચર જો બનાવશો તો લાંબા ગાળે ફાયદો થશે. તળાવો અંગે જો તમે આયોજન કરશો તો કદાચ વન વિભાગ ના પાડશે કે આ તો જંગલમાં આવેલ છે એટલે નહીં. પણ જંગલમાં આવેલું તળાવ પણ કામ લાગવાનું છે કારણ કે

વન્ય પ્રાણીઓને એ જરૂરી છે. નહીં તો વન્ય પ્રાણીઓ પાછા નોર્મલ વિસ્તારમાં આવી જાય છે. એટલે વન વિભાગને સાથે રાખીને અમારા વિસ્તારમાં આવા તળાવો અને ચેકડેમો કરવા જોઇએ. આવું કરશો તો લાંબા ગાળે આપણે સફળ થઇશું. બાકી નીચેથી પાણી મોભે ચડાવવાની કદાચ એક વખત યોજના બની જશે. પણ કાયમી સફળતા આપણને નહીં મળે. દર વખતે પાણી લિફ્ટ કરવાનું થશે અને એ લિફ્ટીંગમાં પાવર કન્ઝપ્શન થશે એ ઘણું વધારે હશે એટલે આપણે સફળતાપૂર્વક પાણી નહીં આપી શકીએ. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે હયાત ડેમોમાંથી લિફ્ટ કરીને પાણીની યોજનાઓ બનાવો. માનનીય સભ્યશ્રી આ જે પ્રસ્તાવ લાવ્યા છે એને આવકારું છું. પણ મેં જે કાંઇ રજૂઆત કરી એમાં ધ્યાન આપે એવી વિનંતી છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ ઘોઘારી જે બિન સરકારી સંકલ્પ નલ સે જલ અંગેનું લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સર્વ પ્રથમ તો હું આપણા ગુજરાતનું ગૌરવ અને આ ગૃહના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. જ્યારે આદરણીય મોદી સાહેબ આ ગુજરાતનું નેતૃત્વ કરી રહ્યા હતા ત્યારે વર્ષ ૨૦૦૩થી કચ્છ જિલ્લામાં નર્મદાનું પાણી આપવાનું શરૂ કરવામાં આવેલ અને કચ્છ જિલ્લાને પાણીની સમસ્યાથી મુક્ત કરવાનું કાર્ય કરવામાં આવેલ. તેના કારણે કચ્છમાં અનેક ઔદ્યોગિક એકમોમાં પણ ક્રાન્તિ જોવા મળેલ છે. મારા કચ્છ જિલ્લામાં દર ત્રણથી ચાર વર્ષે અછતની પરિસ્થિતિ, દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઉદભવે છે. મારું કચ્છ છેવાડાનો વિસ્તાર હોવાથી ત્યાં વરસાદ ક્યારેક પડે તો ક્યારેક ન પડે. એના કારણે પાણીની પરિસ્થિતિ પહેલા ઉદભવતી હતી પણ આભાર વ્યક્ત કરું આદરણીય મોદી સાહેબનો કે જેમણે આ પરિસ્થિતિમાંથી ઉદભવતા દુઃખને પણ સુખમાં પરિવર્તિત કરવાનું કાર્ય કર્યું છે. આજે કચ્છ જિલ્લામાં દરેક ગામડા સુધી નર્મદાનું પાણી પહોંચાડ્યું છે. દરેક ઘર સુધી નર્મદાનું પાણી પહોંચાડ્યું છે અને પાણી પુરવઠા દ્વારા પણ વર્ષ ૨૦૧૫માં ભચાઉથી વસાત્વા સુધી વધારાની પાઇપ લાઇન નાખવામાં આવેલ જેમાં ૫૦ એમ.એલ.ડી. પાણી વધારાનું મળેલ. વર્ષ ૨૦૧૯માં અંજારથી ભૂજ તરફ જતી પાઇપ લાઇનનું કામ પૂર્ણ થયેલ છે જેમાં ૨૫ એમ.એલ.ડી. પાણી વધારે મળેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે તા.૨૨/૫/૨૦૧૭નાં રોજ કચ્છ માટે કહેવાતો જીવાદોરી સમાન ટપર ડેમ આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદીજીના વરદ હસ્તે એનું લોકાર્પણ કરવામાં આવેલ અને આજે એ ટપર ડેમમાં દર વર્ષે કચ્છ કેનાલથી એમાં પાણી ભરવામાં આવેલ છે જેના કારણે માળીયાની બ્રાંચ કેનાલ પરનું ભારણ ઘટ્યું છે. આ ઉપરાંત સૂઇ અને ફતેહગઢમાં પણ કચ્છ કેનાલ મારફતે પાણી ભરવામાં આવે છે. કચ્છ એ દરિયા કિનારે આવેલો જિલ્લો છે ત્યારે માંડવી વિસ્તારમાં ૧૦૦ એમ.એલ.ડી.ના ડીસેલીનેશન પ્લાન્ટ બનાવવાનું કામ પણ સોંપવામાં આવેલ છે. જેનાથી માંડવી, મુંદ્રા, નખત્રાણા, લખપત અને અબડાસાના તાલુકાઓને ફાયદો થવાનો છે. કચ્છ જિલ્લામાં અત્યારે ૯૫ ટકા ઘરમાં નળથી પાણી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું અત્યારે તાજેતરની જ વાત કરું તો વર્ષ ૨૦૧૮–૧૯માં કચ્છ જિલ્લો એ અછતની પરિસ્થિતિમાં હતો અને આ પરિસ્થિતિમાં જો નર્મદાનું પાણી કચ્છ જિલ્લામાં ના પહોંચાડવામાં આવ્યું હોત તો આ જિલ્લામાં એની પરિસ્થિતિની કલ્પના કરવી અસહ્ય છે. હું ખરેખર આભાર વ્યક્ત કરું શ્રી નરેન્દ્રભાઇ મોદીજીનો કે જેમણે કચ્છ જિલ્લાને જીવનદાન પ્રદાન કર્યું છે અને વિશેષ અભિનંદન આપું આપણા ગૃહના મુખ્યમંત્રીશ્રીને કે જેમણે અછતની પરિસ્થિતિમાં પણ કચ્છ વારંવાર પોતે ત્યાં આવીને અધિકારીઓ સાથે બેઠક કરીને કચ્છના વિસ્તારના લોકોને એક દિવસ પણ અછતની પરિસ્થિતિનો અનુભવ થવા નથી દીધો એ બદલ હું મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને પાણી પુરવઠા મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે વિરોધપક્ષના અમુક સદસ્યો દ્વારા પાણી માટેની વાત કરવામાં આવતી હતી. હું પણ એમને એટલું કહેવા માગું છું કે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગુજરાતમાં બહેનોને પાણી ભરવા ગામના પાદરે જવું પડતું હતું ત્યારે આ ગુજરાતની બહેનોની પરિસ્થિતિ શું હતી? એ વિરોધપક્ષના સદસ્યો જાણે અને આ જ્યારે ૬–૬ વખતથી ભારતીય જનતા પાર્ટીની સરકાર નેતૃત્વ કરી રહી છે તો એ બહેનોના આશીર્વાદ આ ભારતીય જનતા પાર્ટીની સરકારને મળેલા છે તે માટે હું ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. છેલ્લે એટલું જ કહીશ કે જલ હી જીવન કા આધાર હે, જીસ પર આશ્રિત સમસ્ત સંસાર હૈ, કરને કો ઇનકા કરપ્સન ઇસ પર હમ સબ કરે વિચાર. આ પંક્તિ દ્વારા આ ગૃહના તમામ સદસ્યશ્રીઓને કહેવા માગું છું કે, જળનો બચાવ કરવો એ આપણા સૌની ફરજ છે અને આપણા તમામ સદસ્યો જો આ દિશામાં આગળ કાર્ય કરીશું તો હું માનું છું કે આવનારા દિવસોમાં આપણે જળ સંપત્તિનો વધુ વિશેષ ઉપયોગ કરીને એનો વધુ બચાવ કરી શકીશું. થેંક યુ.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, સભાના સભ્યશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે એના અનુસંધાને મારી વાત રજૂ કરું છું. સંકલ્પ ખૂબ જ સારો છે. સંકલ્પના સંદર્ભે દરેક સભ્યે પોતપોતાનો પક્ષ રજૂ કર્યો છે. ભૂતકાળમાં શું હતું? અત્યારે શું થઇ રહ્યું છે? જળના સંદર્ભે કેવું હોવું જોઇએ? કેવું છે? પણ મને ક્યાંકને ક્યાંક એવું લાગે છે કે આ વિષય અને આ સમસ્યા રોજિંદી જરૂરિયાતના સંદર્ભે છે અને એના કારણે એનો કાયમી ધોરણે નિકાલ કેવી રીતે થાય એ દિશામાં પણ આપણે સૌએ સાથે મળીને વિચારવું જોઇએ. પહેલા શું હતું? અને અત્યારુ શું કરીશું? એની ચર્ચા કરવા માત્રથી કે માત્ર એક્રોબેટિક એક્સરસાઇઝ કરવાથી, એન્જિનિયરીંગ ઉકેલો શોધવાથી એનો અંત આવવાનો નથી. એની સાથે સાથે પાણીની વ્યવસ્થા માટે સૌથી મોટા સામૂહિક ઇન્ફ્રાસ્ટ્રકચરની જરૂર પડે છે અને એ સામૂહિક સંસાધનોનો વપરાશ કઇ રીતે કરવો, એની જાળવણી કઇ રીતે કરવી, એને લોકઉપયોગી અને લોકભાગીદારીથી કઇ રીતે જોડવા એ તત્વ આની અંદર

કયાંકને કયાંક ઘટતું હોય એવું દેખાય છે ત્યારે મને એવું લાગે છે કે આની અંદર એવું કોઇ તત્વ ઉમેરવું જોઇએ કે સામૂહિક સંસાધનોની જાળવણી એ લોકોની જવાબદારી છે અને એ જાળવણી માટેનું શિક્ષણ એ બાળકોને નાની કક્ષાએથી, શાળા કક્ષાએથી જ મળે એ દિશામાં પણ વિચારવું જોઇએ. કોઇપણ સામૂહિક સંસાધનોનું પ્રાયોગિક ધોરણે અમલીકરણ શાળા કક્ષાએથી થાય, પાણી માટેની નાની નાની યોજનાઓનું શાળા કક્ષાએ પ્રયોગોના ધોરણે અમલીકરણ થાય, સેનિટેશન માટેની જાળવણીના પ્રયોગો શાળા કક્ષાએ થાય. જો આ પ્રકારના પ્રયોગો શાળા કક્ષાએથી થાય તો ભવિષ્યમાં એ જ બાળકો નાગરિક બનીને સમાજની અંદર આવવાના છે. જે પ્રકારની યોજનાઓ આપણે ગ્રામ્ય કક્ષાએ અમલમાં મૂકવા માંગતા હોઇએ કે શહેરી કક્ષાએ અમલમાં મૂકવા માંગતા હોઇએ એવી યોજનાઓનો નાના પાયે અમલ શાળા કક્ષાએથી થાય તો મને એવું લાગે છે ભવિષ્યમાં એ બાળકો એનું મેઇન્ટેનન્સ કેવી રીતે કરવું, એની જાળવણી કઇ રીતે કરવી, ઓછા ખર્ચે એનું ઇમ્પ્લીમેન્ટેશન કઇ રીતે કરવું એ દરેક દિશાની અંદર આવનારા સમયમાં ઉભી થનારી સમસ્યા વિશે પણ શાળા કક્ષાએથી સમજી શકે એટલે સરકાર વતી આપણે જયારે પણ આ પ્રકારનું આયોજન કરતા હોઇએ ત્યારે એના લાંબાગાળાના વિકાસની વાત કરીએ છીએ પણ સાથેસાથે ટકાઉ વિકાસ કઇ રીતે થઇ શકે, એને આપણે સસ્ટેનેબલ ડેવલપમેન્ટની દિશામાં કઇ રીતે પરિવર્તિત કઇ રીતે કરી શકીએ એ દિશામાં પણ પ્રોજેકટ વિચારવા જોઇએ એનું શાળા કક્ષાએ અથવા નાની કક્ષાએ પણ અમલીકરણ વિચારી શકાય એવું મને લાગે છે એટલે વચ્ચેથી હાથ ઉંચો કરીને સૂચન કરવાની ઇચ્છા થઇ એટલે સૂચન કર્યું છે. ખૂબ ખૂબ આભાર.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ ઘોઘારી જેઓ બિનસરકારી સંકલ્પ નલ સે જલ પીવાના પાણીની ચિંતા વ્યકત કરી છે એ લઇને આવ્યા છે અને એમણે એમના વિચારો પણ વ્યકત કર્યા છે કે આ આખી યોજના સમયબદ્ધ રીતે અને સમય મર્યાદામાં પૂરી થાય એ માટે શ્રી પ્રવિણભાઇએ ચિંતા વ્યકત કરી છે. આજના સંકલ્પ ઉપર આ ગૃહના માનનીય સભ્યશ્રી લલીતભાઇ, ડો. આશાબેન, ડો. જોષિયારા સાહેબ, બહેનશ્રી માલતીબેન અને શ્રી ઋત્વિકભાઇ મકવાણાએ પોતાના વિચારો વ્યકત કર્યા. ખૂબ સરસ મજાનો સંકલ્પ સૌના માટે વિચાર માંગી લે અને ચિંતાનો વિષય બની રહે એવો સંકલ્પ લઇને આવ્યા છે અને ખાસ કરીને અમારા વિભાગનું ઘ્યાન દોરવા માટે સમયબદ્ધતા સાથે સમયસર આ યોજના દેશના પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ મૂકી છે અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી જેમણે વર્ષ ૨૦૨૨ સુધીમાં આ અભિયાનને પૂર્ણ કરવા માટે ગુજરાતની અંદર એમણે જોઇએ એ પ્રમાણે બજેટમાં પણ જોગવાઇ કરી છે એટલે હું પ્રથમ તો ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું અને સાથે અમારા વિભાગનું ઘ્યાન દોરવા માટે અને સતર્કતાથી કામ કરવા માટેની માનનીય પ્રવિણભાઇએ જે અમારા ઘ્યાન ઉપર વાત મૂકી છે અને સંકલ્પ લાવ્યા છે એમને હું ફરી અભિનંદન આપું છું. ભારત સરકારમાં દેશના ગ્રામ્ય વિસ્તારોમાં ચોખ્ખું અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે એ માટે અને ચોખ્ખું, પૂરતું અને સ્વચ્છ પાણી મળી રહે એ માટે ભારત સરકારે નેશનલ રૂરલ ડ્રીંકીંગ વોટર પ્રોગ્રામ મૂકયો છે. એના અનુસંધાને આ દેશના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૭૩મા સ્વાતંત્ર્ય દિવસે વર્ષ ૨૦૨૪ સુધીમાં દેશમાં દરેક નાગરિકોને શુદ્ધ અને ચોખ્ખું પીવાનું પાણી મળી રહે તે માટે જલસેવા મિશન અંતર્ગત નલસે જલ યોજના દાખલ કરી. છેવાડાના માનવીના ઘર સુધી નલના માઘ્યમથી પીવાનું ચોખ્ખું, શુદ્ધ પાણી મળી રહે તે માટે એક અભિયાન છેડ્યું અને પાંચ વર્ષની અંદર આ અભિયાન પૂર્ણ કરવા માટેનું આ અભિયાન દેશના પ્રધાનમંત્રીએ હાથ ધર્યું છે. ગુજરાતની અંદર પણ ખાસ કરીને એટલું કહીશ કે ૯૧ લાખ જેવા ઘરો છે. આ ઘરોમાં લગભગ ૭૩ લાખ જેટલા ઘરોમાં નલ મારફતે પીવાનું પાણી આજે મળે છે. ૮૭ ટકા જેટલા ગામડાઓમાં નળના માઘ્યમથી પીવાનું ચોખ્ખું પાણી મળે છે. બાકીના ગામો છે, જે હજુ પણ ૧૭ લાખ જેવા ગામડાઓ બાકી છે, એના માટે હમણાં કહ્યું તેમ રાજય સરકારે નક્કી કર્યું છે કે આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં બાકી રહેતા ૧૭ લાખ જેટલા ગામડાઓમાં ચોખ્ખું અને શુદ્ધ પીવાનું પાણી નળના માઘ્યમથી ઘર સુધી મળે તે માટે રાજય સરકારે પૂરતી બજેટમાં જોગવાઇઓ કરી છે, એટલું જ નહિ વર્ષ ૨૦૦૨થી વાસ્મોની શરૂઆત થઇ. એમાં રાજયમાં લોકભાગીદારી અને લોક વ્યવસ્થાની અંદર આંતરિક પે–જળ યોજનાઓ જે લગભગ ૨૧,૬૭૮ જેટલી છે, જે રૂપિયા ૨૮૩૨.૭૬ કરોડની મંજૂર કરેલ છે. આમાંની મોટા ભાગની આંતરિક પીવાના પાણીની યોજના ૧૮૬૮૮ જેટલી આ યોજના પૂર્ણ થઇ છે. બાકીની યોજનાઓનો ઝડપથી સરવે થાય, પ્લાનિંગ થાય અને સમયસર પૂર્ણ થાય તે માટે અમારો વિભાગ અને રાજય સરકાર કટિબદ્ધ છે. આજે પણ મોટા ભાગનો વિસ્તાર જોઇએ તો સરફેસ સોર્સ આધારિત પીવાનું પાણી મળે છે એવા ૧૮૦૦૦ ગામમાંથી ૧૩૩૦૦ જેટલા ગામડામાં સરફેસ વોટર જૂથ યોજનાઓ મારફત મળે છે. એવા જ ૨૦૯ જેટલા શહેરોને પણ સરફેસ વોટર દ્વારા ચોખ્ખું અને શુદ્ધ પીવાનું પાણી મળી રહ્યું છે. દેશના પ્રધાનમંત્રીએ નલસે જલ યોજના અંતર્ગત પીવાનું પાણી મળી રહે એના સુનિશ્ચિત સોર્સ ઉભા કરીને અહીંથી સભ્યશ્રી લલીતભાઇએ અને બીજા મિત્રો ચિંતા કરતા હતા, એના માટે રાજય સરકારે પણ પ્રતિબદ્ધતા સાથે આ વખતના બજેટની અંદર સુનિશ્ચિત સોર્સ કરવા માટે જરૂર પડયે તો કયાંક ડેમ આધારિત નવી યોજનાઓ બનાવવા માટે, જરૂર પડે બલ્ક પાઇપ લાઇન નાંખી ચોખ્ખું, શુદ્ધ પીવાનું પાણી છેવાડાના ગામડા સુધી મળી રહે, તે માટે આ વખતના બજેટમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ આયોજન કર્યું છે. નવા સોર્સ શોધવા માટે કદાચ સોર્સ હોય અને પાણી ખૂટી ગયું હોય, પાણી ઓછું થયું હોય, તો એવા સોર્સની ક્ષમતા વધારવા માટે આ વખતના બજેટમાં મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીએ જોગવાઇ કરી છે. ખાસ કરીને આંતરિક પીવાના પાણીની નલના માઘ્યમથી ઘર સુધી પીવાનું પાણી મળી રહે તે માટે આંતરિક પીવાના પાણીની યોજના માટે

## તા. ૫મી માર્ચ, ૨૦૨૦
## બિન–સરકારી સંકલ્પો

જે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિસ્તારના ગામડા હોય છે, એની અંદર લોકફાળો ભરવાનો હોતો નથી. એવા ગામડામાં આ યોજનાનું ઝડપથી અમલીકરણ થાય, સરવે થાય અને સરવે થયા પછી નલસે જલના માધ્યમથી ગામડાઓને પીવાનું પાણી મળે તે માટે ૧૦ ટકા રકમ ભરવાની હોતી નથી, એમને માફી આપી છે. એવી બીજી વાત મૂકવા માગું છું કે ગઇ વખત નાણામંત્રીશ્રીએ અમને છૂટ આપી હતી કે જે ગામડામાં ૨૫૦થી કદાચ વધારે અનુસૂચિત જાતિની વસતિ હોય તો ત્યાં ૧૦ ટકા લોકફાળો ભરવાનો હોય છે એમાંથી છૂટ આપવી. એવો વિસ્તાર હોય ત્યાં વાસ્મોની યોજના લાગુ કરી શકાય. ગામને આંતરિક પીવાના પાણીની સુવિધા ઉભી કરી શકાય તે યોજના માટે નાણામંત્રીશ્રીએ છૂટ આપી છે. એનાથી ઝડપથી અમલવારી થાય અને સમયબદ્ધની વાત થઇ. શ્રી પ્રવિણભાઇએ ચિંતા પણ વ્યક્ત કરી. તો ઝડપથી અમલવારી થાય એના માટે જિલ્લા કક્ષાએ અને અમારા વિભાગ કક્ષાએ જે ઝોન કક્ષાએ સત્તાનું  વિકેન્દ્રીકરણ કર્યું છે. નીચેના અધિકારીઓ પણ તેની સત્તા મર્યાદામાં આવતી રકમ ત્યાં જ મંજૂર કરી શકે અને બોર્ડ કે સરકાર સુધી આવવું ન પડે તેવું આયોજન કર્યું છે. આ વાસ્મો યોજનાની ઝડપથી અમલવારી થાય, આંતરિક પેયજળ યોજનાઓની ઝડપથી અમલવારી થાય એટલા માટે નીચેની કક્ષાએ સત્તાઓનું વિકેન્દ્રીકરણ કર્યું છે. તેની સાથે સાથે સમયસર ગ્રામ સમિતિઓ બને, ગામડામાં પીવાના પાણીની પાણી સમિતિઓ બને, તેના સરવેની કામગીરી થાય તેના માટે અને જુદી જુદી એજન્સીઓના ભાવ માગ્યા છે. ટૂંક સમયમાં આ એજન્સીઓ ફાઇનલ થશે તો તેના માધ્યમથી આ પાણીની સમિતિઓ તેના ભાવ નક્કી કરી શકે અને તે ગામમાં તેનો સરવે કર્યા પછી આ નલ સે જલ અને આંતરિક પેયજળ યોજના મારફતે પાણી આપી શકાશે. તેના માટે અમારો વિભાગ ખૂબ ચિંતિત છે. માનનીય ઋત્વિકભાઇ વાત કરતા હતા તે માટે અમારો વિભાગ કામ કરી રહ્યો છે. આ બધી કામગીરી કરવા માટે, આંતરિક પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે તેમાં લોકજાગૃતિ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. એટલા માટે અમે પણ આનો પ્રચાર અને પ્રસાર થાય, મીડિયા મારફતે, ટીવી ચેનલો મારફતે, શાળાઓમાં બાળકો મારફતે તથા સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમથી આનો પૂરતા પ્રમાણમાં પ્રચાર અને પ્રસાર થાય અને ગામડાની અંદર આંતરિક પેયજળ સુવિધા ઉભી કરવા માટે ઝડપ આવે તેના માટે અમે કામગીરી કરી રહ્યા છીએ. આના માટે અમારા બોર્ડમાં અને વિભાગમાં નકકી કરવામાં આવ્યું છે. આવા માધ્યમો મારફતે જનજાગૃતિ કેળવાય, લોકો આમાં ભાગીદાર બને તેના માટે તથા પીવાના પાણી માટેની સુવિધાઓ સમયસર પૂર્ણ થાય તેના માટે અમે ચિંતા સેવી રહ્યા છીએ. કયાંકને કયાંક જે વ્યક્તિગત સોર્સ હોય છે તે સોર્સ સૂકાઇ જવાના કારણે ઘણી વખત આવી સમસ્યાઓ ઉભી થાય છે. તેવું ન બને એટલા માટે અમે વ્યક્તિગત સોર્સમાંથી પીવાનું પાણી ન મળે તો તેના માટે તેને જૂથ યોજનાઓ સાથે જોડવાનું કામ હાથ ધર્યું છે. માનનીય ડૉ.જોષીયારાજી કહેતા હતા તેમાં હું કહેવા માગું છું અને તેમની વાતમાં કોઇ સેપરેટ યોજના હોય તો તેને જૂથ યોજના સાથે જોડીને, પાણીનો સોર્સ સૂકાઇ ગયો હોય તો બીજી યોજના સાથે જોડીને ગામડામાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે અને ગામ સુધી પીવાનું પાણી મળે, ગામમાં જે સ્ટૉરેજ કે સમ્પ હોય તેના મારફતે પીવાના પાણીના વિતરણની વ્યવસ્થા ઉભી થાય તેના માટે અમે અમારા વિભાગ મારફતે ચિંતા કરી રહ્યા છીએ અને તેમાં આગળ વધવા જઇ રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, બે–ત્રણ વાતો બીજી પણ આવી. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છની વાત થઇ. આ દેશના પ્રધાનમંત્રીએ જે તે વખતે પીવાના પાણીની ચિંતા કરી, આજે દેશમાં પણ પ્રધાનમંત્રી અને અહીં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી પીવાના પાણી માટે ચિંતા કરી રહ્યા છે. કચ્છમાં નર્મદાની કેનાલ મારફતે ટપ્પર ડેમમાં પાણી નંખાય અને તેના માધ્યમથી બાકીના વિસ્તારોમાં બલ્ક પાઇપ લાઇન નાંખીને છેવાડાના વિસ્તારોમાં પીવાનું પાણી મળે તે માટેની જોગવાઇઓ અગાઉના બજેટમાં કરી હતી તે કામ ચાલુ છે અને વિશેષમાં બીજી સુવિધાઓ માટે આ વખતે આવા સોર્સ ઉભા થાય તેની જોગવાઇઓ હાથ પર લીધી છે. અહીંથી વાત થઇ અને ડૉ.જોષીયારા સાહેબે વાત કરી તેમાં ખાસ કરીને જે આદિવાસી વિસ્તારો છે તેના માટે પણ અમે વિચારી રહ્યા છીએ. કડાણા ડેમથી, નર્મદા કેનાલ અથવા તો બીજી કોઇ બલ્ક પાઇપ લાઇન મારફતે ત્યાં પાણી પહોંચી શકે તેવી શકયતાઓ ન હોય તો ત્યાં કોઇ ડેમની અંદર પીવાના પાણી માટેની જૂથ યોજના બનાવવાની થતી હોય તો વિચારીશું. ટેકરાવાળા વિસ્તાર હોય ત્યાં પાકું સ્ટ્રકચર કરીને, ઇન્ટેક વેલ કરીને અથવા તો ત્યાં પાઇપ લાઇન નાંખીને ડેમ આધારિત જૂથ યોજના બને અને ગામને પીવાનું પાણી મળે તે માટે આ વખતના બજેટમાં જોગવાઇ કરી છે. ડૉ.જોષીયારા સાહેબની જે ચિંતા છે તેમાં હું ચોક્કસ કહીશ કે તેમાં અમે વિચારી રહ્યા છીએ. આપના વિસ્તારની જે મુશ્કેલી છે તેની વિગતો અમારી પાસે છે અને તેના માટે આ વખતે નવા સોર્સ ઉભા કરીને પીવાના પાણીની ચિંતામુક્ત કરવા પ્રયત્નો કરીશું. અગાઉ ઘણા બધા માનનીય ધારાસભ્યશ્રીઓ તરફથી રજૂઆતો આવતી હતી. કોઇ ગામની વસતિ ૧૫૦૦થી વધારે હોય અને તે ગામની અંદર ઉંચી ટાંકી બનેલી હોય, તે વખતે ટાંકી બનાવવા માટેની છૂટછાટ હતી. વચ્ચે વિભાગમાંથી એવું નક્કી કર્યું કે ગામની વસતિ ઓછી હોય તો ઉંચી ટાંકી બનાવવી નહીં. તેની પાછળના જુદા કારણો હતા. સમય આવશે ત્યારે તે હું કહીશ. અમે ફરી વખત બોર્ડમાં નિર્ણય કર્યો કે જે ગામની અંદર ખાસ કરીને વાસ્મો યોજનાની અમલવારી થતી હોય, આંતરિક પેયજળ યોજનાની અમલવારી થતી હોય તેવા ગામની અંદર કયાંય ૧૫૦૦ કરતાં વધારે વસતિ હોય તો તે ગામની અંદર ઉંચી ટાંકી આપવી તેવી છૂટછાટ આપી છે. ૧૫૦૦થી વધારે વસતિ છે એવા ગામમાં ગ્રેવીટીથી પાણી મળે એ માટે પણ અમારા વિભાગે વિચાર્યું છે અને એ માટેની છૂટછાટ પણ આપી છે. અત્યાર સુધી એવું હતું કે એક ગામ હોય અને ત્યાંથી દૂર સુધી પરુ હોય એ પરામાં ત્યાં પાણી મળવા માટેની મુશ્કેલીઓ હતી. એમાં આ વખતે અમે એવું નક્કી કર્યું છે કે, જે ગામથી કદાચ એકાદ કિલોમીટર કે બે કિલોમીટર દૂર પરુ હોય તો એ પરાને પહેલા પાણી પુરવઠાના

માધ્યમથી જોડવું અને એ ગામને પણ વાસ્મોના માધ્યમથી આંતરિક પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થાય એ રીતે ગામની સાથે પરાને પણ સાંકળી લઇ અને ત્યાં પણ રહેતા લોકોને ચોખ્ખુંને શુદ્ધ પીવાલાયક પાણી મળે એ રીતનું આયોજન અમે આ વખતે કર્યું છે અને આ ચિંતા જે વ્યક્ત કરી છે એ પ્રમાણે લોકોને પીવાનું પાણી મળે એ માટે અમે પ્રતિબદ્ધ છીએ. અત્યાર સુધી જે અમારી જૂની યોજનાઓ બની હતી એ યોજનાઓ ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને વ્યક્તિદીઠ એક દિવસે ૫૫ લિટર પાણી આપવામાં આવતું. પરંતુ હમણાં ડોકટર જોષીયારા એવું કહેતા હતા કે ગામડામાં માણસની સાથે પશુઓની પણ ચિંતા કરવી જોઇએ તો આ વખતની અમે જે યોજનાઓ નવી બનાવી રહ્યા છીએ અથવા તો મોડીફાઇ કરી રહ્યા છીએ એ બધી યોજનાઓ હવે પછીથી અમે પશુઓને પણ ઘ્યાનમાં રાખીને વ્યક્તિદીઠ એક દિવસમાં ૧૦૦ લિટર પાણી ગ્રામ્ય વિસ્તારમાં આપવું એવો નિર્ણય કર્યો છે અને એ પ્રમાણેની હવેની નવી બધી જ યોજનાઓ બનવાની છે. મોડીફાઇ કરી રહ્યા છીએ એ યોજના પણ આજ રીતે બનવાની છે એટલે એના માટે જે એમણે ચિંતા કરી છે ચોક્કસ એ બાબતે બોર્ડે અને સરકારે ચિંતા કરી છે અને આગામી દિવસોમાં આ યોજના આ રીતે કાર્યરત થવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અમારા બહેન અહીંથી વાત કરતા હતા કે દરિયામાં ઘણું બધું પાણી છે પણ પીવાલાયક નથી, ક્ષારવાળું છે. હમણાં તાજેતરમાં જ માનનીય મુખ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ડી–સેલિનેશન એટલે દરિયાના ખારા પાણીને મીઠુ કરીને પીવા માટે કઇ રીતે આપી શકાય એ માટે આપણી રાજય સરકાસરે એક પ્લાન્ટનું કચ્છ વિસ્તારમાં અમે અગ્રિમેન્ટ કર્યું છે અને આગામી દિવસોમાં દરિયાનું ખારું પાણી મીઠું કરીને આપી શકાય એ માટેનો એક નવો સોર્સ ઉભો કર્યો છે એટલે એ વિસ્તારમાં આગામી દિવસોમાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે એ માટે રાજય સરકારે ચિંતા કરી છે. કેટલાક મારા મિત્રો શ્રી લલીતભાઇ અને બીજા મિત્રોએ ચિંતા કરી છે. એમાં હું એટલું જ કહીશ કે એમણે જે ખાસ કરીને પીવાલાયક પાણી નથી એવા વિસ્તારો છે જેતપુર વગેરે એના માટે પણ ત્યાં જે ડાઇંગ ઉદ્યોગ છે એના સહયોગથી રાજય સરકારે નક્કી કર્યું છે કે આ ડાઇંગનું ગંદુ પાણી ત્યાં નદીમાં વહેવડાવવાના બદલે જેતપુરથી પાઇપ લાઇન લઇને દરિયામાં દૂર સુધી લઇ જઇને નાંખવામાં આવશે, જેથી પીવાનું પાણી દુષિત ન થાય એ માટેનું પણ અમે આયોજન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ, આ સંકલ્પ એવો છે કે, ખાસ કરીને અમારા વિભાગને ખૂબ ઉપયોગી છે અને એટલું જ નહીં લોકો માટે ખૂબ હિતકર્તા છે. સમયબદ્ધતા સાથે દેશના માનનીય પ્રધાનમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૪નું જ્યારે મિશન લીધું છે ત્યારે રાજય સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવા માટેનું અભિયાન શરૂ કર્યું છે એ અભિયાન પૂર્ણ થાય એવો આ સંકલ્પ સરસ મજાનો છે માટે માનનીય પ્રવિણભાઇ આ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પનો હું સ્વીકાર કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**વિડીયો ઇન્ટીગ્રેશન એન્ડ સ્ટેટ વાઇડ એડવાન્સ સિક્યોરિટી પ્રોજેક્ટ (વિશ્વાસ) અંગે**

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિડીયો ઇન્ટીગ્રેશન એન્ડ સ્ટેટ વાઇડ એડવાન્સ સિક્યુરીટી પ્રોજેકટ (વિશ્વાસ) CCTV આધારિત સર્વેલન્સ અને ટ્રાફિક મેનેજમેન્ટ મારફત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેનો મહત્વનો પ્રોજેકટ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના ૩૪ જિલ્લાના મુખ્ય મથકો ઉપરાંત અંબાજી, પાવાગઢ, પાલિતાણા, સોમનાથ, દ્વારકા તથા ડાકોર જેવા યાત્રાધામો તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીને આવરી લેવાયેલ છે. પ્રોજેક્ટ અંતર્ગત અંદાજે સાત હજાર CCTV કેમેરા પૈકી અંદાજે છ હજાર CCTV કેમેરા ઇન્સ્ટોલ કરી દેવાયેલ છે. રાજ્ય સ્તરના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર બનાવવાની કાર્યવાહી હાલ જારી છે. જેની સાથે જિલ્લા કક્ષાના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટરને જોડવામાં આવનાર છે. સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજિત રૂપિયા ૩૨૯ કરોડનો ખર્ચ થશે.

'વિશ્વાસ' પ્રોજેક્ટ ગુનાઓની તપાસ અને ગુનાઓ થતા અટકાવવામાં, ટ્રાફિક નિયમનમાં, યાત્રાધામોમાં મેળાવડા સમયે થતી ભીડને કાબૂમાં લેવા, બિનવારસી સામાન કે વસ્તુ ડીટેક્ટ કરવા, રોંગ સાઇડ ચાલતા વાહનને શોધવા, ગેરકાયદેસર પાર્ક થયેલ વાહનને શોધવામાં તેમજ પ્રતિબંધિત વિસ્તારમાં વ્યક્તિ, વાહન કે અજાણ્યા સાધનો દ્વારા થતી ઘૂસણખોરી શોધી કાઢવા સહાયરૂપ થશે. આમ, આ પ્રોજેક્ટના અમલીકરણથી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે અદ્યતન સુવિધા પ્રાપ્ત થશે.

સાયબર એસ્યોર્ડ આસિસ્ટન્સ સર્વિસ હેલ્પ લાઇન ફોર વિક્ટિમ્સ એટ શોર્ટેસ્ટ ટાઇમ (સાયબર આશ્વસ્ત) રાજ્યના તમામ નાગરિકોને સાયબર સુરક્ષા પૂરી પાડવા અને સાયબર ક્રાઇમના ગુનાનો ભોગ બનનાર તમામ નાગરિકોને ત્વરિત મદદરૂપ થવા માટેનો અન્ય એક પ્રોજેક્ટ જેનો શુભારંભ જાન્યુઆરી–૨૦૨૦માં કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત સાયબર ક્રાઇમ પ્રિવેન્શન યુનિટ આરોપીના મોબાઇલ નંબરનું એનાલિસીસ કરી નાગરિકોને ગુનાનો ભોગ બનતા અટકાવવા માટે સચેત રહેવા સૂચના આપે છે. જ્યારે સાયબર ક્રાઇમ ઇન્સિડન્ટ રિસ્પોન્સ યુનિટને સાયબર ક્રાઇમનો ભોગ બનનાર નાગરિક નંબર ૧૦૦ અને નવરચિત ૭ જિલ્લા માટે નંબર ૧૧૨ મારફત સાયબર ક્રાઇમ અંગેની ફરિયાદ કરી શકે છે. જે સંદર્ભમાં સાયબર ક્રાઇમના નિષ્ણાત દ્વારા જરૂરી મદદ પૂરી પાડી પેમેન્ટ બ્લોક કરાવવાના પ્રયત્ન થાય છે.

તા. ૫મી માર્ચ, ૨૦૨૦

બિન–સરકારી સંકલ્પો

ખાસ કરીને મહિલાઓ, તરૂણ યુવાનો/યુવતીઓને મોબાઇલ ફોન, કમ્પ્યુટર કે ઇન્ટરનેટ જેવા માધ્યમો વડે ડરાવવાના, ધમકાવવાના, અપમાન કરવાના કે ગુસ્સો પ્રેરિત કરવાના મેસેજ સંદર્ભમાં પણ એન્ટી સાયબર બુલીંગ યુનિટ ઉપરોક્ત હેલ્પલાઇન નંબરો દ્વારા યોગ્ય ટેકનિકલ માર્ગદર્શન આપે છે તેમજ કાનૂની કાર્યવાહી પણ હાથ ધરે છે.

આ ઉપરાંત અલગ અલગ રાજ્યોના આરોપીઓ પકડવા, ગુનાને લગતા પૂરાવા મેળવવા, સમન્સ કે વોરન્ટ માટે મદદ મેળવવા કે ગુનાની તપાસ દરમ્યાનની જરૂરિયાતો માટે તેમજ સાયબર ક્રિમીનલ દ્વારા લોકોને સાયબર ક્રાઇમનો ભોગ બનતા અટકાવવા સાયબર ક્રાઇમ કો–ઓર્ડિનેશન પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે.

આમ, સાયબર ક્રાઇમ સંબંધિત ગુનાઓને અટકાવવામાં, ભોગ બનનાર વ્યક્તિઓને સહાયરૂપ થવામાં અને નાગરિકોની સાયબર સુરક્ષા માટે સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટ વરદાનરૂપ બની રહેશે.

ઇ–ગુજકોપ એપ્લીકેશન એક વિશિષ્ટ પ્રકારની એપ્લીકેશન છે. જેમાં ગૃહ વિભાગના તમામ ખાતાના વડાઓની કામગીરીને આઇ.ટી. સાથે સાંકળવામાં આવી છે. ઇ–ગુજકોપ પ્રોજેક્ટમાં કુલ ૧૬ મેન્ડેટરી સર્વિસ અને સિટીઝન સેન્ટ્રીક સર્વિસને આવરી લેવામાં આવેલ છે. જેમાં એફ.આઇ.આર. નોંધાયા બાદ સિટીઝન પોર્ટલ ઉપર ૨૪ કલાકમાં ૧૦૦ ટકા એફ.આઇ.આર. ઓનલાઇન ઉપલબ્ધ થાય છે. આ પ્રોજેક્ટમાં ૧૬ લાખથી વધુ તહોમતદારોની વિગતો, ખોવાયેલી વ્યક્તિઓની વિગતો, વાહનોની સંપૂર્ણ માહિતી વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીશ્રીના ''પ્રગતિ ડેશબોર્ડ'' હેઠળ ગુજરાતની કામગીરીનું મૂલ્યાંકન થતાં સતત પ્રથમ સ્થાને રહેવા પામેલ છે.

પોલીસ ખાતાની કામગીરીને અદ્યતન તકનીકોના ઉપયોગથી વધુ અસરકારક અને સિટીઝન સેન્ટ્રીક બનાવવા માટે પોકેટ કોપ તથા સિટીઝન ફર્સ્ટ જેવી મોબાઇલ એપ્લીકેશન કાર્યરત છે. પોકેટ કોપ અંતર્ગત પાસપોર્ટ વેરીફીકેશન, ગુનેગારની ઝડપી અને બિનચૂક શોધ, ગુમ થયેલા વ્યક્તિની શોધ અને વાહન શોધ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. સિટીઝન ફર્સ્ટ એપ થકી નાગરિકોને પોલીસ સ્ટેશન ગયા વગર ચોરાયેલ/ગુમ થયેલ મિલકતની અરજી, ડ્રાઇવર, ઘરઘાટી, ભાડૂઆતની નોંધણી વગેરે સુવિધાઓ મળી રહે છે.

આમ, સામાન્ય જનને સહાય થાય તેવા વિવિધ પ્રોજેક્ટોનો પ્રજાજનોમાં યોગ્ય પ્રચાર અને પ્રસાર થાય અને લોકો તેનો વધુમાં વધુ લાભ લઇ સાયબર ક્રાઇમનો ભોગ બનતા અટકે તે માટે જરૂરી આયોજન કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : શ્રી અરવિંદભાઇ, વાંચવા નહીં દઉં હો હવે.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની સરકારમાં..

અધ્યક્ષશ્રી : એવું કહ્યા પછી મેં બધાને વાંચવા દીધું છે. બધા તૈયારી કરે એટલા માટે કહું છું.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની કોંગ્રેસની સરકારમાં જે રીતે જે ગુનાખોરી થતી હતી તેમાં આપ સૌ જાણો છો અને આપ તો વિદ્વાન વકીલ છો.

અધ્યક્ષશ્રી : વાંચીને બોલો, જે કહેવું હોય તે બોલો. વિપક્ષ કહે તેના કરતા મારે જ તમને ના કહેવું જોઇએ.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ચાલ્યો ગયો હતો અને માફીયા અને અસામાજિક તત્વો વધી ગયા હતા. વર્ષ ૨૦૦૧થી માનનીય નરેન્દ્રભાઇ અને શ્રી અમિતભાઇની જોડીએ આવા અસામાજિક તત્વો સામે સખત મહેનત કરવા માટે પોલીસદળનું મનોબળ વધાર્યું છે અને જોરદાર દબાણના કારણે કોમી રમખાણો ભૂતકાળ બની ગયા છે અને વ્યવસ્થિત કાયદો અને વ્યવસ્થાની સ્થાપના થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના મુખ્યમંત્રીશ્રી અને ગૃહપ્રધાનશ્રી પ્રદિપસિંહ જાડેજા અને ગુજરાતની પોલીસને આ વ્યવસ્થા કરવા બદલ હું અભિનંદન પાઠવું છું. સાયબર સીકયુરીટી માટે ગુજરાત પોલીસનો આશ્વસ્ત અને વિશ્વાસ પ્રોજેકટ શરૂ કર્યો જેનો હેતુ સાયબર ગુનાથી બચાવવા માટે સાયબર સુરક્ષા વધારવાનો છે. આ સમાજમાં શાંતિ, સલામતિ સુનિશ્ચિત કરવા માટે કાયદો અને વ્યવસ્થાનું યોગ્ય પાલન કરવું જરૂરી છે. જેમ જેમ બદલાતા સમયમાં સાયબર ક્રાઇમના વૈશ્વિક પડકારો ઉભા થયા છે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ નિયંત્રણમાં રાખવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે. ગુજરાત સરકારની પહેલ જેમ આશ્વસ્ત વિશ્વાસ પ્રોજેકટ આ દિશામાં ફળદાયી બનશે. ગુજરાત દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહ્યું છે અને આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આ શરૂ કરાયેલ આ પ્રોજેકટ હેઠળ સીસીટીવી દ્વારા એક જગ્યાએથી રાજયના અનેક શહેર અને દરેક વસ્તુનું નિરીક્ષણ અને વિશ્લેષણ કરી શકાય છે. દેશની સલામત રાજયની છબી ગુજરાતની છે. બદલાતા સમયમાં સાયબર ક્રાઇમ ક્ષેત્રે વૈશ્વિક પડકારો ઉભા થાય છે. આ પ્રોજેકટ માત્ર આ ક્ષેત્રમાં ગુનાખોરી કાબૂમાં રાખવા માટે ઉપયોગી થશે જ પરંતુ સાયબર ક્રાઇમથી પીડિત લોકોને વિશ્વાસપૂર્વક પણ ખાતરી આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, આશ્વસ્ત અને વિશ્વાસ પ્રોજેકટ ઓન લાઇન છેતરપિંડી અને સાયબર ક્રાઇમ દ્વારા લોકોને છેતરનાર ગુનેગારોને પકડવા માટે મહત્વનું બનશે. આમ વિશ્વાસ પ્રોજેકટ રાજયની પ્રજાની સુરક્ષા માટેનો વિશ્વાસ વધારશે.

ફાલ્ગુન ૧૫, ૧૯૪૧ શાકે
બિન–સરકારી સંકલ્પો

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અરવિંદભાઇ પટેલ એક ખૂબ જ સરસ મજાનો સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું અનુમોદન સાથે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો શ્રી જેઠાભાઇ પણ મંત્રી થાય એવું અનુમોદન કયારનો આપું છું, મારા મિત્ર છે. (અંતરાય) આ દેશના સ્વર્ગસ્થ વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધીએ એકવીસમી સદીમાં લઇ જવા માટેનું તે વખતે જે સ્વપ્નું જોયુ હતું અને તે વખતે હિન્દુસ્તાનને મુઠ્ઠીમાં લાવવા માટેના તેમના સ્વપ્નના કારણે એકવીસમી સદીમાં કમ્પ્યુટર યુગ લાવવા માટેનું જો કોઇએ વિચાર્યું હોય તો હું અભિનંદન આપું છું. સ્વર્ગસ્થ રાજીવ ગાંધીએ આ કામગીરી કરી છે અને આજે એ વિચારો કાર્યરત થયા છે. મોબાઇલ યુગ આવ્યો ત્યારે હું ધારાસભ્ય હતો તે વખતે લીધેલો મોબાઇલ નંબર આજે પણ ચાલી રહ્યો છે. વર્ષ ૨૦૦૧માં યાહુ શું છે તે ખબર નહોતી ત્યારે યાહુ ડોટ કોમની તે વખતે બનાવેલુ મારું એડ્રેસ આજે પણ ચાલી રહ્યું છે અને ત્યારે માત્ર દિલ્હીમાં જ શરૂ થયેલ હતું. હું ઇફકોનો ડાયરેકટર હતો અને ઇફકોએ પહેલી શરૂઆત કરી હતી તે વખતની આ સાયબર અને બેન્કીંગની બધી સિસ્ટમમાં તે વખતનું અનુમોદન આપીએ છીએ ત્યારે શ્રી અરવિંદભાઇને હું ખરેખર અભિનંદન આપીશ. આ દુનિયા અત્યારે મુઠ્ઠીમાં આવી રહી છે ત્યારે ગુજરાતમાં આટલુ બધું મોડું થયું છે એકવીસમી સદીમાં લઇ જવા માટેનું તે વખતનું સ્વપ્નું સ્વર્ગસ્થ રાજીવ ગાંધીનું વર્ષ ૧૯૮૫–૮૯માં પણ ઘણું મોડું થયું છે છતાં પણ શરૂ થયું છે તેનું મને ગૌરવ છે અને શરૂઆત આગળ વધે તેવી હું આ સભાગૃહની લાગણી વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષયશ્રી, સમસ્યાઓ ઉભી થતી જાય છે અને જેમ અનુભવો થતા હશે એ અનુભવમાંથી આપણે બહાર આવીશું. સાત જિલ્લાઓ પસંદ થયા છે, બાયપાસ બનેલો અમરેલી જિલ્લો પણ જયાંથી જે વિસ્તારમાંથી હું પ્રતિનિધિત્વ કરું છું, એ પસંદ થયો છે. પીપાવાવ પોર્ટ એ બહુ વિકાસશીલ પોર્ટ છે, દુનિયાનું મોટામાં મોટું પોર્ટ બનવા તરફ આગળ વધી રહ્યું છે. અત્યારે  આખા દેશમાં ડબલ ડેકર કન્ટેનર ગુડઝ ટ્રેન ચાલતી હોય તો પીપાવાવથી ચાલ છે અને એના માટે તે વખતનું જે.વી. એટલે કે જોઇન્ટ વેન્ચર સરકારે રેલવે સાથે કર્યું હોય તો અમારા પીપાવાવ પોર્ટ સાથે અમારા જિલ્લા સાથે કરેલું, જોઇન્ટ વેન્ચર પહેલ–વહેલું રેલવેએ કરેલું. આ જે  ટેન્કરો નિકળે છે એ બાયપાસમાં નિકળે છે, ત્યારે જે કેમેરા ફિટ થયા છે એ નીચા ફિટ થયા છે ત્યારે મારે ગૃહ મંત્રીશ્રીને કહેવું છે કે, એની જે ઉંચાઇ છે એ ઉંચાઇ ઓછી હોવાના કારણે ઘણી વખત ડબલ ડેકરનું ટેન્કર નિકળે ત્યારે ટ્રાફિક જામ થાય, મેં કલેકટરશ્રીને પણ પત્ર લખ્યો છે કે કેમેરા સારી બાબત છે, કોઇ પણ ગુનો કરતો વ્યકિત હશે તો એને પકડવા માટેની આ બાબત છે પણ એના માટે પણ જમ્પર લગાવવાની સિસ્ટમ લાવવી જોઇએ, જેવી રીતે આપણી રેલવે ચાલે છે, ઇલેકટ્રિક રેલવે એનો જમ્પ આવે તો એને ઇલેકટ્રિક આપનારું જમ્પરથી થોડું ઉંચું થઇ જાય છે એ સિસ્ટમ જો કરવામાં આવે અને જમ્પર લગાડવામાં આવે તો કન્ટેનરને રોકવું ન પડે અને ટ્રાફિકની સમસ્યાઓમાંથી બાકાત રાખી શકાય. આ જે કામ શરૂ કર્યું છે એમાં આવાં જમ્પર પણ લગાડવામાં આવે. ગેરકાયદેસર પાર્કિંગમાં રોડ પર પાર્કિંગ કરતા વાહનોને પકડવા માટેનું  આ એક સારું સાધન કમ્પ્યુટર યુગમાં આગળ વધી શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સાથો સાથ એ પણ કહેવું છે કે આપણી ટ્રાફિક પોલીસ ચાલે છે, આ ટ્રાફિકનું કામ કરતા કર્મચારીઓ ટ્રાફિકને રોકવા માટેનું કામ કરે તે બરાબર છે એની જીપ પર પણ સાયબર કેમેરા રાખવો જોઇએ, જેથી કરીને નાની–મોટી લેતી–દેતી થાય છે અને રોજ કમ્પ્યુટરમાં આવે છે તેને રોકી શકાય, એ મંત્રીશ્રીને કહેવા માગું છું. કોઇ પણ ટ્રાફિક સમસ્યા માટે પોલીસ કામ કરે છે એના ફોટા સતત લેવાતા જાય, મોટા ભાગની પરિસ્થિતિ એ છે કે ગુનો કરનારા વ્યકિતઓ તો છે જ પણ આ ગુનાને છાવરવાવાળો મોટો ગુનેગાર છે. ગુનાને છાવરે છે કોણ? એ છાવરવા માટેનું જો બંધ કરવામાં આવે તો ટ્રાફિકની અને પોલીસની ગાડી પર એવો કેમેરા લગાડવામાં આવે કે જેથી કરીને એ ૫૦ ફૂટ દૂર હોય તો પણ એનો ફોટો પડી શકે. એ ફોટાને જોઇ શકાય, ઘણી વખત રજૂઆત કરે છે કે અમે તો નિકળી ગયા પણ આમ કરવું પડયું તો એના કેમેરામાં કેદ થયેલો ફોટો હશે તો ગૃહ ખાતાને ખબર પડશે કે આ ખોટું કોણ કરી રહ્યું છે. આ પ્રકારની પરિસ્થિતિમાં આવો સરસ મજાનો વિશ્વાસ પ્રોજેકટ લાવવા માટેનું એક સ્વપ્ન જોયું છે ત્યારે હું એને અનુમોદન સાથે મોટામાં મોટી મુશ્કેલીઓ છે એ સાથેનું વર્ણન કરવા માગું છું.

એમણે કહ્યું છે કે મહિલાઓ અને તરૂણ યુવાન યુવતીઓને મોબાઇલ ફોન કે કમ્પ્યુટર કે ઇન્ટરનેટ જેવા માધ્યમ વડે ડરાવવા અને ધમકાવવાના પ્રયાસો ઘણા બધા થાય છે. સાચી વાત છે. સ્કૂલની આજુબાજુમાં મોટા સંકુલોની આજુબાજુમાં નાની દિકરીઓ ભણે છે. હમણાં એક બનાવ એવો બન્યો કે દિકરીઓ બહાર નિકળે એટલે અમુક લોકો એ પ્રકારના ફરતા હોય છે આ દિકરીઓને બિસ્કીટ ખવડાવી દે અને દિકરીઓને કયાંકને કયાંક લઇ જાય એ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થાય છે. ત્યાં પણ સીસીટીવી કેમેરા આવા મોટા સંકુલોની આસપાસ સરકાર નહીં પણ પ્રાઇવેટ પણ મૂકવામાં આવે એના માટે પણ સરકાર કાંઇક ધોરણ અપનાવે, કોઇ સબસિડીનું ધોરણ અપનાવે તો મોટા સંકુલો ચાલે છે જયાં દિકરા અને દિકરીઓ ભણે છે ત્યાં પણ જો આ સીસીટીવી કેમેરા લગાડવામાં આવે તો દિકરીઓની સલામતી સારી બની શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્યાં અમરેલીમાં સંકુલ છે એમાં બનાવ બન્યો કે દિકરી બહાર નિકળે એટલે એને બે–ત્રણ છોકરાઓ બિસ્કીટ ખવડાવી દે અને દિકરીને પાછા મોટરસાઇકલ પર લઇ જાય, એક વાર એના મમ્મી–પપ્પાને ખ્યાલ આવ્યો, એમણે તપાસ કરી તો દિકરી જેવી સ્કૂલમાંથી બહાર નિકળી એટલે એક છોકરાએ એને બિસ્કીટ આપ્યું, એના મમ્મી – પપ્પા પહોંચી ગયા છોકરાને પકડી લીધો એનો મોબાઇલ હાથમાં આવ્યો પણ છોકરો ભાગી ગયો, મેં પોતે પોલીસને ફોન કર્યો,

મોબાઇલ હાથમાં આવ્યો છતાં પણ આજે એ છોકરો પકડાતો નથી. આ દિકરીઓ માટેની સલામતીનું, મહિલાઓનું રક્ષણ કરવા માટેની વાત છે. દિકરી વહાલી દિકરી છે, એવા શ્લોગન ઉભા કરીએ છીએ, એમાં અમે પણ સંમતિ આપીએ છીએ, દિકરી એ તો વહાલી દિકરી છે જ દિકરા કરતાં પણ એ સમોવડી છે, મોટી છે, કારણ કે આ દિકરી બે ઘરને સાચવતી હોય છે. ત્યારે આવી દિકરીઓ પર આ પ્રકારના જો નાનપણમાં જ કોઇ પ્રયાસ થતા હોય તો રોકવા જોઇએ. અત્યારે મોટામાં મોટી મુશ્કેલી એવી છે કે દિકરી ૧૮ વર્ષની થાય એટલે કોઇ ભાગેડુ એને લઇ જાય છે અને એને લઇ ગયા પછી ટપોરી લોકો એની સાથે રજિસ્ટર મૅરેજ કરી નાંખે છે, આ રજિસ્ટર મૅરેજ કર્યા પછી દિકરીઓનો બંધારણીય અધિકાર છે એમના માતા–પિતાની સંપત્તિમાં પણ પોતે ભાગ માગે છે. ભાગ માગી શકે તેનો હું વિરોધ નહીં કરું, પણ ટપોરી લોકો આ કરતા હોય છે એ લોકોને રોકવા માટેનું મોટામાં મોટું સાધન હોય તો એ આ કેમેરા છે. આ કેમેરા આખા ગુજરાતમાં ચાલુ કરવામાં આવે.

સ્વ.રાજીવ ગાંધીનું જે સ્વપ્ન કમ્પ્યુટર યુગમાં લઇ જવાનું સ્વપ્ન હતું તો ગુજરાત એ તો ગરીમાવાળું ગુજરાત છે.ગાંધી–સરદારનું ગુજરાત છે. બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકર કે જેને પણ ગાયકવાડ સરકારે ભણાવ્યા હતા, આ એનું ગુજરાત છે. એવા ગુજરાતમાં આવા ઝડપી પગલાંઓ લેવાય અને તેના કારણે ગુજરાત સારું બન્યું છે ત્યારે આ પ્રકારની શરૂઆત ગુજરાતમાં થઇ રહી છે તેને હું અનુમોદન આપવા સાથે એમાં જે નાની મોટી પોલીસ ખાતાની કામગીરી છે તેને અદ્યતન ટેકનીકના ઉપયોગથી વધુ અસરકારક બને, સીટીઝન સેન્ટ્રીક બનાવવા માટે, પોકેટ કોપ અને સીટીઝન ફર્સ્ટ જેવી મોબાઇલ એપ્લીકેશન કાર્યરત કરવા માટે, જે નવા ૭ જિલ્લામાં ૧૧૨ મારફત સાયબર ક્રાઇમ અંગેની ફરિયાદની સુવિધા ઉભી કરી છે તે માટે મારે ગૃહ ખાતાના મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આવી કોઇપણ ફરિયાદ દાખલ થાય તો એની એફ.આઇ.આર. લેવામાં આવે. મોટામાં મોટી મુશ્કેલી એ છે કે એફ.આઇ.આર. વધી જશે તો અમારી બદલી થઇ જશે. બહુ મોટા ગુના થશે તો અમારી ઉપર તરાપ આવશે. એવું પોલીસને લાગે છે અને એસ. પી. તરીકે અમને બદલી નાખવામાં આવશે, અમને પી. આઇ. તરીકે બદલી નાખશે, અમને પી. એસ. આઇ. તરીકે બદલી નાખશે એવો ભય રહે છે, એટલે એ લોકો એફ. આઇ. આર. નોંધતા નથી. એટલે પહેલા એફ. આઇ. આર. નોંધવામાં આ પ્રકારની છૂટછાટ મૂકવામાં આવે તો આ સંકલ્પ લઇને આવ્યા છે, જેમ હમણાં એક સંકલ્પ આપણે સ્વીકાર્યો તેમ આ સંકલ્પ પણ આપણે સર્વાનુમતે ગૃહમાં સ્વીકારીને આમાં કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે તે સંકલ્પને હું મારું અનુમોદન આપીને તેમાં મારો સૂર પૂરાવવા માગું છું. અમારા સિનિયર સભ્ય વિરજીભાઇએ અમુક વાતો મુકી. સમાજ જીવનમાં અલગ અલગ પ્રકારના લોકો હોય છે. જે ટ્રાફિક પોલીસની વાત આ સભાગૃહની વચ્ચે મૂકવામાં આવી, હું માનું છું કે અનેકવાર અનેક નાના મોટા વિષયો ઉભા થતા હોય છે. પરંતુ આ ટ્રાફિક પોલીસ ભર ઉનાળે ગરમી હોય, ઠંડી હોય કે વરસાદ હોય, આપણે સૌ ઘરમાં દિવાળી મનાવતા હોઇએ ત્યારે ટ્રાફિક પોલીસ રસ્તા ઉપર ઉભા રહીને શહેર સારી રીતે ચાલી શકે અને ટ્રાફિક સારી રીતે ચાલી શકે તેના માટે એ કાર્ય કરતા હોય છે. પણ અનેક વિષયો મૂકવામાં આવ્યા. સ્વ.રાજીવ ગાંધીએ સ્વપ્ના જોયા હતા. ....

અધ્યક્ષશ્રી : વરસાદ હોય, શિયાળો હોય કે ઉનાળો હોય તેના લીધે કોઇને ખોટું કરવાની છૂટ ન મળી શકે.

શ્રી હર્ષ ર. સંઘવી : ખોટું કરવાની છૂટની વાત જ નથી. મેં માત્ર એ કહ્યું છે કે સમાજ જીવનમાં અલગ અલગ પ્રકારના લોકો હોય છે. આપણે હંમેશા ટીકા કરતા હોઇએ છીએ પણ તેની સાથે સાથે સારી વાત પણ સભાગૃહની વચ્ચે મૂકવી જોઇએ એવું મારું માનવું છે. આ રાજ્ય સુખ અને શાંતિથી જીવે છે તેમાં ગુજરાત પોલીસનો આ રાજયની અંદર કયાંકને કયાંક એક અલગ જ ફાળો રહ્યો છે, માત્ર અને માત્ર નાની નાની વાતને લઇને આખા રાજયના ટ્રાફિક પોલીસને બદનામ ન કરવા જોઇએ તેવું મારું માનવું છે. અનેક વિષયો મૂકવામાં આવ્યા છે કે સ્વ. રાજીવ ગાંધીએ સ્વપ્ન જોયું. ઉંઘમાં જોયું કે જાગતા જાગતા જોયું તે મને ધ્યાનમાં નથી, બંધ આંખોએ જોયું કે ખુલ્લી આંખોએ જોયું એ પણ અમારા ધ્યાનમાં નથી કારણ કે સ્વપ્ના જોવા અને સ્વપ્ના જોઇને તેને સાકાર કરવા એ આ દેશની જનતાની માંગ હતી પરંતુ એ ન થઇ શકયું. પૃથ્વી પરના જીવ માત્રની ખોરાક, પાણી, ઉંઘ જેવી પ્રાથમિક જરૂરિયાત કરતાં પણ વધારે મહત્વની છે સુરક્ષાની જરૂરિયાત. સુરક્ષાના ધોરણોને વધારે ચોકકસ અને સુદ્રઢ બનાવવાના આશય સાથે શરૂ કરેલા આ વિશ્વાસ પ્રોજેકટ એ અમારી સરકાર પર ગુજરાતની જનતાએ મુકેલા વિશ્વાસની ફલશ્રુતી છે. અમારી સરકાર કાયદો અને વ્યવસ્થા જળવાય, ટ્રાફિકનું સુપેરે સંચાલન થાય, વિડિયો સામગ્રીના આધારે ગુનેગારોનું વિશ્લેષણ થઇ શકે. કોઇ ઘટના બન્યા બાદ સી. સી. ટી. વી. ફૂટેજના માધ્યમથી અનેક એવી ઘટનાઓ છે જે ઘટનાના કોઇ ઠોસ સબૂત ન મળવાના કારણે એ ઘટનાઓને આ વિશ્વાસ પ્રોજેકટના માધ્યમથી સી. સી. ટી.વી. પ્રોજેકટના માધ્યમથી આ રાજયમાં અનેક ઘટનાઓના ગુનેગારો સુધી પહોંચવાનો મોકો મળ્યો છે. પોલીસ માટે ફિલ્મી ડાયલોગ કહેવાય છે કે કાનૂન કે હાથ બડે લંબે હોતે હૈ, ગુજરાતમાં કંઇક અલગ છે, ગુજરાત પોલીસ માટે એમ કહી શકાય કે, કાનૂન કી નજરે ભી બડી તેજ હોતી હૈ, આ કારણ માત્ર અને માત્ર વિશ્વાસ પ્રોજેકટની ફલશ્રુતી છે. એની વાત કરીએ તો હું સુરતથી આવું છું. સુરત શહેર અમારું વિશ્વાસ પ્રોજેકટમાં જે સી. સી. ટી.વી. કેમેરા છે, આ દેશની અંદર અમારું સુરત રોલ મૉડેલ બનેલું હતું અને ગુજરાત પોલીસ પણ આજે આ દેશની અંદર આ પ્રોજેકટને લઇને રોલ મૉડેલ બની રહી છે. બદલાતા જમાનામાં આપણે જોઇ શકીએ છીએ કે નાના બાળકો હોય કે વડીલો હોય, ઘરમાં તમામ લોકો કમ્પ્યુટર અને મોબાઇલના માધ્યમથી પોતાની રોજીંદી

નાની મોટી વ્યવસ્થા કરવાની હોય છે તે મોબાઇલ અને ઇન્ટરનેટના માધ્યમથી કરતા હોય છે. આપણું રોજનું લાઇટ બિલો ભરવાનું હોય કે પછી બેંકનું ટ્રાન્જેકશન હોય આ તમામ વિષયો આજકાલ ઓન લાઇનના માધ્યમથી વધતા ગયા છે. આ ઓન લાઇન માધ્યમથી આજના જમાનામાં કયાંકને કયાંક સાઇબર ક્રાઇમે એક મોટી જગ્યા લીધેલી છે. આ સાઇબર ક્રાઇમને નાથવા માટે પોલીસે જે યોજના બનાવી છે સાઇબર ક્રાઇમ ઇન્સિડન્સ રીસ્પોન્સ. માનનીય વિરજીભાઇએ કહ્યું કે ફરિયાદ લેવામાં આવતી નથી. એમને આ વિષય અને આ પ્રોજેકટ માટે જાણકારી લેવી જોઇએ. આ પ્રોજેકટના માધ્યમથી કોઇપણ વ્યકિતએ વિચારવાનું નથી એને પેનિક થવાની જરૂર નથી કે આની ફરિયાદ કયાં નોંધાશે એને માત્રને માત્ર એક નંબર ઉપર ફોન કરવાનો હોય છે જે નંબરથી એક એને ટિકિટ સાઇઝ આપવામાં આવે છે જેને પોકેટ  કહેવામાં આવે છે એના માધ્યમથી એને માત્રને માત્ર પોલીસ સ્ટેશન જઇને એ નંબર આપવાનો હોય છે એ નંબરથી એની ફરિયાદ દાખલ કરવામાં આવે છે. ગુજરાતની અંદર કોઇપણ ઓન લાઇન કે સાઇબર ક્રાઇમની ફરિયાદ નકારવાની એવી કોઇ ઘટના અમારા ધ્યાનમાં કે અમારા શહેરમાં અમે કયારેય જોઇ નથી. અનેક એવા વિષયો વિશ્વાસના માધ્યમથી કયાંકને કયાંક કલીયર થયા છે. સુરતની એક ખૂબ જ વેદના કહું. સુરતમાં પાંડેસરા પોલીસ સ્ટેશનમાં નાબાલિક છોકરી જોડે રેપ થયો હતો. એ વિષય ધ્યાન ઉપર લેવા જેવો છે. આ નાબાલિક છોકરી જોડે રેપ થયા પછી અનેક દિવસો સુધી કોઇપણ સબૂત નહોતો મળતો. પરંતુ અમારી ગુજરાત અને સુરતની પોલીસે રાત દિવસ મહેનત કરીને બે હજારથી વધારે સીસીટીવીનું નિરક્ષણ કરીને એક ગાડી દેખાય છે અને એ દેખાવાના માત્ર કારણથી એ ગુનેગાર સુધી પહોંચીને નાબાલિક છોકરી ઉપર રેપ થયો એના પાછળ જેટલા પણ ગુનેગાર હતા એ બધાને પકડવામાં આવ્યા છે.

આપણું ગુજરાત આ ગુજરાત એટલે કે ગરવી ગુજરાત. આ ગરવી ગુજરાત પર સૌ ગુજરાતીઓને અનોખો વિશ્વાસ છે. કારણ છે કંઇક સમસ્યાઓના નિરાકરણ સચોટ અને ફાસ્ટ છે. ગરવી ગુજરાત માટે પ્રત્યેક નાગરિકની સુરક્ષા ખાસ છે. કારણ ગુનેગારોને સકંજામાં લેવા કાર્યરત ગુજરાતની ત્રીજી આંખ સમાન આશ્વસ્ત અને વિશ્વાસ છે અને એટલે જ ખોટું કરેલ દરેક ગુનેગારને ગુજરાતમાં કયાં હાશ છે. આ ગુજરાત એટલે ગરવી ગુજરાત છે. આપણા ગરવી ગુજરાતમાં થવા લાગ્યા છે સાઇબર ક્રાઇમના ઈરાદોઓ ધ્વસ્ત, કારણ કે આ ગુનાને સજાગતાથી પહોંચી વળવા ગુજરાત સરકાર પાસે છે આશ્વસ્ત જે બનાવે છે ગુજરાતના પ્રત્યેક નાગરિકની સુરક્ષાને ખાસ. ખરાબ ઈરાદાઓ ઉપર નજર રાખવા સજાગ જો હોય છે ગુજરાતની ત્રીજી આંખ, સમૂહ વિશ્વાસ. ગુજરાત છે આખો સજાગ એક છે વિશ્વાસ બીજી છે સજાગ જે આપે છે ગુજરાતને સુરક્ષિત પાંખો.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું  મારા વિચારો રજૂ કરું છું અને એડવાન્સમાં આ સંકલ્પને અનુમોદન એટલા માટે આપું છું કે કોઇ રાજયની સમૃદ્ધિનો આધાર રાજયની પ્રજાની સુરક્ષા ઉપર હોય છે. ગુનાખોરીનું પ્રમાણ છેલ્લા બે વર્ષની અંદર આગલા વર્ષો કરતાં ગુજરાતની અંદર વધ્યું છે. ગુજરાતની અંદર લૂંટના ૨૪૯૧ બનાવો છેલ્લા બે વર્ષમાં બન્યા છે. હત્યાના ૨૦૩૪ બનાવો બન્યા છે. આ ગૃહમાં સરકારે આપેલા આ આંકડા છે. સી.સી.ટીવી કેમેરા લગાડવાથી સો ટકા ગુનેગારોની અંદર ભયનો માહોલ ઉભો થશે એ વાસ્તવિક વાત છે. ગુનાખોરી ઘટાડવા માટે સમગ્ર ગુજરાતમાં સી.સી.ટીવી કેમેરાનું  નેટવર્ક ગોઠવવું જોઇએ. એના માધ્યમથી ગુનેગારો ઉપર અંકુશ લાદવા માટે પોલીસે પ્રયત્ન પણ કરવો જોઇએ. આ યોજના માટે આ પ્રોજેક્ટ માટે સરકારે ૩૨૯ કરોડ રૂપિયા ફાળવ્યા છે. અનુમોદન આપ્યું છે, આ સૂચનો પણ કરું છું. કારણ કે, સરકાર આ યોજના બનાવે, એની અમલવારી કરાવે અને એમાં ક્યાંક ખામી રહી ગઇ હોય તો વિરોધાપક્ષના સભ્યો તરીકે અમારા સૌની જવાબદારી છે કે, એમાં ક્યાંય નાની–મોટી ખામીઓ, કારણ કે, દરેકના ચશ્મા અલગ અલગ હોય, એ ખામીઓ અમે ગોતતા હોઇ અને ખામીઓ અમે તમને સૂચનના રૂપે આપતા હોઇએ ત્યારે કયારેક એની અમલવારી થાય એમાં તમારું નામ પણ સારું થાય એટલા માટે આવા સૂચનો અમે કરતા હોઇએ છીએ. સી.સી.ટી.વી. કેમેરાથી ટ્રાફિક નિયમન થશે પણ સાથે સાથે પોલીસ સ્ટેશનોની અંદર જે કેમેરા લગાડવામાં આવ્યા છે એમાં ઘણા પોલીસ સ્ટેશનો એવા છે કે, જેની અંદર આવા કેમેરા બંધ છે અથવા તો એવું કાંઇક કરવું હોય તો બંધ કરી દેવામાં આવે છે.

ઘણા શહેરોની અંદર આ પ્રોજેક્ટ અંતર્ગત કેમેરા લગાવવા માટે ઉદ્યોગપતિઓ પાસેથી, પ્રદુષણ ફેલાવતા યુનિટો પાસેથી, ખનીજ માફિયાઓ પાસેથી, ખાનગી શાળાઓ પાસેથી ફંડ લેવામાં આવે છે. આ ફંડ પોલીસ ઉઘરાવતું હોય છે. એને કારણે પોલીસ ઉપર એમનો હાથ રહેતો હોય છે અને ક્યાંકને ક્યાંક ખોટું કરવામાં પોલીસ પણ એમને સહયોગ આપતી હોય એવું લાગી રહ્યું છે. વધુ અમારા સભ્યશ્રી વિરજીભાઇ બોલ્યા એટલે મારે લાંબી વાત કરવી નથી. પરંતુ આપના માધ્યમથી હું માનનીય પ્રદિપસિંહજીને, ગૃહમંત્રીશ્રીને એક વિનંતી કરવા માગું છું કે, લોક ભાગીદારીથી જે ફંડ ભેગું કરવામાં આવે એ ફંડ એવી કોઇ વ્યક્તિ પાસેથી લેવામાં ન આવે કે જે ક્યાંકને ક્યાંક એ ગુનાખોરીની અંદર સંડોવાયેલી હોય. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ વિશ્વાસ અને સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટનો સંકલ્પ લઇને અમારા માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

## તા. ૫મી માર્ચ, ૨૦૨૦
## બિન–સરકારી સંકલ્પો

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇના નેતૃત્વમાં અમારા ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજી સાહેબના મજબૂત નેતૃત્વથી ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જળવાય અને પ્રજાની શાંતિ, સુખાકારી માટે મક્કમતાપૂર્વક આગળ વધી રહ્યા છે. હમણાં જ મારા મિત્ર શ્રી લલીતભાઇ કહેતા હતા કે, ગુજરાતમાં ગુના વધ્યા છે, ગુનેગારોને છાવરવામાં આવે છે. મારે ચોક્કસ કહેવું જોઇએ કે, અમારી સરકારે અસામાજિક તત્વોને સખત હાથે ડામી દીધેલા છે. પહેલા દાદાઓના નામે વિસ્તાર ઓળખાતો હતો. આજે દાદાઓ ખોવાઇ ગયા છે અને ભા.જ.પ. સરકારમાં દાદા ફક્ત, "હનુમાન દાદા" છે. મિત્રો યાદો કરો પહેલાં છાશવારે ગુજરાતમાં કર્ફ્યુ હતો, આજે કર્ફ્યુ એ ભૂતકાળ થયો છે. (અંતરાય) રોજ થતા હતા. રાજ્યમાં સરકાર ગૃહ વિભાગ દ્વારા વિશ્વાસ અને સાયબર આશ્વસ્ત, ઇ–ગુજકોપ અને સિટીઝન પોર્ટલ જેવા ટેકનોલોજી આધારિત વિવિધ પ્રોજેક્ટો અમલમાં મૂકેલા છે. આ પ્રોજેક્ટો પૈકી હમણાં જ અમારા સન્માનનીય કેન્દ્રિય મંત્રી માનનીય શ્રી અમિતભાઇ શાહના હાથે જેનું ઉદ્‌ઘાટન થયું છે. તેવા રાજ્યમાં ૪૧ શહેરોને આવરી લઇ વિશ્વાસ પ્રોજેક્ટને અમલમાં મૂક્યો છે. તે રાજ્યની પ્રજા માટે ખૂબ જ મહત્વનો છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા નાગરિકોની સલામતીની દ્રષ્ટિએ વિશ્વાસ પ્રોજેક્ટથી ઘણા ફાયદા છે. આ માટે અંદાજીત ૬,૦૦૦ સી.સી. ટીવી. કેમેરા અને વિડિયો એનાલિટીક સોફ્ટવેરની મદદથી ગુજરાત પોલીસની કાર્યદક્ષતા અને અસરકારકતામાં નોંધપાત્ર વધારો થયેલો છે. આ ઉપરાંત ગુનાખોરીને અટકાવવામાં, બનેલા ગુનાઓની તપાસમાં કેમેરાઓના ફૂટેજની મદદથી સમગ્ર પ્રક્રિયા ઝડપી બની છે. પરિણામે કાયદાની નજરમાંથી છટકવાનો પ્રયત્ન કરતા સી.સી.ટી.વી. કેમેરાની બાજ નજરથી છટકી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં ગુજરાતની પ્રજા ઉત્સવ પ્રેમી છે. શ્રદ્ધાળુ છે. એ ધાર્મિક સ્થળો સાથે સંકળાયેલી લાગણીના લીધે રાજ્ય સરકાર દ્વારા મહત્વના છ ધાર્મિક સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવામાં આવ્યા છે. જેના કારણે આવા ધાર્મિક સ્થળો ઉપર એકઠી થતી ભીડને કાબુમાં લેવા માટે યોગ્ય વ્યવસ્થા જાળવવા માટે ખૂબ જ ઉપયોગી છે. વિશ્વાસ પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવાયેલા વિડિયો પૃથ્થકકરણો અને એનાલિટીકની મદદથી ગુજરાતની પોલીસે અલગ અલગ પ્રકારની સરળ અને સુદ્રઢ કામગીરી બજાવી છે. જાહેર સ્થળ પર મળી આવતા બિનવારસી સામાન અથવા અજાણી કોઇ ચીજ વસ્તુઓ, અનઅપેક્ષિત વસ્તુઓ અંગે ચેતવણી આપવા અંગે પોલીસ સક્ષમ બની છે. કોઇ ચોક્કસ વિસ્તારમાં એક જ જગ્યાએ વધતી જતી ભીડને ડીટેક્ટ કરવામાં અમારું પોલીસ તંત્ર સશક્ત બન્યું છે. જેના પરિણામે કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે સતત માહિતી પ્રાપ્ત થઇ શકે છે. આ સ્થિતિમાં સંભવિત અકસ્માતના બનાવ ટાળવામાં ખૂબ મદદરૂપ થયેલ છે. રાજ્ય સરકાર દ્વારા ઇ–ગુજકોક પ્રોજેક્ટનો અમલ કરી ખૂબ ઉમદા કામ કરેલ છે. તેમ છતાં રાજ્ય સરકારને એક વિનંતી કરવા માગું છું કે ઇ–ગુજકોક પ્રોજેક્ટમાં હજુ કેટલીક કામગીરીનો સમાવેશ કરવામાં આવે. જેવી કે ઇ–ગુજકોક પ્રોજેક્ટ હેઠળ તપાસ કરનાર અધિકારીને મદદરૂપ થાય એવી એક એપ્લીકેશન વિકસાવવી જોઇએ કે જે દરેક પ્રકારના બનાવની જગ્યાના પંચનામા, અટક પંચનામા, રીકવરી પંચનામા ઓન લાઇન ભરવામાં મદદરૂપ થાય તેવી મારી નમ્ર વિનંતી છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના આદરણીય સભ્યશ્રી અરવિંદભાઇ પટેલ વિશ્વાસ પ્રોજેક્ટ દ્વારા સી.સી. ટી.વી. કેમેરા અને સર્વેલન્સ દ્વારા ટ્રાફિક મેનેજમેન્ટ અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેના માટેનો સંકલ્પ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સચવાય અને ટ્રાફિક મેનેજમેન્ટ થાય, અકસ્માત ઓછાં થાય તેના માટે અમે હંમેશા સરકારની સાથે હોઇએ અને હંમેશા અમારું અનુમોદન હોય. સાયબર ક્રાઇમ એ માત્ર રાજ્યનો, દેશનો પ્રશ્ન નથી. સાયબર ક્રાઇમ એ દુનિયાની અંદર બહુ ચિંતાનો વિષય બન્યો છે. સાયબર ક્રાઇમની વાત કરું તો WWW એટલે કે વર્લ્ડ વાઇડ વેબ. હમણાં જ માનનીય સભ્યશ્રીએ વાત કરી, સ્વ. રાજીવ ગાંધીની. કદાચ એમનો જન્મ પણ એ વખતે નહીં હોય. વર્ષ ૧૯૮૯માં WWW ની શરૂઆત થઇ. વર્ષ ૧૯૯૧માં આ વિશ્વની પ્રથમ વેબસાઇટ બની, અત્યારે ૧.૨ બિલિયન વેબસાઇટ છે. એક અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૧૫માં જે સાયબર ક્રાઇમથી દેશની અંદર વેપારમાં ત્રણ ટ્રીલીયન ડોલર નુકસાન થતું હતું. વર્ષ ૨૦૨૧ સુધીમાં છ ટ્રીલીયન ડોલર થવાની ચિંતા છે એટલે આપણા સૌના માટે આ ચિંતાનો વિષય છે. હું અભિનંદન આપીશ સામે બેઠેલી ભા.જ.પ.ની સરકારની જે થીંક ટેંક છે એ નામ બહુ સરસ સરસ લાવે છે, વિશ્વાસ, શ્વાસ, નામ સારું હોય પણ એના માટે જે કરવું જોઇએ એ થતું નથી. તમે ૧૦૦ નંબરથી કરો, ૧૦૮ નંબરથી કરો, ૧૧૨ નંબરથી કરો કે ૨ નંબરથી કરો એની સામે અમને કોઇ વાંધો હોઇ શકે જ નહીં. પરંતુ જે ચિંતાનો વિષય છે કે કોઇપણ વ્યકિતને તમે ગમે તેવી સારી ઓફીસ બનાવી આપો, કોઇપણ સારો ડ્રાયવર હોય એમને એક કરોડ રૂપિયાની ગાડી લાવી આપો પણ જ્યાં સુધી એમને જોબ સેટીસ્ફેકશન ના હોય ત્યાં સુધી એનું પરિણામ મળતું નથી. ગુજરાતની પરિસ્થિતિ કંઇક આવી જ છે. ગુજરાતમાં જેના દ્વારા આ સી.સી.ટી.વી. કેમેરાનું સર્વેચન્સ કરાવવાનું છે તો એ પોલીસનો સ્ટાફ નથી. સુપ્રીમ કોર્ટની ગાઇડ લાઇન પ્રમાણે પોલીસ પાસેથી ૨૪ કલાકનું કામ લેવામાં આવે છે. અન્ય રાજયોની અંદર ઓલ્ટરનેટ ડ્યૂટી અથવા વીકલી ઓફની જોગવાઇ છે. હું માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી કરીશ કે ગુજરાતની અંદર પણ આવી વ્યવસ્થા થાય. બીજા રાજયોની સરખામણીમાં ગુજરાતમાં પોલીસનો પગાર ખૂબ ઓછો છે. રાજસ્થાનમાં પોલીસ ૨૪ કલાક ડ્યૂટી કરે પરંતુ એને એક મહિનાનો એક્સ્ટ્રા પગાર આપવામાં આવે છે એટલે જેના દ્વારા આપણે આ બધું કામ લેવાનું છે એ પોલીસને જ્યાં સુધી જોબ સેટીસ્ફેકશન નહીં થાય ત્યાં સુધી રૂપિયા ૩૦૦ કરોડ નહીં પણ રૂપિયા ૩૦૦૦ કરોડના સી.સી.ટી.વી. કેમેરા લગાવીશું તો પણ ધાર્યું પરિણામ મળવાનું નથી.

એલ.આર.ડી.ના જે કર્મચારીઓ છે એમના માટે હું માનનીય મંત્રીશ્રીને મળ્યો હતો, એમના પણ ઘણા બધા પ્રશ્નો છે. એમને સીટીની અંદર કામ આપવામાં આવતું નથી. પૂરો પગાર આપવામાં આવતો નથી. જે સરકારના પોલીસના વર્ગ–૩ના કર્મચારીઓ છે એ કર્મચારીઓને બીજા વિભાગના કર્મચારીઓની જેમ રૂપિયા ૨૪૦૦ના ગ્રેડ પેની જગ્યાએ રૂપિયા ૧૬૦૦નો ગ્રેડ પે આપવામાં આવે છે. એમને રજા એલાઉન્સ કે બીજા કોઇ એલાઉન્સ આપવામાં આવતા નથી એટલે મારી ગૃહમંત્રીશ્રીને વિનંતી છે કે જેમના દ્વારા ક્રાઇમ ઓછો થવાનો છે એ પોલીસ કર્મચારીઓને જોબ સેટીસ્ફેકશન થશે તો તમે આ જે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના છો એનાથી ફાયદો થશે. આદરણીય શ્રી અમિતભાઇએ જાન્યુઆરી ૨૦૨૦માં વિશ્વાસ પ્રોજેકટની શરૂઆત કરી. અહીં ગુજરાત નંબર–વનની વાતો થતી હોય છે, તા.૨૪–૧–૨૦૨૦, અમદાવાદની અંદર આખા ઇન્ડિયાનો મોટામાં મોટો સાયબર ક્રાઇમ સેટેલાઇટની અંદર બન્યો જેની અંદર ૧૧ ,૦૬, ૭૧,૮૨૩ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી. પ્રતાપરાય ચતવાણી એમણે અમદાવાદના સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ પણ નોંધાવેલી છે. આ સાયબર ક્રાઇમ દેશની અંદર પહેલા નંબરનો બન્યો છે, આવા ક્રાઇમ અટકે અને જે ક્રાઇમ બનેલા છે એનો ઝડપી નિકાલ થાય એ બાબતે હું માનનીય ગૃહમંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. અકસ્માતની વાત કરી છે, સી.સી.ટી.વી. કેમેરા દ્વારા અકસ્માત ઓછા થાય છે. મેં માનનીય નીતિનભાઇને પણ વિનંતી કરી હતી કે અમારા વિસ્તારમાં જે રેતી ભરીને ટર્બા જતા હોય છે એના લીબે દર બે–ત્રણ દિવસે ઓવરલોડને કારણે અકસ્માત થતા હોય છે. જેની અંદર આર.ટી.ઓ.ના પાર્સીંગના નિયમો અલગ અલગ છે એટલે આવા જે હેવી લોડેડ વીહીકલ છે એના માટે કંઇક અલગ વ્યવસ્થા કરવામાં આવે. અલગ જાહેરનામું પ્રસિદ્ધ કરીને આવા વાહનો સિટીની વચ્ચેથી પસાર ન થાય. માનનીય નીતિનભાઇ આપે કહ્યું હતું કે હું જાહેરનામું પ્રસિદ્ધ કરીને હેવી વ્હીકલ હોય એને એક જ રોડ ઉપરથી પસાર કરવાનું કરીશ. આવું થાય તો જે અકસ્માતના બનાવો બને છે એ બનશે નહીં. યુ.એન.ઓ.ડી.સી. જે યુ.એન.ની સંસ્થા છે અને યુ.એન.ના સ્ટાન્ડર્ડ પ્રમાણે એક લાખ વ્યક્તિએ ૨૨૨ પોલીસ હોવી જોઇએ. એની સામે ગુજરાતની અંદર ૧૪૦ પોલીસ જ છે. ૭૧ દેશોમાં ભારતનું સ્થાન ૬૫મા ક્રમે છે. આ રીતે ગુજરાતની અંદર વધુમાં વધુ પોલીસની જગ્યાઓ જે ખાલી છે એ ભરવામાં આવે. મેં કહ્યું એમ પોલીસના પ્રશ્નો છે, એમને જોબ સેટિસ્ફેકશન મળે એ રીતનું થાય તો અમે આ પ્રસ્તાવને સમર્થન કરીશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અરવિંદભાઇ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એને અનુમોદન આપીને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ગૃહમાં પણ શ્રી પ્રદિપસિંહ આંખ બતાવે તો બધા બંધ થાય એવું મને લાગ્યું. શ્રી નીતિનભાઇ બોલ્યા કે શ્રી પ્રદિપસિંહે સામે જોયું અને શ્રી લલીતભાઇ કેમ બેસી ગયા? ઘણા બધા મિત્રોએ વાત કરી કે અમારી સરકાર આવી ત્યારથી ગુજરાતમાં તોફાનો બંધ થઇ ગયા. એક મોટા ગજાના નેતા ભારતીય જનતા પાર્ટી છોડી જ્યારે કોંગ્રેસમાં જોડાયા. ઘણી વખત અમે એમની સાથે બેસતા હોય અને વાત કરતા હતા કે કઇ રીતે આવું બને છે? એમણે મને વાત કરી કે તોફાનો કરાવવા હોય તો અમારી જાતે ગાયનું પૂછડું કાપીને અમુક વિસ્તારમાં નાંખી દઇએ એટલે તોફાનો ચાલુ થઇ જાય. આ હકીકત છે. (અંતરાય) આ તમારી સરકાર ઉપર વાત નથી કરતો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇની પર કહો છો પણ આ વાત ખોટી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : શ્રી ભુપેન્દ્રસિંહ, મારી વાત સાંભળો. આ આક્ષેપ તમારા ઉપર નથી કરતો. કઇ રીતે તોફાનો થતા હતા અને કઇ રીતે બંધ થતા હતા. આ સી.સી.ટી.વી.ની વાત શ્રી પ્રદિપસિંહ લઇને આવ્યા છે એ ખૂબ સારી વાત છે. આનાથી તમામ બાબતે ગુનેગારો ગુનાઓ કરે છે એ પકડાઇ જશે. પણ અવાર નવાર મિત્રો ઉભા થાય છે અને કહે છે કે તમારા વખતે આમ થતું હતું અને અમારા વખતે આમ નથી થતું. એક માધ્યમિક શાળા હતી એ શાળામાં એક જ રૂમમાં વધારે પડતા તોફાનો થાય. વિદ્યાર્થીઓ અંદરો અંદર ઝઘડે. બધા શિક્ષકો ભેગા થયા અને વિચાર્યું કે આને બંધ કરવા માટે શું કરવું ? શ્રી નીતિનભાઇ અને શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા જેવા સારા અને વિદ્વાન શિક્ષકો હતા. એમણે તપાસ કરી કે આમાં તોફાન કોણ કરે છે? એક વિદ્યાર્થી તોફાન કરતો હતો એ વિદ્યાર્થીને જ એ ક્લાસનો મોનિટર બનાવી દીધો એટલે એ આખા ક્લાસમાં તોફાનો બંધ થઇ ગયા. એટલે ગુજરાતની અંદર જે તોફાનો તમે કરતા હતા એ ઓટોમેટિક બધા તોફાનો બંધ થઇ ગયા. અમારા વિચારો તોફાનવાળા ન હતા. એટલા માટે મેં વારંવાર તમને કહ્યું છે કે અમારા ૨૫ વર્ષ યાદ ન કરશો. તમામ સૌના સાથ અને સહકારથી જે તે વખતના મુખ્યમંત્રીશ્રીઓથી, જે તે વખતના આગેવાનોથી લઇને શરૂઆત કરીને તમે ત્યાં બેઠા ત્યાં સુધી ગુજરાતના વિકાસમાં તમામ બાબતોમાં બધા જ લોકોનો ફાળો છે. ૨૫ વર્ષથી તમે બેઠા ત્યારથી, શ્રી નરેન્દ્રભાઇ બેઠા ત્યારથી, કોઇ બીજા મુખ્યમંત્રીની ગણતરી ન થાય એ વાત વાજબી નથી. જે જે મુખ્યમંત્રીશ્રીઓ હોય, તમામ આગેવાનોએ જે કામ કર્યું છે એમને ગણતરીમાં લો. તમે આવીને બધું કરી નાખ્યું હોય એ વાતમાંથી બહાર નીકળી અને આપણે બધાએ કર્યું છે, તમામ લોકોના સાથ અને સહકારથી કર્યું છે આ વાત કરશો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રા.ક.ના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી અરવિંદભાઇ પટેલ જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે બિનસરકારી સંકલ્પમાં હાઉસના માનનીય ધારાસભ્યશ્રીઓએ હકારાત્મક રીતે પોતાનો અભિપ્રાય આપીને અનુમોદન આપ્યું છે એમાં સૌ પ્રથમ શ્રી વિરજીભાઇ ઠુમ્મરે પણ એની અસરકારકતા સ્વીકારી છે. ક્યાંક ત્રૂટીઓ હોય એને નિવારી અસરકારક બનાવવા સંદર્ભમાં એમણે વિચારો વ્યક્ત કર્યા છે. મને એ જણાવતા આનંદ થાય

છે કે મને કેટલાય ધારાસભ્યો મળે છે અને એમની રજૂઆત છે કે તમે ૩૩ જિલ્લા, ૬ યાત્રાધામ અને એક સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં કર્યું એમ અમારા વિસ્તારનું તાલુકા પ્લેસ છે આ ઘણું મોટું છે એને પણ સીસીટીવીના નેટવર્કથી તમે સાંકળી લો એવી ઘણા ધારાસભ્યોની રજૂઆત છે. આ રજૂઆતના આધારે મને શહેરના ધારાસભ્યો મળે છે જે એવું કહે છે કે અમારે અમારા વિસ્તારની સોસાયટીઓની અંદર પણ સીસીટીવીનું નેટવર્ક ઊભું કરવું છે અને એ નેટવર્કમાં અમને ધારાસભ્યનું બજેટ વાપરવાની અનુમતિ આપો. એ નીતિ હતી એમાં થોડીક સમસ્યાઓ હતી એના માર્ગદર્શનની અંદર થોડોક સુધારો કર્યો છે જેના કારણે કોઇ પણ ધારાસભ્ય પોતાના મત વિસ્તારની સોસાયટીઓમાં સીસીટીવીનું નેટવર્ક કરવું હોય તો કરી શકાશે એવી પણ રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે અને આપણું ગુજરાત એ થોડું સમૃદ્ધ રાજ્ય છે. જિલ્લા સ્થાનો ઉપર જ માત્ર સીસીટીવીની આવશ્યકતા ના હોય નીચેના સ્થાનો ઉપર પણ આવશ્યકતા છે એ જે ધારાસભ્યોએ રજૂઆત કરી છે એને પણ અમે હકારાત્મકતાથી લીધી છે. શ્રી હર્ષભાઇ સંઘવીએ જે વાત કરી કે ગુજરાતની અંદર જે ચકચારી કિસ્સો હતો. સુરતની અંદર એક નાની બાળકીના રેપનો. એ સીસીટીવીના ફુટેજમાં એક જ વખતે ગાડી દેખાય અને જેના કારણે એવું કહેવાય કે, ઘાસના ઢગલામાંથી સોય શોધવા જેટલું કપરું કામ એ સીસીટીવીના ફુટેજના માધ્યમથી પરિપૂર્ણ કરવામાં આપણે સફળ રહ્યા છીએ. શ્રી લલીતભાઇ વસોયાએ પણ પોતાનો અભિપ્રાય આપ્યો છે. શ્રી નીતિનભાઇ કહે છે પણ અમે તો યુવા મોરચાના સાથી રહ્યા છીએ. અનેક રાષ્ટ્રીય અધિવેશનોમાં અમે સાથે જતા હતા. એટલે એ મારા એ વખતના મિત્ર છે. (અંતરાય) અને આમેય અમારા જિલ્લાના જ કહેવાયને.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સ્ટેશનના કમેરાના સંદર્ભમાં એમણે વાત કરી. પોલીસ સ્ટેશનના કમેરાના સંદર્ભમાં હાઉસના રેકર્ડ ઉપર કહું છું કે કોઇ પોલીસ સ્ટેશનની આસપાસ ક્યાંક કોઇ કામ ચાલુ હોય અને કેબલ ક્રેક થયો હોય એ પ્રકારનું હોય બાકી રાજ્યમાં કુલ ૬૩૫ જેટલા પોલીસ સ્ટેશનના ૯૫ ટકા પોલીસ સ્ટેશનની અંદર સીસીટીવી ફુટેજ ચાલુ છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીં કહેવામાં આવ્યું કે લોકભાગીદારી એવા લોકોની ના લેશો કે જે પોલીસ ઉપર હાવી થઇ જાય. એમના સૂચનનો હું ૧૦૦ ટકા સ્વીકાર કરું છું. માનનીય રમણભાઇએ પણ બહુ જ અસરકારક સૂચનો કર્યા અને શ્રી કીરીટભાઇએ પણ પોલીસની સંખ્યા, પોલીસના કામ કરવાના કલાકો અને ઉપરાંત જુદા જુદા ગુનાઓનો પણ મારી પાસે ઘણો રેકોર્ડ છે પણ એમણે જે રૂપિયા ૧૧ કરોડની વાત કરી. એ રૂપિયા ૧૧ કરોડના ગુનાના સંદર્ભમાં ચોક્કસ કહીશ કે આ ગુનો ડીડેક્ટ થઇ ગયો છે. આ ગુનાની અંદર બે આરોપીઓની અટકાયત કરવામાં આવી છે અને જે રૂપિયા ૧૧ કરોડ ૬ લાખની રકમના સંદર્ભમાં હતો એમાંથી પાંચ કરોડ જેટલી રકમની મિલકતો ગુનાના કામેથી કબજે લેવામાં આવી છે. એટલે રાજ્યની અંદર આ સોશિયલ મીડિયાના માધ્યમથી પણ મેં અગાઉ મારી વાત કરી હતી એ જામતારા ઝારખંડનું એવું છે કે ત્યાં જો તમે ઓ.ટી.પી. નંબર આપ્યો તો તમારા પાસ વર્ડ સાથે સાથે બધું જ ખેંચાઇ જાય. એના સંદર્ભમાં પણ આપણે અસરકારકતા ઊભી કરી છે. એ પ્રમાણે હમણાં જ હું રેલ્વેના એક સુરક્ષિત સફરના કાર્યક્રમમાં ગયો હતો. એ કાર્યક્રમની અંદર મેં જે લોકોના મોબાઇલ ચોરાઇ જાય છે એ લોકોના લગભગ ૪૫ જેટલા મોબાઇલો જે ચોરાઇ ગયા હતા એ પોલિસે પાછા મેળવી અને નાગરિકોને આપ્યા છે. જે ઇન્કમટેક્ષ ફ્રોડ થયું હતું એમાં ૪૪૨૫ નાગરિકોના હેક કરેલા હતા એમાં ૪૫ જેટલા નાગરિકો સાથે છેતરપીંડી થઇને રૂપિયા ૯૧,૦૦,૦૦૦ કરતા વધારે રકમ મેળવીને જે ગુના આચર્યા હતા એના સંદર્ભમાં પણ ડીટેકશન થયું છે. દિલ્હીના કોલ સેન્ટરો હોય કે કેમિકલ સ્ટોર હોય કે પછી હમણાં ગુજરાતની અંદર જે પરપ્રાંતિય તોફાનો કરાવવા માટે સોશિયલ મીડિયાનો દુરુઉપયોગ થયો હતો એની અંદર કરવાવાળા લોકોની સામે પણ આપણે કર્યા છે. મેં હમણાં કહ્યું તેમ સીટીઝન એમેન્ડમેન્ટ એકટના સંદર્ભમાં પણ જે તોફાનો કરાવી રહ્યા છે એ બધાના સંદર્ભમાં પણ પોલિસ તંત્રે અસરકારકતાથી કામ કર્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક મિનિટ આપને વચ્ચેથી રોકું છું કારણ કે લીડર ઓફ ઓપોઝીશન માનનીય પરેશભાઇને કંઇક સૂચન કરવું છે આ બાબતમાં.

શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં ખૂબ સકારાત્મક રીતે ગુનાખોરીનું પ્રમાણ ઘટે એ માટે ચિંતા થઇ રહી છે. માનનીય પ્રદિપસિંહભાઇએ ખૂબ સારી વાત કરી કે ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી પણ સી.સી.ટી.વી. કેમેરા મૂકી શકાશે. સી.સી.ટી.વી. કેમેરાથી ગુના પકડાય એમ શેરીઓમાં અંધારાથી ગુનાઓ વધતા પણ હોય છે. માનનીય નીતિનભાઇને મેં પત્ર પણ લખ્યો હતો. ખાસ કરીને તાલુકા કક્ષાએ જે ઇલેકટ્રીફીકેશનના કામો છે, સ્ટ્રીટલાઇટના કામો છે, સી.સી.ટી.વી. કેમેરાના કામો છે એની ટેકનિકલ સેન્શન માટે આર.એન્ડ બી. ઇલેકટ્રીક ડીવીઝનને ટી.એસ.નો અધિકાર છે. બધા જ તાલુકાઓમાં ઉપલબ્ધ નથી એટલે આપના માફરત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ઇલેકટ્રીફીકેશન, સ્ટ્રીટલાઇટ, સી.સી.ટી.વી. કેમેરા, એની ટેકનિકલ સેન્શન માટે આર.એન્ડ બી.ના આપણા જે ડેપ્યુટી ઇજનેર છે સિવિલ એને જો ટેકનિકલ સેન્શનની ઓથોરીટી આપવામાં આવે તો આ કામો સરળતાથી કરી શકાય, ટેકનિકલ સેન્શન મળે અને કામોની અમલવારી થાય એટલે મારી વિનંતી છે કે ડી.ઇ.આર. એન્ડ બી. ઇલેકટ્રીસીટીને બદલે ડી.ઇ.આર. એન્ડ બી. સિવિલને આની ટેકનિકલ સેન્શન ઓથોરીટી બનાવવામાં આવે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર ગુનાઓ નથી બનતા એવું હું નથી કહેતો પરંતુ ગુનાઓ બન્યા પહેલા એનું પ્રિવેન્શન, ગુનાઓ બન્યા બાદ એનું ડીટેકશન અને એ ડીટેકશન થયા પછી એનું કન્વીકશન. રાજયની શાંતિ, સલામતિનો આધાર આ ત્રણ ઉપર છે. એમ આજે જે અમારા આ પ્રોજેકટ છે એમાં વિશ્વાસ કે પ્રિવેન્શનમાં પણ

કામ આવે છે એ ડીટેકશનમાં પણ કામ આવે છે અને પ્રિવેન્શન અને ડીટેકશનના માધ્યમથી અમારા જે પેપર્સ તૈયાર થાય એના માધ્યમથી ગુનો કરવાવાળાને કન્વીકશન કરવા માટે પણ આ અત્યંત ઉપયોગી છે. માનનીય પ્રધાનમંત્રીએ જેમ કહ્યું કે પોલીસ સ્માર્ટ હોવી જોઇએ. સ્માર્ટ એટલે સ્ટ્રીક, મોર્ડન, એલર્ટ, રીલાયેબલ એન્ડ ટેકનોસેવી. હવે સમય સ્માર્ટ પોલીસ નહીં, પરંતુ શાર્પ પોલીસની પણ આવશ્યકતા છે. હવે કયા રાજયની પાસે કેટલું પોલીસ મહેકમ છે એની આગામી દિવસોમાં ચર્ચા નથી થવાની પણ આગામી દિવસોમાં જે ચર્ચા થવાની છે કયા રાજયના પોલીસ તંત્ર પાસે કઇ ટેકનોલોજી છે એની ચર્ચા થવાની છે અને શ્રી નરેન્દ્રભાઇ મોદી આ રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે ૩ એવા નિર્ણયો લીધા જે આજે આખા દેશની અંદર અને વિશ્વની અંદર આ નિર્ણયોની દિશામાં વિશ્વ જઇ રહ્યું છે. એમાંનો એક નિર્ણય ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી મીન્સ કે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના માધ્યમથી તમે એવો સ્કીલ મેન પાવર તૈયાર કરો કે જે તમને ગુના રોકવાની અંદર, ગુના ડીટેકટ કરવામાં ઉપયોગી થાય. લો યુનિવર્સિટી, જી.એન.એલ.યુ. અને એના માધ્યમથી આપણે જયુડીશીયરી અને લો ઓફિસર તૈયાર કરીએ છીએ અને એ પ્રમાણે રક્ષા શક્તિ યુનિવર્સિટી કે જેના આધારે પોલીસ તંત્રમાં જેને જવું છે એવી ફોર્સ તૈયાર થાય. અંતે આ ત્રણેય વસ્તુ એ રાજયની શાંતિ, સલામતિ, સુરક્ષા માટે મેનપાવર પ્રિપેર કરવા માટેનું છે. એમાં મેં કહ્યું તેમ ડીટેકશન, પ્રિપેરનેસ એની સાથે અવેરનેસ, ઇન્વેસ્ટીગેશન, પ્રોસીકયુશન અને પ્રોસીકયુશન પછી એનું એનાલીસીસ. આ બધું અત્યંત અગત્યનું છે. આપણે સૌ જાણીએ છીએ કે ડિજિટલ ક્રાંતિના માધ્યમથી આપણે ડિજિટલ ઇન્ડિયાનું સ્વપ્ન સાકાર કરવાનું છે. એવા સંજોગોમાં સાયબર સ્પેસમાં સાઇબર ક્રાઇમ વધતા જાય છે. માનનીય પ્રધાનમંત્રીના શબ્દોમાં કહું તો મેં એક એસે ડિજિટલ ઇન્ડિયા કા સ્વપ્ન દેખતા હું, જહાં સાયબર સુરક્ષા હમારી રાષ્ટ્રીય સુરક્ષા કા એક અભિન્ન હિસ્સા બન જાયે. પ્રધાનમંત્રીશ્રીએ એક દીર્ઘદ્રષ્ટીથી આ વાત કરી. એ રીતે માનનીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહે કહ્યું મેરી પ્રાથમિકતા સાઇબર અપરાધો કી રોકથામ, ખોજ, જાંચ ઓર અભિયોજન કે લીએ એક પ્રભાવિત ઢાંચા ઓર ઇકો સિસ્ટમ બનાના હૈ. (સમય સૂચક ઘંટડી) શ્રી પરેશભાઇએ ૨ મિનિટ જેટલો સમય લીધો છે. એ મને મળી જાય તો આમય ૫–૦૦ વાગ્યા સુધીનો સમય છે. ૫ મિનિટમાં પૂરું થાય તેવું નથી. આ સાયબર ક્રાઇમમાં કયા કયા પ્રકારના ગુનાઓ થાય છે તે આપણે સૌ જાણીએ છીએ. એના સંદર્ભમાં ઉંડાણમાં જવા નથી માગતો, પરંતુ આ સરકાર દ્વારા જે વીડિયો ઇન્ટીગ્રેશન એન્ડ સ્ટેટ વાઇડ એડવાન્સ સિકયોરિટી પ્રોજેકટ (વિશ્વાસ) એ વિશ્વાસના પ્રોજેકટનું અને સાઇબર એસ્યોર્ડ આસિસ્ટન્સ સર્વિસ હેલ્પ લાઇન ફોર વિક્ટીમ્સ એટ શોર્ટેસ્ટ ટાઇમ એટલે સાયબર આશ્વસ્ત. આના જુદા જુદા સાયબર આશ્વસ્ત પ્રોજેકટ છે, તેની સભાગૃહને વાત કરવા માગું છું. સાયબર અશ્વસ્તમાં સાયબર ઇન્સીડન્ટ રિસ્પોન્સ યુનિટ (આઇ.આર.યુ.) છે એના માધ્યમથી કોઇપણ નાગરિક ૧૦૦ અને ૧૧૨મા ફોન કરે કે મારા પૈસા આમાંથી ખેંચાયા છે. એટલે તરત જ પોલીસમાંથી જે બેન્કમાં હોય એ બેન્કમાંથી પૈસા રોકવા માટેનું કામ કરે છે. રોકાયા બાદ પછી પૈસા પાછા લેવા માટેની કામગીરી કરે છે. અત્યાર સુધીમાં ૧ કરોડ ૪૪ લાખ ૩૫ હજાર ૮૫૦ જેટલી રકમ અલગ અલગ બેન્કોમાં ઇ–વોલેટમાં ફ્રીજ કરીને આરોપીઓના હાથમાં જતી અટકાવવામાં અમારા સાયબર ઇન્સીડન્ટ રિસ્પોન્સ યુનિટને સફળતા મળી છે. આ અંગે એન્ટી સાયબર બુલિંગ યુનિટ છે. આ વિશિષ્ટ પ્રકારનું છે. કોઇ શારીરિક કમજોરી ધરાવતી હોય એના સંદર્ભમાં એને પોસ્ટ કરવી, એને ગ્રૃપમાંથી ડીલિટ કરવો, એ માનસિક રીતે હેરાન થાય એ પ્રમાણેની પોસ્ટ કરવી. કોઇ બહેન હોય એના સંદર્ભમાં શારીરિક કે અન્ય રીતે પોસ્ટ કરીને મૂકવી. આ બુલિંગની અનેક સમસ્યા આવે છે, એના માટે સાયબર બુલિંગ યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૧૬૨ જેટલી યુવક, યુવતિઓને મદદરૂપ થયા છીએ. એવી રીતે સાયબર ક્રાઇમ પ્રિવેન્શન યુનિટ સીસીપીયુ છે. જેમાં ૨૪૬૨ જેટલા આરોપીઓના મોબાઇલ નંબરનો ડેટા મેળવ્યો છે. એમાં ૨,૯૯,૨૬૫ જેટલા નાગરિકોને આ ફ્રોડથી સાવચેત કર્યા છે. આ સિવાય સાયબર સુરક્ષા લેબ છે. આપણને આપણા મોબાઇલમાં કેટલા પ્રકારના વાઇરસ છે એની ખબર નથી. ઘણી વખત એમ થાય કે મોબાઇલ વારાઘડીએ હેક થઇ જાય છે. એની અંદર નિશ્ચિત પ્રકારના વાઇરસ એન્ટર થઇ ગયા હોય એ મોબાઇલને હેલ્થ બનાવે છે. એના સંદર્ભમાં વાકેફ કરવા માટેનો પ્રયત્ન કર્યો છે. એને મોબાઇલની હેલ્થ જાણવા માટેની આખી સાયબર સુરક્ષા છે. એના માટે કિયોસ્ક છે. એના માધ્યમથી તમારા મોબાઇલની હેલ્થ પોલીસ તંત્ર દ્વારા તપાસી આપવામાં આવે છે. એમાં ૨૫૪ જેટલા વાઇરસ દૂર કર્યા છે. સાઇબર ક્રાઇમ કો–ઓપરેશન પોર્ટલ છે. એના માધ્યમથી આની ઉપયોગિતા છે. માત્ર સાઇબર ક્રાઇમમાં સરકાર કટિબદ્ધ છે, એટલું નહિ એના માટે ૮૨૨નો મેન પાવર છે. ચાલુ વર્ષે નાણામંત્રીશ્રીએ ૧૦ જેટલા નવા પોલીસ સ્ટેશન મંજૂર કર્યા છે. ૩૫૧૨ જેટલા પોલીસ કર્મચારીઓ આવતા દિવસોમાં આમાં આવવાના છે. આ ઉપરાંત રાજ્યમાં તમામ રેન્જની અંદર સાયબર સેલ, સ્ટેટ ક્રાઇમની અંદર સાયબર સેલ, અમદાવાદ સીટીની અંદર ક્રાઇમ બ્રાન્ચમાં સાયબર પોલીસ સ્ટેશન અને તેના બ્રેકઅપ સપોર્ટ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી પણ અમને ઉપયોગી થાય છે. રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આનો પ્રિવેન્ટીવ એકશન પ્લાન છે તે ઇન્ડિયન સાયબર ક્રાઇમ કો–ઓર્ડિનેશન I4C અને I4C ના માધ્યમથી નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટ પોર્ટલ બનાવવામાં આવ્યું છે. નેશનલ સાયબર ક્રાઇમ થ્રેડ એનાલિસીસની મિનિટસ્ બનાવવામાં આવશે. પ્લેટફોર્મ ટુ જોઇન્ટ સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન. આમ જુદા જુદા સાતેક પ્રકારના એરેંજમેન્ટ કરવામાં આવ્યા છે. તે જ પ્રમાણે રીજીયોનલ સાયબર ક્રાઇમ કો–ઓર્ડિનેશન કરવામાં આવ્યું છે. આખા દેશની અંદર...

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

તા. ૫મી માર્ચ, ૨૦૨૦
બિન–સરકારી સંકલ્પો

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો સંકલ્પ પરનો જવાબ અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છો (થોડીવાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટીંગ પોર્ટલ, કોઇપણ પ્રકારની અરજી તેમાં આવે તો તેમાં અરજી પર ગુના નોંધાય, માનનીય સભ્યશ્રીઓએ ચિંતા કરી કે આમાં અરજીઓ ઘણી નોંધાય છે પણ તેમાં એફઆઇઆર નોંધાતી નથી. અમે દરેક અરજદારને તેના સાયબર ક્રાઇમના નામે તેની સાથે જે ફ્રોડ થયું છે, છેતરપિંડી થઇ છે, હેરાનગતિ થઇ છે, પરંતુ આ વર્લ્ડ ઇઝ ગ્લોબલ વિલેજ એટલે સાયબર ક્રાઇમ કરવાવાળો અપરાધી વિશ્વના કોઇપણ ખૂણે બેસી લેપટોપ ઇન્ટરનેટના માધ્યમથી આ ગુના કરતો હોય છે. એમાં કયારેક કયારેક આવી અરજીઓમાં અન્ય પ્લેટફોર્મ પરથી આના એડ્રેસ મંગાવવાના હોય છે. તે બધામાં લાંબી પ્રક્રિયા થવાને કારણે સમયસર એફઆઇઆર નોંધાતી નથી તે હકીકત છે. તેમાં પણ તીવ્રતા અને ગતિ આવે તે દિશામાં પ્રયત્ન કરીએ છીએ. સાયબર ક્રાઇમ ફોરેન્સિક ઇકો સિસ્ટમમાં ૧૪ લેબ શરૂ કરવામાં આવી છે. સૌથી અગત્યની વાત હોય તો તેના માટે રાજ્ય સરકારે ટ્રેનિંગ સેન્ટર શરૂ કર્યા છે. રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને એ બાબતના અભિનંદન આપું છું કે, રાજ્યના પોલીસતંત્રને ટેકનોલોજીથી અપડેટ કરવા માટે અને આખા દેશની અંદર કોઇ એક રાજયના તમામ જિલ્લા મથકો, મુખ્ય યાત્રાધામોને સિસ્ટમથી ઇન્ટીગ્રેટ કરીને પ્રોજેક્ટ કરવામાં આવ્યો હોય તો તે માત્રને માત્ર ગુજરાત રાજય છે. માત્ર ગુજરાત રાજયની અંદર આ વિશ્વાસ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે. વિશ્વાસ પ્રોજેક્ટની ટેકનિકલ ડીટેઇલ આપું તો...

અધ્યક્ષશ્રી : એક મિનિટ બાકી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હા. ૧૨૫૬ જેટલા સ્થળોએ સાત હજાર જેટલા કેમેરા લગાડવામાં આવ્યા છે. આ પ્રોજેકટમાં ટ્રાફિક નિયમન, અસામાજિક તત્વો, ચેઇન સ્નેચીંગ આવા અનેક ગુનાઓની અંદર મદદરૂપ થાય છે. આમાં અનેક ગુના સારી રીતે ડીટેક્ટ કરી શકયા છીએ. એ જ પ્રમાણે ઇ–ગુજકોપના માધ્યમથી રાજયની તમામ એફઆઇઆરની નોંધણી કરવામાં આવેલ છે. તે જ પ્રમાણે સિટીઝન ફર્સ્ટ એપ થકી મદદરૂપ થઇ શકાય છે.

અધ્યક્ષશ્રી : મારે સંકલ્પ ૬૦ મિનિટમાં જ પૂરો કરવાનો છે એટલે તેમાં સમય વધારી શકું નહીં. તેમની સંમતિ હોય કે ન હોય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આમ સમગ્ર રાજ્યની અંદર વિશ્વાસ અને આશ્વસ્ત પ્રોજેકટમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સૌ સભ્યોએ આ સંકલ્પને આવકાર્યો છે અને માનનીય સભ્યશ્રીએ આ જે બિનસરકારી સંકલ્પ મૂક્યો છે તેનો હું સ્વીકાર કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૫૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ફાલ્ગુન ૧૬, ૧૯૪૧ શાકે
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૦**
**ફાલ્ગુન ૧૬, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ગૌચર**

* ૨૫૨૫૨ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કેટલાં ગામોમાં રાજ્ય સરકારે ઠરાવેલ લઘુત્તમ જોગવાઈથી ઓછું ગૌચર છે, અને

(૨) ઉક્ત ગામોની ગૌચરની જમીન કોઈપણ હેતુસર નહીં ફાળવવાના શા આદેશ ઉક્ત સ્થિતિએ થયેલ છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ગામોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૨૬૩ |
| મહેસાણા | ૧૨૭ |

(૨) તા.૧-૪-૨૦૧૫ની ગૌચરનીતિ અનુસાર ગૌચર ફાળવણીનું નિયમન કરવામાં આવે છે.

શ્રી સુરેશકુમાર ચ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના પેટા પ્રશ્નમાં પૂછવા માગું છું કે, લઘુતમ જોગવાઈથી ઓછું ગૌચર ધરાવતા ગામોએ સરકારી જમીન ગૌચર માટે જમીન ફાળવણીને લઘુતમ જોગવાઇ મુજબ ગૌચર કરવા માગો છો કે કેમ ? અને બીજો પ્રશ્ન આ ગૌચર કયાં સુધીમાં કરવામાં આવશે ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સંવેદનશીલ સરકાર મુંગા ઢોર, પશુઓ અને તેના ચરણ માટે ખૂબ જ ચિંતિત હોય છે. સામાન્ય રીતે ગૌચરની જમીન ફાળવવામાં આવતી હોતી નથી. પરંતુ સરકારી કામકાજ માટે, સરકારી વિભાગો માટે જરૂરી હોય તો સરકારી કામકાજ માટે ગૌચરની જમીન ફાળવવામાં આવે છે અને તેની ચોક્કસ નીતિ છે. વિશિષ્ટ સંજોગોમાં રોજગારી માટે, જાહેર હેતુ માટે, પ્રજાના હિત માટે કોઇ એવો પ્રોજેકટ કે જે પ્રજાના હિતનો હોય એવા પ્રોજેકટમાં જો જમીન આપવાની થાય તો તેની પણ ચોક્કસ નીતિ છે. ગૌચર સહેજ પણ ઓછું ના થાય તે પ્રમાણે જેને જમીન જાહેર હેતુ માટે કે ખાનગી હેતુ માટે જોઈતી હોય તો એટલી જ જમીન ગૌચર હેડે નીમ કરવાની થાય અથવા એ વ્યકિતઓ ખરીદીને આપે એટલે ગૌચર કોઇ પ્રકારનું ઓછું થાય એવો કેટલાય વર્ષોથી આ રાજય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો નથી. ગૌચર વધારવાનો જયાં સુધી સવાલ છે ત્યાં સુધી ગાંધીનગર અને મહેસાણાનો પ્રશ્ન પૂછયો છે. મહેસાણા જિલ્લાની અંદર છેલ્લાં ૭-૮ વર્ષમાં ૩૬૩ હેકટર ગૌચર જરૂરિયાત કરતા વધારે નીમ કર્યું છે. એટલે ગૌચરની ચિંતા કરીએ છીએ ઓછું ના થાય અને ગૌચર કેમ વધારાય એ પણ સરકારની ચિંતાથી અમે આગળ વધી રહ્યાં છીએ.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચરની ઘટ છે ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકા છે. ગાંધીનગર તાલુકામાં કુલ-૭૭ ગામો છે ગૌચરની ઘટવાળા ૭૧ ગામો છે અને વર્ષો પહેલેથી શુન્ય ગૌચરવાળા એવા ૬ ગામો છે. તે જ રીતે દહેગામમાં કુલ-૯૬ ગામો તેમાં ૯૪ ગૌચરની ઘટવાળા ગામો છે અને વર્ષોથી શુન્ય ગૌચરવાળા ૨ ગામો છે. કલોલની અંદર કુલ-૬૭ ગામો છે તેમાં ૬૪ ગૌચરવાળા ગામો છે અને ૩ શુન્ય ગૌચરવાળા છે. એ જ રીતે માણસામાં કુલ- ૫૦ ગામો છે, ૩૪ ગૌચરની ઘટવાળા ગામો છે અને ૧૬ શુન્ય ગૌચરવાળા ગામો છે. એટલે આ ગૌચરની બાબતમાં રાજ્ય સરકારે મેં અગાઉ કહ્યું તેમ એટલી જ જમીન આપવાની અને ૩૦ ટકા ઉપરાંત આ ૩૦ ટકા વધારાની બજાર કિંમત લઇએ છીએ તેમાં ગૌચર વિકાસ ફંડ ઉભું કરીએ છીએ અને ગૌચર વિકાસ ફંડ જિલ્લા પંચાયતના અધ્યક્ષના હવાલે મૂકીને તેમાંથી ગૌચર વધારવા, ગૌચર બચાવવા અને ગાયોને ચરણ મળે આ વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે એટલે ગૌચર ફંડ ઉભું કરાવીએ છીએ ઓછું તો ના થાય પણ તેમાંથી ગૌચર ફંડના પૈસા હોય તેમાંથી ગૌચરનો વિકાસ થાય, ચરણ માટે થાય તેના માટે પણ વ્યવસ્થા કરીએ છીએ.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ આવ્યું વર્ષ ૨૦૧૫માં કે ગૌચરની જમીન આપવી નહીં તો રાજ્ય સરકારે ચાતુર્યપૂર્વક જે ગૌચરો હતા એને દબાણ હેઠળ એક યા બીજા કારણો બતાવી સરકારી પડતર દાખલ કરી દીધા, એટલે ગૌચર રહ્યું નહીં. હવે સરકારી પડતરમાં દાખલ કર્યા પછી જે ગૌચરની જમીનો હતી, તે સરકારી પડતરમાં દાખલ કરી અને સરકારી પડતરોની જમીન ગાંધીનગર જિલ્લામાં કેટલાય ઉધોગપતિઓને આપી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ આવ્યા પછી ગૌચરમાંથી સરકારી પડતર તરીકે ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનો દાખલ થઇ એ

પૈકી જે ગૌચરની હતી પણ એ સરકારી પડતર નામ પર લાવી આપી એટલે તમે છૂટી જાઓ કે આ ગૌચરની જમીન અમે આપી નથી, પડતર આપી છે, પરંતુ વાસ્તવમાં એ ગૌચરની હતી એટલે એવી કેટલી જમીનો છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો નામદાર સુપ્રીમ કોર્ટનો જે ચૂકાદો આવ્યો એ તો વર્ષ ૨૦૧૫માં નહીં પણ વર્ષ ૨૦૧૧માં આવ્યો છે. આ ચૂકાદો આવ્યા પછી વર્ષ ૨૦૧૫માં રાજય સરકારે ગૌચરની નીતિ બનાવી, આ નીતિ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ એક પણ ઇંચ ગૌચર ઓછું ન થાય, જાહેર હેતુઓ માટે જગ્યાઓ આપીએ છીએ, અગાઉ જેમ કહ્યું એમ સરકારી જાહેર સાહસોમાં એ લોકો પાસેથી એટલી જમીન વસૂલીએ છીએ, સરકારી પડતરમાંથી આપીએ છીએ એટલે ગૌચર ઓછું નથી કરતા. એટલે આ ગૌચર જળવાઇ રહે છે.

એમણે જે બીજો પ્રશ્ન પૂછયો કે એમાં જણાવું તો ગાંધીનગર જિલ્લામાં છેલ્લા સાત–આઠ વર્ષમાં ૧૧ હેકટર ગૌચર ઓછું થયું છે, ગાંધીનગરમાં જે રીતે વિકાસ થયો છે, તેની સામે ફકત ૧૧ હેકટર ગૌચર ઓછું થયું છે જે જરૂરીયાત છે. એટલે એમને જે શંકા છે કે બીજાને વેચી મારીએ એવું ગાંધીનગર જિલ્લામાં એકેય જગ્યાએ કોઇને જગ્યા ખાનગીને આપી નથી.

અધ્યક્ષશ્રી : શું પૂછો છો?

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું કે આપી નથી, દબાણ પણ છે અને ગૌચર પર ઇન્ડસ્ટ્રીઓ પણ ચાલે છે. ગૌચર આપ્યું ન કહેવાય પણ બીજી રીતે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્ધારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગાયોના નામે મત લેવાય છે અને રાજનીતિ પણ બહુ થાય છે. કલોલ તાલુકાની અંદર ગાંધીનગર જિલ્લાની અંદર ૨૬૩ ગામો ઓછાં ગૌચરવાળા આવેલાં છે. એમાં કલોલ તાલુકાના કેટલા એનો તમે જવાબ આપ્યો પણ કલોલ તાલુકાના મોટી ભોંયણ ગામે જે.કે.લક્ષ્મી સિમેન્ટે ૧૦ વીઘા ગૌચરમાં દબાણ કરી ફેકરટરી ત્યાં તાણી બાંધી છે. એ દબાણ તમે દૂર કરવા માગો છો કે કેમ? આ ફેકટરીએ પ્રાઇવેટ બીજી જમીન ખરીદી અને અમે ગૌચર કરવા માગીએ છીએ એવા કાગળો આ સરકારમાં ચાલે છે, પરંતુ પહેલાં મંજૂરી લઇ અને ફેકટરીનું બાંધકામ કરવામાં આવે તો એને કાયદેસરની વાત કહેવાય. પરંતુ ૧૦–૧૨ વર્ષ પહેલાં આ ગૌચરની અંદર ફેકટરીનું બાંધકામ થઇ ગયું છે, જયારે ખબર પડી કે આ ગૌચરમાં બાંધકામ કર્યું છે, એટલે બીજું ગૌચર વધારવા માટે સરકારના કોઇ અધિકારીએ વાત કરી કે આવી તમે દરખાસ્ત ચલાવો અમે તમને મંજૂરી આપી દઇશું. ગાંધીનગરમાં ૨૦૦૦ વારમાં મારે મકાન બનાવવું છે, તો હું મકાન બનાવું અને પછી તમને એમ કહું કે તમને બાજુના ગામમાં જમીન આપી દઉં એ વાત ચાલશે ખરી? એટલે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, આ ફેકટરીનું બાંધકામ ક્યારે કરવામાં આવ્યું, ગૌચરની જમીનમાં ફેકટરીનું બાંધકામ થયું છે એ વાત સાચી છે કે ખોટી ? આ બાંધકામ થયું ત્યારે ગુજરાતમાં કોની સરકાર ચાલતી હતી?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં મોટી ભોયણનો જે પ્રશ્ન પૂછયો છે, તેમાં માનનીય ધારસભ્યશ્રીએ જિલ્લા કક્ષાએ સંકલન સમિતમાં તા.૧૫/૨ ના રોજ પ્રશ્ન ઉઠાવ્યો હતો. આ પ્રશ્ન ઉઠાવ્યો એટલે સરકારે કામગીરી ચાલુ કરી એવું નથી. એ પહેલાં, આમાં બે વિભાગ કામગીરી કરે છે. મહેસૂલ વિભાગની કામગીરી ગૌચર ઓછું ન થાય અને કયાંય અપાય નહીં અને અપાય તો એટલું બેલેન્સ કરાય. અને પછી પંચાયત વિભાગને હવાલે કરીએ છીએ. એટલે તેની જાળવણી અને એ બધું પંચાયત વિભાગે કરવાનું હોય છે. પંચાયત વિભાગને જયારે આ માહિતી મળી એમની પાસે માહિતી આવી એટલે તેને દબાણ દૂર કરવાની નોટીસ આપી છે. દબાણ દૂર કરવા માટે પંચાયત વિભાગે નોટીસ આપેલ છે. એ દરમિયાન આ કંપની રોજગારી પૂરી પાડતી હોય અને જે ઉદ્દેશ હોય તે, પણ ગ્રામ પંચાયતે ઠરાવ કર્યો છે, એ વખતે ગ્રામ પંચાયત કોની હતી એ મારે કહેવાની જરૂર નથી. તેઓ મારા કરતા સારી રીતે જાણે છે. પણ ગ્રામ પંચાયતે બે વાર ઠરાવ કર્યો છે કે સરકારી નીતિ નિયમો પ્રમાણે કલેકટરશ્રી જમીન આપે તો એમને કોઇ વાંધો સરખું નથી. એટલે બે વાર આવો ઠરાવ ગ્રામપંચાયતે કર્યો છે અને તેની પ્રોસેસ ચાલે છે. તેમ છતાં દબાણ ધ્યાનમાં આવ્યું અને તેમને નોટીસ આપી છે. એ દરમિયાન કંપનીએ નિયમ મુજબ માગણી કરી છે. હવે બન્ને વિભાગો અમારા હસ્તક છે અને બન્ને વિભાગો તેમના નિયમો અને કાયદાકીય જોગવાઇઓ અને બધું ધ્યાનમાં લઇને તાત્કાલિક સત્વરે જે કોઇ કાર્યવાહી કરવાની હશે તે કરશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો જ છે કે મંજૂરી પહેલા લઇને પછી બાંધકામ કરવાનું આવે કે બાંધકામ કર્યા પછી મંજૂરી આપવાની આવે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં કહ્યું કે પંચાયત વિભાગે દબાણ દૂર કરવાની નોટીસ આપી છે, પણ કંપનીએ ધારા ધોરણ મુજબ નિયમ અનુસાર જે કોઇ કાર્યવાહી થતી હોય તે કરીને સરકાર આપવા માગે છે કે કેમ એવું કહ્યું છે, આ પ્રશ્ન એવો છે કે તેને ખાનગી જમીન ખરીદી અને આપણને આપવાની છે. એટલે મોડું થયું હોય તો તેમને કોઇ ફાયદો કરવાની વાત નથી. તે જમીન મળવાની જ છે. ૩૦ ટકા ચાલુ બજારભાવે લેવાની છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે ગુજરાત સરકારની સ્પષ્ટ ગૌચર નીતિ શું છે? અને મહેસાણા જિલ્લામાં કેટલા ગામોમાં (અંતરાય) ગૌચર છે?

અધ્યક્ષશ્રી : હું ફરીવાર વિનંતી કરું છું કે અવાજ ન કરશો. હું પ્રશ્ન પૂછવા દઉં છું, તે દિવસે પણ ૨૭ મિનિટ સુધી એક પ્રશ્નમાં મેં પ્રશ્નો પૂછવા દીધા હતા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં દસ તાલુકા છે એ દસ તાલુકામાં જોટાણામાં કુલ ૩૦ ગામોમાં ગૌચર છે અને ઘટવાળા ગામ ઝીરો છે, શૂન્ય ગૌચરવાળું એક ગામ છે, વિજાપુરમાં કુલ ૬૪ ગામો છે એમાં ૫૮ ગૌચરની ઘટવાળા ગામો છે, વડનગરમાં ૪૭ ગામો છે એમાંથી ૪ ગામો ગૌચરની ઘટવાળા છે. ઊંઝામાં કુલ ૩૫ ગામો છે અને ૩૫માં ગૌચરની ઘટ છે. સતલાસણામાં ૭૩ ગામોમાંથી ઘટવાળા શૂન્ય છે. કડીમાં ૧૧૧ ગામો છે તેમાંથી ગૌચરની ઘટવાળા શૂન્ય છે, વિસનગરમાં ૫૮ ગામોમાંથી ગૌચરની ઘટવાળા શૂન્ય છે, બેચરાજીમાં ૫૩ ગામો છે અને ગૌચરની ઘટવાળા શૂન્ય છે. ખેરાલુમાં ૫૦ ગામો છે એમાંથી ગૌચરની ઘટવાળા શૂન્ય છે. એટલે ઢોરના ચરીયાણમાં એક પણ ઇંચ જગ્યા અમે ઓછી કરી નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીમાં જોઇએ તો ગુજરાતમં તમામ જિલ્લાઓમાં ગૌચર ઓછું થયું છે. આ રાજયમાં આજે પણ ૨૭૫૪ ગામો એવા છે કે જેમાં બિલકુલ ગૌચર નથી. ગાંધીનગર અને મહેસાણાનો પણ એમાં સમાવેશ થય છે. રાજયમાં ગૌચરોના દબાણો થયા છે એ ૪ કરોડ ૭૫ લાખ ચોરસ મીટર ઉપર થયેલ છે. આપણે ગૌચરની વાત કરીએ છીએ ગાય માતાની વાત કરીએ છીએ ત્યારે રાજયમાં ૨૭૫૪ ગામોમાં આજે પણ બિલકુલ ગૌચર નથી. આજની પ્રશ્નોત્તરીના જવાબમાં તમામ જિલ્લામાં ગૌચર ઓછું છે તેવું સરકારે સ્વીકાર્યું છે. પરંતુ જે જગ્યાએ દબાણ થયું છે એવી ૪ કરોડ ૭૫ લાખ ચોરસ મીટર જમીન ઉપર દબાણ છે. ગૌચર ઓછું છે એના કારણો શું અને જે ગૌચરો ઉપર દબાણ થયેલ છે એના ઉપર સરકારની શું નીતિ છે એ અંગેની મંત્રીશ્રી સ્પષ્ટતા કરે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ગામોમાં ગૌચર ઓછું છે એવી વાત કરી એમાં ગૌચર ગણવાની પદ્ધતિ છે કે સો ઢોરોએ ૪૦ એકર જમીન જોઇએ આની દર પાંચ વર્ષે ગણતરી થાય છે. પાંચ વર્ષે આટલા ઢોર છે એ પછી એ ઢોર બીજે ગયા, ત્રીજે ગયા, એ ફરતું જ રહેવાનું છે. માનનીય સભ્યશ્રીએ બીજી વાત કરી કે ગૌચર પહેલેથી ઓછું છે એમાં શું કરવા માગે છે? સરકારની એ નીતિ છે કે જિલ્લા કક્ષાએ આદેશો આપ્યા છે કે સરકારી પડતર જમીન કે ખરાબો હોય કે બાજુના ગામની ગૌચરની જમીન હોય કે રોડની બંને બાજુની જગ્યા છે ત્યાં ઉગતું ઘાસ છે એમાં ચરણ કરવાની છૂટ જયાં ગૌચર નથી ત્યાં આપવી. ત્રીજું, જે ગૌચર વિકાસ ફંડ આવે છે એમાં જેને આપીએ છીએ એની પાસેથી ૩૦ ટકા વધારે લઇએ છીએ. એ ગૌચર વિકાસ ફંડમાંથી આ ગૌચરનો વ્યાપ કેમ વધે, જમીનની દ્રષ્ટિએ, વ્યવસ્થાની દ્રષ્ટિએ ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવાનો, ફેન્સિંગ કરવી એમ દસ બાર આઇટમો છે એ વધારવા માટે ૩૦ ટકા વધારાના લઇએ છીએ. એટલે એ ફંડમાંથી પણ એની વ્યવસ્થા કરવાનું આયોજન કરેલ છે અને ચોક્કસ નીતિ બનાવેલ છે. નીતિની બહાર આ બંને જિલ્લામાં કોઇને એક ઇંચ જમીન આપી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય નિરંજનભાઇ, પ્રશ્ન પૂછવા ખાતર ન પૂછતા.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,આપણા ગુજરાતની બોર્ડર પાકિસ્તાન સાથે જોડાયેલી છે. કોઇ ગામ ઠરાવ કરે કે આ જમીન પાકિસ્તાનને આપી દેવી તો એ સરકાર ગાહ્ય રાખશે ખરી?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નનો જવાબ આપવાની જરુર નથી. માનનીય પુંજાભાઇ.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નિરંજનભાઇ પાકિસ્તાન પાકિસ્તાન કરે છે આજે લીલો ઝબ્ભો પહેરીને આવ્યા છે.

અધ્યક્ષશ્રી : કોઇના કપડાં ઉપર ન બોલાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચર જાળવવું એ ગંભીર ચિંતાનો વિષય છે. સુપ્રીમ કોર્ટના ચૂકાદાની વાત થઇ. આજે પણ ગ્રામ્ય વિસ્તારની અંદર સો ચોરસવારના પ્લોટો અને ગામતળ માટેના જે ઇસ્યૂ છે એમાં આડેધડ પેશકદમી થઇ ગઇ છે. એક બાજુ ઉદ્યોગોએ કરેલા દબાણોને આપણે રેગ્યુલરાઇઝ કરીએ અથવા એક યા બીજી રીતે એને આપવા માટે નિર્ણય કરીએ તો ગ્રામ્ય વિસ્તારની અંદર ગામતળ ન હોવાને કારણે જે લોકોએ નાના માણસોએ બાંધકામ કરેલું છે એને આપણે કાયમી ધોરણે રેગ્યુલરાઇઝ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની ચિંતા છે એ પ્રમાણે હમણાં જ મેં સવાલના જવાબમાં કહ્યું કે બે વિભાગની વાત છે. અમારું કામ ગૌચરની જમીન ઓછી ન થાય જેને આપીએ એને નીતિ પ્રમાણે આપીએ, લોકલ ફંડ ઉઘરાવીએ એમાંથી પંચાયતને હવાલે કરીએ, પંચાયત બધી વિશિષ્ટ પ્રવૃતિઓ ગૌચર માટે કરે છે. બંને વિભાગ ભેગા મળીને સત્વરે ગૌચરમાં જેણે પણ દબાણ કર્યું હશે એ નીતિ નિયમો, ધારા ધોરણ પ્રમાણે તાત્કાલિક પગલાં ભરીશું.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ ગામડાંમાં તમામ ખરાબાઓ ઉપર દબાણ છે. બાકી તો એસ્સાર કંપનીને, વિન્ડ ફાર્મ ઉભા કરવા માટે તથા બીજી કંપનીઓને ગૌચરમાંથી જમીન ફાળવી છે. પણ માનનીય ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના અનુસૂચિત જાતિ માટેના ગ્રાન્ટ ઇન એઇડ જે છાત્રાલયો ચાલે છે તો એમને ચલાવવા માટે ગામડામાં ખરાબામાં તો દબાણ છે તો થોડી ઘણી ગૌચરમાંથી જમીન આ ટ્રસ્ટ જે અનુસૂચિત જાતિના છે તો એમને આપવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : એ વિષય નથી અત્યારે.

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એમણે એક વાત કરી કે સરપંચે ઠરાવ કરી કરી દીધો એટલા માટે. તો સુપ્રીમ કોર્ટની કોઇ એવી ગાઇડ લાઇન છે કે, સરપંચ ઠરાવ કરી દે એટલે ગૌચર આપી શકાય? બીજો પ્રશ્ન, ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૧ પહેલા કેટલું ગૌચર હતું અને અત્યારે કેટલું ગૌચર છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટનો ઉદ્દેશ છે કે, ગૌચર ઓછું થવું જોઇએ નહીં. વર્ષ ૨૦૧૧માં એમણે હુકમ કર્યો, એટલે સરકારે વર્ષ ૨૦૧૫માં નીતિ બનાવી, એ નીતિ મુજબ એક પણ ઇંચ ગૌચર ઓછું ના થાય, ઉપરથી વધે, મારી પાસે હમણાં આંકડો આવ્યો છે (અંતરાય) એક લાખ પચાસ હજાર (અંતરાય ) ઉપરથી વધાર્યું છે. દબાણ માટે જવાબ આપી દીધો, તાત્કાલિક કાર્યવાહી કરીશું.

**ભાવનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ**

*૨૪૯૩૦ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) પત્રક–૧ મુજબ.

**પત્રક–૧**

| જિલ્લાનું નામ | ક્રમ | તાલુકો | ઘરથાળ પ્લોટ મેળવવા મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | **૧/૧/૨૦૧૮ થી ૩૧/૧૨/ ૨૦૧૮** | **૧/૧/૨૦૧૯ થી ૩૧/૧૨/ ૨૦૧૯** |
| ભાવનગર | ૧ | ભાવનગર | ૦ | ૦ |
| | ૨ | ઘોઘા | ૦ | ૦ |
| | ૩ | તળાજા | ૧૧ | ૦ |
| | ૪ | મહુવા | ૨૬ | ૭૯ |
| | ૫ | જેસર | ૦ | ૦ |
| | ૬ | ગારીયાધાર | ૩૨ | ૦ |
| | ૭ | શિહોર | ૧૬ | ૦ |
| | ૮ | પાલીતાણા | ૯ | ૫૫ |
| | ૯ | ઉમરાળા | ૪ | ૮ |
| | ૧૦ | વલ્લભીપુર | ૧૦ | ૧૯ |
| | | **કુલ** | **૧૦૮** | **૧૬૧** |
| દેવભૂમિ દ્વારકા | ૧ | ખંભાળિયા | ૭૬ | ૩૫ |
| | ૨ | ભાણવડ | ૩૨ | ૨૯ |
| | ૩ | કલ્યાણપુર | ૦ | ૫૭ |
| | ૪ | દ્વારકા | ૦ | ૦ |
| | | **કુલ** | **૧૦૮** | **૧૨૧** |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ ક્યા કારણસર નામંજૂર કરી,

(૨) પત્રક–૨ મુજબ.

(૩) વર્ષવાર, તાલુકાવાર મંજૂર અરજીઓ પૈકી કેટલાને પ્લોટનો કબજો સોંપવામાં આવ્યો, અને

(૩) પત્રક–૩ મુજબ.

**પત્રક–૩**

| જિલ્લાનું નામ | ક્રમ | તાલુકો | મંજૂર અરજીઓ પૈકી પ્લોટનો કબજો સોંપવામાં આવેલ તેની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | **૧/૧/૨૦૧૮ થી ૩૧/૧૨/ ૨૦૧૮** | **૧/૧/૨૦૧૯ થી ૩૧/૧૨/ ૨૦૧૯** |
| ભાવનગર | ૧ | ભાવનગર | ૦ | ૦ |
| | ૨ | ઘોઘા | ૦ | ૦ |
| | ૩ | તળાજા | ૩ | ૦ |
| | ૪ | મહુવા | ૧૪ | ૭૩ |
| | ૫ | જેસર | ૦ | ૦ |
| | ૬ | ગારીયાધાર | ૩૧ | ૦ |
| | ૭ | શિહોર | ૧૧ | ૦ |
| | ૮ | પાલીતાણા | ૫ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૯ | ઉમરાળા | ૩ | ૭ |
| | ૧૦ | વલ્લભીપુર | ૧૦ | ૮ |
| **કુલ** | | | **૭૭** | **૯૫** |
| દેવભૂમિ દ્વારકા | ૧ | ખંભાળિયા | ૨૪ | ૩૧ |
| | ૨ | ભાણવડ | ૩૨ | ૨૭ |
| | ૩ | કલ્યાણપુર | ૦ | ૦ |
| | ૪ | દ્વારકા | ૦ | ૦ |
| **કુલ** | | | **૫૬** | **૫૮** |
| **એકંદર કુલ** | | | **૧૩૩** | **૧૫૩** |

(૪) બાકી રહેલાને ક્યાં સુધીમાં પ્લોટનો કબજો સોંપવામાં આવશે?

(૪) ભાવનગર જિલ્લામાં ઉમરાળા તાલુકાના બાકી રહેતા ૧ લાભાર્થીને પ્લોટનો કબજો બનતી ત્વરાએ ફાળવી આપવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મંજૂર કરેલ તમામ અરજીઓના અરજદારને પ્લોટ ફાળવેલ છે.

**પત્રક–૨**

| જિલ્લાનું નામ | ક્રમ | તાલુકો | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | | નામંજૂર કરેલ અરજીઓની સંખ્યા | | અરજીઓ નામંજૂર કરવાના કારણો |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૧/૧/૨૦૧૮ થી ૩૧/૧૨/૨૦૧૮ | ૧/૧/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯ | ૧/૧/૨૦૧૮ થી ૩૧/૧૨/૨૦૧૮ | ૧/૧/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯ | |
| ભાવનગર | ૧ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૨ | ઘોઘા | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૩ | તળાજા | ૩ | ૦ | ૮ | ૦ | સરકારશ્રીની યોજનાના ઠરાવના માપદંડ પ્રમાણે પાત્રતા ધરાવતા ન હોવાથી. |
| | ૪ | મહુવા | ૧૪ | ૭૩ | ૧૨ | ૬ | |
| | ૫ | જેસર | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૬ | ગારીયાધાર | ૩૧ | ૦ | ૧ | ૦ | સરકારશ્રીની યોજનાના ઠરાવના માપદંડ પ્રમાણે પાત્રતા ધરાવતા ન હોવાથી. |
| | ૭ | શિહોર | ૧૧ | ૦ | ૫ | ૦ | |
| | ૮ | પાલીતાણા | ૫ | ૭ | ૪ | ૪૮ | |
| | ૯ | ઉમરાળા | ૩ | ૮ | ૧ | ૦ | |
| | ૧૦ | વલ્લભીપુર | ૧૦ | ૮ | ૦ | ૧૧ | |
| **કુલ** | | | **૭૭** | **૯૬** | **૩૧** | **૬૫** | |
| દેવભૂમિ દ્વારકા | ૧ | ખંભાળિયા | ૨૪ | ૩૧ | ૫૨ | ૪ | સરકારશ્રીની યોજનાના ઠરાવના માપદંડ પ્રમાણે પાત્રતા ધરાવતા ન હોવાથી. |
| | ૨ | ભાણવડ | ૩૨ | ૨૭ | ૦ | ૨ | |
| | ૩ | કલ્યાણપુર | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૪ | દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | |
| **કુલ** | | | **૫૬** | **૫૮** | **૫૨** | **૬** | |
| **એકંદર કુલ** | | | **૧૩૩** | **૧૫૪** | **૮૩** | **૭૧** | |

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, ઘરથાળના પ્લોટ ફાળવવાની સરકારશ્રીની યોજનાના ઠરાવની વિગત શું છે? ભાવનગર અને દેવભૂમિ દ્વારકામાં ઘરથાળના પ્લોટનો કઇ તારીખે લાભાર્થીઓને કબજો સોંપવામાં આવ્યો છે? અને તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દરેક જિલ્લામાં તાલુકાવાર ફાળવ્યા વગરના કેટલા પ્લોટો ઉપલબ્ધ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્લોટ ફાળવવા માટેની સરકારની નીતિ, આ યોજના મે, ૧૯૭૨માં શરૂ કરવામાં આવી હતી. એ જે ગ્રામ્ય વિસ્તારમાં ખેત મજૂરો હતા એમને સો વારનો મફત પ્લોટ આપવાની યોજના હતી. પાંચમી પંચવર્ષિય યોજનાની અંદર તમામ રાજ્યોને સત્તા આપીને વર્ષ ૧૯૭૬માં આ રાજ્ય સરકાર એનો વહીવટ કરે છે અને તા.૧–૫–૧૯૭૦ના ઠરાવમાં સુધારો કરીને આ રાજ્ય સરકાર અત્યારે એનું અમલીકરણ કરે છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગું છું કે, મારા મત વિસ્તારમાં બે વર્ષમાં વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં આ ઘરથાળના પ્લોટો છે એ ઉમરાળા અને વલ્લભીપુરમાં માત્ર એકત્રીસ પ્લોટ ફાળવવામાં આવ્યા છે. આજે સંવેદનશીલ સરકારને મારો પ્રશ્ન છે કે, આ જે એકત્રીસ છે એમાં આ ચાલુ વર્ષે તમે કેટલા પ્લોટો ફાળવવાનું આયોજન કર્યું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ઉમરાળા તાલુકાની વાત કરી છે, વર્ષ ૨૦૧૮માં એમની અરજીઓ માત્ર ચાર જ મળી હતી અને એ પૈકી ત્રણ મંજૂર કર્યા છે, એક નામંજૂર કરી છે અને એના પ્લોટ પણ ત્રણે–ત્રણ આપી દેવામાં આવેલા છે. વર્ષ ૨૦૧૯માં ઉમરાળા તાલુકાની અંદર આઠ અરજીઓ આવી હતી અને આઠેય મંજૂર કરેલ છે અને એમાં સાતનો કબજો આપી દીધેલ છે અને એક બાકી હતો એ પણ તા.૧–૩–૨૦૨૦ના રોજ કબજો આપી દીધો છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ મંગાવવામાં આવે છે એમાં જ એ અરજીઓ લેવામાં આવતી નથી. પ્લોટ લેવા માટે આજે કેટલાય ગરીબો રાહ જોઇને બેઠા છે. અરજીઓ લેવામાં આવતી નથી. આજે ચાર અરજી આવી, આઠ અરજી આવી પણ આવી અરજીઓ સરકારે જે માગવી જોઇએ એ માગવામાં જ આવતી નથી.

અધ્યક્ષશ્રી: અરજીઓ લેવામાં આવતી નથી. કાળજી કરજો.

શ્રી રાઘવભાઇ મકવાણાઃ માનનીય અધ્યક્ષશ્રી, અમારા ભાવનગર જિલ્લાના સભ્યશ્રી કનુભાઇ બારૈયાના પ્રશ્નના સંદર્ભમાં મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ઘરથાળના મફત પ્લોટ મેળવવા માટેની પદ્ધતિ શું છે અને આ યોજના હેઠળ ઘરથાળના પ્લોટ માટે કેટલી જમીન આપી શકાય?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘરથાળના પ્લોટ ફાળવવા માટેની જે પદ્ધતિ છે અને કેટલી જમીન આપવામાં આવશે એ માનનીય સભ્યશ્રીની જે લાગણી છે તો અરજદાર પાસેથી અરજીઓ મેળવ્યા પછી પાત્રતા ધરાવતી અરજીઓને તાલુકા લેન્ડ કમિટિમાં નિર્ણય માટે મૂકી મંજૂર કરેલ છે. એ અરજદારોને પ્લોટ ફાળવવામાં આવે છે. આ યોજના નીચે પાત્રતા ધરાવતા કુટુંબોને વધુમાં વધુ ૧૦૦ ચોરસવાર સુધીના ઘરથાળના પ્લોટ વિના મૂલ્યે ફાળવવામાં આવશે. આ પૂરતી જમીન ન હોવાના કારણે તેવા કિસ્સામાં ઓછામાં ઓછી જમીન ઉપલબ્ધતાના આધારે વધારે કુટુંબને આવરી લેવાના હેતુથી ૧૦૦ ચોરસવારથી ઓછો પણ ૫૦ ચોરસવારથી ઓછો નહીં એવા પ્લોટ ફાળવવામાં આવે છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ કોઠાની અંદર જે જવાબ આપ્યો છે તેમાં અમારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ વિસ્તારમાં ૩૨ અરજીઓ મંજૂર કરી છે. ૨૭નો કબજો સોંપવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષથી આ અરજદારો ધક્કા ખાય છે. આ પ્લોટો છે તેની ગરીબ લોકો માગણી કરતા હોય છે. આપણી દેશી કહેવતમાં ખાતર ઉપર દિવેલ. મંજૂર તો થાય પણ વારંવાર ધક્કા ખાધા પછી તેમને કબજો ન મળે. તો ક્યાં સુધીમાં આ લાભાર્થી લોકોને કબજો સોંપવા માગો છો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, દેવભૂમિ દ્વારકામાં ભાણવડની અંદર મળેલી અરજીઓ ૨૯ હતી અને ૨૭ મંજૂર કરી છે અને મંજૂર કરેલી અરજીઓ પૈકીની ૨૭માં ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવેલા છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૩૨ બતાવ્યા છે. મંત્રીશ્રી ૨૯ કહે છે. મને જે છાપેલી નકલ મળી છે તેમાં ૩૨ બતાવવામાં આવે છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ભાણવડમાં વર્ષ ૨૦૧૮–૧૯માં પણ ૨૯, બે નામંજૂર કરી છે અને ૨૭માં પ્લોટ ફાળવવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી: મંજૂર કરેલ અરજીની સંખ્યા ભાણવડ–૩૨.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ભાણવડમાં વર્ષ ૨૦૧૮માં ૩૨ અરજીઓ આવી હતી. તેમાંથી ૩૨ મંજૂર કરવામાં આવી છે. મંજૂર પૈકી ૩૨ અરજીઓનો પ્લોટનો કબજો સોંપી દેવામાં આવેલ છે. કોઇ બાકી રહેતો નથી.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ મફત પ્લોટ ફાળવણીની શરતો અને બોલીઓ શી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્લોટ ફાળવણી માટેની શરતો અને બોલીઓ. પ્લોટ નવી અને અવિભાજ્ય શરતે આપવામાં આવે છે. પ્લોટ ઉપર બે વર્ષમાં મકાનનું બાંધકામ કરવાનું રહે છે. પ્લોટનો કબજો સુપ્રત થયે બિનખેતીનો વેરો આકાર લાગુ થશે. ખુલ્લો પ્લોટ કે તેના ઉપર કરેલ બાંધકામ કોઇને ભાડે આપી શકશે નહીં. જે ઇસમને પ્લોટ ફાળવેલ હોય તેઓને તેના ઉપર બાંધકામ કરવા માટે લોન મેળવવા માટે એણે જાતે વ્યવસ્થા કરવાની રહેશે અને જાતે બાંધકામ કરવાનું રહેશે. ફાળવેલ પ્લોટ વેચી શકાશે નહીં કે ગીરો મૂકી શકાશે નહીં અથવા તેના હક્કો કોઇને તબદીલ કરી શકશે નહીં. ઉપરોકત શરતોની ભંગ થયેથી સરકારશ્રી હેડે દાખલ કરવામાં આવશે.

**આણંદ જિલ્લામાં શ્રમ કાયદાના ભંગ કરતા ઔદ્યોગિક એકમોની તપાસ**

*૨૫૩૩૧ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં શ્રમ કાયદાનો ભંગ કરતા કેટલા ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી, | (૧) ૧૨૭૪ |
| (૨) ઉક્ત તપાસ દરમ્યાન કેટલા એકમો કસુરવાર | (૨) ૬૨ |

જણાયા, અને

| | |
|---|---|
| (૩) ઉક્ત એકમો સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) કસુરવાર ઔદ્યોગિક એકમો સામે ૧૪૪ ફોજદારી કેસો નામ. કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા. |

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં જે તપાસ દરમિયાન શ્રમ કાયદાનો ભંગ કરતા ૬૨ એકમો પકડાયા, એટલે પહેલો તો પ્રશ્ન એ કે એ કયા તાલુકામાં અને કેટલા પકડાયા? બીજું કે ત્રણ નંબરના જવાબમાં જણાવ્યું છે કે ૬૨ એકમો પૈકી ૧૪૪ સામે ફોજદારી કેસો કરવામાં આવ્યા તો આ બેનું વેરીએશન શું છે એ મારે જાણવું છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૭૪ એકમો પૈકી ૬૨ એકમો સામે કુલ ૧૪૪ વિવિધ કાયદાનો ભંગ કરવા બદલ કેસ કરવામાં આવ્યા છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૬૨ એકમો પૈકી ૧૪૪ ફોજદારી કેસો એટલે જુદા જુદા કેસો કરવામાં આવ્યા છે કે કેમ એ મારે જાણવું છે. વ્યકિત કે એકમો ૬૨ છે તો ૧૪૪ કેવી રીતે થાય?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૬૨ એકમો સામે કેસ કરવામાં આવ્યા હતા અને એમાં વિવિધ નિયમોનો ભંગ કરવા બદલ કર્યા, કયાંક શ્રમ કાયદાનો ભંગ થતો હોય, કયાંક કારખાના ધારાનો પણ ભંગ થતો હોય, શ્રમ કાયદા મુજબ શ્રમ કાયદાના એકથી વધારે કાયદાનો ભંગ થતો હોય તો એ પ્રમાણે કેસ કરવામાં આવે, કારખાના ધારાની અંદર એક કરતા વધારે નિયમોનો ભંગ થતો હોય તો એ પ્રમાણે કેસ કરવામાં આવે. શ્રમ વિભાગ દ્વારા ૭૬ કેસ, કારખાના ધારા નીચે ૬૮ કેસ આમ કુલ ૧૪૪ કેસ કરવામાં આવ્યા છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી..

અધ્યક્ષશ્રી : શું બાકી રહ્યું?

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં તાલુકાવાર વિગતો માગી છે.

અધ્યક્ષશ્રી : જોઇએ જ છે? કોઇ ચોકકસ તાલુકો કહો.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બોરસદ તાલુકાનું કહો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૪ કેસની પૂરેપૂરી વિગત છે, માનનીય સભ્યશ્રીને ૧૪૪ કેસની વિગતો મોકલી આપીશ.

અધ્યક્ષશ્રી : એમને મોકલી આપજો. ૧૪૪ વાંચશે તો સમય પૂરો થઇ જશે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે લઘુત્તમ વેતન અધિનિયમ૧૪૮ હેઠળ આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સંસ્થાઓમાં કેટલા શ્રમયોગીઓને સમજાવટથી વેતન તફાવતની ચૂકવણી કરવામાં આવેલ છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે સમજાવટથી કોઇ કારખાનાની અંદર કોઇ નિયમનો ભંગ થતો હોય તો ..

અધ્યક્ષશ્રી : (માનનીય સભ્યશ્રી પુનમભાઇ પરમારને), બૂમ નહીં પાડવાની, મેં સાંભળ્યું અને તમારું નામ મેં લખી પણ લીધું છે પણ ફરીવાર આવી કોઇ બૂમ પાડશે એને તો નહીં જ પૂછવા દઉં. હાથ ઉંચો કરવાનો, મેં જોયું છે, મારી નજર પડે છે. હવે તો માનનીય વિક્રમભાઇ સુધી મારી નજર પડે છે..

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કારખાનાઓની અંદર કેસ દાખલ કરતા પહેલા જે કારખાનામાં નિયમોનું ઉલંઘન થયું હોય તો એવા કારખાનાઓને અમારા અધિકારીઓ મારફત સમજાવવામાં આવે છે કે તમારી આટલી ભૂલ થઇ છે. આટલું તમે ચૂકવણું ઓછું કર્યું છે, આટલું તમે વેતન ઓછું ચૂકવ્યું છે. આવા ૪૦ એકમોની અંદર ૨,૪૮,૦૬,૬૨૯ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું અને ૧૭૪૩ શ્રમયોગીઓને આ રૂપિયા બે કરોડથી વધુ માત્ર સમજાવટથી ચૂકવણું કરવામાં આવ્યું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૧૨૭૪ શ્રમ કાયદાનો ભંગ કરતા એકમોની તપાસ કરવામાં આવી, એમાં ૬૨ કસુરવાર જણાયા, આ ૬૨માં મારા મત વિસ્તાર સોજીત્રા તાલુકામાં અને તારાપુર તાલુકામાં કેટલા? અને આ જે ૧૪૪ કેસો કરવામાં આવ્યા છે તો મારા મત વિસ્તાર તારાપુર અને સોજીત્રામાં કેટલા કેસ કરવામાં આવ્યા? એના વેતન વેતન ધારાથી સરકારે નક્કી કરેલ છે. આવા ઉદ્યોગોમાં સ્થાનિક રોજગારી મળવી જોઇએ એ મળતી નથી એની તપાસ કરી છે કે કેમ? અથવા કરવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ૧૪૪ અને આખા આણંદ જિલ્લાની પૂરેપૂરી માહિતી છે. એમના વિસ્તારની જોઇતી હશે તો એકમો સાથેની માહિતી એમને મોકલી આપીશ. એમણે કહ્યું કે ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવી જોઇએ. આ વિષય સ્થાનિક રોજગારીનો નથી. માત્ર કારખાના ધારાના ઉલંઘનનો પ્રશ્ન છે.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમારા વિસ્તારમાં વિદ્યાનગરમાં જી.આઇ.ડી.સી. આવેલ છે. એમાં ઘણા કામદારોને લઘુત્તમ વેતનથી ઓછું વેતન આપવામાં આવે છે.

સરકારશ્રીના ધારા–ધોરણ મુજબ કેટલું વેતન નક્કી કરવામાં આવેલ છે? આવા ફેક્ટરીના માલિકો તરફથી ઓછું વેતન ચૂકવવામાં આવે તો શું કાર્યવાહી કરવામાં આવે છે અને આવા કેટલા કિસ્સાઓ જી.આઇ.ડી.સી. વિદ્યાનગરના છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ તપાસણીઓમાં તમામ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. ક્યાંક લઘુત્તમ વેતન ઓછું આપવામાં આવ્યું હોય, ક્યાંક ગ્રેજ્યુઇટીના પ્રશ્નો હોય એવી ઘણી બધી બાબતોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. લઘુત્તમ વેતન ઓછું ચૂકવાતું હોય તો અગાઉ કહ્યું એમ એમને સમજાવટથી અમારા અધિકારી સમજાવે કે લઘુત્તમ વેતન ચૂકવાયેલ નથી તો એ એકમ લઘુત્તમ વેતન ચૂકવતા હોય છે. એટલા માટે રૂપિયા ૨ કરોડ ૪૮ લાખ કરતા વધારે ચૂકવણી આ પ્રકારની કરવામાં આવેલ છે અને લઘુત્તમ વેતન પૂરેપૂરું મળવું જ જોઇએ એના માટે અમારો વિભાગ સક્રિય રહીને હંમેશા પ્રયાસ કરે જ છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય દિલીપભાઇને અભિનંદન પાઠવીશ કે જે રીતે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. ઇન્ડસ્ટ્રીઝનો ગ્રોથ થઇ રહ્યો છે. અહીંયા ઘણા બધા મારા સાથી મિત્રો પણ છે. આજે ઇન્ડસ્ટ્રીઝમાં કારીગરોની ઘટ છે. અમારે બોર્ડ લગાવવા પડે છે કે ટર્નર અને ફીટર કારીગરો જોઇએ છે. વિભાગ દ્વારા સ્કીલ માણસો તૈયાર કરવા માટે કૌશલ્ય વર્ધન કેન્દ્રો ખોલ્યા છે પણ હવે સી.એન.સી. અને વી.એન.સી.નો જમાનો આવ્યો છે તો એના માટે આપણે કૌશલ્ય વર્ધન કેન્દ્રો ખોલવા માગીએ છીએ કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આજે ટેકનોલોજીનો યુગ આવ્યો છે. રોજે રોજ નવી મશીનરી આવતી હોય છે. અમારા આઇ.ટી.આઇ.માં વર્ષો પહેલાની મશીનરી ખરીદાયેલી હોય છે. અમે નવી મશીનરી પણ ખરીદી રહ્યા છીએ. સાથે સાથે આવું સ્કીલ જલ્દી મળી રહે અને કારખાનાઓની માગને પૂરી કરવા માટે પી.પી.પી.ના ધોરણે પણ અમે આવી આધુનિક મશીનરી ઉપર તાલીમ આપીને એમની વધુમાં વધુ સ્કીલ ડેવલપ થાય એના માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

**ગાંધીનગર જિલ્લામાં બાંધકામ સાઈટ ઉપર અકસ્માતમાં શ્રમયોગીઓના મૃત્યુ**

*૨૪૦૭૦ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાની કેટલી બાંધકામની સાઈટ ઉપર છેલ્લા એક વર્ષમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને આ અકસ્માતોમાં કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) ૦૬–બાંધકામ સાઈટ<br>૦૬–પ્રાણઘાતક અકસ્માત<br>૦૬–શ્રમયોગીઓના મૃત્યુ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) પ્રાણઘાતક અકસ્માત બનેલ બાંધકામ સાઈટોના જવાબદાર એમ્પ્લોયર સામે ''ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશનઓફ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીસન્સ ઓફ સર્વિસ) એકટ, ૧૯૯૬ તથા તે હેઠળના ગુજરાતના નિયમો–૨૦૦૩'' અન્વયે વિવિધ જોગવાઈઓના ભંગ બદલ કુલ–૨૪ કેસો નામ. કોર્ટમાં અને અન્ય કુલ–૩૨ કેસો નામ. ચીફ ઈન્સ્પેકશન ઓફ ઈન્સ્પેકશન ઓથોરીટીની કોર્ટમાં દાખલ કરેલ છે. |
| (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવેલ છે ? | (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.<br>૧. તંત્રના નિરીક્ષકો દ્વારા ''ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ–૧૯૯૬'' તથા તે હેઠળના નિયમો–૨૦૦૩ હેઠળ નિયમિતપણે સલામતી બાબતોના નિરીક્ષણ કરવામાં આવે છે.<br>૨. બાંધકામ સાઈટો પર કામ કરતા શ્રમયોગીઓને સલામતી અંગેની તાલીમ સંસ્થાના નિષ્ણાત સેફટી ઓફિસર્સ દ્વારા અપાવવામાં આવે છે.<br>૩. તંત્રના બાંધકામ નિરીક્ષકો દ્વારા વિવિધ બાંધકામ સાઈટો પર સલામતી કાર્યક્રમો યોજીને આ અંગે જાગૃતિ કેળવવાના પ્રયત્નો કરવામાં આવે છે.<br>૪. દર વર્ષે સરકારના સહયોગ દ્વારા રાજ્ય કક્ષાએ સેફટી કોન્ફરન્સનું આયોજન કરી સલામતીનો બહોળો પ્રચાર |

કરવામાં આવે છે. તથા અદ્યતન સુરક્ષા સાધનોનું પ્રદર્શન રાખવામાં આવે છે.

૫. દર વર્ષે ૪થી માર્ચે ''રાષ્ટ્રીય સલામતી દિન'' નિમિત્તે મોટી બાંધકામ સાઈટોમાં સલામતી સપ્તાહ તથા અન્ય સાઈટોમાં સલામતી દિનની ઉજવણી કરી સલામતી અંગે જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કોઇપણ મજૂર હોય એનું મૃત્યુ થાય એટલે જાણે *(xxx)એવું સમગ્ર રાજ્યમાં બિલ્ડરો અને ઉદ્યોગપતિઓ દ્વારા વર્તન કરવામાં આવે છે. એમણે મારા પહેલા પ્રશ્નના જવાબમાં લખ્યું છે કે ૬ બાંધકામ સાઇટ છે, ૬ પ્રાણઘાતક અકસ્માતો થયા છે અને ૬ લોકોના મૃત્યુ થયા છે. ૬ શ્રમયોગીઓના મૃત્યુ થયા એ કયા સમાજના માણસો હતા. એમણે મારા ત્રીજા પ્રશ્નના જવાબમાં પહેલો જવાબ આપ્યો છે કે તંત્રના નિરીક્ષકો (આંતરિક) મારે એટલા માટે જાણવું છે કે સામાન્ય માણસ કે જેની પાસે કોઈ રોજીરોટી ન હોય એવા ગરીબ વર્ગના માણસો મજૂરી કરવા જતા હોય છે અને જ્યારે મૃત્યુ પામે ત્યારે રૂપિયા ૨૫–૫૦ હજાર આપીને કેસ પતાવી દેવામાં આવે છે. ન કહેવું જોઇએ પણ આ સરકારના અધિકારીઓ કેવા જવાબો આપે છે. મારા પ્રશ્નના જવાબમાં તમે વાંચો તો એમણે નિયમો લખ્યા છે. જવાબ આપવાનો પ્રયત્ન કર્યો નથી. જવાબો આપવાનો પ્રયત્ન કર્યો નથી. એમણે મારા ત્રીજા પ્રશ્નના જવાબમાં એવું લખ્યું છે કે, તંત્રના નિરીક્ષકો દ્વારા ''ધી બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકધશન વર્કર્સ એક્ટ–૧૯૯૬'' તથા તે હેઠળના નિયમો–૨૦૦૩ હેઠળ નિયમિતપણે સલામતિ બાબતોનું નિરીક્ષણ કરવામાં આવે છે. મારે એની સામે મંત્રીશ્રીને પૂછવું છે કે, નિરીક્ષકો દ્વારા ક્યારે અને કઇ તારીખે, કયા અધિકારીઓ દ્વારા કઇ કઇ સાઇટની ચકાસણી કરવામાં આવી? શ્રમયોગી સલામતિ માટે કઇ સાઇટોએ, કઇ તારીખે અને કઇ જગ્યાએ તાલીમ આપવામાં આવી અને નિરીક્ષકો દ્વારા કઇ કઇ સાઇટ ઉપર કઇ સલામતિના કાર્યક્રમો કરવામાં આવ્યા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : લેખિતમાં આપી દેજો. બહુ લાંબો જવાબ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ નથી એમણે જે જવાબ આપ્યો છે એની સામે પૂછું છું કે એમાં કઇ કઇ તારીખોએ છે? મારી વાત તમે તો તમે સમજો.

અધ્યક્ષશ્રી : કેટલી તારીખો ગણાવશો?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તારીખો નથી. એમાં શું લખ્યું છે કે, અમે જાગૃત્ત કરવાના કાર્યક્રમો કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : કેટલા કર્યા એમ પૂછોને?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એ જ પૂછું છું, કેટલા? ક્યારેય સાહેબ આવો કોઇ કાર્યક્રમ વિભાગ દ્વારા કરવામાં આવતો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ તમારો મત છે. આપણે મંત્રીશ્રી પાસેથી જવાબ જાણીએ.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો શ્રી બળદેવજીભાઇ ચિંતા કરે છે તેના કરતા સવિશેષ ચિંતા આ ગુજરાત રાજ્યની સંવેદનશીલ સરકાર કરી રહી છે. ગાંધીનગર જિલ્લામાં ૧૯૧ બાંધકામ સાઇટો છે. એમાંથી એક વર્ષમાં અમે ૧૭૭ સાઇટો ઉપર નિયમોનું ઉલંઘન થયું છે કે નહીં તેની તપાસણી કરવામાં આવી છે અને જ્યાં પણ અમને ક્ષતિ દેખાય ત્યાં અમે જરાય ચલાવી લેવા માગતા નથી. બીજી બાબત એમણે કહી કે આવા જે બાંધકામ શ્રમિકનું મૃત્યુ થાય ત્યારે આ સરકાર મશ્કરી કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે કોઇ પણ માણસના મૃત્યુ ઉપર મશ્કરી કરવાવાળી અમારી સરકાર નથી. ક્યાંય પણ કોઇ દિવસ કોઇનું મૃત્યુ થાય તો પણ અમારી સંવેદનશીલ સરકાર આપણે સૌ રોજ જોઇએ છીએ, સમાચાર પત્રો પણ વાંચીએ છીએ કે. રાજ્યના મુખ્યમંત્રી જ્યારે નિયમમાં ના આવતું હોય, રોડ ઉપર અકસ્માત થાય તો પણ સંવેદના જાળવીને એ પરિવારને હંમેશા મદદ કરતા હોય છે અને જ્યારે જેનો હક્ક હોય, જેને ચૂકવવાનું હોય ત્યારે માનનીય બળદેવજીભાઇએ કહ્યું કે મશ્કરી કરવામાં આવે છે. જ્યારે પણ સાઇટ ઉપર આવું મૃત્યુ થાય ત્યારે પ્રથમ તો એના પરિવારને હાથ પકડવાનો પ્રયાસ અમારી સરકાર મારફત કરીએ છીએ. જે ૬ લોકોના મૃત્યુ થયા છે તેના ઉપર અમે કાયદેસરની કાર્યવાહી પણ કરી છે. પરંતુ જ્યારે કોર્ટમાંથી કેસનો ચૂકાદો આવે ત્યારે એમને સહાય ચૂકવવામાં આવતી હોય છે. હું આપ સાહેબને આપના માધ્યમથી જણાવવા માગું છું કે, જે ૬ લોકોના મૃત્યુ થયા છે એમાં તાત્કાલિક અસરથી રહેમરાહે એના પરિવારને મદદ થાય, એના પરિવાર ઉપર કોઇ મુસિબત ના આવે એટલા માટે આ ૬ વ્યક્તિઓને ચૂકાદા સિવાય ૧૩,૯૫,૦૮૯/– રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. આ પૈકી કોર્ટમાં કેસ પેન્ડીંગ છે એમાં રહેમરાહે ચૂકવવામાં આવેલ છે એની મેં વાત કરી અને જે કોર્ટમાંથી કેસ ચાલી ગયો હોય એમાં માત્ર બે કેસ ચાલી ગયા છે અને ચાર કેસ પેન્ડીંગ છે એમાં પણ ૧૫,૬૫,૦૦૦/– રૂપિયા આ ચાર

*માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કેસની અંદર ચૂકવવામાં આવ્યા છે એટલે શ્રી બળદેવભાઈ આપ ચિંતા કરો છો એના કરતા પણ વધારે ચિંતા આ સરકાર કરે છે અને હજી વધારે કેમ એમને મદદ કરી શકાય એવા પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઋષિકેશભાઈ..

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવભાઈ, પ્લીઝ. તમને નારાજગી હોય એ વાત જુદી છે. (અંતરાય) (શ્રી બળદેવજીભાઈ બેઠા બેઠા બોલ્યા કે, આ ૬ જણના રૂપિયા ૧૩ લાખ ચૂકવ્યા છે. ) મંત્રીશ્રી તમે જે કીધું છે એ બધાએ સાંભળ્યું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૯ દરમ્યાન થયેલા જીવલેણ અકસ્માતમાં સાઈટવાર કુલ કેટલા કેસો કરવામાં આવ્યા?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એમાં જે કેસો થયા છે એ કેસોની અંદર બે પ્રકારના અલગ અલગ કેસ કરતા હોય છે. એક સાઈટ ઉપર ચાર કેસ કરવામાં આવ્યા છે. જયુડિશિયલ મેજિસ્ટ્રેટની અંદર કેસ નોંધ્યા ૮ સાઈટ, આમ ૩૨ કેસ અમારા અલગ અલગ વિભાગો મારફત કરવામાં આવ્યા છે અને ૨૪ કેસ કુલ કરવામાં આવ્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે શ્રમયોગી કલ્યાણ બોર્ડ છે એના દ્વારા રકમ ચૂકવાતી હશે. ખાસ કરીને સરકારની યોજના ચાલે છે બાંધકામ શ્રમિકો માટેની નોંધણીની યોજના તો આ જે ૬ શ્રમયોગી મૃત્યુ પામ્યા હતા એ છ એ છ શ્રમયોગી આ બાંધકામ સાઈટ ઉપર મૃત્યુ પામ્યા છે તો બાંધકામની યોજના હેઠળ નોંધણી કરવામાં આવી હતી કે નહીં?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની સરકારે ખૂબ ઉદાર નિર્ણય લીધો છે. પહેલા એવું હતું કે બાંધકામ શ્રમિક નોંધાયેલો હોય એને જ અમે અકસ્માતે મૃત્યુ થાય તો મદદ કરી શકીએ પણ સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીની લાગણી હતી કે હવે બાંધકામ સાઈટ ઉપર કામ કરતો મજૂર હોય અને સાઈટ નોંધાયેલી હોય અને મજૂર ત્યાં કામ કરતો જ હોય તો આમાં નોંધાયેલો ન હોય તો પણ એને ૩,૦૦,૦૦૦ રૂપિયા આપવાનો નિર્ણય લીધો છે આ સરકારે અને આની અંદર પણ હજુ પૂર્તતા કરવાના કાગળો અમારી પાસે આવ્યા નથી એટલે એ આવશે તો એ રકમ પણ અમે વધારાની ચૂકવવીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે શ્રમિકો મૃત્યુ પામ્યા છે, સરકારે એને જે સહાય કરી હોય તે. મારો મુખ્ય મુદ્દો એ છે કે બાંધકામ સાઈટના શ્રમિકોને નોંધવામાં આવે છે ઘણી જગ્યાએ એવું બનતું હોય છે કે બાંધકામ...

અધ્યક્ષશ્રી : એની તપાસ ચાલુ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ના સાહેબ, બાંધકામ શ્રમિકોને કોઈ જગ્યાએ નોંધવામાં આવતા નથી. તો મારું સૂચન છે કે એવી સાઈટ ચાલતી હોય ત્યાં શ્રમિકોની નોંધણી જો કરવામાં આવે સરકાર તરફથી તો એમાં એ લોકોને એનો બેનિફીટ મળે. મારો કોઈ રાજકીય પ્રશ્ન નથી.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ વિભાગની જવાબદારી એ વખતના મંત્રી અને હાલના મુખ્યમંત્રી અને હું એમની સાથે કામ કરતો હતો ત્યારે માત્ર ૫૯૦૦૦ આખા રાજયની અંદર બાંધકામ શ્રમિક નોંધાયેલા હતા. અમે સાથે મળીને ઝુંબેશ ઉપાડી આજે સાડા છ લાખ કરતા પણ વધારે અમે બાંધકામ શ્રમિકોની નોંધણી કરીને આગામી દિવસોની અંદર વધારે નોંધણી કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

**અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કીમ હેઠળ મળેલ અરજીઓ**

*૨૩૮૬૦ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણીનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કીમ હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૨ |
| (૩) કેટલું પેન્શન ચૂકવવામાં આવ્યું ? | (૩) ૯,૧૮,૦૦૦/– |

શ્રી સુરેશભાઈ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે નેશનલ ડીસએબીલીટી પેન્શન યોજના કયારે અમલમાં આવી અને એનો હેતુ શું છે?

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે નેશનલ ડીસએબીલીટી પેન્શન યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગરના તા.૩૧–૭–૨૦૦૯ના

ઠરાવથી ગરીબી રેખા હેઠળ જીવતી દિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવા યોજના અમલમાં મૂકવામાં આવેલ છે અને એના હેતુની વાત કરું તો તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓને નાણાકીય સહાય પૂરી પાડી તેમનું સામાજિક પુનઃસ્થાપન થાય તે હેતુથી આ યોજના તા.૩૧–૭–૨૦૦૯થી શરૂ કરવામાં આવી છે.

**બોટાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

*૨૩૮૨૪ **શ્રી જગદીશભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં બોટાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૫૮,૯૧૬ |
| (૨) મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૮,૯૧૬ |
| (૩) કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩,૫૩,૪૯,૬૦૦/– |

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં બોટાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી? મળેલ અરજીઓ પૈકી કેટલી અરજી ઉકત સ્થિતિએ મંજૂર કરવામાં આવી? અને કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ગણવેશ સહાય યોજના હેઠળ બોટાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ તાલુકાવાર જે અરજીઓ મળી છે એની હું વાત કરીશ. બોટાદમાં ૧૮૩૦૫ અરજીઓ મળી, ૧૮૩૦૫ અરજીઓ મંજૂર કરી, ૧,૦૯,૮૩,૦૦૦ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું. ગઢડા ખાતે ૨૧,૧૭૧ અરજીઓ મળી, ૨૧,૧૭૧ અરજીઓ મંજૂર કરી, ૧,૨૭,૦૨,૬૦૦ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું. રાણપુર તાલુકામાં ૧૨૬૦૭ અરજીઓ મળી, ૧૨૬૦૭ અરજીઓ મંજૂર કરી છે. ૭૫ લાખ ૬૪ હજાર ૨૦૦ રૂપિયાની એમના ખાતામાં ચૂકવણી કરી છે. બરવાળા તાલુકામાં ૬૮૩૩ અરજીઓ આવી, જે પૈકી ૬૮૩૩ અરજીઓ મંજૂર કરી. આમ બોટાદ જિલ્લામાં કુલ ૫૮,૯૧૬ અરજીઓ આવી, જેમાં તમામે તમામ અરજીઓ મંજૂર કરી છે. એક પણ અરજી નામંજૂર કરી નથી.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગણવેશ સહાય યોજનામાં વાર્ષિક આવક મર્યાદા અગાઉ કેટલી હતી અને એમાં અત્યારે હાલ કોઇ સુધારો કરવામાં આવ્યો છે કે કેમ? બીજો પ્રશ્ન ગણવેશ સહાય યોજનામાં વાર્ષિક આવક મર્યાદાના હાલ ધારાધોરણ શું છે? મારું બીજું સૂચન છે કે હાલ જે ગણવેશ સહાય યોજના આપણે આપીએ છીએ, એના પોતાના ખાતામાં જાય છે? એમાં અત્યારે અમે ર સ્કૂલ ચલાવીએ છીએ. એમાં એક પરિવાર એક વિદ્યાર્થીને ગણવેશ લાવી આપતા નથી. સીધે સીધા પૈસા પોતે વાપરી કાઢે છે. એમાં સરકાર સીધો ગણવેશ લાવી આપવા માટે કોઇ યોજના બનાવવા માગે છે કે કેમ?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે એક વખતના જમાનામાં સીસીપેન અને બુકલેટથી આ યોજના શરૂ કરવામાં આવી હતી. આજે સભ્યશ્રીએ જણાવ્યું કે વાર્ષિક આવક મર્યાદાના ધોરણો કયા છે? તો અગાઉ વર્ષ ૨૦૧૪ સુધી ગ્રામ્ય વિસ્તારમાં આવક મર્યાદા રૂપિયા ૪૭,૦૦૦ અને શહેરી વિસ્તારમાં ૬૮,૦૦૦ રૂપિયાની હતી. મને કહેતા આનંદ થાય છે કે આ રાજ્યના જનપ્રિય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે આવક મર્યાદા તા.૧૩–૧૦–૨૦૧૫થી સરકારી અનુદાનની તમામ શાળામાંથી આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય તમામ લોકોને ગણવેશ સહાય આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : બીજું, એમણે પૂછ્યું કે સરકાર દરજી બનવા માગે છે કે કેમ?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ આ યોજનામાં સહાય શિક્ષકોને બાયહેન્ડ આપવામાં આવતી હતી, ત્યારે આવી ફરિયાદ આવતી હતી. તેના માટે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ તમામ વિદ્યાર્થીઓને તેની ડિબિટી દ્વારા એના ખાતામાં ડાયરેક્ટ જમા થાય છે. આમાં વચ્ચે કોઇ લંગરિયા નથી.

**ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં ખારાશયુકત પાણી**

*૨૫૨૨૨ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં ભૂગર્ભ જળસ્ત્રોતમાંથી પીવાનું પાણી મેળવવામાં આવે છે, તેમાં | (૧) હા, જી. |

ખારાશ અને ક્ષારનું પ્રમાણ વધુ હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત તાલુકાવાર કેટલા ગામોમાં ખારાશ અને ક્ષારની માત્રા વધુ જણાઈ, અને

(૨) નીચેની વિગતે.

| અ.નં. | તાલુકો | ખારાશ અને ક્ષારની માત્રા વધુ ધરાવતા ગામો |
|---|---|---|
| ૧ | ધાનેરા | ૦૨ |
| ૨ | દાંતીવાડા | ૦૦ |

(૩) ઉક્ત ગામોમાં પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા શું કરવામાં આવી ?

(૩) ઉક્ત ૨ ગામોનો સમાવેશ સીપુ જળાશય આધારિત પ્રગતિ હેઠળની સીપુ સુધારણા જૂથ યોજનામાં થયેલ છે. યોજનાકીય કામગીરી પૂર્ણ કરી સત્વેર પાણી પુરવઠો શરૂ કરવામાં આવનાર છે.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૧૯ના બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં ભૂગર્ભ જળસ્ત્રોતમાંથી પીવાનું પાણી મેળવવામાં આવે છે, તેમાં ખારાશ અને ક્ષારનું પ્રમાણ વધુ જણાય છે. તે હકીકત સાચી છે? જો હા હોય તો તાલુકાવાર કેટલા ગામોમાં ખારાશ અને ક્ષાર જણાય છે? તેવા ગામોને પીવા માટેના પાણીની વ્યવસ્થા માટેનું સરકારશ્રીનું પ્લાનિંગ શું છે? એમાં જવાબ છાપેલ છે, પણ વિશેષ વાત એ છે કે શીપુ અને દાંતીવાડા જળાશય ઉપર શુદ્ધીકરણનો સંપ કયાં કયાં બનાવેલ છે? પાણી શુદ્ધીકરણની મશીનરી કેટલાં વર્ષ પહેલાની ખરીદેલ છે? અને જે કઇ ગામોની યાદી બતાવેલા છે, એવા ખારાશવાળા ગામો છે તેમાં ૨ સંખ્યા નહિ, પણ ઘણા ગામો છે. છતા બે બતાવેલ છે તો સારું કહેવાય. દાંતીવાડા તાલુકાના રાવલાવાસ ગામની ગઇ વખતે પણ મેં ગૃહમાં વાત કરી હતી. પીવાની વાત તો રહી, પણ ન્હાવા જાય તો શરીરમાં ખંજવાળ આવે છે. આ પરિસ્થિતિ અમારા તાલુકાની છે. આ માટે અમારા તાલુકાને કોઇ વ્યવસ્થા કરી આપો તેવી વિનંતી છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નથાભાઇએ પીવાના પાણીની ચિંતા વ્યક્ત કરી. એમણે દાંતિવાડા અને ધાનેરા તાલુકાના ગામોની વાત કરી. એમાં ખાસ કરીને ચિંતા એ છે કે પાણી પીવાલાયક નથી અને પાણી વાપરવાથી શરીર ઉપર અસર થાય તેવા ગામોની વાત કરી. પાણીની ગુણવત્તા બિન પીવાલાયક અથવા ક્ષારવાળી હોય તેવા જે ગામ છે તે નાઈટ્રેટયુક્ત પાણીવાળા ગામ દાંતીવાડામાં કુલ–૯ છે અને અન્ય માપદંડવાળું ૧ ગામ એટલે કુલ ૧૦ ગામ દાંતીવાડામાં છે. બીજી વાત ધાનેરા તાલુકાની હતી. તેમાં પાણીની ગુણવત્તા બિન પીવાલાયક હોય તેવા ૨૭ ગામ અને અન્ય માપદંડમાં નિષ્ફળ ગયા હોય તેવા ૭ ગામ અને અન્ય ૧ ગામ છે તેમાં માનનીય સભ્યશ્રીએ વાત કરી તેમ તે પાણી શરીર ઉપર નાંખે તો પણ ખંજવાળ આવે છે. આમ કુલ ૪૬ ગામ છે. આ ગામ માટે આગામી દિવસોમાં આયોજન કર્યું છે. અત્યારે તેના કામ ચાલી રહ્યા છે તેની અંદર તેનો સમાવેશ કર્યો છે. વહેલામાં વહેલી તકે એક વર્ષમાં તે યોજના તૈયાર થઇ જાય અને આ પીવાના પાણીનો પ્રશ્ન હલ થાય તેના માટેનો અમારો પૂરો પ્રયત્ન રહેલો છે. બીજો સવાલ એ છે કે સીપુ આધારિત પાણીનો સમ્પ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બની રહ્યો છે તેની અંદર પણ જે ક્ષતિ હતી તે સુધારવા માટે અમારા વિભાગને સૂચના આપવામાં આવી છે અને તેના માટેની રકમની જોગવાઇ પણ કરવામાં આવી છે. વહેલી તકે સીપુ આધારિત જે સમ્પ બન્યો છે તેમાંથી પીવાનું પાણી મળે તેવું આયોજન કર્યું છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ ઘર કનેકશનની વિગતો શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇએ અને આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જે રીતે નલ સે જલ યોજના આધારિત પીવાનું પાણી ઘર સુધી મળે તેના માટેની યોજના મૂકી છે. તેમાં બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પીવાના પાણી માટે વર્ષ ૨૦૧૮–૧૯માં ૭૧૩૩ ઘર કનેકશન આપ્યા છે. વર્ષ ૨૦૧૯–૨૦માં ઘર કનેકશન ૬૨૪૧ આપ્યા છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીનો પ્રશ્ન છે તે અલગ અલગ વિસ્તારની અંદર જે તે વિસ્તારની ભૌગોલિક સ્થિતિ પ્રમાણે અલગ અલગ છે. ત્યારે હમણાં મારા ત્રણેય તાલુકા જૂથ યોજનાની અંદર આવે છે. જૂથ યોજનામાં જે ગામો સંકળાયેલા છે તે ગામોને પીવાનું પાણી પાણી પુરવઠા જૂથ યોજના મારફતે પૂરું પાડવામાં આવે છે. હમણાં દસ–પંદર દિવસ પહેલાં ૧૦૦ ગામોના કનેકશન પાણી પુરવઠા વિભાગે જીઇબીને પૈસા નથી ભર્યા તેના કારણે કાપી નાખવામાં આવ્યા છે. તેના કારણે ત્યાં સંકલનના અભાવે આ પરિસ્થિતિ ઉભી થયેલ છે. તો આનું કંઇ નિરાકરણ કરવા માગો છો કે કેમ? અને બીજું, ભાભર નગરપાલિકા છે તે નગરપાલિકાની અંદર નર્મદાનું મીઠું પીવાનું પાણી મળતું નથી. અમે કહીએ છીએ કે કેમ, આ પાણી મળતું

નથી તો કહે છે કે અમારી કોઇ ડિમાન્ડ નથી. તો હવે આ સંકલનના અભાવે લોકોને મીઠું પાણી મળતું નથી અને ખારું પાણી મળે છે તો પાણી પુરવઠા વિભાગ આ બાબતમાં કંઇ કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આજના દિવસમાં એક માત્ર બહેને પ્રશ્ન પૂછયો છે એટલે પછી તેમને સંતોષ થાય.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી ગેનીબેને ભાભર નગરપાલિકાની વાત કરી..

અધ્યક્ષશ્રી : એમનું સૂચન છે અને તેમના વિસ્તારનો પ્રશ્ન છે એટલે ધ્યાનમાં રાખજો.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં થરાદ અને વાવ વિધાનસભા વિસ્તારમાં લોકોને પીવાના પાણી માટે કયાંથી પાણી આપવામાં આવે છે, આ પાણી શુદ્ધ કરવા માટે કેટલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ લગાડવામાં આવ્યા છે, તેમાં કઇ જાતની મશીનરી લગાડવામાં આવેલ છે**?**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, થરાદ વિસ્તારને જે પીવાનું પાણી આપવામાં આવે છે તે યોજનામાં થોડીક ક્ષતિ છે પણ તેની સુધારણાની યોજના પ્રગતિ હેઠળ છે. વહેલી તકે એટલે કે છ મહિનાની અંદર આ યોજનાની સુધારણાનું કામ પૂરું થશે એટલે ધાનેરા અને થરાદ વિસ્તારને પીવાનું પૂરતું પાણી મળી રહેશે.

અધ્યક્ષશ્રી : છ જ મહિનામાં?

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પાણી માટે સ્વાસ્થ્ય માટે ખૂબ અગત્યની વસ્તુ છે નહીંતર શ્રી નીતિનભાઇના વિભાગના પણ આંકડા બગડી જાય છે. કારણ કે શુદ્ધ પીવાનું પાણી ન મળે તો મેલેરિયા અને અલગ અલગ જાતના રોગો થતા હોય છે. કારણ કે બે લાખ લોકોને ખરાબ પાણી આમાં જે ઢોર–ઢાંખર મળે છે તે નર્મદા કેનાલમાંથી સીધુ પાણી આપવામાં આવે છે. તો તેના માટે તાત્કાલિક પગલાં લેવા માટે તમને વિનંતી કરીએ છીએ.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, તેમનું સૂચન છે છતાં હું જોવડાવી લઇશ. તેમાં કોઇ ક્ષતિ હશે તો ચોક્કસ સુધારણા કરીશું.

અધ્યક્ષશ્રી : બે સૂચન છે. હજુ થોડુંક કંઇક બોલો ત્રણ સેકન્ડ બાકી છે. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૩૮૨૧ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલિતાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં ધોરણ–૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ભાવનગર જિલ્લાના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ૧,૩૮,૨૮૧ |
| (૨) મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૩૮,૨૮૧ |
| (૩) કેટલી ગણવેશ સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૮,૨૯,૬૮,૬૦૦/– |

### દાહોદ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા

૨૫૩૫૩ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં દર વર્ષે ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા સર્જાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સમસ્યાના કાયમી ઉકેલ માટે શાં પગલાં લેવામાં આવ્યા? | (૨) દાહોદ જિલ્લાના ગામોમાં પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે, ૧૨૫ ગામોને જૂથ પાણી પુરવઠા યોજનાઓમાં, ૨૬૪ ગામોનો પ્રગતિ હેઠળની જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ છે, બાકીના ગામોના સર્વેક્ષણની કામગીરી હાથ ધરી તબક્કાવાર અમલીકરણ કરવાનું આયોજન છે. |

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૦
અતારાંકિત પ્રશ્નો

**મોરબી જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૮૬૧ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ–પૂર્વ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૧ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૯,૩૦,૦૦૦/– |

---------

**અમદાવાદ અને દાહોદ જિલ્લામાં ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ**

૨૪૮૬૯ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) પત્રક–૧ મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ કયા કારણસર નામંજૂર કરી, | (૨) પત્રક–૨ મુજબ |
| (૩) વર્ષવાર, તાલુકાવાર મંજૂર અરજીઓ પૈકી કેટલાને પ્લોટનો કબજો સોંપવામાં આવ્યો, અને | (૩) પત્રક–૩ મુજબ |
| (૪) બાકી રહેલાને ક્યાં સુધીમાં પ્લોટનો કબજો સોંપવામાં આવશે? | (૪) અમદાવાદ જિલ્લામાં વર્ષ–૨૦૧૮ ના દસક્રોઈ તાલુકાના ૨૧ અને વર્ષ–૨૦૧૯ ના વિરમગામ તાલુકાના ૧૫ બાકી રહેલા અરજદારોને પ્લોટનો કબજો બનતી ત્વરાએ સોપવામાં આવશે.<br>દાહોદ જિલ્લામાં મંજૂર અરજીઓના તમામને પ્લોટ ફાળવેલ છે. |

**પત્રક–૧**

| જિલ્લાનું નામ | ક્રમ | તાલુકો | ઘરથાળ પ્લોટ મેળવવા મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | **૦૧–૦૧–૨૦૧૮ થી ૩૧–૧૨–૨૦૧૮** | **૦૧–૦૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯** |
| અમદાવાદ | ૧ | દસક્રોઈ | ૬૦ | ૦ |
| | ૨ | સાણંદ | ૦ | ૦ |
| | ૩ | વિરમગામ | ૦ | ૧૬ |
| | ૪ | માંડલ | ૮ | ૬ |
| | ૫ | દેત્રોજ | ૦ | ૨૦ |
| | ૬ | બાવળા | ૦ | ૧ |
| | ૭ | ધોળકા | ૦ | ૩૮ |
| | ૮ | ધંધુકા | ૧૮૪ | ૦ |
| | ૯ | ધોલેરા | ૬૧ | ૦ |
| | | **કુલ** | **૩૧૩** | **૮૧** |
| દાહોદ | ૧ | દાહોદ | ૦ | ૦ |
| | ૨ | ગરબાડા | ૦ | ૦ |
| | ૩ | ધાનપુર | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૪ | દે.બારીયા | ૦ | ૦ |
| | ૫ | લીમખેડા | ૧૯ | ૦ |
| | ૬ | ઝાલોદ | ૦ | ૦ |
| | ૭ | ફતેપુરા | ૦ | ૦ |
| | ૮ | સીંગવડ | ૫ | ૦ |
| | ૯ | સંજેલી | ૦ | ૦ |
| | | **કુલ** | **૨૪** | **૦** |
| | | **એકંદર કુલ** | **૩૩૭** | **૮૧** |

**પત્રક–૨**

| જિલ્લાનું નામ | ક્રમ | તાલુકો | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | | નામંજૂર કરેલ અરજીઓની સંખ્યા | | અરજીઓ નામંજૂર કરવાના કારણો |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૦૧–૦૧–૨૦૧૮ થી ૩૧–૧૨–૨૦૧૮ | ૦૧–૦૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯ | ૦૧–૦૧–૨૦૧૮ થી ૩૧–૧૨–૨૦૧૮ | ૦૧–૦૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯ | |
| અમદાવાદ | ૧ | દસક્રોઈ | ૨૪ | ૦ | ૩૬ | ૦ | સરકારશ્રીની યોજનાના ઠરાવના માપદંડ પ્રમાણે પાત્રતા ધરાવતા ન હોવાથી |
| | ૨ | સાણંદ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૩ | વિરમગામ | ૦ | ૧૫ | ૦ | ૧ | |
| | ૪ | માંડલ | ૭ | ૦ | ૧ | ૦ | |
| | ૫ | દેત્રોજ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૬ | બાવળા | ૦ | ૧ | ૦ | ૦ | |
| | ૭ | ધોળકા | ૦ | ૨૭ | ૦ | ૧૧ | |
| | ૮ | ધંધુકા | ૨૦ | ૦ | ૧૬૪ | ૦ | |
| | ૯ | ધોલેરા | ૩૦ | ૦ | ૩૧ | ૦ | |
| | | **કુલ** | **૮૧** | **૪૩** | **૨૩૨** | **૧૨** | |
| દાહોદ | ૧ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૨ | ગરબાડા | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૩ | ધાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૪ | દે.બારીયા | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૫ | લીમખેડા | ૧૯ | ૦ | ૦ | ૦ | |
| | ૬ | ઝાલોદ | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૭ | ફતેપુરા | ૦ | ૦ | ૦ | ૦ | |
| | ૮ | સીંગવડ | ૫ | ૦ | ૦ | ૦ | |
| | ૯ | સંજેલી | ૦ | ૦ | ૦ | ૦ | |
| | | **કુલ** | **૨૪** | **૦** | **૦** | **૦** | |
| | | **એકંદરે કુલ** | **૧૦૫** | **૪૩** | **૨૩૨** | **૧૨** | |

**પત્રક–૩**

| જિલ્લાનું નામ | ક્રમ | તાલુકો | મંજૂર અરજીઓ પૈકી પ્લોટનો કબજો સોંપવામાં આવેલ તેની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | ૦૧–૦૧–૨૦૧૮ થી ૩૧–૧૨–૨૦૧૮ | ૦૧–૦૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯ |
| અમદાવાદ | ૧ | દસક્રોઈ | ૩ | ૦ |
| | ૨ | સાણંદ | ૦ | ૦ |
| | ૩ | વિરમગામ | ૦ | ૦ |
| | ૪ | માંડલ | ૭ | ૦ |
| | ૫ | દેત્રોજ | ૦ | ૦ |
| | ૬ | બાવળા | ૦ | ૧ |
| | ૭ | ધોળકા | ૦ | ૨૭ |
| | ૮ | ધંધુકા | ૨૦ | ૦ |
| | ૯ | ધોલેરા | ૩૦ | ૦ |
| | | **કુલ** | **૬૦** | **૨૮** |
| દાહોદ | ૧ | દાહોદ | ૦ | ૦ |
| | ૨ | ગરબાડા | ૦ | ૦ |
| | ૩ | ધાનપુર | ૦ | ૦ |
| | ૪ | દે.બારીયા | ૦ | ૦ |
| | ૫ | લીમખેડા | ૧૯ | ૦ |
| | ૬ | ઝાલોદ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૭ | ફતેપુરા | ૦ | ૦ |
| | ૮ | સીંગવડ | ૫ | ૦ |
| | ૯ | સંજેલી | ૦ | ૦ |
| | | **કુલ** | **૨૪** | **૦** |
| **એકંદર કુલ** | | | **૮૪** | **૨૮** |

---------

**મહેસાણા જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૮૩૮ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ લાભ લેવા માટે વિકસતી જાતિના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી, | (૧) **મળેલ અરજી** સંસ્થા–૧૦ યુગલ–૨૦૭ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) **મંજૂર અરજી** સંસ્થા–૧૦ યુગલ–૨૦૫ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) **ચૂકવેલ સહાય** સંસ્થાઓને–રૂ.૦૦.૯૪ લાખ યુગલોને–રૂ.૧૩.૯૦ લાખ **કુલ–રૂ.૧૪.૮૪ લાખ** |

---------

**મોરબી અને રાજકોટ જિલ્લામાં ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ**

| મદદનીશ શિક્ષક(વર્ગ–૩) (ઉચ્ચતર માધ્યમિક) | ૦૫ |
| મદદનીશ શિક્ષક(વર્ગ–૩) (માધ્યમિક) | ૦૬ |
| મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૩) | ૦૧ |

(૩) પત્રક મુજબ

(૪)

| | |
|---|---|
| આચાર્ય (વર્ગ–૨) | ૦૦ |
| મદદનીશ શિક્ષક(વર્ગ–૩) (ઉચ્ચતર માધ્યમિક) | ૦૫ |
| મદદનીશ શિક્ષક(વર્ગ–૩) (માધ્યમિક) | ૦૩ |
| મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૩) | ૦૦ |

– સીધી ભરતી/બઢતીથી ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યા ભરવામાં આવશે.

**પત્રક**

**(૧) ખેડા જિલ્લામાં આવેલ આદર્શ નિવાસી શાળાઓના મહેકમની વિગત**

| ક્રમ | જગ્યાનું નામ | ભરાયેલ કુલ જગ્યા | ભરાયેલ પૈકી | | |
|---|---|---|---|---|---|
| | | | સીધી ભરતીથી | ફીક્સ પગારથી | બઢતી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | આચાર્ય (વર્ગ–૨) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨ | મદદનીશ શિક્ષક (વર્ગ–૩) (ઉચ્ચતર માધ્યમિક) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | મદદનીશ શિક્ષક (વર્ગ–૩) (માધ્યમિક) | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ |
| ૪ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૩) | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | **કુલ** | **૦૫** | **૦૪** | **૦૦** | **૦૧** |

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મ**

૨૫૨૯૬ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત પોલ્ટ્રીફાર્મ રજિસ્ટ્રેશન પોલિસી–૨૦૧૩ મુજબ સને ૨૦૧૩ પછી સ્થપાયેલ પોલ્ટ્રીફાર્મ/હેચરીને માનવ વસાહતથી ૫૦૦ મીટર દૂર રાખવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કયા પોલ્ટ્રીફાર્મ/હેચરી માનવ વસાહતથી ૫૦૦ મીટર નજીક ચાલી રહ્યા છે, અને | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત તમામ ગેરકાયદેસર ચાલતા પોલ્ટ્રીફાર્મ/હેચરીને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ અને ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મ**

૨૫૨૯૯ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત પોલ્ટ્રી ફાર્મ રજિસ્ટ્રેશન પોલિસી–૨૦૧૩ મુજબ સને ૨૦૧૩ પછી સ્થપાયેલ પોલ્ટ્રી ફાર્મ/હેચરીને માનવ વસાહતથી ૫૦૦ મીટર દૂર રાખવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ અને ભરૂચ જિલ્લામાં કયા પોલ્ટ્રીફાર્મ/હેચરી માનવ વસાહતથી ૫૦૦ મીટર નજીક ચાલી રહ્યા છે, અને | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત તમામ ગેરકાયદેસર ચાલતા પોલ્ટ્રીફાર્મ/હેચરીને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મ**

૨૫૨૧૮ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત પોલ્ટ્રી ફાર્મ રજિસ્ટ્રેશન પોલિસી–૨૦૧૩ મુજબ સને ૨૦૧૩ પછી સ્થપાયેલ પોલ્ટ્રી ફાર્મ/હેચરીને માનવ વસાહતથી ૫૦૦ મીટર દૂર રાખવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કયા પોલ્ટ્રીફાર્મ/હેચરી માનવ વસાહતથી ૫૦૦ મીટર નજીક ચાલી રહ્યા છે, અને | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત તમામ ગેરકાયદેસર ચાલતા પોલ્ટ્રીફાર્મ/હેચરીને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ બેરોજગારો**

૨૫૩૦૫ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૧)

| તાલુકાનું | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા | |
|---|---|---|
| નામ | શિક્ષિત | અર્ધ શિક્ષિત |
| જૂનાગઢ | ૪૨૮૯ | ૨૭૪ |
| મેંદરડા | ૫૧૮ | ૨૨ |
| માળીયા | ૧૫૭૩ | ૨૧ |
| માંગરોળ | ૨૧૬૫ | ૩૭ |
| કેશોદ | ૨૩૮૧ | ૩૭ |
| માણાવદર | ૧૫૬૨ | ૩૯ |
| વંથલી | ૯૭૭ | ૪૧ |
| ભેંસાણ | ૪૯૩ | ૨૬ |
| વિસાવદર | ૬૨૧ | ૨૫ |

(૨) ઉક્ત સ્થિતિએ નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો પૈકી દિવ્યાંગ બેરોજગારો કેટલા છે,

(૨) ૨૩૭

(૩) ઉક્ત દિવ્યાંગ બેરોજગારો પૈકી કેટલા દિવ્યાંગ બેરોજગારોને છેલ્લા બે વર્ષમાં ખાનગી અને સરકારી રોજગારી પૂરી પાડવામાં આવી?

(૩) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ મારફત દિવ્યાંગ બેરોજગારોને આપવામાં આવેલ ખાનગી અને સરકારી નોકરીની વિગત શૂન્ય છે.

**બનાસકાંઠા જિલ્લામાં નવા ગામતળ નીમ કરવા બાબત**

૨૬૮૯૩ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૦ની સ્થિતિએ સને ૨૦૧૮ અને ૨૦૧૯ ના વર્ષમાં બનાસકાંઠ જિલ્લામાં નવાગામતળ નીમ કરવાની કેટલા ગામની દરખાસ્તો સરકારને મળેલ છે,

(૧) ૧૩

(૨) ઉક્ત પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને કેટલી દરખાસ્તો પડતર છે, અને

(૨) ૫-મંજૂર
૭-પડતર

(૩) ઉક્ત બાકી રહેલ દરખાસ્તો ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે?

(૩) નિયમોનુસાર કાર્યવાહી કરી, બનતી ત્વરાએ

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને લાઇવ ટેલિકાસ્ટ કરવા માટે દેશના દરેક દરેક નાગરિકને અત્યારે સંસદ ચાલુ છે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આ કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. પ્લીઝ, આપની કોઇ રજૂઆત હોય તો પછી મને કરજો. આપની આ માગણી છે. પ્લીઝ, આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી માનનીય વિક્રમભાઇ, આપ બેસો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

**પ્રશ્ન ક્રમાંકઃ૪ માં શ્રમજીવીના મૃત્યુની કરેલ વાત અંગે**

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓર્ડર એ છે કે, પ્રશ્ન નં.૪માં સભ્યશ્રીએ * (xxx) જે વાત કરી છે ૭૮(૪) પ્રમાણે એ વક્રોકિત શબ્દો છે માટે કોઇ પણ સંજોગોમાં એ શબ્દો રેકોર્ડ ઉપરથી કાઢી નાખવા જોઇએ.

અધ્યક્ષશ્રી : કાઢી નાખવામાં આવે છે.

## મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

**આંગણવાડી કાર્યકરો તથા તેડાગરોના માનદ વેતનમાં વધારો કરવા અંગે.**

શ્રીનીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમ ૪૪ હેઠળ હું આ નિવેદન કરવાની અનુમતિ માગું છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : અનુમતિ આપવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ૫૩,૦૨૯ આંગણવાડીઓમાં આવતા અંદાજીત ૩૩ લાખ બાળકોના સર્વાંગી વિકાસ અને મહિલાઓના પોષણ સ્તરને ઉંચું લઇ જવાની કામગીરી કરતા આંગણવાડી કાર્યકરો અને તેડાગરો પોષણ સેવાના મહત્વનાં અંગ છે. તેઓ ૬ વર્ષ સુધીની ઉંમરના બાળકોના સર્વાંગી વિકાસ માટે બાળકોને પૂર્વ શાળા શિક્ષણ આપવાની, પૂરક પોષણ આપવાની તથા અન્ય પાયાની મહત્વની કામગીરી કરે છે.

આંગણવાડી કાર્યકરોના સંગઠન તરફથી માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને મારી સમક્ષ તથા માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા અને માનનીય રાજ્ય કક્ષાના મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે સમક્ષ આંગણવાડીઓમાં કામ કરતાં કાર્યકરો અને તેડાગરોના માનદ વેતનમાં વધારો કરવાની રજૂઆત કરવામાં આવેલ છે. આંગણવાડીની સેવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહેલી બહેનોને વધુ સારું કાર્ય કરવા પ્રેરણા અને પ્રોત્સાહન મળે તે હેતુથી ગુજરાતની ૫૩૦૦૦થી વધુ આંગણવાડીઓમાં કામ કરતા આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને મિનિ આંગણવાડીના કાર્યકરોના માનદ વેતનમાં વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. જેની હું સન્માનનીય સભાગૃહ સમક્ષ જાહેરાત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

હાલમાં રાજયની ૫૧૨૨૯ જેટલી આંગણવાડીઓની કાર્યકર બહેનોને માનદ વેતન તરીકે માસિક રૂપિયા ૭૨૦૦ મળે છે. તેમાં હવે માસિક રૂપિયા ૬૦૦નો વધારો કરી તેઓને રૂપિયા ૭૮૦૦ માનદ વેતન આપવામાં આવશે. તેવી જ રીતે આંગણવાડી તેડાગર બહેનોને હાલ માનદ વેતન તરીકે રૂપિયા ૩૬૫૦ આપવામાં આવે છે તેમાં દર મહિને રૂપિયા ૩૦૦નો વધારો કરી માનદ વેતન રૂપિયા ૩૯૫૦ આપવામાં આવશે. રાજયની ૧૮૦૦ જેટલી મિનિ આંગણવાડીની કાર્યકર બહેનોને માનદ વેતન રૂપિયા ૪૧૦૦ ચૂકવવામાં આવે છે તેમાં દર મહિને રૂપિયા ૩૦૦નો વધારો કરી માનદ વેતન રૂપિયા ૪૪૦૦ આપવામાં આવશે. આ વધારો તા.૦૧લી માર્ચ, ૨૦૧૯થી અમલમાં આવે તે રીતે આપવામાં આવશે.

આંગણવાડીના કાર્યકર, મિનિ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને આપવામાં આવનાર આ વધારાનો ખર્ચ સંપૂર્ણપણે રાજ્ય સરકાર ચૂકવશે. આ માટે રાજ્ય સરકારને અંદાજે વાર્ષિક રૂપિયા ૫૫.૯૮ કરોડ જેટલો કાયમી વધારાનો ખર્ચ થશે. આ વધારેલું માનદ વેતન માર્ચ ૨૦૨૦થી ચૂકવવામાં આવશે.

માર્ચ ૨૦૧૯થી ફેબ્રુઆરી ૨૦૨૦ સુધીના સમયગાળાનું માનદ વેતનનું એરીયર્સ ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવશે. રાજ્ય સરકાર પર એરીયર્સનું અંદાજે રુપિયા ૫૫.૯૮ કરોડ જેટલું ભારણ આવશે એટલે કુલ ૧૧૧ કરોડ રૂપિયાનું ભારણ થશે.

આજે આ નિયમ ૪૪ ના નિવેદનથી આંગણવાડીની બહેનો માટે વેતન વધારાની જાહેરાત કરતા મને આનંદ થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ આપને શું પૂછવું છે?

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે કંઇ પૂછવું નથી પણ એક નમ્ર નિવેદન કરવું છે.

અધ્યક્ષશ્રી : નિવેદન નહિ, આમાં મારી વાત સાંભળો, એકાદ પ્રશ્ન કોઇને પૂછવા દેવાનું મને લાગ્યું અને આપે હાથ ઉંચો કર્યો એટલે મેં આપને કહ્યું.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ વાત કહેવા માગું છું કે, કોરોના વાયરસના હિસાબે અગમચેતીના પગલાંરૂપે વિધાનસભાની અંદર દરરોજ છ થી સાત હજાર લોકો અવરજવર કરે છે તો એને સરકારે માર્ક્સ મૂકી દેવા જોઇએ, સલામતીની અગમચેતીના રૂપે આવા પગલાં ભરવા જોઇએ અથવા તો તમારે આવવા ઉપર પ્રતિબંધ મૂકવો જોઇએ.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પોઇન્ટ ઓફ ઓર્ડરનો વિષય બનતો નથી, આપનો મુદ્દો નામંજૂર કરું છું. નેકસ્ટ.

**વિધેયકો (સરકારી)**

**સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨**

## ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૦

**સન ૨૦૨૦ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૦ના વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૨૦નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૦ના વિધેયક ક્રમાંક –૨– સન ૨૦૨૦નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

* વિધેયક તા. ૩જી માર્ચ, ૨૦૨૦ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૦

અધ્યક્ષશ્રી : આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરાવાનું છે. ઉક્ત વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ચાર માનનીય સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે આ વિધેયક ઉપરની ચર્ચા સભાગૃહની આ બેઠક મુલત્વી રાખવાના ૧ કલાક પહેલા પૂરી કરવાની રહે છે. આજે પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચાનો ત્રીજો દિવસ પણ હાથ ધરાવાનો હોવાથી પૂરક વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર દરેક સભ્યશ્રીને ચર્ચામાં ભાગ લેવા માટે પહેલાં ત્રણ મિનિટ ફાળવાતી હતી તેના બદલે આજે હું પાંચ મિનિટનો સમય ફાળવું છું. તદ્નુસાર આ મુદ્દા ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રીપુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, નાણાં મંત્રીશ્રી, પૂરક વિનિયોગ વિધેયક જે લઇને આવ્યા છે તેમાં મેં મારો મુદ્દો જે રજૂ કર્યો છે તેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષાઓ રદ થતાં આવી પરીક્ષાઓ લાંબા સમય સુધી ફરીથી ન લેવાતા ઉમેદવારોને થતાં અન્યાયોને નિવારવામાં તંત્રની નિષ્ફળતા. છેલ્લાં ઘણા લાંબા સમયથી રાજ્ય સરકારના તમામ વિભાગોની અંદર મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી રહેલી છે. આ ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારનું તમામ વિભાગો માટેનું ભરતી કેલેન્ડર હોય છે અને તે ભરતી કેલેન્ડર મુજબ રાજય સરકારના જે તે વિભાગોએ વહીવટી પ્રક્રિયા સમય-મર્યાદામાં પૂર્ણ કરીને ભરતી કરવી જોઇએ. સરકારના જે તે વિભાગો સમય-મર્યાદામાં ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા ન કરવાના કારણે વિવિધ પ્રકારની જે જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓ સમય-મર્યાદામાં પૂરાતી નથી અને ના પૂરાવાને કારણે રાજય સરકારની જે કોઇ યોજનાઓ હોય છે તે યોજનાઓના લાભો ગામડાના છેવાડાના માનવીને પહોંચાડવા માટે, અપૂરતા સ્ટાફને કારણે સમય-મર્યાદામાં આ યોજનાના કામો પૂર્ણ થતા નથી. એમાંય ખાસ કરીને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ત્રિસ્તરીય માળખું હોય છે તે ત્રિસ્તરીય માળખાની અંદર અને તેમાં શિક્ષણ વિભાગ પણ આવી જાય ત્યારે વ્યાપક પ્રમાણમાં મોટી ખાલી જગ્યાઓ હોવાના કારણે રાજય સરકારની જે કોઇ યોજનાઓ હોય છે તે યોજનાઓના લાભ જિલ્લા પંચાયત મારફત અને તાલુકા પંચાયત મારફત અને જે તે ગ્રામ પંચાયત મારફત લોકો સુધી પહોંચતા હોય છે. આ ભરતી ન થવાના કારણે સમય-મર્યાદામાં કામ થતા નથી અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ એમને ભરતી કરવા માટેની જે જવાબદારી છે આ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત સમય-મર્યાદામાં જે પરીક્ષાઓ લેવાવી જોઇએ પરીક્ષા લેવાની જાહેરાત કરે અને જાહેરાત કર્યા પછી પરીક્ષાઓ લેવાય અને પરીક્ષાઓ લેવાયા પછી લાંબા સમય સુધી તેના પરિણામો જાહેર કરવામાં આવતા નથી અને તેના કારણે સમય-મર્યાદામાં જે ભરતી થવી જોઇએ તે ભરતી થતી નથી. છેલ્લાં વર્ષોમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તરફ શંકાની સોય સેવવામાં આવે છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તટસ્થ અને પ્રમાણિક રીતે જે ભરતી કરવી જોઇએ તે ભરતી ન થવાને કારણે ગુજરાતના શિક્ષિત બેરોજગાર યુવાનોનું ભવિષ્ય બગડે છે અને તે ભવિષ્ય બગડયા પછી સરકારના નિયમ પ્રમાણે જે તેની ઉંમર હોય છે તે ઉંમર પણ પૂરી થઇ જાય છે અને તેના કારણે પછી તે નોકરીથી વંચિત રહે છે અને તેના મૂળભૂત કારણોમાં છેલ્લાં વર્ષોની અંદર દા.ત. ભૂતકાળમાં તલાટી મંત્રીની પરીક્ષાઓ લેવામાં આવી હતી અને તેની અંદર તે વખતે પણ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત પરીક્ષા લેવામાં આવી અને પેપર ફૂટી ગયું અને તે ફૂટી ગયા પછી તેની તપાસ થઇ તેમાં ચંપાવત કરીને માણસ હતા તેમણે પણ કહ્યું હતુ કે લાખો રૂપિયાનો આમાં વહીવટ થાય છે અને પૈસા આપ્યા પછી ભરતી કરવામાં આવે છે આવુ રેકોર્ડ ઉપર આવ્યું છે. આ એકે પરીક્ષામાં નહીં પણ બીજી અન્ય પરીક્ષાઓ પણ રદ કરવી પડે છે. રદ કરવાનું કારણ શું ? રાજયના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ એક પ્રેસ કોન્ફરન્સ ભરીને કહ્યું હતું કે પરીક્ષાઓ રદ કરવામાં આવી છે. ગુજરાતના વિદ્યાર્થીઓએ અમારી સમક્ષ જે રજૂઆત કરી છે, એસઆઇટીની રચના કરવામાં આવી છે, કયાંક ફરિયાદના અનુસંધાને તપાસ કરવામાં આવી છે સવાલ એ થાય છે કે પરીક્ષાઓ લેવાયા પછી રદ શા માટે કરવી પડે છે ? રદ કરવામાં આવે છે તેનો અર્થ એવો છે કે તેમાં કયાંક અને કયાંક ગોલમાલ થાય છે અને ગોલમાલ થાય છે, ગોઠવાય છે અને તેના કારણે પરીક્ષાઓ રદ કરવાની થાય છે ત્યારે જે વિદ્યાર્થી રાત-દિવસ મહેનત કરે છે, પરિશ્રમ કરે છે, પોતાની લાયકાતના આધારે તે મેરિટ ઉપર આવે છે એવા લોકોને અન્યાય થાય છે એવા લોકો પરીક્ષાઓમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જે કામગીરી છે તે ન્યાયિક અને તટસ્થ ના હોવાના કારણે તેમની સાથે •(xxx) જે પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થાય છે તેના કારણે ગુજરાતના યુવાનોને નુકસાન થઇ રહ્યું છે, ગુજરાતના ભવિષ્યને નુકસાન થઇ રહ્યું છે ત્યારે આવનારા દિવસોમાં રાજય સરકાર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત જે પરીક્ષાઓ લેવાય તેના પરિણામો તાત્કાલિક જાહેર કરવામાં આવે અને ભવિષ્યમાં પણ પરીક્ષાઓ રદ કરવાની નોબત ના આવે અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય ના બગડે તેના માટે રાજય સરકાર ગંભીરતાપૂર્વક પગલાંઓ લે અને તકેદારી રાખી અને કામગીરી કરે એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : *(xxx)શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક વિનિયોગ વિધેયક જે લઇને આવ્યા છે. તે બાબતના ૨૩૮ ના નિયમ-૫ અન્વયે હું ખેડૂતો માટેની વાતમાં મારા પૂરક વિનિયોગ વિધેયકના મુદ્દા ઉપસ્થિત કરી તેના પર બોલવા ઉપસ્થિત થયો છું.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૦
## ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૦

ખેડૂત જગતનો તાત છે, સતત ખેડૂતોની ચિંતા કરવા માટેની વાતો થઇ છે, પરંતુ ખેડૂતોની ચિંતા ન થતી હોય તેવું મને લાગી રહ્યું છે. ખેડૂતોના પાક વિમા માટે સતત ચિંતા છે, મંત્રીશ્રીએ જવાબ આપવાનો હોય તો એ જવાબ આપવાને બદલે અમે ચિંતા કરીએ છીએ, કંપનીઓને દબાવીએ છીએ. કંપનીઓ તો આપણી સામે દબાવવી જ જોઇએ. એ ન દબાવીને ખેડૂતો પાસેથી કરોડો રૂપિયાનું પ્રિમિયમ ઉઘરાવ્યા પછી આ પ્રાઇવેટ કંપીનીઓ વિમા ચૂકવતી નથી, એ મોટો ચિંતાનો વિષય બન્યો છે. છેલ્લા વર્ષોમાં રૂપિયા ૨૦ હજાર કરોડથી વધારે નફો પ્રાઇવેટ કંપનીઓ કરી ચૂકી છે, તેવા આંકડાઓ પણ પ્રસિદ્ધ થયા છે. આ પાક વિમો ન ચૂકવવાના કારણે જગતનો તાત આજે મુશ્કેલી અને ચિંતામાં મૂકાયો છે. ગાંધીનગર ઉપર તેમની નજર છે, એમની જે આંખ છે એની આંખનો ડોળો ધારાસભ્યો પર છે કે કયા ધારાસભ્ય અને સરકાર શું કરી રહી છે. મારે તો નાણાં મંત્રીશ્રીને વિનંતી કરવી છે, કોઇ પણ સંજોગોમાં આ પ્રાઇવેટ કંપનીઓને ફટકારી અને દબાવીને પણ ખેડૂતોના પાક વિમા અપાવવા જોઇએ. પિયત અને બિન– પિયત એવા જુદા ન પાડીને દુષ્કાળ અને અછત હોય ત્યારે ટેન્કરોથી પાણી અપાતું હોય એવા સંજોગોમાં પિયતના નામે પાક વિમો ન ચૂકવો એ બરાબર નથી. આ પાક વિમો તાત્કાલિક અસરથી ચૂકવવા માટે સરકાર ફરજ પાડે તેવી મારી લાગણી વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ખેડૂતોને ૪ ટકા વ્યાજ રાહતની જે વખતે કરેલી જાહેરાત તે વખતે પણ મેં શ્રી નીતિનભાઇને અભિનંદન આપ્યાં હતાં. મારો આ પ્રશ્ન પણ હું રાજયપાલશ્રીના પ્રવચન પરની ચર્ચામાં રજૂ કર્યો હતો, એ ૪ ટકા વ્યાજ ચૂકવણી માટે એક– એક વર્ષ લંબાઇ જાય છે આ એક વર્ષ લંબાઇ જવાના કારણે જયારે એક વર્ષ પછી ટૂંકી મુદતનું ધિરાણ વસૂલ આપવાનું ત્યારે આપણે ખેડૂતોને એક વર્ષ ચૂકવ્યા હતા એ સારી બાબત છે. પરંતુ ૩ ટકાની જે રાહત છે એ ૩ ટકાની રાહત નાબાર્ડ બે–બે વર્ષ સુધી ચૂકવતી નથી. આ નાબાડનું રિફાયનાન્સ મંડળીઓને મળતું હોય છે, જિલ્લા મધ્યસ્થ બેન્ક દ્વારા, ગુજરાત રાજય સહકારી બેન્ક મારફત જિલ્લા સહકારી મધ્યસ્થ બેન્કોને મળે છે, આ જિલ્લા સહકારી મધ્યસ્થ બેન્ક મારફત પ્રાથમિક જે પી.એ.સી જે છે, એ પ્રાથમિક ખેડૂતોની મંડળીઓ મારફતે ખેડૂતોને ધિરાણ થાય છે. આ નાબાર્ડ ફરજ પાડે છે કે મંડળીઓ ૩ ટકા જે વ્યાજ આપવાનું છે એ જમા આપે, મંડળી ચલાવનાર કોઇ પણ ચેરમેન હોય, હું પણ એક મંડળીનો ચેરમેન છું, મારે આ ૩ ટકા વ્યાજ રાહત આપવી પડે ૨૫ થી ૩૦ કરોડ રૂપિયાનું ધિરાણ અમારી મંડળીઓ મારફતે થાય છે. એની જો ૩ ટકાની ગણતરી કરવામાં આવે તો માનનીય નાણામંત્રીશ્રી ૧–૧ કરોડ રૂપિયા જેવું વ્યાજ થાય છે. એ બે વર્ષ સુધી જો ન ચૂકવાય તો મંડળી ચાલતી બંધ થઇ જાય, એવી પરિસ્થિતિ નિર્માણ થઇ છે, ત્યારે આ વ્યાજ રાહત માટે ૪ ટકાની અને ૩ ટકાની જે ચૂકવણી છે એ ચૂકવવામાં આવે, ખેડૂત જગતનો તાત છે.

આજે પણ વરસાદ પડયો છે તેના કારણે જીરૂ પર અસર થઇ છે અને ઘઉંના પાક પર અસર થઇ છે, અત્યારના જે પાકો પર અસર થઇ છે ત્યારે ખેડૂતો માટે ચિંતા કરીને નાણામંત્રીશ્રી મોટું મન રાખો છો એમ હજુ પણ મોટું મન રાખો. જેમ તમે તેડાઘરને પગાર વધારો કર્યો છે, સારી બાબત છે. હજુ પણ આના બદલે વધારે જો ૫, ૭ અને ૧૦ હજાર રૂપિયા કર્યા હોત તો હું પાટલી થપથપાવીને અભિનંદન આપવાનો હતો. પરંતુ ખેડૂતો માટે મોટું મન રાખે તેવી લાગણી વ્યકત કરું છું.

ડો. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ જે પૂરક વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે, તેમાં મારો મુદ્દો મેં ઉપસ્થિત કર્યો હતો. " ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષાઓમાં વારંવાર ચોરીઓના બનાવો બનતાં પરીક્ષાઓ વારંવાર રદ કરવી પડે છે". આપણા જે યુવાનો છે એના માટે આપણે યુવાનોને દેશનું ભાવિ કહીએ છીએ, આ જે શિક્ષિત બેકારો છે સાહેબ, આજે એમનું ભાવિ સાવ ધૂંધળું થઇ ગયું છે. ખૂબ મહેનત કરે છે, દરેક પરીક્ષા આપે, મહેનત કરે, એમાં ફોર્મ ભરે, કોચીંગ કલાસીસ કરે, પરીક્ષા આપે અને પછી થોડોક સમય થાય અને પરીક્ષા રદ થઇ જાય છે. વારંવાર પરીક્ષાઓ રદ થાય છે, કદાચ એકાદ વખત બને, પણ આ તો જેટલી પણ પરીક્ષા આવે એ પરીક્ષા લગભગ રદ કરવી પડે છે. એ પરીક્ષાઓ ગૌણ સેવા પસંદગી, પંચાયત સેવા પસંદગી કે પોલીસ રિકુટમેન્ટ પરીક્ષા હોય કે શિક્ષણ વિભાગની ટેટ– કે ટાટની પરીક્ષા હોય આ પરીક્ષાઓ વારંવાર રદ કરવી પડે છે. એના લીધે સરકારને જરૂર આવક થતી હશે. કારણ કે ફોર્મ દીઠ આપણે સો– થી પાંચસો રૂપિયા ફી લઇને આવક ઉભી કરતા હોઇએ છીએ. પરંતુ આ છોકરાઓનું જે ભાવિ બગડે છે એની આપણે ચિંતા કરતા નથી. ઘણી વખત પરિસ્થિતિ એવી થાય છે. આ છોકરાઓ છે એ બધા જ પૂરાવાઓ આપે છે, ચોરી કેવી રીતે થાય છે? સી.સી.ટી.વી. ફૂટેઝના પૂરાવા આપે છે. મોબાઇલ ઉપર ચેક કરીને જવાબો લખવામાં આવે છે. ઘણી વખત સી.સી.ટી. વી. માં ચોરીની આખી ઘટના દેખાય છે. છતાં પણ સરકાર એનો નિર્ણય જલદી કરે નહીં અને એના લીધે મુશ્કેલી ઉભી થાય છે. એલ.આર.ડી.ની પરીક્ષા હતી, સારું થયું કે બીજી વખતે તાત્કાલિક નિર્ણય કર્યો, પણ જયાં ચોરી થાય છે જે જગ્યાએથી ચોરી થાય છે એની કયારેય તપાસ કરવામાં આવતી નથી. એલ.આર.ડી.ની. પરીક્ષામાં પેપર કયાં છાપવા આપ્યું? એ પેપર કર્ણાટકમાં છપાવવા માટે આપવામાં આવ્યું હતું, કેમ ત્યાં સંસ્થામાં તપાસ કરવામાં ન આવી? કયા સંજોગોમાં ત્યાં ચોરી થઇ તેની કોઇ તપાસ સરકાર કરતી નથી. એટલે મારી વિનંતી છે કે આ જુદી જુદી જગ્યાએ જે ચોરીઓના બનાવો બને છે એના લીધે જે વિદ્યાર્થીઓનું ભાવી બગડે છે એમાં તમે ખાસ ખ્યાલ રાખો અને બીજી વખતે આવું વારંવાર ન બને તે ખાસ મહત્વની બાબત છે. હવે જે તમે હમણાં એલ.આર.ડી.માં નિર્ણય કર્યો, તા.૧–૪–૨૦૧૮નો જે પરિપત્ર, સીટો વધારી દીધી, કદાચ એટલી સીટો મંજૂર હશે કે નહીં તેનો મને ખ્યાલ નથી. પણ સીટો વધારવાથી કદાચ સોલ્યુશન નહીં આવે, અમુક સમાજો છે એને તમે ન્યાય આપી શકશો. પણ ટ્રાયબલ સમાજને એમાં નુકસાન થાય છે. એટલી જગ્યા તમે નહીં ભરશો

તો એ અમારી બહેનોને એલ.આર.ડી.માં નોકરી નહીં મળી શકે, એટલે મારી મંત્રીશ્રીને પણ વિનંતી છે કે એલ.આર.ડી.માં જેટલી જગ્યાઓ જે બીજા ક્રમ પર તમે વધારી છે એટલી જ જગ્યાઓ આમાં ટ્રાયબલની છોકરીઓ માટે પણ વધારવામાં આવે અને લગભગ ૮૫૦ જેટલી જગ્યાઓ થાય છે એ ભરવામાં આવે એવી મારી વિનંતી છે. મેં સરકાર સાથે થોડી ચર્ચા કરી હતી પણ મને એવો જવાબ મળ્યો કે છોકરીઓને બદલે આપણે છોકરાઓથી ભરીએ, એ સવાલ પેદા નથી થતો, જે હક્ક બહેનોનો છે એ હક્ક ૩૩ ટકા પ્રમાણે એમનો રહેવો જ જોઇએ. એટલે મારે સરકારને વિનંતી કરવી છે કે વારંવાર આ ચોરીઓ થતી અટકે અને વિદ્યાર્થીઓનું ભાવી ધૂંધળુ ન થાય તેના માટે આપ ખૂબ સજાગ રહો એટલી વિનંતી સાથે વિરમું છું.

શ્રી મહેશભાઇ છો. વસાવા(દેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરી અને ચર્ચા કરવા માટે ઉભો થયો છું. ખાણ ખનિજ માટેનો મારો વિષય છે. જે અનુસૂચિત એરિયા છે, શિડ્યુલ ફાઇવ, આદિવાસી એરિયાની અંદર સૌથી વધારે ખનિજ નીકળે છે. પત્થર હોય, રેતી હોય કે પાણી હોય કે કોલસો હોય, એ ટ્રાયબલ વિસ્તારમાં સૌથી વધારે નીકળે છે. તો ટ્રાયબલ વિસ્તારના ગામડાંને અને ત્યાંના જે લાભાર્થીઓ છે તેમને એનો કોઇ જાતનો લાભ મળતો નથી. નાણાં મંત્રી સાહેબ જે વિધેયક લઇને આવ્યા છે એમાં મારે ખાસ એ કહેવું છે કે, જે ગ્રામ પંચાયતો છે ત્યાંથી જે ખનિજ નીકળે છે એ ખનિજની જે આવક થાય છે એ આવક નફાની અંદરથી ૫૦ ટકા ભાગીદારી જે તે ગ્રામ પંચાયતને મળે તો ચોક્કસ ગ્રામ સભાઓ સધ્ધર થાય અને ગામના લોકો સધ્ધર થાય તો ત્યાં આગળ શિક્ષણ, આરોગ્ય અને એમની જે આર્થિક પરિસ્થિતિ ખરાબ છે એમાં ચોક્કસ સુધારો થઇ શકે. અને એ ગામનો વિકાસ થાય. દાખલા તરીકે નર્મદાનું પાણી, એની અંદર કરોડો રૂપિયાની આવક થાય છે, પણ ત્યાંના વિસ્તારના લોકોને કોઇ જાતનો લાભ મળતો નથી. માટે સરકાર ૫૦ ટકા ગ્રામ પંચાયતોને ભાગીદારી આપે અને ખાસ કરીને રોયલ્ટીની વાત કરીએ તો જે રોયલ્ટી ગવર્નમેન્ટમાં જાય છે તે રોયલ્ટીની કિંમત જે થાય તેના ૨૫ ટકા કિંમત જે તે ગ્રામ પંચાયતને મળવી જોઇએ. ખાસ કરીને મારા ટ્રાયબલ વિસ્તારમાં જે ખનિજો નીકળે છે, તો ત્યાં ખાણોની જે મંજૂરી આપવામાં આવે છે, પંચાયત દ્વારા ઠરાવ કરવામાં આવે છે, તો એમને જે કોઇ ત્યાંના માલિક હોય એને એનો લાભ મળવો જોઇએ. આજે એની અંદર ખાણ બનાવવામાં આવે છે તો એના પહેલા પૈસા ભરવામાં આવે, આદિવાસી ખેડૂત ખાણના આદિવાસી લાભાર્થી હોય તો સરકારે એને મફત અધિકાર આપવો જોઇએ, ખાસ કરીને અત્યારે આ ખાણની બાબતમાં હરાજી કરવામાં આવે છે અને હરાજી કરીને બીજા લોકો એમાં પૈસા ભરીને લાભ લઇ જાય છે અને મૂળ ખેડૂત છે તે મૂળ ખેડૂતના બદલે એ ખનિજના પૈસા બિન આદિવાસી લોકો જે હોય તેને મળે છે. માટે ત્યાંના જે માલિક છે તેને જ મળવું જોઇએ તેવી વ્યવસ્થા કરવી જોઇએ અને સરકારે અત્યારે જે નિર્ણય કર્યો છે તેના માટે એને ધન્યવાદ આપું છું કારણ કે, આદિવાસી વિસ્તારમાં ખનીજ નીકળે છે એમાં પહેલી પસંદગી આદિવાસીઓને આપવામાં આવે છે એ બદલ સરકારને ધન્યવાદ આપું છું. ખનીજોમાં પાણી, રેતી, પથ્થર વગેરે નીકળે છે એમાં સીધે સીધી ૫૦ ટકા ભાગીદારી જે તે ગ્રામ પંચાયતોને આપવામાં આવે તો સો ટકા ગામડાંનો વિકાસ થશે, ખાસ કરીને રોજગારી મળશે જેથી અત્યારે શહેરોમાં આવે છે ત્યાં ઝૂંપડપટ્ટીમાં વધારો થાય છે એના ઉપર અત્યાચારો થાય છે એને પૂરું વેતન આપવામાં આવતું નથી. તેથી ગામડાંમાં જ રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા કરવા સરકારને મારી વિનંતી અને ભલામણ છે.

શ્રીનીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારી પૂરક વિનિયોગ વિધેયકની આજની આ ટૂંકી ચર્ચામાં ચાર જેટલા માનનીય સભ્યશ્રીઓએ એમના સૂચનો કર્યા છે અને પોતાના વિચારો વ્યકત કર્યા છે.

સૌથી પ્રથમ માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ દ્વારા સરકારી ભરતી માટેની જે પ્રક્રિયા ચાલે છે એમાં વિલંબ થાય છે એ પ્રકારની રજૂઆત કરી છે. આ પ્રશ્ન વારંવાર ચર્ચાઇ ચૂકયો છે, ભૂતકાળમાં સરકારી ભરતીઓમાં મોટા પ્રમાણમાં કાપ હતો અને એ દરેક સરકારો વખતે હતો. હું કોઇ રાજકીય અવલોકન નથી કરતો. ખૂબ કર્મચારીઓ હોય સરકાર ઉપર ખૂબ મોટુ ભારણ આવતું હોય, કમ્પ્યુટરાઇઝેશન વધ્યું, સાધન સામગ્રી વધી, સંદેશા વ્યવહારના સાધનો વધે એટલે કર્મચારીઓની કદાચ જરૂરત સરકારમાં ઓછી થઇ હોય એટલે કાપ મૂકવામાં આવેલો. પરંતુ અમારી સરકારે આ કાપમાં મોટા પ્રમાણમાં ઘટાડો કર્યો છે એના માટે ભરતી કેલેન્ડર બનાવવામાં આવ્યું છે જે ભૂતકાળમાં નહોતું. ભરતી કેલેન્ડર શબ્દ વાપરવામાં આવ્યો છે એ કોંગ્રેસની સરકાર હતી કે બીજી કોઇ સરકારો હતી તે વખતે નહોતો. અમે નિર્ણય કર્યો કે કયા વિભાગમાં કેટલી ભરતી કરવી? કારણ કે ભરતી કરી દો, કરી દો કહેવાથી પ્રશ્ન પતતો નથી. સાતમું પગાર પંચ, એ પહેલા છઠ્ઠું પગાર પંચ આવ્યું એના લીધે રાજય સરકાર ઉપર ઘણો મોટો આર્થિક બોજો આવ્યો છે. જેટલો બોજો વધારે આવે એટલે એ ઓછી આવકમાંથી વિકાસના કામો માટે, પ્રોજેકટો માટે, સગવડો માટે, ગરીબો માટે આદિવાસીઓ, દલિતો કે ઓબીસી વર્ગના ઉત્કર્ષ માટે, શિક્ષણ, આરોગ્ય કે ઇન્ફ્રાસ્ટ્રકચરની વ્યવસ્થા માટે પૈસા વાપરવાના થાય છે. જેટલો પગાર વધારે થાય એટલો આપણે વિકાસની પાછળ ખર્ચ ઓછો કરી શકીએ. એટલે ભૂતકાળમાં સરળતાથી બધી સરકારોએ કર્યું હતું એમ અમે આખે આખો ભરતી કાપ ન નાંખ્યો અને ભરતી કેલેન્ડર બનાવ્યું છે એ પ્રમાણે ભરતી પ્રક્રિયા ચલાવીએ છીએ. અગાઉ પણ અમે કહ્યું છે કે મોટા પ્રમાણમાં સવા લાખ જેટલા કર્મચારીઓ, અધિકારીઓની ભરતી અમારી સરકારે ઓછા વર્ષમાં કરી છે અને એનો લાભ ગુજરાતના ભણેલા ગણેલા, દીકરા દીકરીઓ છે એને નોકરી માટે મળે છે. એટલે ગૌણ સેવા પસંદગી મંડળ હોય, પંચાયત સેવા પસંદગી મંડળ હોય કે જી.પી.એસ.સી. હોય એના દ્વારા ભરતી ચાલી રહી છે. કયાંક કોર્ટ કેસના કારણે અથવા કોઇ વિવિધ કારણોસર કોર્ટ કેસ આવતો હોય, ઘણીવાર પરીક્ષા લેવાય ચૂકી હોય ઉમેદવારો પસંદ કરી દેવામાં આવ્યા હોય અને નિમણૂક પત્ર આપી દેવામાં આવ્યા હોય અને કદાચ કોઇ વ્યકિતને વાંધો હોય અને કોર્ટમાં જાય અને સ્ટે લઇ આવે તો જે સો કે ૫૦૦ની ભરતી કરી દીધી હોય એ આખે આખું પ્રકરણ કોર્ટમાં જાય એટલે એ બધાને ઓર્ડર આપી શકતા નથી. ભૂતકાળમાં પાંચ છ વર્ષ પહેલાંની વાત છે. તલાટીની ભરતીમાં વિવાદ થયેલ એની ભરતી અને પસંદગી થઇ ગઇ હતી અને ઓર્ડર પણ અપાઇ ગયા હતા એ પૈકી

કેટલાક લોકો કોર્ટમાં જઇને સ્ટે લઇ આવ્યા એના કારણે ઘણા વર્ષો સુધી કોર્ટના સ્ટેના કારણે આપણે નિમણૂક આપી શકયા નહિ. વર્ષો સુધી કોર્ટના સ્ટેના કારણે આપણે ઉમેદવારો પસંદ થયા હતા તોય એમને આપણે નોકરીમાં નહોતા લઇ શક્યા અને ઉમેવારોને નોકરી નહોતી મળી. આવા પણ ઘણા કારણો થતા હોય છે.

બીજું, હમણાં બિન સચિવાલયના કર્મચારીઓની આપણે જે મોટા પ્રમાણમાં સાડા ત્રણથી ચાર હજાર ભરતી કરવાનો નિર્ણય કર્યો, કમનસીબે એનું પ્રશ્નપત્ર લીક થઇ ગયું અને મુખ્યમંત્રીશ્રીને જેવી રાત્રે જાણ થઇ કે આ પ્રશ્ન પત્ર લીક થયું છે. અમે કોઇ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય, ઉમેદવારોને અન્યાય ન થાય એ માટે તાત્કાલિક અસરથી એ પરીક્ષા મુલતવી રાખી અને એની તપાસ કમિટિ મૂકી, સ્પેશિયલ એસ.આઇ.ટી. બનાવી, ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજીએ જાત દેખરેખ નીચે આ એસ.આઇ.ટી.ને માર્ગદર્શન આપી અને બધી તપાસ કરાવડાવી અને આખું ષડયંત્ર, કોણે પેપર ફોડ્યું, ક્યાંથી પેપર ફૂટ્યું, કોણે વોટ્સ એપ કર્યા, ક્યાંથી મેસેજો ફરતા થયા આ બધું જ આખુ ષડયંત્ર આપણે પકડી પાડ્યું છે. હવે એ જૂની વાત થઇ ગઇ પણ હજી મૂળ પરીક્ષા તો લેવાની બાકી છે. એટલે અમે હવે નક્કી કર્યું છે કે, જ્યાં સીસીટીવી કેમેરા હોય એવા પરીક્ષા કેન્દ્રોમાં જ આ પરીક્ષા લેવી અને એવા કેન્દ્રોનો આપણે સરવે કરી રહ્યા છીએ. દરમિયાનમાં સત્તર–અઢાર લાખ જેટલા બોર્ડના વિદ્યાર્થીઓની પરીક્ષા માનનીય ભૂપેન્દ્રસિંહજીના શિક્ષણ વિભાગ દ્વારા અત્યારે ચાલુ થઇ ચૂકી છે. એટલે આ પરીક્ષા પતે, શાળાઓના વર્ગો સીસીટીવીવાળા ઉપલબ્ધ થાય એટલે તરત જ આપણે પરીક્ષા લેવાના છીએ. સાથે સાથે એલ.આર.ડી.ની પણ વાત કરી લઉં, જે ડો. જોષિયારાજીએ મુદ્દો અહીંયા ઉપસ્થિત કર્યો છે. તો એલ.આર.ડી.માં પણ આપણે ભરતી કરી. ગુજરાતનું વાતાવરણ બગાડવાનો પ્રયત્ન કર્યો, કોઇ રાજકીય પક્ષે એમાં બંન્ને બાજુ સહકાર આપ્યો, એક છાવણીમાં અમુક લોકો ગયા, બીજી છાવણીમાં અમુક લોકો ગયા. ફરી ગુજરાતને હિંસાની આગમાં હોમવાનો, વર્ગો–વર્ગો વચ્ચે, જ્ઞાતિઓ–જ્ઞાતિઓ વચ્ચે, સમાજો –સમાજો વચ્ચે સંઘર્ષ થાય, ગુજરાતની એકતા, ગુજરાતની જે આપણી ગુજરાતીઓની સાથે રહેવાની જે લાગણી છે એમાં ભંગાણ પાડવાનો કેટલાક લોકોએ ફક્ત રાજકીય ઇરાદાઓથી પ્રયત્ન કર્યો પણ અમે એનો વ્યવહારિક રસ્તો કાઢ્યો. અમે બધા સિનિયર મંત્રીશ્રીઓ, મુખ્યમંત્રીશ્રી અમે બધા જ ચિંતિત હતા. જુદા જુદા આંદોલનકારીઓ સાથે ચર્ચા કરી, ધારાસભ્યો સાથે ચર્ચા કરી, નેતાઓ જોડે ચર્ચા કરી, હાઇકોર્ટના એડવોકેટ જનરલનો અભિપ્રાય લીધો અને છેવટે સાહેબ અમે એવો ઉપાય કર્યો કે ભલે થોડા વધારે આપણા છોકરા–છોકરીઓને નોકરી મળે તો એનું ભારણ સરકાર ઉપાડી લેશે, આર્થિક રીતે પહોંચી વળીશું પણ ગુજરાતમાં વિખવાદ કરવો, જ્ઞાતિઓ–જ્ઞાતિઓ વચ્ચે સંઘર્ષ કરાવવો એ જે કાવતરું કેટલાક લોકોએ તૈયાર કર્યું હતું, પ્રોત્સાહન આપી રહેલા. ગુજરાતને ફરી અશાંતિની દિશામાં લઇ જવા હતા એના ઉપર અમે ખૂબ બુદ્ધિપૂર્વક આયોજન કરી અને ઠંડુ પાણી રેડી દીધું. માનનીય અધ્યક્ષશ્રી, મને આજે જણાવતાં આનંદ થાય છે કે, જે છાવણીઓ નાંખી કેટલાક વિદ્યાર્થીઓ, ઉમેદવારો અથવા કશું જ ના હોય એવા પણ બેઠા હતા. ઉમેદવાર બેસે એ તો સંમત સાહેબ, એની લાગણીઓ સરકારમાં રજૂઆત કરે એ એનો અધિકાર છે પણ જેને ન્હાવા નિચોવવાનું નહોતું, લેવા દેવાનું નહોતું, મેટ્રિક પાસ થયા નથી એવા લોકો પણ દોડી દોડીને ત્યાં પહોંચી જતા હતા. સાહેબ, આજે મને આનંદ છે કે, આજની તારીખે ગાંધીનગરમાં ઓ.બી.સી.ના નહીં, આદિજાતિના નહીં, જૂનાગઢના ગિરનારના માલધારી ભાઇ–બહેનો નહીં, કોઇ પણ પ્રકારની કોઇ જ છાવણી, બીજા વિરોધીઓએ બહુ જ માથા પછાડ્યા, ખાનગીમાં રૂપિયા પણ ખર્ચ્યા હશે, ના જાણે શું નું શું કર્યું હશે બધું જ અમે નિષ્ફળ કરી દીધું. અને અમે એ પણ ભરતી કરી. વધારે વિદ્યાર્થીઓ હોય તો વધારે પણ આપણા ગુજરાતના જ છે ને. ક્યાંકથી પૈસા બચાવી લઇશું અને એમને પગાર અને નોકરી બંન્ને આપીશું. એટલે આ બધું જ અમે કર્યું છે એટલે વિરોધીઓના ગુજરાતને જે લોકો અશાંત કરવા માગતા હતા, નોકરીના બહાને જે વિદ્યાર્થીઓ ભણી ગણીને નોકરી લેવા ઇચ્છે છે તેમને આગળ કરીને બધી રીતે નિષ્ફળ ગયા હતા એવા લોકો આમાં કૂદી પડ્યા હતા. એ પ્રશ્ન અમે સોલ્વ કરી દીધો છે.

માનનીય વિરજીભાઇનો જે ખેડૂતો માટેનો પ્રશ્ન છે. અમે કાયમ કહીએ છીએ કે અમે ખેડૂતો માટેની સરકાર છીએ. ગુજરાતની જનતાની સરકાર છીએ. ગામડે ગામડે ખેડૂતો અર્થતંત્ર માટે, કૃષિ ઉત્પાદન માટે, દેશનું પેટ ભરવા અનાજ અને અન્ય પાકોનું ઉત્પાદન રાત–દિવસ મહેનતથી કરે છે. અમે સ્વીકારીએ છીએ. વર્ષ ૧૯૯૫થી અમારી ભાજપની સરકાર આવી ત્યારથી ખેડૂતને અમે પ્રાઇમ દૃષ્ટિએ મહત્વ આપ્યું છે. પછી એ વીજળીના જોડાણ હોય, બીજા કાયદાઓમાં સુધારા હોય, આઠ કિલોમીટરની જમીન મર્યાદા દૂર કરવાનો પ્રશ્ન હોય. આ બધું ઘણું ઘણું કર્યું છે. ઘણા મહેસૂલી સુધારા કર્યા છે. પારદર્શકતા લાવ્યા છીએ. હવે આ ખેડૂતો પહેલાં વ્યાજે રકમ લેતા હતા. હું કહું તો કોઇ ખોટું ન લગાડતા. ભૂતકાળની સરકારોમાં જ્યારે ભાજપ સત્તામાં નહોતો ત્યારની વાત કરું છું. આ જ ખેડૂતો, કારણ કે હું પણ સહકારી રાજકારણ સાથે દાયકાઓથી સંકળાયેલો છું. ભાજપ સિવાયની જૂની સરકારોમાં પછી એ કેન્દ્રમાં ભાજપ સિવાયની સરકાર હોય કે ગુજરાતમાં ભાજપ સિવાયની સરકાર હોય, ૧૨થી ૧૫ ટકા વ્યાજ ખેડૂતો પાસે, આ સહકારી મંડળીઓ પાસે આ સરકારો લેવડાવતી હતી. એક પૈસો મદદ નહોતી કરતી. અમારી ભારતીય જનતા પક્ષની સરકારે જે નિર્ણય કર્યો. અત્યારે ગુજરાતના ખેડૂતોને આપણે જે સહાય કરીએ છીએ, જે ધિરાણ આપીએ છીએ એક તો સ્ટેટ કો–ઓપરેટીવ બેંક જે બધી મોટામાં મોટી બેંકોનું ફેડરેશન છે. ૧૮ જિલ્લા સહકારી બેંકો અને ૯,૦૦૦ ઉપરાંત સેવા મંડળીઓ જે માનનીય વિરજીભાઇએ કહ્યું કે એક સેવા મંડળીના ચેરમેન છે. આના માળખા દ્વારા કોઇને આશ્ચર્ય થાય અને બધાને આનંદ પણ થશે કે અમારી સરકારે ૩૯,૦૦૦ કરોડ રૂપિયા આ વર્ષે ખેડૂતોને ટૂંકી મુદતનું પાક

ધિરાણ અપાવ્યું છે અને એ પણ ઝીરો ટકા વ્યાજે. કુલ ૭ ટકા વ્યાજ બેંકોને આપવાનું હોય છે. અમરેલીની બેંક હોય શ્રી વિરજીભાઇ, તો તમારી મંડળીને માફી મળે છે પણ અમરેલી બેંકને વ્યાજ આપવું પડે છે. મહેસાણા બેંકને, અમદાવાદ બેંકને બધી બેંકોને વ્યાજ આપવું પડે છે. આ શ્રી અરૂણસિંહ આપણા ભરૂચ બેંકના ચેરમેન છે. એમની બેંકને પણ વ્યાજ આપવું પડે છે. આ રૂપિયા ૩૯,૦૦૦ કરોડનું વ્યાજ ખેડૂતો આપતા નથી. એ વ્યાજ ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર અને કેન્દ્રની શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આપે છે. ૪ ટકા બોજો ગુજરાત સરકાર ઉપાડી લે છે. ૩ ટકા બોજો કેન્દ્રની શ્રી નરેન્દ્રભાઇની સરકાર ઉપાડી લે છે. ૩૯,૦૦૦ કરોડ રૂપિયાનું એક પૈસો વ્યાજ કોઇ ખેડૂતને ભરવું પડતું નથી. આવું ભૂતકાળમાં કોઇ દિવસ ભાજપ સિવાયની સરકાર વખતે થયું નહોતું. આ તો અમે કરીએ છીએ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, આપને જે કહેવાનું હતું તે પહેલાં કહી ગયા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને તક આપો તો તમને બધો જવાબ આપું. પહેલાં નહોતા આપતા એની તો વાત કરો. હવે ચૂકવાય છે. આ તો સાહેબ, ગામમાં બસ નહોતી આવતી. અમે બસ ચાલુ કરી એટલે કહે કે પાંચ મિનિટ મોડી આવે છે. (અંતરાય) શ્રી વિરજીભાઇ, પ્લીઝ. મેં તમને ડિસ્ટર્બ નહોતા કર્યા. બધું કહું. ધીરે ધીરે આવું ને? પાંચમા માળ ઉપર જવું હોય તો એક એક માળ પગથિયાં ચઢવા પડે. હું હનુમાન તો છું નહીં કે સીધો કૂદકો મારી દઉં. હું તો માણસ છું. ધીમે ધીમે ચઢું છું. આપનો જે બીજો પ્રશ્ન છે. બજેટની જોગવાઇ પ્રમાણે ભારત સરકાર ગ્રાન્ટ છૂટી કરે. બેંકોની લાગણી એવી હતી કે જ્યાં સુધી બેંકમાં વ્યાજ જમા નહીં થાય ત્યાં સુધી અમે સેવા મંડળીઓને એ રકમ ટ્રાન્સ્ફર નહીં કરીએ. એમના પૈસા રોકીશું. ગઇ સાલ મેં આ સભાગૃહમાં નાણામંત્રી તરીકે જાહેરાત કરેલી, કૃષિમંત્રીશ્રી ફળદુ સાહેબે ભલામણ કરેલી, શ્રી ઇશ્વરભાઇ સહકાર મંત્રીએ મિટિંગ કરેલી. ૫૦૦ કરોડ રૂપિયા વધારાનું રીવોલ્વીંગ ફંડ અમારી સરકારે બજેટમાં મંજૂર કર્યું. બેંકોને અમે આગોતરા જરૂર પડે તો પૈસા આપીએ છીએ અને મને આનંદ છે, દા.ત. આપણી સારી બેંકો. દા.ત. અમારી એ.ડી.સી. બેંક, શ્રી અજયભાઇ પટેલ ચેરમેન છે, એ ગુજરાત સરકારના વ્યાજનો હપ્તો આવે એની રાહ જોતા નથી, એ પાસ કરી દે છે. મને લાગે છે અમરેલી બેંક પણ પાસ કરી દે છે. અમારી રાજકોટ નાગરિક જિલ્લા બેંક પણ કરી દે છે. જયાં ભા.જ.પ.નું શાસન છે એવી જિલ્લા બેંકો કરી દે છે એવું મારું લગભગ અનુમાન છે. હું સો ટકા નથી કહેતો કારણ કે હજી ગણી ગાંઠી બેંકોમાં બીજા પક્ષોના ચેરમેનો છે. એ લોકો તો એવું જ ઇચ્છે છે કે સરકાર ગમે તેમ કરીને હેરાન થાય. સરકાર બદનામ થાય, સરકાર વિરુદ્ધ પ્રશ્નો થાય, પણ અમારા ચેરમેનોએ કારણ કે બેંકોને સરકારે ઘણું આપ્યું છે. નાબાર્ડ ઘણું આપે છે એટલે જે બેંકો ના આપતી હોય એમને તમે કહેજો કે એ બધા આપી દે, અમે રૂપિયા ૫૦૦ કરોડ રીવોલ્વીંગ ફંડ કરી જ દીધું છે એટલે પ્રશ્ન નથી. પાક વીમા યોજના માટે કહું, અમે જે રકમો ચૂકવી છે એમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૨૬૭ કરોડ રૂપિયા ચૂકવ્યા, વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૦૭૫ કરોડ રૂપિયા ચૂકવ્યા અને વર્ષ ૨૦૧૮–૧૯માં અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ, કૃષિમંત્રીશ્રી ફળદુ સાહેબ અને અમે બધાએ જે ફોલોઅપ કરાવ્યું એના કારણે (અંતરાય) તમે કહો છો ને કે વીમા કંપનીઓને દબાવો, આ દબાવાનું પરિણામ એ છે કે ૨૭૭૭ કરોડ રૂપિયા પાક વીમો અમે અપાવી ચૂકયા છીએ. હવે જે દાવાઓની ચકાસણી ચાલુ છે એ પદ્ધતિ પ્રમાણે એ ચૂકવવામાં આવશે. (અંતરાય) આ તો જુઓ તમે બધા ચર્ચાઓ કરો છો એટલે હું બોલતો નથી પણ તમને સાદુ જ ઉદાહરણ આપી દઉં, આપણે બધા એલ.આઇ.સી. પાસે જીવન વીમો લઇએ છીએ, એનું પ્રિમિયમ ભરીએ છીએ, એ જીવન વીમાનું વળતર કયારે મળે? માણસ ગુજરી જાય તો મળે. તમે અકસ્માતે ગુજરી ના જાવ,(અંતરાય) મારી વાત સાંભળોને શ્રી વિરજીભાઇ, તમે બુદ્ધીશાળી છો, અભ્યાસુ છો એટલે હું તમારી પાસે દલીલો કરું છું બાકી બહુ ઓછા લોકો જોડે હું દલીલો કરવાનું પસંદ કરું છું. દા.ત. કોઇએ મોટરકારનો વીમો લીધો હોય,

અધ્યક્ષશ્રી : એ તમને નથી કહેતા, તમે સો વરસ જીવો એમ હું કહું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, બધા સન્માનનીય સભ્યો છે, આપણે માણસોને છોડીએ, બીજો દાખલો આપું, કોઇએ મોટરકારનો વીમો લીધો કે મારી મોટરકાર અથડાય અને મને નુકસાન થાય તો મને વીમા કંપની રીપેરીંગ કરવાનું, કોઇ મૃત્યુ પામ્યું હોય તો એનું વળતર ચૂકવવાની રકમ આપે, આપણે પ્રિમિયમ ભરે જતા જોઇએ પણ ભગવાનના આશીર્વાદથી એ મોટરકારને કદી અકસ્માત જ ના થાય, એ મોટરકારમાં બેઠેલા કે રોડ ઉપર ચાલનાર કોઇ ગુજરી જ ના જાય તો એ રકમ ભરવાની હોય પણ સામે કશું આવે નહીં, એમ વીમો એટલે વીમો, નુકસાન થાય તો મળે, આ પ્રિમિયમ તો લેવા માટેનું ભરવાનું હોય છે એટલે આ રીતે એને જોવું પડે.(અંતરાય) શ્રી પુંજાભાઇ, અત્યારે કશું કહેવાનું હોય જ નહીં, મારે શ્રી મહેશભાઇને જવાબ આપવો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : (અંતરાય) માનનીય મંત્રીશ્રી,જે પાક નિષ્ફળ થયો છે એની ચકાસણી યોગ્ય રીતે કરવી જોઇએ એ નથી થઇ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, પ્લીઝ.. પ્લીઝ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નહીં, નહીં, શ્રી વિરજીભાઇ બોલ્યાને કે આટલું બધું પ્રિમિયમ આપી દીધું, શ્રી પુંજાભાઇ, વીમો લીધો હોય એ પ્રિમિયમ ભરવું પડે, પ્રિમિયમ ભરો એ કંપની લઇ જાય અને નુકસાન થાય તો જ મળે. છતાં અમે સાચી રીતે ખેડૂતોનો સરવે થાય, ખરેખર નુકસાન થયું હોય તો એને મળે એ માટે અમે અમારી પૂરેપૂરી શકિતથી કામ કરીએ છીએ. એમાં તમે કહો એ સારું છે કારણ કે તમે પ્રજાના અને ખેડૂતોના પ્રતિનિધિ છો પણ અમે અહીંયા સો જણા બેઠા છીએ એ

ખેડૂતોના અને સમાજના પ્રતિનિધિ છીએ. અમારા ૯૦ ટકા ધારાસભ્યો ગામડામાંથી આવે છે. અમે બધું કરીએ છીએ. શ્રી મહેશભાઇનો છેલ્લો પ્રશ્ન છે એ આદિવાસી સમાજ માટે ખૂબ અગત્યનો છે. જે આદિવાસી વિસ્તારો છે ત્યાં જે ખનિજ રેતી, પથ્થરો, કપચી કે કોઇ કિંમતી ધાતુ નીકળે એ બધું પેસા એક્ટ પ્રમાણે જે આદિવાસી વિસ્તાર હોય એ ખેડૂતોને લાભ મળવો જોઇએ અને એ બંધારણે સ્વીકારેલ હકીકત છે. એ પ્રમાણે જો ટૂંકમાં કહું તો માનનીય મહેશભાઇની લાગણી છે એ પ્રમાણે તા.૨૪–૫–૨૦૧૭થી આજ સુધીમાં જે આદિવાસી શિડ્યુલ વિસ્તારો છે એમાં આપણે બ્લોક પાડ્યા, ઇ–ઓકશનથી એટલે કે ઓન લાઇન હરાજી કરી. પહેલા તો માથાભારે માફિયા બદમાશો અને ગુંડાઓ કોઇને ટેન્ડર ભરવા દેતા ન હતા. મફતમાં બધું પડાવી લેતા હતા. કોઇ ગરીબ સાચો માણસ, ધંધાદારી માણસ ભાગ લઇ શકતો ન હતો. આ બધું માફિયા રાજ અમારી સરકાર આવી ત્યારથી બંધ કરી દીધું છે. બધું ઓન લાઇન થાય છે. માર્ગ અને મકાન વિભાગ હોય, પાણી પુરવઠા વિભાગ હોય કે કોઇપણ વિભાગ હોય પણ બધું ઓન લાઇન થઇ ગયું. આના કારણે આજે કોઇ માફિયા તત્વો ક્યાંય દેખાતા નથી. પહેલા કેવું ચાલતું હતું? (અંતરાય) ઓન લાઇનમાં માણસ ન આવે. જેને જુદું જોવું છે. એના ચશ્મા દુનિયામાં બન્યા નથી. બધું બન્યું છે, ઓછું દેખાતું હોય અને મોટું દેખાય એવા ચશ્મા બન્યા છે પણ વિપક્ષને સારું દેખાય એવા ચશ્મા લગભગ બન્યા નથી. અમે સમજાવવાનો પ્રયત્ન કરીએ છીએ કે જેથી મગજ મારફત આંખમાં ઉતરે, હૃદય મારફત આંખમાં ઉતરે અને સાચું સ્વીકારે. શ્રી મહેશભાઇનો પ્રશ્ન છે એમાં મેં કહ્યું એમ ઇ–ઓકશનના ૧૨૮ બ્લોક અમે જાહેર હરાજીમાં મૂક્યા હતા. એમાંથી ૮૮ બ્લોકની હરાજી સફળતાપૂર્વક થઇ ચૂકી છે. એમાંથી ૭૨ સફળ બિડરો એ ફક્ત કાયદા મુજબ જે આદિવાસી વિસ્તારમાં રહેતા હોય, આદિવાસી હોય અને કાયદાની વ્યાખ્યા પ્રમાણે ત્યાંના શિડ્યુલ એરિયાના હોય એવા જ લોકોને આ ૭૨ બ્લોક અમારી સરકારે ફાળવ્યા છે. કોઇ આદિવાસીને કે કોઇ ગામડાના વ્યક્તિને કોઇ નુકસાન કરવાનો અમારો કોઇ પ્રયત્ન નથી. માનનીય સભ્યશ્રીની જાણકારી માટે રેતી, મોરમ આવા બધા જે ખનિજો છે એ ખનિજોની આવક સરકારને થાય છે એ રકમ સરકાર રાખતી નથી. ૯૫ ટકા રકમ અમે જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ તરીકે દર વર્ષે ફાળવીએ છીએ. આ વર્ષે પણ રૂપિયા ૧૪૦ કરોડ જેટલી રકમ અમે જિલ્લા પંચાયતોને ફાળવી દીધી છે. જિલ્લા પંચાયતની ફરજ છે કે જે વિસ્તારમાંથી આ ખનિજ નીકળતી હોય એ વિસ્તારના ગામડાઓને એનો લાભ એમને ફાળવવો. એ ઉપરાંત જે ૧૦ ટકા ડિસ્ટ્રીક્ટ મિનરલ ફંડ માટે રકમ જમા કરીએ છીએ અને જ્યાંથી ખાણ ખનિજ વિભાગ આવક મેળવે છે એના વિકાસ માટે આ રકમનો ઉપયોગ કરવામાં આવે છે. ખનિજની ફાળવણીમાં અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં પ્રથમ ગ્રામસભાનો ઠરાવ લેવામાં આવે છે પછી એની હરાજી કરવામાં આવે છે અને એમાં અનુસૂચિત જનજાતિની જે વ્યક્તિઓ હોય એને પ્રાયોરિટી આપવામાં આવે છે. આમ, બિલકુલ પારદર્શકતાથી અમારો ખાણ ખનિજ વિભાગ આદિવાસીઓ અથવા જ્યાંથી ખનિજ નીકળે છે એ વિસ્તાર માટે આ રકમ ફાળવી આપે છે. સરકારમાં બહુ રકમ રાખતા નથી એટલે રાજ્યનો સર્વાંગી વિકાસ થાય અને જ્યાં ઘસારો થાય છે એ વિસ્તારનો વિકાસ થાય એવું અમે કરીએ છીએ. આ ચાર સભ્યશ્રીઓની વિગતો મેં આપી છે એટલે પરત ખેંચવા પાત્ર હોય તો પરત ખેંચી લે.

અધ્યક્ષશ્રી : મતદાન થાય.

શ્રી મહેશભાઇ છો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાંથી ખનિજ નીકળે છે એની રકમ ગ્રામસભાને મળે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રકમ બધી ત્યાં જ જાય છે. એના નીતિ નિયમો પ્રમાણે એ રકમની ફાળવણી થાય છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત જે તે ગ્રામ પંચાયત એના નોર્મ્સ પ્રમાણે છે. મારું ટૂંકમાં કહેવાનું એટલું છે કે, આદિવાસીઓના હક્ક પ્રમાણે જે મળવાપાત્ર છે એમાં એક પણ ટકો અમારી ભાજપની સરકારે ઓછો નથી કર્યો, ક્યાંક વધારે આપ્યું હશે પણ ઓછું નથી કર્યું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૦ના વિધેયક ક્રમાંક –૨– સન ૨૦૨૦નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૦ના વિધેયક ક્રમાંક –૨– સન ૨૦૨૦નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : પહેલેથી ચેતવણી આપું છું કે મને અવાજ ઓછો સંભળાશે તો મને જેવું લાગશે તેવું હું કહીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૦ના વિધેયક ક્રમાંક –૨– સન ૨૦૨૦નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે, નેક્સ્ટ.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાણામંત્રીશ્રીએ સને ૨૦૨૦-૨૧ નું બજેટ રજૂ કર્યુ છે એમાં એમણે કવિતા મૂકી છે. શ્રી નીતિનભાઇ સાહેબ પણ હવે કવિતાઓ ગાતા થઇ ગયા છે એટલે અભિનંદન આપું છું. એમાં ''કામ કરતા આવ્યા છીએ અને કામ કરતા રહીશું'' ત્યાંથી શરૂઆત થાય છે અને છેલ્લી લીટીમાં છે – ''ઋણી છીએ ગુજરાતના ઋણ ચૂકવતા રહીશું.'' પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, આ પંક્તિમાં થોડો સુધારો કરવાની જરૂર છે. કારણ કે, જે બજેટ રજૂ થયું છે એમાં ગુજરાત રાજ્યનું દેવું માનનીય નાણામંત્રીશ્રી, રૂપિયા ૨,૪૦,૦૦૦/- કરોડનું થયું છે. વર્ષના અંતે રૂપિયા ૩,૦૦,૦૦૦/- કરોડ થવાનું છે અને વર્ષ ૨૦૨૨ સુધી તમારી સરકાર રહે ત્યાં સુધીમાં રૂપિયા ૪,૦૦,૦૦૦/- કરોડ સુધી જવાનું છે. ગુજરાતનું દરેક જન્મતું બાળક ૬૦,૦૦૦/- રૂપિયાના દેવા સાથે જન્મે છે એવું દેવાળિયું ગુજરાત તમે કર્યું છે એટલે હું તમને પંક્તિ સુધારવા કહું છું કે -''ઋણી છીએ ગુજરાતના'' એ બરાબર છે. ''ઋણ ચૂકવતા રહીશું'' એમ નહીં પણ ''ઋણ વધારતા રહીશું''તમે ઋણ વધારતા જાવ છો, દેવું વધારતા જાવ છો અને ગુજરાતને દેવાળિયું બનાવતા જાવ છો. એમાંથી દેવામુક્ત કરો એવી વિનંતી માનનીય અધ્યક્ષશ્રી મારફતે માનનીય નાણામંત્રીશ્રીને કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રૂપિયા ૨,૧૭,૦૦૦ કરોડનું બજેટ રજૂ થયું છે એમાં ૪૪,૦૦૦ કરોડ રૂપિયા લોન લઇને કરવાના છીએ અને ૪૧,૦૦૦ કરોડ રૂપિયા વર્ષ ૨૦૨૦-૨૧ના અંતે લોન ઉપર વ્યાજ અને પરત લોન એમાં જવાના છે એટલે ૯૦,૦૦૦ કરોડ રૂપિયા તો એક જ લીટીમાં આ બજેટમાંથી દૂર થઇ જાય છે એમાં યોજનાકીય સ્કીમ ઉપર કે કોઇ બિન વિકાસલક્ષી ખર્ચ કહેવાય એમાં માનનીય નાણામંત્રીશ્રી કરી રહ્યા છે. એટલે જે આવકના સોર્સ બતાવ્યા છે. વેટમાંથી અને જી.એસ.ટી.માંથી કરોડો રૂપિયાની આવક બતાવી છે. છેલ્લા મહિનાથી હું દરરોજ ન્યૂઝ પેપર વાંચું છું. ટી.વી. જોઉં છું. જી.એસ.ટી.ના બોગસ બિલ, બિલીંગ કૌભાંડ, ૧૦ થી ૧૫૦૦૦ કરોડના બોગસ બિલ તો તમે પકડયા અને પકડાયા વગરના માનીને ૩૦૦૦૦ કરોડ રૂપિયાનું બિલીંગ કૌભાંડ આ રાજયમાં ચાલી રહ્યું છે. જેમ તમે પહેલા બુમો પાડતા હતાને કે કોંગ્રેસના રાજમાં તેલીયા રાજાઓ છે, એમ તમારા રાજમાં શ્રી નીતિનભાઇ સાહેબ, આ બિલીયા રાજાઓ ઉભા થયા છે. આ બિલીયા રાજાઓનું રાજ દૂર કરો તો આજે તમારા પૈસા આવવાના છે એ આવશે અને આદિવાસી, બક્ષીપંચ, શિડયુલ કાસ્ટ કે ગામડાંના વિકાસમાં કે શહેરના પ્રશ્નોમાં તમે વાપરી શકશો. ખેડૂતોના હામી અને ખેડૂતો માટે એમણે જ બધું કર્યું છે. પહેલા કશું થતું જ નહોતું એવી જે છાપ અને ૨૫ વર્ષથી *(xxx) ચલાવવામાં આવી રહ્યા છે એના વિશે મારે કહેવું છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે. સાચી વસ્તુ ચલાવવામાં આવતી નથી.

ડો. સી. જે. ચાવડા : સાચી વસ્તુ ચલાવવામાં આવતી નથી એના વિશે મારે સાચું કહેવું છે. એમણે કહ્યું છે કે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરીશું. વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાથી ખેડૂતોનો પ્રશ્ન હલ ન થાય. ખેડૂતોનું ઉત્પાદન ડબલ કરવું પડે. આજે રૂપિયા ૧૦,૦૦૦ની આવક થતી હોય અને વર્ષ ૨૦૨૨ સુધીમાં રૂપિયા ૨૦,૦૦૦ની આવક થાય. આજે ૩૦,૦૦૦ રૂપિયે સોનું મળતું હોય અને વર્ષ ૨૦૨૨માં ૬૦૦૦૦ રૂપિયે સોનું મળે તો કોઇ મતલબ જ નથી. આજે ડુંગળી ૫૦ રૂપિયે કિલો હોય અને એ વખતે ૨૦૦ રૂપિયે કિલો હોય તો એ બમણી આવકનો કોઇ અર્થ નથી. ઉત્પાદન એનું બમણું કરવું જોઇએ અને ઉત્પાદન બમણું કરવાનું આ સરકારે કોઇ આયોજન કર્યું નથી, કોઇ પગલાં લીધાં નથી. ઉલટાનું ખેડૂતો માટે જે કાંઇ યોજનાઓ ચાલે છે અને જે કાંઇ યોજનાઓ ચાલી આવી છે ભારત સરકારની અને ગુજરાત સરકારની ટેકાના ભાવથી ખરીદીની વાત હોય કે પોષણક્ષમ ભાવ આપવાની વાત હોય કે ખેડૂતોને બેંક લોનમાં સહાય આપવાની વાત હોય આ વર્ષોથી ચાલી આવતી યોજનાઓ છે અને એમાં પણ શું થઇ રહ્યું છે એ ગુજરાતની પ્રજા બરાબર જુએ છે. મગફળીની ખરીદી કરવામાં આવી, મગફળીમાં ખરીદી મગફળીની કરી કે માટીની કરી, ઢેફાઓની કરી કે રેતી, કાંકરીની કરી એ જ હજી ગુજરાતની પ્રજાને સમજાયું નથી. ખરીદી કર્યા પછી મગફળી જે ગોડાઉનમાં મૂકી એ ગોડાઉનોમાં આગ લાગી. જે બારદાનોનો ઉપયોગ થયો એ બારદાનોનું પાછું કૌભાંડ. ખેડૂતોની જમીન સમતળ કરવા માટે, જમીન રી-સરવે કરવા માટે તો રી-સરવેનું કૌભાંડ, જમીન સમતળમાં જમીન વિકાસ નિગમનું કૌભાંડ, અમે પ્રજાનો પ્રશ્ન ઉઠાવ્યો, ખેડૂતોનો પ્રશ્ન ઉઠાવ્યો કે આ કૌભાંડો થઇ રહ્યા છે એ બંધ કરો. જમીન વિકાસ નિગમના અધિકારીઓ અને જમીન વિકાસ નિગમની તપાસ થવી જોઇએ તો આમણે તો જમીન વિકાસ નિગમ જ બંધ કરી દીધું એટલે ન તપાસ, ન રહે બાંસ, ન રહે બાંસૂરી. આવી ચાલતી આ સરકાર ખેડૂતોનું ભલું કઇ રીતે કરી શકશે? હમણાં માનનીય મંત્રીશ્રી વાત કરી રહ્યા હતા વીમા કંપનીઓની, પાક વીમાની. ચોકકસ વાત છે કે પ્રિમિયમ હોય એટલું વળતર ન ચૂકવાય. કોઇ વખતે વરસાદ સારો પડે, સિઝન સારી જાય તો રૂપિયા ૩૦૦૦ કરોડનું દર વર્ષે પ્રિમિયમ ભરાય છે તો રૂપિયા ૧૨૦૦ કરોડ ચૂકવાય છે, કોઇ વખત ૧૦૦૦ કરોડ ચૂકવાય છે પણ ચાલુ વર્ષે તમે રૂપિયા ૩૭ અને ૪૦ કરોડનું પેકેજ જાહેર કરો છો એનો મતલબ જ એ છે કે આખા ગુજરાતના ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે. કમોસમી વરસાદ, કરાનો વરસાદ, ભારે વરસાદ, પૂર, અતિવૃષ્ટિ, તીડનું આવવું, તીડનું આક્રમણ આ બધા કારણોસર ખેડૂતોના ખેતરમાં જે ઉભા પાક હતા અને જે ૨૫,૦૦૦ કરોડ રૂપિયાનું ઉત્પાદન થવાનું હતું એ આજે શૂન્ય છે. જો ઉત્પાદન

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

થવાનું નથી તો વીમા કંપનીઓએ ૩,૦૦૦ કરોડ રૂપિયા લઇને જે ૧૪,૦૦૦ કરોડનું રીસ્ક કવર કર્યું હતું એને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા સુધીનો પાક વીમો ચૂકવવો પડે એના બદલે તમે માંડ માંડ રૂપિયા ૧૪૦૦ કે ૧૫૦૦ કરોડ પાક વીમો ચૂકવી શકયા છો. એનાથી આગળ, વર્ષ ૨૦૧૬માં જે નવી પ્રધાનમંત્રી ફસલ યોજના આવી, પહેલા પણ હતી ત્યારે વીમા કંપનીઓ જે હતી એ ભારત સરકારની કે ગુજરાત સરકારની સાથેની કંપનીઓ હતી. આજે પ્રાઇવેટ વીમા કંપનીઓ આવી. સાત-સાત વીમા કંપનીઓને એટલું મોટું પ્રિમિયમ આપવામાં આવે અને વીમા કંપની એમ કહે કે મારી પાસે સરવેનો ટાઇમ નથી, મારી પાસે સર્વેયર નથી. હવે, ભારે વરસાદ પડયો છે એ પાણી ઉતરી જાય, ખેતરમાંથી પાણી થઇ રહે ત્યારે અમારા સર્વેયરો જશે આવા બધા ઉડાઉ જવાબ આપીને સરકાર કંઇ કરે નહીં તો એમાં શું છે? શું રંધાઇ રહ્યું છે એ જાણવા ગુજરાતની પ્રજા માંગે છે અને એટલા માટે જ તમે ખેડૂતોના હામી છો એ વાત કરો છો એ સાથે અમે સંમત નથી.

અધ્યક્ષશ્રી : સભાગૃહનો વિરામનો સમય થયો છે. સભાગૃહ ૧૨-૩૦ કલાકે ફરી મળશે. માનનીય સભ્યશ્રીનું પ્રવચન ચાલુ રહેશે.

**( વિરામ બપોરના ૧૨-૦૦થી ૧૨-૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે લગભગ ૨૦ મિનિટ જેટલો સમય નિયમ-૪૪ના નિવેદન ઉપર અને ૫-૫ મિનિટ મુદ્દાઓની ચર્ચામાં જે આપી એમાં ગયો છે. તો ૨૦ મિનિટનો સમય લંબાવવા માટે વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહનો સમય ૨૦ મિનિટ જેટલો લંબાવવામાં આવે છે.

ડૉ. સી. જે. ચાવડા (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત વિષેની વાતો થઇ. હવે મારે સિંચાઇની, નર્મદાની વાત કરવી છે. આ સરકાર છેલ્લાં ૨૫ વર્ષથી નર્મદાના નામે પોતે જ કર્યું છે એવું બતાવે છે, પરંતુ સરકારને યાદ દેવડાવું કે જયાં સુધી કોંગ્રેસની સરકાર રહી, ત્યાં સુધી ગુજરાતની તમામ નદીઓ નર્મદા, સાબરમતી, સરસ્વતી, મેશ્વો, મહા, મહી, વાત્રક જેટલી નદીઓના નામ આવડતા હોય તેટલી તમામ નદીઓ ઉપર ડેમ બનાવી, બહુહેતુક યોજનાઓ બનાવી, ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ અને દરેક વ્યક્તિના ઘરમાં વીજળી પહોંચાડવા માટેનું કામ કોંગ્રેસની સરકારમાં થયું. ૨૫ વર્ષના શાસનમાં ગુજરાતની એક પણ નદી ઉપર એક પણ ડેમ બન્યો હોય કે એક પણ નદી ઉપર કોઇ નવું વિદ્યુત મથક બન્યું હોય તો આ સરકાર ગણી બતાવે તો હું રાજીનામું આપવા તૈયાર છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : હું તમારું રાજીનામું નહિ સ્વીકારું. જે મહેનતું માનનીય ધારાસભ્યશ્રી છે, એનું રાજીનામું નહિ લઉં. આજે હું સવારથી વિચાર કરતો હતો કે માનનીય જેઠાભાઇ બહુ શાંત બેઠા છે. તેમને અભિનંદન આપીશ અને હવે તમે બોલી પડ્યા.

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જેઠાભાઇ અને હું જૂના મિત્રો છીએ. હું નોકરી કરતો હતો ત્યારે એ પણ નોકરી કરતા હતા. જ્યારે આટલું સરસ કામ કોંગ્રેસના સમયમાં થયું તો તેમણે કોઇ કામ ન કર્યું હોય તો નામ બદલીને કામ લઇને આવે. સુજલામ સુફલામ યોજનાનું નામ લઇને આવ્યા. હમણાં સૌની યોજના બની. મુખ્યમંત્રીશ્રી કહી રહ્યા હતા કે ૭૪-૭૫ જળાશયોમાં પાણી નાખવાનું કામ સૌની યોજનામાં થશે. તમે સમજો. સૌની યોજના બની એટલે ખબર પડી કે સૌરાષ્ટ્રમાં ૭૫ જેટલા જળાશયોમાં જેમાં તમે પાણી નાંખવાના છો એ જળાશયો કોંગ્રેસના શાસનમાં બન્યા છે. તમે એક પણ જળાશય બનાવ્યા ખરા? તમારે નર્મદાના પાણીને જળાશય સુધી પહોંચાડવાનું કામ અને એની વિતરણ વ્યવસ્થાનું કામ કરવાનું હતું, એ કામ કરવામાં તમે ગઇ વિધાનસભામાં જવાબ આપ્યો છે કે સૌની યોજનામાં રૂપિયા ૧૦૦-૨૦૦ કરોડની પાઇપ લાઇન નાંખ્યા વગર પૈસા વાપરી નાખ્યા. પાઇપ લાઇન નંખાઇ નથી અને ૨૦૦ કરોડ રૂપિયા ચૂકવાઇ ગયા. તેની તપાસ ચાલુ છે. પાછા લીધા કે કેમ, તેનું શું થયું તે ખબર નથી. સૌની યોજનામાં પાણી પહોંચાડવાના બદલે આવા ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોને ત્યાં નાણાં પહોંચાડવાનું કામ પણ માનનીય નાણામંત્રીશ્રીએ કર્યું હોય તેવું લાગે છે. હનુમાનદાદાની વાત કરતા હતા. પોતે હનુમાન દાદા છે અને હું કેવી રીતે છલાંગ મારું. માનનીય નાણામંત્રીશ્રી, તમે છલાંગો મારવામાં માહેર છો. તમારે ઉપર-નીચે કયાં છલાંગ મારવાની છે? ખાલી બાજુમાં મારીને બેસી જવાનું છે. આટલું કામ કરો અને અમે તમારી સાથે છીએ. બેરોજગારીની વાતમાં પણ આ સરકાર * (xxx) સરકારી ભ્રષ્ટાચાર સરકારી ભરતી બાબતમાં * (xxx)

અધ્યક્ષશ્રી : સાચા આંકડા આપતા નથી એમ કહો. * (xxx) શબ્દ દૂર કરવામાં આવે છે.

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૬-૯૭માં આ રાજ્યમાં ૫ લાખની સરકારી કર્મચારીઓની સંખ્યા હતી, તેનાથી એક પણ સરકારી કર્મચારીઓની સંખ્યા આ સરકારમાં વધી નથી. આજે પણ ૪,૯૦,૦૦૦ સરકારી કર્મચારીઓ વર્ગ-૧ થી વર્ગ-૪ માં કામ કરે છે. શ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબ રોજ કહે છે કે અમે ૧.૫ લાખની ભરતી કરી, પણ ૧.૫ લાખ તો નિવૃત્ત થઇ ગયા છે, પણ એ વાત કરતા નથી.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રી જે બજેટ લઇને આવ્યા છે તે બજેટને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. મારા કોંગ્રેસના મિત્રો કયારના અને અગાઉ ખૂબ મોટી ચર્ચાઓ બજેટ વિશે કરી ગયા. મારે એમને એટલું જ કહેવું છે, ડો.સી.જે.ચાવડા સાહેબે કહ્યું કે, જી.એલ.ડી.સી.(જમીન વિકાસ નિગમ) બંધ થઇ ગયું. બિલકુલ સાચી વાત છે. જી.એલ.ડી.સી.માં કૌભાંડ તમારા કોંગ્રેસના સમયમાં થયું હતું અને તેમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચારો થતા હતા. આ શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર, શ્રી નીતિનભાઇની સરકાર પારદર્શકતા બતાવવા માટે અને મને યાદ છે ત્યાં સુધી આજ સુધી ગુજરાતના કોઇ મુખ્યમંત્રીએ ભ્રષ્ટાચાર થાય છે અને થઇ રહ્યો છે તેવું કોઇએ સ્વીકાર્યું નથી. બધાએ અત્યાર સુધી પોતાની સરકારના બચાવમાં, અધિકારીઓના બચાવમાં ખોટી રીતે ઢાંકપિછોડો કરવાનું કામ કર્યું છે. છપ્પનની છાતીવાળા મુખ્યમંત્રી છે અને તેમણે કહ્યું કે, અધિકારીઓ ઉપર થોડુંક દબાણ આવશે, આમાં જે ચાલે છે તે ખોટું ચાલે છે તે સ્વીકારવાની માનસિકતા હોવી જોઇએ. તો જયારે મુખ્યમંત્રીશ્રીએ તેમની પારદર્શકતા માટે આવો સારો નિર્ણય કર્યો છે, ગુજરાતની પ્રજાના હિતમાં નિર્ણય લીધો હોય તો કોંગ્રેસના મિત્રોએ તેમને અભિનંદન આપવા જોઇએ. તેની જગ્યાએ તમે ટીકા ટિપ્પણી કરવાનું મારી દ્રષ્ટિએ વ્યાજબી નથી. પારદર્શકતા કોને કહેવાય? ગુજરાતના લોકોના હિત માટે, લોકોના હિત માટે કામ કરતી સરકાર કોને કહેવાય? તમને પચ્ચીસ વર્ષથી બાજુમાં બેસાડયા છે. છતાંય હજુ વધારે બેસી રહો તેમના માટે અમને વાંધો પણ નથી, પણ જે સારુ કામ થાય છે, સારુ કામ કરી રહ્યા હોય, લોકો માટે, ખેડૂતો માટે કામ કરી રહ્યા હોય છતાં ખોટા વાદ–વિવાદો ઉભા કરીને ભારતીય જનતા પાર્ટીની સરકારને બદનામ કરવાનું જે કામ થાય છે તે મારી દ્રષ્ટિએ વ્યાજબી નથી. અમને યાદ છે કે અમારે ત્યાં પંચમહાલ, દાહોદમાં કોંગ્રેસના વખતમાં ડેમ બનાવતા હતા, માનનીય સી.જે.ચાવડા સાહેબે કહ્યું કે અમારા વખતમાં ડેમ બન્યા છે. બિલકુલ સાચી વાત છે કે તમારા વખતમાં ડેમ બન્યા છે, પણ તે પાણી કયાં ગયું? પંચમહાલનું પાણી આણંદ અને ખેડા જિલ્લામાં ગયું. અમારી નજર સમક્ષ પાણી અમારું, જમીન અમારી અને અમારા ખેડૂતો ભૂખે મરે અને લાભ બીજા જિલ્લાવાળાને મળતો હતો. આવા પક્ષપાતના નિર્ણયો જે તે વખતની સરકારમાં થયા છે માનનીય સી.જે.ચાવડા સાહેબ. આ અમારી નજર સમક્ષ છે. હું આપને એ કહેવા માગું છું કે, અમારા ગુજરાતના મુખ્યમંત્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ જે બજેટ લાવ્યા છે તેની અંદર અમારા પંચમહાલ જિલ્લાના આદિવાસી, બક્ષીપંચ સમાજના તમામ લોકોને ફાયદો થાય તેના માટે ૨૫૦ કરોડ રૂપિયાની યોજના મંજૂર કરી છે. (સમયસૂચક ઘંટડી) સાહેબ, હજી તો શરૂઆત જ કરી છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫૦ કરોડ રૂપિયાની યોજના મંજૂર કરી અને તે યોજનાને તાત્કાલિક શરૂ કરવા માટેની વાત કરી છે. મારા વિસ્તારમાં કેસીસી ધિરાણ માટેની વાત કરી છે. તેના માટે માનનીય નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનું નાનું અમથું ધ્યાન દોરવા માગું છું. સરકારમાંથી કેસીસી ધિરાણ માટે ખેડૂતોને જે પૈસા આપવામાં આવે છે તે ૨ ટકા, ૨ ટકા, ૪ ટકા અને ૪ ટકા સેન્ટ્રલ ગવર્નમેન્ટમાંથી આવે છે. તેમાં પશુપાલકોને કેસીસી ધિરાણ આપવા માટેનું નક્કી કર્યું છે. તો આ ૨ ટકા વ્યાજના કેસીસી ધિરાણમાં પશુપાલકોને ફાયદો થાય તેવી મારી વિનંતી અને સૂચન છે. તે બાબતે માનનીય નાણામંત્રીશ્રી સાહેબ ખેડૂતના ફેવરમાં નિર્ણયો લે છે તેના માટે મારી આ વાત છે. મારી તેમને એક જ વિનંતી છે કે, ગામડાના ગરીબ માણસોના ઘર સુધી વાસ્મો યોજના દ્વારા પાણી પહોંચાડવાનો પ્રયત્ન થઇ રહ્યો છે, તેમાં જે અધિકારીઓ નિવૃત્ત થયા છે અને તે કામ કરવાને સક્ષમ ન હોવા છતાં સંખ્યાના બળે આ વાસ્મો યોજનામાં તેવા અધિકારીઓને મૂકવામાં આવે છે. તેના કરતાં ચાલુ સર્વિસના અધિકારીઓને મૂકવામાં આવે તો ખૂબ સારી કામગીરી તેની અંદર થઇ શકે તેમ છે તેવી મારી લાગણી છે. આવું કરવામાં આવશે તો નલ સે જલની યોજના માનનીય વડાપ્રધાનશ્રી લાવ્યા છે તેમાં પણ મોટી સફળતા મળશે. આજે ૫૩૦૦૦ કરતાં વધુ બહેનો માટે માનનીય નાણામંત્રીશ્રીએ જે નિવેદન કર્યું છે તેમાં માનદ વેતન ૭૮૦૦ રૂપિયા જેટલું કર્યું છે. તેડાગર બહેનો માટે પણ રૂપિયા ૩૯૦૦ આપવા માટેનું નક્કી કર્યું છે અને મિનિ આંગણવાડી બહેનોને પણ ૪૪૦૦ રૂપિયા આપવાનો જે નિર્ણય કર્યો છે એ ખરેખર ખૂબ અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રમાં સૌની યોજના બની એનાથી સૌરાષ્ટ્રના ખેડૂતોને ખૂબ ફાયદો થવાનો છે. મને યાદ છે અમે જે વખતે નોકરી કરતા હતા ત્યારે સૌરાષ્ટ્રમાં ટ્રેનોમાં પીવાનું પાણી જતું હતું અને જે ટેન્કરોથી પાણી આપવામાં આવતું હતું એમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હતો. આજે નર્મદા યોજના બની તો સૌરાષ્ટ્રમાં ખૂબ મોટો ફાયદો થયો છે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે કોઇ પણ સરકાર હોય લોક ઉપયોગી યોજનાઓ બનાવતી હોય છે પરંતુ એ યોજના ખરેખર જે સમાજના જે તે વર્ગ અને જે લોકો માટે બનાવી હોય તેના સુધી પહોંચે તો જ એનો હેતુ સરે છે. પણ આવી યોજનાઓ સમાજના સાચા લાભાર્થીઓ અને જે લોકો માટે બનાવી હોય ત્યાં સુધી ન પહોંચે તો એ યોજનાઓ નિરર્થક બની જતી હોય છે. પહેલા એવું બનતું હતું કે સાચા લાભાર્થીઓ સુધી સરકારની યોજનાઓનો લાભ ઓછો મળતો હતો અને તેના બદલે વગદાર લોકો આવી યોજનાનો ગેરલાભ ઉઠાવી લેતા હતા. સાચા લાભાર્થીઓને સરકારી યોજનાનો લાભ મળી રહે તેવી સતત ચિંતા કરતી અમારી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા વહીવટી કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા અને જવાબદારીપણું આવા પાયાના માપદંડોને સાથે લઇ સેવાસેતુ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ બજેટ પરની ચર્ચામાં ભાગ લેતા હું આજે સેવાસેતુના વિષય ઉપર મારી જાણકારી

આપના માધ્યમથી ગૃહ સમક્ષ રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સેવાસેતુનો કન્સેપ્ટ આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, અહીંયા ઘણી વાર શ્રી નરેન્દ્રભાઇ મોદીનું નામ લેવામાં આવે તો ઘણાં લોકોને *(xxx) પણ ગુજરાતમાં નહીં,

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, દુનિયાના દેશોમાં શ્રી નરેન્દ્રભાઇનું નામ લોકો લેતા થયા છે તો આ યોજના જે સમયે સેવાસેતુ કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો ત્યારે આપણને કોઇ એવી કલ્પના ન હતી કે આ સેવાસેતુ કાર્યક્રમ આટલો સારી રીતે કારગત નિવડશે. આજે તેના પરિણામો જોઇએ છીએ ત્યારે આનંદ થાય છે કે, જેના હ્રદયમાં લોકોની સેવા કરવાની ખેવના હોય તેના મગજમાં જ આવા ઉમદા વિચારો આવે. હું ધન્યવાદ આપું છું માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબને અને માનનીય નીતિનભાઇને અને આપણા દેશના પ્રધાન મંત્રીશ્રીને કે એમણે વચેટિયાઓને દૂર કરી જાકારો આપી સરકારથી પ્રજા સુધીનું સેવાસેતુનું નિર્માણ કર્યું છે. સરકારનો આ સંકલ્પ છે કે જેમાં સરકાર ખુદ પોતાના અધિકારીશ્રીઓ અને સરકારી મશીનરીઓ લઇ પ્રજાના દ્વારે જાય છે અને એક સ્થળે, એક જ દિવસે પ્રજાની ૫૬ જેટલી સેવાઓ તત્કાલ પૂરી પાડે છે અને લોકોના ચહેરા પર સ્મિત લાવે છે. આ યોજનાનો હું ખાલી ટૂંકો આંકડો આપું છું, વર્ષ ૨૦૧૬થી તા.૩૧.૦૧.૨૦૨૦ સુધીનો કે પાંચ તબક્કામાં પૂર્ણ કરેલ માત્ર છેલ્લા પાંચ તબક્કાની વાત કરીએ તો ગ્રામ્ય અને શહેરી મળીને કુલ ૨૩૬૦ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન થઇ ચૂક્યું છે. સાહેબ, માત્ર પાંચમાં તબક્કામાં ૪૩,૨૦,૫૫૫ અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરેલ છે અને એની ટકાવારી ૯૯.૯૯ ટકા થાય છે. આમ કુલ પાંચ તબક્કાના આંકડાઓ જોઇએ તો પાંચેય તબક્કાની કુલ ૧,૯૬,૬૬,૧૪૦ અરજીઓ મળી તેમાંથી ૧,૯૬,૩૮,૧૦૩ અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરેલ છે. સફળતાનું માપદંડ જોઇએ તો ૯૯.૮૫ ટકા થાય છે ત્યારે આ રાજય સરકારને, માનનીય વિજયભાઇ રૂપાણી અને માનનીય નીતિનભાઇને ધન્યવાદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે, કે આ સેવાભાવી સરકારે આજ સુધી સેવાસેતુ કાર્યક્રમ દ્વારા અંદાજે બે કરોડ જેટલા લોકોને સેવાઓ ઉપલબ્ધ કરાવી છે, બાકી ભૂતકાળની સરકારોએ તો આપણે બધા જાણીએ જ છીએ કે વચેટિયા પ્રેમ, રેશનકાર્ડનું કામ હોય કે મોટી તોપ ખરીદવાનું કામ હોય, વચેટિયાઓની હાજરી અચૂક જોવા મળતી. જ્યારે આ સરકારનો મુખ્ય હેતુ એ છે કે, પ્રજાને ડાયરેક્ટર જ લાભ આપવાના, સીધા જ લાભાર્થીઓના હાથમાં, લાભાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં તેમજ તેમના હિસ્સાનો લાભ તેમને મળે એટલે પ્રજાનો પ્રેમ દિલમાં લઇને અમે આવ્યા, પ્રજાએ અમને પસંદ કર્યા અને પ્રજાના સુખના બીજ અમે વાવ્યા છે.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીની અનુમતિથી અંદાજપત્રની ચર્ચામાં મને સામેલ કરવા માટે મારા પક્ષના દંડકશ્રી, નેતાશ્રી, ઉપનેતાશ્રીએ જે તક આપી એ વાતનો પ્રારંભ કરું છું. શ્રી નીતિનભાઇ બજેટનો પટારો ખોલતા હતા ત્યારે હું જિજ્ઞાસાપૂર્વક જોતો હતો અને નિરવ શાંતિથી સાંભળતો હતો. પણ મને અફસોસ એ થયો કે બજેટ દૂરોગામી અસર પાડનારું હશે પણ નીકળ્યું પૂરોગામી અસરવાળું. ગુજરાતની કરોડરજ્જુ ગ્રામ્ય વિસ્તાર છે અને બજેટમાં ગામડું ખોવાયું છે અને શહેર છવાયું છે. શહેરોની સમતુલામાં ગામડાને ઓછી ફાળવણી થઇ છે એ સુધારી લેવા જેવી વસ્તુ છે. નર્મદા યોજના વિશે અનેકવાર વાતો થાય છે. અહીં નર્મદાના રાજ્યમંત્રીશ્રી યોગેશભાઇ પટેલ છે. તેઓ શ્રી ચિમનભાઇ પટેલના એક વખતના સાથીદાર છે. શ્રી ચિમનભાઇ પટેલે વિના સહકાર નહિ ઉદ્ધારની જેમ વિના નર્મદા નહિ ઉદ્ધારની વાત કરેલી, આજે શાખા પ્રશાખાઓના કામો જલ્દી પૂરા થાય તો ખેડૂતોનો ઉદ્ધાર થાય.

સમસ્યાને સુલઝાવવાનો મિજાજ ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી અંદાજ લગાવવામાં ક્યાંક એકલા પડી ગયા છે. ગુજરાતના માંદા અર્થતંત્રમાં જ્યાં વાઢકાપ શસ્ત્રક્રિયા અને સર્જરીની જરૂર હતી ત્યાં ગોળી પાઇને ચલાવ્યું છે. આ જોતાં અર્થતંત્રની માંદગી દૂર નહિ થાય અને અર્થતંત્રમાં તાજગી નહિ આવે. રોજગારીનો રંગ દેખાડવાનો એમનો નમ્ર પ્રયાસ છે પણ એના માટે નાણાકીય ફાળવણી આપવાનો જે ઉમંગ હોવો જોઇએ એમાં ક્યાંક કચાશ દેખાય છે. ખેડૂતો, ખેતમજૂરો, એસ.ટી. એસ.સી. બક્ષીપંચ વંચિતોના વિકાસ માટે ભાતીગળ ચિત્ર અવશ્ય ઉપસાવ્યું છે પણ ભાત ઉપસાવવામાં નાણાકીય ફાળવણી હજી ખૂટે છે. સરકારની ગતિ, પ્રગતિ વચ્ચે આજે ખેડૂતોની અધોગતિ અમારાથી સહન થતી નથી. છેવાડાના માનવી માટે હંમેશા આપણે બજેટ આકલન કરતા હોઇએ છીએ સરકારશ્રીનું દેવું આ વખતે ત્રણ લાખ કરોડ રૂપિયાને પાર કરી જશે અને બજેટની કુલ રકમ કરતા દેવાની રકમ વધી જશે એની અમને ચિંતા છે. આ જોતાં તો એવું લાગે છે કે સરકાર સદ્ધર નથી અદ્ધર છે. સન ૨૦૧૯-૨૦નું બજેટ ૩૦૨ કરોડ રૂપિયાનું હતું વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ ૨.૧૨ લાખ કરોડનું છે. ૬.૦૯ ટકાનો વધારો પ્રથમ દષ્ટિએ દેખાય છે. પણ ફૂગાવાનો દર ૭.૫૯ ટકા છે. એ માત્રામાં જોઇએ તો વધારો માત્ર બે ટકાનો જ દેખાય છે આપણે હંમેશા છોટે ભાઇ બડે ભાઇ જેવી મહારાષ્ટ્ર- ગુજરાતની વાતો કરતા હોઇએ છીએ, તો ગુજરાતની સરખામણી મહારાષ્ટ્ર સાથે કરીએ તો વર્ષ ૨૦૨૦ના નાણાકીય વર્ષમાં મહારાષ્ટ્રનું દેવું અને જી.ડી.પી. ગુણોત્તર ૧૬.૯ ટકા હતો અને ગુજરાતનું દેવું અને

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જી.ડી.પી. ગુણોત્તર ૧૯.૨ ટકા. એટલે આ મોટા ભાઇ કરતા નાનો ભાઇ દેવામાં આગળ વધી ગયો અને વિકાસમાં પાછો પડી ગયો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મહાભારતના પાત્ર ભીમ હતા એમના મહાકાય પત્ની હેડમ્બા. એ હેડમ્બાને કોઇ એમ કહે કે કરીના કપૂરની જેમ આ તો ઝીરો ફિગર ધરાવે છે તો આપણે માનીએ? આ બજેટમાં એવું છે. આ ઝીરો ફિગરના બદલે માનનીય નીતિનભાઇ ઝીરો બજેટ ક્યાંક ક્યાંક લાવે તો સારું. હમણાં અમરેલીમાં મેડિકલ કોલેજ આપી. એની હોસ્પિટલને અપગ્રેડ કરી. ત્યાંથી ગાયનેક મોરબીમાં મૂક્યો અમારી સરકારી હોસ્પિટલમાં. સિવિલ સર્જન મૂક્યો, પીડીયાટ્રીશીયન મૂક્યો, પેથોલોજીસ્ટ મૂક્યો તો આપણે ઝીરો બજેટ યોગ્ય કર્યું ગણાય. અમારે કાઠિયાવાડમાં એક કહેવત છે. જેમને ફલાણું, ઢીંકણું, પુંછડું, માનનીય અધ્યક્ષશ્રી, આપ ડરો છો એવું નહિ બોલું. અગાઉ બોલી ગયો હતો તેના માટે હું માફી માગું છું. અમારા કાઠીયાવાડમાં તળપદા શબ્દો છે જેમ કે ફલાણું, ઢીંકણુ, પૂંછડુ અહીંયા ગૃહમાં બેઠેલા છે તેમને ખબર પડે એટલા માટે કહીએ કે અમે એક્સ, વાય, ઝેડ માટે એવું કહેતા હોઇએ છીએ. અમારે ત્યાં એક સાસુમાં ફૂલણસિંહ કાગડા જેવા નવી પરણેતર વહુ આવી એટલે તેને કહ્યું કે તારા સસરા તો ભોળાં છે, ભગત છે પણ આ ફલાણું, ઢીંકણુ, પૂંછડું આ બધુ મેં જ કર્યું. દીકરી સુલક્ષણા એણે કહ્યું કે સાસુમાં સાવ સાચું પણ તમે દીકરો જણ્યો, પુત્ર તમને અવતર્યો એટલે હું વહુ તરીકે તમારા ઘરે આવી હવે હું આવીને આ ફલાણું, ઢીંકણુ, પૂંછડું કરીશ. એટલે મારું કહેવાનું થાય છે કે આ ફલાણું, ઢીંકણુ, પૂંછડું આપણે કરીએ છીએ તે ડોકટર જીવરાજ મહેતા વર્ષ ૧૯૬૦માં ગુજરાતના મુખ્યમંત્રી હતા. સિવિલ હોસ્પિટલની દુરંદેશી આપણે જોઇ શકયા છીએ ? હમણાં આદરણીય શ્રી નીતિનભાઇએ સદગત વલ્લભભાઇ પટેલ આરોગ્ય મંત્રીશ્રીનું ખૂબ ભાવ સાથે નામ લીધું. વર્ષ ૧૯૮૫થી ૧૯૯૦માં સ્વ.વલ્લભભાઇ પટેલે આરોગ્ય મંત્રી તરીકે જે દાતાઓના દાનથી આરોગ્ય પીએચસી અને સીએચસીનો જે નકશો કંડારેલો તે હજુ પૂરી શકાયો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હૈસિયતનું ગુમાન કયાં સુધી ? સુરજ પણ આથમી જતો હોય છે
**" યે દૌર હૈ, આપ જહાં આજ બૈઠે હૈ કલ કોઇ ઔર થા, કલ કોઇ ઔર હોંગા."** હું જે વિસ્તારમાંથી આવું છું રણકાંઠે મીઠું ખૂબ પાકે છે એટલે મીઠાંના ઉત્પાદકો અગરિયાઓ જે એની લીઝ રીન્યુ કરવી જોઇએ સરકારશ્રી હકારાત્મકતાથી વિચારે છે પણ તેની જે પ્રોસીઝર છે તે લાંબી અને ખર્ચાળ છે. આ લીઝ રીન્યુ ના થવાના કારણે મજૂરો રોજગારીથી વંચિત છે તો આ લીઝધારકોની લીઝ રીન્યુ થાય. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇએ બજેટમાં પંકિત ટાંકી છે કામ કરતા બનાવ્યું ઉત્તમ. આ ઉત્તમ ત્યારે જ બની શકે વિધાનસભાનું જીવંત પ્રસારણ કરો તો ઉત્તમ, યુવાનોને રોજગારી આપો તો ઉત્તમ, ખેડૂતોનું દેવું માફ કરો અને પાક વીમો આપો તો ઉત્તમ. માદરે વતનની સારી યોજના લાવ્યા છે. હું શ્રી નીતિનભાઇને ધન્યવાદ આપું છું. શ્રી નીતિનભાઇ તેમાં પંખીઘર અને ચબૂતરાની એક વાત રહી ગઇ છે તો તે વણી લેજો.

માનનીય અધ્યક્ષશ્રી, ગટર સાફ કરવા માટે ચાર વર્ષમાં ૩૦ મૃત્યુ થયા તેને પણ આ બજેટમાં તેના વારસદારોને વળતર મળે એવું કરવું જોઇએ. ગૃહના સભ્યોને આપના મારફત રંગારંગ હોળીની એડવાન્સ શુભેચ્છા પાઠવું છું. વિશેષ મુરબ્બીશ્રી નીતિનભાઇ આપને હોળીની એટલા માટે શુભેચ્છા પાઠવું છું કે–
''**આવો મેદાને જંગ હોલી ખેલો કોંગ્રેસ કે સંગ.** '' અંતે એટલું જ કહીશ કે, ''**મને આદત નથી દરેક ઉપર ફિદા થવાની, પણ તમારામાં કંઇક વાત એવી હતી કે આ દિલને વિચારવાનો સમય જ ના મળ્યો.** ''

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક મિનિટ તેમની સાથે હોળીની ગમ્મત કરવી છે એમણે મને ખૂબ સારું કહ્યું કે શ્રી નીતિનભાઇ જોડે હોળી રમો. અમારા ભગવા રંગે રંગાઇ જાવ એવી તમને પણ હોળીની શુભેચ્છા.

શ્રી જગદીશ ઇ. પટેલ**(**અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સંવેદનશીલ, ગતિશીલ, ફાસ્ટ ઓન ટ્રેક પૂરી રફતારથી દોડતી માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇના માર્ગદર્શનથી ચાલતી આ સરકારમાં રૂપિયા ૨.૧૭ લાખ કરોડનું જે સર્વાંગી વિકાસ ધરાવતું બહુમુખી દરેક વર્ગને સ્પર્શતું આ બજેટ આપવા બદલ હું તેમને અભિનંદન પાઠવું છું. ખાસ કરીને ઉદ્યોગના વિકાસ માટે રૂપિયા ૭૦૧૭ કરોડની જે જોગવાઇ કરી છે અને યુવાનોને રોજગારી આપવાની ઉત્તમ તક ઉભી કરી છે આ ભગીરથ પ્રયાસ બદલ હું એમને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં કોંગ્રેસના મિત્રો બધી ભાતભાતની વાત કરતા હતા મને યાદ આવ્યું કે જયારે કોંગ્રેસને જનતા જનાર્દને સત્તામાંથી બહાર કાઢી ત્યારે ગુજરાત સરકારનું છેલ્લા વર્ષનું બજેટ કેટલું હતું તે જરા યાદ કરે તો વિકાસની પરિભાષાની તેમને સમજણ પડે. મને લાગે છે કે એ વખતનું બજેટ અમારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બજેટ કરતા પણ ઓછું હશે એટલે બન્નેની કમ્પેરીઝન થઇ શકે એવું નથી. માનનીય શૈલેષભાઇ તો અમદાવાદના છે તેઓ સારી રીતે જાણે છે. ઉદ્યોગના વિકાસ માટે રૂપિયા ૭૦૧૭ કરોડનું જે બજેટ છે એની અંદર મને કહેવા દો કે આ રૂપિયા ૭૦૧૭ કરોડના બજેટની સાથે સાથે રોડ એન્ડ બિલ્ડીંગ, હેલ્થ, પાણી, ઉર્જા આ બધા જ બજેટ ઉદ્યોગના વિકાસને માટે કારણભૂત હોય છે. આગામી દિવસોમાં જયારે ૨૫૦૦ મેગાવોટ રિન્યુએબલ એનર્જીથી ગુજરાતને પગભર કરવા જઇ રહ્યા છે ત્યારે મને લાગે છે કે આ ૨૫૦૦ મેગાવોટ ઇલેકટ્રીકસીટી જયારે પેદા કરીશું ત્યારે અનેક ઉદ્યોગોની અંદર કામ ધંધા આવવાના છે અને અનેક લોકોને બેકારીમાંથી બહાર કાઢીને આપણે રોજગારી આપી શકવાના છીએ. આપણે જાણીએ છીએ કે ઉદ્યોગની બાબતમાં ગઇ સાલ અને આ સાલમાં ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટમાં વર્ષ ૨૦૧૮–૧૯માં રૂપિયા ૧૨૬૧૮ કરોડનું થયું હતું. તેની તુલનામાં વર્ષ ૨૦૧૯–

૨૦માં પ્રથમ બે કર્વાટરમાં રૂપિયા ૨૪૧૨ કરોડનું એનો મતલબ કે ડબલ થયું છે. હવે આ ડબલ થયું છે તેના કારણે વૈશ્વિક છબી આપણી એવી બની છે કે, ઇન્વેસ્ટમેન્ટ કરવું હોય તો ગુજરાતમાં કરવું પડે. આના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં ભારતમાં સ્થપાયેલા ૨૫૦૭ મોટા ઉદ્યોગોમાંથી ૭૩૫ મોટા ઉદ્યોગ એકલા ગુજરાતમાં સ્થપાયા છે. આ બતાવે છે કે ગુજરાતની અંદર ઉદ્યોગ સ્થાપવા માટે અનુકુળતા છે, કાયદો અને વ્યવસ્થા, અહીંનું વાતાવરણ ઇકો ફ્રેન્ડલી છે એટલા માટે આ બધા ઉદ્યોગો ગુજરાતની અંદર આવી રહ્યા છે. એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગ માટે આ વખતે રૂપિયા ૧૪૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને ૨૬૦૦ એકમોને મંજૂરી આપવામાં આવી છે. હું સમજું છું ત્યાં સુધી આ ૨૬૦૦ એકમોને મંજૂરી આપવામાં આવે છે ત્યારે એક એકમમાં ઓછામાં ઓછા ૧૦ લોકોને રોજગારી મળવાની છે. એનો સીધો મતલબ એવો થાય કે ૨૬ હજાર વધારે રોજગાર આપણે આપી શકવાના છીએ, આવા અનેક પહેલું છે.

બેન્કોની અંદર આપણે જોઇએ છીએ કે આપણા ત્યાં અહીંયાં બેઠેલા સભ્યશ્રીઓ કહેશે કે દિવસમાં ૧૦-૧૫ વખત બેન્કમાંથી લોન માટે ફોન આવતા હોય છે કે એચ.ડી.એફ.સી કે પી.એન.બીમાંથી બોલું છું વગેરે બેન્કોમાંથી અને તમને સીધો પ્રશ્ન કરતા હોય છે આપને લોન જોઇતી હોય તો અમે આપીશું. આનો સીધો મતલબ એવો થાય છે કે ગુજરાતના ઉદ્યોગો અને લોકો માટે ક્રેડિટીબિલીટી વધારવાનું કામ છેલ્લા વર્ષોની અંદર ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે. એટલા માટે આવા સરસ મજાના ફોન આવે છે. અગાઉ તો બેન્કોની લોન લેવી હોય તો પગના તળિયાં ઘસાઇ જતાં હતાં, આજે ભારતીય જનતા પાર્ટીએ જે રીતે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કર્યું છે તેના કારણે અનેક ઉદ્યોગોની અંદર સરળતાથી લોન મળે છે. બેન્કોની અંદર તમે પેપર મૂકો લોન સરળતાથી મળે છે. આની અંદર સબસિડીઓ મળે છે અનેક પ્રોત્સાહિત યોજનાઓ ગુજરાત સરકારના કારણે મળી છે અને એના કારણે ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ થયું છે. સાહેબ, મને કહેવા દો કે અમદાવાદના વટવા, કઠવાડા, નરોડા, રખિયાલ આ બધા જ ઔધોગિક એકમોની અંદર ગઇ કાલે શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ કહ્યું હતું કે તમને દરેક ફેકટરીની આગળ એક બોર્ડ જોવા મળશે સ્કીલ લેબર જોઇએ છે, સ્કીલ વેલ્ડર, હેલ્પર જોઇએ છે, અહીંયાં બેઠેલા પ્રત્યેકને હું કહું છું કે આ ઇન્ડસ્ટ્રિઝની અંદર જઇને તપાસ કરો કે ત્યાં કેટલી યુવા રોજગારી છે? આ પ્રકારનું વાતાવરણ છેલ્લા વર્ષોની અંદર ભારતીય જનતા પાર્ટીનું શાસન હોવાના કારણે થયું છે મને કહેવા દો કે સાનુકુળતા વાતાવરણમાં છે એટલા માટે આ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ રજૂ કરવા બદલ હું માનનીય નીતિનભાઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજો અને ફાળવણી પર હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નું રૂ.૨ લાખ ૧૭ હજાર કરોડથી પણ વધારે રકમનું અંદાજવામાં આવેલ છે જે ગત વર્ષ ૨૦૧૯-૨૦ કરતાં વધારે રકમ છે. આ વર્ષનું અંદાજપત્ર રજૂ થાય છે, નાણાકીય જોગવાઇ વધારવામાં આવે છે, જેથી ખુશ થવા જેવી બાબત નથી. જેમ જેમ મોંઘવારી વધે તેમ તેમ રૂપિયાની ખરીદ શક્તિ ઘટે છે. કામોનો ખર્ચ વધે છે જેથી વધારે નાણાંની જોગવાઇઓ કરવી પડે છે. શાસક પક્ષના ઘણા ધારાસભ્યો નાણાંની વધતી જતી જોગવાઇઓ અંગે અગાઉના કોંગ્રેસના શાસન સાથે સરખામણી કરી આ સરકારની વાહ વાહ કરે છે, પણ હકીકતમાં કોંગ્રેસ સરકારના શાસનમાં જે કામો લાખો રૂપિયામાં થતા હતા એ કામો પાછળ કરોડો રૂપિયા ખર્ચવા પડે છે મતલબ આ સરકાર વધારે નાણાં ખર્ચી અને વધારે કામો કરે છે અને કોંગ્રેસ કામ કરતી નહોતી એવી ભ્રામક વાતો કરે છે. આ બધું વધતી મોંઘવારીનું પરિણામ છે. એક અપવાદરૂપ સ્વ. મોરારજીભાઇની સરકાર સિવાય મોંઘવારીને કોઇ નાથી શકયું નથી. આ સરકાર નવી નવી યોજનાઓ એવી લાવે છે કે જેમાં ભ્રષ્ટાચાર સામાન્ય માણસને દેખાય નહીં અને સમજાય પણ નહીં. ગરીબ અને સામાન્ય માણસની યોજનાઓની વાતો અને યોજનાઓની રંગીન જાહેરાતોથી પ્રજાને આંજી દેવામાં આવે છે અને ભ્રષ્ટાચાર કોઇ જાણી શકતું નથી. પર્દા પાછળનો ભ્રષ્ટાચાર કલાકારો અને ડાયરકટરોને જ ખબર હોય છે. ગામડાંનો સામાન્ય માણસ આધાર કાર્ડ, રેશન કાર્ડ, ચૂંટણી કાર્ડ માટે તાલુકા કક્ષાએ આવે તો કોઇ કામ પૈસા વગર થતું નથી. જે દસ્તાવેજ કરવા જાય, આ બાજુ હોય કે પેલી બાજુ હોય એમને ખાનગીમાં પૂછી લેજો, કે દસ્તાવેજ કરાવવા જાય તો એની પાસેથી પેલો વચેટીયો કેટલા રૂપિયા પહેલા લઇ લે છે. ટકાવારી પ્રમાણે ત્યાં પૈસા આપવા પડે છે ત્યારે એ દસ્તાવેજ રજિસ્ટર થાય છે. એમ દરેક કામો અને દરેક ખાતામાં, જમીનની એન્ટ્રી પાસ કરવાની હોય તો મામલતદાર શું કરે છે પહેલો ખેડૂત પાસેથી દાખલો માગે અને પછી લખે કે ખેડૂત પાસે દાખલો નથી એટલે નામંજૂર થાય છે. પછી બહાર પેલા વચેટીયા ઉભા હોય તે પૂછે કે શું થયું, તો કહે કે મારી એન્ટ્રી નામંજૂર થઇ. તો કહે કે લાવો ૨૫ હજાર રૂપિયા હું કરાવી દઇશ. આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે ભ્રષ્ટાચારની વાતોમાં હમણાં શ્રી જેઠાભાઇ મુખ્યમંત્રીશ્રીની વાત કરતા હતા, મુખ્યમંત્રીશ્રી કબૂલે છે, હા ચોકકસ પણ એના ખાતામાં પણ ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળે છે એ વાત કેમ નથી કરતા? પૈસા વગર કોઇ કામ થતું નથી. દસ્તાવેજની નોંધણીમાં પણ ભાવો છે. પૈસા ન આપીએ ત્યાં સુધી માણસને ધક્કા ખવડાવે છે અને ધક્કા ખાઇને માણસ થાકી જાય અને છેવટે પૈસા આપીને પોતાનું કામ કરાવતો હોય છે. રાજયમાં દારૂબંધી છે અને કેવી દારૂબંધી, લોકો કોઇ જાતના ડર વગર દારૂ પીએ છે. દારૂ વેચનાર રોડ ઉપર શરબતની કે સોડાની લારીની જેમ ખુલ્લેઆમ દારૂ વેચતા હોય છે. જેની કોઇ માણસ ફરિયાદ કરે, કોઇ નાગરિક બાતમી આપે તો પહેલા એ બુટલેગરને પોલીસ જાણ કરે કે ફલાણાએ બાતમી આપી, એટલે પેલો બુટલેગર જેણે બાતમી આપી

હોય તેને ધમકી આપે, તેના કુટુંબને ધમકી આપે અને અમુક વખતે મારી પણ લે. એટલે આ વસ્તુ ન થવી જોઇએ. એ મારે કહેવું છે.

શિક્ષણનું ખાનગીકરણ કરી સરકાર પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી નાંખે છે. શિક્ષણ પાછળનો જેટલો ખર્ચ બચે તે બચાવે અને મલાઇદાર ખાતામાં વાપરે છે. સરકારના માર્ગ અને મકાન વિભાગ માટે વધારેમાં વધારે ખર્ચ માટેની જોગવાઇ સરકાર કરે છે, જાહેરાતો પ્રજાને સગવડ આપવાની, પણ એમાં છુપો આશય બીજો હોય છે. રોડ રસ્તાના કામો જરૂર હોય કે ન હોય તો પણ ફ્લાય ઓવર, અન્ડર બ્રિજ, અને રસ્તાના કામો પાછળ વધારે ફાળવણી કરે છે. એનો વાંધો નથી. પણ શિક્ષણના ભોગે, શિક્ષણનું બજેટ કાપી અને અન્ય બાંધકામ જેવા ખાતામાં બજેટ ફળવાય અને શિક્ષણમાં બાળકોને શિક્ષણ ઓછું મળે, સરકારી શિક્ષણ ન મળે, શિક્ષણ મોંઘુ થાય, શાળાને બંધ કરવાનો વારો આવે, આ વસ્તુ ન થાય તેના માટે પણ હું સરકારનું ધ્યાન દોરું છું. શિક્ષણમાં કેવી રીતે ભ્રષ્ટાચાર થઇ શકે તે માટે સીધે સીધું કામ કરીને આ સરકારના મુખ્યમંત્રીશ્રી જાહેરમાં સ્વીકારે છે કે સરકારના અમુક ખાતામાં ભ્રષ્ટાચાર ચાલે છે તો શું મુખ્યમંત્રીશ્રીનો ભ્રષ્ટાચારના સ્વીકારમાં માર્ગ અને મકાન ખાતાનો નંબર એક હશે? માનનીય શિક્ષણ મંત્રીશ્રી મારા પાડોશી જિલ્લાના છે. મારો તારાપુર તાલુકો અને એમનો મત વિસ્તાર છે એ બે વચ્ચે ફક્ત નદી જ આવેલી છે, તેઓ મારા તાલુકાના જાણકાર છે ત્યારે મારા તારાપુર તાલુકામાં સરકારી સાયન્સ, કોમર્સ અને આર્ટસ કોલેજ આપે તેવી શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી ખેડૂતલક્ષી જે બજેટ લઇને આવ્યા છે તેને સમર્થન કરું છું અને તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોની આવક સન ૨૦૨૨ સુધીમાં બમણી થાય એના માટે સતત પ્રયત્નશીલ છે. સિંચાઇ માટેની સુવિધા આપી છે, વિના વ્યાજે ધિરાણ આપ્યું છે, બિયારણ માટે, ખેત ઓજારો પણ આપ્યા છે. ખાતરની ખરીદીમાં સહાય આપે છે, ટેકાના ભાવ આપે છે. પહેલા ખેડૂતોને પોતાનો માલ વેચવાની તકલીફ પડતી હતી આજે કપાસ તુવેર વગેરેના ભાવ મળે છે એનાથી ખેડૂત ખૂશ છે, ગુજરાતના ગામડાં ખૂશ છે કારણ કે એને સિંચાઇ માટે પાણી મળે છે એ કેટલાક લોકોને દેખાતું નથી. અમારે ત્યાં નર્મદાનું પાણી આવ્યું છે આખા ગુજરાતમાં સિંચાઇ થાય છે ત્યારે માનનીય કૃષિ મંત્રીશ્રી ફળદુ સાહેબને અભિનંદન આપીશ કે તેઓ ખેડૂતો માટે સારી યોજનાઓ લાવ્યા છે જે ખેડૂતોના ઘરે અને દ્વારે પહોંચી છે. ખેડૂતનો દીકરો સારું કમાય છે, સારા મકાનો બનાવે છે, સારા લગ્ન કરે છે, સારી બાબરીઓ થાય છે એ અમે નજરે જોયું છે.

અધ્યક્ષશ્રી : માનનીય અભેસિંહભાઇ, સારા લગ્ન કરે છે એટલે શું?

શ્રી અભેસિંહ મો. તડવી : સારા લગ્ન કરે છે એટલે લગ્ન પાછળ સારો ખર્ચ કરે છે. સારું મકાન બનાવે છે. પહેલા આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સુવિધા ન હતી, એ આપવાથી અત્યારે ગામડામાં દસથી પંદર મકાનો બને છે એટલી પ્રગતિ થઇ છે.

મારે બીજી વાત કરવી છે કે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના લાવ્યા એ બદલ કેન્દ્ર સરકારને હું અભિનંદન પાઠવું છું. રૂપિયા ૩૧૯૭ કરોડની યોજના ખેડૂતોના ઘરે પહોંચી છે. મારા જિલ્લાની વાત કરું તો રૂપિયા ૪૨૬૦ લાખ જેમાં ૮૯,૫૫૫ ખેડૂતોને આનો લાભ આપવામાં આવ્યો છે. પહેલા આવું થતું નહોતું. દેવા નાબૂદીની વાત કરે છે પરંતુ અમારી સરકારે વાવણી સમયે ખાતર માટે છ–છ હજાર રૂપિયા આપ્યા છે.

બીજું સાહેબ, કૃષિ સહાય યોજના પેટે જે પેકેજ આપ્યું છે એમાં ૩૨ લાખ અરજીઓ આવી છે. એમાં આખા ગુજરાતમાંથી ૨૯ લાખ અરજીઓ આવી એની સામે ૨૧૫૫ કરોડ રૂપિયાનું આ સરકારે ચૂકવણું કર્યું છે. તેમ છતાં આ લોકો વિરોધ કરે છે એ જ મને સમજાતું નથી. ખરેખર લોકોને લાભ મળે છે એ પહેલા નહોતો મળતો. તેઓ *(xxx) છે પરંતુ મેળ પડવાનો નથી.

અધ્યક્ષશ્રી : * (xxx) એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, મારા છોટા ઉદેપુર જિલ્લાની વાત કરું તો અત્યાર સુધીમાં કિસાન સહાય પેટે ૮૬૩૭૮ ખેડૂતોને રૂપિયા ૬૪૪૦ લાખનો લાભ મળ્યો છે. આ રીતે અમારા વિસ્તારમાં સારી યોજના બની છે. ખેડૂતોની વાત હોય એમાં આ સરકારે ખૂબ સારું કામ કર્યું છે. નવી યોજના સરકાર લાવી છે જેમાં ખેડૂતોને ગાય માટે સહાય આપવાની છે. એ સિવાય નવી યોજના જેમાં પ્રાકૃતિક ખેતી કરી શકે એના માટે નવી યોજના દાખલ કરી છે. જેમાં દર મહિને ૯૦૦ રૂપિયા આપવાના એ સિવાય ૧૮૭૪ હેકટરમાં સુક્ષ્મ સિંચાઇ માટે રૂપિયા ૭૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પછી બાગાયત માટે રૂપિયા ૭૫૦ કરોડની જોગવાઇ કરી છે. એટલે આ રીતે આપણે જોવા જઇએ તો કોઇ પણ ખેડૂતને નુકસાન ન થાય અને શ્રી નીતિનભાઇ સાહેબે ખૂબ સારી વાત કરી હતી, તે વખતે એમની ચર્ચા વખતે ૩૯ હજાર કરોડ રૂપિયા વિના વ્યાજે અત્યાર સુધીનો રેકોર્ડ, કોંગ્રેસની સરકારોમાં કોઇ કામ કર્યું નથી. એ સ્વીકારતા ભલે ના હોય પણ ખેડૂત જગતનો તાત એ આ સરકારનો આભાર માને છે. અમે ગામડાઓમાં જઇએ છીએ ત્યારે એવું કહે છે કે, શ્રી નરેન્દ્ર મોદીનું ભલું થાજો, આ સરકારનું ભલું થાજો અને આ સરકારે અમને છ–છ હજાર રૂપિયા આપ્યા છે અને પહેલા મંડળીઓમાં બાર ટકા વ્યાજ લેવાતું

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હતું, સત્તર ટકા વ્યાજ લેવાતું હતું.(અંતરાય) આ તો ઈશારો એટલા માટે કરું છું કે, એ લોકો ખેડૂતોને ઉશ્કેરવાનું કામ કરે છે. પણ લોકો જુવે છે, લોકોએ તમારું આ બધું જોઇ લીધું છે એટલે તમને સમજ પડશે અને હજુ પડવાની છે એટલે ચિંતા ના કરો. આ બજેટને હું સમર્થન આપું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય નીતિનભાઇ સાહેબ, "માદરે વતન" નામની યોજના લાવ્યા ખૂબ સારી બાબત છે. પણ એમાં મારું સૂચન છે કે, અમારા ખેડૂતોના સીમના રસ્તા, સરકારશ્રીની કોઇ એવી યોજના નથી કે એ રસ્તો રિપેરીંગ થઇ શકે. ખેડૂતોનો સીમનો રસ્તો એવો હોય કે, આજુબાજુના વીસ–પચ્ચીસ ખેતરોનું પાણી એ સીમના રસ્તા, ગાડા માર્ગમાં થઇને જતું હોય પૂર આવે, એવી રસ્તાની હાલત હોય ત્યારે રસ્તા ખૂબ બગડતા હોય છે. મારી એવી વિનંતી છે કે, "માદરે વતન યોજના"માં ખેડૂતોના આ રસ્તાઓનો પણ સમાવેશ થાય અને માનનીય મુખ્યમંત્રી અત્યારે નથી પણ એ અમારા મત વિસ્તારના છે, "ચણાકા". એમનું પણ માદરે વતન "ચણાકા" છે. તો મુખ્યમંત્રીશ્રીને સૂચન છે કે, દાતાઓ શોધી અમારા મત વિસ્તારના રસ્તાઓ છે એમાં ફાળો આપી અને ખેડૂતોના રસ્તા રિપેર થાય. સાહેબ, એમાં યોજના પચાસ ટકા નહીં, ખેડૂતોના રસ્તા રિપેરીંગ માટે એંસી–વીસની યોજના હોવી જોઇએ, આ પણ એક મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાથી ઉદ્યોગોની બહુ વાતો થઇ કે, અમે આટલા ઉદ્યોગો કર્યા. હું તો સમજું છું કે, તમે પાંચ ઉદ્યોગપતિઓને જ રાહત આપી છે. આજે તમે જુઓ કે તમને રૂપિયા બે લાખ કરોડ જેવું વિદેશી હૂંડિયામણ કમાવી આપતો અમારો ડાયમંડનો ઉદ્યોગ છે. વીસ લાખ રત્ન કલાકારો, વીસ લાખ ઘરોને રોજીરોટી આપતો આ ડાયમંડ ઉદ્યોગ, રત્ન કલાકારો પાસે પ્રોફેશનલ ટેક્સ ઉઘરાવવામાં આવે છે, એ નાબૂદ થવો જોઇએ. તમે સુરત જ્યારે રેલી કાઢો છો, તમારી કાંઇક સભા હોય તો એના માટે કારખાના બંધ કરાવી અમારા રત્ન કલાકારોને લઇ જાવ છો તો તમે એના માટે કાંઇક વિચારો. સાહેબ, નવસો ગ્રામનો અંગુર હોય એને આખો દિવસ ઉપાડવાનો હોય અને મથાળા મારે, ટેબલ કાપે, તળિયા કાપે, ભાલા છાપે. જે મજૂર તગારું ઉપાડતો હોય એવી જ રીતે અમારો રત્ન કલાકાર આ નવસો ગ્રામનો અંગુર આખો દિવસ ઉપાડે છે. મારી તો એવી વિનંતી છે કે, સુરતને જ્યારે ડેવલપ કર્યું હોય એમાં રત્ન કલાકારોને શું ફાયદો? આખું સૌરાષ્ટ્ર જેની ઉપર નભે છે તો આપણે એને શું આપ્યું ? એના માટે એના બાળકોનું શિક્ષણ ફ્રી કરવું જોઇએ, એને સુરતમાં રહેવા માટે મકાન આપવું જોઇએ, અમદાવાદમાં રહેવા માટે મકાન આપવું જોઇએ અને જે રત્ન કલાકાર કરજમાં આવ્યો હોય તો એને ક્યાંકને ક્યાંક મદદ કરવી પડે. હું તો એમ કહું છું કે, એને લઘુત્તમ વેતન આપવું પડે. એની પણ વ્યવસ્થા સરકાર કરે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અભેસિંહભાઇ બહુ ખેડૂતોની ચિંતા કરતા હતા કે અમે કિસાન સંઘ નિધિ યોજના લાવ્યા, અડતાળીસ લાખ ખેડૂતોને ૩,૧૮૬ કરોડ રૂપિયા આપ્યા. (આ તબક્કે મંત્રી શ્રી નીતિનભાઇ બેઠા બેઠા કાંઇક બોલતાં) સરકાર કંઇક મદદ કરે. તેને કોઇ વેતન આપે. ૧૦૦–૨૦૦ રૂપિયા ખાલી રોજના આપી દે તો તેનું શું ચાલશે? કોઇ વેતન આપો. રત્નકલાકારોને મદદ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાન સન્માન નિધિ યોજના. ૪૮ લાખ ખેડૂતોની વાત આવી છે. અહીંથી બહુ વાતો થાય છે કે અમે ખેડૂતોને ૬,૦૦૦ રૂપિયા આપ્યા. એક વીઘે ૧૦૦૦ રૂપિયા થયા. તમે બે જ આઇટમમાં ખેડૂતોના ૧૧,૦૦૦ રૂપિયા લઇ લીધા છે. ૧૨ વીઘાના ખેડૂતને ૬,૦૦૦ રૂપિયા આપે છે. ડી.એ.પી. ખાતરના ૧૪૫૦ રૂપિયા ભાવ છે. તેમાંથી સરકારે ખેડૂતના ખિસ્સામાંથી ૫૦૦ રૂપિયા બટકાવી લીધા. એક વીઘે એક થેલી ડી.એ.પી. ખાતર જોઇએ. બન્ને સિઝનનું પાયેલું ખાતર. ચોમાસું અને શિયાળું સીઝનનું. ૧૨ વીઘે ૧૨ થેલી ડી.એ.પી. જોઇએ. બાર પંચા સાઇઠ. એટલે ૬,૦૦૦ રૂપિયા તમે ખાલી ડી.એ.પી. ખાતરમાં જ બટકાવી લીધા.

અધ્યક્ષશ્રી : બટકાવી, આપ આ શું શબ્દ બોલો છો?

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બટકાવી લીધા અમારી ગામઠી ભાષા છે. બીજાં ૫,૦૦૦ રૂપિયા ૧૨ વીઘાનો ખેડૂત હોય એને બેય સિઝનનું એક લાખ રૂપિયાનું તો ઉત્પાદન થાય ને? આ સરકારે ખેડૂત માલ વેચે એની ઉપર ૫ ટકા જી.એસ.ટી. લગાવ્યો છે. એક લાખ ઉપર પાંચ હજાર રૂપિયા તમે માલના વેચાણ ઉપર લઇ લીધા. આમ ૧૧,૦૦૦ રૂપિયા તમે બે જ આઇટમમાં લઇ લીધા અને તમે ૬,૦૦૦ રૂપિયા આપો છો? હજી તો યુરીયામાં પાંચ કિલો વજન ઘટાડી નાખ્યું. પેસ્ટીસાઇડ દવામાં જી.એસ.ટી., ડિઝલના ભાવ વધ્યા અને આપણે વાતો કરીએ છીએ. એટલે રૂપિયા ૫,૦૦૦ બાકી છે. રૂપિયા ૬,૦૦૦ આપ્યા છે. એ અમારા ખેડૂતોને પાછા આપી દો એવી મારી વિનંતી છે. હું તો એમ કહું છું કે તમે ખાલી વાયદા પૂરા કરો. આપણાં સાહેબે વાયદા બહુ કર્યા હતા. તમે કેટલા વાયદા કર્યા? **मेरे किसान भाईयों, मैं वादा करता हूं कि भारतीय जनता पार्टी की सरकार बनने के बाद पहली ही मीटिंग में पहला की काम किसानों का कर्ज माफ किया जाएगा और मैं खुद इस काम को करवा के ही रहूगॉ, ये मेरी जिम्मेदारी हैं । मान लीजिए** આ શબ્દો બધાને યાદ છે ને? તો સાહેબને કહેજો, ભૂલી ગયા હોય તો.

ફાલ્ગુન ૧૬, ૧૯૪૧ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અરવિંદ પટેલ.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની સામાન્ય ચર્ચા ઉપર મારા વિચારો રજૂ કવા માગું છું. કહેવાયું છે કે પહેલું સુખ તે જાતે નરવા. રાજ્યના કોઇ પણ નાગરિકનું સ્વાસ્થ્ય જળવાઇ રહે તે માટે આપણી સરકાર કટિબદ્ધ છે. મને જણાવતા આનંદ થાય છે કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું આ વર્ષનું બજેટ છે તેમાં ૧૧,૨૪૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે તે બદલ માનનીય નીતિનભાઇ સાહેબ અને સરકારને મારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આરોગ્ય વિભાગમાં ભૂતકાળમાં જે સુવિધાઓ ઉભી કરવામાં આવી છે એ ખૂબ અપૂરતી હતી. આપણી ભાજપની સરકાર આવી ત્યારથી પી.એચ.સી., સી.એચ.સી. ઉભા કરવામાં આવ્યા છે એ ગ્રામ્ય વિસ્તારમાં ૧૦થી ૧૫ હજારની વસતિએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અર્બન વિસ્તારમાં ૧૦ હજારની વસતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉભા કરવાની આ બજેટમાં પણ જોગવાઇ કરવામાં આવી છે એ બદલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, સશકત મહિલા, સુપોષિત ગુજરાત માટે અત્યારે જ આ રાજય સરકાર દ્વારા, આરોગ્ય વિભાગ અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા એક ખૂબ સંવેદનશીલ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આખા રાજયમાં દરેક જિલ્લા પંચાયતમાં એક માનવીય અભિગમ સાથે આ કાર્યક્રમ કરીને જે કુપોષિત બાળકો હતા એ બધાને દત્તક આપવાની યોજના પણ કરવામાં આવી અને આ કાર્યક્રમ દ્વારા લોકોને સમજૂતી આપવામાં આવી અને લોકોને જાગૃત કરવામાં આવ્યા. અમે તો મહારાષ્ટ્રને અડીને આવેલા છેવાડાના વિસ્તારમાંથી આવીએ છીએ. અમારા ગ્રામ્ય વિસ્તારમાં હવે ડોકટરો પણ ઉપલબ્ધ થવા લાગ્યા છે. ગયા વર્ષમાં ઉંડાણના જંગલ વિસ્તારમાં પી.એચ.સી.ઓમાં કરાર આધારીત એમ.બી.બી.એસ. ડોકટરો કામ કરતા હતા. એ લોકોના જી.પી.એસ.સી. પાસ કરીને કાયમી ઓર્ડર કરવાના હતા. અમારા વિસ્તારમાં જે ડોકટરો કરાર આધારીત કામ કરતા હતા એ ડોકટરોની કાયમી નિમણૂક દાહોદ અને નર્મદા વિસ્તારમાં કરવામાં આવી. એના માટે અમે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અમે રજૂઆત કરી કે અમારા વિસ્તારના ડોકટરોની અને અમારી ભાષા બોલીથી એક છીએ. આ લોકો અમારા વિસ્તારના આરોગ્યની કાળજી રાખે છે તો માનનીય નીતિનભાઇ સાહેબે અમારી રજૂઆત સાંભળીને એ ડોકટરોને ફરી એ જે જગ્યાએ કરાર આધારીત કામ કરતા હતા એ જગ્યાએ એમને મૂકી આપ્યા એના કારણે અમારા વિસ્તારમાં આરોગ્યની ખૂબ સારી સુવિધા આ ડોકટરો મારફત મળી રહી છે એ માટે માનનીય નીતિનભાઇને મારા તરફથી અભિનંદન પાઠવું છું. અમારા વિસ્તારમાં ખૂબ લોકપ્રિય ૧૦૮ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. ભૂતકાળમાં જે એમ્બ્યુલન્સ આવતી હતી અને રસ્તાની સુવિધા પણ એવી હતી કે સગર્ભા મહિલાની રસ્તામાં જ ડીલીવરી થઇ જતી હતી. આવા સંજોગોમાં આ સરકારે બજેટમાં નવી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને સુદ્રઢ કરવા માટે નવી ૧૫૦ એમ્બ્યુલન્સની ખરીદી કરવા માટે રૂપિયા ૨૭ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે. નવી મેડિકલ કોલેજો નવસારી, રાજપીપળા, પોરબંદર જેવા વિસ્તારમાં સ્થાપવા માટે રૂપિયા ૮૦ કરોડની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારમાંથી બીજા એમ.બી.બી.એસ.ની સીટો અને પોસ્ટ ગ્રેજ્યુએટની સીટોનો વધારો કરવામાં આવ્યો છે એમાં એમ.બી.બી.એસ.ની ૧૦૦ સીટો અને અનુસ્નાતકની ૬૪ સીટોનો વધારો કર્યો છે અને એના માટે પણ રૂપિયા ૭૩ કરોડની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. રાજયમાં ખૂબ જ લોકપ્રિય યોજના જે ''મા મુખ્યમંત્રી યોજના'' અને ''મા વાત્સલ્ય યોજના'' હેઠળ ૭૭ લાખની નોંધણી કરવામાં આવી છે અને રૂપિયા ૩૭૧૦ કરોડનો ખર્ચ પણ કરવામાં આવ્યો છે. આ માટે રૂપિયા ૧૧૦૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતની આ સંવેદનશીલ સરકાર દ્વારા ગુજરાતના નાગરિકોના સ્વાસ્થ્ય સુંદર રહે એ માટે અનેક પ્રકારે પ્રયત્નો કર્યા છે. જે મહિલા ગર્ભધારણ કરે એને બે વર્ષ સુધી માતા તથા બાળકને પૂરતો આહાર અને પોષણ મળે તે માટે એક હજાર દિવસ માટેનું જે ટાઇમ ટેબલ બનાવવામાં આવ્યું છે અને એના માટે આ બજેટમાં રૂપિયા બે કરોડની યોજના દાખલ કરવામાં આવી છે જેમાં પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાળ સખા યોજના, કસ્તુરબા પોષણ યોજના, પૂર્ણા યોજના જેવી અનેક યોજના આ બજેટમાં રજૂ કરવામાં આવી છે.

પ્રવિણભાઇ ટી. મારૂ(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૦-૨૧નું જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષનું બજેટ રૂપિયા ૨ લાખ ૧૭ હજાર ૨૧૮ કરોડનું દિશાવિહીન કહી શકાય એવું અંદાજપત્ર માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે એની અંદર માત્ર ગ્રામિણ ક્ષેત્રના કિસાનો માટે રૂપિયા ૭૪૨૩ કરોડની જોગવાઇ કરી છે, યુવાન બેરોજગારો સાથે મજાક કરી હોય એવું લાગે છે. ૨૯ હજાર ખેડૂતો માટે વિવિધ ઓજારો અને ટ્રેકટર ખરીદી માટે જે આયોજન કરેલ છે, એ જ પ્રમાણે ગાય આધારિત પ્રાકૃત્તિક ખેતી માટે લાભાર્થી માત્ર ૫૦ હજાર લોકો માટેનું આયોજન કરવામાં આવેલ છે ત્યારે ૩.૫ કરોડ ગ્રામિણ ક્ષેત્રે વસતા અને કૃષિ ક્ષેત્રે કાર્યરત લોકો માટે આયોજન કરવાનો સરકારને કેમ વિચાર ન આવ્યો? અનાજનું ઉત્પાદન ૧૦૦ લાખ ટન હતું એ વધવાના બદલે ઘટીને વર્ષ ૨૦૧૮-૧૯માં માત્ર ૬૬૯૧ ટન જેટલું થયું છે. ઉત્પાદન દિવસે દિવસે ઘટી રહ્યું છે. આજે નર્મદાની વાત કરીએ તો ૧૬.૧૧ લાખ હેકટર પિયત ક્ષેત્રનું આયોજન હોવા છતાં ખરા અર્થમાં માત્ર ૬.૭૩ લાખ હેકટર ક્ષેત્રને જ પાણી પહોંચાડી શક્યા છીએ. એમાં પણ કેનાલોનું વારંવાર તૂટવું અને કેનાલો તૂટવાના કારણે પાણી વહી જાય છે, વેડફાઇ જાય છે. એના કારણે આપણને ખૂબ મોટું નુકસાન થઇ રહ્યું છે. પાણીના એક-એક બુંદની કિંમત હોવા છતાં જે રીતનું આયોજન થવું જોઇએ એ ન કરવાના કારણે આપણે નુકસાન ભોગવી રહ્યા છીએ. આજે ૧ લાખ ખેડૂતો માટે કૃષિ વીજ જોડાણોનું આયોજન થયું છે એ ખૂબ ઓછા પ્રમાણમાં છે.

સરકારને વિનંતી છે એને એક કાવ્ય મારફતે સમગ્ર દેશ અને સરકારને દોહરાવવા માગું છું. આ કાવ્યમાં દેશમાં અને રાજ્યમાં શું ચાલી રહ્યું છે, આ સરકાર જે દિશા તરફ જઇ રહી છે એને આપના માધ્યમથી દોહરાવવા માગું છું. અહીં સામેની ટ્રેઝરી બેન્ચથી ધારાસભ્યશ્રીઓ સરકારને જે અભિનંદન આપે છે અને સંવેદનશીલતાની જે વાતો કરે છે એની અંદર લગભગ હું બે વર્ષથી જોઇ રહ્યો છું. ગૃહનો ૧૦ કલાકથી વધુ સમય માત્ર આ અભિનંદન આપવા પાછળ * (xxx) છે. એના માટે એક ઠરાવ કરીને આપી દો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અભિનંદન તો કોઇ પણ આપી શકે. *(xxx), સમય વ્યતિત કર્યો એમ કહેવાય. * (xxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : ફીર ભી મેરા ગુજરાત મહાનની આ સરકાર વાત કરે છે ત્યારે હું એટલું કહીશ કે, '' **किसानों को पानी नहीं, दिन को बिजली नहीं, बीमा की तो कोई बात ही नहीं, फीर भी मेरा गुजरात महान दलित परेशान, आदिवासी परेशान, युवा बेरोजगार, एल. आर. डी. की बहन परेशान, फीर भी मेरा गुजरात महान, रोज खून, रोज चोरी, लूंट, बलात्कारी खुला घुमें, फीर भी मेरा गुजरात महान, जी. एस. टी. और नोट- बंदी से जनता है परेशान, आर्थिक मंदी में डूब रहे हैं, फीर भी मेरा गुजरात महान । विकास-विकास खेलते हैं, संवेदनशील अपने आप बनते हैं, फीर भी मेरा गुजरात महान, सी. एम. हमारे भोले है, स्वीकार करके बोले हैं, 25 साल से हो रहा है भ्रष्टाचार, फीर भी मेरा गुजरात महान, रोज नया कुछ लाते हैं और पुराने को भुलवा देते हैं, जनता को *(xxx) फीर भी मेरा गुजरात महान ।**

અધ્યક્ષશ્રી : આ * (xxx) એ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : **ट्रम्प को नमस्ते करते हैं, गरीबों के लिये दिवार बनते हैं, फीर भी मेरा भारत महान ।** માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા જે ઉત્સવો થઇ રહ્યા છે, જે મેળાવડાઓ થઇ રહ્યા છે અને જે કલ્યાણ મેળાઓ થઇ રહ્યા છે, પતંગોત્સવ થઇ રહ્યા છે, વન મહોત્સવો થઇ રહ્યા છે, શાળા પ્રવેશોત્સવો થઇ રહ્યા છે આ તમામ બિન ઉપજાઉ, જેનાથી કોઇ ફાયદો નથી એવા કાર્યક્રમો પાછળ અલગથી ગ્રાન્ટ ફાળવવી જોઇએ. એટલા માટે કે વિકાસની જે ગ્રાન્ટો આપવામાં આવે છે એમાંથી કોઇ હિસાબો મળતા નથી. કયા પૈસા ક્યાં વપરાય જાય છે એ ગુજરાતની જનતા જાણતી નથી. એટલા માટે માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરુ છું કે આની અંદર અલગ નાણાં ફાળવવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, મારે સદનને એક વિનંતી કરવી છે કે, શ્રી નૌશાદભાઇ સોલંકી સને ૨૦૧૮નું વિધેયક ક્રમાંક ૩૨ સન ૨૦૧૮ ગુજરાત અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ પેટા યોજના બાબતનું વિધેયક છે. એ વિધેયકને આમ જોવા જઇએ તો મંજૂર કરવામાં આવતા નથી પણ મારી એ વિનંતી છે કે આ વિધેયકને મંજૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : વિધેયક જ્યારે આવે ત્યારે મંજૂર કરજો.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આજે દલિતોની જે પરિસ્થિતિ છે, આ રાજ્યની અંદર થતા અત્યાચારો છે એ અત્યાચારોમાં જે રીતે તપાસો થવી જોઇએ, જે રીતે સજા મળવી જોઇએ એ રીતે સજા આપવામાં આવતી નથી. આજે ગુજરાતમાં દલિતોના હામી થવાની જે રીતે વાત કરવામાં આવે છે એ રીતે અહીંયા કાંઇ એવું મને લાગતું નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ, આ સરકારે સંપૂર્ણ વિશ્વાસ ગુમાવી દીધો છે અને એ નક્કી કરવાનો સમય આવી ગયો છે કે તમારે હવે ગાંધી જોઇએ છે કે ગોડસે? તમારે હવે સરદાર જોઇએ કે આર.એસ.એસ. જોઇએ? તમારે હવે બાબા સાહેબ જોઇએ છે કે મનુવાદ જોઇએ? આમ બને બાજુએ પગ રાખીને સરકાર ચાલે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સંગીતાબેન. આ બાજુ કોઇ કવિ છે કે નહીં? પ્રો. ડીંડોર.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપીને મારી વાત કરવા અહીંયા ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦–૨૧નું જે અંદાજપત્ર માનનીય નીતિનભાઇ સાહેબ લઇને આવ્યા છે અને એમણે સતત આઠમી વખત અંદાજપત્ર રજૂ કર્યું છે. રૂપિયા ૨,૧૭,૨૮૭ કરોડનું કદ ધરાવતું આટલું મોટું ઐતિહાસિક બજેટ રજૂ કરવા બદલ એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જ્યારે હું ઊર્જા વિભાગ માટે વાત કરી રહી છું ત્યારે મને જણાવતા આનંદ થાય છે કે રૂપિયા ૧૩,૯૧૭ કરોડની જોગવાઇ અહીં ઊર્જા વિભાગ માટે કરવામાં આવી છે એટલા માટે માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પટેલને પણ હું અભિનંદન આપું છું. અભિનંદન તો આપવા જ જોઇએ. જે સારુ કામ કરતા હોય એમને અભિનંદન આપવા જોઇએ. હમણાં શ્રી પ્રવિણભાઇ કહેતા હતા કે અભિનંદન આપે છે પણ ગુજરાતની સરકાર જ્યારે સારુ સારુ કામ કરતી હોય, સારા ઉદ્યોગો લાવતી હોય, સારા વિકાસના કામો કરતી હોય તો અભિનંદનને પાત્ર હોય છે. જ્યારે હું ઊર્જા વિભાગ માટે વાત કરું છું કે, આપણા આડોશી-પાડોશી રાજ્યો મહારાષ્ટ્ર, રાજસ્થાન અને એમ.પી. છે. મહારાષ્ટ્રમાં અમે જઇ છીએ. મારુ મૂળ વતન મહારાષ્ટ્રમાં છે ત્યારે ત્યાં હજુ પણ લોડ શેડીંગ અને પાવર કાપનો સબ્જેકટ છે. હજુ ત્યાં કેટલાય લોકો હેરાન થાય છે. ખેડૂતોને પાણી મળતું નથી અને લોકોને ૮-૮, ૧૦-૧૦ દિવસ પછી પીવાનું પાણી મળે છે તો આ સ્થિતિ આપણા પાડોશીના રાજ્યોમાં છે ત્યારે ગુજરાત અભિનંદનને પાત્ર છે અને અભિનંદનને પાત્ર રહેવાનું છે. આધુનિક વિકાસની સમગ્ર પ્રક્રિયામાં જોવા જઇએ તો ઊર્જા એ દરેક માનવ માટે જરૂરી બની છે. ઊર્જા વિભાગે સતત અનેક ક્ષેત્રોને વિકસાવવા માટે દેશભરમાં નોંધનીય કામગીરી કરી છે. ગુજરાત સરકારના વીજ ક્ષેત્રના જેટલા પણ વિવિધ પ્રશ્નો હતા કેન્દ્રમાં જ્યારે બીજી સરકારો હતી ત્યારે અનેક પ્રશ્નો ગુજરાતના ઊર્જા વિભાગના હતા પણ જ્યારથી ભાજપ સરકાર આવી છે ત્યારે જેટલા પણ ઊર્જા વિભાગના પ્રશ્નો હતા એ સમસ્યાનું નિરાકરણ થયું છે અને આજે ગુજરાત ઊર્જા ક્ષેત્રે ખૂબ જ આગળ વધી ગયું છે અને એટલા માટે આપણે જોઇ રહ્યાં છીએ કે જ્યારથી ગુજરાતમાં ભાજપની સરકાર આવી છે ત્યારથી ગુજરાતમાં શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, ગામે ગામ આરોગ્યની સેવાઓ, ૨૪ કલાક વીજળી, ખેતી-પશુપાલનના ઉત્પાદનમાં વધારો, સિંચાઇની સુવિધામાં વધારો, શાળા-કોલેજ, મેડિકલ કોલેજ અને યુનિવર્સિટીઓની સ્થાપનાની સાથે સાથે રસ્તાઓનું રાજ્ય વ્યાપી નેટવર્ક થઇ રહ્યું છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેઠાણની સુવિધામાં વ્યાપક વધારો અને મોટા પ્રમાણમાં માળખાકીય સુવિધામાં નિર્માણ કરેલ છે. આમ તમામ ક્ષેત્રમાં થયેલ સાર્વજનિક વિકાસને લીધે ગુજરાત આજે રોલ મોડલ બન્યું છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યે અગ્રીમ નામના મેળવી છે. અમારી સરકારનું લક્ષ્ય ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જવાનું છે અને એટલા માટે સરકારે એક મંત્ર આપ્યો છે. ''     કામ કરતા આવ્યા છીએ, કામ કરતા રહીશું, ધન્ય ધરા ગુજરાતની ચરણ ચુમતા રહીશું.

કામ કરતા બનાવ્યું છે ૨૫ વર્ષમાં ઉત્તમ ગુજરાત, ચાલો સૌ બનાવીએ સાથે મળીને સર્વોત્તમ ગુજરાત.

સર્વ સમાવિશે વિકાસ પથ ઉપર આગળ ધપતા રહીશું, ઋણી છીએ ગુજરાતના ઋણ ચૂકવતા રહીશું.

એટલે આ અભિનંદનને પાત્ર અમારી સરકાર છે એને અભિનંદન તો આપવા જ જોઇએ. આજે સંપૂર્ણ ગુજરાતમાં ઉર્જા વિભાગ દ્વારા અનેકાનેક યોજનાઓ આવી છે જેના થકી છેવાડાના નાગરિકો સુધી ગામેગામ, શહેરેશહેર વીજળીકરણ થઇ રહ્યું છે જેના લીધે ખૂબ જ વિકાસ આપણા ગુજરાતમાં થઇ રહ્યો છે. મારે ગુજરાતની એક એવી યોજનાની વાત કરવી છે જેને સમજવા માટે બીજા રાજયના લોકોની અહીંયા ટીમ આવી હતી એ યોજનાનું નામ છે જયોતિ ગ્રામ યોજના. અમારી સરકારે, ઉર્જા વિભાગ દ્વારા અનેક એવી યોજનાઓ બહાર પાડી છે. એમાં સૂર્ય યોજના, ઉર્જા યોજના, કુટિર જયોતિ યોજના, ઝૂંપડા વીજળીકરણ યોજના, કિસાન હીત યોજના, ડીસ્ટ્રીબ્યુશન, ઇન્ફ્રાસ્ટ્રકચર શીફ્ટીંગ યોજના, સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના. મારે થોડી જયોતિગ્રામ યોજનાની વાત કરવી છે. આ યોજના અંતર્ગત રાજયના તમામ ગામોમાં ૨૪ કલાક થ્રીફેઝ વીજ પુરવઠો પૂરો પાડનાર ગુજરાત દેશનું સર્વ પ્રથમ અને એક માત્ર રાજય છે. આ યોજનામાં રાજયના તમામ ૧૮૦૬૫ ગામો અને ૯૭૦૦ પેટા પરાઓને આવરી લેવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત કૃષિ વપરાશકારો માટે અલગ સમાંતર ટ્રાન્સમીશન નેટવર્ક ઉભું કરવામાં આવેલ છે એટલે મારે થોડું અહીંયા કહેવું છે કે ઉર્જા એ સમગ્ર માનવ સૃષ્ટિનું ચાલકબળ છે. ઉર્જાને બીજા શબ્દમાં કહેવા જઇએ Energy is one of the most important source of the universe. આ યોજનાનો લાભ રાજયના ખેતરોમાં વસતા કુલ ૨.૧૦ લાખ લાભાર્થીઓને મળેલ છે. જયોતિ ગ્રામ યોજના તત્કાલીન મહામહીમ રાષ્ટ્રપતિશ્રી ડો. એ.પી.જે.અબ્દુલ કલામના વરદ હસ્તે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવેલ છે એટલે હું આ બજેટને સમર્થન આપું છું.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. કોઇની બાજી ખુલ્લી છે તો કોઇની છે બંધ. આ બજેટમાં બાજી કોણ મારી જશે એ હજી સુધી છે અકબંધ. બજેટ રજૂ થયું એના બીજા દિવસે છાપામાં વાંચ્યું ખેડૂતલક્ષી બજેટ, આ લક્ષી બજેટ. હમણાં શ્રીમતી સંગીતાબેન મહારાષ્ટ્રની વાત કરતા હતા. મારે એ કહેવું છે સંગીતાબેનને કે ભા.જ.પ.ની સરકાર વખતે સૌથી વધારે આજ સુધીમાં આત્મહત્યા કરી હોય તો મહારાષ્ટ્રમાં કરી છે. ભા.જ.પ.ની ગઇ વખતની સરકારની વાત છે ત્યારે સૌથી વધુ આત્મહત્યા છેલ્લા ૧૫ વર્ષમાં થઇ છે. બજેટ આવે તો સૌથી વધુ અપેક્ષા ગુજરાતના યુવાનોને હોય કે આ બજેટમાં કયાંક નોકરીઓની તક હશે, આ બજેટમાં નવા ઉદ્યોગો આવશે જેનાથી ગુજરાતના યુવાનોને રોજગારી મળશે પણ આ બજેટમાં કયાં એ જોવા ન મળ્યું કે ગુજરાતના યુવાનો માટે નવી રોજગારીની તકો ઉભી થશે. હમણાં શ્રી નીતિનભાઇ સાહેબ કહેતા હતા કે તમે કહો છો નોકરીઓ આપી દો. ભરતીનું કેલેન્ડર બહાર પાડી દો પણ આટલો બધો ખર્ચો કયાંથી કરશો? હું તો શ્રી નીતિનભાઇને કહેવા માગું છું કે તમે ૮ વખત બજેટ રજૂ કર્યું છે જેટલી રાહતો ઉદ્યોગોને આપી છે એ રાહતો બંધ કરીને ગુજરાતના યુવાનોની ભરતીમાં વાપરશો તો પણ કયાંય પૈસાની ખોટ નહીં પડે એ કહેવા માગું છું. ખેડૂતોની વાત થઇ, ખેડૂતલક્ષી બજેટની વાત થઇ. અમારા જ વિસ્તારની અંદર વાત કરું તો તીડ આવ્યા હતા. કોઇક થાળી લઇને તીડ ભગાવતું હતું તો કોઇ નગારા વગાડીને તીડ ભગાવતું હતું પણ ખેડૂતોની સાથે મશ્કરી સિવાય બીજું કોઇ કામ એમાં થતું નહોતું. એકરે લાખ રૂપિયાનું નુકસાન થયું એની સામે સહાય મળી હેકટરે રૂપિયા ૩૬૦૦૦. એમાં એક પણ મજૂરને એક રૂપિયો ન મળ્યો અને દિવસ રાત મજૂરી કરતા મજૂરો માટે આ બજેટમાં કંઇ ખેડૂતો માટે

આપવામાં આવ્યું નથી. સિંચાઇ મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે ખેડૂતલક્ષી બજેટ હોય તો મારા વિસ્તારના ૯૭ ગામો આજે પણ સિંચાઇથી વંચિત છે. સીપુ ડેમમાં તમે રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે પાઇપ લાઇન નાખી અને ખેતી માટે આપો છો તો મારા વિસ્તારમાં પણ પમ્પીંગ કરીને ૯૭ ગામમાં તળાવો ભરો. તો ત્યાં પણ લોકો સિંચાઇ કરી શકે. બધા વિસ્તારોની જેમ અમારે પણ વિકાસની સાથે ચાલવું છે. ખાસ વિનંતી છે કે આ ૯૭ ગામના પ્રશ્નો બજેટમાં લેવામાં આવે તો લોકો ખુશ થાત. તમે ગાંધીનગરથી સરખેજ સુધી ભલે એક રોડ બનાવો, પણ ક્યાંક બનાસકાંઠાના ડીસાથી થરાદ સુધીનો ફોરલેન પૂરો કર્યો હોત તો થરાદના લોકો આશીર્વાદ આપત. શિક્ષણની અંદર ૩૦,૦૪૫ કરોડ રૂપિયા વાપરવામાં આવશે. આજે હું કહેવા માગું છું કે બનાસકાંઠામાં ૧૫૦૦થી પણ વધુ પ્રાથમિક સ્કૂલના ઓરડાની ઘટ છે. સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલો વધી રહી છે, એના માટે સરકારી સ્કૂલોમાં ઓરડા બનાવવામાં આવતા નથી. આજે ૧૫૦૦ એ મોટો આંકડો કહેવાય. દરેક તાલુકામાં ઓછામાં ઓછા ૧૦૦, ૧૫૦ કે ૯૦ જેટલા ઓરડાઓની ઘટ છે. આના માટે વિચારવું જોઇએ. કોંગ્રેસના હોય કે ભાજપના બધા સભ્યોએ શ્રી નીતિનભાઇ જોડે જવું પડે છે. કારણ એ છે કે ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ મકાન મંત્રીશ્રીએ માર્ગ મકાન વિભાગમાં ૧૦,૦૫૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. કદાચ વધારે કરી હોત તો પણ વાંધો નહોતો. શહેરોમાં તો પાકા રોડ બની ગયા છે, પણ ગામડામાં કાચા રોડને પાકા કરવાના બાકી છે. મારા વિસ્તારમાં ઓછામાં ઓછા ૧૫૦, ૨૦૦ જેટલા કાચા રસ્તા પાકા કરવાના બાકી છે. દર વર્ષે ૬ જેટલા કાચા રસ્તા પાકા કરશો તો ૩૦ વર્ષ સુધી પણ આ રસ્તા પાકા થઇ શકશે નહીં. ગઇ વખતે સદનમાં વાત થઇ હતી કે અમારી સરકારે કર્યું. તો અમે મોટા થયા ત્યારથી કોંગ્રેસની સરકાર દેખી નથી. વર્ષ ૧૯૯૫થી ભાજપની સરકાર છે. એટલે જે કઇ ટીકા–ટિપ્પણી થશે તો આ સરકારની થવાની છે. ૨૫ વર્ષ પહેલા અમે શું કર્યું, એનો જવાબ નથી આપવાનો, પણ ૨૫ વર્ષમાં તમે શું કર્યું છે એનો જવાબ આપવો પડશે અને કામ જે કર્યાં છે તે ગુજરાતના લોકો સુધી પહોંચશે. પોતાના વિસ્તારના આરોગ્યના પ્રશ્નો માટે પણ શ્રી નીતિનભાઇ જોડે બધાએ જવાનું હોય છે. મોટા ભાગના ખાતા શ્રી નીતિનભાઇ જોડે છે. આરોગ્યની વાત કરીએ તો અમારા ઉત્તર ગુજરાતની અંદર કદાચ સિદ્ધપુર સિવાય ક્યાંય પણ એમ.આર.આઇ. મશીનની સુવિધા નથી. એમ.આર.આઇ. કરાવવા માટે અમારા વાવ કાંઠાના વિસ્તારના લોકોને અમદાવાદ કે પછી મહેસાણા સુધી જવું પડે છે. એના કરતા બનાસકાંઠામાં એમ.આર.આઇ.ની સુવિધા આપવામાં આવે તો આરોગ્ય માટે સારું રહેશે.(અંતરાય) પાલનપુરમાં સિવિલ હોસ્પિટલમાં એમ.આર.આઇ.ની સુવિધા આપી દીધી છે. તે પણ ટ્રસ્ટને આપી દીધી છે. સિવિલ હોસ્પિટલ બીજા ક્ષેત્રમાં આપો તો સારું રહેશે. મારા વિસ્તારમાં અપગ્રેડ હોસ્પિટલ કરી. જે ૫૦ બેડની હતી તે અપગ્રેડ કર્યા પછી પણ ૫૦ બેડની છે તો કઇ રીતનું અપગ્રેડેશન થયું? દર મહિને ૧૦,૦૦૦ જેટલી ઓ.પી.ડી. સરકારી મિનિ સિવિલ હોસ્પિટલમાં થાય છે. ૫૦ બેડની હોસ્પિટલ છે, તે કદાચ ૧૦૦, ૧૫૦ બેડની હોસ્પિટલ બનાવી હોત તો અમારા વિસ્તારના લોકોને પ્રાઇવેટ હોસ્પિટલોમાં પૈસા ખર્ચવા ન પડત અને લોકોને ત્યાં પાયાની સુવિધા, આરોગ્યની સુવિધા મળી રહેત. ઘણા બધા પ્રશ્નો છે. શ્રી નીતિનભાઇએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની અંદર ૨૬૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. હું એટલું કહેવા માગું છું કે કદાચ સરદાર પટેલ સાહેબની આટલી ઉંચી પ્રતીમા બનાવી અને બધા ખૂશ છે. સાથે સાથે ૫૬૨ રજવાડાઓએ પોતાની મિલકતો, પોતાના રજવાડાઓ આ દેશની લોકશાહીમાં આવવા માટે કરીને ભારત સરકારમાં રાજીખુશીથી આપી હતી. તો સાથે સાથે સરદાર પટેલ સાહેબના સ્ટેચ્યુની સાથે ૫૬૨ રજવાડાઓનું એક મ્યુઝિયમ બન્યું હોત તો એમનો વારસો, ઇતિહાસ બતાવવામાં ૨૬૦ કરોડ રૂપિયા વાપરવામાં આવત તો લેખે લાગત. હું શ્રી પ્રદીપસિંહ, શ્રી જયદ્રથસિંહ અને શ્રી ભુપેન્દ્રસિંહ બાપુને કહું છું કે સરકારમાં શ્રી નીતિનભાઇને સમજાવો આપણે ત્યાં રાજાઓએ દેશના માટે કરીને, લોકશાહી માટે કરીને જે પોતાના છે, કેમ કે ત્યાં આગળ આપણે એક રૂપિયો કોઇને આપવા માગતા નથી અને આ લોકોએ પોતાની મિલકત આપી દીધી. પોતાની આખી રાજાશાહી આ દેશની લોકશાહી માટે આપી દીધી છે. તો આજે સરદાર સાહેબની પ્રતિમા છે તેટલું મ્યુઝિયમ બનાવવા માટે આપ સૌને વિનંતી કરું છું. એના માટે બજેટમાં વિશેષ જોગવાઇ કરો તેવી વિનંતી છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના વિકાસની પરિકલ્પના સાકાર કરતું બજેટ રજૂ કરવા બદલ રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું. હમણાં અહીં અભિનંદનની વાત થઇ. આપણામાં કહેવત છે કે સારાને સારો કહેવો પડે, સારાને સારો કહેવો પડે, ખરાબને ખરાબ ન કહેવાય પણ સારો તો ન જ કહેવાય. હમણાં શ્રી પ્રવિણભાઇ વાત કરીને ગયા. મારે કહેવું છે કે કોંગ્રેસના લોકો *(xxx) પ્રવિણ છે.

અધ્યક્ષશ્રી : માનનીય રાવલભાઇ * (xxx) શબ્દો કાઢી નાખીએ છીએ. સાચું બોલતા નથી એમ બોલો.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, પછી મારું માગવામાં, મારું સાચું, મારું સાચું કરી મારું મારું કરે છે. અમારા શ્રીમતી સંગીતાબેન બોલવા ઉભા થયા ત્યારે તેમણે મહારાષ્ટ્રની સારી અને સાચી વાત કરી. તેના વિશે પણ વાત આવી, સાચી વાત છે કે કદાચ ખેડૂતોએ આપઘાત કર્યા હશે.

અધ્યક્ષશ્રી : મહારાષ્ટ્ર પર ક્યાં જાઓ છો. આપણે અહીં આવો ને.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, જેને તમે અછૂત માનતા હતા, જેને તમે જોવા તૈયાર ન હતા ત્યારે સત્તાની લાલચમાં તમે તેની સાથે બેઠા છો તો કાલે તમારા રાજમાં ખેડૂતો ન મરે તેનું ધ્યાન રાખજો. તીડની વાતો અહીં થાય છે. સાચી વાત છે તીડ આવ્યા છે, પણ ગુજરાતમાં માત્ર બનાસકાંઠામાં આવ્યા છે. એ બનાસકાંઠામાં તીડ ક્યારે આવ્યા કે થરાદ અને રાધનપુરની પેટા ઇલેક્શનના પરિણામ પછી આવ્યા. કુદરતને પણ વિચાર કરવો પડ્યો કે અહીં તીડ મોકલવા પડશે. સામાન્ય વર્ગના લોકોનો અરસપરસ આર્થિક વિકાસ થાય તથા ખેડૂતોને પોતાના ખેત પેદાશના યોગ્ય અને ન્યાયી વળતર મળે તેવા હેતુથી આવી સહકારી સંસ્થાઓ કામ કરતી હોય છે. આપણી સંસ્કૃતિમાં ગાય, ગંગા અને ગીતાનું વિશેષ મહત્વ છે. આ સંસ્કૃતિને વરેલી સરકાર પશુપાલન, ડેરી ઉદ્યોગ અને સહકાર ક્ષેત્રના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ગુજરાતનું સહકારી માળખું સમગ્ર દેશમાં આદર્શ અને પ્રેરણાદાયી છે. મને વિશ્વાસ છે કે, ખેડૂતોની આવક બમણી કરવાનું માનનીય પ્રધાનમંત્રીશ્રીનું સપનું સહકાર ક્ષેત્ર થકી સો ટકા સાકાર થશે. આ બજેટમાં ખેત પેદાશોના સંગ્રહ માટે બજાર સમિતિઓમાં પાંચ હજાર મે.ટન ક્ષમતા ધરાવતા ગોડાઉન બનાવવા માટેની સહાય આપવામાં આવશે. તેના માટે રૂપિયા પચાસ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના ખેડૂતોને ત્રણ લાખ રૂપિયાનું કૃષિ ધિરાણ વગર વ્યાજે આપી રહી છે અને આજ દિન સુધીમાં સરકારે ૫૭૧ કરોડ રૂપિયા વ્યાજ સહાય પેટે આપ્યા છે જે અમારી સરકારની કિસાન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે દૂધના વેચાણ પેટે પણ રૂપિયા નેવું કરોડની ચૂકવણી કરવામાં આવી છે. જેનાથી ગ્રામ્ય અર્થતંત્ર વધુ સૃદ્ઢ અને સમૃદ્ધ બન્યું છે. રાજયમાં ટેકસ માટે ગોડાઉન યોજના બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ ટેક્સ મંડળીઓને સરકાર દ્વારા ગોડાઉન બનાવવા માટે ૭૩ ટકા સબસિડી આપવામાં આવે છે. વ્યક્તિગત ખેડૂત હોય, ખેડૂતોની સહકારી સંસ્થા હોય, બજાર સમિતિઓ હોય તેમાં ગોડાઉન બનાવવાની સહાય હોય તેમાં અનેકવિધ સબસિડીઓ સાથે સહકાર દ્વારા ખેડૂતોને સમૃદ્ધ કરવાની ભાવના સાથે આ બજેટ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ સરકારના પ્રભાગ ગોડાઉન બનાવવા સહાય આપવાની વિવિધ યોજનાઓ અંતર્ગત રાજયમાં આશરે ૧૨૦૦૦ ગોડાઉનો થકી ૧૮ લાખ મેટ્રિક ટન સંગ્રહશક્તિની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સહકારની વાત છે એમાં ટૂંકમાં વાત કરું તો વધુને વધુ લોકોને સહકારની પ્રવૃત્તિનો લાભ મળે અને સભ્ય બને, વિવિધ પ્રકારની સહકારી મંડળીઓની રચના થાય, આર્થિક રીતે પ્રવૃત્તિનું મહત્વનું યોગદાન મળે, ખેત ઉત્પાદનમાં વેગ લાવવા ધિરાણમાં વૃદ્ધિ થાય તે માટે ઇનપુટ પૂરા પાડવાની સુવિધા વધારવી વગેરે બાબતો લઇ વધુને વધુ રહેઠાણની સુવિધાઓ હાઉસીંગ મડળીઓ મારફતે મળી રહે તેવા પ્રયત્નો કરવા, નવા નવા ક્ષેત્રો જેવા કે વીમા, મેડીકલ, વિદ્યુત, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, જૈવિક ઔષધિઓનું ઉત્પાદન, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેને નવી સહકારી મંડળીઓની રચના કરવી આમ અન્ય સેવાઓ કરી રહી છે ત્યારે સહકારી સંસ્થાઓને સુદઢ અને વેગવંતી બનાવવા માટે નાણાકીય સુવિધાઓ વધારવી અને વહીવટી પ્રક્રીયાઓમાં મદદરૂપ થવું એ આ સરકારનો અભિગમ છે.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેના પર મારા વિચાર રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, જળસંપત્તિ વિભાગમાં આ વખતે રૂપિયા ૭૨૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જળ સંચય કરવું એ ખૂબ અગત્યનું છે, જળ એ જીવન છે. આપ પણ વડોદરા જિલ્લામાંથી જ આવો છે ત્યારે પાદરા તાલુકાની વાત કરું તો પાદરા તાલુકાથી દરિયાનું અંતર લગભગ ૫૦ કિલોમીટર જેટલું જ છે. મહિસાગર નદી પાદરા તાલુકામાંથી પસાર થાય છે. દરિયાની ભરતી મહિનામાં ચારથી પાંચ વખત મહિસાગર નદીમાં આવે છે જેને કારણે બારે માસ ખારું પાણી એ વિસ્તારમાં જંબૂસર તાલુકો હોય, પાદરા, બોરસદ, આંકલાવ આ તમામ તાલુકાના કિનારા વિસ્તારની જે જમીનો છે એમાં ખારાશ વધવા પામી છે અને ભૂગર્ભ જળ ખારું બનવા પામ્યું છે. તેવા સમયે પીવાના પાણીની ખૂબ મોટી સમસ્યા એ કિનારાના વિસ્તારમાં થવા પામી છે. સિંચાઇની સમસ્યા પણ એ આજુ બાજુના કિનારાના વિસ્તારોમાં ખૂબ મોટા પ્રમાણમાં થવા પામી છે. હું વાત કરું તો મારા મત વિસ્તારના પૂર્વ ધારાસભ્ય શ્રી પુનમભાઇ પરમાર ભાજપના ધારાસભ્ય હતા અને વર્ષ ૨૦૦૪-૦૫ની અંદર માનનીય પુનમભાઇએ જ આ વાત સરકારશ્રી સમક્ષ મૂકી હતી કે તીથોર-બદલપુર આડબંધ જેને આપણે દાંડીપથ પણ કહીએ છીએ અને જયારે સરકારશ્રી ૧૫૦મી જન્મ જયંતી ગાંધીજીની ઉજવી રહી હોય ત્યારે દાંડીપથ પણ થઇ શકે એમ છે અને જે તીથોર-બદલપુર આડબંધની વાત હતી તો કોઝ-વે ત્યાં બનાવી દેવામાં આવે તો દાંડી માર્ગ પણ બને તેમ છે અને જે ખારાશ આગળ આવી રહી છે એ ખારાશને આપણે અટકાવી શકીએ એમ છીએ અને એ વિસ્તારના લોકોને આ સમસ્યામાંથી ઉગારી શકાય એમ છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ કામને પ્રાથમિકતા આપવામાં આવે. મેં ગત વર્ષે પણ અને એના અગાઉના વર્ષે પણ રજૂઆત કરી હતી અને લોકોની પણ ખૂબ લાગણી છે જેથી વહેલી તકે આ કામ કરવામાં આવે. બીજી વાત કરું તો સ્ટેચ્યુ ઓફ યુનિટી વૈશ્વિક ઓળખ મેળવી ચૂક્યું છે ત્યારે અંદાજપત્રમાં આ વખતે રૂપિયા ૩૮૭ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ છે. જંગલ સફારી, વિશ્વ વન, આરોગ્ય વન આ તમામ પ્રકારની ત્યાં વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારે આપશ્રીના માધ્યમથી સરકારશ્રીને વિનંતી છે કે, દેશના હાલના વડાપ્રધાન જયારે સ્ટેચ્યુ ઓફ યુનિટીના ઉદઘાટન સમારંભમાં ત્યાં આવ્યા હતા ત્યારે તેમણે રાજા રજવાડાના શૌર્ય અને બલિદાન અને ત્યાગની વાત કરી હતી, તેમણે કહ્યું હતું કે " તેઓના ત્યાગ બલિદાનને ભૂલી શકાય એમ નથી. દેશ હિત માટે આ રજવાડાઓએ ભારત માતાના ચરણોમાં હસતા મુખે પોતાના રજવાડા અર્પણ કર્યા છે ત્યારે આ સ્થળ પર ૫૬૨

રજવાડાનું મ્યુઝિયમ બને એવું મારું સ્વપ્નું છે." એટલે કે માનનીય વડાપ્રધાનશ્રીનું સ્વપ્નું છે. આ શબ્દો આપણા દેશના હાલના વડાપ્રધાનશ્રીના હતા. મારી આપના માધ્યમથી ગુજરાતની સરકારને વિનંતી છે કે, આ દિશામાં આગળ વધે અને માનનીય વડાપ્રધાનશ્રીના રાજા રજવાડાના મ્યુઝિયમ બનાવવાના સ્વપ્નને સરકાર સાકાર કરે એવી મારી ભલામણ સહ વિનમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગમાં પણ આ વખતે લગભગ ૭૦૧૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે, ગુજરાત સમગ્ર દેશમાં બેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન બન્યું છે એવો ઉલ્લેખ આ અંદાજપત્રમાં કરવામાં આવ્યો છે પરંતુ મારા મત વિસ્તારની વાત કરું તો જે ઇન્ડસ્ટ્રીઓએ ત્યાં રોકાણ કર્યું છે. તેઓની પરિસ્થિતિ હાલમાં સારી નથી. અમારે ત્યાં પાદરા પોલિસીની જે સિસ્ટમ બનાવવામાં આવી છે એટલે ઘણી ઇન્ડસ્ટ્રીઝવાળાએ ત્યાં રોકાણ કર્યું છે. ઘણી ઇન્ડસ્ટ્રીઝવાળાએ તો ત્યાં પ્લાન્ટ પણ ઉભા કર્યા છે પણ પાદરા પોલિસી હેઠળ એને પરમિશન આપવામાં આવતી નથી. મારા વિસ્તારમાં ઘણી ફેક્ટરીઓ છે એને કારણે યુવાનો નોકરી માટે આવતા હોય છે. અહીં જે પણ ધારાસભ્યશ્રીઓ છે એમના પોતાના વિસ્તારમાં ફેક્ટરીઓ હશે એમને સારી રીતે આ યુવાનોની વ્યથા ખબર હશે કે રોજ નોકરી માટે આવતા હોય તો આપ શું જવાબ આપી શકશો. પ્રશ્ન ઝોન-ફ્રીનો છે. ડાઇઝ ઉદ્યોગવાળા છે એને કારણે પાદરા પોલિસી નામની પોલિસી પાદરાને ભેટમાં મળી છે જે લોકોને કારણે ડાઇઝ ઇન્ડસ્ટ્રીવાળાઓ માટે ભૂગર્ભ જળની વ્યવસ્થા કરી છે. બીજી બધી ઇન્ડસ્ટ્રીઝવાળાઓને એટલો બધો પ્રોબ્લેમ નથી. એમ છતાં પણ એવી ઇન્ડસ્ટ્રીવાળાઓને પરમિશન આપવામાં આવતી નથી. ખરેખર તો ઝોન-ફ્રીમાં જે ડાઇઝ ઉદ્યોગો છે તેવા લોકો સામે કડકમાં કડક કાર્યવાહી કરવી જોઇએ. રોજગારીની સમસ્યા છે. સરકારશ્રી આ બાબતે કંઇક ઘટતું કરે અને રોજગારીમાં વધારો થાય એવી મારી આપશ્રીના માધ્યમથી સરકારશ્રીને વિનંતી છે. પવિત્ર યાત્રાધામ માટે પણ સરકારશ્રીએ ૧૪૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

શ્રી લાખાભાઇ સાગઠિયા(રાજકોટ-ગ્રામ્ય): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે તેમને અભિનંદન પાઠવું છું અને મારા વિચારો રજૂ કરું છું. ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન વિશેની હું વાત કરું તો એમને પણ વિદેશ અભ્યાસ કરવા માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે લોન અને શિષ્યવૃત્તિ આપી અને વિદેશમાં મોકલ્યા હતા આ બાબતને લક્ષમાં લઇને અમારી ભા.જ.પ.ની સરકારે વિદેશ અભ્યાસ લોન માટેની યોજના દાખલ કરી છે અને અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ વિદેશમાં જઇને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આર્થિક મુંઝવણ અનુભવતા હતા અને વિદેશમાં અભ્યાસ માટેનો ખર્ચ, રહેવા, જમવાનો ખર્ચ આ બધા માટે સગવડ કરવી એ ખૂબ મુશ્કેલ હતી. ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂઆતમાં સન ૧૯૯૮-૯૯માં ૫ લાખ રૂપિયા માત્ર ચાર ટકાના વ્યાજ દરે લોન આપવાનું નક્કી કર્યું, તેમાં બમણો વધારો કરીને દસ લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું અને વર્ષ ૨૦૧૪-૧૫માં તેમાં પણ વધારો કરીને ૧૫ લાખ રૂપિયા કરવામાં આવ્યા છે. છેલ્લાં દસ વરસમાં ૧૪૬.૦૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને અને ૧૧૨૦ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટેની લોન આપવામાં આવી છે. વિદેશ અભ્યાસ લોન યોજના માટે ચાલુ વરસે આ ૨૦૨૦-૨૧ના બજેટમાં જે ચાળીસ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા કુમાર અને ધોરણ ૧ થી ૫ ની કન્યાઓને રૂપિયા ૫૦૦ તથા ધોરણ ૬ થી ૮ ની કન્યાઓએ રૂપિયા ૭૫૦ની શિષ્યવૃત્તિ માટે અને આ તમામ વિદ્યાર્થીઓને રૂપિયા ૬૦૦ ગણવેશ સહાય આપવાની શરૂઆત કરવામાં આવેલ છે. આ વર્ષે બજેટમાં રૂપિયા ૧૩ કરોડની પણ જોગવાઇ કરવામાં આવેલી છે તેમાં માનનીય નીતિનભાઇ પટેલને પણ હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને ભોજન બિલ પેટે માસિક ૧૨૦૦ રૂપિયા સહાય આપવામાં આવતી હતી તેમાં વધારો કરી અને ૧૫૦૦ રૂપિયા કરવામાં આવેલી છે જે પેટે પણ રૂપિયા ૨૧ કરોડની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વામિ વિવેકાનંદ સમરસ હોસ્ટેલની જો હું વાત કરું તો ગુજરાતના વિકાસ પુરુષ અને તત્કાલિન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કે જેઓ સ્વામિ વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતીના ભાગરૂપે સમરસ છાત્રાલયો બાંધવાનો એક ઉમદા અભિગમ દાખવ્યો હતો. આ અભિગમ મુજબ રાજયની તમામ યુનિવર્સિટીના કેમ્પસમાં રહેવા, જમવા અને અદ્યતન સગવડવાળા જેમા ઉત્તમ પ્રકારની લાયબ્રેરી હોય, કોમ્યુનિટી હોલ હોય, પ્રાર્થના ખંડ હોય તેવા દસ દસ માળની હોસ્ટેલો બાંધવા અને આ હોસ્ટેલોમાં સામાજિક અને સમરસતા ભાગરૂપે અનુસૂચિત જાતિ, આદિજાતિ, બક્ષીપંચ અને અન્ય વર્ગના વિદ્યાર્થીઓ એક સાથે રહી શકે તે માટે આ સમરસ હોસ્ટેલના બાંધકામ માટે રાજય સરકારે પ્રથમ તબક્કે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર ખાતે ૧૦૦૦ કુમાર અને ૧૦૦૦ કન્યા અને આણંદ ખાતે ૨૫૦ કુમાર અને ૨૫૦ કન્યા તેમ મળીને કુલ ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૬૬૪.૨૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે અને આ ૧૨ છાત્રાલયો ઓક્ટોબર, ૨૦૧૬થી શરૂ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા તબક્કામાં જામનગર, ભુજ, હિંમતનગરમાં વર્ષ ૨૦૧૯-૨૦થી ચાલુ કરવામાં આવેલ છે જેમાં ભુજ અને હિંમતનગર ખાતે ૨૫૦ કુમાર અને ૨૫૦ કન્યા તેમ જામનગર ખાતે ૫૦૦ કુમાર અને ૫૦૦ કન્યા એમ મળીને

હાલ ૧૨,૫૦૦ની ક્ષમતા જે વર્ષ ૨૦૧૯–૨૦માં ૧૭૨૫ અનુસૂચિત જાતિના અને ૩૮૫૧ અનુસૂચિત જનજાતિના અને ૫૨૭૨ ઓ.બી.સી. તથા આર્થિક રીતે પછાત વર્ગના ૯૮૦ મળીને કુલ–૧૧,૮૨૮ છાત્રોને પ્રવેશ આપવામાં આવેલ છે. હું વાત કરૂં કુંવરબાઇનું મામેરું કે જેમાં.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ આ બજેટ લઇને આવ્યા છે તેમાં હું તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી જે. વી. કાકડિયા(ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર વિધાનસભા ધારી આવેલ છે તે ગીરના જંગલના કાંઠા ઉપર આવેલો વિસ્તાર છે. જંગલમાં રહેતાં માલધારીઓને અત્યાર સુધી કોઇ પણ સુવિધા પ્રાપ્ત થતી નથી તેને શિક્ષણ મળતું નથી, તેને ઘરનું મકાન મળતું નથી, તેને લાઇટ મળતી નથી અને બીજી કોઇ પણ સુવિધા મળતી નથી ત્યારે મારી એક વિનંતી છે કે સ્પેશિયલ ગ્રાન્ટ ફાળવી અને આ જંગલના લોકોને સુવિધા પ્રાપ્ત થાય એના માટે કંઇક વ્યવસ્થા ગોઠવવા શ્રી નીતિનભાઇને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જંગલમાંથી જે સિંહ બહાર આવ્યા છે તેના માટે સિંહોનો એક પાર્ક બનાવી અથવા જંગલમાં કોઇ પણ પ્રકારની વ્યવસ્થા કરવા માટે વનમંત્રીશ્રીને ભલામણ કરું છું કે વનમંત્રીશ્રી આમાં થોડુંક અંગત ધ્યાન આપે કારણ કે સિંહ જંગલની બહાર જતાં રહેતાં હોવાથી લોકોને ઘણી મુશ્કેલી છે અને આ મુશ્કેલી દૂર કરવા માટે અને તેના માટે બજેટમાં કોઇ પણ વ્યવસ્થા કરવા માટે વનમંત્રીશ્રીને એક વિનંતી કરું છું. (અંતરાય) મારા વિસ્તારમાં ઇકો ઝોન જાહેર કરેલ છે. ઇકો ઝોન જાહેર કરવાથી કોઇ પણ પ્રકારની બાંધકામની મંજૂરી મળતી નથી.

અધ્યક્ષશ્રી : સિંહો જ બહાર આવે.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ પ્રકારની હોટલની મંજૂરી કે જીઆઇડીસીની મંજૂરી મળતી નથી ત્યારે ઇકો ઝોન રદ થાય તો વધારે સારું પણ રદ ન થાય તો તેના નિયમો હળવા કરવા માટે ગૃહને વિનંતી કરું છું. સિંહ દર્શન માટે આંબરડી પાર્ક બનાવવામાં આવેલ છે. આ આંબરડી પાર્ક બનાવવામાં આવેલ છે ત્યાં સિંહ દર્શન માટે અસંખ્ય પ્રવાસીઓ આવે છે. સિંહ એ ગુજરાતનું ગૌરવ છે. આ આંબરડી પાર્ક સિંહ દર્શન માટે બનાવવામાં આવ્યો છે તેમાં કોઇ પણ પ્રકારની સુવિધા નથી, હોટલ કે રેસ્ટોરન્ટ નથી, રહેવા માટેની કોઇ વ્યવસ્થા નથી. પ્રવાસીઓને બેસવા માટે પાંચ બાંકડાની વ્યવસ્થા પણ વન વિભાગે કરી નથી ત્યારે વન વિભાગને વિનંતી કરું છું કે કોઇ પણ પ્રકારની ગ્રાન્ટ ત્યાં ફાળવે, લાખો રૂપિયાનું ત્યાં હૂંડિયામણ આવે છે, ટિકિટ રાખવામાં આવેલ છે, મારા ધારવા પ્રમાણે ૧ કરોડ રૂપિયા કરતાં વધારે આવક થાય છે ત્યારે આ વિસ્તારમાં આંબરડી પાર્કમાં સુવિધા આપવા માટે હું વન વિભાગના મંત્રીશ્રીને વિનંતી કરું છું.

મારો વિસ્તાર એ ખેતી અને બાગાયત આધારિત વિસ્તાર છે. ત્યાં ખેડૂતોના ખેતીના રક્ષણ માટે નેટ અને વાયર ફેન્સીંગની ખાસ જરૂરીયાત છે. વ્યકિતગત યોજના લાવવા માટે અનેકવાર શ્રી નીતિનકાકાને પણ કહેલું છે, શ્રી નીતિનકાકા, આ વ્યકિતગત યોજના અમારા ખેડૂતો માટે લાવો તો લાભ લઇ શકે. એક પણ ખેડૂતને આ યોજનાનો લાભ મળતો નથી ત્યારે વિનંતી કરું છું કે આ યોજનાનો લાભ ખેડૂતોને મળે અને ૯૦ ટકા સબસિડી મળે. જી.એલ.ડી.સી. બંધ થતાં ખેડૂતોના ખેતરોમાં પાણીના ટાંકા બનાવતા હતા તે છેલ્લા એક વર્ષથી બંધ છે એ પાણીના ટાંકા વહેલી તકે ચાલુ થાય. કોઇ પણ ડિપાર્ટમેન્ટને સોંપીને ખેડૂતોને ખેતરમાં પાણીના ટાંકા બનાવવામાં આવે એની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે.

દિપડા માટે મારો અને શ્રી હર્ષદભાઇનો સંયુકત પ્રશ્ન છે. દિપડા અમારા ખેડૂતો અને મજૂરોને ખૂબ જ હેરાન કરે છે. આ દિપડા માટે અલગ પાર્ક બનાવવા માટે અમે જમીન પણ ફાળવી આપી છે ત્યારે દિપડા માટે અલગ પાર્ક બનાવવા માટે વિનંતી કરીએ છીએ આ પાર્ક બનાવવો ખૂબ જ જરૂરી છે. અમારા વિસ્તારમાં આ દિપડાના કારણે મજૂરો કે ખેડૂતો રહી શકે તેમ નથી. દિપડા અને સિંહની સંખ્યા પણ વધારે છે. દિપડા અને સિંહની જે સંખ્યાઓ આપી છે એ સંખ્યાઓના આંકડા પણ * (xxx) છે. બે જગ્યાએ પાંચસો–પાંચસો ઉપરના આંકડા હોવા છતાં ૩૫૦ નો આંકડો બતાવેલો છે.

અધ્યક્ષશ્રી : આંકડા * (xxx) છે એમ નહીં, આંકડા સાચા નથી.

શ્રી જે. વી. કાકડિયા : કાંઇ વાંધો નહીં, સાચા નથી. માનનીય નીતિનભાઇને વિનંતી કરું છું કે, મારો વિસ્તાર એ કેન્દ્રના મિનિસ્ટર શ્રી રૂપાલા સાહેબનો અને વિરોધપક્ષના નેતાશ્રીનો પણ અમરેલી જિલ્લો વિસ્તાર છે ત્યારે ધંધુકા–વલ્લભીપુરથી અમરેલી ફોર લેન્ડ રોડ મંજૂર કરો તેવી આપને વિનંતી કરું છું. આ બધા નેતાઓ અમારા વિસ્તારના છે. એટલે મોટું મન રાખી અમારું એક કામ કરો. મારા વિસ્તારના ધારી, બગસરા અને ખાંભા વિસ્તારમાં સ્ટેટ રોડ જેટલા આવેલા છે તે તદ્દન ભયંકર બિસ્માર સ્થિતિમાં છે એ રોડના રિપેરીંગ માટે કે રિસર્ફેશ કરવા માટે ગ્રાન્ટની વ્યવસ્થા કરવા માટે પણ વિનંતી કરું છું. મારો વિસ્તાર ધારી–બગસાર અને ખાંભા એ ખડકાળ અને ડુંગરાળ વિસ્તાર છે. આ વિસ્તારમાં પાણીના સ્ત્રોત માટે યોજનાઓ થઇ શકે તેમ છે, ચેકડેમો અને બંધારાઓ થઇ શકે તેમ છે તો માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી કરું છું કે અમારા વિસ્તારમાં એક–બે ડેમ આપે અને ખેડૂતોને ન્યાય મળે તેવી વ્યવસ્થા ગોઠવે તેના માટે વિનંતી કરું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મારા વિસ્તાર માટે કાલે જ શ્રી કુંવરજીભાઇને મળ્યો હતો કે આખા ગુજરાતમાં નર્મદાનું પાણી મળ્યું છે જયારે મારા વિસ્તારમાં ધારી તાલુકામાં એક ટીપું પાણી પણ મળ્યું નથી એના માટે વ્યવસ્થા કરવા વિનંતી કરું છું. અમારા ધારી તાલુકામાં નર્મદાનું પાણી મળે એના માટે તાત્કાલિક વ્યવસ્થા કરો. આજ દિન સુધી અમે નર્મદાના પાણીથી વંચિત છીએ, ત્યારે એના માટે વ્યવસ્થા કરવા માટે ધ્યાન દોરું છું. મારો વિસ્તાર ખૂબ પછાત વિસ્તાર છે, ત્રણ તાલુકા છે ત્યાં જીઆઇડીસી કે ઉદ્યોગ માટે કોઇ વ્યવસ્થા નથી. એટલા માટે ઉદ્યોગ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આના માટે કોઇ વ્યવસ્થા કરવામાં આવે. ધારી–બગસરા અને ખાંભા વિસ્તારમાં કોઇ પણ પ્રકારની કોલેજો, ગ્રાન્ટેડ કોલેજો અને સ્કૂલો નથી એના માટે મારા ત્રણ તાલુકામાં વ્યવસ્થા કરવા માટે વિનંતી કરું છું.

અમારા ધારી શહેરમાં ગ્રામ પંચાયત છે. અમારે ત્યાં સીટી વિસ્તાર આવે છે એમાં ધારી ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકામાં રૂપાંતરીત કરવા માટે શ્રી નીતિનકાકા, તમને વિનંતી કરું છું. અમારા જે કાંઇ કામ છે અને બજેટ ફાળવી અને યોગ્ય કરવા માટે આપને વિનંતી કરું છું.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે આ બજેટ લઇને આવ્યા છે, તેને હું ખૂબ ધન્યવાદ આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર નર્મદા યોજના બહુહેતુક તથા ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની આંતર રાજય યોજના છે. એમાં ૧૭ જિલ્લા તેના ૭૭ તાલુકા અને ૩૧૭૭ ગામો અને ૧૮.૫૫ લાખ હેકટર વિસ્તારમાં નર્મદાનું સિંચાઇનું પાણી પુરું પાડવાનું આયોજન છે. ગુજરાતના ૯૪૯૦ ગામડાં અને ૧૭૩ શહેરી નગરપાલિકાઓને વપરાશ માટે પીવાનું પાણી પૂરું પાડવા માટે આવનાર છે. સિંચાઇ વિસ્તારના ૭૫ ટકા જેટલા વિસ્તારને આ યોજનાનો લાભ મળશે. સૌરાષ્ટ્ર વિસ્તારને સિંચાઇની સુવિધા પૂરી પાડવા માટે કડી નજીક નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૨૬૩.૨૦ કિલોમીટર સૌરાષ્ટ્ર કાંઠાની નહેર નીકળે છે જેની કુલ ૧૦૪.૪૬ કિલોમીટર લંબાઇ સૌરાષ્ટ્ર શાખાની સૌથી મોટી શાખા નહેર છે. જેની વહન ક્ષમતા ૧૫૦૦૦ કયુસેક છે. સૌરાષ્ટ્ર શાખા નહેરની શરુઆતની લંબાઇમાં આવતા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ નીચે ઉતરતો ઢોળાવ છે જેની પાછળના ભાગમાં હાઇડ્રો પાવર સ્ટેશન સ્થાપી તેના ઉપર વીજળી ઉત્પન્ન કરવાનું આયોજન છે. શાખા નહેરની પાછળનો ભાગ જયાંથી આ વિસ્તારને પાણી આપવાનું આયોજન છે તે ભાગ ઉંચાઇ પર હોઇ આ વિસ્તારોને પાણી આપવાની જુદી જુદી પાંચ જગ્યાએથી પંપીંગ સ્ટેશનો બાંધવામાં આવેલ છે જેના થકી કુલ ૨૬૪ ફૂટ એટલે કે અંદાજે વીસ માળ કરતા વધુ ઉંચાઇના મકાન જેટલી ઉંચાઇ જેટલી ઉંચાઇએ ઉદવહન કરી પાણી પંહોંચાડવામાં આવી રહ્યું છે. સૌરાષ્ટ્ર શાખામાંથી નીકળતી છ પેટા શાખા જે નહેરને માળીયા, વલ્લભીપુર, લીંબડી, ધ્રાંગધ્રા, મોરબી અને બોટાદથી અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ–ભાવનગર અને મોરબી જિલ્લાના ઓગણીસ તાલુકા, કુલ ૫૭૪ ગામ અને ૪ લાખ ૯૭ હજાર ૪૬૨ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે. આ શાખા નહેરની કુલ લંબાઇના ૭૨૮.૪૧ કિલોમીટરના કામો પૂર્ણ કરી તેના છેવાડા સુધી પાણી વહેડાવવામાં આવેલ છે. વિતરણ વ્યવસ્થા નહેરના ૭૪.૯૭ ટકાથી વધુ કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને બાકીના વર્ષ ૨૦૨૦–૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. સૌરાષ્ટ્ર વિસ્તારનો લાભાર્થી વિસ્તાર ૪,૯૭,૪૬૨ હેકટર પૈકીની ૪,૩૫,૮૨૯ હેકટર વિસ્તારમાં માઇનોર શાખા વિકસીત કરવામાં આવેલ છે. આ માઇનોર શાખા સુધી ૪,૦૮,૪૫૩ હેકટર જેટલી પૂર્ણ કરવામાં આવેલ છે. વિ–શાખા દ્વારા નર્મદાના પિયત વિસ્તાર માટે કરવામાં આવેલ સરવે મુજબ જાન્યુઆરી ૨૦૨૦ના અહેવાલ મુજબ સૌરાષ્ટ્રના ૩,૨૫,૧૯૦ વિસ્તારમાં રવી સિંચાઇ થયેલ છે. સૌરાષ્ટ્રને પાણીનું ઉદવહન કરવા માટે તમામ પાંચ પંપીંગ સ્ટેશનોના કામો પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ છે અને સિંચાઇ માટેની જરૂરિયાત અને વધારાનું એક મિલીયન ફૂટ પાણી સૌરાષ્ટ્રને પહોંચાડવા માટે તમામ પાંચ પંપીંગ સ્ટેશન મારફત ઉદવહનથી પહોંચાડવા માટે રૂ.૧ કરોડ ૧૫ લાખ, અને રૂપિયા ૧૫.૨૧ કરોડના કામો પ્રગતિ હેઠળ છે. આ કામો પૂર્ણ કરી પંપીંગ કરવામાં આવશે. ચોમાસા દરમિયાન સરદાર સરોવર ડેમમાંથી વહી જતા વધારાના પાણીને નહેર વડે એક મિલીયન એકર ફીટ પાણી ૪,૦૩,૫૬૦ મિલીયન ઘન ફૂટ પાણી સૌરાષ્ટ્ર વિસ્તારને ફાળવવામાં આવેલ છે. સૌરાષ્ટ્ર વિસ્તારની વિકટ પાણીની સમસ્યા ઉકેલવા માટે ગુજરાત સરકારની મહત્વની યોજના સૌની યોજના એટલે કે સૌરાષ્ટ્રમાં નર્મદા અવતરણ સિંચાઇ યોજનાનું વર્ષ ૨૦૧૩–૧૪માં ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું અને નર્મદાના પાણીને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સૌરાષ્ટ્ર વિસ્તારની નદીઓ અને ડેમો સુધી ૪ લીંક દ્વારા પાણી પહોંચાડવાની આ યોજના થકી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જિલ્લાઓના ૧૧૫ જળાશયોમાં પાણી આપવાનું આયોજન કરેલ છે જેના દ્વારા ૮.૨૫ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇની સુવિધા ઉભી થશે.

શ્રી સૌરભ પટેલ(ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

હું સન ૧૯૯૮થી ધારાસભ્ય બન્યો છું ત્યારથી દર વર્ષે બજેટ આવે અને ચર્ચા થાય છે. આ પહેલી વખત એવો જોયો કે ત્રણ દિવસ આજે પૂરા થયા છે તેમ છતાં વિરોધપક્ષના નેતાશ્રીએ પોતાના વિચારો રજૂ કર્યા નથી. મોટા ભાગે વિરોધપક્ષના નેતાશ્રી ઓપનીંગ કરતા હોય છે. પહેલો દિવસ, બીજો દિવસ અને આજે ત્રીજો દિવસ પણ પૂરો થવા આવ્યો છે. મેં માનનીય અમરસિંહભાઇ, માનનીય શકિતસિંહભાઇ, માનનીય અર્જુનભાઇ અને માનનીય સિદ્ધાર્થભાઇ જયારે જયારે પ્રમુખ

તરીકે હતા ત્યારે એમણે પણ ચર્ચામાં ભાગ લીધો છે. જયારે માનનીય અમિતભાઇ ચાવડા અત્યારે પક્ષ પ્રમુખ છે તેઓએ પણ અંદાજપત્રની ચર્ચામાં પોતાના વિચારો રજૂ કર્યા નથી એનો અર્થ એવો થયો કે આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું છે એમાં કોઇ ટીકા કરવા માટે આપની પાસે મુદ્દો નથી એટલે ચર્ચામાં ભાગ લીધો નથી. માનનીય શૈલેષભાઇને જવાબદારી આપી છે ત્યારે એમણે જે વિષયો મૂકયા છે એની વાત કરું છું.

એમણે દેવાની વાત કરી કહ્યું કે ગુજરાતમાં દરેક નાગરિકના મથાદીઠ દેવું રૂપિયા ૪૮ હજાર કહ્યું જયારે ડો. સી. જે. ચાવડાએ એ દવું ૬૦ હજાર રૂપિયા કહ્યું તો કોણ સાચું અને કોણ ખોટું? સાચી વાત હું કહીશ કે એક પણ નાગરિકે ચિંતા કરવાની જરૂર નથી, આ સરકાર સક્ષમ છે. એક એક પૈસો દેવાનો કર્યો છે એ દવું આપણે આપણા વિકાસલક્ષી બજેટ દ્વારા જયારે જયારે દેવું આપવાનું આવે છે એ સમયસર અપાય છે. સન ૧૯૯૫માં ૧૨૯૯૯ કરોડ રૂપિયા હતું એ વધારી કેમ ન શકયા? કારણ એ હતું કે તે વખતની સરકાર સક્ષમ નહોતી કે દેવું મળી શકતું નહોતું હું એના પુરાવા આપીશ. આ સરકાર સક્ષમ છે એટલે એને દેવું મળે છે. પણ હું કહીશ કે દેવું લેવું ખોટુ નથી. દેવું જે લઇએ છીએ એ તમે પગારના ખર્ચ માટે લો છો કે વિકાસ માટે લો છો એ અગત્યની વાત છે. આ સરકાર દેવું લે છે એ વિકાસના કામો માટે લે છે એના કારણે જીડીપીના ગ્રોથ રેઇટમાં વધારો થયો છે. પહેલા દેશના જુદા જુદા રાજયો ગમે ત્યારે દેવું લેતા હતા એટલે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૩માં ફાઇનાન્સ કમિશને નિયમો બનાવ્યા કે આનાથી વધારે દેવું મળશે નહિ. એના માટે ત્રણ નિયમો બનાવ્યા તમારું જેટલું જી.એસ.ડી.પી. રાજયનું હોય એનાથી ૨૭.૧ ટકાથી વધારે મળે નહિ. બીજું, તેમાં ફિસકલ ડેફિસિટ ૩ ટકાથી વધારે મળે નહિ અને ઝીરો ડેફિસિટ તમારે સરપ્લસમાં જવું પડે. દરેક દેવું લેવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવી પડે છે. કેન્દ્ર સરકારની ગાઇડ લાઇન પ્રમાણે આર.બી.આઇ. દેવા માટે ઓકશન કરે છે જેને દેવું કરવું હોય એ આવે છે. આપણે કહીએ કે પાંચ વર્ષનો ઇન્સ્ટોલમેન્ટ જોઇએ ૧૦ વર્ષ કે ૧૫ વર્ષનું જોઇએ એ પાંચ વર્ષના ૫૦૦ કરોડ રૂપિયા ઓકશનમાં મૂકે અને એના કારણે લોકો આવે અને એ પૈસા આપણને મળે છે એટલે આ બધી પ્રોસેસ છે એ આપણે વર્ષોથી કરીએ છીએ. દેવામાં ૨૭.૧ ટકા જી.એસ.ડી.પીની જગ્યાએ આપણો ૧૬.૦૯ ટકા છે. ફિસકલ ડેફિસિટ ૩ ટકાની જગ્યાએ ૧.૭૬ ટકા છે અને છેલ્લા આઠ વર્ષથી આપણે રેવન્યુ સરપ્લસ આપીએ છીએ. એના કારણે સક્ષમ છીએ એના લીધે આપણને દેવું મળે છે. કોઇપણ વખતે એક પૈસાનો ડિફોલ્ટ આપણે કર્યો નથી અને છેલ્લા સોળ વર્ષથી આપણે કોઇ ઓવર ડ્રાફ્ટ નથી લીધો અને આપણું જે ઇન્ટરેસ્ટ પેમેન્ટ છે એ પણ દેવું આપી શકાય એટલી સક્ષમતા છે. ચોક્કસ પણે થોડી હું વિગતવાર વાત કરું તો વર્ષ ૨૦૦૪–૦૫માં ભૂકંપ થયો પછી ખૂબ મોટા પ્રમાણમાં દેવું લીધું અને એ દેવું ૨૮.૪૮ ટકા જી.એસ.ડી.પી. હતું. એ વખત આપણા રાજ્યની અંદર આટલું ઉંચું થયું. પછી ૨૮ના ૨૭, ૨૭ના ૨૫, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૨૦, ૧૮, ૧૭, ૧૬ અને આ વખતે ૧૫.૭૨ એટલે દર વર્ષે ઘટાડો કર્યો છે અને એ ૧૫.૭૨ ઓફ જી.એસ.ડી.પી. એ આજનો આપણો સ્કોર છે. એટલે આપણે ૨૭.૧ ટકાથી ઘણું ઘણું ઓછું છે.

બીજું, cause of debt, કેટલા ટકાએ વ્યાજ લઇએ છીએ એ છે? પાંચ વર્ષનું લો, દસ વર્ષનું લો એટલે સ્વાભાવિક છે કે એ એમાં એવરેજમાં આવે. આજની તારીખમાં વર્ષ ૨૦૦૧–૦૨ની અંદર ૧૩.૫૦ ટકા હતું. એ ૧૩.૫૦ ટકા કેમ હતું ? કે આગલી સરકારોએ જે દેવું લીધું હતું એ એવરેજ ૧૩.૫૦ ટકા હતું. એ ૧૩.૫૦ ટકા ઘટાડી, ઘટાડી, ઘટાડી ૧૨, ૧૦, ૯.૪૧, ૯.૧૮, ૮.૯૧ એટલે દર વર્ષે, આજે ૮.૪૭ ટકા આપણું એવરેજ દેવું આવ્યું છે. એટલે એ એવરેજ ૮.૪૭ ટકા અને આજની તારીખમાં હું તમને કહું છું કે, ગુજરાત ૫૦૦/– કરોડ રૂપિયા માગે, રાજસ્થાન ૮,૫૦૦/– કરોડ રૂપિયા માગે, મધ્યપ્રદેશ ૫૦૦/– કરોડ રૂપિયા માગે. ત્રણેય પાંચ વર્ષનું મૂકે, ત્રણેયના ઓકશન એક દિવસે થાય. હું ગેરંટી સાથે કહું છું, ચેલેન્જ સાથે કહું છું કે આપણી ટકાવારી ઓછી આવશે, આપણને સસ્તુ આપશે. કારણ કે, આપણી સક્ષમતા વધારે છે. એટલે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. દરેક રીતથી તમે જુઓ, દેવું ભરવાની તાકાત પણ જોઇએ એની અંદર મેં આપને કહ્યું કે, વર્ષ ૨૦૦૪–૦૫ની અંદર આપણે વધારે થયું તો આપણી પોતાની જે આવક હતી, જે રેવન્યુ રિસિપ્ટ હતા એના ૨૧ ટકા આપણે વ્યાજ પેટે આપતા હતા અને એ ઘટાડી, ઘટાડી આજે એ ૧૩ ટકા ઉપર આવી ગયું છે. એટલે આપણી આવકમાંથી આપણે જે વ્યાજ ચૂકવીએ છીએ એનું પ્રમાણ પણ દિવસે દિવસે ઘટતું જાય છે. એટલે ગુજરાતની નાણાં વિભાગની જે શિસ્ત છે એની સામે બીજા રાજ્યો કોઇ આપણી નજીકમાં આવી શકતા નથી.

કોંગ્રેસના સમયની હું વાત કરું, નર્મદાના પૈસા લેવા નિકળ્યા હતા (અંતરાય) નહીં, વર્ષ ૧૯૯૫ની એમણે વાત કરી એટલે હું વાત કરું છું, આ સાંભળવા જેવો વિષય છે અને વર્ષ ૧૯૯૫ના વિષયની અંદર વર્લ્ડ બેન્ક પાસે જવું પડ્યું હતું. ૨૦૦/– મિલિયન ડોલર લેવા માટે ગયા હતા. (અંતરાય) અને મારે એક ખાસ વાત કરવી છે કે, કેટલા મોંઘા વ્યાજ દરે એ લોકો લાવ્યા હતા. વર્ષ ૧૯૯૩માં નર્મદા નિગમે ૨૫૬/– કરોડ રૂપિયા કોંગ્રેસની સરકાર વખતે લીધા અને એ વીસ વર્ષના લીધા અને કેટલા વ્યાજે ? ૧૮.૯૨ ટકા. ૧૮.૯૨ ટકાએ ડિપ ડિસ્કાઉન્ટ બોન્ડ લીધા. આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ નક્કી કર્યું કે, ના, આ પૈસા આટલા ૧૮ ટકાએ ના પોષાય એટલે વર્ષ ૨૦૦૮ની અંદર કાયદો લાવ્યા, એ રિડમ્પ કર્યું. તમારા જે ૨૫૩/– કરોડ રૂપિયા, એ ૩,૩૪૬/– કરોડ રૂપિયા આપી, ૪,૦૦૦/– કરોડ રૂપિયા રાજ્ય સરકારની તિજોરીમાં બચ્યા.

એટલે આ સક્ષમ ગુજરાત, આ ભરેલી તિજોરીવાળું ગુજરાત, ખાલીખમ ગુજરાત નહીં, તમે સમજ્યા? એ તમારું ખાલીખમ હતું એટલે તકલીફ પડી. ઉત્તમથી સર્વોત્તમ બજેટ, કેવી રીતે ? તમારા વર્ષ ૧૯૯૫–૯૬માં રૂપિયા ૧૧,૦૦૦ હજાર કરોડ એની સામે રૂપિયા ૨ લાખ, ૧૭ હજાર કરોડ. હવે એ ૨ લાખ ૧૭ હજાર કરોડ રૂપિયા બજેટમાં વપરાય અને આપ કલ્પના કરો કે, ખાલી અમારું એગ્રીકલ્ચરનું આપણું બજેટ રૂપિયા ૭,૦૦૦ કરોડનું છે. વોટર રિસોર્સીસ, પાણીનું રૂપિયા ૭,૧૫૭ કરોડ, નર્મદા રૂપિયા ૬,૫૯૫ કરોડ, એજ્યુકેશન ૩૦,૦૦૦ કરોડ રૂપિયા. તમારા વર્ષ ૧૯૯૫ના રૂપિયા ૧૧,૦૦૦ કરોડથી ત્રણ ગણું બજેટ તો અમારા એજ્યુકેશન વિભાગનું છે. હેલ્થ રૂપિયા ૧૦,૮૦૦ કરોડ, અર્બન ડેવલપમેન્ટ રૂપિયા ૧૩,૧૪૯ કરોડ, આર. એન્ડ બી. રૂપિયા ૧૦,૦૫૮ કરોડ, એનર્જી રૂપિયા ૧૩,૦૦૦ કરોડ. આ પ્રમાણે આપણાં નાણાં મંત્રીશ્રી રૂ. ૨,૧૭,૦૦૦ કરોડનું બજેટ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇએ વાત કરી રાજ્યમાં વિકાસલક્ષી ખર્ચ તથા બિનવિકાસલક્ષી ખર્ચ બન્નેનું પ્રમાણ આજની તારીખમાં એક સમાન લાગે છે. એક સમાન નથી. મારે આપને એટલું કહેવું છે કે વર્ષ ૨૦૧૮–૧૯માં ડેવલપમેન્ટ ખર્ચ રૂ.૧,૧૨,૦૦૦ કરોડ છે અને નોન ડેવલપમેન્ટ ખર્ચ રૂ. ૬૫,૬૦૧ કરોડ છે. આટલો બન્ને વચ્ચે તફાવત છે. તેના કારણે આજે વિકાસલક્ષી ખર્ચ વધારે છે. આપણે જી.ડી.પી. ગ્રોથની વાત કરીએ. આમાંથી ઘણા બધાએ વાત કરી કે આપણો જી.ડી.પી. ગ્રોથ કેટલો છે. આપણો જી.ડી.પી. ગ્રોથ ૧૦.૭ ટકા છે. જે નેશનલ એવરેજ ૬.૧ ટકા છે. એટલે તમે કોઇ પણ રાજ્યની તુલના કરો. મધ્યપ્રદેશ ૭.૦૪, રાજસ્થાન ૬.૦૭, પંજાબ ૫.૯૮, છત્તીસગઢ ૬.૦૮. તેની સરખામણીમાં કોઇ પણ રાજ્ય જુઓ તો ગુજરાતનો ૨ ટકા વધારે છે. ૨ ટકા વધારે હોવાના કારણે આપણો દેશની પ્રગતિમાં ખૂબ મોટો હિસ્સો છે. દરેક રાજ્ય ઇચ્છતું હોય કે અમારી આવક અને જાવકમાં તફાવત હોય. આપણે કેટલા શિસ્તબદ્ધ છીએ કે છેલ્લા આઠ વર્ષથી રેવન્યુ સરપ્લસવાળું બજેટ લાવીએ છીએ. એ રેવન્યુનો આંકડો પણ નાનો નહીં. એટલે ખર્ચ કરતા આવક વધારે. એવા આંકડા જે અમે હાઉસમાં મૂકીએ છીએ અને છેલ્લે જ્યારે ફાઇનલ થાય છે તો હાઉસ કરતા ફાઇનલ આંકડો મોટો થાય છે. તમે જુઓ, વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૩,૨૦૦ કરોડ, વર્ષ ૨૦૧૨–૧૩માં રૂપિયા ૫,૫૦૦ કરોડ, વર્ષ ૨૦૧૩માં રૂપિયા ૪,૭૦૦ કરોડ, રૂપિયા ૫,૩૨૬ કરોડ, રૂપિયા ૫,૯૨૪ કરોડ, રૂપિયા ૫,૨૩૨ કરોડ. આ આંકડા શું બતાવે છે? આ ખૂબ સારી રીતથી આપણે આવક ઉભી કરીએ છીએ. એટલે જેમ હમણાં કહ્યું કે બિલીયા રાજ્ય બની ગયું છે. એવું નથી. આ તિજોરી ભરવાવાળું રાજ્ય છે અને અમે લોકો એટલે રેવન્યુ સરપ્લસ થઇએ છીએ. એવી રીતે ફિસ્કલ ડેફિસીટ આંકડા ગણો, ગમે તે આંકડા ગણો. થોડા રાજ્યો સાથેની સરખામણી આપું તો તમને ખબર પડશે. મહારાષ્ટ્ર આ વર્ષે બજેટ હાઉસમાં આપ્યું રૂપિયા ૧૯,૭૮૪ કરોડ માઇનસ. રેવન્યુ ડેફિસીટ.(અંતરાય) નહીં, વારસામાં નથી મળ્યું. વર્ષ ૨૦૧૭–૧૮માં રૂપિયા ૨૦૮૩ કરોડ પ્લસ હતું. એ રૂપિયા ૨૦૮૩ કરોડનું સરપ્લસ બજેટ ૧૯,૦૦૦ કરોડ રૂપિયા રેવન્યુ નેગેટીવ. કેરાલા રૂપિયા ૧૩,૦૨૭ કરોડ, છત્તીસગઢ રૂપિયા ૬,૩૪૨ કરોડ, આટલા નેગેટીવ સ્ટેટ. વેસ્ટ બેંગાલ રૂપિયા ૧૧,૬૮૭ કરોડ, આ નેગેટીવ. હવે ફિસ્કલ ડેફિસીટની વાત કરીએ. આપણું ૧.૮ છે. કોઇ પણ નજીક નથી. મધ્યપ્રદેશ ૩.૫, ઓરિસ્સા ૩.૫, કેરાલા ૩, કર્ણાટક ૨.૫, છત્તીસગઢ ૩.૨. આ આપણી તાકાત છે. એટલે જ્યાં જ્યાં તમારી સરકાર બેઠી છે એ સરકારોની અંદર શિસ્ત જતી રહે છે. માત્ર અમે જ એક છીએ કે સંપૂર્ણપણે ૨૫ વર્ષથી શિસ્તપૂર્વક બજેટ આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પોતાની આવક ખૂબ અગત્યની છે. કેન્દ્રની આવક પર આધારિત નહીં. માનનીય સભ્યશ્રીએ મારું ખાલીખમ ગુજરાતની વાત કરી. મારે એટલું જ કહેવું છે, વર્ષ ૨૦૦૪–૦૫માં પોતાની આવક ૨૦ હજાર કરોડ રૂપિયા હતી. આ પોતાની આવકમાં વધારો રૂપિયા ૧,૪૯,૦૦૦ કર્યો છે. હું પૂરાવા સાથે કહું છું કે ટેક્સ વધાર્યા વગર કર્યો છે. આ અમારી સિદ્ધિ છે. આપને કદાચ કલ્પના પણ નહીં થાય કે તમારા સમયમાં જે ટેક્સ સ્ટ્રક્ચર હતું, વર્ષ ૧૯૯૫–૯૬માં તમે જ્યારે સરકાર છોડીને અમને આપી. ત્યારે સ્ટેમ્પ ડ્યૂટીનો દર ૧૦ થી ૧૪ ટકા હતા આજે અમે ઘટાડીને ૪.૯૦ ટકા લાવ્યા છીએ અને એ છતાંય સ્ટેમ્પની આવક એ લોકોના સમયમાં જયારે ૧૦ થી ૧૪ ટકા હતી ત્યારે ૩૫૫ કરોડ હતી. આ વર્ષે રૂપિયા ૮૭૦૦ કરોડ જેટલી છે. આ ટકા ઘટાડયા પછી પણ થયું. એ જ પ્રમાણે તમે ઇલેકટ્રીસીટી ડ્યૂટીનું જ ગણો તો રૂપિયા ૬૯૬ કરોડ હતી જે આ વખતે વધીને રૂપિયા ૮૭૦૦ કરોડ થઇ છે. પછી પણ સ્ટેમ્પ ડયૂટીની જેમ ઇલેકટ્રીકસીટી ડયૂટી ગામડાઓ માટે એ વખતે ૨૦ ટકા હતી પણ એ કયારે ૪૦ યુનિટ માસિકથી ઓછું વાપરો તો, ૪૦ યુનિટ માસિકથી વધારે વાપરો તો ૪૦ ટકા ઇલેકટ્રીસીટી ડ્યૂટી હતી. આજે આપણે ગામડાઓમાં ૭.૫ ટકા અને ઘરવપરાશ માટે શહેરોમાં ૧૫ ટકા આ ડ્યૂટીમાં ઘટાડો કર્યો છે. બીજું, ખેડૂતોની વાતો કરે છે ખેડૂતોમાં ૫ ટકા હતી એ આપણે શૂન્ય કરી, જે કોમર્શિયલ હતી, દુકાનો, પ્રોફેશનલો એ ૬૦ ટકા હતી અને એ ૬૦ ટકાનો ધીમે ધીમે ઘટાડો કર્યો અને શ્રી નીતિનભાઇએ આ વખતે ૨૫ ટકાથી ઘટાડીને ૩૦લાખ લોકોને લાભ આપ્યો. ૨૦થી ૩૩૦ કરોડ રૂપિયાની રાહત આપી. ૪ ટકા ટેકસ લેતા હતા. મને યાદ છે આદરણીય શ્રી વજુભાઇએ એક જ દિવસમાં આ વિધાનસભાની અંદર ૪ ટકા સેલ્સટેકસ લેતા હતા ઇલેકટ્રીસીટી ડ્યૂટી ઉપર એ નાબૂદ કર્યું એટલે એક પણ બિલ હોય એમાં તમારે ૪ ટકા ટેકસ ફરજિયાત ભરવો પડતો હતો એટલે નાણાં વિભાગને મારે અભિનંદન આપવા પડે. માનનીય બ્રિજેશભાઇથી માંડીને બધા મંદીની વાતો કરે છે. પેટ્રોલ, ડીઝલને કાઢી નાખો અને પેટ્રોલ ડીઝલ વગર

ગણો તો પણ આપણે ગઇ સાલની સરખામણીમાં માસિક જોઇએ તો કોઇક મહિનામાં ૮ ટકા, કોઇ મહિનામાં ૯ ટકા આપણે એવરેજ જોવા જઇએ તો ૧૦ થી ૧૦.૫ ટકાનો ગ્રોથ રેટ આવ્યો છે. મંથ ટુ મંથ એટલે ગયા ડિસેમ્બરથી આ ડિસેમ્બર, ગયા નવેમ્બરથી આ નવેમ્બર આ કેવી રીતે થયું? હું જી.એસ.ટી.ની વાત કરું છું. જી.એસ.ટી.માં દેવું નથી આવતું. આવક આવે. એક એક વિસ્તાર, એક એક ઉદ્યોગમાં અમારા નાણાં વિભાગે હોશિયારીપૂર્વક એના લુપોલ્સ હોય એ પ્લગીંગ કરવા માટે ખૂબ સારી મહેનત કરી છે અને એમાં અમને સફળતા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે પોતાની આવકમાં ખૂબ મોટો વધારો કર્યો, તમારા સમયમાં તમે રૂપિયા ૧૧૦૦૦ કરોડનું બજેટ આપતા હતા, એનું કારણ હતું કે તમારી આવક રૂપિયા આઠ હજાર કરોડની હતી, અમે અમારી પોતાની આવક રૂપિયા એક લાખ પાંચ હજાર કરોડ કરી છે અને એના કારણે આજે અમે રૂપિયા ૨ લાખ ૧૭ હજાર કરોડનું બજેટ આપી રહ્યા છીએ. સભ્યશ્રીઓને કદાચ ખ્યાલ નહીં હોય પણ સૌથી વધુ લાભ જો કોઇએ આપણને આપ્યો હોય તો કેન્દ્રએ આપ્યો છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ આપ્યો છે. એક ડીવીઝેબલ પુલ હોય છે. ડીવીઝેબલ પુલ એટલે શું? તો ડીવીઝેબલ પુલ એટલે આખા દેશની જેટલી આવક હોય એનો હિસ્સો રાજયોને આપવામાં આવે. વર્ષો સુધી ૩૦.૫૦ ટકા આપતા હતા. ૩૦.૫૦ ટકા એટલે રૂપિયા ૧૦ લાખ કરોડ હોય તો રૂપિયા ૧૦ લાખ કરોડમાંથી રૂપિયા ૩ લાખ કરોડ બધા રાજયોની અંદર વહેંચાય અને બાકીના ૭ લાખ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર પોતાના પગાર, પોતાના ડીફેન્સ, પોતાની યોજનાઓ વગેરે ખર્ચામાં વાપરે. વર્ષ ૨૦૧૨-૧૩ સુધી ૩૦.૫૦ ટકા હતું, વર્ષ ૨૦૧૩માં ૪૨ ટકા કર્યું, આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ વર્ષ ૨૦૧૪માં ૩૨નું ૪૨ કર્યું. દરેક રાજયોને ૧૦ ટકા હિસ્સો વધારે કર્યો જે હમણા જાહેર કર્યું એમાં ૪૧ કર્યું. દર વખત ગુજરાતને સવા બે ટકા મળે એટલે ૧૦૦ ટકા જે ડીવીઝેબલ પુલનો આંકડો હોય એ જે રૂપિયા દસ લાખ કરોડ હોય એમાંથી ૨.૮૨ મળે, ૨.૬૦ મળે, ૨.૭૦ મળે, જયારથી આ સ્થાપના થઇ ત્યારથી ક્યારેય વધ્યું નથી. આનંદનો વિષય છે કે વર્ષ ૨૦૧૪માં ૩.૦૮ કર્યું હતું અને હમણાં મહિના પહેલા જાહેર કર્યું એમાં ૩.૩૯ ટકા થયું. આપણો શેર વધ્યો. આપણો ગુજરાતનો શેર વધ્યો અને ૩.૩૯ ટકા થવાના કારણે આ પહેલા વર્ષે ૩૯ હજાર કરોડ રૂપિયા થયા. જો જૂના ૨.૮૨માં લીધા હોત તો રૂપિયા ૨૪,૧૯૫ કરોડ થયા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ દિલ્હી ગયા પછી ડીવેજીબલ પુલમાં આપણા શેરનો વધારો કર્યો. ગુજરાત સરકારને આ વર્ષ માટે ૪૯૪૪ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારમાંથી મળવાના છે. આ ગુજરાતના સપૂતે જઇને આપ્યા. એના કારણે ૪૯૪૪ કરોડ રૂપિયા આપણા શ્રી નીતિનભાઇ ગુજરાતના વિકાસ પાછળ ખર્ચ કરી શકશે. અમે ખર્ચ કરીએ છીએ. ગરીબો પાછળ પણ ખર્ચ કરીએ છીએ. સબસિડીની જરૂર પડી ત્યાં આપણે વધારી છે. એગ્રીકલ્ચર વિભાગની આ વર્ષે રૂપિયા ૨૦૮૨ કરોડની સબસિડી છે. વર્ષ ૨૦૧૦-૧૧માં રૂપિયા ૫૯૬ કરોડ હતી. ઉર્જા વિભાગની ખેડૂતોની સબસિડી છે એ વર્ષ ૨૦૧૦-૧૧માં રૂપિયા ૨૬,૩૫૫ કરોડ હતી એ આ વખતે રૂપિયા ૮ હજાર કરોડ ઉપરાંત બીજી સબસિડીઓ ગણીએ, પાણી પુરવઠા વગેરે તો બધી મળીને ૯૫૮૧ કરોડ રૂપિયા શ્રી નીતિનભાઇ સબસિડી પેટે આ વખતે અમારા વિભાગને આપશે. ફુડ અને સિવિલ સપ્લાય મારફત ગરીબોને કેન્દ્ર સરકારનું ઉપરાંત રૂપિયા ૬૦૬ કરોડ, ટ્રાન્સપોર્ટ મારફત રૂપિયા ૩૨૧ કરોડ, બીજા વિભાગોની સબસિડી રૂપિયા ૫૯૭૦ કરોડ એમ કુલ ૧૮,૫૬૦ કરોડ રૂપિયા એટલે રૂપિયા ૨ લાખ ૧૭ હજાર કરોડમાંથી ૧૮,૫૬૦ કરોડ રૂપિયા ગરીબોને જુદી જુદી સબસિડીઓ આ બજેટમાં આપવામાં આવી છે. જ્યારે શ્રી શૈલેષભાઇ બોલ્યા એટલે મને ઇચ્છા થઇ કે અમારા સરકારની ૨૫ વર્ષની કામગીરી અંગે કહે કે અમે કર્યું, અમે કર્યું છે એટલે ગૌરવ લઇએ છીએ. જ્યારે અમે સરકાર સંભાળી ત્યારે પર કેપિટા ઇન્કમ રૂપિયા ૧૩,૬૬૫ હતી જે આજે રૂપિયા ૧ લાખ ૯૭ હજાર ૪૪૭ કરી છે. માથાદીઠ આવક જી.એસ.ડી.પી. આખા રાજયની રૂપિયા ૧ લાખ ૧૭ હજાર ૮૮૬ કરોડ હતું એમાં આ વર્ષે રૂપિયા ૧૫ લાખ ૧ હજાર ૯૪૪ કરોડ રાજયનું જી.એસ.ડી.પી. થયું છે. આટલી પ્રગતિ રાજયે છેલ્લા ૨૫ વર્ષમાં કરી છે. વીજળીનું કન્ઝપ્શન વર્ષ ૧૯૯૫-૯૬માં ૬૯૩ યુનિટ હતું એ આજે ૨૨૦૮ યુનિટ આખા દેશમાં સૌથી વધુ વીજળીનું કન્ઝપ્શન ગુજરાતમાં છે. વિકાસલક્ષી ખર્ચ રૂપિયા ૭૬૬૫ હતો એ આજે રૂપિયા ૧ લાખ ૩૨ હજાર થયો છે. એગ્રીકલ્ચરની ઉપજ રૂપિયા ૧૩ હજાર કરોડ આવતી હતી એ ગયા વર્ષના આંકડા કહું તો ખરાબ સમય હતો છતાં રૂપિયા ૧ લાખ ૪૯ હજાર કરોડ આવ્યું. આ વખતે એના ઉપર ૧૦ ટકા ગ્રોથ આવે તો રૂપિયા ૧ લાખ ૭૦ હજાર સુધી પહોંચે એવો લક્ષ્યાંક છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની વાત કરી, ગામડાની વાત કરી. વર્ષ ૧૯૯૫-૯૬માં ધોરણ ૧ થી ૮માં ૫૧ ટકા છોકરાઓ સ્કૂલ છોડી જતા હતા. વર્ષ ૨૦૧૮-૧૯માં માત્ર ૪.૪૮ ટકાએ લાવ્યા છીએ અને એ માટે શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપીએ છીએ. એકે એક બાળકને શિક્ષણ મળે અને એ માટે અમે કન્યા કેળવણીથી માંડીને ગામડે-ગામડે જઇ દિકરીઓને ભણાવવાનું જે અભિયાન ઉપાડ્યું એના કારણે છે. ખેડૂતોની વાત કરીએ તો ૬૨ લાખ કોટનની ગાંસડીઓ વર્ષ ૨૦૧૮-૧૯માં આપણે ઉત્પાદન કરી શક્યા છીએ અને વર્ષ ૧૯૯૫-૯૬માં દૂધનું ઉત્પાદન ૪૬ લાખ મે.ટન હતું એ આ વર્ષે ૨૦૧૮-૧૯માં ૧૪૪ લાખ મે.ટન થયું છે. ત્રણ ગણું દૂધ ઉત્પાદન એટલે થયું છે. આપણે કૃષિ અને દૂધ ઉત્પાદનમાં જે ક્રાંતિ કરી છે. ગાયો-ભેંસો માટે લોન આપીએ છીએ અને આ વર્ષે બીજી જે સારી યોજનાઓ લાવ્યા છીએ એનાથી ઇલ્ડ પણ વધવાનું છે. વર્ષ ૧૯૯૫-૯૬માં વાહનો ૩૩.૭૮ ટકા આખા ગુજરાતના વાહનોની સંખ્યા હતી અત્યારે વાહનોની સંખ્યા કેટલી છે? ૨

કરોડ પર લાખ એટલે ૬ કરોડની જનતામાં ૪૫ ટકા લોકો પાસે વાહન છે એમ કહી શકાય. કોઇની પાસે સ્કૂટર હોય, હું આ રજિસ્ટર વાહનની વાત કરું છું એટલે આટલા વાહનો આપણે ત્યાં રજિસ્ટર થયા છે. નાના ઉદ્યોગોની વાત કરું. એટલે આવા અનેક અનેક વિષયોના કારણે આપણે ગૌરવ સાથે કહી શકીએ છીએ કે આપણે આ પ્રમાણે ખૂબ સારી રીતે પ્રગતિ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં મારે તો એટલું જ કહેવું છે કે, આદરણી પ્રધાનમંત્રીનું સ્વપ્નું છે ફાઇવ ટ્રીલીયન ઇકોનોમી અને ફાઇવ ટ્રીલીયન ઇકોનોમી માટે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ માસ્ટર પ્લાન બનાવ્યો છે. આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીની જુદી જુદી યોજનાઓ દ્વારા સંપૂર્ણપણે નાણાકીય લાભ કઇ રીતે મળે? એટલે આપણે નાના ઉદ્યોગો હોય, કૃષિ હોય, ઘર વપરાશની અંદર વીજળી હોય, દૂધ ઉત્પાદન હોય કે તમે કોઇ પણ ક્ષેત્ર લો અને છેલ્લે જિંગા ફાર્મિંગથી એટલે કોસ્ટલની અંદર એકેએક સેકટરને આપણે આગળ લાવી આપણા ગુજરાતની અંદર જી.ડી.પી.ના ગ્રોથની અંદર નેશનલ એવરેજથી ત્રણેક ટકા કેમ વધે? એટલે ફાઇવ ટ્રીલીયન ઇકોનોમીનું સ્વપ્નું આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ જે રોડ મેપ બનાવ્યો છે એમાં ગુજરાત કેવી રીતે આગળ વધે એના માટે આપણે ખૂબ સારી રીતથી આગળ વધી રહ્યાં છીએ અને ગુજરાતની પ્રગતિ દિવસેને દિવસે વધતી જવાની છે અને પર કેપિટા ઇન્કમ પણ વધે એ પ્રમાણેનો અમારો પ્રયાસ રહેશે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૨–૪૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક–૭૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |


| | | |
|---|---|---|
| અજમલજી ઠાકોર | ખેરાલુ બજાર સમિતિને પાયાની સગવડો ઉભી કરવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૧૮૯ |
| | પાટણ એ.આર.ટી.ઓ. ખાતે નવા નોંધાયેલ વાહનો | ૧૩૬ |
| | પાટણ જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ | ૨૫૦ |
| | બનાસકાંઠા જિલ્લાની શાળાના વર્ગોની મંજૂરી | ૨૯૬ |
| | મહેસાણા જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે મળેલ અરજીઓ | ૫૭ |
| | મહેસાણા જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૯૧ |
| | સતલાસણા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૩૩૧ |
| અજીતસિંહ ચૌહાણ | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૩૨૫ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ખેડૂત ખાતેદાર બનવા અંગેની ફરિયાદો | ૪૯૪ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મ | ૪૬૬ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ | ૩૪૪ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય/સબસિડીની અરજીઓ | ૧૯૯ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામા પાકના રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે સહાય | ૭૦ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં બાકી પાક વીમો | ૧૫૧ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વિભાગ હસ્તકની શાળાઓમાં મંજૂર મહેકમ | ૪૧૦ |
| | હીસાગર અને પંચમહાલ જિલ્લાની શાળામાં સિન્ટેક્ષના ઓરડાઓ | ૨૮૭ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને તાપી જિલ્લામાં વિભાગ હસ્તકની શાળાઓમાં મંજૂર મહેકમ | ૪૪૯ |
| | નવસારી અને ભરૂચ જિલ્લામાં આરટીઓ કચેરીનું મંજૂર મહેકમ | ૧૭૧ |
| | નવસારી અને ભરૂચ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૩૧૯ |
| | નવસારી અને ભરૂચ જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન | ૩૪૧ |
| | નવસારી અને ભરૂચ જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ | ૨૭૯ |
| | નવસારી અને ભરૂચ જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય/સબસિડીની અરજીઓ | ૧૦૦ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંની ફાળવણી | ૩૧ |
| | રાજ્યમાં બાંધકામ મજૂરોના વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૮૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૭ |
| અનિલ જોષિયારા | "જલ જીવન મિશન"અંતર્ગત "નલ સે જલ તક"અભિયાન સમય મર્યાદામાં પૂરું કરવા જરૂરી પગલાં | ૩૬૧ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૪૭ |
| | અરવલ્લી જિલ્લાના બોર્ડર વિલેજના ગામો માટે ગ્રાન્ટ | ૩૦૩ |
| | અરવલ્લી જિલ્લામાં પશુ ચિકિત્સકો–ડોક્ટરોનું મંજૂર મહેકમ | ૪૧૩ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૦ | ૫૦૭ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકાના ગામોને બોર્ડર વિલેજમાં સમાવવા બાબત | ૨૬૦ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં પીવાના પાણીની યોજના | ૪૯૪ |
| | હિંમતનગર તાલુકાના ગામોને ભિલોડા તાલુકામાં સમાવવા બાબત | ૪૬૭ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કાંટાળા તારની વાડ કરવાની આવેલ અરજીઓ | ૧૯૪ |
| | ખેડૂતોની જમીન સમતલ કરવાની કામગીરી | ૧૪૬ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આરટીઓનું મંજૂર મહેકમ | ૬૫ |
| અંબરીષ ડેર | અમરેલી અને પોરબંદર જિલ્લાની શાળામાં ઓરડા અને બાંધકામની પડતર માંગણીઓ | ૩૦૫ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૫૪ |
| | અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર ચાલતા મીઠાના અગરો અને જીંગા ફાર્મ | ૪૪૧ |
| | અમરેલી જિલ્લામાં રેઈન રૂફ વોટર હારવેસ્ટીંગ સ્ટ્રક્ચર સિસ્ટમ યોજના | ૪૮૨ |
| | અમરેલી જિલ્લામાં શાળાઓના બિલ્ડીંગોના મરામત માટે રકમ | ૨૬૨ |
| | જાફરાબાદ મત્સ્ય બંદરમાં ડ્રેજીંગની કામગીરી | ૬૪ |
| અભેસિંહ તડવી | છોટા ઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા વિકાસ યોજના | ૩૬ |
| | છોટા ઉદેપુર જિલ્લામાં લેફ્ટ આઉટ બેનિફિશરીઝ કુટુંબો માટે શૌચાલયનું બાંધકામ | ૧૧૦ |
| | છોટા ઉદેપૂર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના | ૨૮૨ |
| | સંખેડા તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાંટ | ૩૨૩ |

| પુસ્તક–૭૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૧૯ |
| અમિત ચાવડા | પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં પાક વીમો પૂરતો ન મળવા બાબત | ૫૦ |
| | વડોદરા અને આણંદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રોજગારી | ૧૨૫ |
| | જોડીયા તાલુકામાં દરીયાનું પાણી ડોમેસ્ટીક ઉપયોગમાં લેવા બાબત | ૪૪૧ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદની ગ્રાન્ટ | ૨૫૦ |
| | ખેડા જિલ્લામાં રોટાવેટર ખરીદીમાં સહાય મેળવવા માટે મળેલ અરજીઓ | ૨૩ |
| | ખેડા જિલ્લામાં લેફ્ટ આઉટ બેનિફિશરીઝ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૯૧ |
| | ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૪૭ |
| | ખેડા તાલુકામાં ૧૪મા નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાંટ | ૨૯૫ |
| | મહેમદાવાદ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ | ૧૬૮ |
| અરૂણસિંહ રણા | ભરૂચ એ.આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો | ૧૪૪ |
| | ભરૂચ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૩૯ |
| | ભરૂચ જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે મળેલ અરજીઓ | ૬૨ |
| | ભરૂચ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત | ૨૭૨ |
| | વાગરા તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ | ૩૧૪ |
| અરવિંદ છો. પટેલ | "નલ સે જલ તક" અભિયાન સમય મર્યાદામાં પૂરું કરવા જરૂરી પગલાં લેવા અંગે | ૩૬૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૨૧ |
| | ઉમરગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર | ૨૪૬ |
| | વલસાડ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ માટેની ગ્રાન્ટ | ૩૨૯ |
| અરવિંદ રૈયાણી | ગીર સોમનાથ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની યોજના માટે મળેલ અરજીઓ | ૬૧ |
| | ગીર સોમનાથ જિલ્લામાં માછીમારોને બાયોમેટ્રીક કાર્ડ આપવા બાબત | ૧૪૩ |
| | જામકંડોરણા તાલુકામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ | ૪૫૫ |
| | માણાવદર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર | ૨૭૫ |
| | મોરબી જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૮૯ |
| | રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી | ૩૧૬ |
| અરવિંદ રાણા | તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા વિકાસ યોજના | ૨૭ |
| | તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૨૪૨ |
| | અમરેલી જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૪૭ |
| | તાપી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૮૫ |
| | માંગરોળ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ | ૨૮૯ |
| | સુરત ખાતે નવી ઔદ્યોગિક અને મજૂર અદાલતના બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૩૨૭ |
| અરવિંદકુમાર પટેલ | અમદાવાદ આર.ટી.ઓ. દ્વારા ડીટેઈન વાહનો | ૫૬ |
| | અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન | ૪૬૧ |
| | ધોળકા તાલુકામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ | ૪૯૧ |
| | નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ મારફત ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૩૨૫ |
| | બોટાદ જિલ્લામાં મધ્યાહન ભોજન દ્વારા દૂધ સંજીવની યોજના | ૨૮૬ |
| | ડાંગ જિલ્લામાં પાવરટીલર માટે થયેલ અરજીઓ | ૮ |
| | વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવાની મંજૂરી | ૨૯૨ |
| | વલસાડ જિલ્લામાં મીનીમલ પ્રોસેસીંગ એકમ સ્થાપવા માટે મળેલ અરજીઓ | ૭૫ |
| અશ્વિનભાઈ કોટવાલ | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન | ૩૦૨ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની કાર્યરત શાળાઓ | ૨૫૯ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગૌચર | ૩૯૬ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બેરોજગાર અંધજનો | ૪૫૮ |
| | અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે સહાય | ૧૨ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ | ૩૩૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંની ફાળવણી | ૭૪ |

| પુસ્તક–૭૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મ | ૪૯૧ |
| આનંદભાઈ ચૌધરી | સુરત અને ડાંગ જિલ્લામાં ગૌચર | ૪૫૯ |
| | સુરત અને ડાંગ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના | ૧૫ |
| | સુરત અને વડોદરા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય/સબસિડીની અરજીઓ | ૧૬૧ |
| | રાજ્યમાં બાંધકામ મજૂરોના વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૩૯૮ |
| | સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૨૯૬ |
| | સુરત અને નવસારી જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ | ૨૫૧ |
| | સુરત અને વડોદરા જિલ્લામાં આરટીઓ કચેરીનું મંજૂર મહેકમ | ૮૫ |
| આર.સી. મકવાણા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૬ |
| | તળાજા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૩૦૭ |
| | ભાવનગર જિલ્લામાં લેફ્ટ આઉટ બેનિફિશરી કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૬૬ |
| | ભાવનગર જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાની અરજીઓ | ૧૪૭ |
| | ભાવનગર જિલ્લાની શાળાઓને વિદ્યાર્થી પહેલ યોજનાનો લાભ | ૩૩૪ |
| | ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૫૨ |
| | ભાવનગર જિલ્લામાં પવનચક્કી માટે જમીન મેળવવાની અરજીઓ | ૪૮૮ |
| | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૨૬૩ |
| આશાબેન પટેલ | "જલ જીવન મિશન" અંતર્ગત "નલ સે જલ તક" અભિયાન સમય મર્યાદામાં પૂરું કરવા જરૂરી પગલાં લેવા અંગે | ૩૬૦ |
| | અરવલ્લી જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની યોજના માટે મળેલ અરજીઓ | ૬૦ |
| | મહેસાણા જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો | ૪૩૭ |
| | મહેસાણા જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ માટેની ગ્રાન્ટ | ૩૨૩ |
| | મહેસાણા જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપોની તપાસ | ૧૪૧ |
| | મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાની અરજીઓ | ૧૯૦ |
| | સતલાસણા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૩૪૩ |
| | હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૨૮૪ |
| ઇમરાન ખેડાવાલા | અમદાવાદ જિલ્લામાંથી નારી સંરક્ષણ ગૃહમાંથી મહિલાઓ ભાગી જવા બાબત | ૨૮૫ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં અનાજના સંગ્રહ માટે આવેલા ગોડાઉનો | ૧૪૩ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં એસ.ટી. બસોની માંગણીઓ | ૧૯૨ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં જમીનોમાં શરતભંગની ફરીયાદો | ૪૯૯ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૪૩૫ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૪૭૮ |
| | અમદાવાદ શહેરમાં વ્યાજબી ભાવની દુકાનોની સ્થળ તપાસો | ૬૨ |
| ઇન્દ્રજીતસિંહ પરમાર | ખેડા અને નર્મદા જિલ્લામાં ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મ | ૪૨૫ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ | ૩૧૩ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં ગૌ અને ગોવંશ માટે સ્મશાન | ૨૭૧ |
| | ખેડા અને વલસાડ જિલ્લામાં ગૌચર બાબત | ૪૭૨ |
| | માતર અને મહુધા તાલુકામાં માનવદિન રોજગારી | ૭૨ |
| | માતરમાં આવેલ પરીએજ સરોવરને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવા બાબત | ૧૫૩ |
| ઋત્વિકભાઈ લ. મકવાણા | "નલ સે જલ તક" અભિયાન સમય મર્યાદામાં પૂરું કરવા જરૂરી પગલાં લેવા અંગે | ૩૬૩ |
| | પછાત વર્ગના છાત્રાલયના કર્મચારીઓના વેતન વધારવાની રજૂઆત | ૪૧૯ |
| | ચોટીલા ખાતે હાઈવે પર પીકઅપ સ્ટેન્ડ બનાવવાની પડતર રજૂઆત/દરખાસ્ત | ૧૪૨ |
| | રાજ્યમાં તારની વાડની યોજનાનો લાભ | ૬૦ |
| | સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મ | ૪૭૦ |
| ઋષિકેશ પટેલ | પાલનપુર એ.આર.ટી.ઓ. ખાતે નવા નોંધાયેલ ડ્રાઈવીંગ લાયસન્સ | ૯૮ |
| | મહેસાણા જિલ્લામાં માઇ રમાબાઇ આંબેડકર સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૬૬ |
| | મહેસાણા જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ | ૨૫૨ |
| | મહેસાણા જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૧૧ |

| પુસ્તક–૭૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | સાકળચંદ પટેલ યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૨૯૭ |
| | સતલાસણા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૩૩૨ |
| | મહેસાણા જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે મળેલ અરજીઓ | ૨૭ |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે અરજીઓ | ૪૪ |
| | વડોદરા જિલ્લામાં મફત પાઠ્યપુસ્તક યોજના હેઠળ લાભ | ૩૧૫ |
| | સાવલી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ | ૧૧૮ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૨૩ |
| | વડોદરા જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો | ૪૨૯ |
| | વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા | ૨૭૩ |
| કનુભાઈ દેસાઈ | પારડી તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાંટ | ૩૧૭ |
| | વલસાડ જિલ્લામાં મીનીમલ પ્રોસેસીંગ એકમ સ્થાપવા માટે મળેલ અરજીઓ | ૯૭ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૪ |
| | ડાંગ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ મેળવવાની અરજીઓ | ૪૧૨ |
| | વઘઈ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૨૭૬ |
| | વલસાડ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ માટેની ગ્રાન્ટ | ૩૩૯ |
| | ડાંગ જિલ્લામાં પાવરટીલર માટે થયેલ અરજીઓ | ૨૬ |
| | સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર | ૨૪૪ |
| કનુભાઈ બારૈયા | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ગૌચર | ૪૫૩ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંની ફાળવણી | ૫૦ |
| | ભાવનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ | ૩૭૯ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૨૫૨ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ | ૨૯૮ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના | ૧૨૪ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય/સબસિડીની અરજીઓ | ૧૮૩ |
| | ભાવનગર અને વડોદરા જિલ્લામાં ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મ | ૪૮૮ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૫૧ |
| કનુભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૨૮ |
| | અમદાવાદ જિલ્લામાં રમતમંડળોને આર્થિક સહાય આપવા બાબત | ૧૯૪ |
| | અમદાવાદ જિલ્લામાં વ્યાપારી એકમો સામે કાર્યવાહી | ૬૫ |
| | બાવળા એ.આર.ટી.ઓ. ખાતે નવા નોંધાયેલ ડ્રાઈવીંગ લાયસન્સ | ૧૪૭ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં મધ્યાહન ભોજન દ્વારા દૂધ સંજીવની યોજના | ૨૮૮ |
| કુબેરભાઈ ડીંડોર | મહિસાગર જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટેના કામો | ૯૬ |
| | મહીસાગર જિલ્લામાં પ્લાસ્ટિક મલ્ચિંગ માટે મળેલ અરજીઓ | ૨૫ |
| | સંતરામપુર તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાંટ | ૨૬૪ |
| | મહિસાગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન | ૪૮૪ |
| | મહીસાગર જિલ્લામાં પંડીત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૪૬ |
| | સંતરામપુર બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૧૬૯ |
| કરશનભાઈ સોલંકી | મહેસાણા જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ માટેની ગ્રાન્ટ | ૩૩૧ |
| | મહેસાણા જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો | ૪૮૫ |
| | મહેસાણા જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે મળેલ અરજીઓ | ૩૪ |
| | મહેસાણા જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપોની તપાસ | ૧૦૭ |
| | મહેસાણા જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ | ૨૯૪ |
| | મહેસાણા જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૪૭ |
| | સાકળચંદ પટેલ યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૨૪૯ |
| કુંવરજીભાઈ મો. બાવળિયા | "નલ સે જલ તક"અભિયાન સમય મર્યાદામાં પૂરું કરવા જરૂરી પગલાં લેવા અંગે | ૩૬૪ |
| કેશુભાઈ નાકરાણી | ભાવનગર જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાની અરજીઓ | ૧૨૧ |

| પુસ્તક–૭૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૨૮૦ |
| | ભાવનગર જિલ્લાની શાળાઓને વિદ્યાર્થી પહેલ યોજનાનો લાભ | ૩૨૦ |
| | ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૨૬ |
| | ભાવનગર જિલ્લામાં પવનચક્કી માટે જમીન મેળવવાની અરજીઓ | ૪૭૨ |
| | ભાવનગર જિલ્લામાં લેફ્ટ આઉટ બેનીફિશરીઝ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૪૬ |
| કેસરીસિંહ સોલંકી | ખેડા જિલ્લામાં રોટાવેટર ખરીદીમાં સહાય મેળવવા માટે મળેલ અરજીઓ | ૫૪ |
| | ખેડા જિલ્લામાં લેફ્ટ આઉટ બેનિફિશરીઝ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૧૩૩ |
| | ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૦૦ |
| | ખેડા તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાંટ | ૨૫૪ |
| કાંતિભાઈ બલર | અમરેલી જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ | ૧૭૮ |
| | તાપી જિલ્લામાં પ્લાસ્ટિક મલ્ચિંગ માટે મળેલ અરજીઓ | ૪૪ |
| | સુરત આર.ટી.ઓ. દ્વારા ડીટેઈન વાહનો | ૧૧૯ |
| | સાગબારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૨૮૦ |
| | અમરેલી જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો | ૪૮૨ |
| | લાઠી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૩૪૧ |
| | વઘઈ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૩૨૦ |
| | ડાંગ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ મેળવવાની અરજીઓ | ૪૪૦ |
| કાન્તિભાઈ પરમાર | ખેડા જિલ્લામાં ગામોને પાઈપ લાઈનથી પીવાનું પાણી પુરુ પાડવા બાબત | ૪૬૧ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ | ૪૦૨ |
| | ખેડા જિલ્લામાં ખેડૂતોને તારની વાડ બનાવવા સહાય ચૂકવવા બાબત | ૯૯ |
| | પરીએજ તળાવને પ્રવાસન સ્થળ જાહેર કરી વિકસાવવા બાબત | ૩૦ |
| કાન્તિભાઈ ખરાડી | બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની કાર્યરત શાળાઓ | ૩૧૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં તળાવો, ચેકડેમો અને ખેતતલાવડીઓ બનાવવા બાબત | ૨૭૮ |
| | બનાસકાંઠા અને અમરેલી જિલ્લામાં ખેડૂત ખાતેદાર બનવા અંગેની ફરિયાદો | ૪૬૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ | ૧૫૯ |
| | અમીરગઢ તાલુકામાં આવેલ જેસોર અભ્યારણને જાહેર કરેલ પ્રવાસન સ્થળ | ૧૩ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં રી–સર્વેની કામગીરી | ૪૦૪ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં વિભાગ હસ્તકની શાળાઓમાં મંજૂર મહેકમ | ૪૯૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં કૃષિ પાક વીમાની મળેલ અરજીઓ | ૭૬ |
| કાળાભાઈ ર. ડાભી | ખેડા અને પંચમહાલ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના | ૭ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં ઓવરહેડ પાણીની ટાંકીઓ બનાવવા બાબત | ૪૪૫ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ | ૨૫૮ |
| | ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં વિભાગ હસ્તકની શાળાઓમાં મંજૂર મહેકમ | ૫૦૨ |
| | ખેડા અને દાહોદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૩૦૨ |
| | ખેડા અને દાહોદ જિલ્લામાં બાકી પાક વીમો | ૭૩ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં આરટીઓ કચેરીનું મંજૂર મહેકમ | ૧૫૭ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના | ૭ |
| | ખેડા અને ભરૂચ જિલ્લામાં ખેડૂત ખાતેદાર બનવા અંગેની ફરિયાદો | ૪૮૪ |
| કિર્તીસિંહ વાઘેલા | એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૨૫૫ |
| | પાલનપુર એ.આર.ટી.ઓ. ખાતે નવા નોંધાયેલ ડ્રાઈવીંગ લાયસન્સ | ૧૪૩ |
| | પાલનપુર તાલુકામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ | ૪૬૨ |
| | બનાસકાંઠા જિલ્લાની શાળામાં વર્ગ વધારાની દરખાસ્ત | ૩૦૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૬૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૦૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગોડાઉન સહાય ચૂકવવા બાબત | ૧૯૨ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં ડો.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૯૬ |

| પુસ્તક–૭૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | અમદાવાદ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૭૦ |
| | અમદાવાદ શહેરમાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ ઓનલાઈન પ્રવેશ | ૩૪૨ |
| | ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૩૨૧ |
| | પાટણ એ.આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો | ૫૪ |
| | પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૧૮ |
| | સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર | ૨૮૧ |
| કીરીટકુમાર ચી. પટેલ | "નલ સે જલ તક"અભિયાન સમય મર્યાદામાં પૂરું કરવા જરૂરી પગલાં લેવા અંગે | ૩૭૨ |
| | વીર નર્મદ યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલરની ગેરકાયદેસરની નિમણૂકની ફરિયાદ | ૩૦૦ |
| | એસ. ટી. નિગમ પાસેથી રાજ્ય સરકારને લેવાની રકમ | ૧૨૩ |
| | પાટણ જિલ્લામાં ઉદ્યોગ કેન્દ્રને કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ | ૧૮૧ |
| | પાટણ જિલ્લામાં દુષ્કાળ અસરગ્રસ્ત સંસ્થાઓને સહાય | ૪૨૧ |
| | પાટણ જિલ્લામાં નવા ગામતળ નીમ કરવા બાબત | ૪૯૮ |
| | પાટણ જિલ્લામાં નવા પંચાયત ઘર બનાવવાની દરખાસ્તો | ૨૫૪ |
| | પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૪૭૧ |
| | પાટણ જિલ્લામાં પાક વીમા વળતરની રકમ ચૂકવવા બાબત | ૪૮ |
| ગજેન્દ્રસિંહ પરમાર | ખેડબ્રહ્મા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૨૬૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૩૩૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે મળેલ અરજીઓ | ૩૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને સરકારી જમીન આપવા બાબત | ૪૨૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના | ૩૧૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય | ૧૦૦ |
| ગણપતસિંહ વે. વસાવા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૨૭ |
| ગેનીબેન ઠાકોર | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મ | ૫૦૩ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગૌચર બાબત | ૪૮૬ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ઘરથાળ પ્લોટની મળેલ અરજીઓ | ૪૪૯ |
| | બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન | ૨૬૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને થયેલ નુકસાનનો પાકવીમો ચૂકવવા બાબત | ૪૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ યાદીમાં નામ દાખલ કરવા મળેલ અરજીઓ | ૧૧૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં માટી અને મેટલના કામ | ૧૮૦ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ શહેર અને જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૩૦૪ |
| | અમેરિકામાં ગુજરાતનો પ્રચાર કરવા ગ્રાન્ટની ફાળવણી | ૧૪૦ |
| | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ માટે બજેટમાં રકમની જોગવાઈ | ૩૯૪ |
| | ગુજરાત બિનઅનામત આયોગને ફાળવેલ રકમ | ૪૫૭ |
| | રાજ્ય સરકાર દ્વારા હેલિકોપ્ટરની ખરીદી | ૨૬૧ |
| | રાજ્યમાં પુરાતત્વ ખાતામાં મંજૂર મહેકમ | ૫૮ |
| ગુલાબસિંહ પી. રાજપૂત | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૨૩ |
| | બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરવા બાબત | ૪૦૦ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે સહાય | ૧૭૬ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંની ફાળવણી | ૧૧૧ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં શિક્ષકોનું મંજૂર મહેકમ | ૨૭૦ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં શિક્ષકોનું મંજૂર મહેકમ | ૩૧૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને તારની વાડ બનાવવા સહાય ચૂકવવા બાબત | ૩૬ |
| ગીતાબા જાડેજા | ગીર–સોમનાથ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની યોજના માટે મળેલ અરજીઓ | ૨૧ |
| | ગોંડલ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૧૬૬ |
| | મોરબી જિલ્લાની શાળામાં શૌચાલયની સુવિધા | ૨૮૪ |
| | મોરબી જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૧૪ |

| પુસ્તક–૭૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | મોરબી જિલ્લામાં નવી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીનું બાંધકામ | ૮૯ |
| | રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી | ૩૨૩ |
| ગોવિંદભાઈ પટેલ | જામકંડોરણા તાલુકામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ | ૪૫૭ |
| | મોરબી જિલ્લામાં ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે મળેલ અરજીઓ | ૪૯ |
| | ગીર સોમનાથ જિલ્લામાં માછીમારોને બાયોમેટ્રીક કાર્ડ આપવા બાબત | ૧૨૪ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૯૪ |
| | મોરબી જિલ્લાની શાળાઓમાં શૌચાલયની સુવિધા | ૨૫૫ |
| | રાજકોટ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ માટેની ગ્રાન્ટ | ૩૦૦ |
| ગોવિંદભાઈ પરમાર | આણંદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૧૦૬ |
| | આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદની ગ્રાન્ટ | ૩૧૦ |
| | આણંદ જિલ્લામાં આવેલ સમરસ છાત્રાલયો | ૪૮૧ |
| | આણંદ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૪૦ |
| | ખેડા જિલ્લામાં રોટાવેટર ખરીદીમાં સહાય મેળવવા માટે મળેલ અરજીઓ | ૩૩ |
| | તારાપુર ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૩૩૫ |
| | સોજિત્રા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૨૬૭ |
| ચંદનજી ઠાકોર | પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં નવી શાળાઓ શરૂ કરવા બાબત | ૩૨૪ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ | ૧૬૬ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં ગૌચર | ૪૨૬ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ | ૨૮૪ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં બાકી પાક વીમો | ૮૯ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં વિભાગ હસ્તકની શાળાઓમાં મંજૂર મહેકમ | ૪૭૨ |
| | સિધ્ધપુર શહેરમાં આવેલા રમતગમતના મેદાનો | ૨૧ |
| ચંદ્રિકાબેન બારિયા | દાહોદ જિલ્લામાં સરકારી સાયન્સ કોલેજો | ૨૫૩ |
| | દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે સહાય | ૧૭૩ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૫ |
| | ગરબાડા ખાતે એસ.ટી. ડેપો બનાવવાની કામગીરી | ૩૨ |
| | દાહોદ અને છોટા ઉદેપુર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ | ૧૦૫ |
| | દાહોદ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ બેરોજગારો | ૩૯૩ |
| | દાહોદ જિલ્લામાં પવિત્ર યાત્રાધામમાં ફાળવેલ રકમ | ૪૫૬ |
| ચિરાગભાઈ કાલરીયા | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌચરની જમીન પર જિંગા ફાર્મ | ૩૩૧ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના | ૧૭૭ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંની ફાળવણી | ૪૩ |
| | જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૨૯૫ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેડૂત ખાતેદાર બનવા અંગેની ફરિયાદો | ૪૮૪ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન | ૨૪૯ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય/સબસિડીની અરજીઓ | ૧૧૬ |
| | રાજ્યમાં બાંધકામ મજૂરોના વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૪૫ |
| જે. વી. કાકડિયા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૨૭ |
| | અમરેલી અને પોરબંદર જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન | ૩૪૪ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં બેરોજગાર અંધજનો | ૪૩૬ |
| | વન્ય પ્રાણીઓથી પાક બચાવવા માટે તારની વાડ બનાવવા માટે ખેડૂતોને સહાય | ૪૯ |
| | અમરેલી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિભાગ હસ્તકની શાળાઓમાં મંજૂર મહેકમ | ૪૭૯ |
| | અમરેલી અને પોરબંદર જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ | ૩૨૫ |
| | અમરેલી અને પોરબંદર જિલ્લામાં બાકી પાક વીમો | ૧૮૨ |
| | ગીર અભ્યારણમાં સિંહોની વસ્તી | ૨૮૬ |
| જગદીશ વિશ્વકર્મા | અનંત નેશનલ યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૨૮૯ |
| | અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કીમ હેઠળ મળેલ અરજીઓ | ૪૬૪ |

| પુસ્તક–૭૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | અમદાવાદ જિલ્લામાં ડો.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૯૩ |
| | અમદાવાદ જિલ્લામાં વ્યાયામ શાળાઓને આર્થિક સહાય આપવા બાબત | ૭૭ |
| | અમદાવાદ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૦૯ |
| | ખેડબ્રહ્મા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૨૪૧ |
| | ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૩૨૭ |
| | બાવળા એ.આર.ટી.ઓ. ખાતે નવા નોંધાયેલ ડ્રાઈવીંગ લાયસન્સ | ૯ |
| જગદીશભાઇ પટેલ | અમદાવાદ શહેરમાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ ઓનલાઇન પ્રવેશ | ૩૨૯ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૧૭ |
| | અરવલ્લી જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ | ૨૯૨ |
| | ધંધુકા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૧૪૧ |
| | પાટણ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન કઠોળ યોજના | ૫૯ |
| | બોટાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૮૬ |
| | સાગબારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૨૪૬ |
| જેઠાભાઇ ઘે. આહિર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૧૫ |
| | પંચમહાલ જિલ્લામાં નિરાધાર વિધવા સહાયની અરજીઓ | ૨૭૭ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ | ૪૮૩ |
| | પંચમહાલ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૮૧ |
| | પંચમહાલ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના | ૧૨૧ |
| | પંચમહાલ જિલ્લામાં પંડિત દિન દયાળ ગ્રાહક ભંડારોની દુકાનો સામે તપાસ | ૪૭ |
| | પંચમહાલ જિલ્લામાં મહેસૂલી તલાટીનું મંજૂર મહેકમ | ૪૪૨ |
| જશપાલસિંહ પઢિયાર | વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ | ૪૧૫ |
| | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ગૌચર | ૪૬૮ |
| | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં બાકી પાક વીમો | ૧૫૩ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં ગૌ અને ગૌવંશ માટે સ્મશાન | ૨૬૮ |
| | વડોદરા અને નવસારી જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના | ૭૩ |
| | વડોદરા અને ભરૂચ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચ | ૩૧૧ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંની ફાળવણી | ૧ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં વિભાગ હસ્તકની શાળાઓમાં મંજૂર મહેકમ | ૪૯૪ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૨૫ |
| જશુભાઇ પટેલ | અરવલ્લી અને મહેસાણા જિલ્લામાં ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ | ૪૦૭ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વિભાગ હસ્તકની શાળાઓમાં મંજૂર મહેકમ | ૪૬૪ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૫૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બાકી પાક વીમો | ૧૭ |
| | રાજ્યમાં બાંધકામ મજૂરોના વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૯૩ |
| | સાબરકાંઠા અને સુરત જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે સહાય | ૮૮ |
